(જ્ઞાનોદય મેળા)

ૐ ર્હં શ્રી ગણધરવલયી નમઃ નમઃ

શ્રી વિજય ધર્મસૂરિ ગ્રંથમાળા

પુષ્પ ૨૪૪

ૐ

શ્રી વિજય ધર્મસૂરિ ગુણમાળા

સંપાદક

મુનિ શ્રી વિનય (જ્ઞાનોદય)

:- પ્રકાશક :-

ગાંધી ચેલારબાઈ મુલજીભાઈ

(અમદાવાદવાળા)

(આરંભડા-મંડન)

ૐ હ્રીં શ્રીં વાસુપૂજ્ય સ્વામીનાથાય નમઃ

શ્રીમદ્ વિજય ભક્તિસૂરીશ્વરજી જૈન ગ્રંથમાલા

પુષ્પ ૨ જું

શ્રી જિનેન્દ્ર ભક્તિ વિનય

ગુણ માળા

શ્રી પ્રાચિન મહાપૂરૂષ વિરચીત

શ્રી સીમંધર, બીજ, પંચમી, અષ્ટમી, પોશદશમી, મૌન-
એકાદશી, સિદ્ધાચલ, દિવાલી, નવપદજી, અખાત્રીજ,
રોહિણી, વીશસ્થાનક પર્યુષણપર્વ, ચોવીશ
તીર્થંકરો, આદિ દુહા, ચૈત્યવંદન, સ્તવન
સ્તુતિ, સજ્ઝાયો, વિગે૰ પર્વાદિ સંગ્રહ,

સંપાદક

પરમપૂજ્ય આચાર્ય દેવેશ શ્રી વિજય ભક્તિ-
સૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન
મુનિરાજ શ્રી વિનયવિજયજી મહારાજ
(આરંભડા વાળા)

પ્રકાશક

ગાંધી વેલજીભાઈ મુલજીભાઈ
(આરંભડા વાળા) ઓખા બંદર પાસે

[illegible]

માસ્તર નગીનદાસ નેમચંદ
ઠે. દોસીવાડાની પોળ
ભાભા પાર્શ્વનાથની
અદકી
અમદાવાદ

વીર સંવત ૨૪૭૪
વિક્રમ સંવત ૨૦૦૪

કિંમત
૪-૦-૦

આવૃત્તિ પહેલી
પ્રત ૧૦૦૦

: મુદ્રક :
દેસાઈ મગનભાઈ છોટાભાઈ
શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ,
ખલા પોલ કોલસ રોડ,
અમદાવાદ.

વર્ધમાન તપ પ્રવર્તક આગમપ્રજ્ઞ આચાર્યદેવ શ્રી શ્રી શ્રી ૧૦૦૮

શ્રી વિજયભક્તિસૂરિશ્વરજી મહારાજ સાહેબ



જન્મ સં. ૧૯૩૦ સમી
દીક્ષા સં. ૧૯૫૭ સમી
ગણિપદ સં. ૧૯૭૫ કપડવંજ
પન્યાસપદ સં. ૧૯૭૫ કપડવંજ
આચાર્યપદ સં. ૧૯૯૨ પાલીતાણા.

પ્રસ્તાવના

શ્રી જિનેન્દ્ર ભક્તિ વિનય ગુણમાળા—નામનું આ પુસ્તક ક્રિયા રૂચી આત્માને ઘણું જ ઉપયોગી અને આનંદદાયક થશે, કારણ કે આજકાલ અનેક મહાપુરૂષો વિરચીત ચૈત્યવંદનો સ્તવનો સ્તુતિઓ સજઝાયો વિગેરે હજારો પુસ્તકો છપાઈ બહાર પડેલા આપણી દ્રષ્ટિએ આવી ગયેલા છે. પરંતુ બાર મહીનામાં આવતા દરેક પર્વો પૈકી સીમંધર, બીજ, પંચમી, અષ્ટમી, પોષદશમી, મૌન એકાદશી, સિદ્ધાચલ, દીવાલી, નવપદજી, અખાત્રીજ, રોહિણી, વીશસ્થાનક, પર્યુષણ, ચોવીશ તીર્થંકરો આદિ વિગેરે જે જે પર્વો આવે તે તે ટાઈમે જે ક્રિયામાં બોલવાની ખાસ આવશ્યકતા લાગે તે વસ્તુ મેળવવા માટે પુસ્તકોનો સાથ લેવો પડે. દાખલા તરીકે ચૈત્રી ઓળી આવે ત્યારે નવ દિવસ શ્રી સિદ્ધચક્ર નવપદજીનો મહીમા કહેવાય. તે દીવસોમાં ક્રિયારૂચિ આત્માને પ્રતિક્રમણ, પૂજા, દર્શન વિગેરેમાં શ્રી નવપદજી મહારાજનાં ચૈત્યવંદન. સ્તવન, સ્તુતિ, સજઝાય વિગેરેની ખાસ જરૂર પડે. પરંતુ દરેક પુસ્તકમાં તપાસ કરો તો માલુમ પડશે, કે ચૈત્યવંદન સ્તવન હોય તો સજઝાય નવપદની ન હોય. સ્તુતિ એકાદ બે જોડા હોય અને બીજા ન હોય. ચૈત્રી કે કારતકી પુનમે સિદ્ધાચલજીના ૨૧ ખમાસમણા આપવાનો ટાઈમ આવે કે પુસ્તકની શોધખોળ કરવો પડે. પર્યુષણ આવે તેમાં જોઈતી વસ્તુમાં એક એક ચૈત્યવંદન સ્તવન સ્તુતિ હોય, તો સત્તાવીશ ભવનું સ્તવન હાલરડું ખામણા સજઝાય વગેરે ન હોય, તેથી અનેક પુસ્તકો ક્રિયારૂચી આત્માને શોધખોળ કરી ભેગા કરવા પડે. આવી મુશ્કેલીઓ ઘણા આત્માઓ પાસેથી જાણવામાં આવી. તે મુશ્કેલી દૂર કરવા કેટલાક સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા વિગેરે તરફથી અમોને ઘણોજ આગ્રહ કરવામાં આવ્યો કે બાર મહીનામાં આવતા દરેક પર્વોની આરાધના સંબંધી જે વસ્તુની જેટલા દિવસની જરૂરીયાત લાગે તેટલાં જ

વસ્તુનો તમામ પર્વોનો સંગ્રહ કરી એક પુસ્તક પ્રગટ કરો. જેથી ફક્ત એકજ પુસ્તક પોતાની પાસે રાખે અને ગમે ત્યાં બહાર ગામ જાય ત્યાં પણ સાથે ફેરવી શકે. વલી સાધુ સાધ્વીને વિહારમાં આ એકજ પુસ્તક સાથે રાખવાથી શહેરમાં હોય કે ગામડામાં હોય ત્યાં પણ જે દાઝમે જે પર્વોની આરાધના માટે જે વસ્તુની આવશ્યકતા લાગે તે વસ્તુ આ પુસ્તકમાંથી તુરત મલી આવે. બીજા પુસ્તક તે દાઝ મે શોધવા ન પડે, અને સુલભતા થાય. તેથી આ પુસ્તક પ્રગટ કરવાની અમારી ભાવના જાગ્રત થઈ. તે અરસામાં એટલે સં. ૨૦૦૩ માં અમો અમારા ગુરૂદેવ શ્રીમદ્ આચાર્યદેવ શ્રી વિજય ભક્તિ સૂરિશ્વરજી મહારાજ સાહેબ આદિ બહોળા પરિવાર સાથે કપડવંજ ચોમાસા માટે જતા હતા. વચમાં અંતરોલી ગામ આવે છે. ત્યાંના શ્રાવકોએ ગુરૂદેવ પાસે ચાર પાંચ મુનિરાજોને ચોમાસું કરવા વિનંતી કરી. ઘણોજ આગ્રહ થતાં ગુરૂદેવે તેમના શિષ્યરત્ન ભુવનવિજયજી મણીવરના શિષ્ય મહાન તપસ્વી ચાલુ અઠ્ઠમના પારણે અઠ્ઠમથી વરશીતપ કરનાર મુનિરાજ શ્રી પ્રમોદવિજયજીને તથા તેમની વૈયાવચ્ચ ભક્તિ માટે તથા વ્યાખ્યાન વાણી શ્રાવકોને સંભલાવવા માટે મુનિશ્રી વિનયવિજયજી તથા તેમના શિષ્ય મુનિ ગુણવિજયજી ઉપર પ્રમાણે ત્રણે મુનિઓને આજ્ઞા ફરમાવી. તે સાંભલી અમોને ઘણોજ આનંદ થયો જે આવા મહાન તપસ્વીની ભક્તિ વૈયાવચ્ચ વિગેરેનો લાભ બોળા પરિવારમાં ન મળે તે લાભ અમોને મળતા અમો પુરેપુરા ભાગ્યશાલી બન્યા. અંતરોલીના ચોમાસામાં વ્યાખ્યાન વાણી વીગેરે કાર્ય પતી ગયા બાદ જ્યારે નિવૃંતી મલતી ત્યારે અનેક પુસ્તકો ભેગા કરી તેની અંદરથી બાલ જરૂર પુરતી ઉપયોગી વસ્તુનો સંગ્રહ કર્યો અને તે દાઝમે એવી ભાવના જાગ્રત થઇ જે આ પુસ્તક જેમ બને તેમ તુરત જ છપાવી તપસ્વીના પારણા વખતે તૈયાર કરાવી તેમના ચરણકમલમાં અર્પણ કરવું, સાથે સાથે સાચે તે દાઝમે તપસ્વીના પારણા વખતે સિદ્ધગિરિમાં જે જે સાધુ સાધ્વી

વરશીતપવાલા હોય તેમને પણ તપસ્વીના વરશીતપના પારણા-નિમીત્તે ભેટ તરીકે આ પુસ્તક આપવું, આવી વિચારણા કરી ઉદ્યમ ચાલુ કર્યો. હરકોઈ માણસ અમે તે પ્રકારનો સારો ઉદ્યમ ચાલુ રાખે તો જરૂર પાર પડે છે. તેથી આ પુસ્તક છપાવવામાં અંતરોલીના સંઘે તથા તપસ્વીના ઉપદેશથી ખેરવાના સંઘે તથા મેડા આદરજના સંઘે મદદ સારી કરી, જેમના નામ દ્રવ્ય સહાયક નામાવલીમાં આવશે તેમજ આચાર્ય દેવશ્રી વિજયભક્તિસૂરિજીના આજ્ઞાવર્ત્તિ સાધ્વીજી દર્શનશ્રીજીના શિષ્યા સ્વર્ગસ્થ સાધ્વી સંયમશ્રીજીના શિષ્યા સાધ્વીજી જયશ્રીજી તથા તેમના સંસારી પુત્રી શિષ્યા સાધ્વીજી લાવણ્યશ્રીજી (આરંભડાવાલા) જે અમારે સંસારી ભત્રીજી થાય. તેઓ બંનેના ઉપદેશથી રૂા ૫૦૦ પાંચશો ગામ મોટા ગુંદાવાલા મેતા ચોપટલાલ જેરામભાઈ જેઓ સાધ્વીજી જયશ્રીજીના સંસારી પિતા તથા તેમના સંસારી કાકા મેતા જસરાજ સુંદરજી બંનેના સ્મરણાર્થે તેઓના પુત્રો શાહ શાન્તીલાલ તથા ચુનીલાલ જસરાજ બંને પાસેથી અપાવ્યા. તથા રૂા. ૨૫૧) ગાંધી કાલીદાસ કસ્તુરચંદ (આરંભડાવાલા) અમારા સંસારી પિતાશ્રી જેઓએ તેમના કરેલા વીલમાંથી અમારા ઉપદેશથી લઘુ દેવવંદનમાલાનું પુસ્તક આજ શાલમાં છપાઈ બહાર પાડેલું છે. વળી આ પુસ્તક છપાવતા સાધ્વીજી જયશ્રીના સંસારી સાસરા હોવાથી આ પુસ્તકમાં લાભ જાણી તેઓની રકમમાંથી ગાંધી વેલજી નાથ મુલજી-ભાઈ આરંભડાવાલા પાસેથી અપાવ્યા. ઉપર પ્રમાણે સહાય મલવાથી ચોમાસા બાદ તુરત વિહાર કરી અમદાવાદ આવ્યા અને પુસ્તક છપાવવાની શરૂઆત કરી જુદા જુદા ગ્રહસ્થો તરફથી મદદ આવતી જાણી, પાંચસોને બદલે હજાર નકલ છપાવી પુસ્તક તૈયાર કરાવ્યું આ પુસ્તકમાં ક્રમ નીચે પ્રમાણે રાખેલો છે.

૧ બીજ તિથીના સાથે સીમંધર સ્વામીના ચૈત્યવંદન સ્તવન સ્તુતિ
નો સમાવેશ કરેલ છે કારણ કે બીજે તે પણ બોલી શકાય

છે સજ્ઝાયમાં. બીજા મહાવ્રત, બીજા પાપસ્થાનક, બીજી ભાવના, દશવૈકાલીકના બીજા અધ્યયન વિગેરેની સજ્ઝાયો.

૨ પંચમીતિથીમાં. પંચમીન.ા ચૈત્યવંદન સ્તવન. સ્તુતિ. તથા સજ્ઝાયમાં. પંચમીની, પંચમા મહાવ્રત, પ ચમી ભાવના, પાંચમા પાપસ્થાનક, દશવૈકાલીકના પંચમા અધ્યયન વિગેરેની સજ્ઝાયો.

૩ અષ્ટમી અને મૌન એકાદશીમાં પણ પંચમી પ્રમાણે

૪ પોષદશમી, પાર્શ્વનાથ કલ્યાણક હોવાથી તેમના ચૈત્યવંદનો સ્તવન સ્તુતિ તથા કેશી ગણધર વિગેરેની સજ્ઝાય.

૫ સિદ્ધાચલમાં. ગિરિરાજના તથા આદેશ્વર ભગવાનના ચૈત્યવંદન સ્તવન સ્તુતિ તથા સજ્ઝાયમાં મરૂદેવી માતાની, પંદરમા પાપસ્થાનકની, સુધર્મા દેવલોકની, પેલા મહાવ્રતની, પેલા પાપ-સ્થાનકની વિગેરેની સજ્ઝાયો તથા સિદ્ધાચલના ૨૧ ખમાસમણા

૬ દીવાળીમાં. દીવાલી દેવવંદનમાં આવતા તથા મહાવીર સ્વામી તથા ગૌતમસ્વામી વિગેરેનાં ચૈત્યવંદન સ્તવન સ્તુતિ તથા સજ્ઝાયમાં. ઉતરાધ્યન પહેલા અધ્યયનની, પ્રમાદ વિષેની, તથા દશવૈકાલીક પહેલા અધ્યયન વિગેરેની સજ્ઝાય.

૭ નવપદજીમાં સિદ્ધચક્રના ચૈત્યવંદન સ્તવન સ્તુતિ સજ્ઝાય વિગેરે.

૮ અખાત્રીજ–રોહિણી, વીશસ્થાનક ચૈત્યવંદન સ્તવન સ્તુતિ સજ્ઝાય વિગેરે

૯ પર્યુષણના ચૈત્યવંદન સ્તવન સ્તુતિ સજ્ઝાય હાલરડાં ખામણાં વિગેરે

૧૦ ચોવીશ તીર્થંકરોમાં પહેલા આદેશ્વર ભગવાન સિદ્ધાચલમાં, બાવીશમા પાર્શ્વનાથના પોષ દશમીમાં, ચોવીશમા મહાવીર સ્વામીના દિવાલીમાં, એમ ત્રણ સિવાય બાકીના તીર્થંકરોના

ચૈત્યવંદન સ્તવન સ્તુતિ તથા સજ્ઝાયમાં અનુક્રમે ત્રીજા મહાવ્રત, ચોથા મહાવ્રતની, પાપસ્થાનક ત્રીજા, ચોથા, છઠ્ઠા, સાતમા, નવમા બારમા. તેરમા, સોળમા, સત્તરમા, અઢારમા, ભગવાન સાથે. ભાવના ચોથી, છઠ્ઠી, નવમી, બારમી, બાર ભગવાન સાથે દશવૈકાલીક ત્રીજા, ચોથા, છઠ્ઠા, સાતમા, નવમા ભગવાન સાથે સમાવેશ કરેલો છે. આ પ્રમાણે કરવાનું કારણ જે આ સજ્ઝાયો બાર આત્માને હીતકર છે પ્રતિક્રમણમાં દરરોજ એકમે, બીજે, ત્રીજે, ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે એમ અનુક્રમે બોલી શકાય.

૧૧ તે શિવાય–ચોવીશ ભગવાનના કલ્યાણકનો કોઠો પચ્ચખાણ તથા કોઠો, ચાર શરણા પરચુરણ ચૈત્યવંદનો સાધારણ સ્તવનો સજ્ઝાયો સ્તુતિઓ તથા દેવવંદનમાં પંચમી મૌન એકાદશી દીવાલી ચોમાસી ચૈત્રીપુનમ વિગેરેમાં આવતા ચૈત્યવંદન સ્તવન સ્તુતિ વિગેરેમાંથી અનુકૂલ પ્રમાણે લઇ સમાવેશ કરેલ છે તથા આબુ અષ્ટાપદ ગીરનાર સમેતશિખર વિગેરે તીર્થોના સ્તવનનો પણ સમાવેશ કરેલો છે. ઉપદેશકપદો વિગેરે ઉપર પ્રમાણે પુસ્તક તૈયાર કરી સં ૨૦૦૪ ના વૈશાખ સુદી ત્રીજ અખાત્રિજના દીવસે તપસ્વી પ્રબોધવિજયજી મહારાજના પારણા વખતે **શ્રી જિનેન્દ્ર ભક્તિ વિનય ગુણમાળા** નામનું આ પુસ્તક તેમના ચરણ કમલમાં અર્પણ કરું છું.

મું–પાલીતાણા
૨૦૦૪ના વૈશાખ
સુદી ૬ અખાત્રીજ

લી. મુનિશ્રી વિનય વિજયજી
(આરંભડાવાળા)
ઓખામંદર પાસે

આચાર્ય શ્રી વિજય ભક્તિસૂરીશ્વરજીના શિષ્યરત્ન શ્રી ભુવનવિજયજી ગણીવરના મહાન તપસ્વી શિષ્યરત્ન મુનિ શ્રી પ્રબોધવિજયજી મહારાજનો

જીવન પરિચય

ગુજરાતમાં આવેલા મેસાણા પાસે રમણિય નાનુગામ લાંધણજ આવેલું છે. તે ગામમાં વસતા શેઠ દેવચંદ સરૂપચંદ ઘણા પ્રમાણિક ધર્મરાગી, શાસન પ્રેમી અને સદ્‌ગુણી પોતાનું ગામડાનું જીવન સુખપૂર્વક ગુજરતા હતા. તેમની ધર્મપત્નિનું નામ શીવીબેન હતું બન્ને આત્માઓ સરલ સ્વભાવી અને ભદ્રિક મનવાલાં હતાં. તેમને ત્રણ પુત્રો પુર્વના પુન્યથી સદ્‌ગુણી હતા. મેટાપુત્રનું નામ મણીલાલ રાખવામાં આવેલ હતું. અને તેમણે આ સંસાર અસાર સમજી આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજના શિષ્ય થયા અને તેમનું નામ મેઘસાગરજી રાખવામાં આવેલ. તેથી નાના પુત્રનું નામ કેશવલાલ હતું અને તેમને આચાર્ય મહારાજ કુમુદસૂરિના શિષ્ય મેરૂવિજયજીના શિષ્ય થયા, તેમનું નામ મુનિપ્રેમવિજયજી રાખવામાં આવેલ છે,

સૌથી નાના ત્રીજા પુત્ર જેઓનો જન્મ ગામ લાંચમાં પોતાના મોસાળમાં થયો હતો. અને તેમનું નામ પુનમચંદ હતું, તે ઘણાજ ધર્મિષ્ઠ સરલ સ્વભાવી અને સદ્‌ગુણી હતા. તેઓ મેસાણાની પાઠશાળામાં સં૦ ૧૯૮૧ તથા ૧૯૮૨ની સાલમાં ધાર્મિક અભ્યાસ કરી, અને તે સં૦ ૧૯૮૩ તથા સં. ૧૯૮૪ ની સાલમાં ગામ મેડા આદરેજમાં પાઠશાળા ભણાવતા હતા અને તેમને ગામ મેડાઆદરેજમાંજ વર્ધમાન તપની ઓળીની શરૂઆત પ્રથમ કરી. અને ત્યાં સાત ઓળી પુરી કરી અને ત્યાંથી નીકળી મેસાણા પાસે ગામ ખેરવાની પાઠશાળામાં સં૦ ૧૯૮૫ અને સં૦ ૧૯૮૬ સુધી ભણાવી. અને ત્યાં રહેતાં થકાં પોતાની ધાર્મિક ક્રિયાઓ પ્રત્યે ઘણીજ પ્રિતિ હોવાથી પોતે અને ગામના બીજા માણસોને ધર્મ આરાધના સારી રીતે કરતા અને કરાવતા હતા. દીન પ્રતિદીન ધર્મ કરતા વૈરાગ્ય ઉપર પ્રીતિવાળા થયા.

આચાર્યદેવ શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજના શિષ્ય

મુનિ શ્રી ભુવનવિજયજીગણિના શિષ્ય તપસ્વી

મુનિશ્રી પ્રબોધવિજયજી મહારાજ.

જન્મ સં. ૧૯૫૭ ના વૈશાખ વદી ૮ લાંધણજ
દીક્ષા સં. ૧૯૮૭ ના પ્ર. અષાડ વદી ૬ મેસાણા
વડી દીક્ષા સં. ૧૯૮૮ના માગશર સુદી ૫ મેસાણા

પાપભીરૂ બની ગયેલા અને વૈરાગ્યથી આત્મા રંગાએલ પુનમચંદભાઈને આ સંસાર ખારો ઝેર જેવો લાગવાથી સં૰ ૧૯૮૭ ની સાલમાં પૂજ્ય બાલબ્રહ્મચારી તપોમુર્ત્તિ આચાર્ય શ્રી વિજય ભક્તિ સૂરિજી મહારાજશ્રીનું ચોમાસું મહેસાણામાં હતું, તે વખતે પુનમચંદભાઈ ત્યાં ગયા. અને પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની વૈરાગ્ય વાણીની દેશના સાંભળી પોતે આ સંસાર છોડવાની ભાવનાવાળા થયા અને સં૰ ૧૯૮૭ ના પહેલા અસાડ વદી ૬ ના રોજ પૂજ્ય આચાર્ય મહારાજના શુભ હસ્તે ભગવતી દીક્ષા લીધી. અને તેમના શિષ્યરત્ન શ્રી ભુવનવિજયજી ગણીના શિષ્ય થયા તેમનું નામ મુનિ પ્રબોધવિજયજી રાખવામાં આવ્યું દીક્ષા ઓચ્છવ ઘણોજ ધામધુમથી થયો, દીક્ષા નો વરઘોડો પોતાના ઘેરથી ચઢાવી મેસાણાની વાડીમાં દીક્ષા લીધી. તેમજ તેમની વડી દીક્ષા પણ સં૰ ૧૯૮૮ના માગશર સુદ ૫ મેસાણામાં જ થઈ. તેમજ તેજ દિવસે તેમના સંસારી મોટા ભાઈ મણીલાલની દીકરી નામે કેશીને દીક્ષા આપી ને તેને સાધ્વી રતનશ્રીની શિષ્યા કરી. અને તેમનું નામ સાધ્વી ખાન્તિશ્રીજી રાખ્યું. મુનિશ્રીજી પ્રબોધ વિજયજીએ દીક્ષા લીધા પછી જેમ બને તેમ ઉત્કૃષ્ટ રીતે તપની આરાધના કરવા માંડી. તેઓ શ્રી જાવજીવ સુધી ઓછામાં ઓછું દરરોજ એકાસણું તથા બીયાસણાથી પચ્ચક્ખાણ ઓછું કરવું નહી એવો અભિગ્રહ લીધો. તેમજ વરસમાં ઓછામાં ઓછી વર્ધમાન તપની બે ઓળી કરવી તેવો અભિગ્રહ કર્યો. તેમજ તેઓએ અત્યારસુધીમાં આઠ અટ્ઠાઈયો કરી એકવખત નવ ઉપવાસ એક વખત દશ ઉપવાસ કર્યા. તેમજ સં૰ ૧૯૮૮ ની સાલમાં સુરતના ચોમાસામાં સોલ ઉપવાસ કર્યા, તેમજ સં૰ ૧૯૮૯ ની સાલમાં મુંબઈ ચોમાસું આચાર્ય મહારાજનું હતું ત્યારે સોલ ઉપવાસ કર્યા. આંબેલ તપથી સિદ્ધગિરિની નવાણું જાત્રા કરી. સં૰ ૧૯૯૩ ના ફાગણ વદી ૮ થી ઉપવાસથી વરશીતપ શરૂ કર્યો અને તેનું પારણું સં૰ ૧૯૯૪ ના વઈશાખ સુ ૩ ગામ સાલડી કર્યું અને વરસી તપ તો ચાલુજ રાખ્યો. સં૰ ૧૯૯૫ના વઈશાખ સુ ૩ જે બીજું પારણું અમદાવાદ શાહપુરમાં કર્યું અને વરસીતપ ચાલુજ રાખ્યો. ત્રીજું પારણું સં. ૧૯૯૬ ના વઈશાખ સુ ૩ જે શ્રી પાલીતાણે કર્યું ત્યારબાદ ગુજરાતમાં આવ્યા પછી

કોઇ પૂર્વના પાપોદયથી ભગંદરનું ઓપરેશન અમદાવાદ કરાવ્યું. તે બીમારીમાં પોતાને બચવાની આશા ન હતી. છતાં પણ દેવગુરૂના પસાયથી તેમજ તપની આરાધનાના પ્રતાપથી તબીયત સુધરી ગઈ પછી તો તેઓ શ્રીએ વર્ધમાન તપ આંબિલની ઓળીઓ ઊપાડી. તે અત્યાર સુધીમાં તેમણે ૬૪ મી ઓળી પુર્ણ કરી છે. તેમજ સં૦ ૨૦૦૨ ના ફાગણ વદી ૮ થી છઠ્ઠના પારણે વરસી તપ શરૂ કર્યો તેનું પારણું પાલીતાણે કર્યું પણ ત્યાંથી જ બીજે વરસી તપ અઠ્ઠમના પારણે શરૂ કર્યો. તેનું પારણું પાલીતાણે સં૨૦૦૪ ના વૈશાખ સુદી ૩ અખાત્રીજ ના દીવસે કર્યું. આવા કલિકાલની અંદર પણ આવી ઊગ્રતપસ્યા કરનાર ભાગ્યશાલીઓની ભુરીભુરી અનુમોદના કરવા લાયક છે. બસ એજ

લી. તપસ્વીનો ચરણ સેવક

મુનિ શ્રીવિનયવિજયજીની

કોટિ વંદનાઃ

સહાયક નામાવલી

૨૦૧ અંતરોલી સંઘ તરફથી–હા. શા માણેકલાલ મનસુખભાઇ
૨૦૧ શા ઉમેદભાઇ ભુરાભાઇ અમદાવાદ. શાહપુર
૨૦૦ સાપરીયા ભાણજીભાઇ ધરમશીભાઇ જમભાણવડવાલા હાલ મુંબઇ
૧૦૦ શા માણેકલાલ પુંજીરામ મેસાણાવાલા
૪૯૧ તપસ્વી પ્રબોધવિજયજી મહારાજ ના ઉપદેશથી
૨૪૧ મેડા આદરજ સંઘ તરફથી હા. શાહ સોમચંદ હરગોવનદાસ
૧૫૦ ખેરવા સંઘ તરફથી હા. શાહ તલકચંદ પુંજીરામ
૧૦૦ શાહ મણીલાલ ડાહ્યાભાઇ સાંગલપુરવાલા
૨૫ મેતા ભગવાનજી જેરામ મોટા મુંદાવાલા હા. રમણિકલાલ
૨૫ બેન મણીબાઇ કુરજી મોટામુંદાવાલા હા. રમણિકલાલ
૬૦ શેઠ દેવચંદ દમાળજી મુળવાદરવાલા તરફથી
૨૫ શેઠ દમાળજી ડોશાભાઇના સ્મરણાર્થે

૨૫ શેઠ દેવચંદ દયાલજીના માતુશ્રી નંદુબાઈના કેવાથી
૧૦ શેઠ દેવચંદ દયાલજીની પુત્રી બેન તારાના સ્મરણાર્થે
સોરઠ વંથલી

૧૫ શા કરતુરચંદ ડુંગરશીની પુત્રી બેન ઉજમબેન હા. શાહ મોતીલાલ ચુનીલાલ અમદાવાદ શાહપુર

૭૫૦ આચાર્ય દેવ શ્રી વિજયભક્તિસૂરિજીના આજ્ઞાવર્ત્તિ વયોવૃદ્ધ સાધ્વીજી દર્શનશ્રીજીના શિષ્યા સ્વર્ગસ્થ સાધ્વીજી સંજમશ્રીજીના શિષ્યા સાધ્વીજી જયશ્રીજી તથા તેમની સંસારી પુત્રી શિષ્યા લાવણ્યશ્રીજી બંને આરંભડાવાલાના ઉપદેશથી નીચે પ્રમાણે રકમ આવી

૨૫૦ તેમના સંસારી સાસરા સાંધી કાલીદાસ કરતુરચંદ આરંભડાવાલાના સ્મરણાર્થે હા. શાહ વેલજીભાઈ મુલજી ભાઈ પાસેથી અપાવ્યા

૨૫૦ તેમના સંસારી પિતાશ્રી મેતા પોપટલાલ જેરામભાઇના સ્મરણાર્થે હા. શાહ શાન્તીલાલ પોપટલાલ ગામ મોટા ગુંદાવાલા

૨૫૦ તેમના સંસારી કુટુંબી કાકા મેતા જસરાજ સુંદરજીના સ્મરણાર્થે હા. ચુનીલાલ જસરાજ મોટા ગુંદાવાલા જામભાણવડ પાસે કાઠીવાવાડ

૨૫૦ શ્રેષ્ટીવર્ય તંબોલી કુલચંદ પરસોતમદાસ જામનગરવાળા (કાઠીઆવાડ)

૧૦૦ વિદ્યાપ્રેમી ગૃહસ્થ તરફથી.

આ ગ્રંથમાં મતિમંદતાના દોષથી, અગર પ્રમાદવશાત્ અને પ્રેસદોષથી જે કાંઇ ભૂલચૂક માલમ પડે તેઓ સાહેબોએ અમારા ઉપર કૃપા કરીને અમને સત્વર લખી જણાવવું, જેથી અમારી ભૂલ અમે નવી આવૃત્તિમાં સુધારો કરી શકાય, " માણસ માત્ર ભૂલને પાત્ર છે." ભૂલ સુધારવી તે સજ્જનનું અવશ્ય કર્તવ્ય છે.

મુનિ વિનયવિજય

વિષયાનુક્રમણિકા

વિષય.	પૃષ્ઠ.
શ્રી જીનેશ્વર ભગવાનના મંદિરમાં બોલાતા શ્લોકો	૧
સિમંધર સ્વામીના દુહા–અનંત ચોવીશી જિન નમું	૩
સિમંધર સ્વામી જિન ચૈત્યવંદનો–૩	૪
સિમંધર સ્વામી જિન સ્તવનો તથા ઢાળ–૬	૬
સિમંધર સ્વામી સ્તુતિ જોડા–૩	૧૬
બીજતીથીનાં ચૈત્યવંદનો–૨	૨૦
બીજ તીથીનાં સ્તવનો તથા ઢાળ–૨	૨૨
બીજ તીથીનો સ્તુતિ–૨	૨૬
બીજી ભાવના, બીજી દૃષ્ટી, બીજા પાપસ્થાનક; બીજા મહાવ્રત–દશવૈકાલિકના બીજા અધ્યયનની સજ્ઝાય.–૭	૨૮
પંચમા તીથીનાં ચૈત્યવંદનો–૨	૩૫
સુત સિદ્ધારથ ભૂપનો રે ઢાળ–૬	૩૭
પંચમી તીથીનાં સ્તવનો–૫	૪૬
પંચમ તીથીની સ્તુતિ જોડા–૩	૫૧
પંચમીની–પાંચમી ભાવના, પાંચમા પાપસ્થાનક, પાંચમું મહાવ્રત, દશવૈકાલિકના પાંચમાધ્યયન વગેરેની સજ્ઝાય–૧૦	૫૪
અષ્ટમીનાં ચૈત્યવંદનો–૨	૬૭
અષ્ટમીનાં સ્તવનો–ઢાળો ૩	૬૯
અષ્ટમીની સ્તુતિ જોડા–૨	૭૮
આઠમદ–આઠમી ભાવના–આઠમા પાપસ્થાનક. દશવૈકાલિકના આઠમાધ્યયનની સજ્ઝાયો–૮	૭૯
(માગશર વદી ૧૦) પોષ દશમીનાં ચૈત્યવંદનો–૫	૮૮
પોષદશમ તથા પાર્શ્વનાથ જિન સ્તવનો–૧૪	૯૦
પોષદશમ તથા પાર્શ્વનાથ જિન સ્તુતિ. જોડા–૮	૧૦૧
દશવૈકાલિકના દશમાધ્યયન, કેશીગણધરની, દશમા પાપસ્થાનકની વગેરેની સજ્ઝાયો–૪	૧૦૬
મૌન એકાદશીનાં ચૈત્યવંદનો–૩	૧૧૧

પરમપૂજ્ય આચાર્યદેવશ્રી વિજયભક્તિસૂરીશ્વજી મહારાજ
સાહેબના શિષ્યરત્ન મુનિરાજ

શ્રી વિનયવિજયજી મહારાજ સાહેબ.

જન્મ સં. ૧૯૬૩ ના ભાદરવા સુદિ ૪ આરંભડા
દીક્ષા સં. ૧૯૯૩ ના વૈશાખ વદી ૬ મહેસાણા
વડીદીક્ષા સં. ૧૯૯૩ ના જેઠ સુદી ૧૦ જોટાણા

મૌન એકાદશી–જગપતિ નાયક નેમિજિણું દ ઢાળ–૪	૧૧૩
દોઢસો કલ્યાણક–ધુરપ્રણમું જિન મહરસી ઢાળ–૧૨	૧૧૭
દ્વારિકાનગરી સમોસર્યા રે. ઢાળ–૩	૧૨૪
મૌન એકાદશીનાં પરચુરણ સ્તવનો–૩	૧૨૯
મૌન એકાદશીની સ્તુતિ. જોડા–૫	૧૩૨
મૌન એકાદશીની સજ્ઝાયો–૫	૧૩૬
શ્રી સિદ્ધાચલજીતીર્થના દુહા	૧૪૧
કાર્તિકી તથા ચૈત્રી પુનમે પટ્ટ આગળ બોલાતા ૨૧ ખમાસમણના દુહા	૧૪૨
શ્રી સિદ્ધાચલ તીર્થ તથા આદેશ્વર ભગવાનનાં ચૈત્યવંદનો–૬	૧૪૭
શ્રી સિદ્ધાચલ તીર્થ તથા આદેશ્વર ભગવાનનાં સ્તવનો–૨૭	૧૫૦
શ્રી સિદ્ધાચલ તીર્થ તથા આદેશ્વર ભગવાનની સ્તુતિ જોડા–૭	૧૭૩
મરૂદેવીમાતા, પંદરમા અને પહેલા પાપસ્થાનક વગેરેની સજ્ઝાયો–૭	૧૭૮
(દિવાળી) મહાવીરસ્વામી તથા ગૌતમસ્વામીનાં ચૈત્યવંદનો–૬	૧૮૪
મહાવીરસ્વામી તથા ગૌતમસ્વામીનાં સ્તવનો–૧૮	૧૮૮
દીવાળી પર્વ તથા મહાવીરસ્વામી સ્તુતિ જોડા–૮	૨૦૩
મહાવીર સ્વામી તથા ઉત્તરાધ્યયન વિગેરેની સજ્ઝાયો–૬	૨૦૯
સિદ્ધચક્ર–નવપદજીનાં ચૈત્યવંદનો–૫	૨૧૪
શ્રી સિદ્ધચક્ર–નવપદજીનાં સ્તવનો–૮	૨૧૬
વર્દ્ધમાન તપનું સ્તવન ઢાળ–૩	૨૨૨
શ્રીસિદ્ધચક્ર–નવપદજીની સ્તુતિ જોડા–૫	૨૨૫
શ્રી સિદ્ધચક્ર નવપદજીની સજ્ઝાયો–૬	૨૨૯
ધન્ના અણગારની સજ્ઝાય–ઢાળ–૫	૨૩૪
અષ્ટાત્રીજ–વરસીતપનાં સ્તવનો–૩	૨૪૦
રોહિણી તપનું ચૈત્યવંદન–વાસુપૂજ્યજિન વંદીએ	૨૪૨
રોહિણી તપનું સ્તવનની ઢાળ–૪	૨૪૩
જયકારી જિનવર, વાસુપૂજ્ય અરિહંત સ્તુતિ	૨૪૮
શ્રીવાસુપૂજ્ય જિણંદનો એ–સજ્ઝાય	૨૪૮

વીશસ્થાનક તપનાં ચૈત્યવંદનો ૨	૨૪૬
વીશસ્થાનક તપનું સ્તવન	૨૫૦
વીશસ્થાનક તપની સ્તુતિ જોડા ૨	૨૫૨
વીશસ્થાનક તપની સજ્ઝાય	૨૫૪
શ્રીપર્યુષણ પર્વનાં ચૈત્યવંદનો ૫	૨૫૪
શ્રીપર્યુષણ પર્વનાં સ્તવનો ૩	૨૫૭
શ્રી મહાવીરસ્વામીના સત્તાવીશ ભવનું સ્તવન–ઢાળ ૫	૨૬૧
શ્રી મહાવીરસ્વામીના પંચકલ્યાણકનું સ્તવન–ઢાળ ૩	૨૬૬
અષ્ટાર્હનું સ્તવન–ઢાળ ૯	૨૭૩
શ્રીમહાવીર સ્વામીનાં હાલરડાં–૩	૨૭૯
ખામણાં–શ્રી અરિહંતને ખામણાં ૨	૨૮૬
શ્રીપર્યુષણપર્વનો સ્તુતિ–જોડા ૫	૨૮૭
પર્વ પજુસણ આવીયાં રે હાલ–સજ્ઝાય	૨૯૨
પર્યુષણપર્વના નવ વ્યાખ્યાનની સજ્ઝાય–ઢાળ ૧૧	૨૯૩
શ્રીઅજીતજિનસ્તવન	૩૦૬
શ્રીઅષ્ટાપદતીર્થ સ્તવન	૩૦૭
શ્રીગિરનાર તીર્થ સ્તવન	૩૦૮
શ્રીસમેતશીખર તીર્થ સ્તવન	૩૦૯
શ્રીસિદ્ધાચલગિરિનાં સ્તવન–૨	૩૧૦
પરમગુરુ ચૈત્યવંદનો–૧૨	૩૧૧
સાધારણ જિન સ્તવન	૩૧૮
સમૂર્છિમજીવોને ઉપજવાના ચૌદસ્થાનનું સ્તવન	૩૧૮
અધ્યાત્મ–ઉઠી સવેળા સામાયિક લીધું સ્તુતિ જોડા–૧	૩૧૯
વાસુપૂજ્ય વંદિત વાસુપૂજ્ય ચૈત્યવંદન	૩૨૦
બારમા શ્રી વાસુપૂજ્ય જિન સ્તવનો–૬	૩૨૦
બારમા શ્રીવાસુપૂજ્ય સ્તુતિ જોડા	૩૨૪
બારમાં ભાવના તથા બારમા પાપસ્થાનકની સજ્ઝાય	૩૨૫
સોળમા શ્રી શાન્તિનાથ જિન ચૈત્યવંદન–૨	૩૨૭

સોળમા શ્રી શાન્તિનાથ જિન સ્તવન–૧૨ ૩૨૭
શ્રી શાન્તિનાથ જિન સ્તુતિ જોડા–૫ ૩૩૬
સોળમા પાપસ્થાનક પરનિંદાની સજ્ઝાય ૩૪૦
શ્રી નેમિનાથ જિન ચૈત્યવંદનો–૨ ૩૪૧
શ્રી નેમીનાથ જિન સ્તવનો–૮ ૩૪૧
શ્રી નેમિનાથજિન સ્તુતિ જોડા–૪ ૩૫૦
શ્રી અજીતનાથ જિન ચૈત્યવંદનો–૨ ૩૫૩
શ્રી અજીતનાથ જિન સ્તવનો–૪ ૩૫૪
શ્રી અજીતનાથ જિન સ્તુતિ ૩૫૭
શ્રી સંભવનાથ જિન ચૈત્યવંદનો–૨ ૩૫૭
શ્રી સંભવનાથ જિન સ્તવનો–૫ ૩૫૮
શ્રી સંભવનાથ જિન સ્તુતિ જોડા–૨ ૩૬૨
ત્રીજા મહાવ્રત, ત્રીજા પાપસ્થાનક, ત્રીજી દૃષ્ટિ, ત્રણ લિંગ દશવૈકાલિકના
ત્રીજા અધ્યયનની સજ્ઝાય–૫ ૩૬૩
શ્રી અભિનંદન જિન ચૈત્યવંદનો–૨ ૩૬૮
શ્રી અભિનંદન જિન સ્તવનો–૪ ૩૬૮
શ્રીઅભિનંદન જિન તથા ચાર શાશ્વતા જિન સ્તુતિ જોડા–૨ ૩૭૧
ચોથું પાપસ્થાનક, ચોથી ભાવના, દશવૈકાલિકના ચોથા અધ્યયન, ચોથા
મહાવ્રતની સજ્ઝાયો–૫ ૩૭૩
શ્રી સુમતિનાથ જિન ચૈત્યવંદનો–૨ ૩૭૮
શ્રી સુમતિનાથ જિન સ્તવનો–૨ ૩૭૮
શ્રી સુમતિનાથ સ્તુતિ–સુમતિ સુમતિ દાઈ, ૩૭૯
શ્રી પદ્મપ્રભ જિન ચૈત્યવંદનો–૨ ૩૮૦
શ્રી પદ્મપ્રભ જિન સ્તવનો–૪ ૩૮૦
શ્રી પદ્મપ્રભ જિન સ્તુતિ–અઢીશેં ધનુષની કાયા ૩૮૨
દશવૈકાલિકના છઠ્ઠા અધ્યયન તથા છઠ્ઠા પાપસ્થાનકની સજ્ઝાય–૨ ૩૮૩
આત્માને ઉપદેશ વિષે સજ્ઝાય ૩૮૪
શ્રી સુપાર્શ્વનાથ જિન ચૈત્યવંદનો–૨ ૩૮૫

શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવનો–૨	૩૮૬
શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તુતિ જોડા–૨	૩૮૭
સાતમી આશ્રવ ભાવના–દશવૈકાલિકના સાતમાધ્યયન તથા સાતમા પાપસ્થાનકની સજ્ઝાય–૩	૩૮૮
શ્રી ચંદ્રપ્રભ જિન ચૈત્યવંદનો–૨	૩૯૧
શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવનો–૪	૩૯૧
શ્રી ચંદ્રપ્રભ જિન સ્તુતિ–સેવે સુરવિંદ વંદા	૩૯૪
શ્રી સુવિધિનાથ જિન ચૈત્યવંદનો–૨	૩૯૫
શ્રી સુવિધિનાથ જિન સ્તવનો–૩	૩૯૫
શ્રી સુવિધિનાથ જિન સ્તુતિ તથા નવતત્વની સ્તુતિ	૩૯૭
દશવૈકાલિકના નવમાધ્યયન, નવમી ભાવના, તથા નવમા પાપસ્થાનકની સજ્ઝાય–૩	૩૯૯
શ્રી શીતલનાથ જિન ચૈત્યવંદનો–૨	૪૦૨
શ્રી શીતલજિન ભેટીએ સ્તવન	૪૦૩
શ્રી શીતલજિન સ્વામી સ્તુતિ	૪૦૪
શ્રી શ્રેયાંસનાથ જિન ચૈત્યવંદન	૪૦૪
શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવનો–૨	૪૦૪
શ્રી શ્રેયાંસનાથ જિન સ્તુતિ–વિષ્ણુ જસમાત	૪૦૫
શ્રી વિમલનાથ જિન ચૈત્યવંદન–૨	૪૦૫
શ્રી વિમલનાથ જિન સ્તવનો–૨	૪૦૬
શ્રી વિમલનાથ જિન સ્તુતિ–વિમલ જિન જુહારો	૪૦૭
પાપસ્થાનક તેરમું છંડીએ–સજ્ઝાય	૪૦૭
શ્રી અનંતનાથ જિન ચૈત્યવંદન	૪૦૮
શ્રી અનંતનાથ જિન સ્તવનો–૩	૪૦૮
શ્રી અનંતનાથ જિન સ્તુતિ–અનંત અનંત નાણી	૪૧૦
શ્રી ધર્મનાથ જિન ચૈત્યવંદન	૪૧૦
શ્રી ધર્મનાથ જિન સ્તવનો–૩	૪૧૦

શ્રી ધર્મનાથ જિન સ્તુતિ–ધરમ ધરમ ધોરી	૪૧૩
શ્રી કુંથુનાથ જિન ચૈત્યવંદન	૪૧૩
શ્રીકુંથુ ાથ જિન સ્તવનો–૫	૪૧૪
શ્રી કુંથુનાથ જિન સ્તુતિ–કુંથુજિન નાથ	૪૧૮
સત્તરમા પાપસ્થાનકની સજ્ઝાય	૪૧૮
શ્રી અરનાથ જિન ચૈત્યવંદન	૪૧૯
શ્રી અરનાથ જિન સ્તવનો–૩	૪૧૯
શ્રી અરનાથ જિન સ્તુતિ જોડા	૪૨૨
શ્રી મલ્લીનાથ જિન ચૈત્યવંદન	૪૨૩
શ્રી મલ્લીનાથ જિન સ્તવનો–૩	૪૨૩
શ્રી મલ્લીનાથ જિન સ્તુતિ જોડા	૪૨૫
શ્રી મુનિસુવ્રતસ્વામી ચૈત્યવંદન	૪૨૬
શ્રી મુનિસુવ્રતસ્વામી જિન સ્તવન	૪૨૬
શ્રી મુનિસુવ્રતસ્વામી જિન સ્તુતિ–મુનિસુવ્રત નામે	૪૨૮
શ્રી નમિનાથ જિન ચૈત્યવંદન	૪૨૮
શ્રી નમિનાથ જિન સ્તવન	૪૨૮
શ્રી નમિનાથ જિન સ્તુતિ–નમિએ નમિ નેહ	૪૨૯
શ્રી જીનેશ્વર ભગવાનના ૧૨૦ કલ્યાણકો તથા વિધિ	૪૨૯
ઉપદેશ પદનો સંગ્રહ–૧૨	૪૩૬
દીક્ષાની કબ્યાલી	૪૪૮
મોહમિથ્યાત્વની સજ્ઝાય	૪૪૯
પ્રતિક્રમણ કર્યા પછી ભાવવાની ભાવના	૪૫૧
પચ્ચક્ખાણનો કોઠો	૪૫૨
પ્રભાત અને સાંજનાં પચ્ચક્ખાણો	૪૫૩
આત્મ જાગરણ ચાર શરણ	૪૫૬
પૂજાના દુહા તથા ગાયનો–૩૪	૪૫૭
વણઝારાની સજ્ઝાય.	૪૭૧
મૂર્ખને પ્રતિબોધની સજ્ઝાય.	૪૭૨

શુદ્ધિપત્રક.

પૃષ્ઠ	પંકિત	અશુદ્ધ	શુદ્ધ
૧૭	૫	બહું	બહુ
૧૭	૧૦	સાંઢ	સાંઢ
૧૮	૮	દવિ	દધિ
૧૯	૧૨	પાળી	પાળી
૧૯	૨૪	આરાયેા	આરાધેા
૨૦	૨૭	જયવતી	જયવંતી
૨૧	૧૬	વંન	વંદન
૨૩	૧૯	૦	એ
૨૫	૧	તળજિનેશ્વરરૂ	શિતળજિનેશ્વરરૂ
૨૫	૧૯	સંકેતે	સંકેત
૨૬	૧૫	અવિક	ભવિક
૨૭	૧૪	વિરહમાન	વિહરમાન
૨૭	૧૯	કલા	કમલા
૨૮	૧૨	ત્રત	વ્રત
૨૯	૮	રજા	લા
૨૯	૯	મન	ન
૩૦	૪	સહય	સહાય
૩૪	૩	મનુ	મુનિ
૩૪	૪	સારસું	સાથું
૩૪	૫	પ્યાસેરે	પયાસેરે
૩૬	૯	મનોહર	મનોહાર
૩૯	૪	થાકરે	થકરે
૪૧	૧૩	ચંદુઆ	ચંદ્રુઆ
૪૩	૨૧	પરણી	પરણેા
૪૪	૭	ધરે	ધરે
૪૪	૧૭	જીન	જીવ
૪૫	૧૭	દિવ	દિવસ
૫૫	૧૧	શ્રાવણે	ભવણે
૫૮	૨	નિદન	નિદાન
૫૮	૮	નિરક	નરક
૬૫	૨૦	અંબા	ખંભા
૬૭	૨	મતસ્ય	મત્સ્ય
૬૭	૨૦	કર્મે	કર્મ
૬૮	૬	પદ્મમને	પદ્મને
૬૮	૭	૦	૨
૬૮	૮	આરાધિરએ	આરાધિએ
૬૮	૧૫	જ્ઞાનનેા	જ્ઞાનને
૭૦	૪	સધિ	મધિ
૭૨	૧	ધધેા	ધન્નેા
૭૨	૪	અતતિ	અતિત
૭૨	૬	નિવારણ	નિર્વાણ
૭૨	૧૭	ચરૂં	ચરૂ
૭૫	૧૧	દ્રષ્ટિ	દૃષ્ટિ
૭૫	૧૮	સહુ	સહુ
૭૬	૪	પ્રાંત્રીશ	પાંત્રીશ
૭૮	૮	સમીરંમ્	સમીરમ્
૮૧	૧૫	પ્યારરે	પ્યારેરે
૮૨	૬	ઈંદ્રની	ઈંદ્રની
૮૩	૩	પરિગ્રહ	પરિગ્રહ
૮૩	૩	સાર	ભાર
૯૩	૨૦	જય	જાય
૯૩	૨૧	લમન	લગન
૯૫	૯	ખાપી	ખામી
૯૫	૨૦	કહેજે	હેજે
૯૫	૨૦	હેશેા	કહેશેા
૯૭	૩	ભળ	મળ

૧૦૨	૧	કરતાં	કરતો
૧૦૩	૨૧	ભણે	ભણે
૧૦૪	૧	સુરવમાની	સુરવૈમાની
૧૦૫	૧	રંગરોળ	રંગરોળ
૧૦૫	૧૧	વામજી	મામજી
૧૦૭	૪	પુજે	પુછે
૧૦૭	૧૭	કરો	કરો
૧૦૮	૬	ગુણા	ગુણ
૧૦૮	૧૬	પુણ્ય	પુરણ્ય
૧૦૮	૧૭	ઉત્તરે	ઉત્તર
૧૦૯	૧	સુખખાન	સુખખાણ
૧૧૧	૧૪	આપની	આપણો
૧૧૧	૨૩	વિક્રાન્ત	વિક્રાન્ત
૧૧૨	૨	યુત્કમ	યુક્તમ
૧૧૨	૬	બ્રહ્મચારી	બ્રહ્મચારી
૧૧૨	૯	પઠિબોધવા	પડિબોધવા
૧૧૪	૨	અભિમાન	અભિધાન
૧૧૪	૪	થ્ર	થ્રર
૧૧૬	૧૦	સ્યામજી	સ્યામનેજી
૧૧૬	૧૯	કળગો	સળ્યો
૧૧૯	૨૧	ચોવી	ચોવીસી
૧૧૯	૩	સંપ્રતિ	સાંપ્રત
૧૧૯	૧૧	કલાંસત	કલાસત
૧૧૯	૧૭	સુધરતી	શુદ્ધાર્ત્તિ
૧૨૦	૧૧	પ્રબંધ	પ્રબંધ
૧૨૦	૨૧	બ્રાહ્મેંદ્ર	ભ્રમણેન્દ્ર
૧૨૧	૪	સ્યામકાષ્ઠ	સ્યામકોષ્ટ
૧૨૨	૩	નમોયે	નમોયે
૧૨૨	૯	રવિવાજ	રવિરાજ
૧૨૨	૧૩	પત્રીત	પવીત
૧૨૨	૨૨	લુગ્યું	લાગ્યું
૧૨૩	૯	આરણ્ય	અરણ્ય
૧૨૩	૧૧	રહીયે	રહી
૧૨૪	૧૮	અહોસ્ત	અહોરત
૧૨૭	૭	મુક્તાફળ	મુક્તાફળ
૧૩૧	૨૨	લીલાવાસ	લીલવિલાસ
૧૩૭	૨૨	ચિત્તતે	તે હોય ચિત્ત
૧૩૮	૧	ધ્રૂમ્ર	ધ્રુમ્ર
૧૪૦	૧	નારી	નાર
૧૪૦	૯	ધનધોર	ધમધોર
૧૪૧	૧૨	આચારરે	આચારે
૧૪૨	૪	પૂર્વ નવાણું	પ્રથમ જિણુંદ
૧૪૨	૪	પ્રથમ જિણુંદ	પૂર્વ-નવાણું
૧૪૫	૨૦	કલણુ	કહણુ
૧૫૫	૧૪	કરસ્યા	કરસ્યા
૧૬૧	૧૧	ઠા	કા
૧૬૨	૪	શળારે	રાળારે
૧૬૩	૨૨	કોડાકોઠી	કોડાકોડા
૧૬૭	૯	પાઠ	પાડ
૧૬૮	૧૫	ધોરી	ધોની
૧૬૯	૧૫	ગુણુરુપિ	ગુણુરુચિ
૧૭૦	૫	પ્રસ્વદ	પ્રસ્વેદ
૧૭૩	૧૩	સુપર્શ્વ	સુપાર્શ્વ
૧૭૪	૨૦	પરસિદ્ધા	પરસિદ્ધ
૧૭૫	૧	કરી	કારી
૧૭૫	૧૬	દ્રદિશાંગી	દ્વાદશાંગી
૧૭૫	૧૮	મહંતા	મહંતા
૧૭૭	૨	વિધ	વિવિધ
૧૭૮	૧૯	વચ્છ	વત્સ
૧૮૦	૩	સુખયો	સુખીયો
૧૮૩	૧૨	ભાળ	ભાર્ષ
૧૮૩	૧૩	દેવનીરે	દેવનારે
૧૮૬	૭	સિદ્ધરથ	સિદ્ધારથ
૧૮૬	૧૫	તેરસહચૈત્રહ	તેરસચૈત્ર
૧૮૮	૧૧	સહાવીર	મહાવીર

૧૯૬	૯	ધણેર	ધણેરા
૧૯૭	૩	સુરાસર	સુરાસુર
૨૦૦	૧૬	ભલજલ	ભવજલ
૨૦૫	૯	પ્રસાના	પ્રસન્ના
૨૦૬	૩	રાતિ	રાત
૨૧૦	૧૭	જન	જળ
૨૧૨	૧૮	બોલે કહે	બોલવું
૨૧૭	૬	પાડક	પાઠક
૨૧૭	૧૨	છત્રીશનો	છત્રીશ પનચવીશનો
૨૨૨	૧૪	નવ	શિવ
૨૨૭	૨૩	વર	વીર
૨૨૮	૨	સ્નંનિધ	સાનિધ્ય
૨૩૪	૧૦	ટાળ્યા	ટળ્યા
૨૩૫	૧	ભલા	ભદ્રા
૨૩૫	૧૧	વશ	ખાઈ
૨૩૮	૧૫	અરસ	નિરસ
૨૩૯	૧	હાઢ	હાડ
૨૪૦	૮	ભલ	ભલો
૨૪૯	૧૪	દીઠ	દીઠ
૨૫૩	૧૬	પવવણુ	પવમણુ
૨૫૩	૧૭	હામજી	હામજી
૨૭૯	૧૫	ચેવિશમાં	ચોવિશમા
૨૯૫	૧૮	અતવરીયા	અવતરીયા
૩૦૧	૨૨	ચમર	ચરમ
૩૦૧	૨૫	રંભ	રંભા
૩૦૨	૧૬	મણેક	માણેક
૩૦૬	૨૧	ળાર	બાર
૩૧૦	૧૦	ભાવેકા	ભવિકા
૩૨૪	૭	વૃજિતેજિતપતે-	વૃજિન-જિનપર્વ
૩૨૪	૯	વિશ્રતી	વિશ્રવી
૩૩૧	૯	ખુતી	ખુતો
૩૩૨	૧૩	તુમારો	તુમારૂ
૩૩૭	૧૦	રૂચિરે	રૂચિરૈ:
૩૩૯	૧૧	વાન	વામ
૩૪૪	૧૮	મુકવું હું મથે	મુકાવું હું માથે
૩૪૫	૨૧	જગમલ	જગજાલ
૩૫૩	૧૫	જિનશત્રુ	જિતશત્રુ
૩૫૯	૨૧	અછો	અર્થો
૬૬૫	૨૩	સાકું	સાર
૩૭૦	૫	પાંચીસે	પાંત્રીસે
૩૭૩	૭	અબંબ	અબંબ
૩૭૩	૧૬	કરતા	કાનન
૩૭૪	૨	નવવિધ	નવનિધ
૩૭૪	૨૦	નારીરં	નાસીરે
૩૮૦	૧૮	પદ્ધ	પદ્મ
૩૮૦	૨૨	ઉપસ્સય	ઉપસમ
૩૮૧	૨૨	તાર રે	તાહરે
૩૮૨	૮	નવિ	નાવે
૩૮૪	૧૦	સુભસ	સુજસ
૩૮૪	૧૫	૦	તાહરે ભા-હીર કુમંતિ રાણીરે
૩૮૬	૪	સ્નંપત્તિને	સંપત્તિનો
૩૮૭	૧ થી ૬	લીટી	અવરી-સવરી છે
૩૯૬	૧૪	ળાવ	ભાવ
૩૯૬	૨૧	વળી	ભળી
૩૯૬	૨૨	ભાખી	ભાષા
૪૦૭	૨	પાળીયો	પે ળીયો
૪૦૯	૧	શ્રિદ્ધા	શ્રદ્ધા
૪૧૨	૮	કડે	કહે
૪૩૬	૧૧	લાયશે	લાગશે
૪૩૬	૧૩	જુચાર	જુહાર
૪૪૧	૭	ખેળા	ખોળા
૪૪૫	૨૦	નહું	કહું
૪૪૬	૨	યેાવી	યેાગો
૪૪૬	૨	જતેા	જતો

મેતા જસરાજભાઈ સુંદરજીભાઈ.

ગુંદાવાળા (કાઠીઆવાડ)

શ્રી જિનેશ્વર ભગવાનના મંદીરમાં બોલાતા શ્લોકો

૧

નેત્રાનંદકરી ભવોદધિતરી, શ્રેયસ્તરોર્મંજરી;
શ્રીમદ્ ધર્મ મહાનરેન્દ્ર નગરી, વ્યાપદ્લતા ધૂમરી;
હર્ષોત્કર્ષ શુભ પ્રભાવલહરી, રાગદ્વિષાં જિત્વરી;
મૂર્ત્તિઃ શ્રીજિનપુંગવસ્ય ભવતુ, શ્રયસ્કરી દેહીનામ્ ॥૧॥

ઐંદ્રશ્રેણીનતા પ્રતાપ ભવનં, ભવ્યાંગી નેત્રામૃતં,
સિદ્ધાંતોપનિષદ્ વિચાર ચતુરૈઃ પ્રીત્યા પ્રમાણીકૃતા,
મૂર્તિઃ સ્ફુર્તિમતિઃ સદા વિજયતે, જૈનેશ્વરી વિસ્ફુરન,
મોહોન્માદ ઘન પ્રમાદ મહિરા, મત્તૈરનાલોકિતા, ॥૨॥

અદ્યાભવત્ સફલતા નયનદ્વયસ્ય,
દેવત્વદીય ચરણાંબુજવીક્ષણેન, ૧
અદ્ય ત્રિલોકતિલક! પ્રતિભાસતે મે,
સંસારવારિધિરયં ચુલુકઃ પ્રમાણુ: ॥૩॥ ૨

તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ
તુભ્યં નમઃ ક્ષિતિતલામલ ભૂષણાય, ૩
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય,
તુભ્યં નમો જિન! ભવોદધિ શોષણાય ॥૪॥ ૪

પૂર્ણાનંદમયં મહોદયમયં કૈવલ્યચિદ્દગ્મયં,
રૂપાતીતમયં સ્વરૂપરમણું સ્વાભાવિકી શ્રીમયમ્; ૫
જ્ઞાનોદ્યોતમયં કૃપારસમયં સ્યાદ્વાદ વિદ્યાલયમ,
શ્રીસિદ્ધાચલ તીર્થરાજમનિશં વંદેહમાદીશ્વરમ્ ॥૫॥ ૬

દર્શનાત્ દુરિતધ્વંસી વંદનાત્ વાંછિતપ્રદઃ;
પૂજનાત્ પુરકઃશ્રીણાં; જિનઃ સાક્ષાત્ સુરદ્રુમઃ ॥૬॥

દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનં;
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષસાધનં, ॥૭॥

સરસ શાંતિ સુધારસ સાગરં,
શુચિતરં ગુણરત્ન મહાગરં;
ભવિક પંકજબોધ દિવાકરં,
પ્રતિદિનં પ્રણમામિ જીનેશ્વરં ॥૮॥

નમો દુર્વારરાગાદિ વૈરોવાર નિવારિણે;
અર્હંતે યોગીનાથાય, મહાવીરાય તાયિને. ॥૯॥

કલ્યાણપાદપારામં, શ્રુતગંગા હિમાચલમ્;
વિઘ્નોલોજરવિં દેવં, વંદે શ્રીજ્ઞાતનંદનમ્; ॥૧૦॥

અદ્યમે સફલં જન્મ, અદ્ય મે સફલા ક્રિયા;
અદ્યમે સફલં ગાત્રં, જિનેંદ્ર! તવ દર્શનાત. ॥૧૧॥

અન્યથા શરણું નાસ્તિ, ત્વમેવ શરણું મમ
તસ્માત્ કારૂણ્ય ભાવેન, રક્ષ રક્ષ જિનેશ્વર
પાતાલે યાનિ બિંબાનિ, યાનિ બિંબાનિ ભૂતલે
સ્વર્ગેઽપિ યાનિ બિંબાનિ, તાનિ વંદે નિરંતરમ્ ॥૧૨॥

શ્રીમદ્ગુર્જરદેશભૂષણમણિં સર્વજ્ઞતાધારકમ્ ।
મિથ્યાજ્ઞાનતમઃપલાયનવિધા
વુદ્યત્પ્રભંતાયિનમ્ ॥

પાર્શ્વસ્થાયુક પાર્શ્વયક્ષપતિનાસંસેવ્યપાર્શ્વદ્વયમ્ ।
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ મહમાનન્દેન વન્દે સદા ॥૧૩॥

શ્રેયઃ કેતશાલા સુગુણપરિમલૈર્યમંદારમાલા ।
છિન્નન્યા મોહજાલા પ્રમદભરસરઃ પૂરણે મેઘમાલા ।।
નમ્રશ્રીમન્મરાલા વિતરણકલયા નિર્જિતસ્વર્ગિશાલા ।
ત્વન્મૂર્તિઃ શ્રીવિશાલા વિદલતુ,
દુરિતં નંદિતક્ષોણિપાલા ।। ।।૧૪।।

પુણ્યાનાં વિપણિસ્તમો દીનમણિઃ કામેભ કુંભ સ્થિઃ ।
મોક્ષિણીઃ સરણી સુરેન્દ્ર કરણી જ્યોતિઃ પ્રભા સારથિઃ ।।
દાને દેવ મણિર્નતો ત્તમઃ જન શ્રેણિ કૃપા સારણિઃ ।
વિશ્વાનંદ સુધા વૃણિર્ભવભિદે:
શ્રી ચાર્ચ્ચિંતામણિઃ ।।૧૫।।

શ્રી સીમંધર સ્વામિ જિન દૂહા

અનંત ચોવીશી જિન નમું, સિદ્ધ અનંતી કોડ;
કેવલ નાણી થિવિર સવિ, વંદુ બે કર જોડ. ૧

બે કોડી કેવલ ધરા, વિહરમાન જિન વીશ
સહસ્ર યુગલ કોડિ નમું, સાધુ સરવ નિશદિશ; ૨

જે ચારિત્રે નિર્મલા, તે પંચાનન સિંહ;
વિષય કષાયને ગંજીયા, તે પ્રણમું નિશદિશ. ૩

શ્રી બ્રહ્માણી શારદા, સરસ્વતિ દો સુપસાય;
સીમંધર જિન વિનવું, સાનિધ્ય કરજો માય. ૪

રાંકતણી પરે રડવડયો, નિધણીયો નિરધાર,
શ્રી સીમંધર સાહિબા, તુમ વિણ ઇણે સંસાર, ૫

અનાદિ નિગોદમાંહે રૂલ્યો, અવ્યવહારી જીવ
કાલ અનંત તિહાં રહ્યો, ભવ અનંત સહીવ. ૬

મરણાં અવતરણાં કરી, સ્વામિ ! કાળ અનંત;
પરાવર્ત પુદ્ગલ કીયાં, તેહનો કહું વિરતંત. ૭

જેમ કેકી ગિરિવર રહે, મેહા દૂરે વાસ,
તિમ જિનજી તુમ ઓળીસું, નિસુણો એ અરદાસ. ૮

ઈત્યાદિક અનેક છે, અનંત કાયાના ભેદ;
બાદર એહ નિગોદમાં, હું પામ્યો નિવેદ. ૯

સુઇ અગ્ર અનંતમે, ભાગે હું બહુ વાર,
વેચાણો નિઃસંબલો, કિણહી ન કીધી સાર. ૧૦

કાલ અનંત તિહાં રહ્યો, સાધારણ સ્વરૂપ
ચૌદ લાખ ચોનિ ભમ્યો, ઐ ! ઐ ! કર્મ વિરૂપ. ૧૧

ઉંચ નીચ કુળ અવતર્યો, કીધા મધ્યમ કામ;
વિરતિ પાખે હું થયો, ન લહ્યો ભવ વિશ્રામ ! ૧૨

માનવ ભવ અતિ દોહીલો, દોહીલો આરજ દેશ.
સદ્ગુરુણા વલી દોહીલી, દોહીલો ગુરૂ ઉપદેશ. ૧૩

મનુષ્ય તિરી ભવ અંતરે, સાતે નરક મોઝાર;
ગણતાં કાળ અનંત હુંઓ, હું ગયો એટલી વાર. ૧૪

શ્રી સીમંધર સ્વામીનાં ચૈત્યવંદનો

૧

શ્રી સીમંધર જગધણી, આ ભરતે આવો;
કરૂણાવંત કરૂણા કરી, અમને વંદાવો. ॥ ૧ ॥

સકલ ભક્ત તુમે ધણી, જો હોવે તુમ નાથ;
ભવોભવ હું છું તાહરો, નહિ મેલું હવે સાથ. ॥ ૨ ॥

૫

સયલ સંગ છંડી કરીએ, ચારિત્ર લેઈશું;
પાય તુમારા સેવીને, શિવ રમણી વરીશું. ॥ ૩ ॥
એ અળજો મુજને ઘણોએ, પૂરો સીમંધર દેવ;
ઈહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ. ॥ ૪ ॥

૨

શ્રી સીમંધર વિતરાગ, ત્રિભુવન તુમે ઉપગારી;
શ્રી શ્રેયાંસપિતા કુળે, જહુ શોભા તુમારી. ॥ ૧ ॥
ધન ધન માતા સત્યકી, જેણે જાયો જયકારી,
વૃષભ લંછને બીરાજમાન, વંદે નરનારી. ॥ ૨ ॥
ધનુષ પાંચસે દેહડીએ, સોહીએ સોવન વાન;
કીર્તિવિજય ઉવજઝાયનો, વિનય ધરે તુમધ્યાન ॥ ૩ ॥

૩

સીમંધર પરમાતમા, શીવ સુખના દાતા;
પુરખલવઈ વિજયે જયો, સર્વ જીવના ત્રાતા. ॥ ૧ ॥
પૂર્વ વિદેહ પુંડરિગિણી, નયરીએ સોહે;
શ્રી શ્રેયાંસ રાજા તિહાં, ભવિયણનાં મન મોહે. ॥ ૨ ॥
ચૌદ સુપન નિર્મળ લહી, સત્યકી રાણી માત;
કુંથુ અરજિન અંતરે, શ્રી સીમંધર જાત. ॥ ૩ ॥
અનુક્રમે પ્રભુ જનમિયા, વળી યૌવન પાવે.
માત પિતા હરખે કરી, રૂકમિણી પરણાવે. ॥ ૪ ॥
ભોગવી સુખ સંસારનાં, સંજમ મન લાવે;
મુનિસુવ્રત નમિ અંતરે, દીક્ષા પ્રભુ પાવે. ॥ ૫ ॥

ઘાતિ કર્મનો ક્ષય કરી, પામ્યા કેવળનાણ;
વૃષભ લંછને શોભતાં, સર્વ ભાવના જાણ. ॥ ૬ ॥
ચોરાશી જસ ગણધરા. મુનિવર એકસો કોડી;
ત્રણ ભુવનમાં જોવતાં, નહિ કોય એહની જોડી. ॥ ૭ ॥
દશ લાખ કહ્યા કેવળી, પ્રભુજીનો પરિવાર;
એક સમય ત્રણ કાળના, જાણે સર્વ વિચાર. ॥ ૮ ॥
ઉદય પેઢાલ જિન અંતરે એ, થાશે જિનવર સિદ્ધ;
જસવિજય શુરૂ પ્રણમતાં, શુભ વંછિત ફળ લીધ ॥ ૯ ॥

શ્રી સીમંધર જિન સ્તવનો

૧

શ્રી સીમંધરૂ રે, મારાપ્રાણ તણો આધાર;
જિનવર જગકરૂ રે, જેહ ના ના છે ઉપકાર;
ક્ષણ ક્ષણ સાંભરે રે, એક શ્વાસમાંહિ સોવાર;
કિમ હિ ન વિસરે રે, જે વસિયા છે હૃદય મોઝાર;॥શ્રી સી૦॥૧॥
હુંસી હિયડલે રે, જેમ હોય મુકતાફળનો હાર;
તે તો જાણીએ રે; એ સવિ બાહિરનો શણગાર;
પ્રભુ તો અભ્યંતરે રે; અલગા ન રહે લગાર;
અહ નિશ વંદના રે, કરીએ છીએ તે અવધાર. ॥શ્રી સી૦॥૨॥
નયન મેલાવડે રે, નિરખી સેવકને સંભાર;
તો હું લેખવું રે, સફળ સફળ અવતાર;
નવિ કોઈ તેહવોરે, વિદ્યા લબ્ધિનો ઉપાય;
આવીને મળું રે, ચરણ ગ્રહું હું વળી પાય. ॥શ્રી સી૦॥૩॥

મળવું દોહિલું રે, તેહ શું નેહ તણો જે લાગ;
કરતાં સોહીલું રે, પણ પછી વિરહનો વિભાગ;
મંદ ચકોરનેરે, ચકવાદિનકર તે હોય જેમ.
દૂરે રહ્યા થકી રે, તો પણ તસ વધતો છે પ્રેમ. ॥શ્રી સી૦॥૪॥

પણ તિહાં એક છેરે, કારણ નજરનો સંબંધ;
વિરહે તે નહો રે, એ મન મોટા છે ધંધ;
પણ એક આશરો રે, સુગુણથું જે રે એક તાન;
તેહથી વાધશેરે, જ્ઞાનવિમલ ગુણનો જસવાન. ॥શ્રી સી૦॥૫॥

૨

મનડું તે માહરૂં મોહ્યલે, મારા વાલાજી રે;
સસનેહર સાથે સંદેશ, જઇને કહેજો મારા વાલાજી રે. ॥આંકણી॥

ભરતના ભકત ને તારવા ॥મા૦॥
એક વાર આવોને આ દેશ ॥ જઇ૦ ॥ ૧ ॥

પ્રભુજી વસો પુષ્કલાવતી ॥મા૦॥
મહાવિદેહ ક્ષેત્ર મોઝાર ॥જઇ૦॥

પુરી રાજે પુંડરિગિણી ॥મા૦॥
જિહાં પ્રભુજીનો અવતાર ॥જઇ૦ ॥ ૨ ॥

શ્રી સીમંધર સાહિબા ॥મા૦॥
વિચરંતા વિતરાગ ॥જઇ૦॥

પડિબોહે બહુ પ્રાણીને ॥મા૦॥
તેહનો પામે કુણ તાગ ॥ જઇ૦ ॥ ૩ ॥

મન જાણે ઉડી મળું ॥મા૦॥
પણ પોતાને નહિ પાંખ ॥જઇ૦॥

ભગવંત તુમ જોવા ભણી ।।મા૦।।
અલજો ધરેછે બેહુ આંખ ।। જઈ૦ ।। ૪ ।।

દુર્ગમ મોટા ડુંગરા ।।મા૦।।
નદી નાળાં નો નહી પાર ।।જઈ૦।।

ઘાંટીની આંટી ઘણી ।।મા૦।।
અટવી પંથ અપાર ।। જઈ૦ ।। ૫ ।।

કોડી સોનૈયે કાસીદું ।।મા૦ ।।
કરનારો નહિ કોય ।। જઈ૦ ।।

કામળીયો કેમ મોકલું ।।મા૦।।
હોંશ તે નિત્ય નવલી હોય ।। જઈ૦ ।। ૬ ।।

લખું જે જે લેખમાં ।। મા૦ ।।
લાખો ગમે અભિલાષ ।। જઈ૦ ।।

તમે લેજ્યમાં તે લહો ।। મા૦ ।।
મુજ મન પુરેછે સાખ ।। જઈ૦ ।। ૭ ।।

લોકાલોક સ્વરૂપના ।। મા૦ ।।
જગતમાં તુમે જાણુ ।। જઈ૦ ।।

જાણુ આગે શું જણાવી એ ।। મા૦ ।।
આખર અમે અજાણ ।। જઈ૦ ।। ૮ ।।

વાચકકુળદયની વિનતી ।। મા૦ ।।
સમહર કહ્યો સંદેશ ।। જઈ૦ ।।

માની લેજો માહરી ।। મા૦ ।।
વસતાં દૂર વિદેશ ।। જઈ૦ ।। ૯ ।।

૩

સુણો ચંદાજી, સીમંધર પરમાતમ પાસે જા જો;
મુજ વીનતડી; પ્રેમ ધરીને એણી પરે
તુમે સંભળાવજો ॥ એ આંકણી ॥

જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઇંદ્ર પાયક છે;
જ્ઞાન દરિસણ જેહને ક્ષાયક છે; સુણો ચંદાજી૦ ॥૧॥
જેને કંચન વરણી કાયા છે. જસધોરી લંછન પાયા છે;
પુંડરીગિણી નગરી નો રાયા છે, સુણો ચંદાજી૦ ॥૨॥
બાર પર્ષદા માંહિ બીરાજે છે, જસચોત્રીશ અતિશય છાજે છે;
ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે, સુણો ચંદાજી૦ ॥૩॥
ભવિજનને તે પડી બોહે છે, તુમ અધીક શીતલ ગુણ સોહે છે;
રૂપ દેખી ભવિજન મોહે છે, સુણોચંદાજી૦ ॥૪॥
તુમ સેવા કરવા રસિયો છું, પણ ભરતમાં દૂરે વસિયો છું
મહા મોહ-રાય કર ફસિયોછું, સુણો ચંદાજી૦ ॥૫॥
પણ સાહિબ ચિત્તમાં ધરીયો છું, તુમઆણા ખડ્ગ કરગ્રહીયોછે;
પણ કાંઇક મુજથી ડરીયો છે, સુણો ચંદાજી૦ ॥૬॥
જિન ઉત્તમ પુંઠ હવે પૂરો, કહે પદ્મવિજય થાઉં શૂરો;
તો વાધે મુજ મન અતિનૂરો, સુણો ચંદાજી૦ ॥૭॥

૪

પુષ્કલવઇ વિજયે જયોરે, નયરી પુંડરીગિણી સાર;
શ્રી સીમંધર સાહેબારે, રાય શ્રેયાંસ કુમાર
જિણુંદરાય! ધરજો ધર્મ સ્નેહ. ॥૧॥
મોટા નાના અંતરોરે, ગિરૂઆ નવિ દાખંત;
થશી દરિસણ સાયર વધેરે, કૈરવ વન વિકસંત.-જિણુંદ૦ ॥૨॥

ઠામ કુઠામ ન લેખવેરે, જગ વરસંત જળધાર;
કર હોય કુસુમે વાસિયેરે, છાયા સવિ આધાર–જિણું૬૦ ॥૩॥

રાય ને રંક સરિખા ગણેરે, ઉદ્યોતે શશી સૂર;
ગંગાજળ તે બિહું તણુંરે, તાપ કરે સવિદૂર–જિણું૬૦ ॥૪॥

સરિખા સહુને તારવારે, તેમ તુમે છો મહારાજ;
મુજશું અંતર કીમ કરોરે, બાંહ્ય ગ્રહ્યાની લાજ–જિણું૬૦ ॥૫॥

મુખ દેખી ટીલું કરે રે, તે નવિ હોય પ્રમાણ;
મુજરો માને સવિ તણોરે, સાહિબ તેહ સુજાણ–જિણું૬૦ ॥૬॥

વૃષભ લંછન માતા સત્યકીરે,–નંદન રૂકમિણી કંત;
વાચક જશ એમ વિનવેરે, ભય ભંજન ભગવંત–જિણું૬૦ ॥૭॥

સીમંધર સ્વામીનું સ્તવન ઢાળ ૧ લી

સ્વામિ સીમંધર વિનતિ, સાંભલો માહરી દેવરે;
તાહરી આણ હું શીર ધરું, આદરું તાહરી સેવરે;
॥ સ્વામિ સીમંધર વિનતિ. ॥ ૧ ॥

કુ ગુરૂની વાસના પાશમાં, હરિણ પરે જે પડયા લોકરે;
તેહને શરણ તુજ વિણ નહી, ટળવળે બાપડા ફોકરે;
॥ સ્વામી૦ ॥ ૨ ॥

જ્ઞાન દર્શન ચરણ ગુણ વિના, જે કરાવે કુલાચારરે;
લુંટે તેણે જન દેખતાં, કિહાં કરે લોક પોકાર રે;
॥ સ્વામી૦ ॥ ૩ ॥

જેહ નવી ભવતર્યા નિરગુણી, તારશે કેણીપેરે તેહરે,
એમ અજાણ્યા પડે ફંદમાં, પાપ બાંધે રહ્યા જેહરે,
॥ સ્વામી૦ ॥ ૪ ॥

કામ કુંભાદિક અધિકનું, ધર્મનું કો નવી મૂલ રે,
દોષડે કુ ગુરૂ તે દાખવે, શું થયું એહ જગ સુલરે;
॥ સ્વામી૦ ॥ ૫ ॥

અર્થની દેશના જે દીએ, ઓલવે ધર્મના ગ્રંથરે,
પરમ પદનો પ્રગટ ચોરથી, તેહથી કેમ વહે પંથરે;
॥ સ્વામી૦ ॥ ૬ ॥

વિષય રસમાં ગૃહી માચિયા, નાચિયા કુ ગુરૂ મદ પૂરરે,
ધૂમ ધામે ધમા ધમ ચલી, જ્ઞાન મારગ રહયો દૂરરે;
॥ સ્વામી૦ ॥ ૭ ॥

કલહ કારી કદા ગ્રહ ભર્યા, થાપતા આપણા બોલરે,
જિન વચન અન્યથા દાખવે, આજતો વાજતે ઢોલરે.
॥ સ્વામી૦ ॥ ૮ ॥

કેઇ નિજ દોષને ગોપવા, રોપવા કેઇ મત કંદ રે,
ધર્મની દેશના પાલટે, સત્ય ભાખે નહીં મંદ રે;
॥ સ્વામી૦ ॥ ૯ ॥

બહુ મુખે બોલ એમ સાંભળી, નવિધરે લોક વિશ્વાસરે,
ઢુંઢતા ધર્મને જે થયા, ભ્રમર જેમ કમલની વાસરે;
॥ સ્વામી૦ ॥ ૧૦ ॥

ઢાળ–બીજી

એમ ઢુંઢતારે ધર્મ સોહામણો, મિલીયો સદ્‌ગુરૂ એક;
તેહને સાચોરે મારગ દાખવે, આણી હૃદય વિવેક,
શ્રી સીમંધર સાહેબ સાંભળો; ॥ ૧ ॥

પર ઘરે જોતાંરે ધર્મ તુજે ફરે, નિજ ઘરે ન લહોરે ધર્મ;
જેમ નવિ જાણેરે મૃગ કસ્તુરીઓ, મૃગ મદ પરિમલ મર્મ;
॥ શ્રી૦ ॥ ૨ ॥

જેમ તે ભૂલોરે મૃગ દિશી દિશી ફરે, લેવા મૃગ મદ ગંધ,
તેમ જગ ઢુંઢેરે બાહીર ધર્મને, મિથ્યા દ્રષ્ટિરે અંધ;
॥ શ્રી. ૩ ॥

જાતિ અંધનોરે દોષ ન આકરો, જે નવિ દેખેરે અર્થ,
મિથ્યાદ્રષ્ટી રે તેહથી આકરો, માને અર્થ અનર્થ
॥ શ્રી૦ ॥ ૪ ॥

આપ પ્રશંસે રે પર ગુણ ઓળવે, ન ધરે ગુણનો રે લેશ,
તે જિન વાણીરે નવિ શ્રવણે સુણી, દીએ મિથ્યા ઉપદેશ,
॥ શ્રી૦ ॥ ૫ ॥

જ્ઞાન પ્રકાશે રે મોહ તિમિર હરે, જેહને સદ્‌ગુરૂ સૂર,
તે નિજ દેખેરે સત્તા ધર્મની, ચિદાનંદ ભરપૂર;
॥ શ્રી૦ ॥ ૬ ॥

જેમ નિર્મલતારે જ્ઞાન સ્ફટિક તણી, તેમ એ જીવ સ્વભાવ,
તે જિન વીરે રે ધર્મ પ્રકાશીઓ, પ્રબલ કષાય અભાવ;
॥ શ્રી૦ ॥ ૭ ॥

જેમ તે રાતેરે ફૂલે રાતડું, શ્યામ ફૂલથી રે શ્યામ,
પાપ પુણ્યથી રે તેમ જગજીવને, રાગ દ્વેષ પરિણામ;
॥ શ્રી૦ ॥ ૮ ॥

ધર્મ ન કહીએરે નિશ્ચે તેહને, જેહ વિભાવ વડ વ્યાધી,
પહેલે અંગેરે એણી પરે ભાખીયું, કર્મે દોએ ઉપાધી;
॥ શ્રી૦ ॥ ૯ ॥

જે જે અંશેરે નિરૂપાધિક પણું, તે તે જાણોરે ધર્મ
સમ્યગ્દ્રષ્ટિરે ગુણઠાણા થકી, ભવ લહે શિવ સર્મ;
॥ શ્રી૦ ॥ ૧૦ ॥

એમ જાણીને રે જ્ઞાન દશા ભજી, રહીએ આપ સ્વરૂપ;
પર પરિણતિથીરે ધર્મ ન છાંડીએ, નવિ પડિએ ભવકૂપ;
॥ શ્રી સીમંધર સાહીબ સાંભળો. ॥ ૧૧ ॥

ઢાળ ૩ જી

કુમતિ એમ સકલ દુરે કરી, ધારીએ ધર્મની રીતરે;
હારીએ નવિ પ્રભુ બળ થકી, પામીએ જગતમાં જીતરે;
સ્વામી સીમંધર તું જયો, ॥ ૧ ॥

ભાવ જાણે સકલ જંતુના, ભવ થકી દાસને રાખરે;
ભોલીયા ભોલડે તે ઘણું, સફળ જો છે તુજ સાખરે;
॥ સ્વામી૦ ॥ ૨ ॥

એક છે રાગ તુજ ઉપરે, તેહ મુજ શિવતરૂ કંદરે;
નવિ ગણું તુજ પરે અવર ને, જો મિલે સુરનર વૃંદરે;
॥ સ્વામી૦ ॥ ૩ ॥

તુજ વિના મેં બહુ દુઃખ લહ્યાં, તુજ મિલ્યે તે કેમ હોય રે
મેહ વિણ મોર નાચે નહીં, મેહ દેખી નાચે સોય રે;
॥ સ્વામી૦ ॥ ૪ ॥

મન થકી મિલન મેં તુજ કીયો, ચરણ તુજ ભેટવા માંહરે;
ઠિજિયે જતન જિન એ વિના, અવર ન વાંછિએ કાંઇરે;
॥ સ્વામી૦ ॥ ૫ ॥

તુજ વચન રાગ સુખ આગળે, નવિમણું સુરનર શર્મ રે
કોડી જો કપટ કોઇ દાખવે, નવિ તજું તોયે તુજ ધર્મરે;
॥ સ્વામી૦ ॥ ૬ ॥

તું મુજ હૃદયગિરીમાં વસે, સિંહ જો પરમ નિરિહરે;
કુમત માતંગના જુથથી, તો કશી પ્રભુ મુજ બીહરે
॥ સ્વામી૦ ॥ ૭ ॥

કોડી છે દાસ પ્રભુ તાહરે, માહરે દેવ તું એક રે
કીજીએ સાર સેવક તણી, એ તુજ ઉચિત વિવેકરે;
॥ સ્વામી૦ ॥ ૮ ॥

ભક્તિ ભાવે ધરયું ભાખીએ, રાખીએ એહ મન માંહી રે,
દાસના ભવ દુઃખ વારીએ, તારિએ સો ગ્રહી બાંહીરે;
॥ સ્વામી૦ ॥ ૯ ॥

બાળ જેમ તાત આગળ કહે, વિનવું હું તેમ તુજ રે;
ઉચીત જાણો તેમ આચરૂં, નવી રહ્યો તુજ કીરયું ગુંજરે;
॥ સ્વામી૦ ॥ ૧૦ ॥

મુજ હોજો ચિત શુભ ભાવથી, ભવ ભવ તાહરી સેવરે;
ભાવીએ કોડી યતને કરો, એહ તુજ આગળે દેવ રે;
॥ સ્વામી૦ ॥ ૧૧ ॥

કળશ

શંભ સકલ સુખકર દુરિત ભયહર, વિમલ લક્ષણ ગુણધરો;
પ્રભુ અજર અમર નરિંદ વંદિત, વિનવ્યો સીમંધરો;
નિજનાદતર્જિત મેઘ ગર્જિત, ધૈર્ય નિર્જિત મંધરો;
શ્રી નયવિજય બુધ ચરણ સેવક,
જસાવજય બુધ જય કરો, ॥ ૧ ॥

શ્રી. બાહુજિન સ્તવન

બાહુ જિનેશ્વર સાહીબારે લાલ,
વિનતડી અવધાર રે; વાલેસર મોરા૦
દૂરે જઇ વસિયા તુમેરે લાલ,
કિમ પામું દેદાર રે; ।। વા૦ બા૦ ।।૧।।

સંભારી તુમ ગુણ ઘણારે લાલ, પામું પરમાનંદ રે, ।।વા૦।।
વિસાર્યો નવિ વિસરે રે લાલ,
મધુકર મન માકંદરે, ।। વા૦ બા૦ ।।૨।।

લોકાલોક પ્રકાશ તો રે લાલ,
તાહરો સહજ સ્વભાવરે; ।।વા૦।।
કહેવે શું અધીકું અછેરે લાલ,
જાણો સેવક ભાવરે; ।। વા૦ બા૦ ।। ૩ ।।

વપ્ર વિજય સુસીમા પુરીરે લાલ, સુથીવ નૃપ કુલ હંસરે;।।વા૦।।
વિજયા સુત મૃગ લંછનોરે લાલ, મોહિની ચિત અવતંસરે;
।। વા૦ બા૦ ।।૪।।

જ્ઞાનવિમલ ગુણ તાહરારે લાલ, કહેતાં નાવે પારરે; ।। વા. ।।
ભવભય પાર ઉતારીએ રે લાલ, દુશ્મન દૂરે નિવારરે;
।। વાલેસર મોરા. બાહુ જીનેશ્વર સાહીબારે લાલ. ।। ૫ ।।

શ્રી નિગોદ ભવવર્ણન ગર્ભિત શ્રી સુબાહુ જિન સ્તવન

નરકથી હો જિન, નરક થકી નિગોદ;
મોટા હો દુઃખ, મોટા સુબાહુ તે કહ્યાંજી;

સાસો હો જિન, સાસો સાસે સત્તર,
આઝા હો પ્રભુ, આ ઝાં જનમ મરણ લહ્યાંજી; ॥ ૧ ॥

પાંસઠ હો જિન, પાંસઠ સહસ પંચ શત્ત,
છત્રીશ હો ભવ, છત્રીશ એક મુહૂરતે કર્યાંજી,
દ્રવ્ય હો જિન, દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ,
પુદ્ગલ હો ક્રમ, પુદ્ગલ પરાવર્તન ફર્યાંજી, ॥ ૨ ॥

છાંસઠ હો જિન, છાંસઠ સહસ ઓગણીશ,
લાખ હો જિન, લાખ એંસી અધિકેરડાજી;
એક હો જિન, એક દિવસમાં એમ,
જીવ હો જિન. જીવ કરે ભવ ફેરડાંજી; ॥ ૩ ॥

ચાર હો જિન, ચાર શત્ત પંચ કોડ;
લાખ હો જિન, લાખ નેવ્યાસી ઉપર લહ્યાંજી;
ક્યાસી હો જિન, ક્યાસી સહસ જિનરાજ;
એક હો જિન, એક માસમાં ભવ તે થયાંજી; ॥ ૪ ॥

ભવમાં હો જિન, ભવમાં ભમતાં જેહ;
દુઃકર હો જિન, દુઃકર નરભવ તે ઠહ્યોજી;
તારો હો જિન, તારો મુજને દેવ;
વિશુદ્ધ હો જિન, વિશુદ્ધ નરભવ મેં લહ્યોજી; ॥ ૫ ॥

નિગોદના ભવવર્ણન સ્તવનનો અર્થ નીચે પ્રમાણે

નિગોદના ભવ ૧ શ્વાસોશ્વાસમાં ૧૭ ભવ ઝાઝેરા

૧ મુહૂર્ત–૪૮ મીનીટમાં ૬૫૫૩૬ ભવ.
૧ દિવસમાં ૧૯૬૬૦૮૦–ભવ.
૧ માસમાં ૫૮૯૮૨૪૦૦–ભવ.
૧ વરસમાં ૭૦૭૭૮૮૮૦૦–ભવ.

શ્રી અનંત વીર્ય જિનસ્તવન

અનંત વિરજ અરિહંત, સુણો મુજ વિનતિ;
અવસર પામી આજ હું, આવ્યો દીલ છતી;
આતમ સત્તા હારી, સંસારે હું ભમ્યો;
મિથ્યા અવિરતિ રંગ, કષાયે બહુ દમ્યો. ॥૧॥

ક્રોધ દાવાનલ દગ્ધ, માનવિષધર ડસ્યો;
માયા જાલે બદ્ધ, લોભઅજગર ગ્રસ્યો;
મન વચ કાયાનાયોગ, ચપળ થયા પરવશા;
પૂદ્ગલ પરિચય પાપ તણી, અહ નિશ દશા. ॥૨॥

કામ રાગે અણનાચ્યો, આંઠપરે ધસ્યો;
સ્નેહ રાગની શાંખે, ભવપિંજર વસ્યો;
દૃષ્ટિ રાગ રૂચિ કાચ, પાસ સમકિત ગણું;
આગમ રિતિનાથ, ન નિરખું નિજપણું ॥૩॥

ધર્મ દેખાડું ભાંડ, ભાંડ પરે અતિ લહું;
અચિરે અચિરે રામ, શુક પરે કહું;
કપટ પટુ નટુવાપરે, મુનિ મુદ્રા ધરૂં,
પંચ વિષય સુખ પોષ, સદોષ વૃત્તિ ભરૂં. ॥૪॥

એક દિનમાં નવવાર, કરેમિ ભંતે કરૂં;
ત્રિવિધ ત્રિવિધ પચ્ચકખાણો, ક્ષણ એક નવિ ઠરૂં.
મા સાહસ અગ રિતિ, નીતિ ઘણી કહું
ઉત્તમ કુલવટ વાટ, ન તે પણ નિર વહું ॥૫॥

દિન દયાળ કૃપાળ, પ્રભુ મહારાજ છો;
જાણુ આગળ શું કહેવું, ગરીબ નિવાજ છો;

પૂરવ ધાતકી ખંડ, વિજય નલિનાવતી;
નયરી અયોધ્યા નાયક, લાયક યતિપતિ. ॥૬॥
મેઘ મહીપ મંગલાવતી, સુતવિજયાવતી;
આનંદ ન ગજ લંછન, જગ જનતા રતિ;
ક્ષમાવિજય જિનરાજ, અપાય નિવારજો;
વિહરમાન ભગવાન, મુ નજરે તારજો. ॥૭॥

શ્રી યુગમંધર જિન સ્તવન

શ્રી યુગમંધરને કે જો, કે દધિસુત વિનતડી સુણજોરે ॥શ્રી યુગ૦॥
કાયા પામી અતિકૂડી, પાંખ નહિ આવું ઉડી;
લબ્ધિ નહિ કોઈ રૂડી રે, શ્રી યુગમંધરને કે જો ॥ ૧ ॥
તુમ સેવામાંહિ સુરકોડી, ઇહાં આવે જો એક દોડી
આશા ફળે પાતક મોડીરે, શ્રીયુગમંધરને કે જો ॥ ૨ ॥
દુષમ સમયમાં ઇણે ભરતે, અતિશયનાણી નવિ વરતે
કહીએ કહેા કોણ સાંભળ તેરે, શ્રી યુગમંધરને કે જો ॥ ૩ ॥
શ્રવણાં સુખીઆં તુમ નામે, નયણાં દરિસણ નવિ પામે
એ તો ઝગડાને ઠામેરે, શ્રી યુગમંધરને કે જો ॥ ૪ ॥
ચાર આંગળ અંતર રહેવું, શોકલડીની પેરે દુઃખ સહેવું
પ્રભુ વિના કોણ આગળ કહેવું રે, શ્રીયુગમંધરને કે જો॥૫॥
મહોટા મેળ કરી આપે, મેહુનો તોલ કરી સ્થાપે;
સજ્જન જસ જગમાં વ્યાપેરે, શ્રી યુગમંધરને કે જો ॥ ૬ ॥
મેહુનો જોક મતો થાવે, કેવલ નાણ જુગલ પાવે;
તો સવિ વાત બની આવે રે, શ્રી યુગમંધરને કે જો ॥ ૭ ॥
ગજ લંછન ગજ ગતિ ગામી, વિચરે વપ્રવિજય સ્વામી
નયરી વિજયા ગુણ ધામી રે, શ્રી યુગમંધરને કે જો ॥ ૮ ॥

માતા સુતારાએ જાયેા, સુદ્રઢ નરપતિ કુળ આયેા
પંડિત જિન વિજયે ગાયેારે, શ્રી યુગમંધરને કે જો ॥ ૯ ॥

શ્રી સીમંધર જિન સ્તુતિ

શ્રી સીમંધર દેવ સુહંકર. મુનિમન પંકજ હંસાજી;
કુંથુ અરજિન અંતર જનમ્યા, તિહુઅણુ જસ પરશંસાજી;
સુવ્રત નમિ અંતર વળીદીક્ષા, શિક્ષા જગત નિરાસેજી;
ઉદય પેઢાલજિનાંતરમાં પ્રભુ, જાશે શિવવહુ પાસેજી. ॥ ૧ ॥
બત્રીસ ચઉસઠી ચઉસઠી મળીયા, ઇગસયસદ્ધિકિઝ્ઝિદાજી;
ચઉ અઠઅદ્ધ મળી મધ્યમ કાળે, વીશ જિનેશ્વર દિટ્ઠાજી;
દો ચઉ ચાર જઘન્ય દશ જંણુ, ધાયઇ પુક્ખર મોઝારજી
પૂજે પ્રભુમેા આચારાંગે, પ્રવચન સાર ઉદ્ધારજી; ॥ ૨ ॥
સીમંધર વર કેવળ પામી, જિનપદ ભવણુ નિમિત્તેજી
અર્થની દેશના વસ્તુ નિવેશન, દેતાં સુણુત વિનીતેજી,
દ્વાદશ અંગ પૂરવ યુત રચિયાં, ગણધર લબ્ધિ વિકસિયાજી;
અપજજ વસિય જિનાગમવંદો, અક્ષય પદના રસિયાજી ॥ ૩ ॥
આણા રંગી સમકિત સંગી, વિવિધ ભંગી વ્રત ધારીજી
ચઉવિહસંઘ તીરથ રખવાળી, સહુ ઉપદ્રવ હરનારીજી.
પંચાંગુલી સૂરી શાસન દેવી, દેતી તસ જસ ઋદ્ધિજી;
શ્રી શુભવીર કહે શીવ સાધન, કાર્ય સકળમાં સિદ્ધિજી. ॥ ૪ ॥

બીજની સ્તુતિ

જંબૂદ્વિપે અહેા નિશદીપે, દોય સૂર્ય દોય ચંદાજી;
તાસ વિમાને શ્રી ઋષભાદિક, શાશ્વતા શ્રી જિન ચંદાજી;
તેહ ભણી ઉગતે શશી નીરખી, પ્રભુમેં ભવિજન ચંદાજી;
બીજ આરાધે ધર્મની બીજે, પૂજિ શાંતિ જિણુંદાજી; ॥ ૧ ॥

દ્રવ્ય ભાવ દોય લેદે પૂજો, ચોવીશે જિન ચંદાજી;
બંધન દોયને દૂર કરીને, પામ્યા પરમાનંદાજી;
દુષ્ટ ધ્યાન દોય મત્ત મતંગજ, લેદન મત્ત મયંદાજી;
બીજ તણે દિન જે આરાધે, જેમ જગ મહા ચિરનંદાજી ॥ ૨ ॥
દ્વિવિધ ધર્મ જિનરાજ પ્રકાશે, સમવસરણ મંડાણુજી;
નિશ્ચયને વ્યવહાર બેહું શું, આગમ મધુરો વાણુજી;
નરક તિર્યંચ ગતિ દોય ન હોવે, બીજને જે આરાધે જી;
દ્વિવિધ દયા તસ થાવર કેરી, કરતાં શીવસુખ સાધેજી. ॥ ૩ ॥
બીજ વદન પર ભૂષણ ભૂષિત, દીપે નિલવહ ચંદાજી;
ગરૂડ જક્ષ નારી સુખકારી, નિર્વાણી સુખકંદાજી;
બીજ તણો તપ કરતાં ભવિને, સમકિત સાનિધ્ય કારીજી;
ધીરવિમલ શિષ્ય કહેઠણુવિધ શીખ, સંઘનાવિઘ્ન નિવારીજી ॥૪॥

શ્રી સીમંધર જિન સ્તુતિ

શ્રી સીમંધર જિનવર, સુખકર સાહિબ દેવ,
અરિહંત સકળની, ભાવધરી કરૂં સેવ;
સકલાગમ ધારગ, ગણુધર ભાષિત વાણી,
જયવંતી આણુ, જ્ઞાન વિમલ ગુણખાણી. ॥ ૧ ॥

બીજનાં ચૈત્યવંદનો

૧

દ્વિવિધ ધર્મ જીણે ઉપદિશ્યો, ચોથા અભિનંદન;
બીજે જનમ્યા તે પ્રભુ, ભવદુઃખ નિકંદન. ॥ ૧ ॥
દ્વિવિધ ધ્યાન તુમે પરિહરો, આદરો દોય ધ્યાન;
ઇમ પ્રકાશ્યું સુમતિજિને, તે ચવિયા બીજ દિન. ॥ ૨ ॥

હોય બંધન રાગ દ્વેષ, તેહને ભવિ તજીએ;
મુજ પરે શિતલ જિન કહે, બીજ દિન થિર ભજીએ. ॥ ૩ ॥

જીવાજીવ પદાર્થનું, કરે નાણ સુજાણ;
બીજ દિને વાસુપૂજ્ય પરે, લહે કેવલ નાણ. ॥ ૪ ॥

નિશ્ચય નય વ્યવહાર હોય, એકાંતે ન ગ્રહીએ;
અરજિન બીજ દિને ચવિ, એમજિન આગલ કહીએ; ॥ ૫ ॥

વર્તમાન ચોવીશીએ, એમ જિન કલ્યાણ;
બીજ દિને કેઈ પામીયા, પ્રભુ નાણ નિર્વાણ. ॥ ૬ ॥

એમ અનંત ચોવીશીએ. હુઆ બહુ કલ્યાણ;
જિન ઉત્તમ પદ પદ્મમને, નમતાં હોય સુખખાણ. ॥ ૭ ॥

૨

ચોવીશમા જિન રાજજી, ચંપાપુરી આવે;
બોંતેર સહસ અણગારના, સ્વામી તેહ કહાવે. ॥ ૧ ॥
અઢી કોશ ઉંચો સહી, સમવસરણ વિરચાવે,
ત્રિભુવનપતિ ગુરૂ તેહમાં, ઉપદેશ વરસાવે; ॥ ૨ ॥
જિત શત્રુ રાજા તિહાં, પ્રભુને વંદન આવે;
તે પણ સમસરણ માંહી, બેસી હરષિત થાવે, ॥ ૩ ॥
ભવિકજીવ તારણ ભણી, ગૌતમ પૂછે જિનને;
બીજ તીથિ મહિમા કહો, સંશય હરણ પ્રભુ અમને. ॥ ૪ ॥
તવ પ્રભુ પર્ષદા આગલે, બીજનો મહિમા ભાખે;
પંચ કલ્યાણક જિન તણાં, તે સહુ સંઘની સાખે. ॥ ૫ ॥
બીજે અજિત જનમીઆ, બીજે સુમતિ ચ્યવન
બીજે વાસુપૂજ્યજી, લહ્યું કેવલજ્ઞાન. ॥ ૬ ॥

દશમા શિતલ નાથજી, બીજે શિવ પામ્યા
સાતમા ચક્રી અરજિન, જન્મ્યા ગુણ ધામ. ॥ ૭ ॥
જે પાંચે જિન સમરતાંએ, ભવિ પામે દોય ધર્મ;
સર્વવિરતિ અને દેશવિરતિ, ટાળે પાતિક મર્મ. ॥ ૮ ॥
વીર કહે દ્વિતીયા તીથી, તે કારણ તમે પાળો;
ચંદ્રકેતુ રાજા પરે, આતમ અજવાળો. ॥ ૯ ॥
તે સાંભળી બહુ આદરે, પ્રાણી બીજ તીથી સાર
તે આરાધતાં કેઇનાં, થયા આતમ ઉદ્ધાર. ॥ ૧૦ ॥
ચઉ વિહાર ઉપવાસ કરી, બીજ આરાધો વિવેક;
નયસાગર કહેવીર જિન, દો મુજને શિવ એક. ॥ ૧૧ ॥

બીજનું સ્તવન

પ્રણમી શારદ માય, શાસન વીર સુહંકરુજી;
બીજ તીથી ગુણ ગેહ, આદરો ભવિયણ સુંદરૂજી. ॥ ૧ ॥
જેહ દિન પંચ કલ્યાણ, વિવરીને કહું તે સુણજોજી;
મહા શુદી બીજે જાણ, જન્મ અભિનંદન તણોજી; ॥ ૨ ॥
શ્રાવણ શુદીની હો બીજ, સુમતિ ચવ્યા સુરલોકથીજી;
તારણ ભવો દધિ તેહ, તસ પદ સેવે સુરશેકથીજી ॥ ૩ ॥
સમેત શીખર શુભ સ્થાન, દશમા શિતલ જિન ગણુંજી;
ચૈત્ર વદિની હો બીજ, વર્યા મુક્તિ તસ સુખ ઘણુંજી. ॥ ૪ ॥
ફાલ્ગુન માસની બીજ, ઉત્તમ ઉજ્વલ માસનીજી;
અરનાથ તસ ચ્યવન, કર્મ ક્ષય તવ પાસનીજી ॥ ૫ ॥
ઉત્તમ માધજ માસ, શુદિ બીજે વાસુપૂજ્યનોજી;
જેહીજ દિન કેવળનાણ, શરણ કરો જિનરાજનોજી. ॥ ૬ ॥

કરણી રૂપ કરો ખેત, સમકિત બીજ રોપો તિહાંજી
ખાતર ક્રીરીયા હો જાણ, ખેહ સમતા કરી જિહાંજી; ॥ ૭ ॥
ઉપશમ તદ્રુપ નીર, સમકિત છોડ પ્રગટ હોવેજી;
સંતોષ કેરી અહોવાડ,
પચ્ચક્ખાણ વ્રત ચોકી સોહેજી. ॥ ૮ ॥
નાસે કર્મ રિપુ ચાર, સમકિત વૃક્ષ ફળ્યો તિહાંજી
માંજર અનુભવ રૂપ, ઉતરે ચારિત્ર ફળ જિહાંજી, ॥ ૯ ॥
શાંતિ સુધારસ સવારિ, પાન કરી સુખ લીજીએજી;
તંબોલસમ લ્યો સ્વાદ,
જીવને સંતોષ રસ દીજીએજી ॥ ૧૦ ॥
બીજ કરો બાવીશ માસ, ઉત્કૃષ્ટા બાવીશ વરસનીજી;
ચોવીહાર ઉપવાસ,
પાળીએ શીળ વસુધાસનીજી. ॥ ૧૧ ॥
આવશ્યક હોય વાર, પડિલેહણ હોય લીજીએજી;
દેવવંદન ત્રણ કાળ,
મન વચ કાયાએ કીજીએજી. ॥ ૧૨ ॥
ઉજમણું શુભ ચિત્ત, કરી ધરીએ સંજોગથીજી;
જિન વાણી રસ એમ, પીજીએ સુત ઉપયોગથીજી ॥ ૧૩ ॥
ઇણ વિધ કરી હો બીજ, રાગને દ્વેષ દૂરે કરીજી
કેવળ પદ લહી તાસ, વરે મુક્તિ ઉલટ ધરીજી.
જિન પૂજા ગુરૂ ભક્તિ, વિનય કરી સેવો સદાજી;
પદ્મવિજય સુશિષ્ય
ભક્તિપામે સુખ સંપદાજી. ॥ ૧૫ ॥

બીજ તીથીનું સ્તવન

" દોહા "

સરસ વચન રસ વરસતી, સરસ્વતી કળા ભંડાર;
બીજ તણો મહીમા કહું, જિમ કહ્યો શાસ્ત્ર મોઝાર; ॥ ૧ ॥
જંબુદ્વીપના ભરતમાં, રાજગૃહી નયરી ઉદ્યાન;
વીર જિણંદ સમોસર્યા, વાંદવા આવ્યા રાજન; ॥ ૨ ॥
શ્રેણીક નામે ભૂપતી, બેઠા બેસણ ઠાય;
પૂછે શ્રી જીન રાયને, દો ઉપદેશ મહારાય; ॥ ૩ ॥
ત્રિગડે બેઠા ત્રિભુવન પતિ, દેશના દીયે જીન રાય;
કમળ સુકોમળ પાંખડી, એમ જીન હૃદય સોહાય; ॥ ૪ ॥
શશિ પ્રગટે જિમ તે દીને, ધન્ય તે દીન સુવિહાણ;
એક મને આરાધતાં, પામે પદ નિર્વાણ; ॥ ૫ ॥

ઢાલ ૧ લી

કલ્યાણક જિનનાં કહું, સુણ પ્રાણીજી રે;
અભિનંદન અરિહંત ભગવંત, ભવી પ્રાણીજી રે;
માઘ સુદી બીજને દીને; ॥ સુણ૦ ॥
પામ્યા શિવ સુખ સાર, હરખ અપાર, ભવી પ્રાણીજી રે; ॥૧॥
વાસુપૂજ્ય જિન બારમા ॥ સુણ૦ ॥ એહજ તીથે થયું નાણ;
સફળ વિહાણ, ॥ ભવી૦ ॥ અષ્ટ કર્મ ચૂરણ કરી ॥ સુણ૦ ॥
અવગાહન એક વાર, મુક્તિ મોઝાર, ॥ ભવી૦ ॥ ૨ ॥
અરનાથ જિનજી નમું, ॥ સુણ૦ ॥ અષ્ટાદશમાં અરિહંત
ભગવંત, ॥ ભવી૦ ॥ ઉજ્જવલ તિથી ફાગણ ભલી ॥ સુણ૦ ॥
વરીઆ શિવ વધુ સાર, સુંદર નાર; ॥ ભવી૦ ॥ ૩ ॥

દશમા તળ જીનેશ્વરૂ, ॥ સુણુ૦ ॥
પરમ પદની એ વેલ ગુણની ગેલ; ॥ ભવી૦ ॥
વૈશાખ વદી બીજને દીને, ॥ સુણુ૦ ॥ મૂક્યો સરવે એ સાથ;
સુરનર નાથ, ॥ ભવી૦ ॥ ૪ ॥
શ્રાવણ સુદની બીજ ભલી; ॥ સુણુ૦ ॥
સુમતિ નાથ જિન દેવ સારસેવ; ॥ ભવી૦ ॥
એણી તીથીએ જિનજી તણા; ॥ સુણુ૦ ॥ કલ્યાણક પંચ સાર
ભવનો પાર; ॥ ભવી૦ ॥ ૫ ॥

ઢાલ ૨ જી

જગપતિ જિન ચોવીશમોરે લાલ,
એ ભાખ્યો અધિકાર રે. ભવિકજન;
શ્રેણીક આદે સહુ મલ્યા રે લાલ,
શક્તિ તણે અનુસારે રે;
ભવિકજન ભાવ ધરીને સાંભળો રે લાલ,
આરાધો ધરી ખંત રે, ॥ ભવિકજન૦ ભાવ૦ ॥ ૧ ॥
દોય વરસ દોય માસની રે લાલ,
આરાધો ધરી હેત રે; ॥ ભવિક૦ ॥
ઉજમણું વિધિશું કરો રે લાલ,
બીજ તે મુક્તિ સંકેતે રે; ॥ ભવિક૦ ભાવ૦ ॥ ૨ ॥
માર્ગ મિથ્યા દૂરે તજે રે લાલ,
આરાધો ગુણ ચોક રે; ॥ ભવિક૦ ॥
વીરની વાણી સાંભળી રે લાલ,
ઉછરંગ થયા બહુ લોક રે; ॥ ભવિક૦ ભાવ૦ ॥ ૩ ॥

એણીબીને કેઈ તર્યા રે લાલ,
વળી તરશે કેઈ સેસ રે; ॥ ભવિક૦ ॥
શશિ નિધિ અનુમાનથી રે લાલ,
સઈલા નાગધર એષ રે; ॥ ભવિક૦ ભાવ૦ ॥ ૪ ॥
અશાડ શુદ્ધી દશમી દીને રે લાલ,
એ ગાયો સ્તવન રસાલ; ॥ ભવિક૦ ॥
નવલ વિજય સુપસાયથી રે લાલ, ચતુરને મંગલ માલ રે;
॥ ભવિકજન ભાવ. ધરીને સાંભળો રે લાલ.
આરાધો ધરી ખંત રે;
ભવિકજન. ભાવ ધરીને સાંભળો રે લાલ. ॥ ૫ ॥

કળશ.

ઇમ વીર જિનવર, સયલ સુખકર;
ગાયો અતિ ઉલટ ભરે, અશાડ ઉજવલ દશમી દીવસે;
સંવત અઢાર અટ્ઠોત્તરે, બીજ મહીમા એમ વર્ણવ્યો
રહી સિદ્ધપુર ચોમાસ એ, જેહ ભવિક ભાવે ભણે ગુણે,
તસ ઘરે લીલ વિલાસ એ; ॥ ૧ ॥

બીજની સ્તુતિ

૧

અજવાળી બીજ સોહાવે રે, ચંદારૂપ અનુપમ ભાવે રે.
ચંદા વિનતડી ચિત્ત ધરજો રે, સીમંધરને વંદણા કહેજો રે. ॥૧॥
વીશ વિહરમાન જિનને વંદું રે, જિન શાસન પૂજી આણંદું રે;
ચંદા જેટલું કામજ કરજો રે, સીમંધરને વંદણા કહેજો રે; ॥૨॥

સીમંધર જિનની વાણી રે, તે તો અમિય યાન સમાણીરે;
ચંદા તુમે સુણી અમને સુણાવોરે,
ભવ સંચિત પાપ ગમાવો રે ॥૩॥
સીમંધર જિનની સેવા રે, તે તો શાસન ભાસન મેવા. રે.
ચંદા હોજો સંઘના ત્રાતારે, ગજ લંછન ચંદ્ર વિખ્યાતારે;॥૪॥

૨

પૂર્વ દિશિ ઉત્તર દિશિ વચમાં, ઇશાન ખુણો અભિરામજી;
તિહાં પુષ્કલવઇ વિજયા પુઠરિમિણિ, નયરી ઉત્તમ ઠામજી;
શ્રી સીમંધર જિન સંપ્રતિ કેવલી, વિચરંતા જગ જયકારીજી
બીજ તણે દિન ચંદ્રને વિનવું, વંદના કહેજો અમારીજી ॥૧॥
જંબુદ્વિપમાં ચાર જિનેશ્વર, ધાતકી ખંડે આઠજી,
પુષ્કર અરધે આઠમનોહર;
એહવો સિદ્ધાંતે પાઠજી, પંચમહાવિદેહ થઇને
વિરહમાન જીન વિશજી,
જે આરાધે બિજ તપ સાધે, તસ મન હુઇ જગીસજી ॥૨॥
સમવસરણે બેસીને વખાણી, સુણો ઇંદ્ર ઇંદ્રાણીજી,
શ્રી સીમંધરજિન પ્રમુખની વાણી, મુજ મન શ્રવણે સુહાણીજી
જે નરનારી સમકીત ધારી, એ વાણી ચિત્ત ધરશેજી;
બીજ તણો મહિમા સાંભળતાં, કેવલ કલા વરશેજી. ॥૩॥
વિહરમાન જિન સેવા કારી, શાસન દેવી સારીજી,
સકલ સંઘને આનંદકારી, વાંછિત ફલ દાતારીજી,
બીજ તણો તપ જે નર કરશે, તેહની તું રક્ષાવાલીજી
વીરસાગર કહે સરસ્વતી માતા, દીએ મુજ વાણી રસાલજી ॥૪॥

શ્રી બીજ તિથિની સજ્ઝાય. (૧)

બીજ તણે દિન ભાખ્યુરે, દ્વિવીધ ધર્મ પ્રકાર;
પંચ મહાવ્રત સાધુનેરે, શ્રાવકને વ્રત બારરે
પ્રાણી ધર્મ કરો સહુ કોઈ. ॥ ૧ ॥

પ્રાણાતિપાત વ્રત જે કહ્યુંરે, જીવજીવ તે જાણ;
બીજુ મૃષાવાદ જાણીએરે,
મોટું તેહ વખાણુ રે; ॥ પ્રાણી૦ ॥ ૨ ॥

અજીવ ત્રીજું વળીરે, નામે અદત્તાદાન;
ચોથું વ્રત ઘણું પાળતાંરે, જગમાં વાધે માનરે. ॥ પ્રાણી૦ ॥૩॥

નવવિધ પરિગ્રહ છાંડતાંરે, પંચમિ ગતિ સુઠામ;
વ્રત સુધાં એ પાળતાંરે, અણુગારી કહ્યો નામરે॥ પ્રાણી૦ ॥૪॥

પાંચે વ્રત પાળે સદારે, સાધુના એ આચાર;
પડિક્કમણું બેહ ટંકનાંરે, રાખે ધર્મશું પ્યારરે. ॥ પ્રાણી૦ ॥૫॥

એહવા વ્રત પાળો સદારે, ગ્રંથ તણે અનુસાર;
આરાધક એહનો કહયેારે, તે પામે ભવ પારરે. ॥ પ્રાણી૦ ॥૬॥

મિથ્યાત્વમાં ભૂલો ભમ્યોરે,એહ અનાદિનો જીવ;
સાર ધર્મ નવિ ઓળખ્યોરે, જેહથી મોક્ષ સદીવરે. ॥ પ્રાણી૦ ॥૭॥

આરંભ છાંડી આતમારે, કરો સુમતિ ધરો નિત.
આઠે મદ દૂરે તજીરે, કરો ધર્મ સુવિનિતરે. ॥ પ્રાણી૦ ॥ ૮ ॥

પાળો જિનની આણુનેરે, જો ચાહો શિવરાજ;
શ્રી વિજયરત્ન સુરીંદનારે, દેવના સર્યાં સવિ કાજરે;
પ્રાણી ધર્મ કરો સહુ કોઈ. ॥ ૯ ॥

બીજી ભાવનાની સજઝાય.

દોહા

પલપલ છીજે આઉખું, અંજલિજળ જ્યું એહ.
ચલતે સાથે સંબલો, લેઈ થકે તો લે; ॥ ૧ ॥
લે અચિન્ત્ય ઝળશું ગ્રહી, સમય શિંચાણો આવી;
શરણ નહિ જિન વયણ વીણ, તેણે હવે અશરણ ભાવી; ॥ ૨ ॥

ઢાળ બીજી

બીજી અશરણ ભાવના, ભાવો રહસ્ય મોઝારરે;
ધર્મ વીના પરભવ જતાં, પાયે મન લહીશ પારરે;
જાઇશ નરક દુવારરે, તિહાં તુજ કવણ આધારરે;
લાલ સુરંગારે પ્રાણીઆ. ॥ ૧ ॥
મૂકને મોહ જંજાળરે, મિથ્યા મતિ સવિટાળરે;
માયા આળ પંપાળરે. લાલ૦ ॥ ૨ ॥
માત પિતા સુત કામીની, ભાઇ ભયણિ સહાયરે;
મેં મેં કરતાંરે અજપરે, કર્મે ગ્રહ્યો જીવ જાયરે;
તિહાં આડો કો નવિ થાયરે,
દુઃખ ન લીયે વહેંચાયરે; ॥ લા૦ ॥ ॥ ૩ ॥
નંદની સોવન ડુંગરી, આખર નાવિકો દાજરે;
ઋદ્ધી મુભૂમ તે જલધિમાં, હાર્યો ષટ્ ખંડ રાજરે;
મૂઓ ચરમ જહાજરે, દેવ ગયા સવિ ભાજરે;
લોલે ગઇ તસ લાજરે. ॥ લા૦ ॥ ૪ ॥
દ્વિપાયન દહી દ્વારિકા, બલવંત જોવિંદ રામરે;
રાખી ન શક્યા રે રાજવી, માત પિતા સુત ધામરે;

તિહાં રાખ્યાં જિન નામરે, શરણ કિયો નેમી સ્વામરે;
વ્રત લેઈ અભિરામરે,
પહોંતા શિવપુર ઠામરે; ॥ લા. ॥ ૫ ॥
નિત્ય મિત્ર સમ દેહડી, સયણાં પર્વ સહાયરે;
જિનવર ધર્મ ઉગારશે, જિમ તે વંદનિક ભાયરે;
રાખે મંત્રી ઉપાયરે, સંતોષ્યો વળી રાયરે;
ટાળ્યા તેહના અપાયરે. ॥ લા૦ ॥ ૬ ॥
જનમ જરા મરણાદિકા, વેરી લાગ્યા છે કેડરે;
અરિહંત શરણ તું આદરી, ભવ ભ્રમણ દુઃખ કેડરે;
શિવ સુંદરી વર તેડરે, નેહ નવલ રસ રેડરે;
સિંચ સુકૃત સુર પેડરે, લાલ સુરંગારે પ્રાણીઆ. ॥ ૭ ॥

શ્રી બીજીદ્રષ્ટીની સજઝાય.

દર્શન તારા દ્રષ્ટિમાં મન મોહન મેરે,
ગોમય અગ્નિ સમાન; ॥ મન૦ ॥
શૌચ સંતોષને તપ ભલા ॥ મન૦ ॥
સજઝાય ઈશ્વર ધ્યાન; ॥ મન૦ ॥ ૧ ॥
નિયમ પંચ ઈહાં સંપજે ॥ મન૦ ॥
નહીં ક્રિયા ઉદ્વેગ; ॥ મન૦ ॥
જિજ્ઞાસા ગુણ તત્વની, ॥ મન૦ ॥
પણ નહિં નીજ હઠ ટેક; ॥ મન૦ ॥ ૨ ॥
એહ દ્રષ્ટિ હોય વરતતાં, ॥ મન૦ ॥
યોગ કથા બહુ પ્રેમ; ॥ મન૦ ॥
અનુચિત તેહ ન આચરે, ॥ મન૦ ॥
વાધ્યો વળે જેમ હેમ; ॥ મન૦ ॥ ૩ ॥

વિનય અધિક ગુણીનો કરે, ॥ મન૦. ॥
દેખે નિજગુણ હાણ; ॥ મન૦ ॥

ત્રાસ ધરે ભવ ભય થકી, ॥ મન૦ ॥
ભવમાને દુઃખ ખાણ; ॥ મન૦ ॥ ૪ ॥

શાસ્ત્ર ઘણા મતિ થોડલી, ॥ મન૦ ॥
શિષ્ટ કહે તે પ્રમાણ; ॥ મન૦ ॥

સુયશ લહે એ ભાવથી ॥ મન૦ ॥
ન કરે જૂઠ ડફાણ; મનમોહન મેરે. ॥ ૫ ॥

બીજા મૃષાવાદ પાપસ્થાનકની સજઝાય.

બીજું પાપનું સ્થાન, મૃષાવાદ દુર્ધ્યાન;
આજ હો છંડોરે ભવિ, મંડો ધર્મશું પ્રીતડીજી. ॥ ૧ ॥

વેર ખેદ અવિશ્વાસ, એહથી દોષ અભ્યાસ;
આજ હો થાયેરે નવિજાયે, વ્યાધિ અપથ્યથીજી. ॥ ૨ ॥

રહેવું કાલિકસૂરિ, પરિજન વચન તે ભૂરિ;
આજ હો સહેવુંરે નવિ કહેવું, જૂઠ ભયાદિકે જી ॥ ૩ ॥

આસન ધરત આકાશ, વસુ નૃપ હુઓ સુપ્રકાશ;
આજ હો જુઠેરે સુર રૂઠે, ઘાલ્યો રસા તલેજી. ॥ ૪ ॥

જે સત્ય વ્રત ધરે ચિત્ત, તે હોય જગમાં પવિત્ત;
આજ હો તેહને રે નવિ ભય, સુર વ્યંતર યક્ષથીજી. ॥ ૫ ॥

જે નવિ ભાખે અલિક, બોલે હોવું ઠીક;
આજ હો ટેકે રે સુવિવેકે, સુયશ તે સુખવરેજી. ॥ ૬ ॥

બીજા મહાવ્રતની સજ્ઝાય.

અસત્ય વચન મુખથી નવિ બોલીએ, જિમ નાવેરે સંતાપ;
મહાવ્રત બીજેરે જિનવર ઇમ ભણે,
મૃષા સમો નહિ પાપ. ॥ અસત્ય૦ ॥ ૧ ॥
આરા જલથી તૃપ્તિ નવિ પામીએ, તિમ ખોટાની રે વાત;
સુણતાં સાતારે કિમહી ન ઉપજે,
વળી હોય ધર્મનો ઘાત. ॥ અસત્ય૦ ॥ ૨ ॥
અસત્ય વચનથીરે વૈર પરંપરા, કોય ન કરે વિશ્વાસ;
સાચા માણસ સાથે ગોઠડી,
મુજ મન કરવાની આશ. ॥ અસત્ય૦ ॥ ૩ ॥
સાચા નરને સહુ આદર કરે, લોક ભણે જશવાદ;
ખોટા માણસ સાથે ગોઠડી,
પગ પગ હોએ વિખવાદ; ॥ અસત્ય૦ ॥ ૪ ॥
પાળી ન શકેરે ધર્મ વિતરાગનો, કર્મ તણે અનુસાર;
કાન્તિવિજય કહે તેહ પ્રશંસીએ,
કહે જે શુદ્ધ આચાર. ॥ અસત્ય૦ ॥ ૫ ॥

દસવૈકાલીકની સજ્ઝાય બીજી

૧

નમવા નેમી જિણંદને, રાજુલ રૂડી નાર રે
શીલ સુરંગી સંચરે, ગોરી ગઢ ગિરનાર રે ॥ ૧ ॥
શિખ સુહામણી મન ધરો, એ આંકણી
તુમે નિરૂપમ નિર્ગ્રંથરે, સવિ અભિલાષા તજી કરી
પાલો સંયમ પંથરે. શીખ૦ ॥ ૨ ॥

પાઉસ ભીની પદ્મિની, ગઇ તે ગુફામાંહિ તેમરે,
ચતુરા ચીર નિચોવતી, દીઠી રુષિ રહનેમરે. શીખ૦ ॥ ૩ ॥

ચિત્ત ચલે ચારિત્રિયો, વયણ વદે તવ એમરે.
મુખ જોઝવીયે સુંદરી, આપણે પૂરણ પ્રેમરે. શીખ૦ ॥ ૪ ॥

તવ રાયજાદી એમ ભણે, ભૂંડા એમ શું ભાખેરે.
વયણ વિરૂદ્ધ એ બોલતાં, કાંઇ કુલ લાજ ન રાખેરે. શીખ૦ ॥૫॥

હું પુત્રી ઉગ્રસેનની, અને તું યાદવકુલ જાયેરે.
એ નિર્મલ કુલ આપણાં,
તો કેમ અકારજ થાયેરે. શીખ૦ ॥ ૬ ॥

ચિત્ત ચલાવીશ એણિપરે. નિરખીશ જો તું નારીરે,
તો પવના હત તરૂપરે, થાઈશ અથિર નિરધારીરે; શીખ૦ ॥ ૭॥

ભોગ ભલા જે પરહર્યા, તે વલી વાંછે જેહરે.
વમન ભક્ષી કુતર સમો, કહીયે કુકર્મી તેહરે. શીખ૦ ॥ ૮ ॥

સરપ અગંધક કુલતણા, કરે અગ્નિ પ્રવેશરે.
પણ વમિયું વિષ નવિ લિયે
જુઓ જાતિ વિશેષરે. શીખ૦ ॥ ૯ ॥

તિમ ઉત્તમ કુલ ઉપના, છોડી ભોગ સંજોગરે
ફરી તેહને વાંછે નહિ, હુવે જો પ્રાણ વિયોગ રે. શીખ૦ ॥૧૦॥

ચારિત્ર કિમ પાલી શકે, જો નવિ જાયે અભિલાષરે,
મોહાતો સંકલ્પથી, પગ પગ
ધર્મ જિન ભાંખરે. શીખ૦ ॥ ૧૧ ॥

જો કણ કંચન કામિની, ઇચ્છતા અને ભોગવતારે;
ત્યાગી ન કહીયે તેહને, જો મનમે શ્રી જોગવતારે. શીખ૦ ॥૧૨॥

ભોગ સંયોગ ભલાલહી, પરહરે જેહ નિરીહરે.
ત્યાગી તેહજ ભાંખિયેા, તસ પદનમું નિશદીશ રે. શીખ૦ ॥૧૩॥

એમ ઉપદેશને અંકુશે, મયગલ પરે મનુ રાખેરે,
સંયમ મારગ સ્થિર કર્યો, સારયું વંછિત કાજેરે. શીખ૦ ॥૧૪॥

એ બીજા અધ્યયનમાં, ગુરૂહિત શીખ પ્યાસેરે.
લાભ વિજય કવિરાયનેા વૃદ્ધિ વિજય એમ ભાસેરે. શીખ૦ ॥૧૫॥

પાંચ મહાવ્રતની પચીસ ભાવનામાં
બીજા મહાવ્રતની સજ્ઝાય.

મહાવ્રત બીજું આદરેા મુનિરાયા રે,
જંપે શ્રી વર્ધમાન ભવદુઃખ જાયારે;
અલિક વચન નવિ બેાલવું, મુનિ૦
છાંડેા મૃષાવાદ મન વચ કાયા રે; ॥ ૧ ॥

ભાવના પંચ છે તેહની, મુનિ૦
જુએા હૃદય બેાજાર જેમ સુખ થાયા રે;
અણુવિચાર્યું ન બેાલવું, મુનિ૦
મૃષા ભાષા હેાય દુઃખ ઉપાયા રે; ॥ ૨ ॥

ક્રોધે કરીને બેાલતાં, મુનિ૦
વ્રતને લાગે દેાષ પાપ પેાષ થાયા રે;
હેાલે જુઠું બેાલતાં, મુનિ૦
ધર્મની થાયે હાણ કીર્તિ જાયા રે; ॥૩॥

ભય મનમાં આણી કરી, મુનિ૦
જુઠ ન બેાલેા કેાય દુર્ગતિ જાયા રે;

હાંસી ફરસી જાણીએ, મુનિ૦
ટાલો તેહનો દોષ વ્રત ન પલાયરે; ॥૪॥
એણિ પેરે ભાવના ભાવતો, મુનિ૦
પામે ભવનો પાર વંદુ પાયા રે;
શ્રી ગુરૂ ખીમાવિજય તણો, મુનિ૦
મહિમા મહિમા સાર જગજસ ગાયારે; ॥૫॥

શ્રી જ્ઞાનપંચમીનાં ચૈત્યવંદનો.

૧

ત્રિગડે બીઠા વીરજિન, ભાખે ભવિજન આગે;
ત્રિકરણશું ત્રિહું લોકજન, નિસુણો મન રાગે. ॥ ૧ ॥
આરાધો બહી ભાતસેં, પાંચમ અજુઆળી;
જ્ઞાન આરાધન કારણે, એહ જ તિથિ નિહાળી. ॥ ૨ ॥
જ્ઞાન વિના પશુ સારિખા, જાણો એણે સંસાર;
જ્ઞાન આરાધનથી લહે, શિવ પદ સુખ શ્રીકાર. ॥ ૩ ॥
જ્ઞાનરહિત ક્રિયા કહી, કાશ કુસુમ ઉપમાન
લોકાલોક પ્રકાશ કર, જ્ઞાન એક પરધાન. ॥ ૪ ॥
જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કરે કર્મનો છેહ;
પૂર્વ કોડી વરસાં લગે, અજ્ઞાની કરે તેહ. ॥ ૫ ॥
દેશ આરાધક ક્રિયા કહી, સર્વ આરાધક જ્ઞાન;
જ્ઞાન તણો મહિમા ઘણો, અંગ પંચમે ભગવાન. ॥ ૬ ॥
પંચમાસ લઘુ પંચમી, જાવજીવ ઉત્કૃષ્ટી;
પંચવરસ પંચ માસની, પંચમી કરો શુભ દૃષ્ટિ. ॥ ૭ ॥

ભેકાવનહિ પંચનોએ, કાઉસગ્ગ લોગસ કેરો
ઉજમણું કરો ભાવશું, ટાળો ભવ ફેરો. ॥ ૮ ॥
એણી પેરે પંચમી આરાહિયે, આણી ભાવ અપાર,
વરદત્ત ગુણમંજરી પરે, રંગવિજય લહો સાર. ॥ ૯ ॥

૨

શ્રી સૌભાગ્ય પંચમી તણો, રાયલ દિવસ શિણગાર
પાંચે જ્ઞાનને પૂજીએ, થાય સફળ અવતાર. ॥ ૧ ॥
સામાયિક પોસહ વિષે, નિરવદ્ય પૂજા વિચાર;
સુગંધ ચૂર્ણાદિક થકી, જ્ઞાન ધ્યાન મનોહર. ॥ ૨ ॥
પૂર્વ દિશી ઉત્તર દિશી, પીઠ રચી ત્રણ સાર;
પંચવર્ણ જિન બિંબને, થાપી જે સુખકાર૦ ॥ ૩ ॥
પંચ પંચ વસ્તુ મેળવી, પૂજા સામગ્રી જોગ;
પંચ વર્ણ કળશા ભરી, હરીએ દુઃખ ઉપસોગ. ॥ ૪ ॥
યથાશક્તિ પૂજા કરો, મતિજ્ઞાનને કાજે;
પંચજ્ઞાનમાં ધૂરે કહ્યું, શ્રી જિનશાસન રાજે. ॥ ૫ ॥
મતિ શ્રુતવિણ હોવે નહિ એ, અવધિ પ્રમુખ મહાજ્ઞાન;
તે માટે મતિ ધૂરે કહ્યું, મતિ શ્રુતમાં મતિમાન. ॥ ૬ ॥
ક્ષય ઉપશમ આવરણનો, લબ્ધિ હોયે સમકાળે;
સ્વામ્યાદિકથી અભેદ છે, પણ મુખ્ય ઉપયોગ કાળે. ॥ ૭ ॥
લક્ષણ ભેદે ભેદ છે, કારણ કારજ યોગ;
મતિ સાધન શ્રત સાધ્ય છે, કંચન કળશ સંયોગ. ॥ ૮ ॥
પરમાતમ પરમેશરૂ એ, સિદ્ધ સકળ ભગવાન;
મતિજ્ઞાન પામી કરી, કેવળ લક્ષ્મી નિધાન. ॥ ૯ ॥

શ્રી જ્ઞાન પંચમીનું સ્તવન

ઢાલ ૧ લી

સુત સિદ્ધારથ ભૂપનોરે, સિદ્ધારથ ભગવાન;
બાર પર્ષદા આગળેરે, ભાખે શ્રી વર્ધમાનો રે;
ભવિયણ ચિત્ત ધરો,
મન વચ કાય અમાયો રે, જ્ઞાન ભક્તિ કરો. ॥ ૧ ॥

ગુણ અનંત આતમ તણા રે, મુખ્યપણે તિહાં દોય;
તેમાં પણ જ્ઞાનજ વડુરે,
જેહથી દંસણ હોય રે. ॥ ભવિ૦ ॥ ૨ ॥

જ્ઞાને ચારિત્ર ગુણ વધેરે, જ્ઞાને ઉદ્યોત સહાય;
જ્ઞાને થિરિર પણું લહેરે,
આચારજ ઉવજઝાયા રે. ॥ ભવિ૦ ॥ ૩ ॥

જ્ઞાની શ્વાસોશ્વાસમાંરે, કઠિણ કરમ કરે નાશ;
વન્હિ જેમ ઈંધણ દહેરે,
ક્ષણમાં જ્યોતિ પ્રકાશોરે. ॥ ભવિ૦ ॥ ૪ ॥

પ્રથમ જ્ઞાન પછે દયારે, સંવર મોહ વિનાશ;
ગુણસ્થાનક પગ થાલીએરે,
જેમ ચઢે મોક્ષ આવાસોરે. ॥ ભવિ૦ ॥ ૫ ॥

મઇ સુઅ ઓહી મણપજ્જવારે, પંચમ કેવલજ્ઞાન
ચઉ મુંગા શ્રુત એક છેરે, સ્વપર પ્રકાશ નિદાનોરે, ॥ભવિ૦॥૬॥

તેહના સાધન જે કહ્યારે, પાટી પુસ્તક આદિ;
લખે લખાવે સાચવેરે, ધર્મીધરી અપ્રમાદો રે ॥ ભવિ૦ ॥ ૭ ॥

ત્રિવિધ આશાતના જે કરે રે, ભણતાં કરે અંતરાય;
અંધા બ્હેરા બોબડા રે, મુગા પાંગુલા થાયરે; ॥ ભવિ૦ ॥ ૮ ॥

ભણતાં ગુણતાં ન આવડે રે, ન મળે વલ્લભ ચીજ;
ગુણમંજરી વરદત્ત પરે રે,
જ્ઞાન વિરાધન બીજ રે; ॥ ભવિ૦ ॥ ૯ ॥

પ્રેમે પૂછે પર્ષદારે, પ્રભુમી જગ ગુરૂ પાસ;
ગુણમંજરી વરદત્તનો રે,
કહેા અધિકાર પસાયેા રે; ॥ ભવિ૦ ॥ ૧૦ ॥

ઢાળ ૨ જી

જંબુદ્વિપના ભરતમાં રે, નયર પદ્મપુર ખાસ;
અજિતસેન રાજા તિહાં રે, રાણી યશોમતિ તાસરે;
પ્રાણી આરાધેા વરજ્ઞાન, એહિજ મુક્તિ નિદાનરે;
પ્રાણી આરાધેા વરજ્ઞાન; ॥ ૧ ॥

વરદત્ત કુંવર તેહનોરે, વિનયાદિક ગુણવંત;
પિતાએ ભણવા મૂકીયેારે,
આઠ વરસ જબ હુંત રે; ॥ પ્રાણી૦ ॥ ૨ ॥

પંડિત યત્ન કરે ઘણેા રે, છાત્ર ભણાવણ હેત;
અક્ષર એક ન આવડે રે,
ગ્રંથતણી શી ચેત રે; ॥ પ્રાણી૦ ॥ ૩ ॥

કોઢે વ્યાપી દેહડી રે, રાજા રાણી સંચિત;
શ્રેષ્ઠી તેહિજ નયરમાં રે,
સિંહદાસ ધનવંત રે; ॥ પ્રાણી૦ ॥ ૪ ॥

કપૂંરતિલકા એહિની રે, શીલે શોભિત અંગ;
ગુણમંજરી તસ એટડી રે,
મુંગી રોગે વ્યંગ રે; ॥ પ્રાણી૦ ॥ ૫ ॥

સોળ વરસની સા થઈ રે, પામી યૌવન વેશ;
દુર્ભગ પણ પરણે નહી રે,
માત પિતા ધરે ખેદ રે; ॥ પ્રાણી૦ ॥ ૬ ॥

તેણે અવસરે ઉદ્યાનમાં રે, વિજયસેન ગણધાર;
જ્ઞાન રયણ રયણાયરૂ રે,
ચરણ કમલ વ્રત ધાર રે; ॥ પ્રાણી૦ ॥ ૭ ॥

વન પાલક ભૂપાલને રે, દીધી વધાઈ જામ;
ચતુરંગી સેના સજી રે, વંદન જાવે તામરે; ॥ પ્રાણી૦ ॥ ૮ ॥

ધર્મ દેશના સાંભલેરે, પુરજન સહિત નરેશ;
વિકસિતનયણ વદન મુદારે,
નહિ પ્રમાદ પ્રવેશ રે; ॥ પ્રાણી૦ ॥ ૯ ॥

જ્ઞાન વિરાધન પરભવે રે, મૂરખ પર આધીન;
રોગે પીડયા ટળવળે રે, દીસે દુઃખીયા દીન રે; ॥ પ્રાણી૦ ॥૧૦॥

જ્ઞાન સાર સંસારમાંરે, જ્ઞાન પરમ સુખ હેત;
જ્ઞાન વિના જગ જીવડારે,
ન લહે તત્ત્વ સંકેત રે; ॥ પ્રાણી૦ ॥ ૧૧ ॥

શ્રેણી પૂછે મુણિંદનેરે, ભાખો કરૂણા વંત;
ગુણમંજરી મુજ અંગજા રે,
કવણ કરમ વિરતંતરે; ॥ પ્રાણી૦ ॥ ૧૨ ॥

ઢાળ ૩ જી

ધાતકી ખંડના ભરતમાં,ખેટક નયર સુઠામ;
વ્યવહારી જિનદેવ છે, ધરણી સુંદરી નામ; ॥ ૧ ॥
અંગજ પાંચ સોહામણા, પુત્રી ચતુરા ચાર;
પંડિત પાસે શિખવા, તાતે મુકયા કુમાર; ॥ ૨ ॥
બાલ સ્વભાવે રમત કરતાં દહાડા જાય;
પંડિત મારે ત્યાહરે, મા આગલ કહે આય; ॥ ૩ ॥
સુંદરી શંખણી શીખવે, ભણવાનું નહિ કામ;
પંડયો આવે તેડવા, તો તસ હણજ્યો તામ; ॥ ૪ ॥
પાટી ખડીયા લેખણા, બાલી કીધાં રાખ;
શઠને વિદ્યા નવિ રૂચે, જેમ કરહાને દ્રાખ; ॥ ૫ ॥
પાઢા પરે મોટા થયા; કન્યા ન દીએ કોય;
શેઠ કહે સુણ સુંદરી, એ તુજ કરણી જોય. ॥ ૬ ॥
ત્રટકી ભાખે ભામીની, બેટા બાપના હોય;
પુત્રી હોયે માતની, જાણે છે સહુ કોય, ॥ ૭ ॥
રે રે પાપીણી સાપીણી, સામા બોલ મ બોલ,
રિસાણી કહે તાહરો, પાપી બાપ નિટોલ. ॥ ૮ ॥
શેઠે મારી સુંદરી, કાલ કરી તતખેવ;
એ તુજ બેટી ઉપની, જ્ઞાન વિરાધન હેવ, ॥ ૯ ॥
મુચ્છાં ગત ગુણમંજરી, જાતિ સ્મરણ પામો;
જ્ઞાન દિવાકર સાચો, ગુરૂને કહે શિર નામી. ॥ ૧૦ ॥
શેઠ કહે સ્વામી સુણો, કેમ જાયે એ રોગ;
ગુરૂ કહે જ્ઞાન આરાધો, સાધો વંછિત યોગ. ॥ ૧૧ ॥

ઉજ્જવલ પંચમી સેવો, પંચ વરસ પંચ માસ;
'નમો નાણસ્સ' ગણણું ગણો, ઓવિહારો ઉપવાસ. ॥ ૧૨ ॥
પુરવ ઉત્તર સનમુખ, જપિયે દોય હજાર;
પુસ્તક આગળ ઢોકીએ, ધાન્ય ફલાદિ ઉદાર. ॥ ૧૩ ॥
દીવો પંચ દીવેટ તણો, સાથીઓ મંગલ ગેહ;
પોસહમાં ન કરી શકે, તેણે વિધિ પારણ એહ. ॥ ૧૪ ॥
અથવા સૌભાગ્ય પંચમી, ઉજ્જવલ કાર્તિક માસ;
જાવજીવ લગે સેવીયે, ઉજમણું વિધિ ખાસ. ॥ ૧૫ ॥

ઢાળ ૪ થી

પાંચપોથી રે, ઠવણીયાઠાં વિટાંગણુ;
ચામખી દોરારે, પાટી પાટલા વરતણાં,
મસીકાગલ રે, કાંબી ખડીઆ લેખિણી;
કવલી ડાબલી રે, ચંદુઆ ઝરમર પુંજણી ॥ ૧ ॥

ત્રુટક

પ્રાસાદ પ્રતિમાતાસ ભૂષણ, કેસર ચંદન ડાબલી;
વામકુંપી વાળાકુંચી, અંગલુહણાં છાબડી;
કલશથાળી મંગલદીવો, આરતિને ધૂપણાં;
ચરવલામુહપત્તિ સાહમિવચ્છલ,
નોકારવાલી સ્થાપના. ॥ ૨ ॥

ઢાળ

જ્ઞાન દરિસણ રે, ચરણના સાધન જે કહ્યાં;
તપ સંયુક્ત રે; ગુણમંજરીએ સદ્દહ્યાં;

નૃપ પુછે રે, વરદત્ત કુંવરને અંગ રે;
રોગ ઉપનો રે, કવણ કરમના ભંગ રે, ॥ ૩ ॥

ત્રુટક

મુનિરાજ ભાખે જંબુદ્વિપે, ભરતસિંહ પુર ગામએ;
વ્યવહારી વસુતાસ નંદન, વસુસાર વસુદેવ નામએ;
વનમાંહે રમતાં દોય બાંધવ, પુણ્ય યોગે ગુરૂ મલ્યા;
વૈરાગ્ય પામી ભોગ વામી,
ધર્મ ધામી સંવર્યા, ॥ ૪ ॥

ઢાળ

લઘુ બાંધવ રે, ગુણવંત ગુરૂ પદવી લહે;
પણસય મુનિને રે, સારણ વારણનિત દીએ;
કર્મયોગે રે, અશુભ ઉદય થયો અન્યદા;
સંથારે રે, પોરસી ભણી પોઢયા યદા ॥ ૫ ॥

ત્રુટક

સર્વઘાતીની દ્રઢ વ્યાપી, સાધુ માગે વાયણા;
ઉંઘમાં અંતરાય થાતાં, સૂરિ હૂઆ દ્રમણાં;
જ્ઞાન ઉપર દ્વેષ જાગ્યો, લાગ્યો મિથ્યાત્વ ભૂતડો;
પુણ્ય અમૃત ઢોળી નાખ્યું, થયો પાપતણો ઘડો. ॥ ૬ ॥

ઢાળ

મનચિંતવે રે, કાં મુજ લાગ્યુ પાપરે;
શ્રુત અભ્યાસો રે, તો એવડો સંતાપરે;
મુજ બાંધવ રે, જોયણ સમણ સુખે કરે;
મુરખના રે, આઠ ગુણમુખ ઉચ્ચરે, ॥ ૭ ॥

ત્રુટક

બાર વરસ કોઈ મુનિને, વાયણા દિધી નહિ;
અશુભ્યાને આયુ પુરી, ભૂપ તુજ નંદન સહી;
જ્ઞાન વિરાધન મૂઢ જડપણું, ઠોઢની વેદના લહી,
વૃદ્ધ બાંધવ માન પરવર, હંસ ગતિપામ્યો સહી, ।। ૮।।

ઢાળ

વરદત્તને રે, જાતિસ્મરણ ઉપન્યું;
ભવદીઠો રે, ગુરૂપ્રણમી કહે શુભ મનો;
ધન્ય ગુરૂજી રે, જ્ઞાન જગત્રય દીવડો;
ગુણ અવગુણ રે, ભાસન જે જગ પરવડો. ।। ૯ ।।

ત્રુટક

જ્ઞાન પાવન સિદ્ધિ સાધન, જ્ઞાન કહો કેમ આવડે;
ગુરૂ કહે તપથી પાપ નાસે, ટાઢ જેમ ઘન તાવડે;
ભુપ પભણે પુત્રને પ્રભુ, તપની શક્તિ ન એવડી;
ગુરૂ કહે પંચમી તપ આરાધો, સંપદાલ્યો એવડી. ।। ૧૦ ।।

જ્ઞાન પંચમી સ્તવન ઢાળ ૫ મી

સદ્‌ગુરૂ વયણ સુધારસેરે, ભેદી સાતે ધાત તપ શું રંગ લાગ્યો,
ગુણમંજરી વરદત્તનોરે,
નાઠો રોગ મિથ્યાત તપ શું રંગ લાગ્યો ।। ૧ ।।
પંચમી તપ મહિમા ઘણોરે, પસર્યો મહીયલમાંહી ।। તપ૦ ।।
કન્યા સહસ્ય સ્વયંવરારે, વરદત્ત પરણ્યો ત્યાંહી ।। તપ૦ ।। ૨।।
ભુપે દીધો પાટવીરે, આપ થયો મુનિ ભુપ ।। તપ૦ ।।
ભીમ કાંત ગુણે કરી રે, વરદત્ત રવિ શશિ રૂપ ।। તપ૦ ।। ૩।।

રાજ રમારમણી તણા રે, ભોગવે ભોગ અસંખ્ય. ॥ તપ૦ ॥
વરસે વરસે ઉજવે રે, પંચમી તેજ પ્રચંડ ॥ તપ૦ ॥ ૪ ॥

ભુક્ત ભોગી થયો સંજમી રે, પાલે વૃત અટકાય; ॥તપ૦॥
ગુણમંજરી જિનચંદ્રને રે, પરણાવે નિજતાય ॥તપ૦॥૫॥

સુખવિલસી થઈ સાધવી રે, વૈજયંતે ઢોય દેવ; ॥તપ૦॥
વરદત્તપણ ઉપનો રે, જિહાં સીમંધર દેવ. ॥ તપ૦ ॥ ૬ ॥

અમરસેન રાજા ઘરે રે, ગુણવંત નારી પેટ; ॥તપ૦॥
લક્ષણ લક્ષિત રાયને રે, પુણ્યે કીધો ભેટ. ॥ તપ૦ ॥ ૭ ॥

શુરસેન રાજા થયો રે, સો કન્યા ભરથાર; ॥ તપ૦ ॥
સીમંધર સ્વામી કનેરે, સુણી પંચમી અધિકાર. ॥તપ૦॥૮॥

તિહાં પણ તે તપ આદર્યું રે, લોક સહિત ભૂપાલ; ॥તપ૦॥
દશ હજાર વરસાં લગે રે, પાલે રાજ્ય ઉદાર. ॥તપ૦॥૯॥

ચાર મહાવ્રત ચોંપશું રે, શ્રી જિનવરની પાસ; ॥ તપ૦ ॥
કેવલધર મુક્તિ ગયોરે, સાદિ અનંત નિવાસ ॥તપ૦॥૧૦॥

રમણિવિજય સુભાપુરી રે, જંબુવિદેહ મોઝાર; ॥ તપ૦ ॥
અમરસિંહ મહીપાલને રે, અમરાવતી ઘરનાર. ॥તપ૦॥૧૧॥

વૈજયંત થકી ચવી રે, ગુણમંજરીનો જીવ; ॥ તપ૦ ॥
માનસરોવર હંસલો રે, નામ ધર્યું સુગ્રીવ. ॥તપ૦॥૧૨॥

વીશે વરસે રાજવી રે, સહસ ચોરાશી પુત્ર; ॥ તપ૦ ॥
લાખ પુરવ સમતા ધરે રે, કેવલ જ્ઞાન પવિત્ર. ॥તપ૦॥૧૩॥

પંચમી તપ મહિમા વિષે રે, ભાખે નિજ અધિકાર ॥તપ૦॥
જેણે જેહથી શિવપદ લહ્યું રે, તેહને તસ ઉપકાર. ॥તપ૦॥૧૪॥

ઢાળ ૬ ઠ્ઠી.

ચોવીશ દંડક વારવા હું વારીલાલ,
ચોવીશમો જિનચંદ રે, હું વારીલાલ;
પ્રગટયો પ્રાણુત સ્વર્ગથી હું વારીલાલ,
ત્રિશલા ઉર સુખકંદરે, હું વારીલાલ;
મહાવીરને કરું વંદણા હું વારીલાલ ॥ ૧ ॥

પંચમી ગતિને સાધવા, હું વારીલાલ,
પંચમ નાણ વિલાસ રે, હું વારીલાલ;
મહાનિશિથ સિદ્ધાંતમાં હું વારીલાલ,
પંચમી તપ પ્રકાશ રે હું વારીલાલ. ॥ ૨ ॥

અપરાધી પણ ઉદ્ધર્યો હું વારીલાલ,
ચંડકોશિયો નાગરે હું વારીલાલ;
યજ્ઞ કરંતા બ્રાંભણાં હું વારીલાલ,
સરખા દીધા આપરે હું વારીલાલ. ॥ ૩ ॥

દેવાનંદા બ્રાહ્મણી, હુંવારીલાલ,
ઋષભદત્તવળી વિપ્રરે, હુંવારીલાલ
બ્યાસી દિવસ સંબંધથી હું વારીલાલ,
ક્ષામિતપુર્યો ક્ષિપ્રરે હુ વારીલાલ. ॥ ૪ ॥

કર્મ રોગને ટાળવા હું વારીલાલ,
સર્વ ઔષધનો જાણુરે હુંવારીલાલ;
આદર્યો મેં આશાધરી હું વારીલાલ,
મુજ ઉપર હિત આણુરે હું વારીલાલ, ॥ ૫ ॥

શ્રી વિજયસિંહ સૂરીશનો હું વારીલાલ;
સત્યવિજય પંન્યાસરે હું વારીલાલ;
શિષ્ય કપુરવિજય કવિ હું વારીલાલ,
ચંદ કિરણ જસ ભાસ રે હું વારીલાલ ॥ ૬ ॥

પાસ પંચાસરા સાનિધ્યે હું વારીલાલ,
ખીમાવિજય ગુરૂ નામરે હું વારીલાલ,
જિનાવજય કહે મુજહલે હું વારીલાલ;
પંચમી તપ પરિણામ રે હું વારીલાલ ॥ ૭॥

ઢાળ ૩

જંમવીરલાયક વિશ્વનાયક, સિદ્ધિ દાયક સંસ્તવ્યો;
પંચમીતપ સંસ્તવન ટોડર, ગુંથીનિજ કંઠે ઠવ્યો.
પુણ્ય પાટણ ક્ષેત્ર માંહે, સત્તરત્રાણું સંવત્સરે;
શ્રીપાર્શ્વ જન્મ કલ્યાણ દિવસે, સકલ ભવિ મંગલકરે;
આવા સકલ ભવિ મંગલ કરે. ॥ ૧ ॥

શ્રી મતિજ્ઞાનનું સ્તવન

પ્રણમો પંચમી દિવસે જ્ઞાનને
ગાજે જગમાં રે જેહ; ॥ સુજ્ઞાની ॥
શુભ ઉપયોગે ક્ષણમાં નિર્જર્ રે,
મિથ્યા સંચિત ખેહ. ॥ સુ૦ ॥ પ્રણ૦ ॥૧॥

સંત પદાર્થિક નવ દ્વારે કરી,
મતિ અનુયોગ પ્રકાશ; ॥ સુ૦ ॥
નય વ્યવહારે આવરણ ક્ષય કરી
અજ્ઞાની જ્ઞાન ઉલ્લાસ ॥ સુ૦ ॥ પ્રણ૦ ॥ ૨ ॥

જ્ઞાની જ્ઞાન લહે નિશ્ચય કહે,
દોનય પ્રભુજીને સત્ય; ॥ સુ૦ ॥
અંતર મુહૂર્ત્ત રહે ઉપયોગથી,
એ સર્વ પ્રાણીને નિત્ય. ॥ સુ૦ ॥ પ્રણુ૦ ॥૩॥

લબ્ધિ અંતરમુહૂર્ત્ત લઘુપણે,
છાસઠ સાગર જિઠ્ઠુ; ॥ સુ૦ ॥
અધિકો નર ભવ બહુ વિધ જીવને,
અંતર કદિયે ન દિઠ્ઠુ; ॥ સુ૦ ॥ પ્રણુ૦ ॥ ૪ ॥

સંપ્રતિ સમયે એક બે પામતાં,
હોય અથવા નવિ હોય; ॥ સુ૦ ॥
ક્ષેત્ર પલ્યોપમ ભાગ અસંખ્યમાં,
પ્રદેશ માને બહુ જોય. ॥ સુ૦ ॥ પ્રણુ૦ ॥ ૫ ॥

મતિજ્ઞાન પામ્યા જીવ અસંખ્ય છે,
કહ્યા પડિવાઇ અનંત; ॥ સુ૦ ॥
સર્વ આશા તન વર જો જ્ઞાનની,
વિજયલક્ષ્મી લહો સંત ॥ સુ૦ ॥ પ્રણુ૦ ॥૬॥

શ્રી શ્રુતજ્ઞાનનું સ્તવન

શ્રી શ્રુત ચઉદ ભેદે કરી, વરણવે શ્રી જિનરાજરે;
ઉપધાનાદિ આચારથી, સેવિયે શ્રુત મહારાજરે;
શ્રુત શું દિલ માન્યો, દિલ માન્યોરે મન માન્યો;
પ્રભુ આગમ સુખકાર રે,
શ્રુત શું દિલ માન્યો. ॥ એ આંકણી ॥ ૧ ॥

એકાદિ અક્ષર સંયોગથી, અસંયોગી અનંતરે;
સ્વપર પર્યાયે એક અક્ષરે,
ગુણ પર્યાયે અનંતરે ।। શ્રુત૦ ।। ૨ ।।
અક્ષરનો અનંતમો, ભાગ ઉઘાડો છે નિત્યરે;
તે તો અવરાયે નહી,
જીવ સુક્ષમનું એ ચિત્તરે. ।। શ્રુત૦ ।। ૩ ।।
ઇચ્છે સાંભલવા ફરી:પુછે, નિસુણિયહે વિચારંત રે;
નિશ્ચય ધારણા તિમ કરે,
ધી ગુણ આઠ એ ગણુંતરે. ।। શ્રુત૦ ।। ૪ ।।
વાદી ચોવીશ જિન તણા, એક લાખ છંત્રીસ હજાર રે;
એસે સયલ સભા માંહે,
પ્રવચન મહિમા અપાર રે. ।। શ્રુત૦ ।। ૫ ।।
ભણે ભણાવે સિદ્ધાંતને, લખે લખાવે જેહ રે;
તસ અવતાર વખાણીએ, વિજયલક્ષ્મી ગુરુ એહ રે. ।।શ્રુત૦।।૬।।

શ્રી અવધિજ્ઞાનનું સ્તવન

પૂજો પૂજો અવધિજ્ઞાનને પ્રાણિયારે,
સમકિતવંતને એ ગુણ હોયરે;
સવિજિનવર એ જ્ઞાને અવતરી રે,
માનવ મહોદય જોયરે. ।। પૂજો૦ ।। ૧ ।।
શિવરાજ ઋષિ વિપર્યય દેખતો રે,
દ્વીપસાગર સાત સાતરે;
વીર પસાયે દોષ વિભંગ ગયોરે,
પ્રગટયો અવધિગુણ વિખ્યાતરે ।। પૂજો૦ ।।૨।।

ગુરૂસ્થિતિ સાધિક છાસઠ સાગરૂરે,
કોઈને એક સમય લઘુ જાણુરે;
ભેદ અસંખ્ય છે તરતમ યોગથીરે,
વિશેષાવશ્યકમાં એહ વખાણુરે ॥ પૂજો૦ ॥ ૩ ॥
ચારશેં એકલાખ તેત્રીશ સહસ્ર છે રે,
એહીનાણી મુણિંદ રે;
ઋષભાદિક ચઉવિશ જિણુંદનાં રે;
નમે પ્રભુ પદઅરવિંદ રે, ॥ પૂજો૦ ॥ ૪ ॥
અવધિજ્ઞાની આણુંદને દીએ રે
મિચ્છામિદુક્કડં ગોયમ સ્વામી રે;
વરજે આશાતન જ્ઞાનજ્ઞાની તણી રે,
વિજયલક્ષ્મી સુખધામ રે ॥ પૂજો૦ ॥ ૫ ॥

શ્રી મનઃપર્યવજ્ઞાનનું સ્તવન.

જીરે મહારે શ્રી જિનવર ભગવાન,
અરિહંત નિજ નિજ જ્ઞાનથી ॥ જીરેજી ॥
જીરે મહારે સંયમ સમય જાણંત,
તવ લોકાંતિક માનથી ॥ જીરેજી ॥ ૧ ॥
જીરે મહારે તીર્થ વર્તાવો નાથ,
ઈમ કહી પ્રણમે તે સુરા ॥ જીરેજી ॥
જીરે મહારે ષટ અતિશયવંત દાન,
દેઈ હરખે સુર નરા ॥ જીરેજી ॥ ૨ ॥
જીરે મહારે ઇણ વિધ સવિ અરિહંત,
સર્વ વિરતિ જબ ઉચ્ચરે ॥ જીરેજી ॥

જીરે મહારે મનઃપર્યવ તવ નાણ,
નિર્મલ આતમ અનુસરે ।। જીરેજી ।। ૩ ।।

જીરે મહારે જેહને વિપુલ મતિ તેહ,
અપ્રતિપાતીપણે ઉપજે ।। જીરેજી ।।

જીરે મહારે અપ્રમાદી ઋદ્ધિવંત,
ગુણ ઠાણે ગુણ નીપજે. ।। જીરેજી ।। ૪ ।।

જીરે મહારે એક લક્ષ પીસ્તાલીશ હજાર,
પાંચસેં એકાણું જાણીયે. ।। જીરેજી ।।

જીરે મહારે મનનાણી મુનિરાજ,
ચોવીશ જિનનાં વખાણીએ. ।। જીરેજી ।। ૫ ।।

જીરે મહારે હું વંદુ ધરિ નેહ,
સવિ સંશય હરે મન તણા; ।। જીરેજી ।।

જીરે મહારે વિજયલક્ષ્મી શુભ ભાવ,
અનુભવજ્ઞાનનાં ગુણ ઘણા. ।। જીરેજી ।। ૬ ।।

શ્રી કેવલજ્ઞાનનું સ્તવન.

શ્રી જિનવરને પ્રગટ થયું રે, ક્ષાયિક ભાવે જ્ઞાન
દોષ અઢાર અભાવથીરે, ગુણ ઉપન્યા તે પ્રમાણ રે;
ભવિયા વંદો કેવલ જ્ઞાન. ।। ૧ ।।

પંચમી દિનગુણ ખાણરે,
ભવિયા વંદો કેવલજ્ઞાન ।। એ આંકણી ।।

અનામીના નામનો રે.
કિરયો વિશેષ કહેવાય;

એ તો મધ્યમાં વૈખરી રે,
વચન ઉલ્લેખ ઠરાય રે. ભવિ૦ ॥ ૨ ॥
ધ્યાન ટાણે પ્રભુ તું હોય રે,
અલખ અગોચર રૂપ;
પરા પશ્યંતિ પામીને રે,
કાંઇ પ્રમાણે મુનિ રૂપ રે. ભવિ૦ ॥ ૩ ॥
છતી પર્યાયે જે જ્ઞાનના રે,
તે તો નવિ બહલ્લાય;
જ્ઞેયની નવી નવી વર્તના રે,
સમયમાં સર્વ જણાય રે. ભવિ૦ ॥ ૪ ॥
બીજા જ્ઞાન તણી પ્રભા રે,
એહમાં સર્વ સમાય;
રવિ પ્રભાથી અધિક નહિ રે,
નક્ષત્ર ગણ સમુદાય રે. ભવિ૦ ॥ ૫ ॥
ગુણ અનંતા જ્ઞાનના રે,
જાણે ધન્ય નર તેહ;
વિજયલક્ષ્મીસૂરિ તે લહે રે,
જ્ઞાન મહોદય ગેહ રે ભવિ૦ ॥ ૬ ॥

શ્રી પંચમીની સ્તુત

શ્રી નેમિ: પંચરૂપત્રિદશપતિકૃતપ્રાજ્યજન્માભિષેક.
શ્ચંચત્ પંચાક્ષમત્તદ્વિરદમદહરિહા પંચવક્ત્રોપમાનઃ
નિર્મુક્તઃ પંચદેહ્યાઃ પરમસુખમયઃ પ્રાક્તકર્મપ્રપંચઃ
કલ્યાણું પંચમીસત્તપસી વિતનુતાં પંચમજ્ઞાનવાન્ વઃ ॥ ૧ ॥

સંપ્રીણન્ સચ્ચકોરાન્
શિવતિલકસમઃ કૌશિકાનંદમૂર્ત્તિઃ
પુણ્યાબ્ધિઃ પ્રીતિદાયી સિત-
રૂચિરિવ યઃ સ્વીયગોભિસ્તમાંસિ;
સાંદ્રાણિ ધ્વંસમાનઃ
સકલકુવલયો-લ્લાસમુચ્ચૈશ્ચકાર,
જ્ઞાનં પુણ્યાજ્જિનૌઘઃ
સતપસિ ભવિનાં પંચમીવાસરસ્ય. ॥ ૨ ॥
પીત્વા નાનાભિધાર્થામૃતરસમસમં,
યાંતિ યાસ્યંતિ જગ્મુ-
જીવા યસ્માદનેકે વિધિ-
વદમરતાં પ્રાજ્યનિર્વાણપુર્યામ્
યાત્વા દેવાધિદેવાગમદશ-
મસુધા—કુંડમાનંદહેતુ—
સ્તત્પંચમ્યાસ્તપસ્યુદ્યતવિશદધિયાં,
ભાવિનામસ્તુ નિત્યમ્ ॥ ૩ ॥
સ્વર્ણાલંકારવલગન્ મણિકિરણગણ
ધ્વસ્તનિત્યાંધકારા,
હુંકારારાવદૂરીકૃતસુકૃતજન-
વ્રાતવિઘ્નપ્રચારા;
દેવી શ્રીઅંબિકાખ્યા જિનવરચરણાં-
ભોજભૃંગી સમાના;
પંચમ્યહ્નસ્તપોઽર્ઘં વિતરતુ,
કુશલં ધીમતાં સાવધાના. ॥ ૪ ॥

૨

શ્રાવણ સુદિ દિન પંચમીએ, જન્મ્યા નેમિજિણુંદ તો;
શ્યામ વરણુતનુ સોહતુ એ, મુખ શારદકો ચંદ તો;
સહસ વરષ પ્રભુ આઉખુ એ, બ્રહ્મચારી ભગવંત તો;
અષ્ટ કરમ હેલા હણીએ, પહોતા મુક્તિ મહંત તો. ॥ ૧ ॥

અષ્ટાપદ આદિજિન એ, પહોતા મુક્તિ મોઝાર તો;
વાસુપૂજ્ય ચંપાપુરી એ, નેમ મુક્તિ ગિરનાર તો;
પાવાપુરી નગરીમાં વળી એ, શ્રી વીરતણું નિરવાણ તો;
સમેતશિખર વીશસિદ્ધ હુઆ એ, શિવવહું તેહની આણ તો.॥૨॥

નેમનાથ જ્ઞાની હુઆ એ, ભાખે સાર વચન તો;
જીવ દયા ગુણ વેલડી એ, કીજે તાસ જતન તો;
મૃષા ન બોલો માનવી એ, ચોરી ચિત્ત નિવાર તો;
અનંત તીર્થંકર એમ કહે એ, પરહરીએ પરનાર તો. ॥ ૩ ॥

ગોમેધ નામે યક્ષ ભલો એ, દેવી શ્રી અંબિકા નામ તો;
શાસન સાન્નિધ્ય જે કરે એ, કરે વળી ધર્મનાં કામ તો;
તપગચ્છ નાયક ગુણ નીલો એ, શ્રી વિજયસેનસૂરિ રાય તો;
ઋષભદાસ પાય સેવંતા એ, સફળ કરો અવતાર તો ॥ ૪ ॥

૩

શ્રેયેયઃ શંખકેતુઃ કલિતજનમનઃસંશયઃ સર્વકાલં;
વિશ્વેશઃ સૌવદેહદ્યુતિવિજિતઘનઃ કર્મધર્માંશુતાંશુઃ
ક્ષાન્ત્યાઢ્યઃ કષ્ટદુષ્ટક્ષયકરણપરો રૈવતોત્તંસતુલ્યઃ
કલ્યાણું પંચમીસ્તુત્તપસી વિતનુતાં પંચમજ્ઞાનવાન્ નઃ ॥ ૧ ॥

નાભેયત્રૈશલેયપ્રથમચરમકશ્ચંદ્રવચ્ચારૂચંચ-
ન્મૂર્ત્તિઃ સ્ફુર્તિ ધાનઃ પ્રથયતિ કુમુદં યો મુધાહ્લાદહેતુઃ
પ્રૌદ્રામચ્છદ્મપદ્મા વિકચકરકરઃ સત્કલાવાન્ મનોજ્ઞો,
જ્ઞાનં પુષ્યાજ્જિનોધઃ સતપસિ ભવિનાં પંચમીવાસરસ્ય. ॥૨॥

ગીર્વાણાધીશ પુંસાં પતિકુસુમમિદં પુણ્યભાજો મનુષ્યા,
નિર્વાણામેયસૌખ્યપ્રબલફલમથો યત્પ્રસાદાલ્લભન્તે,
શ્રીસાર્વપ્રૌઢશુદ્ધાગમધરઋષિરુહઃ સિદ્ધિદાનેકરક્ત-
સ્તત્પંચમ્યાસ્તપસ્યુદ્યતવિશદધિયાં
ભાવિનામસ્તુ નિત્યમ્ ॥ ૩ ॥

સમ્પૂર્ણાં પૂર્ણિમેન્દુપ્રભસુભગગુણૈર્દત્તદેવેન્દનાના,
પ્રૌદ્યદ્ગમન્ધદ્ધિપેન્દ્રપ્રચુરમદહરૈણાધિપે રાજમાના,
શ્રીઅર્હદ્ભક્તિભાવા વિમલકજકરા ભાસ્વદમ્ભાભિધાના,
પંચમ્યદ્ય સ્તપોઽર્થં વિતરતુ કુશલં
ધીમતાં સાવધાના. ॥ ૪ ॥

શ્રી. પંચમીની સજઝાય.

ઢાલ ૧ લી

શ્રી વાસુપૂજ્ય જિનેશ્વર વયણથીરે,
રૂપકુંભ કંચનકુંભ મુનિ દોય;
રોહિણી મંદિર સુંદર આવીયારે, નમી ભવ પૂછે દંપતી સોય;
ચઉનાણી વયણે દંપતી મોહિઆ રે ॥ ૧ ॥

રાજા રાણી નિજ સુત આઠનોરે,
તપ ફળ નિજ ભાવ ધરી સંબંધ;

વિનય હરી પુછે મહારાજને રે.
ચાર સૂતાના ભવ પ્રતિબંધ. ॥ ચઉ૦ ॥ ૨ ॥

રૂપવતી શીળવતી ને ગુણવતી રે, સરસ્વતી જ્ઞાનકળા ભંડાર;
જન્મથી રોગ શોક દીઠો નહિ રે,
કુણ પુણ્યે લીધો એહ અવતાર. ॥ ચઉ૦ ॥ ૩ ॥

ઢાળ ૨ જી

ગુરૂ કહે વૈતાઢય ગિરિવરૂ રે, પુત્રી વિદ્યા ધરી ચાર;
નિજ આયુજ્ઞાનીને પૂછીયું રે, કરવા સફલ અવતાર;
અવધારો અમ વિનતિ રે. ॥ ૧ ॥

ગુરૂ કહે જ્ઞાન ઉપયોગથી રે, એક દિવસનું આય;
એવા વચન સાંભળી સુણી રે,
મનમાં વિમાસણ થાય; ॥ અવ૦ ॥ ૨ ॥

થોડામાં કાર્ય ધર્મનાંરે, કિમ કરીએ મુનિરાજ;
ગુરૂ કહે ચોગ અસંખ્ય છે રે,
જ્ઞાન પંચમી તુજ કાજ. ॥ અવ૦ ॥ ૩ ॥

ક્ષણ આરાધે સવિ અઘટળે રે, શુભ પરિણામે રે સાધ્યે;
કલ્યાણક નેવું જિન તણારે,
પંચમી દિવસે આરાધ. ॥ અવ૦ ॥ ૪ ॥

ઢાળ ૩ જી

ચૈતર વદિ પંચમી દિને, સુણો પ્રાણીજીરે;
બીજા ચંદ્રપ્રભ સ્વામ, લહે શુભ ઠામ; ॥ સુણો૦ ॥
અજિત સંભવ અનંતજી, ॥ સુણો૦ ॥
પંચમી સુદિ શિવધામ, શુભ પરિણામ. ॥ સુણો૦ ॥ ॥ ૧ ॥

વૈશાખ શુદિ પંચમી દિને; ।। સુણો૦ ।।
સંજમ લીયે કુંથુનાથ, બહુ નર સાથ; ।। સુણો૦ ।।
જેઠ સુદી પંચમી વાસરે, ।। સુણો૦ ।।
સુગતિ પામ્યા ધર્મનાથ, શિવપુરી સાથ; ।। સુણો૦ ।। ।। ૨ ।।
શ્રાવણ શુદિ પંચમી દિને; ।। સુણો૦ ।।
જન્મ્યા નેમિ જીણંદ, અતિ ઉછરંગ; ।। સુણો૦ ।।
માગસર વદિ પંચમી દીને; ।। સુણો૦ ।।
સુવિધિ જન્મ શુભ સંગ, પૂર્ણ અભંગ. ।। સુણો૦ ।। ૩ ।।
કાર્તિક વદિ પંચમી તિથિ ।। સુણો૦ ।।
સંભવ કેવળજ્ઞાન, કરે બહુ માન; ।। સુણો૦ ।।
દશ ક્ષેત્રે નેવું જિના; ।। સુણો૦ ।।
પંચમી દિનનાં કલ્યાણ,
સુખનાં નિદાન. ।। સુણો૦ ।। પ્રાણીજીરે ।। ૪ ।।

ઢાળ ૪ થી

હાંરે મારે જ્ઞાની ગુરૂનાં, વયણ સુણી હિતકારજો;
ચાર વિદ્યાધરી પંચમી, વિધિશું આદરે રે લોલ ।। ૧ ।।
હાંરે મારે શાસન દેવના, પંચ જ્ઞાન મનોહારજો;
ટાળીરે આશાતના, દેવવંદન સદારે લોલ. ।। ૨ ।।
હાંરે મારે તપ પૂરણથી, ઉજમણાનો ભાવજો;
એહવે વિદ્યુતયોગે, સુરપદવી વર્યારે લોલ. ।। ૩ ।।
હાંરે મારે ધર્મમનોરથ, આળસ તજતાં હોયજો;
ધન્ય તે આતમા, અવલંબી કારજ કર્યારે લોલ. ।। ૪ ।।
હાંરે મારે દેવ થકી તુમ, કુખે લીઓ અવતારજો;

સાંભળ રોહિણી જ્ઞાન, આરાધન ફળ ઘણાંરે લોલ. ॥ ૫ ॥
હાંરે મારે ચાર ચતુરા, વિનય વિવેક વિચારજો;
ગુણ કેતા ઓળખીએ, તુમ પુત્રી તણાંરે લોલ. ॥ ૬ ॥

ઢાળ ૫ મી

જ્ઞાનીના વયણથી ચારે બહેની, જાતિસ્મરણ પામી રે
જ્ઞાની ગુણવંતા,
ત્રીજા ભવમાં ધારણ કીધી, સીધ્યાં મનનાં કામોરે;
જ્ઞાની ગુણવંતા. ॥ ૧ ॥

શ્રી જીન મંદિર પંચ મનોહર, પંચ વર્ણ જિન પડિમા રે;
જ્ઞાની ગુણવંતા,
જિનવર આગમને અનુસારે, કરીએ ઉજમણાનો મહિમા રે;
જ્ઞાની ગુણવંતા. ॥ ૨ ॥

પંથમી આરાધનથી પંચમ, કેવળ નાણ તે થાય રે;
જ્ઞાની ગુણવંતા,
શ્રી વિજયલક્ષ્મીસુરિ અનુભવ નાણે, સંઘ સકળ સુખદાયરે,
જ્ઞાની ગુણવંતા. ॥ ૩ ॥

શ્રી પંચમીની સજઝાય

શ્રી ગુરૂચરણ પસાઉલે રે લાલ,
પંચમીનો મહિમાય આતમા;
વિવરિને કહેશું અમેરે લાલ;
સુણતાં પાતિક જાય આતમા;
પંચમી તપ પ્રેમે કરો રે લાલ ॥ ૧ ॥

મન શુદ્ધે આરાધીએરે લાલ,
તૂટે કર્મ નિદ્દન આત્મા;
ઇહ ભવ સુખ પામે ઘણા રે લાલ,
પરભવ અમર વિમાન આત્મા. ॥ પંચમી૦ ॥ ૨ ॥

સકળ સૂત્ર રચ્યાં થકીરે લાલ,
ગણધર હુઆ વિખ્યાત આત્મા;
જ્ઞાન ગુણે કરી જાણુતારે લાલ,
સ્વર્ગનિરકની વાત આત્મા; ॥ પંચમી૦ ॥ ૩ ॥

જે ગુરૂ જ્ઞાને દીપતારે લાલ,
તે તરીયા સંસાર આત્મા;
જ્ઞાનવંતને સહુએ નમે રે લાલ.
ઉતારે ભવપાર આત્મા; ॥ પંચમી૦ ॥ ૪ ॥

અજવાલી પક્ષની પંચમીરે લાલ,
કરો ઉપવાસ જગીશ આત્મા;
ૐ હ્રીં નમો નાણસ્સ ગુણણું ગણોરે લાલ,
નવકાર વાળી વીશ આત્મા, ॥ પંચમી૦ ॥ ૫ ॥

પાંચ વરસ એમ કીજીએરે લાલ,
ઉપર વળી પંચમાસ આત્મા;
યથાશક્તિ કરી ઉજવોરે લાલ,
જેમ હોય મનને ઉલ્લાસ આત્મા; ॥ પંચમી૦ ॥ ૬ ॥

વરદત્તને ગુણમંજરી રે લાલ,
તપથી નિર્મળ થાય આત્મા;
કીર્તિવિજય ઉવજ્ઝાયનોરે લાલ,

કાંતિવિજય ગુણ ગાય આતમા;
પંચમી તપ પ્રેમે કરોરે લાલ. ॥ ૭ ॥

પાંચમી અન્યત્વ ભાવનાની સજઝાય

" દોહા "

ભવસાયર બહુ દુઃખ જલ, જન્મ મરણ તરંગ;
મમતા તંતુ તિણે ગ્રહ્યો, ચેતન ચતુર માતંગ. ॥ ૧ ॥
ચાલે જો છોડણ ભણી, તો ભજતું ભગવંત;
દૂર કરે પર બંધને, જિમ જલથી જલકંત. ॥ ॥ ૨ ॥

ઢાળ ૫ મી

પાંચમી ભાવના ભાવીયે રે, જીવ અન્યત્વ વિચાર,
આપ સ્વારથી એ સહુરે, મળીઓ તુજ પરિવાર;
સંવેગી સુંદર, જુઓમાં મુંઝ ગમાર; ॥ ૧ ॥
તારૂં કોઇ નહીં ઇણ સંસાર, તું કેનો નહીં નિરધાર;
સંવેગી સુંદર૦ ॥ ૨ ॥
પંથશિરે પંથી મળ્યારે; કીજે કિણહી શું પ્રેમ;
રાતિવસે પ્રહ ઉઠી ચલેરે, નેહ નિવાહે કેમ. ॥ સંવેગી૦ ॥ ૩ ॥
જિમ મેળો તિરથે મલેરે, જન જન વણજની ચાહ,
કે ત્રોટો કે ફાયદો રે, લેઇ લેઇ નિજ ઘર જાય; ॥ સં૦ ॥ ૪ ॥
જિહાં કારજ જેહનાં સરે રે, તિહાં તે દાખે નેહ;
સૂરીકાંતાની પરે રે, છટકી દેખાડે છેહ ॥ સંવેગી૦ ॥ ૫ ॥
ચુલણી અંગજ મારવારે, કૂડુ કરે જતુ ગેહ;
ભરત બાહુબલ જુઓરે, જો જો નિજનાં નેહ.॥ સંવેગી૦ ॥ ૬ ॥

શ્રેણીક પુત્રે બાંધીયો રે, લીધું વહેંચી રાજ્ય;
દુઃખ દીધું બહુ તાતને રે, દેખો સુતનાં કાજ. ॥ સંવ ॥ ૭ ॥
એ ભાવનાએ શિવપુર લહે રે, શ્રી ભદ્રદેવી માય.
વીરશિષ્ય કેવળ લહ્યું રે, શ્રી ગૌતમ ગણરાય; ॥ સંવેગી૦॥૮॥

પંચમ પરિગ્રહ પાપસ્થાનકની સજ્ઝાય.

પરિગ્રહ મમતા પરિહરો, પરિગ્રહ દોષનું મૂલ, ॥ સહુણો॥
પરિગ્રહ જેહ ધરે ઘણો, તસ તપ જપ પ્રતિકૂલ ॥ સ૦પરિ૦॥૧॥
નવિ પલટે મૂલ રાશિથી, માર્ગે કદીય ન હોય; ॥ સ૦ ॥
પરિગ્રહ ગ્રહ છે અભિનવો,
સહુને દીયે દુઃખ સોય. ॥ સ૦પરિ૦ ॥૨॥
પરિગ્રહ મદગુરૂઅ ત્તણે, ભવ માંહી પડે જંત; ॥ સ૦ ॥
યાન પાત્ર જીમ સાયરે, ભારાકાંત અત્યંત. ॥ સ૦પરિ૦ ॥૩॥
જ્ઞાન ધ્યાન હય ગય વરે, તપ જપ શ્રુત પરતંત, ॥ સ૦ ॥
છોડે સમ પ્રભુતા લહે, મુનિપણ પરિગ્રહ વંત. ॥ સ૦પરિ૦॥૪॥
પરિગ્રહ ગ્રહ વશે લિંગીયા, હોઈ કુમતિ રજશિશ; ॥ સ૦ ॥
જિમતિમ જગ લવતા ફિરે,
ઉન્મત્ત હોય નિશદિશ. ॥ સ૦પરિ૦॥ ૫ ॥
તૃપતો ન જીવ પરિગ્રહે, ઈંધણથી જીમ આગ; ॥ સ૦ ॥
તૃષ્ણા દાહ તે ઉપસમે, જળ સમ જ્ઞાન વૈરાગ; ॥ સ૦પરિ૦ ॥૬॥
તૃપતો સાગર સુતે નહી, ગોધનથી કુચિ કર્ણ; ॥ સ૦ ॥
તિલક શેઠ વળી ધાન્યથી, કનકે નંદ સકર્ણ; ॥ સ૦પરિ૦ ॥ ૭ ॥
અસંતુષ્ટ પરિગ્રહ ભર્યો, સુખી ન ઈંદ્ર નરિંદ; ॥ સ૦ ॥
સુખી એક અપરિગ્રહી, સાધુ સુજસ સમ કંદ; ॥સ૦પરિ૦ ॥૮॥

શ્રી રહનેમિ રાજીમતીની સજ્ઝાય.

કાઉસ્સગ્ગ ધ્યાને મુનિ રહનેમિનામે,
રહ્યા છે ગુફામાં શુભ પરિણામ રે;
દેવરિયા મુનિવર ધ્યાનમાં રહેજો,
ધ્યાન થકી હોય ભવનો પાર રે; ॥ દેવ૦ ॥
વરસાદે ભીનાં ચીવર મોકળાં કરવાં,
રજુલ આવ્યાં છે તેણે ઠામરે, ॥ દેવ૦ ॥ ૧॥
રૂપે રતિ રે વસ્ત્રે વર્જિત બાળા,
દેખી ખોલાણે તેણે કામરે; ॥ દેવ૦ ॥
દિલડું ક્ષોભાણું જાણી રાજુલ ભાખે,
રાખો સ્થિર મન ગુણના ધામરે; ॥ દેવ૦ ॥ ૨ ॥
જાદવ કુળમાં જનજી નેમ નગીનો,
વમન કરી છે મુજને તેણે રે. ॥ દેવ૦ ॥
બંધવ તેહના તમે શિવાદેવી જાયા,
એવડો પટંતર કારણ કેણુરે; ॥ દેવ૦ ॥ ૩ ॥
પરહારા સેવી પ્રાણી નરકમાં જાવે,
દુર્લભ બોધિ હોય પ્રાયરે; ॥ દેવ૦ ॥
સાધવી સાથે ચૂકી પાપ જે બાંધે,
તેહનો છૂટકારો કદિય ન થાય રે. ॥ દેવ૦ ॥ ૪॥
અશુચીકાયારે મળમૂત્રની ક્યારી,
તમને કેમ લાગી એવડી પ્યારી રે; ॥ દેવ૦ ॥
હું રે સંયમી તમે મહાવ્રતધારી,
કામે મહાવ્રત જાશે હારીરે. ॥ દેવ૦ ॥ ૫ ॥

ભોગ વમ્યારે મુનિ મનથી ન ઇચ્છે,
નાગ અગંધન કૂળના જેમરે; ॥ દેવ૦ ॥
ધિક્ક કૂળનીચા થઇ નેહથી નિહાળે,
ન રહે સંયમ શોભા એમ રે. ॥ દેવ૦ ॥ ૬ ॥

એહવા રસીલાં રાજુલ વયણ સુણીને,
બુઝ્યા રહનેમિ પ્રભુજી પાસરે; ॥ દેવ૦ ॥
પાપ આલોઇ ફરી સંયમ લીધું,
અનુક્રમે પામ્યા શિવ આવાસ રે. ॥ દેવ૦ ॥ ૭ ॥

ધન્ય ધન્ય જે નર નારી શિયળને પાળે,
સમુદ્રતર્યા સમવ્રત છે એહ રે, ॥ દેવ૦ ॥
રૂપ કહે તેહના નામથી હોવે,
અમ મન નિર્મળ સુંદર દેહ રે. ॥ દેવ૦ ॥ ૮ ॥

શ્રી રહનેમિ રાજીમતીની સજ્ઝાય. બીજી.

અગ્નિકુંડમાં નિજ તનુ હોમે, વમ્યુ વિષ નવિ લેવે;
તે અગંધન કૂળના ભોગી, તો કહું ફરી વિષ સેવે; છેડોનાજી;
યદુકૂળને દૂષણ લાગે, સંયમ વ્રત ભાંગે,
દેવરિયા મુનિવર છેડોનાજી; ॥ ૧ ॥

લોક હસેને ગુણ સવિ નિકસે, વિકસે દુર્ગતિ બારી;
એમ જાણીને કહો કોણ સેવે,
પાપ પંક પરનારી ॥ છેડોનાજી; ॥ ૨ ॥

વળી વિશેષે સ્ત્રીની સંગે, ઓધિબીજ પણ જાવે;
સાહેબ બંધવ નામ ધરાવો,
તો કયું લાજ ન આવે, ॥ છેડોનાજી; ॥ ૩ ॥

કોઈક મૂરખ કહેા કિમ ચંદન, છાર કોયલા કાજે;
વિષય હલાહલ થિર થઈ પણ,
કુણ ચિરજીવિતરાજે; ॥ છેડોનાજી; ॥ ૪ ॥
રાજુલબાળા વચન રસાળા, જેમ અંકુશે મુંઢાળા;
સ્થીર કરી રહનેમિ પ્રગટે,
જ્ઞાનવિમલ ગુણમાળા; ॥ છેડોનાજી. ॥ ૫ ॥

શ્રી ગજસુકુમાલ મુનિની સજ્ઝાય.

શ્રી જગનાયક વંદીએ રે, બાવીસમેા જિનરાય;
દ્વારિકા નગરી સમેાસર્યા રે, સુરનર સેવે પાય;
ગુણવંતા ભવિયાં વદેા ગજસુકુમાલ ॥ ૧ ॥
શ્રી જીનવર ચરણે નમીરે, ગજસુકુમાલ કુમાર;
ભવસાયર ઉતારણી રે, વાણી સુણીરે અપાર ॥ ગુણ૦ ॥ ૨ ॥
માત પિતાને વિનવે રે, લેશું સંયમભાર;
માય કહે વચ્છ સાંભળો રે, ભેાગવેા રિદ્ધિ વિસ્તાર ॥ગુણ૦॥૩॥
કુંવર કહે મુજ માંતજી રે, વિનતડી સુણેા એક;
રાજરમણી ભેાગ નવનવારે, પામ્યા વાર અનેક, ॥ગુણ૦॥૪॥
ધનયૌવન છે ક્ષારમુંજી, કુટુંબ સહુ પરિવાર;
અનિત્યપણે એ જાણીયેરે, એ સંસાર અસાર. ॥ ગુણ૦ ॥૫॥
શ્રીનેમિજિનેશ્વર તીર્થંકરૂરે, સયલ સુખ દાતાર;
જન્મ મરણ દુઃખ છોડવાજી, સેવ્યું જંગમ આધાર ॥ગુણ૦॥૬॥
બેાલે કુંવર ચતુર નરૂરે, માયા કરો મુજ આજ;
ચારિત્ર લીધે માતજી રે, સીઝે સઘળાં કાજ ॥ ગુણ૦ ॥૭॥
જનની પિતા બહુ વિનવેરે, પહેાતા જગગુરૂ પાસ;
સર્વવિરતિ અતિ આદરીરે, કુંવર મને ઉલ્લાસ. ॥ ગુણ૦ ॥૮॥

આદેશ પામી ગુરૂતણો રે, મુનિવર કાઉસ્સગ્ગ લેઇ;
સોમિલ સસરો આવીઓ રે, નિજનયણે નિરખેઈ. ।। ગુણ૦ ।।૯।।
મસ્તકે પાળ માટી તણી રે, બાંધી અગ્નિ ભરેઈ;
ક્રોપે ચઢયો વિપ્ર અતિ ઘણો રે, ઉપસર્ગ ઘોર કરેઇ. ।।ગુણ૦।।૧૦।।
મહામુનીશ્વર ચિંતવે રે, સમતા રસ ભંડાર;
ચિહું ગતિમાં હું ભમ્યો રે, એકલડો નિરધાર. ।। ગુણ૦ ।।૧૧।।
શુકલધ્યાને હુવા કેવળીરે, પહોંત્યા શિવપુર ઠામ;
શાશ્વતા સુખને અનુભવ્યા રે,
વીરમુનિ કરે રે પ્રણામ. ।। ગુણ૦ ।। ૧૨।।

સમકિતનાં પાંચ લક્ષણની સજ્ઝાય

લક્ષણ પાંચ કહ્યાં સમકિતતણાં,
ધુર ઉપશમ અનુકૂળ સુગુણ નર;
અપરાધીશું પણ નવિ ચિત્ત થકી, ચિંતવીએ પ્રતિકુળ;
સુગુણનર, શ્રી જિન ભાષિત વચન વિચારીએ, ।। ૧ ।।
સુરનર સુખ જે દુઃખ કરો લેખવે, વંછે શિવસુખ એક સુ૦
બીજું લક્ષણ તે અંગી કરે,
સાર સંવેગ શું ટેક સુ૦ શ્રી૦ ।। ૨ ।।
નારક ચારક સમ ભવ ઉભગ્યો, તારક જાણીને ધર્મ સુ૦
ચાહે નીકળવું નિર્વેદ તે, ત્રીજું લક્ષણ મર્મ સુ૦ શ્રી૦ ।। ૩ ।।
દ્રવ્ય થકી દુઃખીયાની જે દયા, ધર્મ હીણાનીરે ભાવ સુ૦
ચોથું લક્ષણ અનુકંપા કહી,
નિજ શકતે મન લાવ. સુ૦ શ્રી૦ ।। ૪ ।।
જે જિન ભાખ્યું તે નહિ અન્યથા, એહવો જે દૃઢ રંગ. સુ૦
તે આસ્તિકતા લક્ષણ પાંચમું,
કરે કુમતિનો એ ભંગ. સુ૦ શ્રી૦ ।। ૫ ।।

શ્રી દશવૈકાલિકના પાંચમા અધ્યયનની સજ્ઝાય.

[સુણ સુણ પ્રાણીયા] એ દેશી.

સુજતા આહારની ખપ કરોજી, સાધુજી સમય સંભાળ;
સંયમ શુદ્ધ કરવા ભણીજી, એષણા દુષણ ટાળ. ॥સુ૦॥૧॥
પ્રથમ સજ્ઝાયે પોરસી કરીજી. અણસરી વલી ઉપયોગ;
પાત્ર પડિલેહણ આચરોજી, આદરો ગુરૂ આણયોગ. ॥સુ૦॥૨॥
ઠાર ખુજર વરસાતનાજી, જીવ વિરાહણ ટાળ;
પગ પગ ઈર્યા શોધતાંજી, હરિકાયાદિક નાલ. ॥સુ૦॥૩॥
ગેહ ગણિકા તણા પરિહરોજી, જિહાં જયાં ચલ ચિત્ત હોય;
ડિંભક કુળ પણ તેમ તજોજી, પાપ તિહાં પ્રત્યક્ષ જોયરે.॥સુ૦॥૪॥
નિજ હાથે બાર ઉઘાડીનેજી; પેસીયેં નવિ ઘરમાંહિ;
બાલપશુ ભિક્ષુક પ્રમુખને સંઘટ્ટેજી, જઈએ નહિ ઘરમાંહિ.॥સુ૦॥૫॥
જલ ફૂલ જલણ કણ લુણશુંજી, ભેટતાં જે દિયે હાત;
તે કલ્પે નહિં સાધુનેંજી, વરજવું અન્નને પાન. ॥સુ૦॥૬॥
સ્તન અંતરાય બાલક પ્રત્યેંજી, કરીને રડતો ઠવેય;
દાન દિયે તો ઉલટ ભરીજી, તોહિ પણ સાધુ વરજેય. ॥સુ૦॥૭॥
ગર્ભ વતિ વલી જો દિયેજી, તેહ પણ અકલ્પ હોય;
બાલ નિશરણો પ્રમુખેં ચડીજી, આણી દીયે કલ્પે ન સોય. ॥સુ૦॥૮॥
મૂલ્ય આણ્યું પણ મત: લોયેાજી, મત લીયેા કરી અંતરાય;
વિહરતાં થંભ અંભાદિકેજી, ન અડો થિર ઠવો પાય. ॥સુ૦॥૯॥
એણીપરેં દોષ સર્વ છાંડતાંજી, પામીયેં આહાર જો શુદ્ધ;
તો લહિયેં દેહ ધારણ ભણીજી, અણ લહે તો તમ વૃદ્ધિ. ॥સુ૦॥૧૦॥
વયણ લજ્જા તૃષા ભક્ષનાજી, પરિસહથી સ્થિર ચિત્ત;
ગુરૂ પાસેં ઇરિયાવહિં પડિક્કમીજી, નિમંત્રી સાધુને નિત્ય.॥સુ૦॥૧૧॥

શુદ્ધ એકાંત ઠામે જઇજી, પડિક્કમી ઇરિયાવહી સાર;
લોગસ્સ દોષ સવિ છાંડિનેજી, સ્થિર થઈ કરવો આહાર. ॥સુ૦॥૧૨॥
દશવૈકાલિકે પાંચમેંજી, અધ્યયને કહ્યો એ આચાર;
તે ગુરૂ લાભવિજય પદ સેવતાંજી,
વૃદ્ધિવિજય જયકાર. ॥સુ૦॥૧૩॥

પાંચ મહાવ્રતની પચીસ ભાવનામાં પાંચમા મહાવ્રતની સજ્ઝાય.

હવે મહાવ્રત પંચમું કહીએ,
જેહથી ભવપાર લહીએ હો. મુનિવર સોભાગી;
સાંભળો કહે જિનવર વાણી,
ભાવના પંચછે તસ જાણી હો; ॥મુનિ૦॥૧॥

શ્રોત્રેંદ્રિય વિષય ન ગ્રહવો,
સુરભિ દુરભિ સમ સહેવો હો. મુનિ૦
ચક્ષુઇંદ્રિય વિષયમાં ન રાચો,
પુદ્ગલ દેખી નવિ માચો હો. ॥ મુનિ૦ ॥૨॥

રસના રસવશ નવિ જાણો,
જિન આણાએ ચોલવું જાણો હો; મુનિ૦
રસ ઇંદ્રિય દોષ નિવારો,
ચોથી ભાવનાએ આતમ તારો હો. ॥ મુનિ૦ ॥૩॥

સ્પર્શેંદ્રિય વિષ વિષય નિરોધ,
કરે થાયે નિર્મળ બોધ હો; મુનિ૦
એમ જાણી વિષયને છંડો,
પંચમી ભાવનામેં દિલમંડો હો. ॥ મુનિ૦ ॥૪॥

એકેકી ઇંદ્રિય વશ પડીઆ,
મૃગઅલિ મત્સ્ય પતંગ ગય નડીયા હો; મુનિ૦
જે પાંચે વશ નવિ રાખે,
તેહને દુઃખ જિનવર ભાખે હો. ॥ મુનિ ॥ ૫ ॥

એ ભાવના એમ દિલ ધરતો,
દુષ્કૃત કર્મને ક્ષય કરતો હો; મુનિ૦
શુદ્ધ નિર્મળ જ્ઞાન તે પાવે,
આતમને શિવપદ ઠાવે હો; ॥ મુનિ૦ ॥ ૬ ॥

પંચ મહાવ્રતની પચવીશ,
ભાવના કહી લવલેશ હો; મુનિ૦
શ્રી ખીમાવિજય ગુરૂ રાયા,
જસ વાધે સેવતાં પાયા હો. ॥ મુનિ૦ ॥ ૭ ॥

અષ્ટમીનાં ચૈત્યવંદનો

મહા સુદી આઠમને દિને, વિજયા સુત જાયો;
તેમ ફાગણ સુદી આઠમે, સંભવ ચવી આયો. ॥ ૧ ॥
ચૈતર વદની આઠમે, જન્મ્યા ઋષભ જિણંદ;
દીક્ષા પણ એ દિન લહી, હુઆ પ્રથમ મુનિચંદ. ॥ ૨ ॥
માધવ સુદિ આઠમ દિને, આઠ કર્મ કર્યાં દૂર;
અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપુર. ॥ ૩ ॥
એહીજ આઠમ ઉજળી, જન્મ્યા સુમતિ જિણંદ;
આઠ જાતિ કળશે કરી, ન્હવરાવે સુર ઇંદ્ર. ॥ ૪ ॥

જન્મ્યા જેઠ વદિ આઠમે, મુનિસુવ્રત સ્વામી;
નેમ અષાડ સુદિ આઠમે, અષ્ટમી ગતિ પામી. ॥ ૫ ॥
શ્રાવણ વદની આઠમે, નમિ જન્મ્યા જગભાણ;
તેમ શ્રાવણ સુદિ આઠમે, પાસજીનું નિર્વાણ, ॥ ૬ ॥
ભાદવા વદિ આઠમ દિને, ચવીયા સ્વામી સુપાસ;
જિન ઉત્તમ પદ પદ્મપ્રભને સેવ્યાથી શિવવાસ. ॥ ૭ ॥
અષ્ટમી તપ આરાધિરએ, ભાવ ધરી ઉલ્લાસ;
આઠ આત્માને ઓળખો, પામો લીલ વિલાસ. ॥ ૧ ॥
આઠ બુદ્ધિ ગુણ આદરો, વળી અષ્ટાંગહ યોગ;
અષ્ટ મહાસિદ્ધિ સંપજે, નાવે શોકને રોગ. ॥ ૨ ॥
યોગ દૃષ્ટિને આદરોએ, મિત્રાદિક સુખકાર;
અષ્ટ મહાભદ્ર ટાળીએ, જમ પામો ભવપાર. ॥ ૩ ॥
પ્રવચન માતા આઠનો, આદરો ધરી મનરંગ;
આઠ જ્ઞાનનો ઓળખી, શિવ વધુ કરો સંગ. ॥ ૪ ॥
ગણી સંપદા આઠમી, આઠમ દિને ધારો;
નરક તિર્યંચ ગતિ દુઃખની, તેહનો નહિ ચારો. ॥ ૫ ॥
આઠ જાતિ કલશે કરીએ, ન્હવરાવો જિનરાય;
આઠ યોજન જાડી કહી, સિદ્ધ શિલા મુનિરાય. ॥ ૬ ॥
પૂજા અષ્ટપ્રકારની, સમજી કરો તસ મર્મ;
અષ્ટમી કરતાં પ્રાણીઓ, ક્ષય કરે આઠે કર્મ. ॥ ૭ ॥
દૂર કરી આઠ દોષને, તિમ આઠ ગુણ પાળો;
જ્ઞાન દર્શન ચારિત્રના, આઠ અતિચાર ટાળો. ॥ ૮ ॥
આઠ આઠ પ્રકારનાએ, ભેદ અનેક પ્રકાર;
અષ્ટમી ફળ પ્રભુ ભાખીઆ, ત્રિગડે બેસી સાર. ॥ ૯ ॥

ફાગણ વદી આઠમ દિને, મરૂદેવી જાયો;
દીક્ષા પણ તેહીજ દિને, સુર નર મળી ગાયો. ॥ ૧૦ ॥
સુમતિ અજિત જન્મસાર, સંભવ જિન ચ્યવન;
આઠમ દિન બહુ જાણજો, કલ્યાણક તિથિ ભવન. ॥ ૧૧ ॥
અષ્ટમી તપ ભવિયણ કરીએ, કર્મ તપાવે જેહ;
તપ કરતાં જસ સંપજે, શુભ ફળ પામે તેહ; ॥ ૧૨ ॥

શ્રી અષ્ટમી સ્તવન

ઢાળ ૧ લી

હાંરે મારે ઠામ ધરમના સાઠા પચવીશ દેશજો,
દીપેરે તીહાં દેશ મગધ સહુમાં શિરે રે લોલ;
હાંરે મારે નયરી તેહમાં રાજગૃહી સુવિશેષજો,
રાજે રે તિહાં શ્રેણીક ગાજે ગજપરે રે લોલ. ॥ ૧ ॥
હાંરે મારે ગામ નયરપુર પાવન કરતાં નાથજો,
વિચરંતા તિહાં આવી વીર સમોસર્યા રે લોલ;
હાંરે મારે ચૌદ સહસ્ર મુનિવરના સાથે સાથજો,
સુધારે તપ સંયમ શીયલે અલંકર્યા રે લોલ; ॥ ૨ ॥
હાંરે મારે ફૂલ્યા રસભર ફૂલ્યા અંબ કદંબજો,
જાણું રે ગુણશીલવન હસી રોમાંચીયો રે લોલ;
હાંરે મારે વાયા વાય સુવાય તિહાં અવિલંબજો,
વાસે રે પરિમલ ચિહું પાસે સંચિયો રે લોલ; ॥ ૩ ॥
હાંરે મારે દેવ ચતુર્વિધ આવે કોડાકોડજો;
ત્રિગડું રે મણિ હેમ રજતનું તે રચે રે લોલ;

હાંરે મારે ચોસઠ સુરપતિ સેવે હોડાહોડળો,
આગેરે રસ લાગે ઇંદ્રાણી નચે રે લોલ; ॥ ૪ ॥
હાંરે મારે મણિમય હેમ સિંહાસન બેઠા આપળો,
ઢાળે રે સુર ચામર રણિ રત્ને જડયાંરે લોલ,
હાંરે મારે સુણતાં દુંદુભિ નાદ ટળે સવિ તાપળો,
વરસે રે સુર પુલ સરસ જાનુ અડયાંરે લોલ. ॥ ૫ ॥
હાંરે મારે તાજે તેજે ગાજે ઘન જેમ લુંબળો,
રાજે રે જિનરાજ સમાજે ધર્મને રે લોલ;
હાંરે મારે નિરખી હરખી આવે જન મન લુંબળો,
પોષેરે રસ ન પડે ઘોષે ભર્મમાં રે લોલ; ॥ ૬ ॥
હાંરે મારે આગમ જાણી જિનનો શ્રેણિકરાયળો,
આવ્યો રે પરવરિયો હય ગય રથ પાયગેરે લોલ;
હાંરે મારે દેઇ પ્રદક્ષિણા વંદી બેઠો ઠાયળો,
સુણવારે જિનવાણી મોટે ભાયગે રે લોલ; ॥ ૭ ॥
હાંરે મારે ત્રિભુવન નાયક લાયક તવ ભગવંતળો,
આણીરે જન કરણા ધર્મ કથા કહે રે લોલ;
હાંરે મારે સહજ વિરોધ વિસારી જગના જંતળો,
સુણવારે જિન વાણી મનમાં ગહગહે રે લોલ; ॥ ૮ ॥

ઢાળ ૨ જી

વીર જિનવર ધર્મ ઉપદિશે, સાંભળો ચતુર સુજાણરે;
મોહની નિંદમાં કાં પડો, ઓળખો ધર્મનાં ઠાણરે; ॥ ૧ ॥
વિરતિએ સુમતિધરી આદરો, પરિહરો વિષય કષાય રે;
બાપડા પંચ પરમાદથી,
કાં પડો કુગતિમાં ધાયરે; ॥ વિરતિ૦ ॥ ૨ ॥

કરી શકે ધર્મ કરણી સદા, તો કરો એ ઉપદેશ રે;
સર્વ કાળે કરી નવિ શકે,
તો કરો પર્વ સુવિશેષરે; ॥ વિરતિ૦ ॥ ૩ ॥

જુજુઆ પર્વષટનાં કહ્યાં, ફળ ઘણું આગમે જોયરે;
વચન અનુસારે આરાધતાં,
સર્વથા સિદ્ધિ ફળ હોયરે; ॥ વિરતિ૦ ॥ ૪ ॥

જીવને આયુ પરભવ તણો, તીથિદિને બંધ હોય પ્રાય રે;
તેહ ભણી એહ આરાધતાં,
પ્રાણીયો સદ્ગતિ જાયરે; ॥ વિરતિ૦ ॥ ૫ ॥

તે હવે અષ્ટમી ફળ તિહાં, પૂછે શ્રી ગૌતમ સ્વામરે;
ભવિક જીવ જાણવા કારણે,
કહે વીર પ્રભુ તામરે; ॥ વિરતિ૦ ॥ ૬ ॥

અષ્ટ મહા સિદ્ધિ હોય એહથી, સંપદા આઠની વૃદ્ધિરે;
બુદ્ધિના આઠ ગુણ સંપજે,
એહથી અષ્ટગુણ સિદ્ધિરે; ॥ વિરતિ૦ ॥ ૭ ॥

લાભ હોય આઠ પડિહારનો, આઠ પવયણ ફળ હોયરે;
નાશ અષ્ટ કર્મનો મૂળથી,
અષ્ટમીનું ફળ જોયરે; ॥ વિરતિ૦ ॥ ૮ ॥

આદિજિન જન્મ દીક્ષાતણો, અજિતનો જન્મ કલ્યાણરે;
ચવન સંભવતણો એહ તિથે,
અભિનંદન નિર્વાણરે; ॥ વિરતિ૦ ॥ ૯ ॥

સુમતિ સુવ્રત નમિ જનમીયા, નેમનો મુક્તિ દિન જાણ રે
પાર્શ્વજિન એહ તીથે સિદ્ધલા,
સાતમા જિન ચવન માણ રે; ॥ વિરતિ૦ ॥ ૧૦ ॥

એહતીથિ સાધતો રાજીયો, ઇંડવીરજ લહ્યો મુક્તિ રે;
કર્મ હણવા ભણી અષ્ટમી,
કહે સૂત્ર નિર્યુક્તિરે; ॥ વિરતિ૦ ॥ ૧૧ ॥
અતતિ અનાગત કાળના, જિન તણા કેઇ કલ્યાણ રે;
એહ તીથે વળી ઘણા સંયમી,
પામશે પદ નિવારણ રે; ॥ વિરતિ૦ ॥ ૧૨ ॥
ધર્મવાસિત પશુ પંખીયા, એહ તીથો કરે ઉપવાસ રે;
વ્રત ધારી જીવ પોસહ કરે,
જેહને ધર્મ અભ્યાસ રે; ॥ વિરતિ૦ ॥ ૧૩ ॥
ભાખીયો વીરે આઠમ તણો, ભવિક હિત એ અધિકાર રે;
જિન મુખે ઉચ્ચરી પ્રાણીયા,
પામશે ભવ તણો પાર રે; ॥ વિરતિ૦ ॥ ૧૪ ॥
એહથી સંપદા સવિ લહે, ટળે કષ્ટની કોડી રે;
સેવકે શિષ્ય બુધ પ્રેમનો,
કહે કાંતિ કર જોડી રે; ॥ વિરતિ૦ ॥ ૧૫ ॥

કલશ

ઇમ ત્રિજગભાસન અચલ શાસન, વર્ધમાન જિનેશ્વરૂં;
બુધ પ્રેમ ગુરૂ સુપસાય પામી, સંથુણ્યો અલવેસરૂ;
જિન ગુણ પ્રસંગે ભણ્યો રંગે, સ્તવન એ આઠમતણો;
જે ભવિક ભાવે સુણે ગાવે, કાંતિ સુખ પાવે ઘણો; ॥ ૧ ॥

. અષ્ટમી સ્તવન બીજું

ઢાળ ૧ લી

શ્રી રાજગ્રહી શુભ ઠામ, આધક દીવા જે રે;
વિચરંતા વિર જીણુંદ, અતિશય છાજે રે. ॥ ૧ ॥

તિહાં ચોત્રીશ ને પાંત્રીશ,, વાણી ગુણ ભાવે રે;
પધાર્યા વધામણી જાય, શ્રેણિક આવે રે; ॥ ૨ ॥

તિહાં ચોસઠ સુરપતિ આવીને, ત્રિગડું બનાવે રે;
તેમાં બેસીને ઉપદેશ, પ્રભુજી સુણાવે રે. ॥ ૩ ॥

તિહાં સુર નર નારી તિર્યંચ, નિજ નિજ ભાષા રે;
તિહાં સમજીને ભવતીર, પામે સુખ ખાસા રે;॥ ૪ ॥

તિહાં ઇંદ્રભૂતિ ગણધાર, શ્રી ગુરૂ વીર ને રે;
પૂછે અષ્ટમીનો મહિમાય, કહો પ્રભુ અમને રે; ॥ ૫ ॥

તવ ભાખે વીર જીણુંદ, સુણો સહુ પ્રાણી રે;
આઠમદિન જિનના કલ્યાણ, ધરોચિત્ત આણી રે; ॥ ૬ ॥

ઢાળ ૨ જી

શ્રી ઋષભનું જન્મ કલ્યાણ રે, વળી ચારિત્ર લહ્યું ભલેવાન રે;
ત્રીજા સંભવનું ચ્યવન, ભવી તુમે અષ્ટમી તિથિ સેવોરે;
એ છે શિવવધુ વરવાનો મેવો. ॥ ભવી૦ ॥ ૧ ॥

શ્રી અજિત સુમતિ નમિ જન્મ્યા રે અભિનંદન શિવપદ પામ્યા રે;
જીન સાતમા ચ્યવન પામ્યા. ॥ ભવી૦ ॥૨ ॥

વીસમા મુનિ સુવ્રત સ્વામી રે, જેનો જન્મ હોય ગુણ ધામી રે;
બાવીસમા શિવ વિશરામી, ॥ ભવી૦ ॥ ૩ ॥

પાર્શ્વનાથજી મોક્ષ મહંત રે, મૃત્યાદિક જિન ગુણવંત રે;
કલ્યાણક મુખ્ય કહંત. ।। ભવી० ।। ૪ ।।

આઠ કર્મ તે દૂર પલાય રે, તેથી અડ સિદ્ધિ અડ બુદ્ધિ થાય રે;
તે કારણ સેવો ચિત્તલાય. ।। ભવી० ।। ૫ ।।

એવી વીરજીણુંદની વાણી રે, સુણી સમજ્યા બહુ ભવ્ય પ્રાણી રે;
આઠમ દિન અતિગુણ ખાણી. ।। ભવી० ।। ૬ ।।

શ્રી ઉદયસાગરસૂરિ રાયા રે, ગુરૂ શિષ્ય વિવેકે ધ્યાયા રે;
તસ ન્યાયસાગર ગુણ ગાયા. ।। ભવી० ।।૭।।

અષ્ટમી સ્તવન ત્રીજું ઢાળ ૧ થી ૪

ઢાળ ૧ લી દુહા

પંચ તીર્થ પ્રભુનું સદા, સમરી શારદ માય;
અષ્ટમી સ્તવન હરખે રચું, સુગુરૂ ચરણ પસાય. ।। ૧ ।।

ઢાળ ૧ લી

હાંરે લાલા જંબુ દ્વીપના ભરતમાં, મગધ દેશ મહંત રે લાલા;
રાજગૃહી નયરી મનોહરૂ, શ્રેણિક બહુ બળવંત રે લાલા.
અષ્ટમી તિથિ મનોહરૂં, ।। ૧ ।।

હાંરે લાલા ચેલણા રાણી સુંદરૂ,
શિયલવંતી શિરદાર રે લાલા;
શ્રેણિક બુદ્ધ બુદ્ધ છાજતા,
નામે અભયકુમાર રે લાલા; ।। અષ્ટમી० ।। ૨ ।।

હાંરે લાલા વર્ણના આઠ મીટે એહથી,
અષ્ટ સાધે સુખનિધાન રે લાલા;

અષ્ટ મદ ભંજન વજ્ર છે,
પ્રગટે સમકિત નિધાનરે લાલા; અષ્ટમી૦ ॥ ૩ ॥
હાંરે લાલા અષ્ટ ભય નાશે એહથી,
અષ્ટ ઋદ્ધિ તણો ભંડાર રે લાલા;
અષ્ટ પ્રવચન માતા સંપજે,
ચારિત્ર તણે આગાર રે લાલ. ॥ અષ્ટમી૦ ॥ ૪ ॥
હાંરે લાલા અષ્ટમી આરાધન થકી,
અષ્ટ કર્મ કરે ચકચુર રે લાલા;
નવનિધિ પ્રગટે તસ ઘરે,
સંપૂર્ણ સુખ ભરપૂર રે લાલા. ॥ અષ્ટમી૦ ॥ ૫ ॥
હાંરે લાલા અડ દ્રષ્ટિ ઉપજે એહથી,
શિવ સાધે ગુણ અનુપરે લાલા;
સિદ્ધના આઠ ગુણ સંપજે,
શિવ કમળા રૂપ સ્વરૂપ રે લાલા. ॥અષ્ટમી૦ ॥ ૬ ॥

ઢાળ ૨ જી.

જીહો રાજગૃહી રળીયામણી, જીહો વીચરે શ્રી વિરજીણુંદ;
જીહો સમવસરણ ઇન્દ્રે રચ્યું, જીહો સુર અસુરના વૃંદ;
જગત સહુ વંદો શ્રી વીરજિણુંદ. ॥ ૧ ॥
જીહો દેવ રચીત સિંહાસને,
જીહો બેઠા શ્રી વર્ધમાન;
જીહો અષ્ટ પ્રાતિહારજ શોભતા,
જીહો ભામંડળ અસમાન. ॥ જગત૦ ॥ ૨ ॥
જીહો અનંત ગુણે જિનરાજજી,
જીહો પર ઉપકારી પ્રધાન;

જીહો કરૂણા સિંધુ મનોહરૂં;
જીહો ત્રિલોકે જિન ભાણ. ॥ જગત૦ ॥ ૩ ॥
જીહો ચોત્રીશ અતિશય વિરાજતા,
જીહો વાણી ગુણ પાંત્રીશ;
જીહો બારે પર્ષદા ભાવશું
જીહો ભકત નમાવે શિશ. ॥જગત૦ ॥ ૪ ॥
જીહો મધુર ધ્વનિ દીએ દેશના,
જીહો જિમરે અષાઢારે મેહ;
જીહો અષ્ટમી મહિમા વર્ણવે, જીહો જગબંધુ કહે તેહ;
જગત બહુ વંદો શ્રી વીર જીણંદ; ॥ ૫ ॥

ઢાળ ૩ જી

રૂડીને રઢીયાળી રે પ્રભુ, તારી દેશના રે,
તે તો એક જોજન લગે સંભળાય;
ત્રિગડે વિરાજેરે જિન દિએ દેશના રે,
શ્રેણીક વંદે પ્રભુના પાય;
અષ્ટમી મહીમા કહો કૃપા કરી રે, પુછે ગોયમ અણગાર;
અષ્ટમી આરાધન ફળસિદ્ધિનું રે. ॥ ૧ ॥
વીર કહે તપથી મહીમા એહનોરે, ઋષભ જન્મ કલ્યાણ;
ઋષભ ચારિત્ર હોએ નિર્મળુંરે,
અજિતનું જન્મ કલ્યાણ. અષ્ટમી૦ ॥ ૨ ॥
સંભવ ચ્યવન ત્રીજા જિનેશ્વરૂરે, અભિનંદન નિર્વાણ;
સુમતિ જન્મ સુપાર્શ્વ ચ્યવન છે રે,
સુવિધિ નમિ જન્મ કલ્યાણ. અષ્ટમી૦ ॥ ૩ ॥

મુનિસુવ્રત જન્મ અતિગુણનિધરે, નેમિ શિવપદ લહ્યું સાર;
પાર્શ્વનાથ નિર્વાણ મનોહરૂરે,
એ તિથિ પરમ આધાર. અષ્ટમી૦ ॥ ૪ ॥

ઉત્તમ ગણધર મહિમા સાંભળીરે, અષ્ટમી તિથિ પ્રમાણ;
મંગળ આઠ તણિ ગુણ માલિકારે,
તસ ઘર શિવ કમળા પ્રધાન. અષ્ટમી૦ ॥ ૫ ॥

ઢાળ ૪ થી

પ્રાઉરસગ્ગની નિર્યુક્તિએ, ભાખે મહાનિશીથ સૂત્રે રે;
ઋષભ વંશ દૃઢ વીરજી આરાધી, શિવસુખ પામે પવિત્રે રે.
શ્રી જિનરાજ જગત ઉપકારી. ॥ ૧ ॥

એતિથિ મહિમા વીર પ્રકાશે, ભવિક જીવને ભાસે રે;
શાસન તારૂં અવિચળ રાજે, દિનદિન દોલત વાધે રે. ॥ શ્રી૦ ॥૨॥
ત્રિશલાનંદન દોષ નિકંદન, કર્મ શત્રુને જીત્યા રે;
તીર્થંકર મહંત મનોહર, દોષ અઢાર નિવર્ત્યા રે.॥શ્રી૦ ॥૩॥
મન મધુકર વર પંકજ જલીનો, હરખી નિરખી પ્રભુ ધ્યાઉં રે;
શિવ કમલાસુખ દીઓ પ્રભુજી, કરૂણાનંદ પદ પાઉં રે. ॥૪॥
વૃક્ષ અશોક સુર કુસુમની વૃષ્ટિ, ચામર છત્ર વિરાજે રે;
આસન ભામંડળ જિન દીપે, દુંદુભી અંબર ગાજે રે.॥શ્રી૦॥૫॥
ખંભાત બંદર અતિ મનોહર, જિન પ્રાસાદ ઘણા સોહે રે;
બિંબ સંખ્યાનો પાર જ ન લહું,
દરિશણ કરી મન મોહે રે. ॥ શ્રી૦ ॥ ૬ ॥

સંવત અઢાર ઓગણચાલીશ વરસે, આશ્વિન માસ ઉદારે રે;
શુકલપક્ષ પંચમિ ગુરૂવારે,
સ્તવન રચ્યું છે ત્યારે રે. ॥ શ્રી૦ ॥ ૭ ॥

પંડિત દેવસૌભાગ્ય બુદ્ધિ લાવણ્ય,
રત્ન સૌભાગ્ય તેણે નામે રે
બુદ્ધિ લાવણ્ય લીએ સુખ સંપૂરણ,
શ્રી સંઘને કોડ કલ્યાણરે. ॥ શ્રી૦ ॥ ૮ ॥

આઠમની સ્તુતિઓ

૧

સંસાર દાવાનલ દાહનીરં, સંમોહધૂલીહરણે સમીરંમ્;
માયા રસાદારણ સાર સીરં,
નમામિ વીરંગિરિસાર ધીરમ્. ॥ ૧ ॥

ભાવાવનામસુર દાનવમાનવેન,
ચૂલાવિલોલકમલાવલિમાલિતાનિ
સંપૂરિતાભિનતલોકસમીહિતાનિ,
કામં નમામિ જિનરાજ પદાનિ તાનિ. ॥ ૨ ॥

બોધાગાધં સુપદપદવી નીરપૂરાભિરામં,
જીવાહિંસા વિરલલહરીસંગમાગાહ દેહમ્;
ચૂલાવેલં ગુરૂગમમણી સંકુલં દૂરપારં;
સારંવીરાગમજલનિધિં સાદરં સાધુ સેવે. ॥ ૩ ॥

આમૂલાલોલધૂલી બહુલપરિમલાલોઢલોલાલિમાલા,
ઝંકારારાવસારા મલદલકમલાગારભૂમી નિવાસે;
છાયાસંભારસારે વરકમલકરે તારહારાભિરામે,
વાણીસંદોહ દેહે ભવવિરહવરં દેહિ મે દેવિ સારમ્. ॥૪॥

૨

ચોવીશે જિનવર, હું પ્રણમું નિત્ય મેવ,
આઠમ દિન કરીએ, ચંદ્રપ્રભુની સેવ;
મૂર્તિ મનમોહન, જાણે પુનમ ચંદ,
દીઠે દુઃખ જાયે, પામે પરમાનંદ ॥ ૧ ॥
મળી ચોસઠ ઈંદ્ર, પૂજે પ્રભુજીના પાય,
ઈંદ્રાણી અપ્સરા, કર જોડી ગુણ ગાય;
નંદીશ્વર દ્વીપે, મળી સુરવરની કોડ,
અઠ્ઠાઈ મહોત્સવ, કરતાં હોડાહોડ. ॥ ૨ ॥
શત્રુંજય શિખરે, જાણી લાભ અપાર,
ચોમાસું રહીયા, ગણધર મુનિ પરિવાર;
ભવિયણને તારે, દેઈ ધર્મ ઉપદેશ,
દુખ સાકરથી પણ, વાણી અધિક વિશેષ. ॥ ૩ ॥
પોસહ પડિક્કમણું, કરીએ વ્રત પચ્ચક્ખાણ,
આઠમ દિન કરીએ, અષ્ટ કર્મની હાણ;
અષ્ટ મંગલ થાયે, દિન દિન કોડ કલ્યાણ,
એમ સુખસૂરિ કહે, જીવિત જન્મ પ્રમાણ. ॥ ૪ ॥

અષ્ટમીની સજ્ઝાય. ૧ લી

સરસ્વતી ચરણ નમી કરી, આપો વચન વિલાસ ભવિયણ;
અષ્ટમી તપ હું વર્ણવું, કર સેવકને ઉલ્લાસ ભવિયણ;
અષ્ટમી તપ ભાવે કરો. ॥ ૧ ॥

આણી હર્ષ અપાર ભવિયણ, તો પાર પામશો ભવતણો;
કરશો કર્મનો છેદ ભવિયણ,
અષ્ટમી તપ ભાવે કરો. ॥ ૨ ॥

અષ્ટ પ્રવચન પાળીએ, ટાળીએ મદના ઠામ ॥ ભ૦ ॥
અષ્ટ પ્રાતિહાર્ય મનધરી,
જપીએ જિનનું નામ. ॥ ભ૦ ॥ અ૦ ॥ ૩ ॥

જ્ઞાન આરાધન તેહ થકી, લહીયે શિવસુખ સાર; ॥ ભ૦ ॥
આવા ગમન તે નવી કરે,
એ છે જગત આધાર. ॥ ભ૦ ॥ અ૦ ॥ ૪ ॥

એહવો તપ તમે આદરો, આરાધો જિન ધર્મ; ॥ ભ૦ ॥
તો તુમે છૂટશો આપદા,
ટાળશો અઉગતિ ભર્મ. ॥ ભ૦ ॥ અ૦ ॥ ૫ ॥

તીર્થંકર પદવી લહે, તપથી નવે નિધાન; ॥ ભ૦ ॥
જુઓ મલ્લીકુંવરી પરે,
પામે બહુ ગુણ જ્ઞાન. ॥ ભ૦ ॥ અ૦ ॥ ૬ ॥

એ તપના છે ગુણ ઘણા, ભાખે શ્રી જિન ઇશ; ભ૦ ॥
શ્રી વિજય રત્ન સૂરીશનો, વાચક દેવસુરીશ ભવિયણ;
અષ્ટમી તપ ભાવે કરો. ॥ ૭ ॥

અષ્ટમીની સજઝાય બીજી.

અષ્ટકર્મ ચૂરણ કરીરે લાલ, આઠગુણે પ્રસિદ્ધમેરે પ્યારેરે;
ક્ષાયિક સમકિતના ધણીરે લાલ,
વંદુ વંદુ એહવા સિદ્ધ; ॥ મેરે૦ ॥ અષ્ટ૦ ॥ ૧ ॥

અનંત જ્ઞાન દર્શન ધરારે લાલ, ચોથું વીર્ય અનંત; મેરે૦
અગુરૂલઘુ સુખમય કહ્યારે લાલ,
અવ્યાબાધ મહંત. ॥ મેરે૦ ॥ અષ્ટ૦ ૨
જેહની કાયા જેહવી રે લાલ, ઉણી ત્રીજે ભાગ; મેરે૦
સિદ્ધશીલાથી જોયણે રે લાલ,
અવગાહના વીતરાગ. ॥ મેરે૦ ॥ અષ્ટ૦ ૩
સાદિ અનંતા તિહાં ઘણારે લાલ, સમય સમય તેહ જાય; મેરે૦
મંદિરમાંહિ દીપાલિકારે લાલ,
સઘળા તેજ સમાય. ॥ મેરે૦ ॥ અષ્ટ૦ ૪
માનવ ભવથી પામીએરે લાલ, સિદ્ધ તણા સુખ સંગ; મેરે૦
એહનું ધ્યાન સદા ધરોરે લાલ,
એમ બોલે ભગવતી અંગ. ॥ મેરે૦ ॥ અષ્ટ૦ ૫
શ્રી વિજયદેવ પટ્ટોધરૂ રે લાલ, શ્રીવિજયસેનસૂરીશ;મેરે૦
સિદ્ધતણાં ગુણ એ કહ્યારે લાલ,
દેવ દીએ આશિષ મેરે પ્યારરે. ॥ અષ્ટમી૦ ૬

આઠ મદની સજ્ઝાય.

મદ આઠ મહામુનિ વારીએ, જે દુર્ગતિના દાતાર રે;
શ્રી વીરજિનેશ્વર ઉપદિશે, ભાખે સોહમ ગણધાર રે. મદ૦ ૧
હાંજી જાતિનો મદ પહેલો કહ્યો, પૂર્વે હરિકેશીએ કીધો રે;
ચંડાળ તણે કૂળ ઉપન્યો, તપથી સવિકારજ સીધો રે. મદ૦ ૨
હાંજી કુળમદ બીજો દાખીઓ, મરિચિ ભવે કીધો પ્રાણી રે;
કોડાકોડી સાગર ભવમાં ભમ્યો, મદ મ કરો ઈમ મન જાણી રે. ૩
હાંજી બળ મદથી દુઃખ પામીયા, શ્રેણિક વસુભૂતિ જીવો રે;
જઈ સોગવ્યાં દુઃખ નરકતણાં, મુખ પાડંતા નિત્ય રીવો રે. મદ૦ ૪

હાંજી સનતકુમાર નરેશ્વરૂ, સુર આગળ રૂપ વખાણ્યું રે;
રોમ રોમ કાયા બગડી ગઈ, મદ ચોથાનું એ ટાણું રે. ૫
હાંજી મુનિવર સંયમ પાળતાં, તપનો મદ મનમાં આવ્યો રે;
થયા કુરગડુ ઋષિરાજીયા, પામ્યા તપનો અંતરાયો રે. મદ૦ ૬
હાંજી દેશ દશારણનો ધણી, રાય દશાર્ણભદ્ર અભિમાની રે;
ઇંદ્રની ઋદ્ધિ દેખી બુઝીઓ, સંસાર તજી થયો જ્ઞાની રે. મદ૦ ૭
હાંજી સ્થુલીભદ્રે વિદ્યાનો કર્યો, મદ સાતમો જે દુઃખદાયી રે;
શ્રુત પૂરણ અર્થ ન પામીયા, જુઓ માનતણી અધિકાઈ રે. ૮
રાય સુભૂમ ષટ્ ખંડનો ધણી, લોભનો મદ કીધો અપાર રે;
હય ગય રથ સબ સાયર ભર્યો, ગયો સાતમી નરક મોઝાર રે. ૯
ધર્મ તન ધન જોબન રાજ્યનો, મ ધરો મનમાં અહંકારો રે;
એહ અથિર અસત્ય સવિકારમું, વિણસે ક્ષણમાં બહુવારો રે. ૧૦
મદ આઠ નિવારો વ્રતધારી, પાળો સંયમ એ સુખકારી રે;
કહે માનવિજય તે પામશે, અવિચળ પંદવી નર નારી રે. ૧૧

આઠમી સંવર ભાવનાની સજઝાય.

દુહા

શુભ માનસ માનસ કરી, ધ્યાન અમૃત રસ રેલી;
નવદલ શ્રી નવકાર પદ, કરી કમલાસન કેલી. ૧
પાતક પંક પખાળીને, કરી સંવરની પાળ;
પરમ હંસ પદવી ભજે, છોડી સકળ જંજાળ. ૨

આઠમી સંવર ભાવના. ઢાળ ૮ મી.

આઠમી સંવર ભાવનાજી રે, ધરી ચિત્તશું એકતાર;
સમિતિ ગુપ્તિ સુધી ધરોજી રે, આપોઆપ વિચાર;
સલુણા રે શાંત સુધારસ ચાખ. ॥
વિરસ વિષય ફળ કુલડેજી રે, ઓટતો મન અવિરાખ. સ૦ ૧

લાભ અલાભે સુખ દુઃખેજીરે. જીવિત મરણ સમાન;
શત્રુ મિત્ર સમ ભાવતોજી રે, માન અને અપમાન. સ૦ ૨
કદિયે પરિગ્રહ છાંડશુંજી રે, લેશું સંયમ સાર;
શ્રાવક ચિંતે હું કદાજી રે, કરીશ સંથારો સાર. સ૦ ૩
સાધુ આશંસા ઇમ કરેજી રે, સૂત્ર ભણીશ ગુરૂ પાસ;
એકલમલ્લ પ્રતિમા રહીજી રે, કરીશ સંલેખણ ખાસ. સ૦ ૪
સર્વ જીવહિત ચિંતવોજી રે, વયર મ કર જગ મિત્ત;
સત્ય વચન મુખ ભાખીએ જી રે, પરિહર પરનું વિત્ત, સ૦ ૫
કામકટક ભેદણ ભણીજી રે, ધરતું શીલ સનાહ;
નવવિધ પરિગ્રહ મૂકતાંજી રે, લહીએ સુખ અથાહ. સ૦ ૬
દેવ મણુય ઉપસર્ગશુંજી રે, નિશ્ચલ હોય સધીર;
બાવીસ પરીસહ જીતીએ જીરે, જીમ જીત્યા શ્રી વીર. સ૦ ૭

આઠ પ્રભાવકની સજઝાય.

આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા, પાવયણી ધુરી જાણ;
વર્તમાન શ્રુતના જે અર્થનો, પાર લહે ગુણખાણ.
ધન ધન શાસન-મંડન મુનિવરા. ૧

ધર્મકથી તે બીજો જાણીએ, નંદિયેણ પરે જેહ;
નિજ ઉપદેશે રે રંજે લોકને, ભંજે હૃદય સંદેહ. ધન૦ ૨
વાદી ત્રીજો રે તર્ક નિપુણ ભણ્યો, મલ્લવાદી પરે જેહ;
રાજદ્વારે રે જય કમલા વરે, આજ તો જિમ મેહ. ધન૦ ૩
ભદ્રબાહુ પરે જેહ નિમિત્ત કહે, પર મત જીપણ કાજ;
તેહ નિમિત્તીરે ચોથો જાણીએ, શ્રી જિનશાસન રાજ. ધન૦ ૪
તપગુણ જોપે રે રોપે ધર્મને, જોપે નવિ જિનઆણ;
આશ્રવ રોપે રે નવિ કોપે કદા, પંચમ તપસી તે જાણ. ધન૦ ૫

છઠ્ઠો વિદ્યા રે મંત્રતણો બલી, જિમ શ્રી વયર મુણંદ;
સિદ્ધ સાતમો રે અંજનયોગથી, જિમ કાલિક મુનિચંદ. ધન૦ ૬

કાવ્ય સુધારસ મધુર અર્થ ભર્યાં, ધર્મ હેતુ કરે જેહ;
સિદ્ધસેન પરે રાજા રીઝવે, અદ્ભુમવર કવિ તેહ. ધન૦ ૭

જબ નવિ હોવે પ્રભાવક એહવા, તવ વિધિપૂર્વ અનેક;
જાત્રા પૂજાદિક કરણી કરે, તેહ પ્રભાવક છેક. ધન૦ ૮

શ્રી ઉપદેશક સજ્ઝાય.

હાંરે લાલા સિદ્ધ સ્વરૂપી આતમા, પ્રણમી તેહના પાય રે લાલા;
નરભવના ગુણ વર્ણવું, ધર્મ સહા સુખદાયરે લાલા. સિદ્ધ૦ ૧

હાંરે લાલા ધર્મ વિનાનર ભવ કિસ્યો,
વિનય વિના જેમ શિષ્ય રે લાલા,
જ્ઞાન વિનાનો ગુરૂ કિસ્યો,
નાથ વિના જેમ વૃષરે લાલા. સિદ્ધ૦ ૨

હાંરે લાલા ધન વિના ઘરશોભે નહિ,
પ્રેમ વિનાનો શો નેહ રે લાલા;
નીર વિના સરોવર કિસ્યો,
નારી વિના જેમ ગેહરે લાલા. સિદ્ધ૦ ૩

હાંરે લાલા દુઃખ વિના પુરૂષ કિસ્યો,
સુલક્ષણ વિના જિમ પુત્ર રે લાલા;
સ્વામી વિના બળ શું કરે,
ચારિત્ર વિના જિમ સૂત્રરે લાલા. સિદ્ધ૦ ૪

હાંરે લાલા રસ વિના ગીતા કારમી,
આદર વિના શો દાન રે લાલા;
અંકુશ વીના ગજશો વશે,
કાઢયા પછી શો માન રે લાલા. સિદ્ધ૦ ૫

હાંરે લાલા પરાક્રમ વિના જિમ કેસરી,
નરભવ જસ વિણ લાખરે લાલા;
વાજિંત્ર વિના નાટક કિશ્યો,
ઇંદ્રિય વિના જિમ સાધ રે લાલા. સિદ્ધ૦ ૬

હાંરે લાલા પ્રેમ કિશ્યો પરવશપણે,
ગુણ કિશ્યો પ્રમાણે આપ રે લાલા;
પરજન પર રાગી કિશ્યો,
દુશ્મન શું શો મેળાપ રે લાલા. સિદ્ધ૦ ૭

હાંરે લાલા ઉપદેશ શો અજ્ઞવ્યને,
બહેરા આગળ શો ગીત રે લાલા.
મુરખ આગળ રસ કથા,
અંધા આગળ દર્પણ રીત રે લાલા. સિદ્ધ૦ ૮

હાંરે લાલા ધર્મ કરો આનંદથી,
જેમ આતમાને હિતકાર રે લાલા;
મુનિ આણંદના પ્રમોદથી,
લહો કેવળ શિવપુર સાર રે લાલા. સિદ્ધ૦ ૯

શ્રી આઠમા પાપસ્થાનકની સજ્ઝાય.

પાપસ્થાનક કહું આઠમું, સુણો સંતાજી,
છંડો માયા મૂળ, ગુણવંતાજી;
કપટ કરે વ્રત આદરે, સુ૦ માયા તે પ્રતિકૂળ. ગુ૦ ૧

નગન માસ ઉપવાસિયા, સુ૦ સીથ લીયે કુશ અન્ન; ગુ૦
ગર્ભ અનંતા પામશે, સુ૦ જો છે માયા મન્ન; ગુ૦ ૨

કેશલોચ મળારણુ, સુ૦ ભૂમિ શય્યા વ્રત યાગ. ગુ૦
સુકર સકળ છે સાધુને, સુ૦ દુષ્કર માયા ત્યાગ. ગુ૦ ૩

નયન વચન આકારનું, સુ૦ ગોપન માયાવંત; ગુ૦
જેહ કરે અસતી પરે, સુ૦ તે નહિ હિતકર તંત. ગુ૦ ૪

કુસુમપુરે ધરે શેઠને સુ૦ હેઠે રહ્યા સંવિજ્ઞ; ગુ૦
ઉપર તસ બીજો રહ્યો, સુ૦ મુત્કલ પણ સુગુણજ્ઞ. ગુ૦ ૫

દંભી એક નિંદા કરે, સુ૦ બીજો ધરે ગુણ રાગ; ગુ૦
પહેલાને ભવ દુસ્તર કહે, સુ૦ બીજાને કેવળ તાગ; ગુ૦ ૬

વિધિ નિષેધ નવિ ઉપદિશે, સુ૦ એકાંતે ભગવંત; ગુ૦
કારણે નિઃકપટી થવું, સુ૦ એ આણા છે તંત. ગુ૦ ૭

માયાથી અળગા ટળો, સુ૦ જીમ મળો મુક્તિશું રંગ; ગુ૦
મુજસ વિલાસ સુખી રહો, સુ૦ લક્ષણ આવે અંગ. ગુ૦ ૮

શ્રી દશવૈકાલીકના આઠમા અધ્યયનની સજ્ઝાય.

કહે શ્રી ગુરૂ સાંભલો ચેલા રે, આચારે જે પુણ્યના વેલા રે;
છજ્જાય વિરાહણ ટાલો રે, ચિત્ત ચોખે ચારિત્ર પાલો રે. કહે૦ ૧

પુઢવી પાષાણ ન ભેદો રે, ફલ કુલ પત્રાદિ ન છેદો રે;
બીજ કૂંપલ વન મત ફરજો રે, જીવ વિરાધનથી ડરજો રે; કહે૦ ૨

વલી અગ્નિ મ ભેટશો ભાઇ રે, પીજો પાણી ઉનું સદાઇ રે;
મત વાવરો કાચું પાણી રે, એહવી છે શ્રી વીરની વાણી રે. કહે૦ ૩

હિમ ધૂમર વડ ઉંબરાં રે, ફલ કુંથુઆ કીડી નગરાં રે;
નીલ ફૂલ હરી અંકૂરા રે, ઇંડાલ એ આઠે પુરા રે. કહે૦ ૪

સ્નેહાદિક લેઈ જાણી રે, મત હણજો સૂક્ષ્મ પ્રાણી રે;
પડિલેહિ સવિ વાવરજો રે, ઉપકરણે પ્રમાદ મ કરજો રે. કહે૦ ૫
જયણાએ ડગલાં ભરજો રે, વાટે ચાલતાં વાત મ કરજો રે;
મત જ્યોતિષ નિમિત્ત પ્રકાશો રે, નિરખો મત નાચ તમાસો રે. કહે૦ ૬
દીહું અણદીહું કરજો રે, પાપ વયણ ન શ્રવણે ધરજોરે;
અણસુજતો આહાર તજજો રે, રાતે સન્નિધી સવિ વરજો રે. કહે૦ ૭
બાવીશ પરિસહ સહેજો રે, દેહ દુઃખે ફલ સદહજો રે,
અણ પામે કાર્પણ્યમ કરજો રે, તપ શ્રતનો મદ નવિ ધરજોરે. કહે૦ ૮
સ્તુતિ ગાળે સમતા ગ્રહજો રે, દેશ કાલ જોઇને રહેજો રે;
ગૃહસ્થ શું જાતિ સગાઇ રે, મત કાઢજો મુનિવર કાંઈ રે. કહે૦ ૯.
ન રમાડો ગૃહસ્થનાં બાળ રે, કરો ક્રિયાની સંભાળ રે;
યંત્ર મંત્ર ઔષધના ભામા રે, મત કરજો કુગતિના કામા રે. કહે૦ ૧૦
ક્રોધે પ્રીતિ પૂરવલી જાય રે, વલી માનેં વિનય પલાય રે;
માયા મિત્રાઈ નસાડે રે, સવિ ગુણ તે લોભ નસાડે રે. કહે૦ ૧૧
તે માટેં કષાય એ ચાર રે, અનુક્રમેં દમજો અણગાર રે;
ઉપશમશું કેવલ ભાવે રે, સરલાઇ સંતોષ સભાવેં રે. કહે૦ ૧૨
બ્રહ્મચારીને જાણજો નારી રે, જેસી પોપટ ને માંજારી રે;
તેણે પરિહરો તસ પરસંગ રે, નવવાડ ધરો વલિ ચંગ રે. કહે૦ ૧૩
રસ લોલુપ થઇ મત પોષો રે, નિજ કાયા તપ કરીને શોષો રે;
જાણો અથિર પુદ્ગલ પિંડ રે, વ્રત પાળજો પંચ અખંડ રે. કહે૦ ૧૪
કહ્યું દશવૈકાલિકેં એમ રે, અધ્યયનેં આઠમે તેમ રે;
ગુરૂ લાભવિજયથી જાણી રે,
બુધ વૃદ્ધિવિજય મન આણી રે. કહે૦ ૧૫

પોષદશમી શ્રી પાર્શ્વનાથજીનાં ચૈત્યવંદનો.

સકલ ભવિજન ચમત્કારી, ભારી મહિમા જેહનો,
નિખિલ આતમરમા રાજિત, નામ જપીએ તેહનો;
દુષ્ટ કર્માષ્ટક ગંજરી જે, ભવિક જન મન સુખ કરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામી નામ શંખેશ્વરો, ૧

બહુ પુન્યરાશી દેશ કાશી, તથ્ય નયરી વાણારસી,
અશ્વસેન રાજા રાણી વામા, રૂપે રતિ તનુ સારીખી;
તસ કુખે સુપન ચૌદ સૂચિત, સ્વર્ગથી પ્રભુ અવતર્યો. નિત્ય૦ ૨

પોષ માસે કૃષ્ણ પક્ષે, દશમી દિન પ્રભુ જનમીયા,
સુરકુમરી સુરપતિ ભક્તિ ભાવે, મેરૂ શૃંગે સ્નાપીયા;
પ્રભાતે પૃથ્વીપતિ પ્રમોદે, જન્મ મહોચ્છવ અતિ કર્યો. નિત્ય૦ ૩

ત્રણ લોક તરૂણી મન પ્રમોદી, તરૂણ વય જબ આવીયા,
તવ માત તાતે પ્રસન્ન ચિત્તે, ભામિની પરણાવીયા;
કમઠ શઠકૃત અગ્નિકુંડે, નાગ બલતો ઉદ્ધર્યો. નિત્ય૦ ૪

પોષ વદિ એકાદશી દિને, પ્રવ્રજ્યા જિન આદરે,
સુર અસુરરાજ ભક્તિ તાજી, સેવના ઝાઝી કરે;
કાઉસ્સગ્ગ કરતાં દેખી કમઠે, કીધ પરીષહ આકરો. નિત્ય૦ ૫

તવ ધ્યાનધારારૂઢ જિનપતિ, મેઘધારે નવિ ચલ્યો,
તિહાં ચલિત આશન ધરણ આયો, કમઠ પરીષહ અટકળ્યો;
દેવાધિદેવની કરે સેવા, કમઠને કાઢી પરો. નિત્ય૦ ૬

ક્રમે પામી કેવલજ્ઞાન કમળા, સંઘ ચઉવિહ સ્થાપીને,
પ્રભુ ગયા મોક્ષે સમેત શિખરે, માસ અણસણ પાલીને;
શિવરમણી રંગે રમે રસિયો, ભવિક તસ સેવા કરો. નિત્ય૦ ૭

ભૂત પ્રેત પિશાચ વ્યંતર, જલણ જલોદર ભય ટલે,
રાજરાણી રમા પામે, ભક્તિ ભાવે જે મળે;
કલ્પતરૂથી અધિક દાતા, જગત ત્રાતા જય કરો. નિત્ય૦ ૮
જરા-જર્જરી ભૂત યાદવ, સૈન્ય રોગ નિવારતા,
વઢીયાર દેશે નિત્ય બિરાજે, ભવિક જીવને તારતા;
એ પ્રભુ તણાં પદ પદ્મ સેવા, રૂપ કહે પ્રભુતા વરો. નિત્ય૦ ૯

૨

ૐ નમઃ પાર્શ્વનાથાય, વિશ્વચિન્તામણિયતે;
હ્રીં ધરણેંદ્ર વૈરોટ્યા, પદ્માદેવી યુતાયતે. ॥ ૧ ॥
શાન્તિ તુષ્ટિ મહાપુષ્ટિ, ધૃતિ કીર્તિ વિધાયિને;
ૐ હ્રીં છિંડ વ્યાલ વેતાલ, સર્વાધિ વ્યાધિનાશિને. ॥ ૨ ॥
જયાજિતાખ્યા વિજયાખ્યા, પરાજિતયાન્વિતઃ
દિશાં પાલૈર્યેહેર્યક્ષે,વિદ્યાદેવી ભિરન્વિતઃ ॥ ૩ ॥
ૐ અસિઆઉસાય નમસ્તત્ર, ત્રૈલોક્યનાથતામ;
ચતુઃષષ્ટિ સુરેન્દ્રાસ્તે, ભાસ્વન્તે છત્રચામરૈ; ॥ ૪ ॥
શ્રી શંખેશ્વર મંડનપાર્શ્વજિન, પ્રણુત કલ્પ તરૂકલ્પ;
પૂરય દુષ્ટવ્રાતં, પૂરય મે વાંછિતં નાથ. ॥ ૫ ॥

૩

જય ચિંતામણિ પાર્શ્વનાથ જય ત્રિભુવન સ્વામી;
અષ્ટ કર્મ રિપુ જીતીને, પંચમી ગતિ પામી. ॥ ૧ ॥
પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહીએ;
પ્રભુ નામે ભવ ભયતણાં, પાતક સઘ દહીએ. ॥ ૨ ॥
ૐ હ્રીં વર્ણ જોડી કરીએ, જપીએ પાર્શ્વનામ;
વિષ અમૃત થઈ પરગમે, લહીએ અવિચલ ઠામ. ॥ ૩ ॥

૪

શ્રયામિતં જિનં સદા મુદા પ્રમાદવર્જિતં,
સ્વકીયવાગ્વિલાસતો જિતોરુમૈદ્યમર્જિતમ;
જગત્પ્રકામ કામિત પ્રદાન દક્ષમક્ષતં,
પદં દધાનમુચ્ચ કૈરકૈતવોપલક્ષિતમ્ ॥ ૧ ॥
સતામવદ્યભેદકં પ્રભૂતસંપદાં પદં
વલક્ષપક્ષ સંગતં જને ક્ષણ ક્ષણ પ્રદમ;
સદૈવ યસ્ય દર્શનં વિશાં વિમર્દિતૈનસાં,
નિહન્ત્ય શાતજાતમાત્મ ભક્તિરક્ત ચેતસામ્ ॥ ૨ ॥
અવાપ્ય યત્પ્રસાદમાર્હિતઃ પુરૂશ્રિયો નરા,
ભવન્તિ મુક્તિગામિનસ્તતઃ પ્રભા પ્રભાસ્વરા,
ભજેયમાશ્વસેનિ દેવ દેવમેવ સત્યદં,
તમુચ્ચમાનસેન શુદ્ધ બોધ વૃદ્ધ લાભદમ્ ॥ ૩ ॥

૫

આશ પૂરે પ્રભુ પાસજી, ત્રોડે ભવપાસ;
વામા માતા જનમીયા, અહિ લંછન જાસ. ॥ ૧ ॥
અશ્વસેન સુત સુખકરૂ, નવ હાથની કાયા,
કાશીદેશ વાણારસી, પુણ્યે પ્રભુ આયા. ॥ ૨ ॥
એકસો વરસનું આઉખું એ, પાળી પાસકુમાર;
પદ્મ કહે મુગતે ગયા, નમતાં સુખ નિરધાર ॥ ૩ ॥

પોષદસમી શ્રી પાર્શ્વનાથજીના સ્તવનો.

૧

નિત્ય સમરૂં સાહિબ સમણાં, નામ સુણતાં શીતલ શ્રવણાં;
જિન દરિસણે વિકસે નયણાં, ગુણ ગાતાં ઉલસે વયણાં રે,
શંખેશ્વર સાહિબ સાચો, બીજાનો આશરો કાચો રે; શં૦ ૧

દ્રવ્યથી દેવ દાનવ પૂજે, ગુણ શાંત રૂચિપણું લીજે.
અરિહાપદ પજ્જવછાજે, મુદ્રા પદ્માસન રાજે રે. શં૦ ૨

સંવેગે તજી ઘરવાસો, પ્રભુ પાસના ગણધર થાશો;
તવ મુક્તિપુરીમાં જાશો, ગુણિલોકમાં વયણે ગવાસોરે. શં૦ ૩

એમ દામોદર જિનવાણી, આષાઢી શ્રાવકે જાણી;
જિન વંદી નીજ ઘર આવે,પ્રભુ પાર્શ્વ ની પ્રતિમા ભરાવે રે, શં૦ ૪

ત્રણ કાલ તે ધૂપ ઉખેવે, ઉપકારી શ્રી જિન સેવે;
પછી તેહ વૈમાનિક થાવે, તે પ્રતિમા પણ તિહાંલાવે રે. શં૦ ૫

ઘણા કાલ પૂજી બહુમાને, વલી સૂરજ ચંદ્ર વિમાને;
નાગ લોકના કષ્ટ નિવાર્યા, જ્યારે પાર્શ્વ પ્રભુજી પધાર્યા રે. શં૦ ૬

બહુસૈન્ય રહ્યો રણઘેરી, જીત્યા નવિ જાયે વૈરી;
જરાસંધે જરા તવ મેલી, હરિબલ વિના સઘલે ફેલી રે. શં૦ ૭

નેમીશ્વર ચોકી વિશાલી, અઠ્ઠમ કરે વનમાલી;
તૂહી પદ્માવતી બાલી, આપે પ્રતિમા ઢાક ઝમાલી રે. શં૦ ૮

પ્રભુ પાસની પ્રતિમા પૂજી, બલવંત જરા તવ ધ્રૂજી;
છંટકાવ ન્હવણ જલ જોતી, જાદવની જરા જાય રોતી રે. શં૦ ૯

શંખ પૂરી સહુને જગાવે, શંખેશ્વર ગામ વસાવે;
મંદિરમાં પ્રભુ પધરાવે, શંખેશ્વર નામ ધરાવે રે. શં૦ ૧૦

રહે જે જિનરાજ હજૂરે, સેવક મનવંછિત પુરે;
એ પ્રભુજીને ભેટણ કાજે, શેઠ મોતીભાઇને રાજે રે. શં૦ ૧૧

નાના માણેક કેરા નંદ, સંઘવી પ્રેમચંદ વીરચંદ;
રાજનગરથી સંઘ ચલાવે,ગામો ગામના સંઘ મિલાવે રે. શં૦ ૧૨

અઢાર અઠોતેર વરસે, ફાગણ વદિ તેરસ દિવસે;
જિન વંદી આનંદ પાવે, શુભવીર વચન રસજાવે રે. શં૦ ૧૩

૨

પાસ શંખેશ્વર ભેટીયે રે લોલ, મેટીયે વિઘ્ન વિકાર રે વાલ્હેસર૦
અદ્‌ભુતકીર્તિ કલિયુગે રે લોલ,
ભવિજનને આધાર રે. વા૦ પાસ૦ ॥ ૧ ॥
દેશ દેશના જન ઘણારે લોલ, યાત્રા કરવા કાજ રે. વા૦
આવે અતિ ઉલટ ભર્યા રે લોલ,
લેઇ લેઇ પૂજ સમાજ રે. વા૦ પાસ૦ ॥ ૨ ॥
નવરંગી આંગી રચે રે લોલ, ભવી અંગે ધરી ભાવ રે. વા૦
એહિજ ભાવના ભાવતા રે લોલ,
ભવજલ તરવા નાવ રે. વા૦ પાસ૦ ॥ ૩ ॥
કમઠ હઠી હઠ ભંજણો રે લોલ, રંજણો જગજન ચિત્ત રે; વા૦
સાથ મિલ્યો હવે તાહરો રે લોલ,
કીધો જન્મ પવિત્તરે.. વા૦ પાસ૦ ॥ ૪ ॥
વામાનંદન વાલહારે લોલ, પ્રભાવતીના નાથ રે. વા૦
જ્ઞાનવિમલ ગુણ બાંહ્યથી રે લોલ,
ગ્રહીને કરો સનાથ રે વા૦ પાસ૦ ॥ ૫ ॥

૩

સારકર સારકર સ્વામી શંખેશ્વરા,
વિશ્વ વિખ્યાત એકાંત આવો;
જગતના નાથ મુજ હાથ ઝાલી કરી,
આજ કિમ અજમાં વાર લાવો ? સારકર૦ ॥ ૧ ॥
હૃદય મુજ રંજણો શત્રુ દુઃખ ભંજણો,
ઇષ્ટ પરમિષ્ટ મોહે તુંહિ સાચો;
અલક ખિજમત કરે વિપત્તિ સમે ખિણ ભરે,
નવિ રહે તાસ અભિલાષ કાચો. સારકર૦ ॥ ૨ ॥

યાદવા રણજણે રામ કેશવ રણે,
જામ લાગી જરા નિંદ સોતી;
સ્વામી શંખેશ્વરા ચરણજલ પામીને,
યાદવાની જરા જાય રોતી. સારકર૦ ॥ ૩ ॥

આજ જિનરાજ ઉંઘે કિરયું? આ સમે, જાગ મહારાજા!
સેવક પનોતા; સુબુદ્ધિ મણેંટલે ધૂતેં દોલત હરે,
વીર હાકે રિપુવૃંદ રોતા. સારકર૦ ॥ ૪ ॥

દાસ છું જન્મના પૂરોયે કામના,
ધ્યાનથી માસ દશ દોય વીત્યા;
વિકટ સંકટ હરો નિકટ નયણાં કરો,
તો અમે શત્રુ નૃપતિ કું જીત્યા. સારકર૦ ॥ ૫ ॥

કાળમું ઘે અશન શીતકાલે વસન,
શ્રમ સુખાસન રણે ઉદક દાઇ;
સુગુણનર સાંભરે વિસરે નહિ કદા.
પાસજી તું સદા છે સખાઈ. સારકર૦ ॥ ૬ ॥

માત તું ભ્રાત તું તાત તું દેવતું, દેવ દાનયામાં દુજો ન વહાલો;
શ્રી શુભવીર જગ જીતડંકો કરે,
નાથજી નેક નયણે નિહાલો. સારકર. ॥ ૭ ॥

૪

પાસજી તોરા રે પાય, પદ્મકમાં છોડયા ન જય;
તુમસેં લગન લગી.—આંકણી.
લગી લગી આંખીયાને રહી રે લોભાય;
દુનિયામાં દુજો કોઇ આવે ન દાય. તુમસેં૦ ॥ ૧ ॥

આછી આછી આંગીઆંને રંગ અનૂપ;
અજબ બન્યું છે સાહિબા આજનું રૂપ. તુમસેં૦ ॥ ૨ ॥
શિર કાને કર હૈયે સોહે ઉદાર;
મુગટ કુંડલ બાજુબંધને હાર. તુમસેં૦ ॥ ૩ ॥
તુજ પદ પંકજ મુજ મન ભૃંગ.
ચિત્તમાં લાગ્યોરે સાહિબા, ચોલનો રંગ. તુમસેં૦ ॥ ૪ ॥
દેવાધિદેવ તું તો દીન દયાલ;
ત્રિભુવન નાયક તુજને, નમું ત્રણ કાલ. તુમસેં૦ ॥ ૫ ॥
લંબી લંબી બાહડીને બડે બડે નેણ;
સુરતરૂ સરીખા સાહિબા, શિવ સુખ દેણ. તુમસેં૦ ॥ ૬ ॥
જુની જુની મૂરતિને જ્યોત અપાર;
સુરત દેખીને પ્રભુની, મોહ્યોરે સંસાર. તુમસેં૦ ॥ ૭ ॥
સત્તરસેં બેંશી સમે ને ચૈતર માસ;
પૂરણ માસે પહોતી પૂરણ આશ. તુમસેં૦ ॥ ૮ ॥
ઉદયરતન વાચક વદે એમ,
પાર્શ્વ શંખેશ્વર જોતાં વાધ્યો છે પ્રેમ. તુમસેં૦ ॥ ૯ ॥

૫

રાતાં જેવાં કુલડાંને, શામળ જેવો રંગ,
આજ તારી આંગીનો કાંઈ, રૂડો બન્યો રંગ;
પ્યારા પાસજી હો લાલ, દીનદયાળ મને નયણે નિહાળ. પ્યારા૦ ૧
જોગીવાડે જાગતોને, માતો ધિંગડ મલ્લ;
શામળો સોહામણો કાંઇ, જીત્યા આઠે મલ્લ. પ્યારા૦ ૨
તું છે મારો સાહિબોને, હું છું તારો દાસ;
આશપુરો દાસની કાંઇ, સાંભળી અરદાસ. પ્યારા૦ ૩

દેવ સઘળા દીઠા તેમાં, એકજ તું અવ્વલ્લ;
લાખેણું છે લટકું તારું, દેખી રીઝે દિલ્લ. પ્યારા૦ ૪
કોઇ નમે પીરને ને, કોઈ નમે રામ;
ઉદયરત્ન કહે પ્રભુજી, મારે તુમશું. કામ. પ્યારા૦ ૫

૬

શ્રી ચિન્તામણિ પાર્શ્વજી રે, વાત સુણો એક મોરી રે.
માહરા મનના મનોરથ પૂરજો,
હું તો ભક્તિ ન છોડું તોરી રે. શ્રી૦ ૧
માહરી ખિજમતમાં ખામી નહિ રે, તાહરે ખોટ નહિ ખજાને રે;
હવે દેવાની શી ઢીલ છે ! કહેવું તે કહી દે છાને રે. શ્રી૦ ૨
તેં ઉરણ સવિ પૃથ્વી કરી રે, ધન વરસી વરસી દાને રે;
માહરી વેળા શું એહવા, દીએ વાંછિતવાળો વાને રે. શ્રી૦ ૩
હું તો કેડ ન છોડું તાહરી રે, આપ્યા વિણ શિવ સુખ સ્વામી રે;
મૂરખ તે ઓછે માનશે, ચિંતામણિ કપ્યલ પામી રે. શ્રી૦ ૪
મત કહેશો તુજ કર્મે નથી રે, કર્મે છે તો તુંજ પામ્યો રે,
મુજ સરીખા કીધા મોટકા, કરો તિણે કાંઇ તુજ થામ્યો રે. શ્રી૦ ૫
કાલ સ્વભાવ ભવિતવ્યતા રે, તે સઘળા તારા દાસો રે;
મુખ્ય હેતુ તું મોક્ષનો, એ મુજને સબલ વિશ્વાસો રે. શ્રી૦ ૬
અમે ભક્તે મુક્તિને ખેંચશું રે, જિમ લોહ ચમક પાષાણો રે.
તુમે કહેજે હસીને દેખશો, હેજો સેવક છે સપરાણો રે. શ્રી૦ ૭
ભક્તિ આરાધ્યા ફળ દીએ રે, ચિંતામણિ પણ પાષાણો રે;
વળી અધિકું કાંઇ કહાવશો, એ ભદ્રક ભક્તિતે જાણો રે. શ્રી૦ ૮
બાળક તે જિમતિમ બોલતો રે, કરે લાડ તાતને આગે રે;
તે તેહશું વંછિત પૂરવે, બની આવે સઘળું રાગે રે. શ્રી૦ ૯

માહરે બનનારૂં તે બન્યુ જ છે રે, હું તો લોકને વાત શીખાવું રે.
વાચક જસ કહે સાહિબા, એ રીતે પ્રભુ ગુણ ગાવું રે. શ્રી૦ ૧૦

૭

ચાલ ચાલ કુંવર ચાલ, તારી ચાલ ગમે રે.
તુજ દીઠડા વિના મીઠડા મારા, પ્રાણ ભમે રે. ચાલ૦ ૧
ખોળામાંહિ પડતું મેલે, રીસે દમે રે;
માવડી વિના આવડું ખુધું, કુણ ખમે રે. ચાલ૦ ૨
માતા વામા કહે મુખડું જોતાં, દુઃખડાં સમે રે;
ઘડી ઘડી ઉદયરત્ન પ્રભુ, તુજને નમે રે. ચાલ૦ ૩

૮

મોહન મુજરો લેજો રાજ, તુમ સેવામાં રહેશું;
વામાનંદન જગદાનંદન, જેહ સુધારસ ખાણી;
મુખ મટકે લોચનને લટકે, લોભાણી ઇંદ્રાણી. મોહન૦ ૧
ભવપટ્ટણ ચીહું દિશિ ચારે ગતિ, ચોરાશી લખ ચકટાં;
ક્રોધ માન માયા ને લોભાદિક, ચોવટીઆ અતિખોટા. મોહન૦ ૨
અનાદિનિગોદ તે બંધીખાનો, તૃષ્ણા તોપે રાખ્યો.
સંજ્ઞા ચારે ચોકી મેલી, વેદ નપુંસક આંકયો. મોહન૦ ૩
ભવસ્થિતિ કર્મવિવર લઈ નાઠો, પુન્ય ઉદય પણ વાધ્યો;
સ્થાવર વિગલેંદ્રિપણું ઓળંગી,
પંચેંદ્રિપણું લાધ્યો. મોહન૦ ૪
માનવભવ આરજકુલ સદ્‌ગુરૂ, વિમલ બોધ મળ્યો મુજને;
ક્રોધાદિક રિપુ શત્રુ વિમાસી,
તેણે ઓળખાવ્યો તુજને. મોહન૦ ૫

પાટણ માંહે પરમ દયાળુ, જગત વિભુષણ ભેટયા;
સત્તરસેં બાણું શુભ પરિણામે,
કર્મ કઠીન બળ મેટયા. મોહન૦ ૬

સમકિત ગજ ઉપશમ અંબાડી, જ્ઞાન કટક બળ કીધું;
ખિમાવિજય જિનચરણરમણસુખ,
રાજ પોતાનું લીધું. મોહન૦ ૭

૯

પરમાતમ પરમેશ્વરૂ, જગદીશ્વર જિનરાજ;
જય જંધવ જગભાણુ, બલિહારી તુમતણી.
ભવજલધિમાંહિ જહાજ ૧

તારક વારક મોહનો, ધારક નિજગુણ ઋદ્ધિ;
અતિશયવંત ભદંત, કૃપાલી શિવવધૂ.
પરણી લહી નીજ સિદ્ધિ. ૨

જ્ઞાન દર્શન અનંત છે, વલી તુજ ચરણ અનંત;
જેમ ક્ષાનાદિ અનંત, ક્ષાયિક ભાવે થયાં.
ગુણ તે અનંતાનંત ૩

બત્રીશ વરણ સમાય છે, એકજ પ્રદેશ મોઝાર;
એક વરણ પ્રભુ! તુજ ન માયે જગતમાં.
કેમ કરી થુણીએ? ઉદાર. ૪

તુજ ગુણ કોણ ગણી શકે? જો પણ કેવલ હોય;
આંવિર ભાવથી તુજ, સયલ ગુણ માહરે.
પ્રચ્છન્ન ભાવથી જોય. ૫

શ્રી પંચાસરા પાસજી, અરજ કરૂં એક તુજ;
આવિર ભાવથી આય, દયાળ કૃપાનિધિ!
કરૂણા ક્રીજેજી મુજ. ૬

શ્રી જિન! ઉત્તમ તાહરી, આશા અધિક મહારાજ!
પદ્મવિજય કહે એમ લહું શિવ નગરીનું,
અક્ષય અવિચલ રાજ. ૭

૧૦

પરમ પુરૂષ પરમાતમા! સાહેબજી, પુરીસાદાણી પાસ હો;
શિવ સુખરા ભ્રમર થાશું-વિનતિ, સાહેબજી,
અવસર પામી ઓલગું, સા૦ સફલ કરો અરદાસ હો. શિ૦ ૧
દોય નંદન મોહ ભુપરા, સા૦ તેણે કર્યો જગ ધંધોળ હો. શિ૦
દ્વેષ ગજેન્દ્ર રાગકેશરી, સા૦ તેહનાં રાણા સોળ હો. શિ૦ ૨
મિથ્યા મહેતો આકરો, સા૦ કામ કટક શિરદાર હો. શિ૦
ત્રણ રૂપ ધરી તેહ રમે. સા૦ હાસ્યાદિક પરિવાર હો. શિ૦ ૩
મોહ મહીપરા જોરથી, સા૦ જગ સઘલો કર્યો જેર હો. શિ૦
હરીહર સુરનર સહુ નમ્યા. સા૦ જકડી કર્મની ઘેર હો. શિ૦ ૪
ભવ સ્થિતિ ચૌગતિ ચોકમાં, સા૦ લોક કરે પોકાર હો, શિ૦
આપ ઉદાસી થઈ રહ્યા, સા૦ ધર્મ કીમ સરશે કાર્ય હો. શિ૦ ૫
ક્ષપકશ્રેણીરી ગજઘટા સા૦ હલકારો અરિહંત હો. શિ૦
નાણ ખડગ મુજ કર દિયો, સા૦ક્ષણમાં કરૂં અરિઅંત હો. શિ૦ ૬
કરૂણા નયન કટાક્ષથી, સા૦ રિપુદલ હોય વિસરાલ હો. શિ૦
ક્ષમાવિજય જિન સંપદા, સા૦પ્રગટે આકબમાલ હો. શિ૦ ૭

૧૧

જિનજી ત્રેવીશમો જીન પાસ, આય મુજ પૂરવેરે લોલ,
માહરા નાથજીરે લોલ૦
જિનજી ઈહભવ પરભવ દુઃખ, દોહગ સવિ ચૂરવેરે લોલ, મા૦

જિ૦ આઠ પ્રાતિહાર્યશું, જગમાં તું જયોરે લોલ. મા૦
જિ૦ તાહરા વૃક્ષ અશોકથી; શોક દુરે ગયોરે લોલ મા૦ ૧

જિ૦ જાનુ પ્રમાણ ગીર્વાણ, કુસુમ વૃષ્ટિ કરેરે લોલ. મા૦
જિ૦ દિવ્યધ્વનિ સુરપુરેકે, વાંસલીયે સ્વરેરે લોલ. મા૦

જિ૦ ચામર કેરી હાર ચલંતી, એમ કહેરે લોલ મા૦
જિ૦ જે નમે અમ પરે તે ભવી, ઉર્ધ્વગતિ લહેરે લોલ.મા૦ ૨

જિ૦ પાદપીઠ સિંહાસન, વ્યંતર વિરચિયેરે લોલ. મા૦
જિ૦ તિહાં બેસી જિનરાજ, ભવિક દેશના દિયેરેલોલ. મા૦

જિ૦ ભામંડલ શિરપૂંઠે, સૂર્ય પરે તપેરે લોલ. મા૦
જિ૦ નિરખી હરખે જેહ, તેહના પાતક ખપેરે લોલ. મા૦ ૩

જિ૦ દેવદુંદુભિનો નાદ, ગંભીર ગાજે ઘણોરે લોલ મા૦
જિ૦ ત્રણ છત્ર કહે તુજકે, ત્રિભુવન પતિ પણોરે લોલ. મા૦

જિ૦ એ ઠકુરાઈ તુજકે, બીજે નવિ ઘટેરે લોલ. મા૦
જિ૦ રાગી દ્વેષી દેવ કે, તે ભવમાં અટેરે લોલ. મા૦ ૪

જિ૦ પૂજક નિંદક હોય કે, તાહરે સમપણેરે લોલ. મા૦
જિ૦ કમઠ ધરણપતિ ઉપર. સમચિત્ત તું ગણેરે લોલ. મા૦

જિ૦ પણ ઉત્તમ તુજ પાદ-પદ્મ સેવા કરેરે લોલ. મા૦
જિ૦ તેહ સ્વભાવે ભવ્ય કે, ભવસાયર તરેરે લોલ. મા૦ ૫

૧૨

વામાનંદન હો પ્રાણથકી હો પ્યારા;
નાંહી કીજે હો નયણ થકી પણ ન્યારા;
પુરીસાદાણી શામળ વરણો, શુદ્ધ સમકિતને ભાસે;
શુદ્ધ પૂંજ જિણે કીધો તેહને, ઝિજ્વળ વરણ પ્રકાશે. વા૦ ૧
તુમચરણે વિષધર પણ નિરવિષ, દંસણે થાયે વિડોળા;
જોતા અમ શુદ્ધ સ્વભાવિકા ન હુએ,
એહ અમે ગૃહ્યો નિવેડો. વા૦ ૨
કમઠ રાય મદ કિણ ગીણતીમાં, મોહ તણો મદ જોતાં;
તાહરી શકિત અનંતી આગળ,
કેઈ કેઇ મરગયા ગોતા વા૦ ૩
તેં જિમ તાર્યા તિમ કુણ તારે કુણ તારક કહું જેહવો;
સાયરમાન તે સાયર સરિખો,તિમ તું પણ તું જેહવો. વા૦ ૪
કમઠિ ન બેસો કરૂણાકર, પણ મુજ પ્રાપ્તિ અનંતી;
જેમ પડે કણ કુંજર મુખથી, કીડી બહુ ધનવંતી. વા૦ ૫
એક આવે એક મોળાં પાવે, એક કરે ઓળમડી.
નિજગુણ અનુભવ દેવા આગળ,
પડખે નહીં તું બે ઘડી. વા૦ ૬
જેહવી તુમથી માહરી માયા, તેહવી તુમે પણ ધરજ્યો;
મોહનવિજય કહે કવિ રૂપનો,
પરતક્ષ કરૂણા કરજ્યો. વા૦ ૭

૧૩

અંતરજામી સુણ અલવેશ્વર, મહિમા ત્રિજગ તમારો;
સાંભળીને આવ્યો હું તીરે, જન્મ મરણ દુઃખ વારો;

સેવક અરજ કરે છે રાજ, અમને શિવ સુખ આપો;
આપો આપો ને મહારાજ, અમને મોક્ષ સુખ આપો. ૧
બહુકોનાં મનવંછિત પૂરો, ચિંતા સહુની ચૂરો;
એહવું બીરૂદ છે રાજ તુમારૂં, કેમ રાખો છો દૂરે. સેવક૦ ૨
સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરશો;
કરૂણાસાગર કેમ કહેવાશો, જો ઉપકાર ન કરશો. સેવક૦ ૩
લટપટનું હવે કામ નહિ છે, પ્રત્યક્ષ દરિશણ દીજે;
ધુંબાડે ધીનું નહીં સાહીબ, પેટ પડયા પતીજે. સેવક૦ ૪
શ્રી શંખેશ્વર મંડન સાહિબ, વિનતડી અવધારો;
કહે જિનહર્ષ મયા કરી મુજને, ભવસાયરથી તારો. સેવક૦ ૫

પોષદશમી (માગશરવદી દશમી) પાર્શ્વનાથની સ્તુતિઓ.

૧

શ્રી પાસ જિણુંદા, મુખ પૂનમ ચંદા,
પદયુગ અરવિંદા, સેવે ચોસઠ ઇંદા.
લંછન નાગિંદા, જાસ પાયે સોહંદા,
સેવે ગુણી વૃંદા, જેહથી સુખ કંદા ॥ ૧ ॥
જનમથી વર ચાર, કર્મના સે અગ્યાર,
ઓગણીશ નિરધાર, દેવે દીક્ષા ઉદાર;
કવિ ચોત્રીશ ધાર, પુણ્યના એ પ્રકાર,
નમિયે નર નાર, જેમ સંસાર પાર. ॥ ૨ ॥
એકાદશ અંગા, તેમ બારે ઉવંગા,
ષટ છેદ સુચંગા, મૂલ ચારે સુરંગા.
દશ પઈન્ન સુરંગા, સાંભલો થઈ એકંગા,
અનુયોગ બહુભંગા, નંદો સૂત્ર પ્રસંગા. ॥ ૩ ॥

પાસે યક્ષ પાસો, નિત્ય કરતો નિવાસો,
અડતાલીશ જાસો, સહસ પરિવાર ખાસો;
સહુએ પ્રભુ દાસો, માગતા મોક્ષ વાસો,
કહે પદ્મ નિકાસો, વિઘ્નના વૃંદ પાસો. ॥ ૪ ॥

૨

પાસજિણુંદા વામાનંદા, જબ ગરભે ફૂલી,
સુપનાદેખે અર્થ વિશેષે, કહે મઘવા મલી,
જિનવર જાયા સુર હુલરાયા, હુઆ રમણીપ્રિયે;
નેમિરાજી ચિત્ર વિશાજી, વિલોકિત વ્રત લીએ. ૧
વીર એકાકી ચાર હજારે, દીક્ષા ધુર જિનપતિ,
પાસને મલિલ ત્રયશતસાથે, બીજા સહસેંવ્રતી;
ષટ શત સાથે સંયમ ધરતા, વાસુપૂજય જગધણી.
અનુપમ લીલા જ્ઞાન રસીલા, દેજો મુજને ઘણી. ૨
જિન મુખ દીઠી વાણી મીઠી, સુરતરૂ વેલડી
દ્રાખ વિહાસે ગઇ વનવાસે, પીલે રસ શેલડી
સાકર સેંતી તરણાં લેતી, મુખે પશુ ચાવતી.
અમૃત મીઠું સ્વર્ગે દીઠું, સુરવધૂ ગાવતી. ૩
ગજમુખ યક્ષો વામન દક્ષો, મસ્તકે ફણાવલી,
ચાર તે બાંહી કચ્છપવાહી, કાયા જસ શામલી,
ચઉકર પ્રૌઢા નાગારૂઢા, દેવી પદ્માવતી,
સોવન કાન્તા પ્રભુ ગુણ ગાતી, વીર ઘરે આવતી. ૪

૩

સકલ સુરાસુર સેવે પાયા, નયરી વાણારસી નામ સોહાયા,
અશ્વસેન કુલ આયા;

દશને ચાર સુપન દીખલાયા, વામાદેવી માતાએ જાયા,
લંછન નાગ સોહાયા;
છપ્પન દિગ્કુમરી હુલરાયા, ચોસઠ ઇન્દ્રાસન ડોલાયા,
મેરૂ શિખર નવરાયા;
નીલવરણ તનુ સોહે કાયા, શ્રીવિજયસેન સૂરીશ્વરરાયા,
પાસ જિનેશ્વર ગાયા. ૧
વિદ્રુમ વરણા દોય જિણુંદા, દો નીલા દો ઉજ્વલ ચંદા,
દો કાલા સુખ કંદા;
સોલે જિનવર સોવનવર્ણા, શિવપુરવાસી શ્રી પરસન્ના,
જે પૂજે તે ધન્ના;
મહાવિદેહે જિન વિચરંતા, વીશે પૂરા શ્રી ભગવંતા,
ત્રિભુવન તે અરિહંતા;
તીરથ થાનક નામુંએ શીષ, ભાવધરીને વિંઘાવીશ,
શ્રી વિજય સિંહસૂરીશ. ૨
સાંભળ સખરા અંગ અગીયાર, મન શુધ્ધે ઉપાંગજ બાર,
દશ પયન્ના સાર;
છેદ ગ્રંથ વલીયટ વિચાર, મૂલસૂત્રા બોલ્યા જિન ચાર,
નંદી અનુયોગદ્વાર;
પણયાલીસ જિન આગમ નામ, શ્રી જિન અરથે ભાખ્યા જામ,
ગણધર ગુંથે તામ;
શ્રીવિજય સેનસૂરીંદ વખાણે, જે ભવિકા નિજ ચિત્તમાં ભણે;
તસઘર લક્ષ્મી આણે. ૩
વિજાપુરમાં થાનક જાણી, મહીમા મોટે તું મંડાણી,
ધરણેંદ્ર ધણીઆણી;

અહનીશ સેવે સુરવમાની, પરતો પૂરણ તું સપરાણી,
પૂરવ પુન્ય કમાણું;
સંઘચતુર્વિધ વિઘન નિવારો, પાર્શ્વનાથની સેવા સારો,
સેવક પાર ઉતારો;
શ્રી વિજયસેનસૂરીશ્વરરાયા, શ્રીવિજયદેવગુરૂ પ્રણમી પાયા,
ઋષભદાસ ગુણ ગાયા. ૪

૪

શંખેશ્વર પાસજી પૂજીએ, નર ભવનો લાહો લીજીએ;
મન વંછિત પૂરણ સુરતરૂ, જય વામાસુત અલવેસરૂ. ૧
દોય શતા જિનવર અતિ ભલા, દોય ધોલા જિનવર ગુણનીલા;
દોય નીલા દોય શામલ કહ્યા, સોલે જિન કંચન વર્ણ લહ્યા. ૨
આગમ તે જિનવર ભાખીયો, ગણધર તે હૈડે રાખીયો;
તેહનો રસ જેણે ચાખીયો, તે હુવો શિવસુખ સાખીયો. ૩
ધરણેંદ્રરાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વ તણા ગુણ ગાવતી;
સહુ સંઘના સંકટ ચૂરતી, નયવિમલનાં વંછિત પૂરતી. ૪

૫

ભીડભંજન પાસ પ્રભુ સમરો, અરિહંત અનંતનું ધ્યાન ધરો,
જિનાગમ અમૃત પાન કરો, શાસનદેવી સવી વિઘન હરો. ૧

૬

શ્રી ચિન્તામણી કીજે સેવ, ફળી વંછુ ચોવીસે દેવ.
વિજય કહે આગમથી સુણ્યો, પદ્માવતીનો મહિમા ઘણો. ૧

૭

ભીલડિપુર મંડણ, મોહિએ પાસ જીણંદ; તેહને તમે પૂજો;
નર નારીના વૃંદ; તેહ તુઠયો આપે, ઘણુકણ કંચન કોડ;
તે શિવ પદ પામે, કર્મ તણા ભય છોડ. ૧

ઘન ઘસીય ઘનાઘન, કેશરના રંગરોળ; તેહમાં તમે ભેળો,
કસ્તુરીના ઘોલ; તેણે શું પૂજો, ચઉવીસે જીણંદ; જેમ
દેવ દુઃખ જાવે, આવે ઘર આણંદ. ૨
ત્રિગડે જીન બેઠા, સોહિએ સુંદર રૂપ; તસ વાણી સુણવા,
આવી પ્રણમે ભૂપ; વાણી જોજનની, સુણજો ભવિયણ સાર;
તે સુણતાં હોશે, પાતિકનો પરિહાર. ૩
પાય રમઝમ રમઝમ ઝાંઝરનો ઝમકાર, પદ્માવતી બેહે
પાર્શ્વતણે દરબાર, સંઘ વિઘ્ન હરજો, કરજો જય જયકાર;
જેમ સૌભાગ્યવિજય કહે, સુખ સંપત્તિ દાતાર. ૪

૮

પોસીદશમ દિન પાસ જીનેશ્વર, જનમ્યા વામા વાયજી,
જનમ મહોચ્છવ સુરપતિ કીધો, વલીય વિશેષે રાયજી;
છપ્પન દિગકુમરી હુલરાવ્યો, સુરનર કિન્નર ગાયોજી;
અશ્વસેન કુલ મલવંતસેં, ભાનુ ઉદય સમ આયોજી. ૧
પોસીદસમ દિન આંબિલ કરીએ, જેમ ભવસાયર તરીયેજી;
પાસ જીણંદનું ધ્યાન ધરતાં, સુકૃત ભંડાર ભરીએજી;
ઋષભાદિક જીનવર ચોવીશે, તે સેવો ભલે ભાવેજી;
શિવરમણી વરી નિજ બેઠા, પરમપદ સોહાવેજી. ૨
કેવળ પામી ત્રિગડે બેઠા, પાસ જીનેશ્વર સારજી;
મધુર ગીરાએ દેશના દેવે, ભવિજન મનસુખ કારજી;
દાન શીલ તપ ભાવે આદરસેં, તે તરસે સંસારજી,
આ ભવ પરભવ જીનવર જપતાં, ધર્મ હોસે આધારજી. ૩
સકલ દિવસમાં અધિકો જાણી, દશમી દિન આરાધોજી;
ત્રેવિશમો જીન મનમાં ધ્યાતાં, આતમ સાધન સાધોજી;

ધરણેંદ્ર પદ્માવતી દેવી, સેવા કરે પ્રભુ આગેંજી;
શ્રી હર્ષવિજય ગુરૂ ચરણ કમલની,
રાજવિજયની સેવા માગેંજી. ૪

પોષ દશમી (માગશર વદી દશમ)
કેશી ગણધરની સજઝાય.

૧

એ દોય ગણધર પ્રણમીએ, કેશી ગોયમ ગુણવંત હો મુણિંદ;
બહુપરિવારે પરવર્યા, ચઉનાણી ગુણ ગાજંત હો. મુ૦
એ દોય ગણધર પ્રણમીયે. ૧
સંઘાડા દોય વિચરંતા, એકઠા ગોચરીયે મીલંત હો. મુ૦
પૂછે ગૌતમ શિષ્ય તિહાં,
તુમે કુણગચ્છના નિગ્રંથ હો. મુ૦ એ દોય૦ ૨
અમ ગુરૂ કેશી ગણધરૂ, પ્રભુ પાસતણા પટધાર હો; મુ૦
સાવથ્થી પાસે સમોસર્યા
તિહાં તંદુકવન મનોહાર હો. મુ૦ એ દોય૦ ૩
ચાર મહાવ્રત અમતણાં, કારણે પડિક્કમણાં દોય હો; મુ૦
રાતાં પીલાં વસ્ત્ર વાવરૂં,
વલી પંચવરણ જે હોય હો; મુ૦ એ દોય૦ ૪
શુદ્ધ મારગ છે મુકિતનો, અમને કલ્પે રાજપિંડ હો મુ૦
પાર્શ્વ જિનેશ્વર ઉપદિશે,
તુમે પાલો ચારિત્ર અખંડ હો મુ૦ દોય૦ ૫
ગૌતમ શિષ્ય કહે સાંભલો, અમે પંચ મહાવ્રત ધાર હો. મુ૦
પડિક્કમણાં પંચ અમ સહિ,
વલી શ્વેતવસ્ત્ર મનોહાર હો. મુ૦ એ દોય૦ ૬

રાજપિંડ કલ્પે નહિ, ભાંખે વીરજીન પરખદામાંહિ હો; મુ૦
એક મારગ સાધે બિહું જણા,
તો એવડો અંતર કાંઇ હો, મુ૦ એ દોય૦ ૭

સંશયવંત મુનિ બેહુ થયા, જઇ પુજે નિજ ગુરૂપાસ હો. મુ૦
ગૌતમ કોષ્ટક વનથકી,
આવે કેશી પાસ ઉલ્લાસ હો. મુ૦ એ દોય૦ ૮

કેશી તવ સામા જઈ, ગૌતમને દીયે બહુમાન હો; મુ૦
ફાસુ પલાલ તિહાં પાથરી,
બિહું બેઠા બુદ્ધિ નિધાન હો. મુ૦ એ દોય૦ ૯

ચર્ચા કરે જૈનધર્મની, તિહાં મલીયા સુરનર વૃંદ હો; મુ૦
બિહુ ગણધર શોભે અતિભલા,
જાણે એક સૂરજ બીજો ચંદ હો. મુ૦ એ દોય૦ ૧૦

સંશય ભાંજવા સહુ તણા, કેશી પુછે ગુણ ખાણ હો; મુ૦
ગૌતમ ભવિયણ હિત ભણી,
તવ બોલ્યા અમૃતવાણ હો. મુ૦ એ દોય૦ ૧૧

એક મુગતિ જાવું બિહુજણે, તો આચારે કાંઇ ભેદ હો; મુ૦
જીવ વિશેષે જાણજો, ગૌત્તમ કહે મ કરો ખેદ હો. મુ૦ એ દોય૦ ૧૨

વક્ર જડ જીવ ચરમના, પ્રથમના ઋજુ મૂરખ જાણ હો; મુ૦
મધ્યમ સુબુદ્ધિ બાવીશના,
તેણે જુજુઓ આચાર વખાણ હો. મુ૦ એ દોય૦ ૧૩

જેમ કેશીયે પ્રશ્ન જે પુછિયાં, તેના ગૌતમે ટાલ્યા સંદેહ હો. મુ૦
ધનધન કેશી કહે ગોયમા,
તુમે સાચા ગુણમણી ગેહ હો. મુ૦ એ દોય૦ ૧૪

મારગ ચરમ જીણુંદનો, આદર્યો કેશીયે તેણીવાર હો. મુ૦
કેશી ગૌતમ ગુણ જપે,
તે પામે ભવજલ પાર હો. મુ૦ એ દોય૦ ૧૫

ઉત્તરાધ્યયન ત્રેવીસમે, એમ ભાખે શ્રી જિનરાય હો. મુ૦
વિનય વિજય ઉવજ્ઝાયનો શિષ્ય,
રૂપવિજય ગુણ ગાય હો. મુ૦ એ દોય૦ ૧૬

પોષ દશમી માગશર વદી દશમ
કેશીગણધરની સજ્ઝાય

૨

શિષ્ય જિનેશ્વર પાર્શ્વના, કેશી કુમાર મુણિંદરે;
ગોયમ વીરજિણુંદના, એક સૂરજ એક ચંદ રે. ધન ધન ૧
ધન ધન એ દોય ગણધરા, ગોયમ કેશિકુમાર રે;
તંદુકવન હેલા મલ્યા, કરે જિન ધર્મ વિચાર રે. ધન. ધન ૨
સંઘાડા બેઉ જિનતણા, મનમાં આણે સંદેહ રે;
મુક્તિ માર્ગ દોય જિન કહે, તો કાં અંતર એહ રે. ધન. ધન ૩
ચાર મહાવ્રત કેશીને, ગોયમ પુણ પંચ રે,
કેશી પુછે ગોયમા, કહે ઉત્તરે પરપંચ રે ધન ધન ૪
ઋજુ જડ પહેલા જિન તણા, અંતિમ વક્ર જડ હોઈ રે
જાણુ સરલ બાવીશ જિન, તિણે હુવા મારગ દોય રે. ધન ધન ૫
પરમારથ પુરણ જોયતાં, મારગ ભેદ ન કહ્યો રે;
રૂડીમતિ તુજ ગોયમા, કેશિ ટલિયા સંદેહ રે. ધન ધન ૬
અધ્યયને ત્રેવીશમે, જે જે પુછયું તેહ રે;
ગોયમ સ્વામીએ સહુ કહ્યું, કેશી ટલિયા સંદેહ રે ધન ધન ૭

મુક્તિ ગયા. ઢોય ગણધરા, જીહાં સુખખાન અભંગરે;
શ્રી વિજયસેનસૂરીશ્વરૂ, શિષ્ય ઉદય રસ રંગરે. ધન ધન ૮

શ્રીદશવૈકાલિકના દશમાઅધ્યયનની સજ્ઝાય.

૩

તે મુનિ વંદો, તે મુનિ વંદો, ઉપશમ રસનો કંદો રે;
નિર્મલ જ્ઞાન ક્રિયાનોચંદો,તપ તેજે જેહવોદિણુંદોરે. તે મુનિ૦ ૧
પંચાશ્રવનો કરી પરિહાર, પંચ મહાવ્રત ધારો રે.
ષટ્જીવતણો આધાર, કરતો ઉગ્ર વિહારો રે. તે મુનિ૦ ૨
પંચ સમિતિ ત્રણ ગુપ્તિ આરાધે, ધર્મ ધ્યાન નિરાબાધ રે;
પંચમ ગતિનો મારગ સાધે, શુભગુણ તો ઇમ વાધે રે, તે મુનિ૦ ૩
ક્રય વિક્રય ન કરે વ્યાપાર, નિર્મમ નીરહંકાર રે;
ચારિત્ર પાળે નિરતિચારે, ચાલંતો ખડગની ધાર રે. તે મુનિ૦ ૪
ક્ષેત્રને રાત્રકરી જે જાણે, આપે પુણ્ય વખાણેરે,
તપ શ્રુતનો મદ નવિઆણે, ગોપવી અંગ ઠેકાણે રે. તે મુનિ ૫
છાંડી ધન-કણ-કંચન ગેહ, થઇ નિઃસ્પૃહી નિસ્નેહ રે;
જેહ સમાધી જાણીદેહ, નાંવ પોસે પાપે જેહરે. તે મુનિ૦ ૬
દોષ રહિત આહાર જે પામે, જે લુખે પરિણામે રે;
હેતો દેહનું સુખ નવિકામે, જાગતો આઠેય જામે રે. તે મુનિ૦ ૭
રસના રસ રસીયો નવિથાવે, નિર્લોભો નિમાય રે;
ચહે પરિષહ સ્થિર કરી કાયા, અવિચલ જિમ ગિરિરાયા રે. તે૦ ૮
રાતે કાઉસ્સગ્ગ કરી સમશાને, જો તિહાં પરિષહ જાણે રે;
તો નવિચૂકે તેહવે ટાણે. ભય મનમાં નવિઆણે રે. તે૦ ૯
કોઇ ઉપર ન ધરે ક્રોધ, દિયે સહુને પ્રતિબોધ રે;
કર્મ આઠકીંપવા જોદ્ધ, કરતો સંયમ શોધ રે. તે૦ ૧૦

દશવૈકાલિક દશમાધ્યયને, એમ ભાખ્યો આચાર રે;
તે ગુરૂ લાભવિજયથી પામે, વૃદ્ધિવિજય જયકાર રે. તે૦ ૧૧

દશમા પાપસ્થાનકની સજઝાય.

પાપસ્થાનક દશમું કહ્યું રાગરે, કોણે ન પામ્યો તેહનો તાગરે;
રાગે વાહ્યા હરિહર બ્રહ્મા રે, રાચે નાચે કરે અચંભા રે. ૧
રાગ કેસરી છે વડરાજારે, વિષયાભિલાષ તે મંત્રી તાજારે;
જેહના છોરૂ ઇંદ્રિય પંચરે, તેહનો કીધો એ સકળ પ્રપંચરે. ૨
જેહ સહાજમ વશ હુઇ જાશેરે; અપ્રમત્તતા શિખરે ઠાશેરે,
ચરણ ધર્મ નૃપ શૈલ વિવેકે રે, તેહશું ન ચલે રાગે ટેકે રે. ૩
બીજા તો સવી રાગે વાહ્યારે, એકાદશ ગુણઠાણે ઉમાહ્યારે;
રાગે પડીયા તે નર ખુતારે, નરક નિગોદે મહાદુઃખ જુતારે. ૪
રાગ હરણ તપ જપ શ્રુત દાખ્યા રે,
તેહથી પણ જેણે ભવફળ ચાખ્યા રે;
તેહનો કોઇ ન છે પ્રતિકારો રે, અમીય વિષ હોયત્યાં શો ચારોરે. ૫
તપ બળ છુટયા તરણું તાણીરે, કંચન કોડી અષાઢ ભૂતિ નાણીરે;
નંદિષેણ પણ રાગે નડિયારે, શ્રુતનિધિ પણ વેશ્યાવશ પડિયારે. ૬
બાવીશ જિન પણ રહ્યા ઘરવાસેરે,
વર્ત્યા પૂરવ રાગ અભ્યાસે રે;
વજ્રજંઘ પણ જસબળ તુટે રે, નેહ તંતુથી તેહ ન છુટે રે, ૭
દેહ ઉચાટણ અગ્નિનું દહવું રે; ઘણુકુટ્ટત એ સવિ દુઃખ સહેવું રે;
આત ઘણું રાતીજો છે મજીઠરે, રાગતણો ગુણ એહજ દીઠરે. ૮
રાગ ન કરજો કોઇ નર કોઇશું રે, નવિ રહેવાયતો કરજો મુનિશ્યું રે,
મણિ જેમ ફણિવિષનું તેમ તેહો રે, રાગનું લેપજ સુજસ સનેહો રે. ૯

મૌન એકાદશીનાં ચૈત્યવંદનો.

૧

શાસન નાયક વીરજી, પ્રભુ કેવલ પાયો;
સંઘ ચતુર્વિધ સ્થાપવા, મહસેન વન આયો. ૧
માધવ સિત એકાદશી, સોમલ દ્વિજ યજ્ઞ;
ઇંદ્રભૂતિ આદે મલ્યા, અકાદશ વિજ્ઞ. ૨
એકાદશસે ચઉગુણો, તેહનો પરિવાર;
વેદ અર્થ અવળો કરે, મન અભિમાન અપાર. ૩
જીવાદિક શંસય હરીએ, એકાદશ ઋષધાર;
વીરે સ્થાપ્યા વંદીએ, જિન શાસન જયકાર. ૪
મલ્લિ જન્મ અરમલ્લિપાસ, વર ચરણ વિલાસી;
ઋષભ અજિત સુમતિ નમિ, મલ્લિ ઘનઘાતી વિનાશી. ૫
પદ્મપ્રભ શિવવાસ પાસ, ભવભવનાં તોડી;
એકાદશી દિન આપની, રૂદ્ધિ સઘળી જોડી. ૬
દશ ક્ષેત્રે ત્રિહું કાળનાં, ત્રણશો કલ્યાણ;
વરસ અગ્યાર એકાદશી, આરાધો વરનાણ. ૭
અગીયાર અંગ લખાવીએ, એકાદશ પાઠાં,
પુંજણી ઠવણી વીટણા, મશી કાગળ ઠાંઠાં. ૮
અગીયાર અવ્રત છાંડવા જે, વલી પડિમા અગીયાર;
ખિમાવિજય જિનસાસને, સફળ કરો અવતાર. ૯

૨

વિશુદ્ધ વજ્ઞાનભુતાં વરેણ, શિવાત્મજેન પ્રથમાકરેણ,
યેન પ્રયાસેન વિનૈવ ક્ષામં, વિજિત્ય વિત્ક્રાન્તનરં પ્રકામમ્ ૧

વિહાય રાજ્યં ચપલસ્વભાવં, રાજીમતીં રાજકુમારીકાં ચ;
ગત્વા સહીલમ્ ગિરિનાર શૈલં, લેજે વ્રતં કેવલ મુક્તિયુક્તમ્ ૨
નિઃશેષયોગીશ્વર મૌલિરત્નં, જીતેન્દ્રિયત્વે વિહિત પ્રયત્નમ્,
તમુત્તમાનન્દ નિધાનમેકં, નમામિ નેમિં વિલસદ્વિવેકમ્ ૩

૩

નેમિજિનેશ્વર ગુણનીલો, બ્રહ્મચારી શિરદાર;
સહસ્ર પુરૂષશું આદરી, દીક્ષા જિનવર સાર. ૧
પંચાવનમેં દિન લહ્યું, નીરૂપમ કેવળનાણ;
ભવિક જીવ પડિબોધવા. વિચરે મહીયલ જાણ. ૨
વિહાર કરતાં આવીયા એ, આવીશમા જીનરાય;
દ્વારીકા નયરી સમોસર્યા, સમવસરણ તિહાં થાય. ૩
બાર પરષદા તિહાં મળી, ભાખે જિનવર ધર્મ;
સર્વ પર્વ તિથિ સાચવો, જિમ પામો શિવશર્મ; ૪
તવ પુછે હરિ નેમને, દાખો દિન મુજ જેઠ;
થોડો ધર્મ કર્યા થકી, શુભફળ પામું અનેક. ૫
નેમ કહે કેશવસુણો, વરસ દિવસમાં જોય;
માગશર શુદિ એકાદશી, એ સમ અવર ન કોય. ૬
પંચ દીન કલ્યાણક થયાં, નેવું જિનનાં સાર;
એ તિથિ વિધિ આરાધતાં, સુવ્રત થયો ભવપાર. ૭
તે માટે મોટી તિથિ, આરાધો મન શુદ્ધ,
અહોરાત્ર પોસહ કરો, મન ધરી આતમ બુદ્ધ. ૮
દોઢસો કલ્યાણક તણું, ગુણણું ગણો મન રંગ;
મૌન કરી આરાધીએ, જિમ પામો સુખ સંગ. ૯

ઉજમણું પણ કીજીએ, ચિત્ત ધરી ઉલ્લાસ;
પાઠાં ને વીંટાગણાં, ઇત્યાદિ કરો ખાસ. ૧૦
ઇમ એકાદશી ભાવસ્યું, આરાધે નરરાય;
ક્ષાયિક સમકિતનો ધણી, જિન વંદી ઘેર જાય. ૧૧
એકાદશી ભવિયણ ધરો, ઉજ્જવલ ગુણ જિમ થાય;
ક્ષમાવિજય જસ ધ્યાનથી, શુભ સુરપતિ ગુણ ગાય. ૧૨

શ્રી એકાદશીનું સ્તવન પહેલું.

ઢાળ ૧ લી.

જગપતિ નાયક નેમિજિણુંદ, દ્વારિકા નયરી સમોસર્યા;
જગપાત વંદવા કૃષ્ણ નરિંદ, જાદવ કોડશું પરિવર્યા. ૧
જગપતિ ધીગુણ ફૂલ અમુલ, ભક્તિ ગુણે માલા રચી;
જગપતિ પૂજી પૂછે કૃષ્ણ, ક્ષાયિક સમકિત કિમવરાય ૨
જગપતિ ચારિત્ર ધર્મ અશકત, રકત આરંભ પરિગ્રહે;
જગપતિ મુજ આતમ ઉદ્ધાર, કારણ તુમ વિણ કોણ કહે. ૩
જગપતિ તુમ સરિખો મુજ નાથ, માથે ગાજે ગુણનીલો;
જગપતિ કોઈ ઉપાય બતાવ, જેમ કરે શિવ વધુ કંતલો. ૪
નરપતિ ઉજ્જવલ માગશિર માસ, આરાધો એકાદશી;
નરપતિ એકસો ને પચાસ, કલ્યાણક તિથિ ઉલ્લસી. ૫
નરપતિ દશ ક્ષેત્રે ત્રણ કાળ, ચોવીશી ત્રીશે મળી;
નરપતિ નેવું જિનનાં કલ્યાણ, વિવરી કહું આગળ વળી. ૬
નરપતિ અર દીક્ષા નમિ નાણ, મલ્લી જન્મ વ્રત કેવલી.
નરપતિ વર્ત્તમાન ચોવીશી, માંહે કલ્યાણક આ વળી. ૭
નરપતિ મૌનપણે ઉપવાસ દોઢસો જપમાલા ગણો;
નરપતિ મન વચ કાય પવિત્ર, ચારિત્ર સુણો સુવ્રત તણો. ૮

નરપતિ દાહિણ ધાતકી ખંડ, પશ્ચિમ દિશિ ઈષુકારથી;
નરપતિ વિજય પાટણ અભિમાન, સાચો નૃપ પ્રજાપાલથી ૯
નરપતિ નારી ચંદ્રાવતી તાસ, ચંદ્રમુખી ગજગામીની;
નરપતિ શ્રેષ્ઠી શૂ વિખ્યાત, શીયલ સલીલા કામોની. ૧૦
નરપતિ પુત્રાદિક પરિવાર, સાર ભૂષણ ચીવર ધરી;
નરપતિ જાયે નિત્ય જિનગેહ, નમન સ્તવન પુજા કરે. ૧૧
નરપતિ પોષે પાત્ર સુપાત્ર, સામાયિક પોસહ વરે;
નરપતિ દેવવંદન આવશ્યક, કાલવેળાએ અનુસરે. ૧૨

ઢાળ ૨ જી.

એક દિન પ્રભુમી પાય, સુવ્રત સાધુ તણારી;
વિનયે વિનવે શેઠ, મુનિવર કરી કરૂણારી. ૧

દાખો મુજ દિન એક, થોડા પુણ્ય કીયેરા;
વાધે જિમ વડભાગ, શુભ અનુબંધી થયેારી. ૨

મુનિભાખે મહાભાગ્ય, પાવન પર્વ ઘણારી;
એકાદશી સુવિશેષ, તેહમાં સુણ સુમનારી. ૩

સિત એકાદશી સેવ, માસ અગ્યાર લગેરી;
અથવા વરસ અગ્યાર, ઉજવી તપશું વગેરી. ૪

સાંભળી સદ્‌ગુરૂ વેણ, આનંદ અતિ ઉલ્લસ્યેારી;
તપ સેવી ઉજવીય, આરણ સ્વર્ગે વસ્યેારી. ૫

એકવીશ સાગર આય, પાળી પુણ્ય વસેરી;
સાંભળ કેશવરાય, આગળ જેહ થશેરી. ૬

સોરીપુરમાં શેઠ, સમુદ્રદત્ત વડેારી,
પ્રીતિમતિ પ્રિયાતાસ, પુણ્ય જોગ જડચેારી. ૭

તસ કુખે અવતાર, સુચિત્ર શુભ સ્વપ્નેરી;
જનમ્યો પુત્ર પવિત્ર, ઉત્તમ ગ્રહ શુકનેરી. ૮
નાલ નિક્ષેપ નિધાન, ભુમિથી પ્રગટ હવોરી;
ગર્ભ દોહદ અનુભાવ, સુવ્રત નામ ઠવ્યોરી. ૯
બુદ્ધિ ઉદ્યમ ગુરૂ જોગ, શાસ્ત્ર અનેક ભણ્યોરી;
યૌવનવય અગીયાર, રૂપવંતી પરણ્યોરી. ૧૦
જિનપુજન મુનિદાન, સુવ્રત પચ્ચખ્ખાણ ધરેરી;
અગીયાર કંચન કોડ, નાયક પુણ્ય ભરેરી. ૧૧
ધર્મઘોષ અણગાર, તિથિ અધિકાર કહેરી;
સાંભળી સુવ્રત શેઠ, જાતિસ્મરણ લહેરી. ૧૨
જિન પ્રત્યય મુનિ શાખ, ભકતે તપ ઉચ્ચરેરી;
એકાદશી દિન આઠ, પહોરો પોસો ધરેરી. ૧૩

ઢાલ ત્રીજી

પતિ સંયુત પોસહ લીધો, સુવ્રત શેઠે અન્યદાજી.
અવસર જાણી તસ્કર આવ્યા, ઘરમાં ધન લુંટે તદાજી. ૧
શાસન ભકતે દેવી શકતે, થંભાણા તે આપડાજી,
કોલાહલ સુણી કોટવાળ આવ્યો, ભૂપ આગલ ધર્યા રાંકડાજી. ૨
પોસહ પારી દેવ જુહારી, દમાવંત લેઈ લેટણાંજી;
રાયને પ્રણમી ચોર મુકાવી, શેઠે કીધાં પારણાંજી. ૩
અન્ય દિવસ વિશ્વાનર લાગ્યો, સૌરીપુરમાં આકરોજી,
શેઠજી પોસહ સમરસ બેઠા, લોક કહે હઠ કાં કરોજી. ૪
પુણ્યે હાટ વખારો શેઠની, ઉગરી સૌ પ્રશંસા કરેજી,
હરખે શેઠજી તપ ઉજમણું, પ્રેમદા સાથે આદરેજી. ૫

પુત્રને ઘરનો ભાર ભળાવી, સંવેગી શિર સેહરોજી,
ચઉનાણી વિજય શેઅરસૂરિ, પાસે તપ વ્રત આદરેજી. ૬
એક ખટમાસી ચાર ચઉમાસી, દોસય છઠ્ઠ સો અઠમ કરેજી,
બીજા તપ પણ બહુશ્રુત સુવ્રત, મૌન એકાદશી વ્રત ધરેજી. ૭
એક અધમ સુર મિથ્યાદૃષ્ટિ, દેવતા સુવ્રત સાધુનેજી,
પૂર્વોપાર્જિત કર્મ ઉદેરી, અંગે વધારે વ્યાધિનેજી. ૮
કર્મે નડીયો પાપે જડીયો, સુર કહે જાઓ ઔષધ ભણીજી,
સાધુ ન જાયે રોષ ભરાયે, પાટુ પ્રહારે હણ્યો મુનિજી. ૯
મુનિ મન વચ કાય ત્રિયોગે, ધ્યાન અનલ દહે કર્મનેજી,
કેવલ પામી જિતમદ રામી, સુવ્રત નેમ કહે શ્યામજી. ૧૦

ઢાલ ચોથી

કાન પયંપે નેમને એ, ધન્ય ધન્ય યાદવ વંશ;
જિહાં પ્રભુ અવતર્યા એ, મુજમન માનસ હંસ;
જયો જિન નેમને એ. ૧
ધન્ય શિવાદેવી માવડી એ, સમુદ્રવિજય ધન્ય તાત;
સુજાત જગત ગુરૂ એ, રત્નત્રયી અવદાત. જયો૦ ૨
ચરણ વિરાધી ઉપનો એ, હું નવમો વાસુદેવ. જયો૦
તિણે મન નવી ઉલ્લસે એ, ચરણ ધરમની સેવ. જયો૦ ૩
હાથી જેમ કાદવ કળ્યો એ, જાણું ઉપાદેય હેય. જયો૦
તો પણ હું ન કરી શકું એ, દુષ્ટ કર્મનો ભેય. જયો૦ ૪
પણ શરણું બહીયાતણું એ, કીજે સીઝે કાજ. જયો૦
એહવાં વચનને સાંભળીએ, બાંહે ગ્રહ્યાની લાજ. જયો૦ ૫
નેમ કહે એકાદશી એ, સમકિત યુત આરાધ. જયો૦
થાશ્યે જિનવર બારમો એ, ભાવિ ચોવીશી એ લદ્ધ. જયો૦ ૬

કલશ

ઇમ નેમિ જિનવર, નિત્ય પુરંદર શેવતાચલ મંડણો,
બાણુ નવ મુનિ ચંદ્ર વરસે રાજનગરે સંથુણ્યો;
સંવેગરંગ તરંગ જલનિધિ, સત્યવિજય ગુરૂ અનસુરી;
કપુરવિજય કવિ ક્ષમાવિજય ઋણિ, જિનવિજય જયસિરિ વરી. ૧

દોઢસો કલ્યાણુકનું મૌન એકાદશીનું સ્તવન બીજું.

ઢાલ ૧ લી.

ધુર પ્રણમું જિન મહરસી, શમરૂં સરસ્વતી ઉલ્લસી,
ધસમસી મુજ મતિ, જિન ગુણ ગાયવા એ. ૧
હરિ પૂછે જિન ઉપદિશિ, પરવ મૌન એકાદશી;
મન વસી અહનિશિ, તે ભવિ લોકને એ, ૨
તરીઆને ભવજલ તરસી, એમ પરવ પૌષધ કરશી
મન હરસી, અવસર જે આરાહશી એ. ૩
ઉજમણે જે ધારશી, વસ્તુ ઇગ્યાર ઇગ્યારશી,
વારશી, તે દુર્ગતિના બારણા એ ૪
એ દિન અતિહિ સુહામણો, દોઢસો કલ્યાણુક તણો;
મનતણો ઘણો ગુણણું, કરતાં સુખ હોય એ. ૫

ઢાલ બીજી.

પાડે પાડે ત્રણ ચોવીશી, દ્વિપ ક્ષેત્ર જિન નામે;
પાડે પાડે પાંચ કલ્યાણુક, ધારો શુભ પરિણામે. ૧
જિનવર ધ્યાઈ રે, મોક્ષ માર્ગના દાતા; એ ટેક;
સર્વજ્ઞાય નમો એમ પહેલે, નમો અરિહંત એ બીજે;
ત્રીજે નમોનાથાય તે ચોથે, સર્વજ્ઞાય કહીજે. જિન૦ ૨

પંચમે નમો નાથાય કહીજે, પાડે પાડે જાણો;
ત્રણ નામ તીર્થંકર કેરાં, ગુણનાં પાંચ વખાણો જિન૦ ૩
ત્રણ ચોવીશી એક એક ઢાલે, ત્રણ નામે જિન કહીશું;
કોડી તપે કરી જે ફલ લહિયે, તે જિન ભકતે લહીશું જિન૦ ૪
ઠામ સર્વ સીઝે જિન નામે, સફલ હોએ નિજ જિહાં;
જે જાએ જિન ગુણ સમરતાં, સફલ જન્મ તે તિહાં. જિ૦ ૫

ઢાલ ૩ જી.

જંબૂદ્વીપ ભરત ભલું, અતીત ચોવીશી સાર મેરે લાલ,
ચોથા મહાજશ કેવલી, છઠ્ઠા, સર્વાનુભુતિ ઉદાર મેરે લાલ. ૧
જિનવર નામે જય હુએ.–ટેક
શ્રી શ્રીધર જિન સાતમા, હવે ચોવીશી વર્તમાન મેરે લાલ,
શ્રી નામજિન એકવીશમા, ઓગણીસમા મલ્લિ પ્રધાન મેરેલાલ ૨
શ્રી અરનાથ અઢારમા, હવે ભાવી ચોવીશી ભાવ મેરે લાલ;
શ્રી સ્વયંપ્રભ ચોથા નમું, છઠ્ઠા દેવસુતમન લાવ. મેરે લાલજિ૦ ૩
ઉદયનાથ જિન સાતમા, તેહને નામે મંગલમાલ મેરે લાલ;
ઓગણીસ રંગ વધામણા, વળી લહિયે પ્રેમ રસાળ. મેરે લાલ. ૪
અલિય વિઘન દૂરે ટલે, દુરજનનું ચિંતયું નવિ થાય મેરે લાલ;
મહિમા મોટાઇ વધે, વળી જગમાં સુજસ ગવાય મેરે લાલ જિન૦૫

ઢાલ ચોથી

પૂરવ ભરતે ધાતકી ખંડે રે, અતીત ચોવીશી ગુણ અખંડે રે;
ચોથા શ્રી અકલંક સોભાગી રે, છઠ્ઠા દેવ શુભંકર ત્યાગી રે. ૧
સમનાથ સમમ જિનરાય રે, સુરપતિ પ્રણમે તેહના પાય રે;
વર્તમાન ચોવીશી જાણો રે, એકવીશમા બ્રહ્મેંદ્ર વખાણો રે. ૨

ઓગણીસમા ગુણનાથ સમરીયે રે, અઢારમા ગાંગ્રિક મન ધરીયે રે.
કહું અનાગત હવે ચોવીશમા રે, ધાતકી ખંડે હિયડે હિસી રે. ૩
શ્રી સંપ્રતિ ચોથા સુખદાયી રે, છઠ્ઠા શ્રી મુનિનાથ અમાયી રે.
શ્રી વિશિષ્ટ સપ્તમ સુખકારા રે, તે તો લાગે મુજ મન પ્યારા રે. ૪
શ્રી જિન સમરણ જેહવું મીઠું રે, એહવું અમૃત જગમાં ન દીઠું રે.
સુજસ મહોદય શ્રી જિન નામે રે, વિજય લહીજે ઠામોઠામ રે. ૫

ઢાલ પાંચમી

પુષ્કર અર્ધ પૂરવ હુઆ, જિને વાંદિયે રે,
ભરત અતીત ચોવીશી રે, પાપ નિકંદીયે રે;
ચોથા સુમૃદુ સુહંકરૂ, જિ૦ છઠ્ઠા વ્યકત જગદીશ કે. પા૦ ૧
શ્રી કલાંસત સપ્તમ ગુરૂ ભર્યા, જિ૦ હવે ચોવીશી વર્તમાન કે;
કલ્યાણિક શ્રી દિન હુવા, જિ૦ લીજીયે તેહનાં અભિધાન કે. પા૦ ૨
અરણ્યવાસ એકવીસમા, જિ૦ ઓગણીસમા શ્રી યોગ કે, પા૦
શ્રી અયોગ તે અઢારમા, જિ૦
દીએ શિવ રમણી સંયોગ કે.પા૦ ૩
ચોવીશી અનાગત ભલી, જિ૦તિહાં ચોથા પદ્મ જિનેશ કે; પા૦
સુધરતી છઠ્ઠા નમું, જિ૦ સાતમા શ્રી નિઃકેશ કે. પા૦ ૪
પ્રિયમેલક પરમેશ્વરૂ, જિ૦ એહનું નામ તે પરમ નિધાન કે. પા૦
મહોટાનો જે આશરો, જિ૦ તેહથી લહિયે જસ બહુમાન કે. પા૦ ૫

ઢાલ છ ઠ્ઠી

ધાતકી ખંડેરે પશ્ચિમ ભરતમાં, અતીત ચોવી[illegible] સંભાર;
શ્રી સર્વારથ ચોથા જિનવરૂ, છઠ્ઠા હરિભદ્ર ધાર;
જિનવર નામે રે મુજ આણંદ ઘણો. ૧

શ્રી મગધાધિપ વંદું સાતમા, હવે ચોવીશી વર્તમાન;
શ્રી પ્રયચ્છ પ્રભુનું એકવીશમા, જેહનું નહી જગમાં ઉપમાન જિ૦ ૨
શ્રી અક્ષોભ જિનવર ઓગણીશમા, અઢારમા મલ્લસિંહનાથ;
હવે અનાગત ચોવીશી નમું, ચોથા હિનરૂક શિવ સાથ. જિ૦ ૩
છઠ્ઠા શ્રી જિનધનદ સંભારીયે, સાતમા પોષધ દેવ;
હર્ષે તેહના ચરણ કમલતણી, સુરનર સારે રે સેવ. જિ૦ ૪
ધ્યાને મલવું એહવા પ્રભુતણું, આળસમાંહે ગંગ;
જન્મ સફલ કરી માનું તેહથી, સુજસ વિલાસ સુરંગ. જિ૦ ૫

ઢાલ સાતમી

પુષ્કર પશ્ચિમ ભરત તણાં, ધારો અતીત ચોવીશી રે;
ચોથા પ્રબંધ જિનેસરૂ, પ્રણમું હિયડલે હિસી રે. ૧
એહવા સાહિબ નવિ વીસરે, ક્ષણ ક્ષણ સમરીયે હેજે રે;
પ્રભુ ગુણ અનુભવ યોગથી, શોભીયે આતમ તેજે રે. ૨
છઠ્ઠા ચારિત્ર નિધિ સાતમા, પ્રશમરાજિત ગુણ ધામ રે;
હવે વર્તમાન ચોવીશીયે, સમરી જે જિન નામરે. એહવા૦ ૩
સ્વામી સર્વજ્ઞ જયંકરૂ, એકવીશમા ગુણગેહ રે;
શ્રી વિપરીત ઓગણીશમા, અવિહડ ધરમ સનેહ રે એહવા૦ ૪
નાથ પ્રસાદ અઢારમા, હવે અનાગત ચોવીશી રે;
ચોથા શ્રી અઘટિત જિન વંદીએ,
કર્મ સંતતિ જેણે પીસી રે. એહવા૦ ૫
શ્રી બ્રહ્મેંદ્ર છઠા નમું, ઋષભ ચંદ્રાનિધ વંદું રે;
સાતમા જગ જશ જયકરૂ, જિન ગુણ ગાતા આણંદુ રે એ૦ ૬

ઢાલ આઠમી

જંબૂદ્વીપ ઐરવતેજી, અતીત ચોવીશી વિચાર;
શ્રી દયાંત ચોથા નમુંજી, જગજનના આધાર. ૧

મન મોહનજી, મનથી નહી મુજ દૂર. એ ટેક.
અભિનંદન છઠ્ઠા નમું જી, સાતમા શ્રી રતનેશ;
વર્તમાન ચોવીશીએજી, હવે જિન નામ ગણેશ. મન૦ ૨
શ્યામકાષ્ઠ એકવીશમાજી, ઓગણીશમા મરૂદેવ,
શ્રી અતિપાર્શ્વ અઢારમાજી, સમરૂં ચિત્ત નિતમેવ. મન૦ ૩
ભાવી ચોવિશી વંદીએજી, ચોથા શ્રી નંદીષેણ;
શ્રી વ્રતધર છઠ્ઠા નમુંજી, ટાલે કરમની રેણ. મન૦ ૪
શ્રી નિર્વાણ તે સાતમાજી, તેહશું મુજસ સનેહ;
જેમ ચકોર ચિત્ત ચંદશુંજી, તેમ મોરા મન મેહ. મન૦ ૫

ઢાલ નવમી

પૂરવ અરધે ધાતકીજી, ઐરવતે જે અતીત;
ચોવીશી તેહમાં કહુંજી, કલ્યાણક સુપ્રતીત. ૧
મહોદય સુંદર જિનવર નામ. એ ટેક.
ચોથા શ્રી સૌંદર્યનેજી, વંદું વારોવાર;
છઠ્ઠા ત્રિવિક્રમ સમરીએજી, સાતમા નરસિંહ સાર. મહો૦ ૨
વર્તમાન ચોવીશીયેજી, એકવીશમા ક્ષેમંત,
સંતોષિત ઓગણીસમાજી, અઢારમા કામનાથ સંત. મહો૦ ૩
ભાવી ચોવિશી વંદીએજી. ચોથા શ્રી મુનિનાથ;
ચંદ્રબાહુ છઠ્ઠા નમુંજી, ભવદવ નીરદ પાથ. મહો૦ ૪
દિવાદિત્ય જિન સાતમાજી, જન મનમોહન વેલ;
સુખ જશ લીલા પામીએજી, જશ નામે રંગરેલ. મહો. ૫

ઢાલ દશમી

પુષ્કર અર્ધે પૂરવ ઐરવતે, અતીત ચોવીશી સંભારૂં;
શ્રી અષ્ટાહ્નીક ચોથા વંદી, ભવ વન ભ્રમણ નિવારૂં રે. ૧

ભવિકા, એહવા જિનવર ધ્યાવો, ગુણવંતના ગુણ ગાવો રે,
ભવિકા, એહવા૦ એ. ટેક.

વણિક નામ છઠ્ઠા જિન નમીયે, શુદ્ધ ધર્મ વ્યવહારી;
ઉદયનાથ સાતમા સંભારી, ત્રણ ભુવન ઉપગારી રે; ભવિકા૦ ૨
વર્તમાન ચોવીશી વંદું, એકવીશમા તમીકંદ;
શાશ્વકાક્ષ ઓગણીશમા સમરો, જન મન નયનાનંદરે. ભવિકા૦ ૩
શ્રી ક્ષેમંત અઢારમા વંદો, ભાવી ચોવીશી ભાવો;
શ્રી નિર્વાણી ચોથા જિનવર, હૃદય કમળમાં લાવોરે. ભવિકા૦ ૪
છઠ્ઠા રવિવાજ સાતમા, પ્રથમ નાથ પ્રભુજીને,
ચિદાનંદ સુજસ મહોદય. લીલા લચ્છી લહીજે રે. ભવિકા૦ ૫

ઢાલ અગીયારમી

પશ્ચિમ ઐરવતે ભલો, ધાતકી ખંડે અતીત કે,
ચોવીશી રે પુરૂરવા, ચોથા જિન સુપવીત કે. ૧
જિનવર નામ સોહામણું, ઘડીએ ન મેલ્યું જાય કે.
રાત દિવસ મુજ સાંભરે, સંભારે સુખ થાય કે. જિન૦ ૨
શ્રી અવબોધ છઠ્ઠા નમું, સાતમા શ્રી વિક્રમેંદ્ર કે;
ચોવીશી વર્તમાનના, સંભારૂં જિનેંદ્ર કે. જિન૦ ૩
એકવીશમા શ્રી સ્વસાંતજી, ઓગણીશમા હરનામ કે;
શ્રી નંદીકેશ અઢારમા, હોજો તાસ પ્રણામ કે જિન૦ ૪
ભાવી ચોવીશી સંભારીયે, ચોથા શ્રી મહામૃગેન્દ્ર કે;
છઠ્ઠા અશોચિત વંદીયે, સાતમા શ્રી ધર્મેંદ્ર કે. જિ૦ ૫
મન લાગ્યું જશ જેહશું, ન સરે તેહ વિણ તાસ કે;
તેણે મુજ મન જિનગુણ થુણી, પામે સુજસ વિલાસ કે. જિ૦ ૬

ઢાળ બારમી

પુષ્કર પશ્ચિમ ઐરવતે હવે, અતીત ચોવીશી વખાણું જી;
અષ્ટવૃંદ ચોથા જિન નમીયે, છઠ્ઠા કુટિલક જાણું જી,
સાતમા શ્રી વર્દ્ધમાન જિનેશ્વર, ચોવીશી વર્તમાન જી,
એકવીશમા શ્રી નંદીકેશ જિન, તે સમરૂં શુભ ધ્યાને જી.
એગણીશમા શ્રીધર્મચંદ્ર જિન, અઢારમા શ્રી વિવેકો જી,
હવે અનાગત ચોવીશીમાં, સંભારૂં શુભ ટેકો જી;
શ્રી કળાપક ચોથા જિન છઠ્ઠા, શ્રી વિસોમ પ્રણમીજે જી.
સાતમા શ્રી આરણ્ય જિન ધ્યાતા, જન્મનો લાહો લીજે જી. ૨

શ્રી વિજયપ્રભસૂરીશ્વર રાજે, દિનદિન અધિક જગીશે જી;
ખંભનયરમાં રહીયે ચોમાસું, સંવત સત્તર છત્રીશે જી;
દોઢસો કલ્યાણકનું ગુણણું, તે મેં પૂરણ કીધું જી,
દુઃખ ચૂરણ દીવાળી દીવસે, મનવંછિત ફળ લીધું જી. ૩

શ્રી કલ્યાણવિજય વર વાચક, વાદી મત્તગજ સિંહો જી.
તાસ શિષ્ય શ્રી લાભવિજય બુધ, પંડીતમાંહી લિહો જી.
તાસ શિષ્ય શ્રી જિતવિજય બુધ, શ્રી નયવિજય સૌભાગી જી;
વાચક જસવિજયે તસ શિષ્યે, થુણીયા જિન વડભાગી જી. ૪

એ ગુણણું જે કંઠ કરશે, તે શિવરમણી વરશે જી;
તરશે ભવ હરશે સવિ પાતક, નિજ આતમ ઉદ્ધરશે જી;
બાર ઢાલ જે નિત્યે સમરશે. ઉચિત કાજ આદરશે જી;
સુકૃત સહોદય સુજસ સહોદય, લીલા તે આદરશે જી. ૫

કળશ

એ બાર ઢાળ રસાળ બારહ, ભાવના તરૂ મંજરી;
વર બાર અંગ વિવેક પલ્લવ, બાર વ્રત શોભા કરી;

એમ બાર તપ વિધ સાઠ સાધન, ધ્યાન જિનગુણ અનુસરી;
શ્રીનય વિજય બુધ ચરણ સેવક, જશવિજય જયશ્રી વરી. ૧

એકાદશીનું સ્તવન ત્રીજું.

ઢાળ ૧ લી

દ્વારિકા નગરી સમોસર્યા રે, બાવીશમો જિનચંદ,
એ કર જોડી ભાવશું રે;
પૂછે કૃષ્ણ નરીંદ, (ત્રુટક) પૂછે કૃષ્ણ નરિંદ વિવેકે,
સ્વામી અગ્યારશ માની અનેકે, એહ તણો કારણ મુજ દાખો,
મહિમા તિથિનો યથાર્થ દાખ્યો, જીરે જિણંદજી જીરે. ૧
નેમિ કહે કેશવ સુણો રે, પર્વ વડું છે એહ;
કલ્યાણક જિનનાં કહ્યાં રે, દોઢસો એણે દિન જેહ. (ત્રુટક)
દોઢસો એણે દિન સૂત્ર પ્રસિદ્ધા, કલ્યાણક દશક્ષેત્રનાં લીધાં;
અતીત અનાગત ને વર્તમાન; સર્વ ભળી દોઢસો તસમાન. જી૦ ૨
કલ્પવૃક્ષ તરૂમાં વડો રે, દેવમાંહે અરિહંત;
ચક્રવર્તી નૃપમાં વડો રે, તિથિમાં તિમ એ હુંત.
(ત્રુટક) તિથિમાં તિમ એ હુંત વડેરો, ભેદે કર્મ સુભટનો ઘેરો;
મૌન આરાધે શિવપદ આપે, સંકટ વેલતણુ મૂળ કાપે. જી૦ ૩
અહોસ્ત પોસો કરીરે, મૌન તપ ઉપવાસ;
અગ્યાર વરસ આરાધીયે રે, વળી અગ્યારહ માસ.
(ત્રુટક) વળી અગ્યારહ માસ જે સાધે, મન વચ કાયે શુદ્ધ આરાધે,
ભવભવ સુખીયા તે નર થાશે, સુવ્રત શેઠ પરે ગવરાશે. જી૦ ૪
કૃષ્ણ કહે સુવ્રત કીએ રે, કિમ પામ્યો સુખ સાત;
નેમ કહે કેશવ સુણો રે, સુવ્રતનો અવદાત;

(ત્રુટક) સુવ્રતનો અવદાત વખાણું, ધાતકીખંડ વિજયાપુરી જાણું.
પૃથ્વીપાળ તિહાં રાજ વિરાજે, ચંદ્રવતી તસ રાણી છાજે. ૭૦ ૫

વાસ વસે વ્યવહારીઓ રે, સુર નામે તિહાં એક,
સદ્‌ગુરૂ મુખે એકદીન ગ્રહીરે, અગ્યારશ સુવિવેક;
(ત્રુટક) અગ્યારસ સુવિવેકે લીધી, રૂડી ઉજમણાની વિધિ કીધી;
પેટ શૂળથી મરણ લહીને, પહોચ્યો અગ્યારમે સ્વર્ગ વહીને. ૭૦ ૬

એકવીશ સાગર તણો રે, પાળી નિરૂપમ આય;
ઉપજ્યો જિહાં તે કહું રે, સુણજો જાદવરાય.
(ત્રુટક) સુણજો જાદવરાય એક ચિત્તે, સૌરીપુર વસે શેઠ સમૃદ્ધદત્તે;
પ્રીતિમતી તસ ઘરણીને પેટે, પુત્રપણે ઉપજ્યો પુણ્યે ભેટે. ૭૦ ૭

જન્મ સમયે પ્રગટ હુવા રે, ભૂમિથી સબળ નિધાન;
ઉચિત જાણી તસ થાપીયો રે, સુવ્રત નામ પ્રધાન;
(ત્રુટક) સુવ્રત નામ ઠર્યો માય તાયે, વાધ્યો કુમાર કળાનિધિ થાયે;
અગ્યાર કન્યા વર્યો સમ જોડી, અગ્યાર હોય સ્થિર સુવર્ણ કોડી. ૭૦ ૮

વિલસે સુખ સંસારનાં રે, દોગુંદુક સુર જેમ;
અન્ય દિવસ સદ્‌ગુરૂ મુખે રે, દેશના સુણી તેણે એમ,
(ત્રુટક) દેશનામાં સુણ્યું એમ મહાતમ,
બીજ પ્રમુખ તિથિઓ અતિ ઉત્તમ;
સાંભળીને ઇહાપોહ કરંતે, જાતિસ્મરણ લહ્યો ગુણવંતે. ૭૦ ૯

કરજોડી સુવ્રત એમ ભણે રે, વરસ દિવસમાં સાર;
દિવસ એક મુજ દાખવો રે, જેહથી હોય ભવપાર.
(ત્રુટક) જેહથી હોય ભવપાર તે દાખો,
ગુરૂ કહે મૌન એકાદશી રાખો;
તે તહત્તિ કરી વિધિ શું આરાધે, માગશર સુદિ એકાદશી સાધે. ૭૦ ૧૦

શેઠને સુખીયેા દેખીને રે, જન કહે એ ધર્મ સાર.
પ્રેમ સહિત આરાધતાં રે, કાંતિવિજય જયકાર.
(ત્રુટક) કાંતિવિજય જયકાર સદાઇ,
નિત્ય નિત્ય સંપદા હોઈ સવાઇ
એ તિથિ સકલતણે મન ભાવી, પહેલી ઢાળ થઇ સુખદાઇ. ૭૦ ૧૧

ઢાળ ૨ જી

એક દિવસે રે, શેઠ સુવ્રત પોસહ ધરે;
સહ કુટુંબે રે, રયણી સમય કાઉસ્સગ્ગ કરે;
તવ આવ્યા રે, ચોર લેવા ધન આંગણે,
કસી બાંધે રે, ધનની ગાંસડી તત્ક્ષણે.
(ત્રુટક) તત્ક્ષણે બાંધ્યેા દ્રવ્ય બહુલેા, શિર ઉપાડી સંચરે;
તવ દેવ શાસનતણે થંભ્યા, ચોર ચિંતા અતિ કરે;
દીઠા પ્રભાતે કોટવાળે, બાંધી સોંપ્યા રાયને.
વધ હુકમ દીધેા રાયે તવ તિહાં, શેઠ આવ્યા ધાઈને. ૧૨
નૃપ આગળે રે, શેઠ મૂકી તિહાં લેટણું; છોડાવ્યું રે,
ચોર સહુનું બંધણું; જગમાં વધ્યેા રે, મહિમા શ્રી જિન ધર્મનેા;
કંઈ છંડે રે, મિથ્યાત્વ મારગ ભરમનેા.
(ત્રુટક) મિથ્યાત્વ મારગ તજી પુરજન, જૈન ધર્મ અંગી કરે,
એક દિવસ ધગધગ કરત ઉદભટ.
અગ્નિ લાગી તિણે પુરે; બળે તે મંદિર હાટ સુંદર,
લેાકનાઠા ધસમસે;
સહ કુટુંબ પોષધ સહિત તિણે દિન, શેઠ બેઠા સમરસે. ૧૩
જનબોલેરે શેઠ સહુણા સાંભળેા, હઠ કાં કરેરે,
નાસેા અગ્નિમાં કાંબળેા;

શેઠ ચિંતવેરે, પરિષહ સહશું તેસહી; વ્રતખંડનરે,
એણે અવસરે કરશું નહીં.
(ત્રુટક)નહીં યુકત મુજને વ્રત વિલોપન, એમ રહ્યો દઢતાગ્રહી,
પુર બળ્યું સઘળું શે ઠઘર હાટ તે ઉગર્યાસહી,
પુરલોક અચરજ દેખી સઘળો, અતિ પ્રશંસે દઢપણો;
હવે શેઠ કરે સામાન રૂડો, ઉજમણું કરવા તણો. ૧૪
મુકતારૂળરે, મણિ માણિકયને હીરલા, પીરોજીરે, વિદ્રુમગોલક
અતિભલા; સ્વર્ણાદિકરે, સપ્ત ધાતુ મેળી રૂડી,
ક્ષીરોદક પ્રમુખ વિવિધઉંબર વળી, (ત્રુટક) ધાન્યને પકવાન્ન બહુવિધ;
ફલફૂલ મન ઉજળે, અગ્યાર સંખ્યા એક એકની,
ઠવે શ્રી જિન આગળે, જિન ભકિત મંડે હરીત ખડે;
લાભ લે નરભવ તણો, મહિમા વધારે સુવિધિ દ્વારે;
ભવ સુધારે આપણો. ૧૫
સાતે ક્ષેત્રેરે ખરચે ધન મન ઉલસે, સંઘ પૂજારે સ્વામી
ભકિત કરે હસે, દીયે મુનિનેરે, જ્ઞાનોપકરણ શુભ મને,
અગ્યારશ રે, એમ ઉજવી તેણે સુવ્રતે,
(ત્રુટક) તેણે સુવ્રતે એક દિવસ વાંદ્યા, સૂરિ જયશેખર ગુરૂ;
સુણી ધર્મ અનુમતિ માગી સુતની, લીયે સંયમ સુખકરૂ;
અગ્યારતરૂણી ગ્રહી સંયમ, તપ તપી અતિનિર્મળું;
લહી નાણુકેવળ મુકિત પહોંચ્યા, લહ્યું સુખ ધન ઉજળું. ૧૬
દોયસો છઠરે, એક સો અઠમ સારરે; ષટમાસીરે, એક ચોમાશી
ચારરે; ઇત્યાદિકરે સુવ્રત મુનીવર તપ કરે, અગ્યારશ રે તે તીથી

ચૌદે મન ખરે, (ત્રુટક) મન ખરે પાળે શુદ્ધ સંયમ,
એક દિન એ ઋષિ તણે; થઇ ઉદરપીડા તીણે દિવસે;
અછે તે સુવ્રતપણે; એક દેવ વૈરી પૂર્વ ભવનો, ચલાવા આવ્યો સહી;
મુનિરાય સુવ્રત તણે અંગે, વેદના કીધી વહી. ૧૭

સમતા ધરીરે, નિશ્ચળ મેરૂપરે રહ્યો, સુર પરિસહરે; સ્થિર થઇને
અહોનિશ સહ્યો, નવિ લોપેરે, મન સુવ્રત મુનિરાજીએ;
ઔષધ પણ રે સુર દાખ્યો પણ નવિ કીધો;
ત્રુટક નવિકીધો ઓષધ રોગ હેતે, અસુર અતિ કોપે ચડ્યો;
પાડુ પ્રહારે હણ્યો તે વારે, મિથ્યામતિ પાપે પડ્યો;
ઋષિ ક્ષપક શ્રેણીએ ચઢીઓ, કેવળ લહીમુકિત ગયો;
એમ ઢાળ બીજી કાંતિ ભણતાં, સકળ સુખ મંગળ થયો. ૧૮

ઢાળ ૩ જી

ભાખી હો જિન ભાખી નેમિજિણુંદ, એણીપરે હો જિન એણીપરે
સુવ્રતની કથાજી; સદ્દહે હો તેહ સદ્દહે કુણ નરિંદ,
છેદન હો ભવ છેદન, ભવ ભયની વ્યથાજી. ૧૯

પર્વદ હો જિન પર્વદ લોક તિવાર, ભાવેહો તિહાં ભાવે,
અગ્યારશ ઉચ્ચરીજી; એહથી હો એમ એહથી ભવિક અપાર,
સહેજે હો ભવ સહેજે ભવસાયર તરીજી. ૨૦

તારક હો જિન તારક ભવથી તાર; મુજને હો પ્રભુ મુજ નિર્ગુણીને
હિત કરીજી; તરશું હો જિન તરશું જો તપ સાધ,
તુમચી હો પ્રભુ તુમચી તિહાં મોટીમ કીસીજી. ૨૧

સાચી હો જિન સાચી ચિત્ત અવધાર,
કીધી હો એમ કોધી મેં તાહરી ચાકરીજી;

દેઇશ હો જિન દેઇશ તુંહી સમાધિ,
એવડી હો જિન એવડી કાંઇ ગાઠીમ ધસીજી. ૨૨
છેહડો હો તુજ છેહડો સાહ્યો આજ, મોટી હો જિન મોટી મેં આશા
કરીજી; દીધા હો જિન દીધા વિણ મહારાજ,
છૂટીશ હો કિમ છૂટીશ કિમ વિણ દુઃખ હરિજી. ૨૩
ભવ ભવ હો જિન ભવ ભવ શરણું તુંજ, હોજો હો જિન હોજો
કહું કેતું વળીજી; દેજો હો જિન દેજો સેવા મુજ,
રંગે હો પ્રભુ રંગે પ્રણમું ઢળી ઢળીજી. ૨૪
ત્રીજી હો એહ ત્રીજી પુરી થઇ ઢાળ,
પ્રેમે હો એમ પ્રેમે કાંતિવિજય કહેજી;
નમતાં હો પ્રભુ નમતાં નેમ દયાળ,
મંગળ હો ઘરી મંગળમાળા મહમહેજી. ૨૫

કળશ.

એમ સકળ સુખકર દુરિત દુઃખહર, ભવિક તરવા જળધરૂ;
ભવ્ય તિમિરવારક જગત તારક, જયો જિનપતિ જગગુરૂ;
સત્તરસો ઓગણોતેર વરસે, રહી ડભોઇ ચોમાસએ;
શુદિ માગશર તિથિ અગ્યારશ, રચ્યો ગુણ સુવિલાસ એ. ૨૬
થઇ શુભ મંગળ કોટી ભવનાં, પાપ પડલ દુર કરે;
જયવાદ આપે કીર્તિ થાપે, સુજશ દશ દિશિ વિસ્તરે;
તપ ગચ્છ નાયક વિજયપ્રભ ગુરૂ, શિષ્ય પ્રેમવિજયતણો;
કહે કાંતિ સુણતાં ભવિક ભણતાં, લહે મંગળ અતિ ઘણો. ૨૭

શ્રી મલ્લિજિનનું સ્તવન.

૧

પંચમ સુરલોકના વાસી રે, નવ લોકાંતિક સુવિલાસીરે,
કરે વિનતિ ગુણની રાશી.

મલ્લિજિન નાથજી વ્રત લીજે રે,
ભવિજીવને શિવ સુખ દીજે. મલ્લિ૦ એ આંકણી, ૧
તુમે કરૂણારસ ભંડાર રે, પામ્યા છો ભવજલ પાર રે;
સેવકનો કરો ઉદ્ધાર. મલ્લિ૦ ભવિ૦ ૨
પ્રભુ દાન સંવત્સરી આપે રે, જનનાં દારિદ્ર દુઃખ કાપે રે;
ભવ્યત્વપણે તસ થાપે. મલ્લિ૦ ભવિ૦ ૩
સુરપતિ સઘલા મલિ આવે રે, મણિ રયણ સોવન વરસાવે રે;
પ્રભુ ચરણે શીશ નમાવે. મલ્લિ૦ ભવિ૦ ૪
તીર્થોદક કુંભા લાવે રે, પ્રભુને સિંહાસન ઠાવે રે;
સુરપતિ ભક્તે નવરાવે. મલ્લિ૦ ભવિ૦ ૫
વસ્ત્રાભરણે શણગારે રે, પુલ માલા હૃદય પર ધારે રે;
દુખડાં ઇંદ્રાણી ઉવારે. મલ્લિ૦ ભવિ૦ ૬
મલ્યા સુર નર કોડાકોડી રે, પ્રભુ આગે રહ્યા કર જોડી રે;
કરે ભક્તિ યુકિત મહ મોડી. મલ્લિ૦ ભવિ૦ ૭
માગશિર શુદીની અજુઆલી રે, એકાદશી ગુણની આલી રે;
વર્યા સંયમ વધુ લટકાલી. મલ્લિ૦ ભવિ૦ ૮
દીક્ષા કલ્યાણક એહ રે, ગાતાં દુઃખ ન રહે રેહ રે;
લહે રૂપવિજય જસ નેહ. મલ્લિ૦ ભવિ૦ ૯

૨

મલ્લિ જિનેશ્વર અરચિત કેશર, અલવેસર અવિનાશી જી;
પરમેશ્વર પૂરણ પદલોકતા, ગુણરાશી શિવરાશી. જિનજી ધ્યાવોજી, ૧
મલ્લિ જિણંદ મુણિંદ ગુણ જણ ગાવોજી. (એ આંકણી.)
મૃગશિર શુદી એકાદશી દીવસે, ઉપન્યું કેવલનાણજી;
લોકાલોક પ્રકાશક ભાસ્કર, પ્રગટયો અમિતવ ભાણ. જિનજી૦ મલ્લિ૦૨

મત્યાદિક ચઉ-નાણનું ભાસન, એહમાં સકલ સમાયજી;
ગ્રહ ઉડુ તારાચંદ પ્રભા જિમ, તરણીતેજમાંલાય. જિનજી૦ મલ્લિ૦૩
જ્ઞેયભાવ સવિ જ્ઞાને જાણે, જે સામાન્ય વિશેષજી;
આપ સ્વભાવે રમણ કરે પ્રભુ,
તજી પુદ્ગલ સંકલેશ. જિનજી૦ મલ્લિ૦ ૪
ચાલીસ સહસ મહામુનિ જેહના, રત્નત્રય આધારજી;
સહસ પંચાવન સાહુણી જાણો,
ગુણમણિ રયણ ભંડાર. જિનજી૦ મલ્લિ૦ ૫
શત શમ ન્યૂન સહસ પંચાવન, વરસ કેવલ ગુણ ધરતાજી;
વિચરેવસુધા ઉપર જિનજી, બહુઉપગારને કરતા જિનજી૦ મલ્લિ૦ ૬
કેવલનાણ કલ્યાણક જિનનું, જે ભવિયણ નિત્ય ગાવે જી;
જિન ઉત્તમ પદપદ્મ પ્રભાવે, શુદ્ધરૂપ તે પાવે. જિનજી૦ મલ્લિ૦ ૭

૩

એકાદશી તિથિ સેવીએ રે લાલ, ઉલટ આણી અંગ મેરે પ્યારેરે;
કલ્યાણક દિન વડોરે લાલ, કહે જિનજી મનરંગ મેરે પ્યારેરે. એકા૦૧
ઋષભ અજિત સંભવ વલી રે લાલ,
અર મલ્લિ નામનાથ; મેરે પ્યારે રે;
પાર્શ્વનાથ દીક્ષા વલી રે લાલ,
સેવો શિવપુર સાથ. મેરે પ્યારે રે એકા૦ ૨
મૌન એકાદશી એ વડી રે લાલ, કલ્યાણક એકસો પચાસ, મેરે પ્યા૦
શત ઉપવાસ આરાધતાં રે લાલ,
હોય ધરી લીલાવાસ, મેરે પ્યારેરે. એકા૦ ૩
કેવલજ્ઞાની જ્ઞાનશું રે લાલ, મહિમા ભાખ્યો ઉદાર; મેરે૦
કૃષ્ણ પ્રભુ મુખે સાંભળેરે લાલ, ઉજ્યો વિધિ મનોહાર. મેરે૦ એ૦ ૪
મિથ્યાતી માને ઘણું રે લાલ, જિન શાસન દિન એહ; મેરે૦
આદરીયે આદર ઘણું રે લાલ, ઘણુકણુ કંચન ગેહ. મેરે૦ એકા૦ ૫

મૌનપણે પોસહ કરી રે લાલ, વિકથાનો પરિહાર; મેરે૦
ગણુણું ગણીએ નેહશું રે લાલ, હોવે અલ્પ સંસાર. મેરે૦ એકા૦ ૬
એકાદશી મહિમા કહ્યો રે લાલ, ગૌતમ આગળ વીર; મેરે૦
શ્રી મેરૂવિજય સુપસાઉલે રે લાલ,
મેરૂ લહે ભવતીર. મેરે૦ એકા૦ ૭

મૌન એકાદશીની સ્તુતિઓ

૧

એકાદશી અતિ ફૂઅહી, ગોવિંદ પૂછે નેમ;
તિણ કારણ એ પર્વ મોટું, કહો મુજશું તેમ;
જિનવર કલ્યાણક અતિ ઘણાં, એકસો ને પચાસ;
તેણે કારણ એ પર્વ મોટું, કરો મૌન ઉપવાસ. ૧
અગીયાર શ્રાવકતણી પ્રતિમા, કહી તે જિનવર દેવ;
એકાદશી એમ અધિક સેવે, વન ગજા જીમ રેવ;
ચોવીશ જિનવર સયલ સુખકર, જેસા સુરતરૂ ચંગ;
જેમ ગંગ નિર્મલનીર જેહવો, કરો જિનશું રંગ. ૨
અગીયાર અંગ લખાવીએ, અગીયાર પાઠાં સાર;
અગીયાર કવળી વીંટણાં, ઠવણી પૂંજણી સાર;
ચામખી ચંગી વિવિધ રંગી, શાસ્ત્રતણે અનુસાર;
એકાદશી એમ ઉજવો, જેમ પામીએ ભવપાર. ૩
વર કમળનયણી કમળવયણી, કમળ સુકોમળ કાય;
ભુજ દંડ ચંડ અખંડ જેહને, સમરતાં સુખથાય;
એકાદશી એમ મન વસી, ઘણી હર્ષ પંડિત શિષ;
શાસન દેવી વિઘ્ન નિવારો સંઘતણાં નિશદિશ. ૪

૨

ગોયમ બોલે ગ્રંથ સંભાલી, વર્દ્ધમાન આગળ રઢીયાલી,
વાણી અતીઅ રસાલી;
મૌન અગ્યારશ મહિમા ભાલી, કેણે કીધીને કહોકેણે પાલી,
પ્રશ્ન કરે ટંકશાલી;
કહોને સ્વામી પર્વ પંચાલી, મહિમા અધિક અધિક સુવિશાલી,
કુણ કહે કહો તુમ ટાલી;
વીર કહે માગશર અજુઆલી, દોઢસો કલ્યાણકની આલી,
અગીઆરસ કૃષ્ણે પાલી. ૧

નેમીનાથને વારે જાણો, કહાનુડો ત્રણ ખંડનો રાણો,
વાસુદેવ સુપ્રમાણો;
પરિગ્રહને આરંભે ભરાણો, એક દિન આતમ કીધો શાણો,
જિનવંદન ઉલસાણો;
નેમીનાથને કહે હેત આણો, વરસી વારૂ દિવસ વખાણો,
પાળી થાઉં શિવરાણો;
અતીત અનાગત ને વર્ત્તમાન, નેવું જિનના હુવા કલ્યાણક,
અવર ન એહ સમાન. ૨

આગમ આરાધો ભવિ પ્રાણી, જેહમાં તીર્થંકરની વાણી,
ગણધર દેવ કમાણી;
દોઢસો કલ્યાણકની આણી, એક અગ્યારશને દિન જાણી,
એમ કહે કેવલનાણી;
પુન્ય-પાપ તણો જીહાં કહાણી, સાંભળતાં શુભ લેખ લખાણી,
તેહની સ્વર્ગ નિસાણી

વિદ્યાપૂર્વ ગ્રંથે રચાણી, અંગ ઉપાંગ સૂત્રે ગુંથાણી;
સુણતાં હીયે શિવરાણી. ૩
જિન શાસનમાં જે અધિકારી, દેવ દેવી હોએ સમકિતધારી,
સાનિધ્ય કરે સંભારી;
ધર્મ કરે તસ ઉપર પ્યારી, નિશ્ચલ ધર્મ કરે સુવિચારી,
જે છે પર ઉપકારી;
વર્ધમાન મહાવીરજી તારી, પાપ પખાલી જિન જુહારી,
લાભવિજય હિતકારી;
માતંગ યક્ષ કરે મનોહારી, ઓલગ સારે સુર અવતારી,
શ્રી સંઘનાં વિઘ્ન નિવારી. ૪

૩

નિરૂપમ નેમિ જિનેશ્વર ભાખે, એકાદશી અભિરામજી;
એક મને કરી જેહ આરાધે, તે પામે શિવઠામજી;
તેહ નિસુણી માધવ પૂછે, મનધરી અતિ આનંદાજી;
એકાદશીનો એહવો મહીમા, સાંભળી કહે જિણંદાજી. ૧
એક શત અધિક પચાસ પ્રમાણ, કલ્યાણક રવિ જિનનાજી,
તેહ ભણી તે દિન આરાધો, છંડો પાપ સવિ મનનાજી;
પોસહ કરીએ મૌન આદરીએ, પરિહરીએ અભિમાનજી;
તે દિન માયા મમતા તજીએ, ભજીએ શ્રી ભગવાનજી. ૨
પ્રભાતે પરિક્રમણું કરીને, પોસહ પણ તિહાં પારીજી;
દેવ જુહારી ગુરુને વાંદી, દેશનાની સુણો વાણીજી;
સ્વામી જમાડી ધર્મ બપાવી, ઉજમણું ઘર માંડુજી,
અશનાદિક ગુરૂને વહોરાવો, પારણું કરો પછી વાદ્યજી, ૩

આવીશમા જિન એણીપરે બોલે, સુણ તું કૃષ્ણ નરિંદાજી;
એમ એકાદશી જેહ આરાધે, તે પામે સુખવૃંદાજી;
દેવી અંબાઇ પુણ્ય પસાયે, નેમીશ્વર હિતકારજી;
પંડિત હરખવિજય તસ શિષ્ય માનવિજય જયકારીજી. ૪

૪

શ્રીભાગૂ નેમિર્જિભાષે જલશયસવિધે: સ્તુતિમેકાદશીયાં;
માદ્યન્મોહાવનીન્દ્ર પ્રશમનવિશિખઃ પંચબાણાચિરર્ષુઃ
મિથ્યાત્વધ્વાંતવાંતૌ રવિકરનિકર-સ્તીવ્રલોભાદ્રિવજ્રં
શ્રેયસ્તત્પર્વ વસ્તાચ્છિવસુખમિતિ વા સુવ્રતશ્રેણિનોઽભૂત ૧
દ્વૈરૂક્ષ્યમદ્રિમુંનિપગુણસા-સ્વાદનાનંદપૂર્ણૈ
દિવ્યદ્રુભિઃ સ્ફારહારૈર્લલિતવરવપુર્યષ્ટિ ભિસ્ત્વર્ધૂભિઃ
સાર્ધ કલ્યાણકૌઘો જિનપતિનવતે-ર્બિંદુભૂતોદુસંખ્યો;
ધન્યે યસ્મિન્ જગે તદ્ ભવતુ સ ભવિનાં પર્વસચ્છર્મ હેતુઃ ૨
સિદ્ધાન્તાબ્ધિ પ્રવાહઃ ક્રમતજનપદાનૂ પ્લાવયન યઃ પ્રવૃતઃ
સિદ્ધક્ષીપં નયન્ ધીધનમુનિવણિજઃ સત્યપાત્રપ્રતિષ્ઠાન્;
એકાદશ્યાદિપર્વેન્દુમણિમતિદિશન્ સનઃ ધીવરાણાં મહાર્ઘ્યં
સન્યાયાંકશ્ચ નિત્યં પ્રવિતરતુ સનઃ સ્વપ્રતીરે નિવાસમ્ ૩
તત્પર્વોદ્યાપનાર્થં સ્તુતિસુધિયાં શંભુસંખ્યા પ્રમેયા—
મુત્કૃષ્ટાં વસ્તુવીથીમભયદસદને પ્રાભૃતી કૃર્વતાં તાં,
તેષાં સવ્યાક્ષપાદૈઃ પ્રલપિતમતિભિઃ પ્રેતભૂતાદિભિર્વા;
દુષ્ટૈજન્યં ત્વજન્યં હરતુ હરિતનુ ન્યશ્તપાદ્મિકાખ્યા. ૪

૫

ગોપીપતિ પૂછે પભણે નેમિકુમાર,
ઇહાં થોડે કીધે લહીએ પુન્ય અપાર;

મૃગશિર અજુઆળી અગીયારસ સુવિચાર,
પૌષધવિધિ પાળી લહું તરીએ ભવપાર. ૧

કલ્યાણક હુઆ જિનના એક સો પચ્ચાશ,
તસ ગણણું ગણતાં પહોંચે વંછિત આશ;
ઈહાં ભાવ ધરીને કીજે ઉપવાસ,
મૌનવ્રત પાળી છોડી જે ભવપાસ. ૨

ભગવંતે ભાખ્યો શ્રી સિદ્ધાન્ત મોઝાર,
અગીઆરસ મહિમા માગશર પખ સુદિ સાર;
સવિ અતીત અનાગત વર્તમાન સુવિચાર,
જિનપતિ કલ્યાણક છોડે પાપવિકાર. ૩

ઐરાવણ વાહન સુરપતિ અતિ બળવંત,
જિમ જગ જસ ગાજે રયણીકાન્ત હસંત;
તપ સાનિધ્ય કરજો મૌન અગીઆરસ સંત,
તવ કીર્તિ પસરે શાશન વિનય કરંત. ૪

શ્રી મૌન એકાદશીની સજઝાય.

૧

આજ મારે એકાદશી રે, નણદલ મૌન કરી મુખ રહીએ;
પૂછયાનો પડુત્તર પાછો, કેહને કાંઈ ન કહીએ. આજ૦ ૧
મ્હારો નણદોઈ તુજને વહાલો, મુજને તારો વીરો;
ધૂમાડાના બાચકા ભરતાં, હાથ ન આવે હીરો. આજ૦ ૨
ઘરનો ધંધો ઘણો કર્યો, પણ એકે ન આવ્યો આડો;
પરભવ જાતાં પાલવ ઝાલે, તે મુજને દેખાડો. આજ૦ ૩
માગશર સુદિ અગ્યારસ મોટી, નેવું જિનનાં નીરખે,

દોઢસો કલ્યાણુક રહોદાં, પોથી જોઈ જોઇને હરખો. આજ૦ ૪
સુવ્રત શેઠ થયા શુદ્ધ શ્રાવક, મૌન ધરી મુખ રહીયો;
પાવકપુર સઘળો પરજાલ્યો, એહનો કાંઈ ન દહીયો. આજ૦ ૫
આઠ પહોર પોસહ તે કરીએ, ધ્યાન પ્રભુનું ધરીએ;
મન વચ કાયા જો વશ કરીએ, તો ભવસાયર તરીએ. આજ૦ ૬
ઇર્યાસમિતિ ભાષા ન બોલે, આડું અવળું પેખે;
પડિક્કમણાશું પ્રેમ ન રાખે, કહો કેમ લાગે લેખે. આજ૦ ૭
કર ઉપર તો માળા ફરતી, જીવ ફરે વનમાંહી,
ચિતડું તો ચિહું દિશિયે ડોલે, ઈણ ભજને સુખ નાહિ. આજ૦ ૮
પોષધશાલે જોત્રાં થઈને, ચાર કથાવલી સાધે;
કાંઇક પાપ મિટાવણ આવે, આરગણું વળી બાંધે. આજ૦ ૯
એક ઊઠંતી આળસ મરડે, બીજી ઉંઘે બેઠી;
નઠિયોમાંથી કોઇક નિસરતી, જાય દરીયામાં પેઠી. આજ૦ ૧૦
આઈ બાઈ નણંદ ભોજાઈ, નાની મોટી વહુને;
સાસુ સસરો મા ને માસી,શીખામણ છે સહુને. આજ૦ ૧૧
ઉદયરત્ન વાચક ઉપદેશે, જે નર નારી રહેશે;
પોસહમાંહે પ્રેમ ધરીને અવિચળ લીલા લહેશે. આજ૦ ૧૨

શ્રી દ્વેષ-અગીયારમા પાપસ્થાનકની સજઝાય.

૨

દ્વેષ ન ધરિયે લાલન, દ્વેષ ન ધરિયે;
દ્વેષ તજ્યાથી લાલન, શિવસુખ વરીયે. લા૦ શિ૦
પાપસ્થાનક એ અગીયારમું, કૂડું દ્વેષ રહિત ચિત્ત તે રૂડું લા૦ હો૦૧
ચરણ કરણ ગુણ બની ચિત્રશાળી,
દ્વેષ ધૂમ હોય તે સવિકાળી. લા૦ તે૦ ૨

દોષ બેંતાલીશ શુદ્ધ આહારી, ધૂમ્ર દોષે હોય પ્રબળ વિકારી. પ્ર૦ ૪
ઉગ્ર તપ વિહાર ને તપ જપ ક્રિયા,
કરતા દ્વેષ તે ભવમાંહે ફરિયા. લા૦ ભ૦
યોગનું અંગ અદ્વેષ છે પહેલું,
સાધન સવિ લહે તેહથી વહેલું. લા૦ તે૦ ૫
નિર્ગુણી તે ગુણવંત ન જાણે,
ગુણવંત તે ગુણ દ્વેષમાં તાણે. લા૦ દ્વે૦ ૬
આપ ગુણીને વળી ગુણ રાગી,
જગમાંહે તેહની કીર્તિ જાગી. લા૦ કી૦ ૭
રાગ ધરીજે જિહાં ગુણ લહિયે,
નિર્ગુણ ઉપરે સમચિત્ત રહિયે. લા૦ સ૦ ૮
ભવથિતિ ચિંતન સુજસ વિલાસે,
ઉત્તમના ગુણ એમ પ્રકાસેરે, લા૦ એ૦ ૯

શ્રીકૃષ્ણ મહારાજની સજ્ઝાય

૩

નયરી દ્વારકામાં નેમિ જિનેસર, વિચરંતા પ્રભુ આયે;
કૃષ્ણ નરેશ્વર વધાઈ સુણીને, જીત નિશાન બજાયે,
હો પ્રભુજી નહિ જાઉં નરકગેહે.
નહિં જાઉં નહિ જાઉં હો પ્રભુજી, નહિં જાઉં નરકગેહે૦ ૧
અઢાર સહસ સાધુજીનું વિધિશું, વાંદ્યા અધિક હરખે;
પછી નેમિ જિણેસર કેરાં, ઊભા મુખડાં નિરખે. હો નહિ૦ ૨
નેમિ કહે તુમે ચાર નિવારી, ત્રણયતણાં દુઃખ રહીયાં;
કૃષ્ણ કહે હું ફરી ફરી વાંદું, હર્ષ ધરી મન હૈયાં. હો નહિ૦ ૩

નેમિ કહે એહ ટાળ્યા ન ટળે, સો વાતે એક વાત;
કૃષ્ણ કહે મારા બાળબ્રહ્મચારી, નેમિ જિણેસર ભ્રાત. હો નહિ૦ ૪
મ્હોટા રાજની ચાકરી કરતાં, રાંક સેવક બહુ રળશે,
સુરતરૂ સરીખા અકૂળ જશે ત્યારે,
વિષ વેલડી કેમ ફલશે ? હો. નહિ૦ ૫
પેટે આવ્યો તેહ લોરસ વેઠે, પુત્ર કપુત્રજ જાયો;
ભલો ભુંડો પણ જાદવ કુળનો, તુમ બાંધવ કહેવાયો. હો નહિ૦ ૬
છપ્પન કોડ જાદવનો રે સાહેબો, કૃષ્ણ જ નરકે જાશે;
નેમિ જિનેસર કેરા રે બાંધવ, જગમાં અપજશ થાશે. હો નહિ૦ ૭
શુદ્ધ સમકિતની પરીક્ષા કરીને, બોલ્યા કેવલનાણી;
નેમિ જિનેસર દિયોરે દિલાસો, ખરો રૂપેયો જાણી. હો નહિ૦ ૮
નેમિ કહે તુમ ચિંતા ન કરશો, તુમ પદવી અમ સરખી;
આવતી ચોવીશીમાં હોશો,
તીર્થંકર હરિ પોતે મન હરખી. હો નહિ૦ ૯
જાદવકુળ અજવાળ્યું રે નેમિજી, સમુદ્રવિજય કુળ દીવો;
ઇંદ્ર કહે રે શિવાદેવીના નંદન, કોડ દીવાળી જીવો. હો નહિ૦ ૧૦

૪

વિચરંતા ગામોગામ, નેમી જિનેસર સ્વામ;
આછે લાલ, નયરી દ્વારામતી આવિયાજી. ૧
કૃષ્ણાદિક નર નાર, સહુ મળી પર્ષદા બાર;
આછે લાલ, નેમી વંદણ તિહાં આવિયાજી. ૨
દે દેશના જિનરાય, આવે સહુને દાય,
આછે લાલ, રૂકમણી પૂછે શ્રી નેમિનેજી. ૩
પુત્રને મ્હારે વિયોગ, શો હવે કર્મ સંયોગ,
આછે લાલ, ભગવંત મુજને તે કહોજી. ૪

તું હતી નૃપની નારી, પૂરવ ભવ કેઈ વાર;
આછે લાલ, ઉપવન રમવાને સંચર્યાંજી. ૫
ફરતા વન મોઝાર, દીઠો એક સહકાર;
આછે લાલ, મોરલી વીગણી તિહાં કણેજી. ૬
સાથે હતો તુમ નાથ, ઈડાં ઝાલ્યાં હાથ,
આછે લાલ, કંકુ વરણાં તે થયાંજી. ૭
નવિ ઓળખે તિહાં મોર, કરવા લાગી શોર;
આછે લાલ, સોળ ઘડી નવિ સેવીયાંજી. ૮
તિણ અવસર ઘનઘોર, મોરલા કરે છે સોર;
આછે લાલ, ચૌદિશ ચમકે વીજળીજી. ૯
પછી વૂહયો તિહાં મેહ, ઈંડાં ધોવાણાં તેહ;
આછે લાલ, સોળ ઘડી પછી સેવીયાંજી. ૧૦
હસ્તાં તે બાંધ્યાં કર્મ, નવિ ઓળખ્યો જિન ધર્મ;
આછે લાલ, રોતાં ન છૂટે પ્રાણીયાજી. ૧૧
તિહાં બાંધી અંતરાય, ભાખે શ્રી જિનરાય;
આછે લાલ, સોળ ઘડીનાં વરસ સોળ થયાંજી. ૧૨
દેશના સુણી અભિરામ, રૂકિમણી રાણી તામ;
આછે લાલ, સૂધો તે સંયમ આદર્યોજી. ૧૩
થિર રાખ્યાં મન-વચ-કાય, શિવપુરી નગરીમાં જાય;
આછે લાલ, કર્મ ખપાવી મુગતે ગયાંજી. ૧૪
તેહનો છે વિસ્તાર, અંતગડ સૂત્ર મોઝાર;
આછે લાલ, રાજાવજય રંગે ભણેજી. ૧૫

૫

સાધુજી સંયમ સુધો પાલો, વ્રત દૂષણ સવિ ટાલોરે;
દશવૈકાલિક સુત્ર સાંભલો,
મુનિ મારગ અજુઆલો રે. સા૦ સં૦ એ આંકણી. ૧

રોગાંતિક પરિસહ સંકટ, પરસંગે પણ ધીરરે;
ચારિત્રથી મત ચુકો પ્રાણી, ઇમ ભાંખે જિનવીરરે. સા૦ સં૦ ૨
ભ્રષ્ટાચારી ભુંડો કહાવે, ઇહભવ પરભવ હારે રે;
નરક નિગોદતણાં દુઃખ પામે, ભમતો બહું સંસારે. સા૦ સં૦ ૩
ચિત્ત ચોખ્ખે ચારિત્ર આરાધે, ઉપશમ નીર અગાધ રે,
ઝીલે સુંદર સમતા દરિયે, તે સુખ સંપત્તિ સાધે રે. સા૦ સં૦ ૪
કામધેનું ચિંતામણિ સરિખું, ચારિત્ર ચિત્તમેં આણો રે;
ઇહભવ પરભવ સુખદાયક એ સમ, અવર ન કાંઈ જાણો રે.સા૦સં૦ ૫
સિદ્ધજંભવ સૂરિયે રચીયાં, દશ અધ્યયન રસાલાં રે;
મનક પુત્ર હેતે તે ભણતાં, લહિયે મંગળ માળા રે.સા૦ સં૦ ૬
શ્રી વિજયપ્રભસૂરિને રાજ્યે, બુધ લાભ વિજયને શિષ્યે રે;
વૃદ્ધિવિજય વિબુધ આચાર રે, ગાયો સકલ જગીશે રે.સા૦સં૦ ૭

શ્રીસિદ્ધાચલજીના દુહા.

સિદ્ધાચલ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;
મનુષ્ય જન્મ પામી કરી, વંદું વારંવાર. ૧
એકેકું ડગલું ભરે, શત્રુંજય સમોહ જેહ;
ઋષભ કહે ભવકોડનાં, કર્મ ખપાવે તેહ. ૨
સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢયો ગઢ ગિરનાર;
શેત્રુંજી નદી નાહ્યો નહિં, એનો એળે ગયો અવતાર. ૩
નેમ વિના ત્રેવિશ પ્રભુ, આવ્યા વિમલગિરિંદ;
ભાવી ચોવીશી આવશે, પદ્મનાભાદિ જિણિંદ. ૪
જગમાં તિરથ બે વડા, શત્રુંજય ગિરનાર;
એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર. ૫
સિદ્ધાચલ સિદ્ધિ વર્યા, ગૃહી મુનિ લિંગ અનંત;
આગે અનંતા સિદ્ધશે, પૂજો ભવી ભગવંત. ૬

શત્રુંજય ગિરિ મંડણો, ઋષભદેવાનો નંદ;
યુગલા ધર્મ નિવારણો, નમો યુગાદિ જિણિંદ. ૭
પ્રાયે એ ગિરિ શાશ્વતો, મહિમાનો નહી પાર;
પૂર્વ નવાણું સમોસર્યા, પ્રથમ જિણંદ વાર. ૮
જાત્રા નવાણું જે કરે, ઉત્કૃષ્ટે પરિણામ;
પૂજા નવાણું પ્રકારની. રચતા અવિચલ ઠામ. ૯
નમિ વિનમિ વિદ્યાધરા, દોય કોડી મુનિરાય;
સાથે સિદ્ધિ વધુ વર્યા, શત્રુંજય સુપસાય. ૧૦
દ્રાવિડ ને વારિખિલ્લજી, દશ કોડી અણગાર;
સાથે સિદ્ધિ વધુ વર્યા, વંદું વારંવાર. ૧૧
રામ ભરત ત્રણ કોડશું, કોડી મુનિ શ્રી સાર;
કોડી સાડોઆઠ શિવવર્યા, સાંબ પ્રદ્યુમ્નકુમાર. ૧૨
કદંબ ગણધર કોડીશું, વળી સંપ્રતિ જિનરાજ;
થાવચ્ચા તસ ગણધરૂં, સહસશું સિદ્ધાં કાજ. ૧૩
શેત્રુંજી નદી નાહને, મુખ બાંધી મુખ કોષ;
દેવ યુગાદિ પૂજીએ, આણી મન સંતોષ. ૧૪
આબૂ અષ્ટાપદ ગિરનાર, સમેતશિખર શેત્રુંજો સાર;
પંચે તિરથ ઉત્તમ ઠામ, સિદ્ધિ ગયા તેને કરૂં પ્રણામ. ૧૫

કાર્તિકી તથા ચૈત્રી પૂર્ણિમાએ પટ્ટ આગળ બોલાતા શ્રી સિદ્ધાચલ તીર્થના ૨૧ ખમાસમણના દુહા

સિદ્ધાચલ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;
મનુષ્ય જન્મ પામી કરી, વંદું વાર હજાર. ૧
અંગ વસ્ત્રન મન ભૂમિકા, પૂજો-પત્રરણ સાર;
ન્યાય દ્રવ્ય વિધિ-શુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર. ૨

કાર્તિક શુદિ પૂનમ દિને, દશ કોટી પરિવાર;
દ્રાવિડ વારિખિલ્લજી. સિદ્ધ થયા નિરધાર. ૩
તિણે કારણ કાર્તિક દિને, સંઘ સયલ પરિવાર;
આદિજિન સનમુખ રહો, ખમાસમણ બહુવાર. ૪
એકવીશ નામે વર્ણવ્યો, તિહાં પહેલું અભિધાન;
શત્રુંજય શુકરાજથી, જનક વચન બહુમાન. ૫

સિદ્ધાચલ સમરૂં સદા૦ ૧

સમોસર્યા સિદ્ધાચલે, પુંડરીક ગણધાર;
લાખ સવા મહાતમ કહ્યું, સુર નર સભા મોઝાર. ૬
ચૈત્રિ પૂનમને દિને, કરી અણસણ એક માસ;
પાંચ કોડ મુનિ સાથશું, મુક્તિનિલયમાં વાસ. ૭
તિણે કારણ પુંડરીકગિરિ, નામ થયું વિખ્યાત;
મન વચ કાયે વદીએ, ઊઠી નિત્ય પ્રભાત. ૮

સિદ્ધાચલ સમરૂં સદા૦ ૨

વીશ કોડિશું પાંડવા, મોક્ષ ગયા ઇણે ઠામ;
એમ અનંત મુગતે ગયા, સિદ્ધક્ષેત્ર તિણે નામ. ૯

સિદ્ધાચલ સમરૂં સદા૦ ૩

અડસઠ તીરથ ન્હાવતા, અંગરંગ ઘડી એક;
તુંબી-જલ-સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક. ૧૦
ચંદ્રશેખર રાજા પ્રમુખ, કર્મ કઠીન મલધામ;
અચલ પદે વિમલા થયા, તિણે વિમલાચલ નામ. ૧૧

સિદ્ધાચલ સમરૂંસદા૦ ૪

પર્વતમાં સુરગિરિ વડો, જિન અભિષેક કરાય;
સિદ્ધ હુઆ સ્નાતક પદે, સુરગિરિ નામ ધરાય. ૧૨

ભરતાદિ ચોદ ક્ષેત્રમાં, એ સમો તીરથ ન એક;
તિણે સુરગિરિ નામે નમું, જિહાં સુરવાસ અનેક. ૧૩

સિદ્ધાચલ સમરૂં સદા૦ ૫

એંશી યોજન પૃથુલ છે, ઊંચપણે છવ્વીશ;
મહિમાએ મોટો ગિરિ, મહાગિરિ નામ નમીશ. ૧૪

સિદ્ધાચલ સમરૂં સદા૦ ૬

ગણધર ગુણવંતા મુનિ, વિશ્વમાંહે વંદનિક;
જેહવો તેહવો સંયમી, એ તીર્થે પૂજનિક. ૧૫
વિપ્રલોક વિષધર સમા, દુઃખિયા ભૂતલ માન;
દ્રવ્યલિંગી કણ ક્ષેત્ર સમ, મુનિવર છીપ સમાન. ૧૬
શ્રાવક મેઘ સરખા કહ્યા, કરતાં પુણ્યનું કામ;
પુણ્યની રાશી વધે ઘણી, તિણે પૂણ્યરાશી નામ. ૧૭

સિદ્ધાચલ સમરૂં સદા૦ ૭

સંયમધર મુનિવર ઘણા, તપ તપતા એક ધ્યાન;
કર્મ વિયોગે પામીયા, કેવલ લક્ષ્મી નિધાન. ૧૮
લાખ એકાણું શિવ વર્યા, નારદશું અણગાર;
નામ નમો તિણે આઠમું, શ્રીપદગિરિ નિરધાર. ૧૯

સિદ્ધાચલ સમરૂં સદા૦ ૮

શ્રી સીમંધરસ્વામીએ, એ ગિરિ મહિમા વિલાસ;
ઇંદ્રની આગે વરણવ્યો, તિણે એ ઇંદ્રપ્રકાશ. ૨૦

સિદ્ધાચલ સમરૂં સદા૦ ૯

દશ કોટી અણુવ્રતધારા, ભક્તે જમાડે સાર;
જૈન તીરથ યાત્રા કરે, લાભ તણો નહિ પાર. ૨૧

તેહથકી સિદ્ધાચલે, એક મુનિને દાન;
દેતાં લાભ ઘણો હુવે, મહાતીરથ અભિધાન. ૨૨

સિદ્ધાચલ સમરૂં સદા૦ (૧૦)

પ્રાયે જે ગિરિ શાશ્વતો, રહેશે કાલ અનંત;
શત્રુંજય મહાતમ મુણી, નમો શાશ્વતગિરિ સંત ૨૩

સિદ્ધાચલ સમરૂં સદા૦ (૧૧)

ગૌ નારી બાલક મુનિ, ચઉ હત્યા કરનાર;
યાત્રા કરતાં કાર્તિકી, ન રહે પાપ લગાર. ૨૪
જે પરદારા લંપટી, ચોરીના કરનાર;
દેવદ્રવ્ય ગુરૂદ્રવ્યના, જે વલી ચોરણહાર. ૨૫
ચૈત્રી કાર્તિકી પૂનમે, કરે યાત્રા ઇણે ઠામ;
તપ તપતાં પાતિક ગલે, તિણે દૃઢશક્તિ નામ. ૨૬

સિદ્ધાચલ સમરૂં સદા૦ (૧૨)

ભવ ભય પામી નીકલ્યા, થાવચ્ચાસુત જેહ;
સહસ મુનિશું શિવવર્યા, મુક્તિનિલયગિરિ તેહ. ૨૭

સિદ્ધાચલ સમરૂં સદા૦ (૧૩)

ચંદા સૂરજ બિહું જણા, ઉભા ઇણે ગિરિ શૃંગ;
વધાવિયો વરણુવ કરી, પુણ્યપદંતગિરિ રંગ. ૨૮

સિદ્ધાચલ સમરૂં સદા૦ (૧૪)

કર્મ કલષ ભવજલ તણી, ઇહાં પામ્યા શિવ સદ્મ;
પ્રાણી પદ્મ નિરંજની, વંદો ગિરિ મહાપદ્મ. ૨૯

સિદ્ધાચલ સમરૂં સદા૦ (૧૫)

શિવવહુ વિવાહ ઉત્સવે, મંડપ રચિયો સાર;
મુનિવર બેઠક ભણી, પૃથ્વીપીઠ મનોહાર. ૩૦

સિદ્ધાચલ સમરૂં સદા૦ (૧૬)

શ્રી સુભદ્રગિરિ નમો, ભદ્ર તે મંગલ રૂપ;
જલ તરુ રજ ગિરિવરતણી, શિર ચઢાવે ભૂપ. ૩૧

સિદ્ધાચલ સમરૂં સદા૦ (૧૭)

વિદ્યાધર સુર અપ્સરા, નદી શેત્રુંજી વિલાસ;
કરતા હરતા પાપને, ભજીએ કવિ કૈલાસ. ૩૨

સિદ્ધાચલ સમરૂં સદા૦ (૧૮)

બીજા નિર્વાણી પ્રભુ, ગઈ ચોવીશી મઝાર;
તસ ગણધર મુનિમાં વડા, નામે કદંબ અણગાર. ૩૩
પ્રભુ વચને અણસણ, મુક્તિપુરીમાં વાસ;
નામે કદંબગિરિ નમો, તો હોય લીલ વિલાસ. ૩૪

સિદ્ધાચલ સમરૂં સદા૦ (૧૯)

પાતાલે જસ મૂલ છે, ઉજ્જવલગિરિનું સાર;
ત્રિકરણ યોગે વંદતા, અલ્પ હોએ સંસાર. ૩૫

સિદ્ધાચલ સમરૂં સદા૦ (૨૦)

તન મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિક સુખભોગ;
જે વંછે તે સંપજે, શિવરમણી સંયોગ. ૩૬
વિમલાચલ પરમેષ્ઠિનું, ધ્યાન ધરે ખટમાસ;
તેજ અપૂરન વિસ્તરે, પૂગે સઘલી આશ. ૩૭
ત્રીજે ભવ સિદ્ધિ લહે, એ પણ પ્રાયિક વાચ;
ઉત્કૃષ્ટા પરિણામથી, અંતરમુહૂરત સાચ. ૩૮

સર્વકામદાયક નમો, નામ કરી ઓળખાણ;
શ્રીશુભવીરવિજય પ્રભુ, નમતાં ક્રોડ કલ્યાણ. ૩૯
સિદ્ધાચલ સમરૂં સદા૦ (૨૧)

શ્રી સિદ્ધાચળજીનાં ચૈત્યવંદનો.

૧

સિદ્ધાચલ શિખરે ચઢી, ધ્યાન ધરો જગદીશ;
મન વચ કાય એકાગ્રશું, નામ જપો એકવીશ. ૧
શત્રુંજય ગિરિ વંદીએ, બાહુબલી શિવઠામ;
મરૂદેવ ને પુંડરીકગિરિ, રૈવતગિરિ વિશ્રામ. ૨
વિમલાચલ સિદ્ધરાજજી, નામ ભગીરથ સાર;
સિદ્ધક્ષેત્ર ને સહસ્ત્ર કમલ, મુકિત નિલય જયકાર. ૩
સિદ્ધાચલ શતકૂટગિરિ, ઢંકને કોડિ નિવાસ;
કદંબગિરિ લોહિત નમું, તાલધ્વજ પુણ્ય રાસ. ૪
મહાબલ દઢ શક્તિ સહી, એ એકવીશે નામ;
સાતે શુદ્ધિ સમાચરી, નિત્ય કીજે પરણામ. ૫
દ્રવ્ય શૂન્યને અવિધિ દોષ, અતિ પરિણતિ જેહ;
ચાર દોષ છંડી ભજે, ભકિત ભાવ ગુણગેહ. ૬
માનવભવ પામી કરીએ, સદ્‌ગુરૂ તીરથ જોગ;
શ્રી શુભવીરને શાસને, શિવરમણિ સંજોગ. ૭

૨

વિમલ કેવલ જ્ઞાનકમલા, કલિત ત્રિભુવન હિતકરં;
સુરરાજ સંસ્તુત ચરણ પંકજ, નમો આદિ જિનેશ્વરં; ૧
વિમલ ગિરિવર શૃંગમંડણ, પ્રવર ગુણગણભુધરં;
સુર અસુર કિન્નર કોડી સેવિત. નમો૦ ૨

કરતી નાટક કિન્નરીગણ, ગાય જિનગુણ મનહરં;
નિર્જરાવલી નમે અહોનિશ. નમો૦ ૩
પુંડરિક ગણપતિ સિદ્ધિ સાધી, કોડી પણ મુનિ મનહરં;
શ્રી વિમલગિરિવર શૃંગ સિધ્યા. નમો૦ ૪
નિજ સાધ્ય સાધક સુર મુનિવર, કોડી અનંત એ ગિરિવરં;
મુક્તિ રમણી વર્યા રંગે. નમો૦ ૫
પાતાલ નર સુરલોકમાંહિ, વિમલગિરિ વરતોપરં;
નહિ અધિક તિરથ તીર્થપતિ કહે. નમો૦ ૬
ઇમ વિમલગિરિવર શિખરમંડણ, દુઃખ વિહંડણ ધ્યાઇએ;
નિજશુદ્ધ સત્તા સાધનાર્થે, પરમ જ્યોતિ નિપાઇએ. નમો૦ ૭
જિત મોહ કોહ વિછોહ નિદ્રા, પરમ પદસ્થિત જયકરં;
ગિરિરાજ સેવા કરણ તત્પર, પદ્મવિજય સુહિતકરં. નમો૦ ૮

૩

આદીશ્વર જિનરાયનો, ગણધર ગુણવંત;
પ્રગટ નામ પુંડરિક જાસ, મહીમાંહે મહંત. ૧
પંચ કોડી સાથે મુણિંદ, અનશન તિહાં કીધ;
શુકલ ધ્યાન ધ્યાતાં અમૂલ, કેવલ તિહાં લીધ. ૨
ચૈત્રી પૂનમને દિન એ, પામ્યા પદ મહાનંદ;
તે દિનથી પુંડરિકગિરિ, નામ દાન સુખકંદ. ૩

૪

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુરગતિ વારે;
ભાવ ધરીને જે ચઢે, તેને ભવપાર ઉતારે. ૧
અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીરથનો રાય;
પૂરવ નવાણું રીખવદેવ, જ્યાં ઠવીયા પ્રભુ પાય. ૨

સૂરજ કુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ;
નાભિરાયા કુલમંડણો, જિનવર કરું પ્રણામ. ૩

૫

સદ્ભક્ત્યાનતમૌલિનિર્જરવરશ્રાજિષ્ણુમૌલિપ્રભા,
સંમિશ્રાઽરુણહીમિશોભચરણામ્ભોજદ્વયઃ સર્વદા;
સર્વજ્ઞઃ પુરુષોત્તમઃ સુચરિતો ધર્માર્થિનાં પ્રાણિનાં,
ભૂયાદ્ ભૂરિવિભૂતયે મુનિપતિઃ શ્રી નાભિસૂનુર્જિનઃ ૧
સદ્ધ્યાનોપચિતાઃ સદૈવ દધતા પ્રૌઢ પ્રતાપશ્રિયો,
યેનાઽજ્ઞાનતમોવિતાનમખિલં વિક્ષિપ્તમન્તઃ ક્ષણમ્;
શ્રી શત્રુંજયપૂર્વશૈલશિખરં ભાસ્વાનિવોદ્ભાસયન્,
ભવ્યામ્ભોજહિતઃ સ એષ જયતુ શ્રી મારુદેવપ્રભુઃ ૨
યો વિજ્ઞાનમયો જગત્ત્રયગુરુર્યં સર્વલોકાઃ શ્રિતાઃ,
સિદ્ધિર્યેન વૃતા સમસ્તજનતા યસ્મૈ નતિં તન્વતે;
યસ્માન્મોહમતિર્ગતામતિભૃતાં યસ્યૈવ સેવ્યં વચો,
યસ્મિન્ વિશ્વગુણાસ્તમેવ સુતરાં વન્દે યુગાદીશ્વરમ્. ૩

૬

કલ્પવૃક્ષની છાંયડી, નાનડીયો રમતો;
સોવન હીંડોળે હીંચતો, માતાને મન ગમતો. ૧
સો દેવી બાળક થઇ, રૂષભજીને તેડે;
વાલા લાગો છો કડી, હૈડાં શું ભીડે. ૨
જિનપતિ યૌવન પામીયા, ભાવે શું ભગવાન;
ઇન્દ્રે ઘાલ્યો માંડવો, વિવાહની મંડાણ ૩
ચૌરિ બાંધી ચિહું દિશે, સુરગોરી ગીત ગાવે;
સુનંદા સુમંગળા, પ્રભુજીને પરણાવે. ૪

સર્વ સંગ છોડી કરી, કેવળજ્ઞાનને કાજે;
અષ્ટ કર્મનો ક્ષય કરી, પોંચ્યા શિવપુર ધામે. ૫
ભરતે બિંબ ભરાવીઆએ, શત્રુંજય ગિરિરાય;
શ્રી વિજયપ્રભસૂરિતણા, ઉદયરત્ન ગુણ ગાય. ૬

શ્રી સિદ્ધાચળજીનાં સ્તવનો.

૧

ચાલો ચાલો વિમલગિરિ જઈએ રે, ભવજલ તરવાને;
તુમે જયણાએ ધરજો પાયરે, પાર ઉતરવાને. એ આંકણી૦
બાલ કાલની ચેષ્ટા ટાળી,
હાંરે હુંતો ધર્મ યૌવન હવે પાયો રે; ભવ૦
ભૂલ અનાદિની દૂર નિવારી,
હાંરે હુંતો અનુભવમાં લય લાયો રે. પા૨૦ ચાલો૦ ૧
ભવ તૃષ્ણા સવિ દૂર નિવારી,
હાંરે મારી જિન ચરણે લય લાગી રે; ભવ૦
સંવર ભાવમાં દિલ હવે ઠરીયું,
હાંરે મારી ભવની ભાવઠ ભાંગી રે. પા૨૦ ચાલો૦ ૨
સચિત્ત સર્વનો ત્યાગ કરીને,
હાંરે નિત્ય એકાસણુ તપ કારી રે; ભવ૦
પડિક્કમણું દોય ટંકનાં કરશું,
હાંરે ભલી અમૃતક્રિયા દિલ ધારી રે. પા૨૦ ચાલો૦ ૩
વ્રત ઉચ્ચરશું ગુરૂની સાખે,
હાંરે હુંતો યથાશક્તિ અનુસારે રે; ભવ૦
ગુરૂ સાથે ચઢશું ગિરિ પાજે,
હાંરે એ તો ભવોદધિ બૂડતાં તારે રે. પા૨૦ ચાલો૦ ૪

ભવતારક એ તીરથ ફરસી,
હાંરે હું તો સુરજ કુંડમાં નાહી રે; ભવ૦
અષ્ટપ્રકારી ઋષભ જિણુંદની,
હાંરે હું તો પૂજા કરીશ લય લાહી રે. પાર૦ ચાલો૦ ૫
તીરથ પતિ ને તીરથ સેવા,
હાંરે એ તો સાચા મોક્ષના મેવા રે; ભવ૦
સાત છઠ્ઠ દોય અઠ્ઠમ કરીને,
હાંરે મને સ્વામીવચ્છલની હેવા રે. પાર૦ ચાલો૦ ૬
પ્રભુપદ પદ્મ રાયણ તલે પૂજી,
હાંરે હુંતો પામીશ હરખ અપાર રે; ભવ૦
રૂપવિજય પ્રભુ ધ્યાન પસાયે,
હાંરે હુંતો પામીશ સુખ શ્રીકાર રે. પાર૦ ચાલો૦ ૭

૨

વિમળાચલગિરિ ભેટો ભવિયણ ભાવશું,
જેથી ભવોભવ પાતિક દુર પલાય જો;
નિકાચિત બાંધ્યા જે કર્મ જ આકરાં,
ગિરિ ભેટતાં ક્ષણમાં સવિ ક્ષય થાય જો. વિમળાચલ૦ ૧
સાધુ અનંતા ઇણ ગિરિ પર સિદ્ધિ વર્યા,
રામ ભરત ત્રણ કોડી મુનિ પરિવાર જો;
પાંચસે સાથે શીલગે શિવપદ લીધું,
પાંડવ પાંચે પામ્યા ભવનો પાર જો. વિમળાચલ૦ ૨
નમિ વિનમિ આદિ બહુ વિદ્યાધરા,
વળી થાવચ્ચા અઇમત્તા અણગાર જો;

શુકરાજ વળી સુખ તે ગિરિ ઘર પામીયા,
બાહ્ય અભ્યંતર શત્રુ કીધા છાર જો. વિમળાચલ૦ ૩
યુગલા ધર્મ નિવારણ ઇણ ગિરિ આવીયા,
ઋષભ જિણુંદજી પુરવ નવાણું વાર જો;
કાંકરે કાંકરે સાધુ અનંતા સિદ્ધિયા,
માટે નિશદિન સિદ્ધાચલ મન ધારજો. વિમળાચલ૦ ૪
ગિરિ પાજે ચઢંતા તન મન ઉલ્લસે,
ભવસંચિત ઘવિ દુષ્કૃત દૂર પલાય જો;
સૂરજ કુંડે નાહિ નિર્મળ થાઈએ,
જિનવર સેવી આતમ પાવન થાય જો. વિમલાચલ૦ ૫
જાત્રા નવાણું કરીયે તન મન લગનથી.
ધરીયે શીલ સમતા વળી વ્રત પચ્ચખ્ખાણ જો;
ગણીએ ગણણું દાન સુપાત્રે દીજીએ,
દ્વેષ તજી ધરો શત્રુ મિત્ર સમાન જો. વિમલાચલ૦ ૬
એ ગિરિ ભેટે ભવ ત્રીજે શિવસુખ લહે,
પાંચમે ભવ તો ભવિયણ મુક્તિ વરાય જો;
સૂરિ ધનેશ્વર શુભ ધ્યાને ધર્મ ભાખીયે,
પાપી અભવીને એ ગિરિ નવિ ફરસાય જો. વિમલાચલ૦ ૭
મૂળનાયક શ્રી આદિજિણુંદજી ભેટિયે,
શયણ નીચે પ્રણમો પ્રભુના પાય જો;
બાવન જિનાલય ચૌમુખ બિંબને વંદીયે,
સમેતશિખર અષ્ટાપદ રચના આંય જો. વિમળાચલ૦ ૮
સકલ તીરથનો નાયક એ ગિરિ રાજીયો,
તારણ તીરથ ભવોદધિમાંહિ પોત જો;

સેવંતો ઓ. ગિરિવર બહુ ઋદ્ધિ પામીયે,
વરિયે શિવપદ કેવળ જ્યોતા જ્યોત ભે. વિમળાચલ૦ ૯

૩

શેત્રુંજા ગઢના વાસી રે મુજરો માનજો રે,
સેવકની મુણી વાતો રે દિલમાં ધારજો રે;
પ્રભુ મેં દીઠો તુમ દીદાર,
આજ મુને ઉપન્યો હરખ અપાર;
સાહીબીયાની સેવા રે ભવદુઃખ ભાંગશે રે. આંકણી૦ ૧

અરજ અમારી રે દિલમાં ધારજ્યો રે,
ચોરાશી લખ ફેરા રે દૂર નિવારજ્યો રે;
પ્રભુ મને દુરગતિ પડતો રાખ.
પ્રભુ મને દરિસણ વહેલું દાખ; સા૦ ૨

દોલત સવાઇ રે સોરઠ દેશની રે,
બલીહારી હું જાઉં રે તાહરા વેશની રે,
પ્રભુ તાહરૂં રૂડું દીઠું રૂપ,
મોહ્યા સુરનર વૃંદને ભૂપ. સા૦ ૩

તીરથ કોઇ નહિં રે શેત્રુંજા સારખું રે,
પ્રવચન પેખીને દીધું મેં તો પારખું રે;
રૂષભને જોઇ જોઇ હરખે જેહ,
ત્રિભુવન લીલા પામે તેહ. સા૦ ૪

સદાય તો માગું રે પ્રભુ તાહરી સેવના રે,
ભાવઠ ન ભાંજે રે જગમાં જે વિના રે;

પ્રભુ માહરા પોહતા મનના કોડ,
ઇમ કહે ઉદયરતન કરજોડ. સા૦૫

૪

ઉમૈયા મુજને ઘણી, જીહો ભેટું વિમળગિરિરાય;
કોઇ તારા મુજ પાંખડી, જીહો લળી લળી લાગું પાય કે;
મોહનગારા હો રાજ રૂડા, મારા સાંભળ સુગુણા સ્વા. ૧
શેત્રુંજે શિખર સોહામણો, જીહો ધન ધન રાયણરૂખ;
ધન્ય પગલાં પ્રભુજીતણાં, જીહો દીઠડે ભાંગે ભૂખ કે; મોહ૦ ૨
ઇણ ગિરિ આવી સમોસર્યા, જીહો નાભિનરિંદ મહલ્હાર;
પાવન કીધી વસુંધરા, જીહો પૂર્વ નવાણું વાર કે. મોહ૦ ૩
પુંડરીક મુનિ મુગતે ગયા, જીહો સાથે મુનિ પંચ ક્રોડ;
પુંડરીક ગિરિવર એ થયા, જીહો નમો નમો એ કર જોડ કે.
મોહ૦ ૪
એણે તિરથે સિદ્ધયા ઘણા, જીહો સાધુ અનંતી ક્રોડ;
ત્રણ ભુવનમાં જોઇતાં,
જીહો નહી કોઇ એહની જોડ કે. મોહ૦ ૫
મનવાંછિત સુખ મેળવે, જીહો જપતાં એ ગિરિરાજ;
દ્રવ્યભાવ વૈરીતણો, જીહો ભય જાયે સવી ભાંજ કે. મોહ૦ ૬
વાચક રામવિજય કહે, જીહો નમો નમો તીરથ એહ;
શિવમંદિરનીશ્રેણી છે, જીહો એહમાં નહી સંદેહ કે. મોહ૦ ૭

૫

તમે તો ભલે બિરાજોજી, શ્રી સિદ્ધાચળ કે વાસી
સાહેબ ભલે બિરાજોજી;

મરૂદેવીનો નંદન રૂડો, નાભિ નરિંદ મહહાર;
જુગલા ધર્મ નીવારણ આવ્યા, પૂરવ નવાણું વાર. તમે તો૦ ૧
મુળદેવને સનમુખ રાજે, પુંડરીક અણુધાર;
પંચકોડસ્યું ચૈત્રી પુનમે, વરીઆ શીવવધૂ સાર. તમે તો૦ ૨
સહસકોટ દક્ષિણ બિરાજે, જિનવર સહસ ચોવીશ,
ચઉદશેં ભાવન ગણધરનાં, પગલાં પૂજે જગીશ. તમે તો૦ ૩
પ્રભુ પગલાં રાયણ હેઠે, પૂજી પરમાણંદ;
અષ્ટાપદ ચઉવીશ જિનેશ્વર, સમેત વીશ જિણુંદ. તમે તો૦ ૪
મેરૂ પર્વત ચૈત્ય ઘણેરાં, ચઉમુખ બિંબ અનેક;
ભાવન જિનાલય દેવળ નીરખી, હરખ લહુ અતીરેક. તમે તો૦ ૫
સહસ્રફણાને શામળા પાસજી, સમોવસરણ મંડાણુ;
છીપાવશીને ખડતરવશી, કંઈ પ્રેમાવશી પરમાણુ. તમે તો૦ ૬
સંવત અઢાર ઓગણુ પચાશે, ફાગણ અષ્ટમી દીન;
ઉજવળ પક્ષે ઉજવળ હુઓ, ગિરિ રૂરસ્યા મુજ મન. તમે તો૦ ૭
ઇત્યાદિક જિન બિંબ નીહાળી, સાંભળી સિદ્ધની શ્રેણુ;
ઉત્તમ ગિરિવર કેણીપરે વીસરે, પદ્મવિજય કહે જેણુ. તમે તો૦ ૮

૬

મનના મનોરથ સવિ ફળ્યાએ, સિધ્યા વાંછિત કાજ;
પૂજો ગિરિરાજને રે.
પ્રાયે એ ગિરિ શાશ્વતોએ, ભવજળ તરવા જહાજ. પૂજો૦ ૧
મણિ માણેક મુકતાફળે એ, રજત કનકના પુલ; પૂજો૦
કેસર ચંદન ઘસી ઘણાએ, બીજી વસ્તુ અમૂલ. પૂજો૦ ૨
છટ્ઠે અંગે દાખીઓએ, આઠમે અંગે ભાખ; પૂજો૦
સ્થિરાવળી પયન્ને વર્ણવ્યોએ, એ આગમની સાખ. પૂજો૦ ૩

વિમળ કરે ભવિલોકનેએ, તેણે વિમળાચળ જાણ. પૂજો૦
શુકરાજથી વિસ્તર્યાએ, શત્રુંજય ગુણખાણ. પૂજો૦ ૪
પુંડરીક ગણધરથી થયોએ, પુંડરીકગિરિ ગુણધામ; પૂજો૦
સુરનરકૃત એમ જાણીએ એ, ઉત્તમ એકવીશ નામ. પૂજો૦ ૫
એ ગિરિવરના ગુણ ઘણાએ, નાણીએ નવિ કહેવાય; પૂજો૦
જાણે પણ કહી નવિ શકેએ, મુજદ ધુવડને ન્યાય. પૂજો૦ ૬
ગિરિવર દરશન નવિ કર્યોએ, તે રહ્યો ભરભાવાસ; પૂજો૦
નમન દરશન ફરશન કર્યોએ, પૂરે મનની આશ. પૂજો૦ ૭
આજ મહોદય મેં લહ્યો એ, પામ્યો પ્રમોદ રસાળ; પૂજો૦
મણિ ઉદ્યોત ગિરિ સેવતાંએ, ઘેર ઘેર મંગળમાળ. પૂજો૦ ૮

૭

એકદિન પુંડરીક ગણધરૂરે લાલ, પૂછે શ્રી આદિજિણું સુખકારીરે;
કહીએ તે ભવજલ ઉતરીરે લાલ, પામીશ પરમાનંદ ભવવારીરે.
એકદિન૦ ૧
કહે જિન સુણ ગિરિ પામશો રે લાલ, જ્ઞાન અને નિર્વાણ જયકારીરે;
તિરથ મહિમા વાધશે રે લાલ, અધિક અધિક મંડાણ નિર્ધારી રે.
એકદિન૦ ૨
એમ નિસુણી ઇહાં આવીયા રે લાલ, ઘાતીકર્મ કર્યા દુર તમ વારીરે;
પંચકોડી મુનિ પરિવર્યારે લાલ, હુઆ સિદ્ધિ હજુર ભવ વારીરે.
એકદિન૦ ૩
ચૈત્રી પુનમ દિન કીજીએ રે લાલ, પૂજા વિવિધ પ્રકાર દિલ ધારીરે;
ફલ પ્રદક્ષિણા ઠાઉસગ્ગારે લાલ, લોગસ્સ થુઈ નમુક્કાર નરનારીરે;
એકદિન૦ ૪

દશ વીશ ત્રીશ ચાલીશ ભલારે લાલ,
પચાસ પુષ્પની માળ અતિ સારીરે;
નરભવ લાહો લીજીએરેલાલ, જેમ હોય જ્ઞાનવિશાળ મનોહારીરે.
એકદ્વિન પુંડરીક ગણધર રે લાલ. ૫

૮

શ્રી આદીશ્વર અંતર જામી, જીવન જગત આધાર;
શાંત સુધારસ જ્ઞાને ભરીયો, સિદ્ધાચળ શણગાર;
રાયણ રૂડી રે, જીહાં પ્રભુ પાય ધરે, વિમળગિરિ વંદોરે,
દેખત દુઃખ હરે, પુણ્યવંતાં પ્રાણીરે; પ્રભુજીની સેવા કરે. ૧
ગુણ અનંતા ગિરિવરકેરા, સિદ્ધયા સાધુ અનંત;
વળીરે સિદ્ધશે વાર અનંતી, એમ ભાખે ભગવંત;
ભવોભવકેરાં રે, પાતીક દુર કરે. વિમળગિરિ૦ ૨
વાવડીયું રસ કુંપાકેરી, મણિ માણેકની ખાણ;
રત્નખાણ બહુ રાજે હો તીરથ, એવી શ્રી જિનવાણ;
સુખના સ્નેહી રે, બંધન દૂર કરે. વિમળગિરિ૦ ૩
પાંચ કોડી શું પુંડરીક સિધ્યા, ત્રણ કોડી શું રામ;
વીશ કોડી શું પાંડવ મુકતે, સિદ્ધક્ષેત્ર સિદ્ધ ઠામ;
મુનિવર મોટારે, અનંતા મુક્તિવરે. વિમળગિરિ૦ ૪
એસો તીરથ ઓર ન જગમેં, ભાખે શ્રી જિનભાણ;
દુરગતિ કાપેને પાર ઉતારે વ્હાલો, આપે કેવલનાણ;
ભાવિજન ભાવે રે, જે એહની સેવા કરે. વિમળગિરિ૦ ૫
દ્રવ્યભાવ શું પૂજન કરતાં, પૂજે શ્રી જિનરાય;
ચિદાનંદ સુખ આતમલેહે, જ્યોતિસેં જ્યોતિ મિલાય;
કીરતી એહની રે, માણેક મુનિ કરે. વિમળગિરિ૦ ૬

૯

વિમલાચલ નિતુ વંદીએ, કીજે એહની સેવા;
માનુ હાથ એ ધર્મનો, શિવતરૂ ફળ લેવા. વિમલા૦ ૧
ઉજ્જવલ જિનગૃહ મંડળી, તિહાં દીપે ઉત્તંગા;
માનુ હિમગિરિ વિભ્રમે, આઈ અંબરગંગા. વિમલા૦ ૨
કોઈ અનેરૂં જગ નહી, એ તીરથ તોલે;
એમ શ્રીમુખ હરિ આગળે, શ્રી સીમંધર બોલે. વિમલા૦ ૩
જે સઘળાં તીરથ કહ્યાં, યાત્રા ફળ કહીએ;
તેહથી એ ગિરિ ભેટતાં, શતગણું ફળ લહીએ. વિમલા૦ ૪
જન્મ સફળ હોય તેહનો, જે એ ગિરિ વંદે;
સુજસવિજય સંપદ લહે, તે નર ચિર નંદે. વિમલા૦ ૫

પ્રતિમાસ્થાપન—સિદ્ધાચલનો ઉદ્ધાર સ્તવન.

૧૦

ભરતાદિક ઉદ્ધારજ કીધો, શત્રુંજય મોઝાર,
સોનાતણા જેણે દેરાં કરાવ્યાં, રત્નતણા બિંબ થાપ્યાં;
હો કુમતિ ! કાં પ્રતિમા ઉથાપી ?
એ જિન વચને થાપી. હો કુમતિ૦ ૧
વીર પછે બસે નેવું વરસે, સંપ્રતિ રાય સુજાણ;
સવા લાખ પ્રાસાદ કરાવ્યાં, સવા ક્રોડ બિંબ થાપ્યાં. હો ૨
દ્રૌપદી એ જિન પ્રતિમા પૂજી, સૂત્રમાં સાખ ઠરાણી;
છઠે અંગે તે વીરે ભાખ્યું, ગણધર પૂરે સાખી.
હો કુમતિ૦ ૩

સંવત નવસે તાણું વરસે, વિમલ મંત્રીશ્વર જેહ;
આબુ તણાં જેણે દેહરાં કરાવ્યાં, બે હજાર બિંબ થાપ્યાં.
હો કુમતિ૦ ૪

સંવત અગીયાર નવાણું વરસે, રાજા કુમારપાલ;
પાંચ હજાર પ્રાસાદ કરાવ્યાં, સાત હજાર બિંબ થાપ્યાં.
હો કુમતિ૦ ૫

સંવત બાર પંચાણું વરસે, વસ્તુપાલ તેજપાલ;
પાંચ હજાર પ્રાસાદ કરાવ્યાં, અગીયાર હજાર બિંબ થાપ્યાં
હો કુમતિ૦ ૬

સંવત બાર બહોંતેર વરસે, સંઘવી ધન્નો જેહ;
રાણકપુર જેણે દેરાં કરાવ્યાં, કોડ નવાણું દ્રવ્ય ખરચ્યાં.
હો કુમતિ૦ ૭

સંવત તેર એકોતેર વરસે, સમરાશા રંગશેઠ;
ઉદ્ધાર પંદરમો શેત્રુંજે કીધો, અગીયાર લાખ દ્રવ્ય ખરચ્યાં.
હો કુમતિ૦ ૮

સંવત સોલ છોતેર (બોતેર) વરસે, બાદશાહને વારે
ઉદ્ધાર સોલમો શેત્રુંજે કીધો, કરમાશાહે જશ લીધો.
હો કુમતિ૦ ૯

એ જિન પ્રતિમા જિનવર સરખી, પૂજે ત્રિવિધ તુમે પ્રાણી;
જિન પ્રતિમામાં સંદેહ ન રાખો, વાચક જશની વાણી.
હો કુમતિ કાં પ્રતિમા સ્થાપી ૧૦

૧૧

તે દિન કયારે આવશે શ્રી સિદ્ધાચલ જાશું;
ઋષભજિણુંદ જુહારીને, સૂરજકુંડમાં ન્હાશું. તે દિન૦ ૧

સમવસરણમાં બેસીને, જિનવરની વાણી;
સાંભળશું સાચે મને, પરમારથ જાણી. તે દિન૦ ૨
સમકિત વ્રત સુધાં કરી, સદ્‌ગુરૂને વંદી;
પાપ સરવ આલોઇને, નિજ આતમનંદી. તે દિન૦ ૩
પડિક્કમણા દોય ટંકના, કરશું મન કોડે;
વિષય કષાય વિસારીને, તપ કરશું હોડે. તે દિન૦ ૪
વહાલાને વૈરી વિષે, નવિ કરવો વહેરો;
પરના અવગુણ દેખીને, નવિ કરશું ચહેરો. તે દિન૦ ૫
ધર્મ સ્થાનક ધન વાપરી, છક્કાયા ને હેતે;
પંચ મહાવ્રત લઇને, પાળશું મન પ્રીતે. તે દિન૦ ૬
કાયાની માયા મેલીને, પરિસહને સહેશું;
સુખદુઃખ સઘળાં વિસારીને, સમભાવે રહેશું. તે દિન૦ ૭
અરિહંત દેવને ઓળખી, ગુણ તેહના ગાશું;
ઉદયરત્ન એમ ઉચ્ચરે, ત્યારે નિર્મળ થાશું. તે દિન૦ ૮

૧૨

આદીનાથ શેત્રુંજે બુલાલે મુઝે, આદીનાથ શેત્રુંજે બુલાલે મુઝે;

સાખી

આપ આયે એ ગિરિપર, પૂર્વ નિવાણું અહો;
ઔર ભી જિનવર પધારે, વિમલગિરિ પૂનિત હો;
ઐસી ભૂમિકા કરશે કરાદે મુઝે; આદી૦ ૧

સાખી

ઈશ ગિરિપર ધ્યાન ધરકે, આપ નિજ પદ કાં કીયા;
કર્મ શત્રુ કો હટા કર, વોહી શિવસ્વામી હુઆ;
વોહી ધ્યાનકા પાઠ શિખાદે મુઝે. આદી૦ ૨

સાખી

ચંદ્રશેખર મુક્તિ ગામી, હુઆ કર્મ હટાય કે;
હુઓ કુકડો ચંદ રાજા, સિદ્ધ ગિરિપર આય કે;
ઇસિ તોરકા જ્ઞાન દિલાદે મુઝે. આદી૦ ૪

સાખી

શ્રી સિમંધર સ્વામીનેયું, કહા ઇંદ્રકે સામને;
તીર્થ શત્રુંજય સમ નહીં, અવર હૈ ઇશ કાલમેં;
તિરથ ભક્તિકા પ્યાલા પિલાદે મુઝે. આદી૦ ૪

સાખી

અન્ય મતિ સંસર્ગ રોમેં, દ્વેષ જિનમત કા કીયા;
કુમતિ કા સંસર્ગ સે ઓ, દ્વેષ મૂર્તિ કા કાયા;
અબ ચરણો કા દાસ બનાદે મુઝે. આદી૦ ૫

સાખી

બાલકી અરદાસ અમૃત, પાન ભક્તિ લીજીએ;
સિદ્ધગિરિ ભૂલાયકે, નિજ આત્મ દર્શન દીજીએ;
શીવરાની કી શેર બતાદે મુઝે. આદી૦ ૬

૧૩

સંઘપતિ ભરત નરેશ્વર, શત્રુંજય ગિરિ આવે રે લોલ,
અહો શત્રુંજય ગિરિ આવેરે લોલ;
સોવન રૂપારાર વળી, આગળ પધરાવે રે લોલ; અહો. આ૦
વાસવ પ્રમુખ સુરાબહુ, સાથે તિહાં સોહે રે લોલ; અહો. સા૦
વંશ ઇક્ષ્વાકુ સોહાવીઓ, ત્રિભુવન મન મોહેરે લોલ; અહો, ત્રિ૦ ૧

બાહુબળ આદેં કરી, કોઠી મુનિવર મળીયારે લોલ; અહો. કોડી૦
જ્ઞાની ગણધર જાણીયેં, નમિ વિનમિ બળીયારે લોલ; અહો. નમિ૦
શ્રીમયશા આદિ દઈ, મહિધર રથ વાળા રે લોલ; અહો. મહિધર૦
સામંત મંત્રી અધિપતી, માની મચ્છ શળારે લોલ; અહો. માની૦૨
શ્રાવકને વલી શ્રાવિકા, વર અણુંવ્રત ધારીરે લોલ; અહો વર૦
કનક સેનાદિક સાધવી, વૃતિની વ્રત ધારી રે લોલ; અહો. વૃતિની૦
ચતુરંગ સેનાએ પરિવર્યા, છત્ર ચામર ધારારે લોલ; અહો. છત્ર૦
અઢળક દાનને વરસતાં, જેમ સજલ જલધારા રે લોલ; અહો જેમ૦૩
સાથેં સુભદ્રાદિક બહુ, પ્રવર પટ્ટરાણીરે લોલ; અહો. પ્રવર૦
ઈંદ્ર માળ પહેરે તિહાં, ધન્ય ધન્ય અવતારારે લોલ; અહો, ધન્ય૦
ઓચ્છવશું ગિરિરાજની, કરે ભક્તિ અપારા રે લોલ, અહો. કરે૦
શિખર શિખર ત્રિંહુ કાળના, કરે જીન વિહારા રે લોલ; અહો.૪
ગણધર નાભિ સાથેં અછે, બહુ મુનિ આધારા રે લોલ; અહો બહુ૦
બિંબ પ્રતિષ્ઠા તે કરે, વિધિશું જયકારા રે લોલ,
અહો. વિધિ૦
સંઘપતિ તિલક સોહાવીયું, ઈંદ્રાદિક સાખેંરે લોલ;
અહો. ઈંદ્રા૦
સ્થાપી થાયે યશ ઘણો, જ્ઞાન વિમલ એમ ભાખેરે લોલ,
અહો. જ્ઞાન૦ ૫

૧૪

જાત્રા નવાણું કરીએ વિમલગિરિ, જાત્રા નવાણું કરીએ; ટેક
પૂરવ નવાણુંવાર શેત્રુંજાગિરિ, ઋષભ જિણુંદ સમોસરીયે. વિ૦ ૧
કોડી સહસ ભવ પાતક તૂટે શેત્રુંજા સામો ડગ ભરીયે. વિ૦ ૨

સાત છઠ્ઠ દોય અઠમ તપસ્યા કરી ચડીયે ગિરિવરીયે. વિ૦ ૩
પુંડરીક પદ જપીએ મન હરખે, અધ્યવસાય શુભ ધરીયે. વિ૦ ૪
પાપી અભવ્ય ન નજરે દેખે, હિંસક પણ ઉદ્ધરીએ. વિ૦ ૫
ભૂમિ સંથારો ને નારીતણો સંગ, દૂર થકી પરિહરીયે. વિ૦ ૬
સચિત્ત પરિહારીને એકલઆહારી, ગુરૂ સાથે પદચરિયે. વિ૦ ૭
પડિક્કમણું દોય વિધિશું કરીએ, પાપ પડલ વિખરીયે. વિ૦ ૮
કલિકાળે એ તીરથ મહોટું, પ્રવહણ જિમ ભરદરીયે.
ઉત્તમ એ ગિરિવર સેવંતાં, પદ્મ કહે ભવ તરીયે; વિ૦ ભા૦ ૧૦

૧૫

શ્રી રે સિદ્ધાચલ ભેટવા, મુજ મન અધિક ઉમાહો;
ઋષભ જિણંદ જુહારીને, લીજે ભવ તણો લાહો. શ્રી રે૦ ૧
મણિમય મુરતિ શ્રી ઋષભની, નિપાઈ અભિરામ;
ભુવન કરાવ્યું કનકમય, રાખ્યું ભરતે નામ. શ્રી રે૦ ૨
ઇણ ગિરિ ઋષભ સમોસર્યા, પૂર્વ નવ્વાણું વાર;
રામ પાંડવ મુગતે ગયા, પામ્યા ભવનો પાર. શ્રી રે૦ ૩
નેમ વિના ત્રેવીશ પ્રભુ, આવ્યા સિદ્ધક્ષેત્ર જાણી;
શેત્રુંજાસમું તીરથ નહીં, બોલ્યા સીમંધર વાણી. શ્રી રે૦ ૪
પૂરવ પુણ્ય પસાયથી, પુંડરીકગિરિપાયો,
કાંતિવિજય હરખેકરી, શ્રી સિદ્ધાચલ ગાયો; શ્રી રે૦ ૫

૧૬

જગચિંતામણી જગગુરૂ, જગત શરણ આધાર; લાલ રે,
અઢાર કોડા કોડી સાગરે, ધર્મ ચલાવણ હાર. લાલરે જગ૦ ૧

અષાડ વદી ચોથે પ્રભુ, સ્વર્ગથી લીએ અવતાર; લાલ રે,
ચૈતર વદી આઠમ દિને, જનમ્યા જગદાધાર. લાલરે જગ૦ ૨

પાંચશેં ધનુષની દેહડી, સોવન વરણ શરીર; લાલ રે;
ચૈતર વદી આઠમે લીયે, સંજમ મહાવડવિર. લાલ રે જગ૦ ૩

ફાગણ વદી અગીયારશે, પામ્યા પંચમ નાણ; લાલ રે
મહા વદી તેરશે શિવવર્યાયોગ નિરોધ કરી જાણ, લાલ રે જગ૦ ૪

લાખ ચોરાશી પૂરવતણું, જિનવર ઉત્તમ આય; લાલ રે
પદ્મવિજય કહે પ્રભુમતાં,
વહેલું શિવસુખ થાય. લાલ રે જગ૦ ૫

૧૭

ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિ ભલો;
ગુણ નીલો જેણે તુજ નયણ દીઠો;
દુઃખ ટલ્યાં સુખ મલ્યાં સ્વામી તુજ નિરખતાં;
સુકૃત સંચય હુઓ, પાપ નીઠો. ઋષભ૦ ૧

કલ્પ શાખી ફલ્યો, કામ ઘટ મુજ મલ્યો;
આંગણે અમીયનો, મેહ વૂઠો;
મુજ મહીરાણ મહી, ભાણ તુજ દર્શને;
ક્ષય ગયો કુમતિ, અંધાર જૂઠો. ઋષભ૦ ૨

કવણ નર કનક મણિ, છોડી તૃણ સંગ્રહે;
કવણ કુંજર તજી, કરહ હેવે,
કવણ બેસે તજી, કલ્પતરૂ બાવૂલે;
તુજ તજી અવર સુર, કોણ સેવે. ઋષભ૦ ૩

એક મુજ ટેક સુવિવેક, સાહિબ સદા;
તુજ વિના દેવ, દૂજો ન ઈહું;
તુજ વચન-રાગ મુખ, સાગરે ઝીલતો,
કર્મભર ભ્રમ થકી, હું ન બીહું. ૠષભ૦ ૪

કોડી છે દાસ પ્રભુ, તાહરે ભલભલા;
માહરે દેવ તું, એક ધ્યારો;
પતિત પાવન સમો, જગત ઉદ્ધારકર;
મહેર કરી મોહે ભવ, જલધિ તારો. ૠષભ૦ ૫

મુક્તિથી અધિક તુજ, ભક્તિ મુજ મન વસી;
જેહશું સબળ, પ્રતિબંધ લાગો;
ચમક પાષાણ જિમ, લોહને ખેંચશ્યે;
મુક્તિને સહજ તુજ, ભક્તિ રાગો. ૠષભ૦ ૬

ધન્ય! તે કાય જેણે, પાય તુજ પ્રણમિયે;
તુજ થુણે જેહ ધન્ય, ! ધન્ય! જીહા;
ધન્ય તે હૃદય જેણે, તુજ સદા સમરતાં;
ધન્ય! તે રાત ને ધન્ય! દીહા. ૠષભ૦ ૭

ગુણ અનંતા સદા, તુજ ખજાને ભર્યા;
એક ગુણ દેત મુજ, શું વિમાસો;
રયણ એક દેત શી, હાણ રયણાયરે,
લોકની આપદા, જેણે નાસો. ૠષભ૦ ૮

ગંગ સમ રંગ તુજ, કીર્તિ કલ્લોલિની;
રવિ થકી અધિક, તપ તેજ તાજો;
નયવિજય વિબુધ, સેવક હું આપણો;
જસ કહે અબ મોહે, બહુ નિવાજો. ૠષભ૦ ૯

૧૮

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;
રીઝયો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત. ઋષભ૦ ૧

પ્રીત સગાઇ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઇ ન કોય;
પ્રીત સગાઇ રે નિરૂપાધિક કહી રે,સોપાધિક ધન ખોય. ઋષભ૦ ૨

કોઇ કંથ કારણ કાષ્ટભક્ષણ કરે રે, મિલશું કંતને ધાય;
એ મેળો નવિ કહીએ સંભવે રે, મેળો ઠામ ન થાય. ઋષભ૦ ૩

કોઇ પતિરંજન અતિ ઘણો તપ કરે રે, પતિરંજન તન તાય;
એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ મિલાપ. ઋષભ૦૪

કોઇ કહે લીલા રે અલખ અલખતણી રે, લખ પૂરે મન આશ;
દોષ રહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ. ઋષભ૦ ૫

ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટ રહિત થઈ આતમ અરપણારે, આનંદઘનપદ રેહ. ઋષભ૦૬

૧૯

જગજીવન જગ વાલહો, મરૂદેવીનો નંદ લાલ રે;
મુખ દીઠે સુખ ઉપજે, દરિશન અતિહિ આનંદ લાલ રે. જગ૦ ૧

આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશી સમ ભાલ લાલરે;
વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાલ લાલરે. જગ૦ ૨

લક્ષણ અંગે વિરાજતાં, અહિય સહસ્ર ઉદાર લાલરે;
રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલરે. જગ૦ ૩

ઇંદ્ર ચંદ્ર રવિ ગિરિતણા, ગુણ લહી ઘડીયું અંગ લાલરે;
ભાગ્ય કીહાં થકી આવીયું, અચરિજ એહ ઉત્તંગ લાલરે. જગ૦ ૪

ગુણ સઘળા અંગી કર્યા, દૂર કર્યા સવિ દોષ લાલરે;
વાચક યશ વિજયે થુણ્યો, દેજો સુખનો પોષ લાલ રે. જગ૦

૨૦

બાળપણે આપણે સસનેહિ, રમતા નવ નવ વેશે; ૧
આજ તુમે પામ્યા પ્રભુતાઈ, અમે તો સંસારીને વેષે
હો પ્રભુજી ઓળંભડે મત ખીજો,
જો તુમ ધ્યાતા શિવસુખ લહિયે, તો તુમને કોઈ ધ્યાવે;
પણ ભવસ્થિતિ પરિપાક થયા વિણ, કોઇ ન મુગતિ જાવે. હો પ્ર૦ ૨
સિદ્ધનિવાસ લહે ભવસિદ્ધિ, તેહમાં રહ્યો પાઠ તુમારો;
તો ઉપગાર તુમારો વહિયે, અભવ્ય સિદ્ધને તારો. હો પ્ર૦ ૩
નાણુરયણ પામી એકાંતે, થઇ બેઠા મેવાસી;
તે માંહેલો એક અંશ જો આપો,તો તે વાતે શાબાશી. હો પ્ર૦ ૪
અક્ષયપદ દેતાં ભવિજનને, સંકીર્ણતા નવિ થાય;
શિવપદ દેવા જો સમરથ છો, તો જશ લેતાં શું જાય. હો પ્ર૦ ૫
સેવાગુણ રંજ્યો ભવિજનને, જો તુમે કરો વડભાગી;
તો તુમે સ્વામી કેમ કહાવો, નિર્ભમને નિરાગી. હો પ્ર૦ ૬
નાભિનંદન જગવંદન પ્યારો, જગગુરૂ જય જયકારી;
રૂપવિબુધનો મોહન બલણે,વૃષભ લંછન બલીહારી. હો પ્ર૦ ૭

૨૧

ઋષભદેવ હિતકારી, જગતગુરૂ ઋષભદેવ હિતકારી;
પ્રથમ તીર્થંકર પ્રથમ નરેસર, પ્રથમ યતિ વ્રતધારી. જગત૦ ૧
વરસીદાન દેઈ તુમ જગમેં, ઇલતિ ઇતિ નિવારી;
તૈસી કાહી કરતુ નાહી કરૂના, સાહિબ મેર હમારી. જગત૦ ૨

ભાગત નહી હમ હાથી ઘોડે, ધન કન કંચન નારી;
દીજો મોહે ચરણકમલકી સેવા, યાહિ લાગત મોહે પ્યારી. જગત૦૩

ભવ લીલા વાસિત સુર ડારે, તું પર સબહી ઉવારી;
મેં મેરો મન નિશ્ચલ કીનો, તુમ આણા શિરધારી. જગત૦ ૪

એસો સાહિબ નહિ કોઈ જગમેં, યાશું હોય દિલદારી;
દિલહી દલાલ પ્રેમકે બીચે, તિહાં હઠ બેંચે ગમારી. જગત૦ ૫

તુમહી સાહિબ મેં હું બંદા, યા મત દીજો વિસારી;
શ્રી નયવિજય વિબુધ સેવક કે, તુમહો પરમ ઉપકારી. જગત૦૬

૨૨

માતા મરૂદેવીના નંદ,
દેખી તાહરી મૂરતિ મારૂં મન લોભાણું જી;
મારૂં દીલ લોભાણું જી,
દેખી તાહરી મૂરતિ મારૂં ચિત્ત ચોરાણું જી. ૧

કરૂણા નાગર કરૂણા સાગર, કાયા કંચન વાન;
ધોરી લંછન પાઉલે કાંઇ, ધનુષ પાંચસેં માન. માતા૦ ૨

ત્રિગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર;
જોજન ગામિની વાણી મીઠી, વરસંતી જળધાર. માતા૦ ૩

ઉર્વશી રૂડી અપ્સછરાને, રામા છે મન રંગ;
પાયે નેપૂર રણઝણે કાંઇ, કરતી નાટારંભ. માતા૦ ૪

તુંહી બ્રહ્મા તુંહી વિધાતા, તું જગ તારણહાર;
તુંજ સરિખો નહિ દેવ જગતમાં, મરવડીઆ આધાર. માતા૦ ૫

તુંહી ભ્રાતા તુંહી ત્રાતા, તું જગતનો દેવ;
સુરનર કિન્નર વાસુદેવા, કરતા તુજ પદ સેવ. માતા૦ ૬

શ્રી સિદ્ધાચળ તીરથ કેરો, રાજા ઋષભ જિણુંદ;
કીર્તિ કરે માણેક મુનિ તાહરી, ટાળો ભવભય ફંદ. માતા૦ ૭

૨૩

સમકિત દ્વાર ગભારે પેસતાંજી, પાપ પડલ ગયા દૂર રે;
મોહન મરૂદેવીનો લાડણોજી, દીઠો મીઠો આનંદ પૂર રે. સમ૦ ૧
આયુવરજીત સાતે કર્મનીજી, સાગર કોડાકોડી હીણ રે;
સ્થિતિ પ્રથમ કરણે કરીજી, વીર્ય અપૂરવ મોઘર લીધ રે. સમ૦ ૨
ભૂંગળ ભાંગી આદ્ય કષાયનીજી, મિથ્યાત્વ મોહની સાંકળ સાથ રે;
બાર ઉઘાડયાં શમ સંવેગનાજી,
અનુભવ ભુવને બેઠા નાથ રે. સમ૦ ૩
તોરણ બાંધ્યું જીવ દયાતણુંજી, સાથીયો પૂર્યો શ્રદ્ધા રૂપ રે;
ધૂપ ઘટી પ્રભુગુણ અનુમોદનાજી,
ધીગુણ મંગળ આઠ અનુપ રે. સમ૦ ૪
સંવર પાણી અંગ પખાલણેજી, કેશર ચંદન ઉત્તમ ધ્યાન રે;
આતમ ગુણરુપિ મૃગમદ મહમહેજી,
પંચાચાર કુસુમ પ્રધાન રે. સમ૦ ૫
ભાવપૂજાએ પાવન આતમાજી, પૂજો પરમેશ્વર પુન્ય પવિત્ર રે;
કારણ જોગે કારજ નીપજેજી,
ખીમાવિજય જિન આગમ રીત રે. સમ૦ ૬

૨૪

પ્રથમ જિનેશ્વર પ્રભુમીએ, જાસ સુગંધી રે કાય;
કલ્પવૃક્ષપરે તાસ, ઈંદ્રાણિ નયન જે ભૃંગપરે લપટાય. ૧

રોગ ઉરગ તુજ નવિ નડે, અમૃત જે આસ્વાદ;
તેહથી પ્રતિહત તેહ માનું કોઇ,
નવિ કરે જગમાં તુમ શું રે વાદ. ૨

વજ્ર ધોઇ તુજ નિરમલો, કાયા કંચન વાન;
નહિં પ્રસ્વદ લગાર તારે તું તેહને, જે ધરે તાહરું ધ્યાન. ૩
રાગ ગયો તુજ મન થકી, તેહમાં ચિત્ર ન કોય;
રુધિર આમિષથી રાગ ગયો તુજ જનમથી,
દૂધ સહોદર હોય. ૪

શ્વાસોશ્વાસ કમલ સમો, તુજ લોકોત્તર વાત;
ટેળે ન આહાર નિહાર ચરમ ચક્ષુ ધણી, એહવા તુજ અવદાત. ૫
ચાર અતિશય મૂળથી, ઓગણીશ દેવના કીધ;
કર્મ ખપ્યાથી અગ્યાર ચોત્રીશ એમ અતિશય,
સમવાયાંગે પ્રસિદ્ધ. ૬

જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ;
પદ્મવિજય કહે એહ સમય પ્રભુ પાળજો,
જિમ થાઉં અક્ષય. અભંગ. ૭

૨૫

નાભિનરિંદના નંદન વંદીએરે, મારુદેવીજી માત મલ્હાર;
જસ નહીં લંછન લંછન ઓપતું રે, મેલ્યા મોહ મહાવિકાર;
કેવળ કમલા વિમલા તું વર્યો રે. ૧

હરિહર બ્રહ્મ પુરંદર જ્ઞાનથી રે, જ્ઞાન અનંતું જિનવર રાય;
જગ લોચનથી અધિક પ્રભા નહીરે,
જેમ ઇક્ષુ તારકનો સમુદાય. કેવલ૦ ૨

ધર્મ બતાવ્યા માયા પરિહરીરે, ભવ દાવાનલ ઉપશમ નીર;
રોગ હરાવ્યા કાયા ધનુષની રે, પંચસયા સોવન શરીર. કેવલ૦ ૩

શિવસુખ ભોગી શિવ તે આપીશે રે, દાસતણી અરદાસ મનાય;
મોટા મૌન ધરીને જો રહે રે, તો કેમ સેવક કારજ થાય. કેવલ૦૪

પંકજ દળ જળબિંદુ જેમ વિસ્તરે, ઉપમા મોતીની મહારાજ;
સજ્જન સંગે શિવસુખ પામીએ રે,
કહે શુભ સેવક દો શિવરાજ. કેવલ૦ ૫

૨૬

હો તારક ઋષભ જીનેશ્વર તું મિલ્યો, પ્રત્યક્ષ પોત સમાન હો;
હો તારક તુજને જેહ અવિલાંબિઆ, તેણે લહ્યું તુજ સ્થાન હો;
હો તારક૦ ૧

હો તારક ગુણ અનંતા તાહરા, કોઈ કદી ન લેશે પાર હો;
હો તારક કેવળી કોઇ મળે કદી, જાણે ન કહો નિરધાર હો;
હો તારક૦ ૨

હો તારક તુજ વંદન પૂજન કરી, પવિત્ર કરું નિજ દેહ હો;
હો તારક તુજ ગુણ સ્તવના એ સ્તવી, જીવ્હા કરું અમૃત લેહ હો;
હો તારક૦ ૩

હો તારક ગણધર મુનિવરે સ્તવ્યો, સ્તવ્યો દેવની કોડ હો;
હો તારક હું પણ તુજને સ્તવું, ભક્તે કરું નીજગુણ હો;
હો તારક૦ ૪

હો તારક મરૂદેવી માતાને નમું, રત્ન કુક્ષી ધરનાર હો;
હો તારક નાભિરાયા કુલ ચંદલો, સકલ જંતુ હિતકાર હો;
હો તારક૦ ૫

હો તારક સુનંદા સુમંગલાતણા, પ્રીતમ પ્રભુ વિખ્યાત હો;
હો તારક શ્રી પુંડરીક ગણધરતણા, પિતામહ જગગુરૂ તાત હો;
હો તારક૦ ૬

હો તારક તુજ નામે રિદ્ધિ સંપજે, વાધે કિર્તિ અપાર હો;
હો તારક શિવલચ્છી સેહેજે મળે, સફળ થાયે અવતાર હો;
હો તારક ૠષભ જીનેશ્વર તું મિલ્યો૦ ૭

૨૭

પ્રભુજી જાવું પાલીતાણા શહેર કે મન હરખે ઘણું રે લોલ;
પ્રભુજી સંઘ ઘણેરા આવે કે, એ ગિરિ ભેટવા રે લોલ. ૧

પ્રભુજી આવું પાલીતાણા શહેર કે, તલાટી શોભતો રે લોલ;
પ્રભુજી ગિરિરાજ ચઢતાં કે, મન હરખે ઘણું રે લોલ. ૨

પ્રભુજી આવ્યો હીંગલાજનો હડો કે, કેડે હાથ દઇ ચડો રે લોલ;
પ્રભુજી આવી રામજ પોળ કે, સામી મોતીવશી રે લોલ. ૩

મોતીવશી દીઠે આક્ષ અમાલ કે, જોયાની જુગતિ ભલી રે લોલ;
પ્રભુજી આવી વાઘણ પોળ કે, ડાબા ચક્રેશ્વરીરે લોલ. ૪

ચક્રેશ્વરી જિનશાશન રખવાળ કે, સંઘની સહાય કરે રે લોલ;
પ્રભુજી આવી હાથણ પોળ કે, સામા જગ ધણી રે લોલ. ૫

પ્રભુજી આવ્યા મુજ અભારે કે, આદેશ્વર ભેટીયા રે લોલ;
આદેશ્વર ભેટે ભવ દુઃખ જાય કે, શિવ સુખ પામીએ રે લોલ. ૬

પ્રભુજીનું મુખડું પુનમ કેરૂં ચંદ કે, મોહ્યો સુરપતિ રે લોલ;
પ્રભુજી તુમ થકી નહિ રહું દૂરકે, ગિરિપંથે વસ્યા રે લોલ;
એવી વીરવિજયની વાણી કે, શિવ સુખ આપજો રે લોલ. ૭

શ્રીસિદ્ધાચલતીર્થની સ્તુતિઓ

૧

શ્રી શત્રુંજય તીરથ સાર, ગિરિવરમાં જેમ મેરૂ ઉદાર,
ઠાકુર રામ અપાર;
મંત્રમાંહે નવકાર જ જાણું, તારામાં જેમ ચંદ્ર વખાણું,
જળધર જળમાં જાણું;
પંખીમાંહે જેમ ઉત્તમ હંસ, કુળમાંહે જેમ ઋષભનો વંશ,
નાભિતણો એ અંશ;
ક્ષમાવંતમાં શ્રી અરિહંત, તપશૂરામાં મુનિવર મહંત,
શત્રુંજય ગિરિ ગુણવંત. ૧

ઋષભ અજિત સંભવ અભિનંદા, સુમતિનાથ મુખ પુનમચંદા,
પદ્મપ્રભુ સુખકંદા;
શ્રી સુપાર્શ્વ ચંદ્રપ્રભ સુવિધિ, શીતલ શ્રેયાંસ સેવો બહુ બુદ્ધિ,
વાસુપૂજ્ય મતિ શુદ્ધિ;
વિમલ અનંત ધર્મજિન શાંતિ, કુંથુઅર મલ્લિ નમું એકાંતિ,
મુનિસુવ્રત શુદ્ધ પંતિ;
નમિ નેમ પાસ વીર જગદીશ, નેમ વીના એ જિન તેવીશ,
સિદ્ધગિરિ આવ્યા હંશ. ૨

ભરતરાય જિન સાથે બોલે, સ્વામી શત્રુંજય ગિરિકુણ તોલે?
જિનનું વચન અમોલે;
ઋષભ કહે સુણો ભરતજી રાય, છરી પાલંતા જે નર જાય,
પાતિક ભૂકો થાય;
પશુ પંખી જે ઇણ ગિરિ આવે, ભવ ત્રીજે તે સિદ્ધજ થાવે,
અજરામર પદ પાવે;

જિનમત મેં શેત્રુંજે વખાણ્યો, તે મેં આગમ દિલમાંહે આણ્યો,
સુણતાં સુખ ઉર ઠાણ્યો. ૩

સંઘપતિ ભરત નરેશ્વર આવે, સોવનતણાં પ્રાસાદ કરાવે,
મણિમય મૂરતિ ઠાવે;
નાભિરાયા મરૂદેવી માતા, બ્રાહ્મી સુંદરી બહેન વિખ્યાતા,
મૂર્તિ નવાણું ભ્રાતા;
ગોમુખ યક્ષ ચક્રેશ્વરી દેવી, શત્રુંજય સાર કરે નિત્યમેવી,
તપગચ્છ ઉપર હેવી;
શ્રી વિજયસેનસૂરીશ્વર રાયા, શ્રી વિજયદેવસૂરિ પ્રણમી પાયા,
ઋષભદાસ ગુણ ગાયા. ૪

૨

શત્રુંજયમંડણ, ઋષભ જિણુંદ દયાલ;
મરૂદેવાનંદન, વંદન કરૂં ત્રણ કાળ;
એ તીરથ જાણી, પૂરવ નવાણું વાર;
આદીશ્વર આવ્યા, જાણી લાભ અપાર. ૧

ત્રેવીશ તીર્થંકર, ચઢીઆ ઈણ ગિરિરાય;
એ તીરથના ગુણ, સુર અસુરાદિક ગાય;
એ પાવન તીરથ, ત્રિભુવન નહિં તસ તોલે;
એ તીરથના ગુણ, સીમંધર મુખ બોલે. ૨

પુંડરિક ગિરિ મહિમા, આગમમાં પરશસ્યા;
વિમલાચલ ભેટી, લહીએ અવિચલ રિદ્ધ;
પંચમી ગતિ પહોતા, મુનિવર કોડાકોડ;
ઈણ તીરથે આવી, કર્મ વિપાક વિછોડ. ૩

શ્રી શત્રુંજય કેરી, અહોનિશ રક્ષા કરી;
શ્રી આદિ જિનેશ્વર, આણ હૃદયમાં ધારી;
શ્રી સંઘ વિઘનહર, કવડ જક્ષ ગણભૂર;
શ્રી રવિ બુદ્ધિસાગર, સંઘના સંકટ ચૂર. ૪

૩

આદિ જિનવર રાયા, જાસ સોવન કાયા;
મરૂદેવી માયા, ધોરી લંછન પાયા;
જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા;
કેવળસિરિ રાયા, મોક્ષ નગરે સધાયા. ૧
સવિ જિન સુખકારી, મોહ મિથ્યા નિવારી;
દુર્ગતિ દુઃખ ભારી, શોક સંતાપ વારી;
શ્રેણી ક્ષપક સુધારી, કેવળાનંત ધારી;
નમીએ નરનારી, જેહ વિશ્વોપકારી. ૨
સમવસરણ બેઠા, લાગે જે જિનજી મીઠા;
કરે ગણપ પઈટ્ઠા, ઇંદ્ર ચંદ્રાદિ દીઠા;
દ્વદશાંગી વરિઠ્ઠા, ગુંથતાં ટાળે રિઠ્ઠા;
ભવિજન હોય હિઠ્ઠા, દેખી પુન્યે ગરિઠ્ઠા. ૩
સુર સમકિતવંતા; જેહ રિદ્ધે મહેતા;
જેહ સજ્જન સંતા, ટાળીએ મુજ ચિંતા;
જિનવર સેવંતા, વિઘ્ન વારો દુરંતા;
જિન ઉત્તમ થુણંતા, પદ્મને સુખદંતા. ૪

૪

બધ્યાબોજવિબોધનૈકતરણે, વિસ્તારી કર્માવલી;
રંભાસામજનાભિનંદનમહા—નષ્ટાપદાભાસુરૈઃ

કૃત્વા વંદિતપાદપદ્મવિદુષાં સંપાદયપ્રોજ્ઝિતા;
રંભાસામજનાભિનન્દનમહા નષ્ટાપદા ભાસુરૈઃ ૧

તે વઃ પાન્તુ જિનોત્તમાઃ ક્ષતરુજો નાચિક્ષિપુર્યન્મનો-
દારાવિભ્રમરોચિતાઃ સુમનસો; મન્દારવા રાજિતાઃ-
યત્પાદૌ ચ સુરોજ્ઝિતાઃ સુરભયાં ચક્રુઃ પતન્ત્યોઽમરા-
દારાવિભ્રમરોચિતાઃ સુમનસો મન્દારવારાજિતાઃ ૨

શાંતિં વસ્તનુતાન્મિથોઽનુગમનાદ્ય-નૈગામૈધનંયૈ-
રક્ષોભંજનહેતુલાંછિતમદો દીર્ણાંગજાલંકૃતમ્;
તત્પૂજ્યૈર્જગતાં જિનૈઃ પ્રવચનં દેપ્યત્કુવાદ્યાવલી-
રક્ષોભંજનહેતુલાંછિતમદો દીર્ણાંગજાલંકૃતમ્. ૩

શીતાંશુત્વિષિ યત્ર નિત્યમદધદ્ ગંધાઢ્યધૂલીકણા-
નાલો કેસરલાલસા સમુદિતા શુભ્રામરીભાસિતા,
પાયાદ્વઃ શ્રુતદેવતા નિદધતી તત્રાબ્જકાન્તી ક્રમૌ;
નાલિકેસરલાલસા સમુદિતા શુભ્રામરી ભાસિતા. ૪

૫

જીહાં ઓગણોતેર કોડાકોડી, તેમ પંચાશી લખ વળી જોડી;
ચુમ્માલીશ સહસ્સ કોડી, સમવસર્યા જિહાં એ તીવાર;
પૂર્વ નવાણું એમ પ્રકાર, નાભિ નરિંદ મલ્હાર. ૧

સહસકૂટ અષ્ટાપદ સાર, જિન ચોવીશતણા ગણધાર;
પગલાંના વિસ્તાર, વલી જિનબિંબતણો નહિ પાર;
દેહરી થંભે બહુ આકાર, વંદું વિમલગિરિ સાર. ૨

એંશી સીત્તેર સાઠ પચાશ, બાર જોયણ માને જસ વિસ્તાર;
ઈગ બિ તિ ચઉ પણુ આર, માન કહ્યું તેહનું વિચાર,
મહિમા એહનો અગમ અપાર, આગમમાંહે ઉદાર. ૩

ચૈત્રી પુનમ દિન શુભ ભાવે, સમકિતદૃષ્ટિ સુર નર આવે;
પૂજા વિધ રચાવે; જ્ઞાનવિમલસૂરિ ભાવના ભાવે,
દુરગતિ દોહગ દુર ગમાવે, બોધિબીજ જસ પાવે. ૪

૬

પ્રહ ઉઠી વંદું, ઋષભદેવ ગુણવંત;
પ્રભુ બેઠા સોહે, સમવસરણ ભગવંત;
ત્રણ છત્ર વિરાજે, ચામર ઢાળે ઇંદ્ર;
જિનના ગુણ ગાવે, સુર નરનારીના વૃંદ. ૧

બાર પર્ષદા બેસે, ઇંદ્ર ઇંદ્રાણીરાય;
નવકમળ રચે સુર, તિહાં ઠવતા પ્રભુ પાય;
દેવ દુંદુભિ વાજે, કુસુમ વૃષ્ટિ બહુ હુંત;
એવા જિન ચોવીશે, પૂજો એકણ ચિત્ત. ૨

જિન જોજન ભૂમિ, વાણીનો વિસ્તાર;
પ્રભુ અર્થ પ્રકાશે, રચના ગણધર સાર;
સૌ આગમ સુણતાં, છેદીજે ગતિચાર;
જિન વચન વખાણી, લીજે ભવનો પાર. ૩

જક્ષ ગોમુખ ગિરવો, જિનની ભક્તિ કરેવ;
તિહાં દેવી ચક્રેસરી, વિઘન કોડી હરેવ;
શ્રી તપગચ્છ નાયક, વિજયસેન સૂરિરાય;
તસ કેરો શ્રાવક, રૂષભદાસ ગુણગાય. ૪

૭

ચ્યાસીલાખ પૂરવ ઘરવાસે, વસીયા પરિકર યુકતાજી;
જનમ થકી પણ દેવતરૂ ફલ, ક્ષીરોદાધજલ ભોકતાજી;

મઈ સુઅ ઓહિ નાણે સંયુત, નયણ વયણ કજ ચંદાજી;
ચાર સહસશું દીક્ષા શિક્ષા, સ્વામી શ્રી રૂષભ જિણંદાજી. ૧
મનઃ પર્યવ તવ નાણ ઉપનું, સંયત લિંગ સહાવાજી;
અઢીયદ્વીપમાં સન્નીપંચેંદ્રિય, જાણે મનોગત ભાવાજી;
દ્રવ્ય અનંતા સૂક્ષ્મ તીચ્છો, અઢારસેં ખિત્ત ઠાયાજી;
પલિય અસંખમ ભાગ ત્રિકાલિક, દ્રવ્ય અસંખ્ય પરજાયાજી. ૨
રૂષભ જિણેસર કેવલ પામી, રયણ સિંહાસન ઠાયાજી;
અનભિલપ્પ અભિલપ્પ અનંતા, ભાગ અનંત ઉચ્ચરાયાજી;
તાસ અનંતમે ભાગે ધારી, ભાગ અનંતે સૂત્રજી;
ગણધર રચિયાં આગમ પૂજી, કરીએ જનમ પવિત્રજી. ૩
ગોમુખ જક્ષ ચક્રેસરી દેવી, સમકિત શુદ્ધ સોહાવેજી;
આદિ દેવની સેવા કરતી, શાસન શોભ ચઢાવેજી;
શ્રદ્ધા સંયુત જે વ્રતધારી, વિઘન તાસ નિવારેજી;
શ્રી શુભવીરવિજય પ્રભુ ભગતે, સમરે નિત્ય સવારેજી. ૪

(શ્રી સિદ્ધાચલ)—શ્રી મરૂદેવી માતાની સજઝાય.

૧

મરૂદેવી માતા રે એમ ભણે, ઋષભજી આવોને ઘેર;
હવે મુજ ઘડપણ છે ઘણું, મળવા પુત્ર વિશેષ. મરૂદેવી૦ ૧
વત્સ તુમે વનમાં જઈ શું વસ્યા, તુમારે ઓહું શું આજ.
સર્વ ઈન્દ્રાદિક દેવતા, સાધ્યા ષટ્‌ખંડ રાજ.. મરૂદેવી૦ ૨
સાચું સગપણ માતનું, બીજા કારમા લોક;
રડતાં પડતાં મેળો નહિ, હૃદય વિમાસીને જોય. મરૂદેવી૦ ૩

ઋષભજી આવી સમોસર્યા, વિનિતાનગરી મોઝાર;
હરખે દેઉં રે વધામણું, ઉઠી કરૂં રે ઉલ્લાસ. મરૂદેવી૦ ૪
આઇ બેઠાં ગજ ઉપરે, ભરતજી વાંદવા જાય;
દૂરથી વાજાં રે વાગીયાં, હૈડે હરખ ન માય. મરૂદેવી૦ ૫
હરખનાં આંસુ આવીયાં, પડલ તે દૂર પલાય;
પરખદા દીઠો રે પુત્રની, ઉપન્યું કેવલજ્ઞાન. મરૂદેવી૦ ૬
ધન્ય માતા ધન્ય બેટડો, ધન્ય તેમનો પરિવાર;
વિનયવિજય ઉવજઝાયનો, વર્તે જય જયકાર. મરૂદેવી૦ ૭

૨

એક દિન મરૂદેવી આઇ, કહે ભરતને અવસર પાઈ રે,
સુણો પ્રેમ ધરી. ૧
મારો રિખવ ગયો કેઈ દેશે, કેઇવારે મુજને મળશે રે સુણો,૦૨
તું તો ષટ ખંડ પૃથ્વી માણે, મારા સુતનું દુઃખ નવિ જાણે રે સુણો૦૩
તું તો ચામર છત્ર ધરાવે, મારો ઋષભ વિકટ પંથે જાવે રે સુ૦૪
તું તો સરસ ભોજન આશી, ઋષભ નિત્ય ઉપવાસી રે. સુણો૦ ૫
તું તો મંદિરમાંહે સુખ વિલસે, મારો અંગજ ધરતી ફરસે રે. સુ૦ ૬
તું તો સ્વજન કુટુંબમાં મહાલે, મારો ઋષભ એકલડો ચાલે રે સુ૦૭
તું તો વિષયતણા સુખ સુચે, મારા સુતની વાત ન પૂછે રે સુ૦ ૮
એમ કહેતી મરૂદેવી વયણે, આંસુજળ લાગ્યાં નયણે રે સુ૦ ૯
એમ સહસ વર્ષને અંતે. લહ્યું, કેવળ ઋષભ ભગવંતે રે. સુ૦ ૧૦
હવે ભરત ભણે સુણો આઇ, સુત દેખી કરો વધાઈ રે સુ૦ ૧૧
આઇ ગજ ખંધે બેસાડયાં, સુત મળવાને પધાર્યાં રે. સુ૦ ૧૨
કહે એહ અપૂરવ વાજાં, કીહાં વાજે છે તે તાજાં રે. સુણો૦ ૧૩
તવ ભરત કહે સુણો આઇ, તુમ સુતનીએ ઠકુરાઈ રે. સુ૦ ૧૪

તુમ સુત ઋદ્ધિ આગે સહુની,તૃણ તોલે સુર નર એહુની રે. સુ૦ ૧૫
હરખે નયણે જળ આવે, તવ પડલ એહુ ખરી જાવે રે. સુ૦ ૧૬
હું જાણતી દુઃખીયેા દીધેા, સુખયેા છે સહુથી અધિકેારે. સુ૦ ૧૭
ગયેા મેાહ અનિત્યતા આવે, તવ સિદ્ધ સ્વરૂપી થાવેરે. સુ૦ ૧૮
તવ જ્ઞાનવિમળ શિવ નારી, તસ પ્રગટે અનુભવસારી રે સુ૦ ૧૯

૩

(રાગ ધરથરી)

કયાંથીરે પ્રભુ અવતર્યા, કયાંથી લીયેા અવંતારજી,
સરવારથ સિદ્ધ વિમાનથી ચવિ, ભરત ક્ષેત્ર અવતારજી;
તારેા રે દાદા ઋષભજી. ૧

ચેાથ ભલીરે અષાઢની, જનની કૂખે અવતારજી;
ચૈાદ સુપન નીરમલ લહી, જાગ્યા જનની તેણિવાર. તારેારે૦ ૨

ચૈત્રવદી આઠમને દીને, જનમ્યા શ્રી ત્રિભુવન નાથજી;
છપ્પન દીગ્કુમરી મલી, ટાળે શુચીકર્મ તેણી વારજી. તારેા ૦ ૩

ચેાસઠ ઇન્દ્ર તિહાં આવીયા, નાભિરાયા દરબારજી;
પ્રભુને લેઇ મેરૂ ગયા, સ્નાત્ર મહેાત્સવ કરે તેણી વારજી.
તારેા રે૦ ૪

પ્રભુનેા સ્નાત્ર મહેાત્સવ કરી, લાવ્યા જનનીની પાસજી;
અવસ્વાપીની નીંદ્રા હરી કરી, રત્નનેા ગેડીદડેા મૂકેજી.
તારેા રે૦ ૫

ત્રાસી લાખ પૂરવ ગૃહ વાસે વસ્યા, પરણ્યા બેાંતેર નારીજી;
સંસારીક સુખ વિલસી કરી, લેવા સંયમ ભારજી.
તારેા રે૦ ૬

લોકાંતિક સૂર આવી કરી, વિનવે ત્રિભુવન નાથજી;
દાન સંવત્સરી આપીને, લીધો સંયમ ભારજી.

તારો રે૦ ૭

પંચ મહાવ્રત આદરી, ચૈત્ર વદી અષ્ટમી જાણુજી;
ચાર હજાર સાથ સંયમી, ઉપન્યું ચોથું જ્ઞાનજી.

તારો રે૦ ૮

કર્મ ખપાવી કેવલ લહો, લોકાલોક પ્રકાશજી;
શંસય ટાલી સર્વ જીવના, સેવા શિવરમણી સારજી.

તારો રે૦ ૯

ખોટ ખજાનો પ્રભુ તારે નથી, દેતાં લાગે શું વારજી;
કાજ સરે નિજદાસનાં, એ છે આપનો ઉપગારજી.

તારો રે૦ ૧૦

ધરનાંને તાર્યા તેહમાં શું કર્યું, મુજ સરીખાને તારોજી;
કલ્પવૃક્ષ જિહાં ફલ્યો, તેમ દાદો દયાલજી.

તારો રે૦ ૧૧

ચરણે આવ્યાને પ્રભુ રાખશો, બાહુબલ ભરત નરેશજી;
પદ્મવિજય કહે વંદણા, તારો દાદા દયાલજી.

તારો રે૦ ૧૨

૪

પંદરમા પાપ સ્થાનકની સજ્ઝાય

જિહાં રતિ કોઇક કારણેજી, અરતિ તિહાં પણ હોય;
પાપસ્થાનક પંદરમુંજી, તેણે એ એકજ હોય. સુગુણ નર
સમજો ચિત્ત મોઝાર. ૧ એ આંકણી,

ચિત્ત અરતિ રતિ પાંખશું જી, ઉડે પંખી રે નિત્ય;
પિંજર શુદ્ધ સમાધિમેં જી, રૂંધ્યે રહે તે મિત્ત. સુગણ નર૦ ૨
મનવારૂ ઉડે નહિ જી, પામી અરતિ રતિ આગ;
તો હોય સિદ્ધિ કલ્યાણની જી, ભાવઠ જાયે ભાગ. સુગુણ નર૦ ૩
રતિ વશે અરતિ કરી જી, ભુતારથ હોય જેહ;
તસ વિવેક આવે નહીં જી, હોય ન દુઃખનો છેહ. સુગણ નર૦ ૪
રતિ અરતિ છે વસ્તુથી જી, તે ઉપજે મનમાંહિ;
અંગજ વલ્લભ સુત હોવે જી, યુકાદિક નહીં કાંહી. સુગુણ નર૦ ૫
મનકલ્પિત રતિ અરતિ છે જી, નહીં સત્ય પર્યાય;
નહીં તો વેચી વસ્તુમાં જી, કિમ તે સવી મીટ જાય. સુગણ નર૦ ૬
જેહ અરતિ રતિ નવિ ગણે જી, સુખ દુઃખ હોય સમાન;
તે પામે જસ સંપદા જી, વાધે જગ તસ વાન. સુગુણ નર૦ ૭

૫

પહેલા પાપસ્થાનકની સજઝાય

પાપસ્થાનક પહેલું કહ્યું રે, હિંસા નામે દુરંત;
મારે જે જગ જીવને રે, તે લહે મરણ અનંતરે;
પ્રાણી જિનવાણી ધરો ચિત્ત. ટેક ૧
માતપિતાદિ અનંતનારે, પામે વિયોગ તે મંદ;
દાળિદ્ર દોહગ નવિ ટળેરે, મિલે ન વલ્લભ વૃંદરે. પ્રા૦ ૨
હોય વિપાકે દશ ગણુંરે, એક વાર કિયું કર્મ;
શત સહસ્ર કોડી ગમેરે, તીવ્ર ભાવના મર્મરે. પ્રા૦ ૩
મર કહેતાં પણ દુઃખ હુવેરે, મારે કિમ નવિ હોય;
હિંસા ભગિની અતિ ઘૂરીરે, વૈશ્વાનરની જોયરે. પ્રા૦ ૪

તેહને જોરે જો હુઆરે, રૌદ્રધ્યાન પ્રમત્ત;
નરક અતિથિ તે નૃપ હુઆરે, જેમ સુભૂમ બ્રહ્મદત્તરે. પ્રા૦ ૫

રાય વિવેક કન્યા ક્ષમારે, પરણાવે જસ સાથ;
તેહથકી દૂર ટળેરે, હિંસા નામે બલાય રે. પ્ર૦ ૬

શ્રી દેવલોકની સજ્ઝાય

૬

સુધર્મા દેવલોકમાં રે, વૈમાન બત્રીશ લાખ;
કેઈ ભોળા શંકા કરે રે એતો, સૂત્ર ભગવતીની શાખ રે;
પુણ્યના ફૂલ જોજ્યો. ૧

સુધરમા દેવલોકમાંરે, પાંચસે જોજન મહેલ;
સતાવીસે જોજન ભૂંઇતલા રે,
ભાળ એ સુખ તો નહિ સેહેલરે. પુણ્યના૦ ૨

વેગગતિ ચાલે દેવનીરે, લાખ જોજન કરે દેહ;
એકેકા વિમાનનો રે ભાઈ, નાવે છટ્ઠે મહિને છેહરે. પુણ્યના૦ ૩

હાવ ભાવ કરતી થકીરે, દેવીઓ આવે હજુર;
આ ઠામે આવી ઉપન્યારે,
સ્વામી શા કીધાં પુરવ પુણ્ય રે. પુણ્યના૦ ૪

નામ બતાવ્યું ગુરૂ તણું રે, નિર્લોભી ઋષિરાય;
ભવ સાગરમાં બુડતાંરે, મારો હાથ લીયો સંભાયરે. પુણ્યના૦ ૫

નિર્લોભી નિલાલચીરે, માગી બહામ ન એક;
દુર્ગતિ પડતાં રાખીયોરે, મને મોકલીયો દેવલોક રે. પુણ્યના૦ ૬
દેવી પ્રત્યે દેવતા કહેરે, હું જાઉં એકણવાર;

સમાચાર કહું મારા કુટુંબીનેરે,
નિત્ય કરજો દયા ધર્મ સાર રે. પુણ્યના૦ ૭

દેવ પ્રત્યે દેવીઓ કહે રે, સુણો વલ્લભ મોરાનાથ;
નાટક જુઓ એક અમતણું રે,
પછી જઇ કહેજો સગાંને વાત રે. પુણ્યના૦ ૮

એક નાટક કરતાં થકાંરે, ગયાં વર્ષ દોય હજાર;
દેવતા મનમાં ચિંતવેરે હવે, કરવો કવણ વિચાર રે. પુણ્યના૦ ૯

સઘલો કુટુંબ પુરો થયો રે, હવે કહેશું કેહને જાય;
દુર્ગંધ ઉડે મનુષ્યલોકની રે,હવે જાય અમારી બલાય રે. પુણ્યના૦ ૧૦

ઉદય રત્ન વાચક કહે રે, દેવલોકની એ સજ્ઝાય;
ભણે ગણે ને સાંભળેરે, તેનાં પાતક દૂર પલાય રે. પુણ્યના૦ ૧૧

(દીવાલી) મહાવીરસ્વામી તથા ગૌતમ સ્વામિના ચૈત્યવંદનો

૧

વીર જીનવર વીર જીનવર, ચરમ ચૌમાસ,
નયરી અપાપાયે આવીયા, હસ્તિપાલ રાજન સભાયે;
કાર્તિક અમાવાસ્યા રયણિયે, મુહુર્ત શેષ નિર્વાણ તાંહિ,
સોલ પહોર દેઈ દેશના, પહોંત્યા મુક્તિ મોઝાર;
નિત્ય દીવાલી નમ કહે, મલિયા નૃપતિ અઢાર. ૧

દેવ મલિયા દેવ મલિયા, કરે ઉત્સવ રંગ મેરઇયાં હાથે ગ્રહી;
દ્રવ્ય તેજ ઉદ્યોત કીધો, ભાવ ઉદ્યોત જિનેંદ્રને;

ઠામ ઠામ એહ ઓચ્છવ પ્રસિદ્ધો,
લખ કોડી છંઠ્ઠ ફલ કરી, કલ્યાણ કરો એહ;
કવિ નયવિમલ કહે ઈશ્યું, ધન ધન દહાડો તેહ. ૨
શ્રી સિદ્ધાર્થ નૃપકુલતિલો, ત્રિશલા જશ માત;
હરિ લંછન તનુ સાત હાથ, મહિમા વિખ્યાત;
ત્રીસ વરસ ગૃહવાસ છંડી, લીયે સંયમ ભાર;
બાર વરસ છદ્મસ્થ માન, લહી કેવલ સાર;
ત્રીસ વરસ એમ સવિ મલીએ, બહોંતેર આયુ પ્રમાણ;
દીવાલી દીન શિવ ગયા, કહે નય તેહ ગુણખાણ. ૩

૨

નમો ગણધર નમો ગણધર, લબ્ધિ ભંડાર
ઇંદ્રભૂતિ મહિમા નિલો, વડ વજીર મહાવીર કેરો
ગૌતમ ગોત્રે ઉપન્યો, ગણિ અગીયાર માંહે વડેરો
કેવળજ્ઞાન લહ્યું જિણે, દીવાલી પરભાત
જ્ઞાનવિમલ કહે જેહના, નામ થકી સુખશાત. ૧
ઇંદ્રભૂતિ પહેલો ભણું, ગૌતમ જશ નામ
ગોબર ગામે ઉપન્યા, વિદ્યાના ધામ
પંચ સયા પરિવારશું, લેઈ સંયમ ભાર
વરસ પચાસ ગૃહે વસ્યા, વ્રતે વર્ષ જ ત્રીશ
બાર વરસ કેવલ વર્યાએ, બાણું વરસ સવિ આય
નય કહે ગૌતમ નામથી, નિત્ય નિત્ય નવનિધિ થાય ૨

જીવ કેરો જીવ કેરો, સંશય છે મનમાંહિ
સંશય વેદ પદે કરી, કહી અર્થ અભિમાન વાર્યો;
શ્રી મહાવીર સેવા કરી, ગ્રહી સંયમ આપ તાર્યો;
ત્રિપદી પામી ગુંથીયા, પૂરવ ચઉદ ઉદાર,
નય કહે તેહના નામથી, હોયે જય જયકાર. ૩

૪

સિદ્ધરથ સુત વંદિએ, ત્રીશલાનો જાયો;
ક્ષતિયકુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો. ૧
મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાયા;
બહોંતેર વરસનું આઉખું, વીર જિનેશ્વર રાયા. ૨
ખીમાવિજય જિનરાયના એ, ઉત્તમ ગુણ અવદાત;
સાત બોલથી વર્ણવ્યો, પદ્મવિજય વિખ્યાત. ૩

૪

સુદિ અષાડ છઠ્ઠ દિવસે, પ્રાણતથી ચવિયા;
તેરસહ ચૈત્રહ સુદિ દિને, ત્રિશલાએ જણીયા. ૧
મૃગશિર વદિ દશમી દીને, આપ સંયમ આરાધે;
સુદ દશમી વૈશાખની, વર કેવલ સાધે; ૨
કાતિ કૃષ્ણ અમાવાસીએ, શિવગતિ કરે ઉદ્યોત,
જ્ઞાન વિમલ ગૌતમ લહે, પર્વ દીપોત્સવ હોત. ૩

૫

વરેણ્યગુણવારિધિઃ પરમનિર્વૃતઃ સર્વદા,
સમસ્તકમલાનિધિઃ સુરનરેન્દ્રકોટિશ્રિતઃ,

જનાલિસુખદાયકોવિગતકર્મવારો જિનઃ;
સુમુક્તજનસંગતંસ્તવમસિ વર્ધમાન પ્રભો ૧

જિનેન્દ્ર! ભવતોઽદ્ભુતં મુખમુદારાભ્રસ્થિતં,
વિકારપરિવર્જિતં પરમશાન્તમુદ્રાઙ્કિતમ્
નિરીક્ષ્ય મુદિતેક્ષણઃ ક્ષણમિતોઽસ્મિ યદ્ભાવનાં,
જિનેશ! જગદીશ્વરોદ્ભવતુ સૈવ મે સર્વદા. ૨

વિવેકજનવલ્લભં ભુવિ દુરાત્મનાં દુર્લભં,
દુરન્ત દુરિત વ્યથા ભરનિવારણે તત્પરમ્
તવાઙ્ઘ્રિ પદપદ્મયોર્યુગમનિન્દ્ય વીરપ્રભો!
પ્રભૂત સુખ સિદ્ધયે મમ ચિરાય સંપદ્યતામ્ ૩

શ્રી દીવાળીનું ચૈત્યવંદન

૬

મગધદેશ પાવાપુરી, વીર પ્રભુજી પધાર્યા;
સોલ પહોર દીયે દેશના, ભવીક જીવ તુમે તાર્યા. ૧

અઢાર ભેદે ભાવે ભણી, અમૃત જેવી વાણી;
દેશના દેતા રયણીએ, પરણ્યા શીવરાણી. ૨

ઉઠો રાય દીવા કરો, અજુવાળો દીન એહ;
આસો માસે કાર્તિકી, દીવાળી દીન એહ. ૩

મેરૂ થકી ઇંદ્ર આવીયા, લેઇ હાથમાં દીવો;
મેરૈયા! તે કારણે, લોક કહે ચિરંજીવો. ૪

કલ્યાણીક કર્યાં જેણે, ગણ્યું જે ગણશે;
જાપ જપે જીનરાજનું, સૌ પુસ્તક નમશે. ૫

પહેલે દીન ગૌતમ નમું, પામ્યા કેવળ જ્ઞાન;
આર સહસ્ર ગુણું અણે, તેથી કોડ કલ્યાણ. ૬

સુરનર વંદું નિર્મળા, ગૌતમને આપો;
આચારજ પદવી થયા, સૌ સાખે સ્થાપો. ૭

જવાર પટોરાં તે કારણે, લોકાંતિક વ્યવહાર;
એને ભાઈ જમાડીયેા, નંદીવર્ધન સાર. ૮

ભાવડ બીજ તિહાં થઈ, વીરે જાણ્યું સાર;
નયવિમલ સુખ સંપદા, મેરૂ શીખર ઉવજ્ઝાય. ૯

(દીવાળી) મહાવીર તથા ગૌતમ સ્વામીનાં સ્તવનો.

૧

શ્રી મહાવીર મનોહરૂ, પ્રણમું શિર નામી;
કંથ જશોદા નારિનો, જિન શિવગતિ ગામી. ૧

ભગિની જાસ સુદંસણા, નંદીવર્ધનભાઇ;
હરિ લંછન હે જાલુઓ, સહુકોને સુખદાયી. ૨

સિદ્ધાર્થ ભૂપતિ તણેા, સુત સુંદર સોહે;
નંદન ત્રિશલા દેવિનેા, ત્રિભુવન મન મોહે. ૩

એક શતદશ અધ્યયન જે, પ્રભુ આપ પ્રકાશે;
પુણ્ય પાપ ફલ કેરડાં, સુણે ભવિક ઉલ્લાસે. ૪

ઉત્તરાધ્યયન છત્રીશ જે, કહે અર્થ ઉદાર;
સોલ પહોર દીયે દેશના, કરે ભવિક ઉપગાર. ૫

સર્વાર્થ સિદ્ધ મુહૂર્ત્તમાં, પાછલી જે રયણી;
યોગ નિરોધ કરે તિહાં, શિવની નીસરણી.

સ્વાતિ નક્ષત્રે ચંદ્રમા, જોગે શુભ આવે;
અજરામરપદ પામીયા, જય જય રવ થાવે. ૭
ચોસઠ સુરવર આવીયા, જિન અંગ પખાલી;
કલ્યાણક વિધિ સાચવી, પ્રગટી દીવાલી. ૮
લાખ કોડી ફલ પામીયે, જિન ધ્યાને રહીયે,
ધીરવિમલ કવિરાજનો, જ્ઞાનવિમલ કહિયે. ૯

૨

વીર મધુરો વાણી ભાંખે, જલધિ જલ ગંભીર રે;
ઇંદ્રભૂતિ ચિત્ત ભ્રાંતિ રજકણ, હરણ પ્રવર સમીર રે. વીર૦ ૧
પંચભૂત થકી જે પ્રગટે, ચેતના વિજ્ઞાન રે;
તેહમાં લયલીન થાયે, ન પરભવ સંજ્ઞાન રે. વીર૦ ૨
વેદ પદનો અર્થ એહવો, કરે મિથ્યારૂપ રે;
વિજ્ઞાનઘન પદ વેદ કેરાં, તેહનું એહ સ્વરૂપ રે. વીર૦ ૩
ચેતના વિજ્ઞાનઘન છે, જ્ઞાન દર્શન ઉપયોગ રે;
પંચભૂતિક જ્ઞાનમય તે, હોય વસ્તુ સંયોગ રે. વીર૦ ૪
જિહાં જેહવી વસ્તુ દેખીયે, હોય તેહવું જ્ઞાન રે;
પૂરવ જ્ઞાન વિપર્યયથી, હોય ઉત્તમ જ્ઞાન રે. વીર૦ ૫
એહ અર્થ સમર્થ જાણી, મ-ભણ પદ વિપરીત રે;
ઇણિપરે ભ્રાંતિ નિરાકરીને, થયા શિષ્ય વિનીત રે. વીર૦ ૬
દીપાલિકા પ્રભાતે કેવલ, લહ્યું તે ગોતમસ્વામિ રે;
અનુક્રમે શિવસુખ લહ્યા, તેહને નય કરે પ્રણામ રે. વીર૦ ૭

૩

દુઃખહરણી દીપાલિકા રે લાલ, પરવ થયું જગમાંહિ;
ભવિ પ્રાણી રે, વીર નિર્વાણથી થાપના રે લાલ,
આજ લગે ઉચ્છાંહ. ભવિ૦ ૧
સમકિત દૃષ્ટિ સાંભલો રે લાલ, એ આંકણી.
સ્યાદ્વાદ ઘરધોલીએ રે લાલ, દર્શનની કરી શુદ્ધિ; ભવિ૦
ચરિત્ર ચંદ્રોદય બાંધિયે રે લાલ, ટાલો (રજ) દુઃકર્મ બુદ્ધિ ભવિ૦ ૨
સેવા કરો જિનરાયની રે લાલ, દિલ દોઠાં મિઠાસ: ભવિ૦
વિવિધ પદારથ ભાવનારે લાલ, તે પકવાનની રાશિ. ભવિ૦ ૩
ગુણિજન પદની નામના રે લાલ, તેહિજ ગુહાર ભટ્ટાર; ભવિ૦
વિવેક રતન મેરાઈયાં રે લાલ,
ઉચિત તે દીપ સંભાર. ભવિ૦ ૪
સુમતિ સુવનિતા હેજશું રે લાલ, મન ઘરમાં કરો વાસ; ભવિ૦
વિરતિ સાહેલી સાથશું રે લાલ,
અવિરતિ અલચ્છી નિકાસ. ભવિ૦ ૫
મૈત્યાદિકની ચિંતના રે લાલ, તેહ ભલા શણગાર; ભવિ૦
દર્શન ગુણ વાધા બન્યા રે લાલ,
પરિમલ પર ઉપગાર. ભવિ૦ સમ૦ ૬
પૂર્વ સિદ્ધ કન્યા પેખેરે લાલ, જાનઈયા અણગાર; ભવિ૦
સિદ્ધશિલા વર વેદોકા રે લાલ,
કન્યા નિવૃત્તિ સાર. ભવિ૦ સમ૦ ૭
અનંત ચતુષ્ટય દાયજો રે લાલ, શુદ્ધાયોગ નિરોધ; ભવિ૦
પ્રાણીગ્રહણ પ્રભુજી કરે રે લાલ,
સહુને હરખ વિબોધ. ભવિ૦ સમ૦ ૮

ઇણિપરે પર્વ દીપાલિકા રે લાલ, કરતાં કોડિ કલ્યાણ; ભવિ૦
જ્ઞાનવિમલ પ્રભુ ભક્તિ શું રે લાલ,
પ્રગટે સકલ ગુણખાણ. ભવિ૦ ચમકિત૦ ૯

૪

મારે દીવાલી રે થઇ આજ, પ્રભુ મુખ જોવાને;
સર્યાં સર્યાં રે સેવકનાં કાજ, ભવ દુઃખ ખોવાને;
મહાવીર સ્વામી મુગતે પહોંચ્યા, ગૌતમ કેવળ જ્ઞાન રે.
ધન્ય અમાવાસ્યા ધન્ય દીવાળી, વીર પ્રભુ નિર્વાણ. જિન મુખ૦ ૧

ચારિત્ર પાળ્યાં નિર્મળાંને, ટાળ્યા તે વિષય કષાય રે;
એવા મુનિને વાંદી એ તો, ઉતારે ભવ પાર. જિન મુખ૦ ૨

બાકુળ વહોર્યા વીરજિને, તારી ચંદનબાળા રે;
કેવળ લઇ પ્રભુ મુગતે પહોંચ્યા, પામ્યા ભવનો પાર. જિન મુખ૦૩

એવા મુનિને વંદીએ જે, પંચજ્ઞાનને ધરતા રે
સમવસરણ દઇ દેશના રે, પ્રભુ તાર્યા નર ને નાર. જિન મુખ૦ ૪

ચોવીસમા જિનેશ્વરૂને મુક્તિતણા દાતાર રે,
કરજોડી કવિ એમ ભણે રે, પ્રભુ ભવનો ફેરો ટાળ, જિનમુખ૦ ૫

૫

જય જિનવર જગ હિતકારી રે, કરે સેવા સુર અવતારી રે;
ગૌતમ પમુહા ગણધારી, સનેહી વીરજી જયકારી રે. ૧
અંતરંગ રિપુને ત્રાસેરે, તપ કોપાટોપે વાસે રે;
લહું કેવલ નાણ ઉલ્લાસે. સનેહી૦ ૨
કટિલ કે વાદ વહાય રે, પણ જિન સાથે ન ઘટાય રે;
તિણે હરિલંછન પ્રભુ પાય. સનેહી૦ ૩

સવિ સુરવધૂ ગેઈ ગેઈ કારા રે, જલ પંકજની પરે ન્યારા રે;
તજી તૃષ્ણા લોભ વિકારા. સનેહી૦ ૪

પ્રભુ દેશના અમૃત ધારા રે, જિન ધર્મ વિષે રથકારા રે;
જેણે તાર્યા મેઘકુમારા. સનેહી૦ ૫

ગૌતમને કેવલ આલી રે, વર્યા સ્વાતિએ શિવ વરમાલી રે;
કરે ઉત્તમ લોક દીવાલી. સનેહી૦ ૬

અંતરંગ અલચ્છ નિવારી રે, શુભ સજ્જનને ઉપગારી રે;
કહે વીર પ્રભુ હિતકારી. સનેહી૦ ૭

૬

મારગદેશક મોક્ષનોરે, કેવલજ્ઞાન નિધાન;
ભાવ દયા સાગર પ્રભુ રે, પર ઉપકારી પ્રધાનો રે. ૧

વીર પ્રભુ સિદ્ધ થયા, સંઘ સકલ આધારો રે,
હવે ઇણ ભરતમાં, કોણ કરશે ઉપગારો રે. વીર૦ ૨

નાથ વિહૂણું સૈન્ય જયું રે, વીર વિહૂણોરે સંઘ;
સાધે કોણ આધારથી રે, પરમાનંદ અભંગોરે. વીર૦ ૩

માત તાત વિહૂણો જયું રે, અરહો પરહો અથડાય;
વીર વિહૂણા જીવડારે, આકુલ વ્યાકુલ થાયરે. વીર૦ ૪

સંશય છેદક વીરનો રે, વિરહ તે કેમ ખમાય;
જે દીઠે સુખ ઉપજે રે, તે વિણ કેમ રહેવાય રે. વીર૦ ૫

નિર્યામક ભવ સમુદ્રનો રે, ભવ અટવીસત્થવાહ;
તે પરમેશ્વર વિણ મળે રે, કેમ વાધે ઉત્સાહ રે. વીર૦ ૬

વીર થકાં પણ શ્રુત તણોરે, હતો પરમ આધાર;
હવે ઇહાં શ્રુત આધાર છે રે, અહો જિનમુદ્રા સારરે; વીર૦ ૭

ત્રણ કાળે સવિ જીવને રે, આત્મમથી આણંદ;
સેવો ધ્યાવો ભવિજના રે, જિન પડિમા સુખકંદો રે. વીર૦ ૮
ગણધર આચારજ મુનિ રે, સહુને ઇણીપરે સિદ્ધ;
ભવ ભવ આગમ સંગથી રે, દેવચંદ્ર પદ લીધ રે. વીર૦ ૯

૭

આજ જિનરાજ મુજ કાજ સિધ્યાં સવે,તું કૃપાકુંભ ઝે મુજ તુઠ્યો;
કલ્પતરૂ કામઘટ કામધેનુ મિલ્યો,
આંગણે અમીયરસ મેહ વૂઠ્યો. આજ૦ ૧
વીર તું કુંડપુરનયર ભૂષણ હુઓ, રાય સિદ્ધાર્થ ત્રિશલા તનૂજે;
સિંહ લંછન કનક વર્ણ કર સપ્ત તનું,
તુજ સમો જગતમાં કો ન દૂજો. આજ૦ ૨
સિંહપરે એકલો ધીર સંયમ ગ્રહી,
આયુ બહોંતેર વરસ પૂર્ણ પાળી;
પુરી અપાપાયે નિષ્પાપ શિવવહૂ વર્યો,
તિહાં થકી પર્વપ્રગટી દીવાળી. આજ૦ ૩
સહુસ તુજ ચૌદ મુનિવર મહાસંયમી, સાહુણી સહુસ છત્રીશ રાજે;
યક્ષ માતંગ સિધ્યાયિકા વરસુરી,
સકળ તુજ ભવિકની ભીતિ ભાંજે. આજ૦ ૪
તુજ વચનરાગ સુખસાગરે ઝીલતો,
પીલતો મોહ મિથ્યાત્વ વેલી;
આવીઓ ભાવીઓ ધર્મપંથ હું હવે,
દીજીયે પરમપદ ટોઇ ઐલી. આજ૦ ૫

મંહ નિશદીહ જો હૃદયમંદિર મુજ રમે,
તું સુગુણજીંહ અવિચલ નિરીહો;
તો કુમત રંગ માતંગના જુથથી,
મુજ નહિ કોઇ લવલેશ બીહો. આજ૦ ૬

ચરણ તુજ શરણમેં ચરણગુણનિધિ ગ્રહ્યા,
ભવતરણ કરણ દમ શર્મ દાખો;
હાથ જોડી કહે જશવિજય બુધ ઇસ્યું,
દેવનિજ ભુવનમાં દાસ રાખો. આજ૦ ૭

૮

નારે પ્રભુ નહીં માર્યું, નહિં માર્યું અવરની આણ; નારે પ્રભુ૦
મ્હારે તાહરૂં વચન પ્રમાણ, નારે પ્રભુ૦ એ-આંકણી.

હરિહરાદિક દેવ અનેરા, તે દીઠા જગમાંય રે;
ભામિની ભ્રમર ભ્રકુટીએ ભૂલ્યા, તે મુજને ન સુહાય. નારે૦ ૧

કેઇક રાગીને કેઇક દ્વેષી, કેઇક લોભી દેવ રે;
કેઇક મદ માયાના ભરિયા, કેમ કરીએ તસ સેવ. નારે પ્રભુ૦ ૨

મુદ્રા પણ તેહમાં નવિ દીસે, પ્રભુ તુજ માંહેલી તિલમાત્ર રે;
જે દેખી દિલડું નવી રીઝે, શી કરવી તસ વાત. નારે પ્રભુ૦ ૩

તું ગતિ તું મતિ તું મુજ પ્રીતમ, તું જીવ જીવન આધાર રે,
રાત દિવસ સુપનાંતર માંહિ, તુંહી માહરે નિરધાર. નારે પ્રભુ૦ ૪

અવગુણ સઘળા ઉવેખીને પ્રભુ, સેવક કરીને નિહાળ રે;
જગબંધવ જો વિનિત માહરો, માહરાં જનમ મરણ દુઃખ ટાળ.
નારે પ્રભુ૦ ૫

ચોવીશમા પ્રભુ ત્રિભુવન સ્વામી, સિદ્ધારથના નંદ રે,
ત્રિશલાજીના નાનડીયા પ્રભુ, તુમ દીઠે અતિહિ આનંદ,
નારે પ્રભુ૦ ૬

સુમતિવિજય કવિરાયનો રે, રામવિજય કર જોડ રે,
ઉપકારી અરિહંતજી માહરા, ભવોભવનાં બંધ છોડ. નારે પ્રભુ૦ ૭

૯

વીરજિણુંદ જગત ઉપગારી, મિથ્યાધામ નિવારીજી;
દેશના અમૃતધારા વરસી, પરપરિણતિ સવિ વારીજી. વીર૦ ૧

પંચમે આરે જેહનું શાસન, દોય હજાર ને ચારજી;
યુગપ્રધાન સૂરીશ્વર વહેશે, સુવિહિત મુનિ આધારજી. વીર૦ ૨

ઉત્તમ આચારજ મુનિ અજ્જા, શ્રાવક શ્રાવિકા અચ્છજી;
લવણ જલધિમાંહે મીઠું જળ, પીવે શૃંગી મચ્છજી. વીર૦ ૩

દશ અચ્છેરે દુષિત ભરતે, બહુ મત ભેદ કરાળજી;
જિન કેવલિ પૂરવધર વિરહે, ફલ્ગુસમ પંચમ કાળજી. વીર૦ ૪

તેહનું ઝેર નિવારણ મણીસમ, તુજ આગમ તુજ બિંબજી;
નિશિદીપક પ્રવહણ જેમ દરીયે, મરૂમાં સુરતરૂ લુંબજી. વીર૦ ૫

જૈનાગમ વક્તા ને શ્રોતા, સ્યાદ્વાદ શુચિ બોધજી;
કલિકાળે પણ પ્રભુ ! તુજ શાસન, વરતે છે અવિરોધજી. વીર૦ ૬

મ્હારે તો સુષમાથી દુષમા, અવસર પુન્ય નિધાનજી;
ખિમાવિજયજિન વીર સદાગમ, પામ્યો સિદ્ધિ નિદાનજી. વિર૦ ૭

૧૦

વીર જિનેશ્વર સાહેબ મેરા, પાર ન લહુ તેરા;

મહેર કરી ટાળો મહારાજજી, જન્મ મરણના ફેરા;
હો જિનજી અબ હું શરણે આયો. ૧

ગર્ભાવાસતણાં દુઃખ મોટાં, ઉંધે મસ્તકે રહીયો;
મળમુતર માંહે લપટાણો, એવા દુઃખ મેં સહીયાં. હો જિનજી૦ ૨

નર્ક નિગોદમાં ઉપન્યો ને ચવિયો, સૂક્ષમ બાદર થઇઓ;
વેધ્યા વેધ્યો સૂઇને અગ્ય ભાગે, માનતિહાં કિહાં રહિયો હો જિનજી૦ ૩

નરક તણી અતિ વેદના ઉલસી, સહી તે જીવે બહુ;
પરમાધામીને વશ પડીઓ, તે જાણો તમે સહુ. હો જિનજી૦ ૪

તિર્યંચ તણા ભવ કીધા ઘણેર, વિવેક નહિ લગાર;
નિશ દિનનો વ્યવહાર ન જાણ્યો,કેમ ઉતરાયે પાર. હો જિનજી૦ ૫

દેવતણી ગતિ પુન્યે હું પામ્યો, વિષયા રસમાં ભીનો;
વ્રત પચ્ચખ્ખાણ ઉદય નવિ આવ્યાં,
તાન માન માંહે લીનો. હો જિનજી૦ ૬

મનુષ્ય જન્મને ધર્મ સામગ્રી, પામ્યો છુંબહુ પુન્યે;
રાગ દ્વેષ માંહે બહુ ભમીયો, ન ટળી મમતા બુદ્ધિ. હો જિનજી૦ ૭

એક કંચનને બીજી કામિની, તે શું મનડું બાંધ્યું;
તેના ભોગ લેવાને હું શુરો,કેમકરી જિન ધર્મ સાધુ.હો જિનજી૦ ૮

મનની દોડ કીધી અતિ ઝાઝી, હું છું કોક જડ જેવો;
કલીકલી કલ્પ મેં જન્મ ગુમાયો,
પુનરપિ પુનરપિ તેહવો. હો જિનજી૦ ૯

ગુરૂઉપદેશમાં હું નથી ભીનો, નાવી સદ્દહણા સ્વામી;
હવે વડાઇ જોઇએ તમારી, બીજા મતમાંહે છે ખામો. હો જિનજી૦૧૦

ચાર ગતિ માંહે રડવડીઓ, તો એ ન સિધ્યાં કાજ;
ઋષભ કહે તારો સેવકને, માંહે બ્રહ્માની લાજ. હો જિનજી૦ ૧૧

૧૧

શાસન નાયક શિવસુખ-દાયક જિનપતિ; મારા લાલ;
પાયક જસ સુરાસુર, ચરણે નરપતિ; મારા લાલ;
સાયક કંદર્પ કેરાં, જેણે નવિ ચિત્ત ધર્યાં; મારા૦
ઢાયક પાતક વૃંદ, ચરણ અંગીકર્યાં. મારા૦ ૧
ક્ષાયક ભાવે કેવલ, જ્ઞાન દર્શન ધરે; મારા૦
જ્ઞાયક લોકાલોકના, ભાવશું વિસ્તરે; મારા૦
ઘાયક ઘાતિકર્મ, મર્મની આપદા, મારા૦
લાયક અતિશય, પ્રાતિહાર્યની સંપદા. મારા૦ ૨
કારક ષટ્ક થયાં તુજ, આતમ તત્ત્વમાં; મારા૦
ધારક ગુણ સમુદાય, સયલ એકત્વમાં; મારા૦
નારક નરતિરિ દેવ, ભ્રમણથી હું થયો; મારા૦
કારક જેહ વિભાવ, તેણે વિપરીત ભયો. મારા૦ ૩
તારક તું ભવિજીવને, સમરથ મેં લહ્યો; મારા૦
ઠારક કરૂણારસથી, ક્રોધાનલ દહ્યો, મારા૦
વારક જેહ ઉપાધિ, અનાદિની સહચરી; મારા૦
ધારક નિજગુણ રિદ્ધિ, સેવકને અરાબરી. મારા૦ ૪
વાણી એહવી સાંભળી, જિન આગમ તણી; મારા૦
જાણી ઉત્તમ આશ, ઘણો મનમાં રીતી; મારા૦
ખાણી ગુણની તુજ પદ, પદ્મની ચાકરી; મારા૦
આણી હૈયડે હેજ, કરૂં નિજ પદ કરી. મારા૦ ૫

૧૨

આવ આવરે માહરા મનડા મોહે, તું છે પ્યારો રે;
હરિ હરાદિક દેવ હુંતી, હું છું ન્યારો રે. આવ૦ ૧

એહવો મહાવીર ગંભીર, તું તો નાથ માહરો રે;
હું નમું તને ગમે મુને, સાથ તાહરો રે. આવ૦ ૨
સાહી સાહીરે મીઠડા, હાથ માહરા વૈરી વારો રે;
દો દો રે દર્શન દેવ મુને, દેને લારો રે. આવ૦ ૩
તુજ વિના ત્રિજગમાં, કેહનો નથી ચારો રે;
સંસાર પારાવારનો સ્વામી, આપને આરો રે. આવ૦ ૪
ઉદયરત્ન પ્રભુ જગમેં જોતાં, તું છે તારો રે;
તાર તાર રે મુને તાર તું, સંસાર આરો રે. આવ૦ ૫

૧૩

વંદો વીરજિનેશ્વર રાયા, ત્રિશલાદેવીના જાયા રે;
હરિ લંછન કંચનમય કાયા, અમર વધુ હુલરાયા રે. વંદો૦ ૧
બાળ પણે સુરગિરિ ડોલાયા, અહિવૈતાલ હરાયા રે;
ઇન્દ્ર કહણ વ્યાકરણ નિપાયા, પંડિત વિસ્મય પાયા રે. વંદો. ૨
ત્રીશ વરસ ઘરવાસ રહાયા, સંયમ લય લાયા રે;
બાર વરસ તપ કર્મ ખપાયા, કેવલ નાણ ઉપાયા રે. વંદો૦ ૩
ક્ષાયિક રૂદ્ધિ અનંતી પાયા, અતિશય અધિક સોહાયા રે;
ચાર રૂપ કરી ધર્મ બતાયા, ચઉવિહ સુર ગુણ ગાયા રે. વંદો૦ ૪
ત્રણ ભુવનમેં આણ મનાયા, દશ દોય છત્ર ધટાયા રે;
રૂપ કનકમણિ ગઢ વિરચાયા, નિર્ગ્રંથ નામ ધરાયારે. વંદો૦ ૫
રયણ સિંહાસન બેસણ ઠાયા, દુંદુભિનાદ વજાયા રે;
દાનવ માનવ વાસવ આયા, ભકતે શીર્ષ નમાયા રે. વંદો૦ ૬
પ્રભુ ગુણ મણ ગંગાજલ નાહ્યા, પાવન તેહની કાયા રે;
પંડિત ક્ષમાવિજય સુપસાયા, સેવક જિન સુખ દાયા રે.
વંદો વીરજિનેશ્વર રાયા૦ ૭

૧૪

માતા ત્રિશલાનંદ કુમાર, જગતનો દીવો રે;
મારા પ્રાણતણો આધાર, વીર ઘણું જીવો રે;
આમલકી ક્રીડાએ રમતાં, હાર્યો સુર પ્રભુ પામી રે;
સુણજો તે સ્વામી અંતરજામી, વાત કહું શીરનામી રે. જગ૦ ૧
સુધર્મા દેવલોકે રહેતાં, અમો મિથ્યાત ભરાણાં રે;
નાગદેવની પૂજા કરતાં, શીર ન ધરી પ્રભુ આણા રે. જગ૦ ૨
એકદિન ઇંદ્ર સભામાં બેઠા, સોહમ પતિ એમ બોલે રે;
ધીરજ બલ ત્રિભુવનનું નાવે, ત્રિશલા બાલક તોલે રે. જગ૦ ૩
સાચું સાચું સહુસુર બોલ્યા, પણ મેં વાત ન માની રે;
ફણિધરને લઘુ બાલક રૂપે, રમત રમીયો છાની રે. જગ૦ ૪
વર્ધમાન તુમ ધૈરજ મોટું, બલમાં પણ નહિ છોટું રે;
ગિરૂઆના ગુણ ગિરૂઆ ગાવે, હવે મેં જાણ્યું સાચું રે. જગ૦ ૫
એકજ મુષ્ટિ પ્રહારે માર્યું, મિથ્યાત્વ ભાગ્યું જાય રે;
કેવલ પ્રગટે મોહરાયને, રહેવાનું નહિ થાય રે. જગ૦ ૬
આજ થકી તું સાહિબ મારો, હું છું સેવક તાહરો રે;
ક્ષણ એક સ્વામી ગુણ ન વિસારૂં, પ્રાણથકી તું પ્યારો રે. જગ૦ ૭
મોહ હરાવે સમકિત પાવે, તે સુર સ્વર્ગ સિધાવે રે;
મહાવીર પ્રભુ નામ ધરાવે, ઇંદ્રસભા ગુણ ગાવે રે. જગ૦ ૮
પ્રભુ બલપંતા નિજ ઘર આવે, સરખા મિત્રે સોહાવે રે;
શ્રી શુભવીરનું મુખડું નીરખી,
માતાજી સુખ. પાવે રે. જગ૦ ૯

૧૫

મ્હેં તો નજીક રહેશ્યાંજી, મોરારે સાહેબની મ્હેંતો સેવા કરશ્યાંજી;
સાહેબની સેવામાં રહેશ્યાં, કરશ્યાં, સુખદુઃખ વાત;
આણા વહેશ્યાં શિવસુખ લહેશ્યાં, તુજશું દુરગતિ નાથ મ્હેં૦ ૧
સિદ્ધારથ રાજાનો નંદન, ત્રિશલાદેવી માય;
ચોવીશમા જિનના ગુણ ગાતાં, નિર્મલ કરશું કાય. મ્હેં તો૦ ૨
બેને મંડી છને છંડી, બોલાવીશું બાર;
પંદર જણને પાસ ન પડશું, તેરને દેશું માર. મ્હેં તો૦ ૩
બે પાંચ સત્તાવીશ ધરશું, બેંતાલીશે શુદ્ધ;
તેત્રીશ ને ચોરાશી ટાલી, કરશું આતમ શુદ્ધ. મ્હેં તો૦ ૪
ચાર પાંચ સાત આઠ હણીને, નવશું ધરશું નેહ;
દશ પોતાના દોસ્ત કરીને, એકને દેશું છેહ. મ્હેં તો૦ ૫
સત્તર પાલી અઢાર અળુઆલી, આંધીશું આવીશ;
ત્રેવીશ જણને દૂર કરીને, ચિત્ત ધરશું ચોવીશ. મ્હેં તો૦ ૬
ચારમાંથી બે પરિહરશું, બેનો આદર કરશું;
એમ જિનની આણા વહીને, ભવસાયરને તરશું. મ્હેં તો૦ ૭
અંગ વિનાનો સંગ ન કરીયે, તરીએ ભલજલ તીર;
ઉદયરત્ન કહે ત્રિશલાનંદન, જયજય શ્રી મહાવીર. મ્હેં તો૦ ૮

૧૬

સિદ્ધારથનારે નંદન વિનવું, વિનતડી અવધાર;
ભવમંડપમાંરે નાટક નાચીઓ, હવે મુજ દાન દેવરાવ. સિદ્ધા૦ ૧
ત્રણ રતન મુજ આપો તાતજી, જિમ નાવે રે સંતાપ;
જ્ઞાન દીયંતાંરે પ્રભુ કેસર કીસી, આપો પદવી રે આપ. સિદ્ધ૦ ૨

ચરણ અંગુઠે રે મેરુ કંપાવીઓ, મોડયાં સુરનાં રે માન;
અષ્ટ કરમના રે ઝગડા જીતવા, દીધાં વરસી રે દાન. સિદ્ધા૦ ૩
શાસનનાયક શિવસુખદાયક, ત્રિશલા-કુખે રતન;
સિદ્ધારથનો રે વંશ દીપાવિયો, પ્રભુજી તુમે ધન ધન. સિદ્ધા૦ ૪
વાચકશેખર કીર્તિવિજય ગુરૂ, પામી તાસ પસાય;
ધર્મતણો રસ જિન ચોવીશમા, વિનયવિજય ગુણ ગાય. સિદ્ધા૦ ૫

૧૭

જિરુઆ રે ગુણ તુમતણા, શ્રી વર્ધમાન જિન રાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મ્હારી નિર્મળ થાયે કાયારે. જિરુઆરે૦ ૧
તુમ ગુણ ગણ ગંગાજળે, હું ઝીલીને નિર્મળ થાઉં રે;
અવર ન ધંધો આદરું, નિશદિન તોરા ગુણ ગાઉં રે. જિરુઆરે૦ ૨
ઝીલ્યા જે ગંગાજળે, તે છીલર જળ કિમ પેસે રે;
જે માલતી કુલે મોહિયા, તે આવળ જઇ નવિબેસે રે. જિરુઆરે૦ ૩
એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે;
તે કેમ પરસુર આદરે, જે પરનારી-વશ રાચ્યારે. જિરુઆરે૦ ૪
તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે;
વાચકયશ કહે માહરો, તું જીવજીવન આધારો રે. જિરુઆરે૦ ૫

શ્રી ગૌતમ સ્વામી નો વિલાપ. ૧૮

હે વીર વહેલા આવો રે, ગૌતમ કહીને બોલાવે રે;
દરિસણ વહેલા દિજીએ હોજી.
પ્રભુ તું નિઃસ્નેહિ હું સસ્નેહિ અજાણ, હે વીર વહેલા આવો રે.

સાખી

ગોતમ ભણે હો નાથ તેં, વિશ્વાસ આપી જેતર્યો;
પરગામ મુજને મોકલો, તું મુક્તિ રમણીને વર્યો.
હે પ્રભુજી હું તારા ગુણ્ણ જોદોથી અજણ. હે વીર૦ ૧

સાખી

શીવનગર થયું સાંકડું, કે હતી નહી મુજ ચેાગ્યતા;
જો કહેવું હોત તેા મુજને, તેા કોઇ કોઇને રોકતા.
હે પ્રભુજી હું શું માગત ભાગ સુજાણ. હે વીર૦ ૨

સાખી

મમ પ્રશ્નના ઉત્તર દઇ, ગૌતમ કહી કોણ બોલાવશે;
કોણ સાર કરશે સંઘની, સંઘ બિચારા ક્યાં જશે;
હે પુજ્યે કહીને પાવન કરો મમ કાન. હે વીર૦ ૩

સાખી

જિન ભાણ અસ્ત થયા તિમિર, મિથ્યાત્વ સઘળે વ્યાપશે;
કુમતી કુશલ્ય જાગશે, વળી ચેાર યુગલા વધી જશે;
હે ત્રિગડે બેસી દેશના દિએ જીનરાય. હે વીર૦ ૪

સાખી

મુનિ ચૈાદસહસ્ર છે તાહરે, વીર માહરે તું એક છે;
રડવડતો મને મુકી ગયા, પ્રભુ ક્યાં તુમારી ટેક છે;
હે પ્રભુજી સ્વપ્નાંતરમાં પણ અંતર ધરે સુજાણ. હે વીર૦ ૫

સાખી

પણ હું આજ્ઞાવટ ચાલ્યેા, ન મલે કોઇ અવસરે;

હું રાગ વશ રખડું નિરાગી, વીર શિવપુર સંચરે;
હે વીર વીર કહું વીર ધરે ન કોઇ કાન રે. હે વીર૦ ૬

સાખી

કોણ વીર ને કોણ ગૌતમ, નહિ કોઇ કોઇનું તદા;
એ રાગ ગ્રંથી છુટતાં, વળી જ્ઞાન ગૌતમને થતાં;
હે સુરતરૂ સમગને ગૌતમ નામે વિધાન. હે વીર૦ ૭

સાખી—

કાર્તિક માસે અમાસ રાત્રે, અષ્ટ દ્રવ્ય દિપક મળે;
ભાવ દિપક જ્યોત પ્રગટે, હોકો દેવ દિવાળી ભણે;
હે વીરવિજયના નરનારી ધરે ધ્યાન. હે વીર૦ ૮

(દીવાલી) મહાવીરસ્વામી તથા ગૌતમ સ્વામિની સ્તુતિઓ

મનોહર મૂર્તિ મહાવીર તણી, જેણે સોલ પહોર દેશના પભણી;
નવ મલ્લી નવલચ્છી નૃપતિ સુણી, કહી શિવ પામ્યા ત્રિભુવન ધણી. ૧
શિવ પહોંત્યા રૂષભ ચઉદશ ભકતે ભાવીશ લહ્યા શિવમાસ થિતે;
છઠ્ઠ શિવ પામ્યા શિવવલ્લી, કાર્તિક વદી અમાવાસ્યા નિરમલ્લી. ૨
આગામિ ભાવિ ભાવ કહ્યા, દીવાલી કલ્પે જેહ લહ્યા;
પુણ્ય પાપ ફલ અજઝયણે કહ્યાં, સવિ તહત્તિ કરીને. સદહ્યાં. ૩
સવિદેવ મહીઉદ્યોત કરે, પરભાતે ગૌતમ જ્ઞાન વરે;
જ્ઞાનવિમલ સદાગુણ વિસ્તરે, જિન શાસનમાં જયકાર કરે. ૪

૧

જય જય ભવિ હિતકર, વીર જિનેશ્વર દેવ;
સુર નરના નાયક, જેહની સારે સેવ;

કરૂણા રસ કંદો, વંદો આણંદ આણી;
ત્રિસલા સુત સુંદર, ગુણ મણિ કેરો આણી. ૧

જસ પંચ કલ્યાણક, દિવસ વિશેષ સુહાવે;
પણ થાવર નારક, તેહને પણ સુખ થાવે;
તેત્રયવન જન્મ વ્રત, નાણ અને નિર્વાણ;
સવિ જિનવર કેરાં, એ પાંચે અહિઠાણ. ૨

જિહાં પાંચ સમિતિ યુત, પંચ મહાવત સાર;
જેહમાં પરકાશ્યા, વલિ પાંચે વ્યવહાર;
પરમેષ્ટિ અરિહંત, નાથ સર્વજ્ઞને મારા;
એહ પંચ પદે લક્ષો, આગમ અર્થ ઉદાર. ૩

માતંગ સિદ્ધાઈ, દેવી જિનપદ સેવી;
દુઃખ દુરિત ઉપદ્રવ, જે ટાલે નિત મેવી;
શાસન સુખ દાયી, આઈ સુણો અરદાસ;
શ્રી જ્ઞાનવિમલ ગુણ, પૂરો વાંછિત આશ. ૪

૪

ઇંદ્રભૂતિ અનુપમ ગુણ ભર્યા, જે ગૌતમ ગોત્રે અલંકર્યા;
પંચશત છાત્રશું પરિવર્યા, વીર ચરણ લહી ભવજલ તર્યા. ૧
ચઉ અઠ દશ દોય જિનને સ્તવે, દક્ષિણ પશ્ચિમ, ઉત્તર, પૂરવે;
સંભવ આદિ અષ્ટાપદ ગિરિયે વન્દી, જે ગૌતમ વંદે લળીલળી. ૨
ત્રિપદિ પામીને જેણે કરી, દ્વાદશાંગી સકલ ગુણે ભરી;
દીયે દીક્ષા તે લહે કેવલ સંરિ, તે ગૌતમને રહું અનુસરી. ૩
જસ માતંગને સિદ્ધાયિકા, સૂરિ શાસનની પરભાવિકા;
શ્રી જ્ઞાનવિમલ દીપાલિકા, કરો નિત્ય નિત્ય મંગલ માલિકા. ૪

૪

શ્રી ઇંદ્રભૂતિં ગણવૃદ્ધિભૂતિં, શ્રી વીરતીર્થાધિપ મુખ્ય શિષ્યમ્;
સુવર્ણ કાંતિં કૃતકર્મશાંતિં, નમામ્યહં ગૌતમ ગોત્ર રત્નમ. ૧
તીર્થંકરા ધર્મ ધુરા ધુરીણા, યે ભૂત ભાવિ પ્રતિવર્ત્તમાના;
સત્પંચ કલ્યાણક વાસરસ્થા, દિશંતુ તે મંગલ માલીકાં ચ. ૨
જિનેંદ્રવાક્યં પ્રથિત પ્રભાવં, કર્માષ્ટકાનેકપલેદ્દસિંહમ્;
આરાધિતં શુદ્ધમુનીંદ્રવર્ગૈર્જગત્યમેયં જયતાત નિતાંતમ. ૩
સમ્યગ્દશાં વિઘ્નહરા ભવંતુ, માતંગયક્ષા સુરનાયકાશ્ચ;
દીપાલિકા પર્વણિ સુપ્રસાન્નાઃ;શ્રી જ્ઞાનવિમલસુરિવર દાપકાશ્ચ; ૪

૫

મહાવીર જિણુંદા, રાય સદ્ધાર્થ નંદા;
લંછન મૃગેંદા, જાસપાયે સોહંદા;
સુરનર વર ઇંદા, નિત્ય સેવા કરંદા;
ટાલે ભવ ફંદા, સુખ આપે અમંદા; ૧
અડ જિનવર માતા, મોક્ષમાં સુખશાતા;
અડજિનની (જનની) ખ્યાતા, સ્વર્ગ ત્રીજે આખ્યાતા;
અઠ જિનપ જનેતા, નાક માહેંદ્ર યાતા;
સવિ જિનવર નેતા, શાશ્વતાં સુખ દેતા. ૨
મલ્લી નેમિ પાસ, આદી અઠ્ઠમ ખાસ;
કરી એક ઉપવાસ, વાસુપૂજ્ય સુવાસ;
શેષ છઠ્ઠ સુવિલાસ, કેવલજ્ઞાન જાસ;
કરે વાણી પ્રકાશ, જેમ અજ્ઞાન નાશ. ૩

જિનવર જગદીશ, જાસ મહોટી જગીશ;
નહિ રાગ ને રીશ, નામીયે તાસ શીશ;
માતંગ સુર ઈશ, સેવતો રાતિ દિશ;
ગુરૂ ઉત્તમ અધીશ, ભાખે પદ્મ સુશિષ. ૪

૬

શાસન નાયક વીરજી એ, પામી પરમ આધાર તો;
રાત્રિ ભોજન મત કરો એ, જાણી પાપ અપાર તો;
ઘુવડ કાગને નાગના એ, તે પામે અવતાર તો;
નિયમ નોકારશી નિત્ય કરો એ, સાંજે કરો ચોવિહાર તો. ૧
વાસી બોળ ને રિંગણાં એ, કંદમૂળ તું ટાલ તો;
ખાતાં બોટ ઘણી કહી એ, તે માટે મન વાલ તો;
કાચા દૂધ દહિં છાશમાં એ, કઠોળ જમવું વાર તો;
રૂષભાદિક જિન પૂજતાં એ, રાગ ધરે શિવનાર તો. ૨
હોલી બળેવ ને નોરતાં એ, પીપળે પાણી મ રેડ તો;
શીલ સાતમનાં વાસી વડાં એ, ખાતાં મોટી ખોડ તો;
સાંભળી સમકિત દૃઢ કરો એ, મિથ્યા પર્વ નિવાર તો;
સામાયિક પડિક્કમણાં નિત્ય કરો એ, જિનવાણીજગસાર તો. ૩
ઋતુવંતી અડકે નહિ એ, ન કરે ઘરનાં કામ તો;
તેહના વંછીત પૂરશે એ, દેવી સિદ્ધાયિકા નામ તો;
હિત ઉપદેશે હર્ષ ધરો એ, કોઇ ન કરશો રીશ તો;
કીર્તિકમળા પામશો એ, જીવ કહે તસ શિશ તો. ૪

ત્રિધારી મહાવીર જિણુંદા, જેને સેવે સુરનર ઈંદા, દીઠે પરમાનંદા;
ચૈત્ર સુદી તેરસ દિન જાયા, છપ્પન દિગકુમરી ગુણ ગાયા,
હરખ ધરી હુલરાયા;
ત્રીશ વરસ પાલી ઘરવાસ, માગશિર વદી દશમી વ્રત જાસ,
વિચરે મન ઉલ્લાસ;
એ જિન સેવો હિતકર જાણી, એહથી લહીએ શિવ પટરાણી,
પુન્યતણી એ ખાણી. ૧
રિખભ જિનેશ્વર તેર ભવ સાર, ચન્દ્રપ્રભુ ભવ આઠ ઉદાર
શાન્તિકુમાર ભવ બાર;
મુનિસુવ્રત ને નેમકુમાર, તે જિનના નવ નવ ભવસાર;
દશ ભવ પાર્શ્વકુમાર
સત્તાવીશ ભવ વીરના કહીએ, સત્તર જિનના ત્રણ ત્રણ લહીએ,
જિન વચને સદ્દહીએ;
ચોવીશ જિનનો એહ વિચાર, એહથી લહીએ ભવનો પાર
નમતાં જય જયકાર. ૨
વૈશાખ સુદી દશમી લહી નાણ, સિંહાસન બેઠા વર્દ્ધમાન,
ઉપદેશ દે પ્રધાન;
અગ્નિખુણે હવે પર્ષદા સુણીએ, સાધવી વૈમાનીક સ્ત્રી ગણીએ,
મુનિવર ત્યાંહિજ ભણીએ;
વ્યંતર જ્યોતિષી ભુવનપતિ સાર, એહનો નૈઋત્ય ખુણે અધિકાર,
વાયવ્ય ખુણે એની નાર;

ઇશાને સોહીએ નરનાર, વૈમાનિક સુર થઇ પર્ષદા બાર,
સુણે જિનવાણી ઉદાર. ૩

ચક્રેસરી અજિયા દુરિયારિ, કાલી મહાકાલી મનોહારી,
અચ્યુઅ સંતા સારી;
જ્વાલા સુતારયા અસોયા, સિરિવત્સા વર ચંડા માયા,
વિજયાંકુસી સુખદાયા;
પન્નત્તિ નિવ્વાણી અચ્ચુઆ ધરણો, વૈરૂટદત્ત ગંધારી અધરણી
અંબા પડિમા સુખકરણી;
સિદ્ધાઈ શાસન રખવાલી, કનકવિજય બુધ આનંદકારી;
જસવિજય જયકારી. ૪

૮

કલ્યાણ મંદિર મુદારમવદ્યભેદિ,
દુઃકર્મવારણવિદારણ પંચવક્ત્રમ્;
યત્પાદ પદ્મપ્રણિધાન પ્રણમન્તિ શક્રાઃ,
સ્તોષ્યે મુદા જિનવરં જિનપાર્શ્વદેવમ્. ૧

ક્ષીણાષ્ટકર્મનિકરસ્ય નમોઽસ્તુનિત્યં,
ભીતાભયપ્રદમનિન્દિત મંઘ્રિ પદ્મમ્
ઇષ્ટાર્થ મંઠલ સુસર્જન ડેવ વૃક્ષં;
નિત્યોદયં દલિત તીવ્ર કષાયમુચ્ચૈઃ ૨

જૈનાગમં દિશતુ સર્વસુખૈકદક્ષં (ગેહં),
શ્રી નંદનક્ષિતિજદુઃખહતિપ્રકારમ્
સંસારસાગર નિમજ્જદશેષજન્તુ
પોહિત્થ સન્નિ ભમભીષ્ટદમાશુ મુગ્ધમ્ ૩

માતંગયક્ષરમલાં પ્રકરોતિ સેવાં,
પૂર્વાન્તમારસમભીપ્સિતદંવિશાલમ્;
ઉત્પત્તિવિસ્તરનહીશપતજ્જનાનાં,
પોતાયમાનમભિનમ્ય જિનેશ્વરસ્ય. ૪

(દીવાળી) મહાવીરસ્વામી તથા ગૌતમ સ્વામિની સજ્ઝાય.

દેવાનંદા માતાની સજ્ઝાય. ૧

જિનવર રૂપદેખી મન હરખી, સ્તનસેં દૂધ ઝરાયા;
તવ ગૌતમકું ભયા અચંબા, પ્રશ્ન કરણકું આયા;
હો ગૌતમ એતો મેરી અમ્મા. એ આંકણી. ૧
તસકુખે તુમ કાહું ન વસીઆ;
કવણ કિયા ઈણ કમ્મા. હો ગૌતમ૦ ૨
ત્રિશલાદે દેરાણી હુંતી, દેવાનંદા જેઠાણી;
વિષય લોભ કરી કાંઇ ન જાણ્યો, કપટ વાત મન આણી. હો ગૌ૦ ૩
એસા શ્રાપ દિયા દેરાણી, તુમ સંતાન ન હોજો;
કર્મ આગળ કોઇનું નહિ ચાલે, ઇંદ્ર ચક્રવર્તી જો જો હો ગૌ૦ ૪
દેરાણીકી રત્નડાબલી, બહુલાં રત્ન ચોરાયાં;
ઝગડો કરતાં ન્યાય હુઓ જબ, તબ કુચ્છુ નાણાં પાયાં. હોગૌ૦ ૫
ભરતરાય જબ રૂષભને પૂછે, એહમાં કોઇ જિણંદા;
મરિચી પુત્ર ત્રિદંડી તેરો, ચોવીસમો જિણંદા. હો ગૌ૦ ૬
કુળનો ગર્વ કીયો મેં ગૌતમ, ભરતરાય જબ વંદ્યા;
મન-વચન-કાયાએ કરીને, હરખ્યો અતિ આણંદા. હો ગૌ૦ ૭
કર્મ સંયોગે ભીક્ષુક કુળ પાયા, જનમ ન હોવે કબહિ;
ઇંદ્ર અવધિએ જોતાં અપહર્યો, દેવ ભુજંગમ બાંહે. હો ગૌ૦ ૮

બ્યાશી દિન તિહાં કણે વસિયેા, હરિણુગમેષી જબ આયા;
સિદ્ધારથ ત્રિશલાદે રાણી, તસ કુખે છટકયા. હેા ગૌ૦ ૯
ઋષભદત્ત ને દેવાનંદા, લેશે સંયમ ભારા.
તવ ગૌતમ એ મુગતે જાશે, ભગવતિ સૂત્ર વિચારા. હે ગૌ૦ ૧૦
સિદ્ધારથ ત્રિશલાદેવી રાણી, અચ્યુત દેવલેાકે જાશે;
બીજે ખંડે આચારાંગે, તે સૂત્રે કહેવાશે. હેા ગૌતમ૦ ૧૧
તપગચ્છ શ્રી હીરવિજયસૂરિ, દિયેા મનેારથ વાણી,
સકળચંદ્ર પ્રભુ ગૌતમ પૂછે, ઉલટ મનમાં આણી. હેા ગૌ૦ ૧૨

શ્રી ઉત્તરાધ્યયનના દશમા અધ્યયનની સજઝાય.

૨

સમવસરણ સિંહાસનેજી, વીરજી કરે રે વખાણ;
દશમા ઉત્તરાધ્યયનમેંજી, દીયે ઉપદેશ સુજાણ;
સમય મય ગૌતમ મ કર પ્રમાદ,
વીર જિનેશ્વર શીખવેજી, પરિહર મદ વિખવાદ. સ૦ વીરજિને૦ ૧
જિમ તરૂ પંડુર પાંદડાજી, પડતાં ન લાગેજી વાર;
તિમ એ માણસ જીવડાજી, થિર ન રહે સંસાર. સ૦ વીરજિને૦ ૨
ડાભ અણી જન ઓસનેાજી રે, ક્ષણુ એક રહે જલબિંદ;
તીમએ ચંચલ જીવડાજી, ન રહે મુંદ્ર નરિંદ્ર. સ૦ વીરજિને૦ ૩
સૂક્ષ્મ નિગેાદ ભમી કરીજી રે, રાશી ચઢયેા વ્યહવાર;
લાખ ચેારાશી જીવાયેાનિમાંજી રે, લાધ્યેા નરભવ સાર. સ૦વીરજિને૦૪
શરીર જરાએ જરજર્યું જી, શિર પર પડીઆજી કેશ;
ઇન્દ્રયબલ હીણું પડ્યાંજી, પગપગ પેખે કલેશ. સ૦ વીરજિને૦૫
ભવસાયર તરવા ભણીજી, ચારિત્ર પ્રવહણ મૂળ;
તપ જપ સંયમ આકરાંજી, મેાક્ષનગર છે દૂર. સ૦ વીરજિને૦ ૬

ઇમ નીસુણી પ્રભુ દેશનાજી, ગણધર થયા સાવધાન;
પાપ પડલ પાછાં પડયાંજી, પામ્યા કેવલજ્ઞાન. સ૦ વીરજિને૦ ૭
ગૌતમના ગુણ ગાવતાંજી, ઘર સંપત્તની ક્રોડ;
વાચક શ્રીકરણ ઇમ ભણેજી, વંદું બે કર જોડ. સ૦ વીરજિને૦ ૮

૩

શ્રી ગુરૂપદ પંકજ નમીજી, વલી ધરી ધર્મની બુદ્ધિ;
સાધુક્રિયા ગુણ ભાખશું જી, કરવા સમકિત શુદ્ધિ;
મુનીશ્વર, ધર્મ સયલ સુખકાર, તુમે પાલો નિરતિ ચાર,
મુનીશ્વર, ધર્મ સયલ સુખકાર. એ આંકણી. ૧
જીવદયા સંયમ તવોજી, ધર્મ એ મંગલ રૂપ;
જેહના મનમાં નિત્ય વસેજી, તસ નમે સુર નર ભૂપ. મુનિશ્વર૦૨
ન કરે કુસુમ કિલામણાજી, વિચરતો જિમ તરૂવૃંદ;
સંતોષે વલી ભાતમાજી, મધુકર ગ્રહિ મકરંદ. મુનિ૦ ૩
તેણિપરે મુનિ ઘર ઘર ભમીજી, લેતો શુદ્ધ આહાર;
ન કરે બાધા કોઇને જી, દિયે પિંડને આધાર. મુનિ૦ ૪
પહિલે દશવૈકાલીકેંજી, અધ્યયને અધિકાર;
ભાખ્યો તે આરાધતાંજી, વૃદ્ધિવિજય જયકાર મુનિશ્વર૦ ૫

૪

સકલ મનોરથ પુરવે રે, સંખેશ્વરો જીનરાય;
તેહ તણાસુ પસાયથી રે, કરૂં પંચ મહાવ્રત સજઝાય રે. ૧
મુનિજન એ પહેલું વ્રત સાર, એહથી લહિએ ભવનો પાર રે;
પ્રાણાતિપાત વીરમણ કહ્યું રે, પહેલું વ્રત સુવીચાર;
ત્રસ થાવર બે જીવની રે, રક્ષા કરે અણગાર રે. મુનિ૦ ૨

પ્રાણાતિપાત કરે નહી રે, ન કરાવે કોઈ પાસ;
કરતાં અનુમોદે નહી રે, તેહનો મુક્તિમાં વાસ રે. મુનિ૦ ૩
જયણાએ મુનિ ચાલતા રે, જયણાએ બેસંત;
જયણાએ ઉભા રહેા રે, જયણાએ સુવંત રે. મુનિ૦ ૪
જયણાએ ભોજન કરે રે, જયણાએ બોલંત;
પાપ કરમ બાંધે નહી રે, તે મુનિ મોટા મહંત રે. મુનિ૦ ૫
પાંચે વ્રતની ભાવના રે, જે ભાવે ઋષિરાય;
કાંતિવિજય મુનિ તેહનારે, પ્રેમે પ્રભુમેં પાય રે. મુનિ૦ ૬

૫

પાંચ મહાવ્રતની પચ્ચીસ ભાવનાની સજઝાય.

પહેલા મહાવ્રતની સજઝાય.

મહાવ્રત પહેલું રે મુનિવર મનધરેા, એમ જંપે શ્રી વીરાજી;
ત્રિવિધ ત્રિવિધ રે હિંસા પરિહરેા, તેા પામેા ભવપારાજી. મહા૦
ભાવના પાંચ છે તેહની, જે કહી પહેલે અંગેજી;
તે ભાવંતાંએ મુનિવર જાણીએ રે, ચારિત્ર અધિકે રંગેજી. મહા૦
ઇર્યાસમિતિરે જોઇને ચાલવું, ધુસર પ્રમાણે તેહેા જી;
પ્રાણીનેા વધ મન શું ન ચિંતવે, બીજી ભાવના એહેાજી. મહા૦ ૩
વચન સાવધરે નવિ બોલે, કહે જેહથી હેાય જીવઘાતેાજી;
ત્રીજીભાવના એણી પરે ભાવતાં, જગમાં હેાવે વિખ્યાતેાજી. મહા૦ ૪
પુંજી લેતાંરે પુંજી મૂકતાં, વસ્ત્ર પાત્ર પ્રમુખેા જી;
આદાનનિક્ષેપ એ ચેાથી કહી, ટાળે ભવનાં દુઃખેાજી મહા૦ ૫
અન્ન પાન અજવાળે વાવરે, ભાજન મેાટે જોય જી;
પંચમી ભાવના એણીપરે ભાવતાં, શિવપંથ ગામી હેાયજી. મહા૦ ૬

એહ ભાવના જેહને મનવસી, મહાવ્રત સ્થાનક ત્યાં હોજી;
શ્રી ગુરૂ ખીમાવિજય પ્રસાદથી, જસ વાધે જગમાંહોજી. મહા૦૭

શ્રી ઉત્તરાધ્યયન સુત્રના પહેલા અધ્યયની સજઝાય.

૬

પવયણ દેવી ચિત્ત ધરીજી, વિનય વખાણોશ સાર;
જંબૂને પૂછેય કહ્યોજી, શ્રી સોહમ ગણધાર;
ભવિક જન વિનય વહો સુખકાર. એ આંકણી. ૧

પહેલે અધ્યયને કહ્યોજી, ઉત્તરાધ્યયન મોઝાર;
સઘળા ગુણમાં મૂળગોજી, જે જિનશાસન સાર. ભવિક૦ ૨

નાણ વિનયથી પામીએજી, નાણેં દરિશન શુદ્ધ;
ચારિત્ર દરિશણથી હુવેજી, ચારિત્રથી પુણ સિદ્ધ. ભવિક૦ ૩

ગુરૂની આણા સદ્ધા ધરેજી, જાણે ગુરૂનો ભાવ;
વિનયવંત ગુરૂ રાગીયોજી, તે મુનિ સરળ સ્વભાવ. ભવિક૦ ૪

કણનું કુંડું પરિહરીજી, વિષ્ઠા શું માણે રાગ;
ગુરૂ દ્રોહી તે જાણવાજી, સુઅર ઉપમા લાગ. ભવિક૦ ૫

કોદ્યા કાનની કુતરી જી, ઠામ ન પામે રે જેમ;
શીત હીણ અકલ્યાગરાજી, આદર ન લહે તેમ. ભવિક૦ ૬

ચંદ્ર તણો પરે ઉજળીજી, કીર્તિ તેહ લહંત;
વિષય કષાય જીતી કરીજી, જે નર વિનય વહંત. ભવિક૦ ૭

વિજય દેવ ગુરૂ પાટવીજી, શ્રી વિજય સિંહસુરીંદ;
શિષ્ય ઉદયવાચક ભણેજી, વિનય સયલ સુખકંદ. ભવિક૦ ૮

શ્રી સિદ્ધચક્ર—નવપદજીનાં ચૈત્યવંદનો

૧

સકળ મંગળ પરમ કમળા, કેલિ મંજુલ મંદિરં;
ભવકોટિ સંચિત પાપનાશન, નમો નવપદ જયકરં. ૧
અરિહંત સિદ્ધ સૂરીશ વાચક, સાધુ દરશન સુખકરં;
વર જ્ઞાન પદ ચારિત્ર તપ એ, નમો નવપદ જયકરં. ૨
શ્રીપાળ રાજા શરીર સાજા, સેવતાં નવપદ વરં;
જગમાંહિ ગાજા કીર્તિ ભાજા, નમો નવપદ જયકરં. ૩
શ્રી સિદ્ધચક્ર પસાય સંકટ, આપદા નાશે સવે;
વળી વિસ્તરે સુખ મનોવાંછિત, નમો નવપદ જયકરં. ૪
આંબિલ નવ દિન દેવવંદન, ત્રણ ટંક નિરંતરં;
બે વાર પડિક્કમણ પલેવણ, નમો નવપદ જયકરં. ૫
ત્રણ કાળ ભાવે પૂજીએ, ભવતારકં તીર્થંકરં;
તિમ ગણું હોય હજાર ગણીએ, નમો નવપદ જયકરં. ૬
ઈમવિધિ સહિત મન વચન કાયા, વશ કરી આરાધિયે;
તપ વર્ષ સાડાચાર નવપદ, શુદ્ધ સાધન સાધિયે. ૭
ગદ કષ્ટ ચૂરે, શર્મ પૂરે, યક્ષ વિમલેશ્વર વરં;
શ્રી સિદ્ધચક્ર પ્રતાપ જાણી, વિજય વિલસે સુખભરં. ૮

૨

શ્રી સિદ્ધચક્ર આરાધીએ, આસો ચૈતર માસ;
નવદિન નવ આંબિલ કરી, કીજે ઓળી ખાસ. ૧
કેશર ચંદન ઘસી ઘણાં, કસ્તૂરી ભરાસ;
જુગતે જિનવર પૂજિયા, મયણાં ને શ્રીપાળ. ૨

પૂજા અષ્ટ પ્રકારની, દેવવંદન ત્રણકાળ;
મંત્ર જપો ત્રણ કાળ ને, ગુણ્યું તેર હજાર. ૩
કષ્ટ ટળ્યું ઉંબરતણું, જપતાં નવપદ ધ્યાન;
શ્રી શ્રીપાળ નરિંદ થયા, વાધ્યો અમણો વાન. ૪
સાતસો કોઢી સુખ લહ્યા, પામ્યા નિજ આવાસ;
પુણ્યે મુક્તિવધૂ વર્યા, પામ્યા લીલ વિલાસ. ૫

૩

શ્રી સિદ્ધચક્ર મહા મંત્રરાજ, પૂજા પરસિદ્ધ;
જાસ નમનથી સંપજે, સંપૂરણ રિદ્ધ. ૧
અરિહંતાદિક નવપદ, નિત્ય નવનિધિ દાતા;
એ સંસાર અસાર સાર, હોએ પાર વિખ્યાતા. ૨
અમલાચલ પદ સંપજે, પૂરે મનના કોડ;
મોહન કહે વિધિયુત કરો, જિમ હોય ભવનો છોડ. ૩

૪

બાર ગુણ અરિહંતના, તેમ સિદ્ધના આઠ;
છત્રીશ ગુણ આચાર્યના, જ્ઞાન તણા ભંડાર. ૧
પચીસ ગુણ ઉપાધ્યાયના, સાધુ સત્તાવીશ;
શ્યામ વર્ણ તનુ શોભતા, જિન શાસનના ઈશ. ૨
જ્ઞાન નમું એકાવને, દર્શનના સડસઠ્ઠ;
ચોત્તેર ગુણ ચારિત્રના, તપના બાર તે જુઠ્ઠ. ૩
એમ નવપદ યુકતે કરી, ત્રણ શતઅષ્ટ (૩૦૮) ગુણ થાય;
જે પૂજે ભવી ભાવશું, તેહનાં પાતક જાય. ૪
પૂજ્યા મયણાસુંદરી, તેમ નરપતિ શ્રીપાળ;
પુણ્યે મુકિત સુખ લહ્યા, વરત્યા મંગળમાળ. ૫

૫

પહેલે દિન અરિહંતનું, નિત્ય કીજે ધ્યાન;
બીજે પદ વળી સિદ્ધનું, કીજે ગુણગાન. ૧
આચારજ ત્રીજે પદે, જપતાં જય જયકાર;
ચોથે પદે ઉપાધ્યાયના, ગુણ ગાવો ઉદાર. ૨
સકલ સાધુ વંદો સહી, અઢીદ્વીપમાં જેહ;
પંચમ પદ આદર કરી, જપજો ધરી સનેહ. ૩
છઠ્ઠે પદ દર્શન નમો, દરિસણ અજુઆલો;
નમો નાણપદ સાતમે, જિમ પાપ પખાલો. ૪
આઠમે પદ આદર કરી, ચારિત્ર સુચંગ;
પદ નવમે બહુ તપ તણો, ફળ લીજે અભંગ. ૫
એણી પરે નવપદ ભાવશું, એ જપતાં નવ નવ કોડ;
પંડિત શાંતિવિજય તણો, શિષ્ય કહે કર જોડ. ૬

શ્રી સિદ્ધચક્ર-નવપદજીનાં સ્તવનો.

૧

શ્રી સિદ્ધચક્ર આરાધીયે, શિવસુખ ફળ સહકાર લાલ રે;
જ્ઞાનાદિક તણુ રત્નનું, તેજ ચઢાવણહાર લાલ રે. શ્રી સિદ્ધ૦ ૧
ગૌતમે પૂછતાં કહ્યાં, વીરજિણંદ વિચાર લાલ રે;
નવપદ મંત્ર આરાધતાં, ફળ લહે ભવિક અપાર લાલ રે. શ્રી સિદ્ધ૦૨
ધર્મરથના ચાર ચક્ર છે, ઉપશમ ને સુવિવેક લાલ રે;
સંવર ત્રીજું જાણીયે, ચોથું સિદ્ધચક્ર છેક લાલ રે. શ્રી સિદ્ધ૦ ૩
ચક્રીચક્ર રયણ બલે, સાધે સયલ છ ખંડ લાલ રે;
તિમ સિદ્ધચક્ર પ્રભાવથી, તેજ પ્રતાપ અખંડ લાલરે. શ્રી૦સિ૦ ૪

મયણાં ને શ્રીપાળજી, જપતાં બહુ ફળ લીધ લાલ રે;
ગુણ જશવંત જિનેંદ્રનો,જ્ઞાન વિનોદ પ્રસિદ્ધ લાલ રે.શ્રી સિદ્ધા૦ ૫

૨

નવપદ ધરજો ધ્યાન, ભવિ તુમે, નવ પદ ધરજો ધ્યાન;
એ નવપદનું ધ્યાન કરંતાં, પામે જીવ વિશ્રામ. ભવી૦ ૧
અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ સકળ ગુણખાણ. ભવી૦ ૨
દર્શન જ્ઞાન ચારિત્ર એઉત્તમ, તપ તપો કરી બહુમાન. ભવી૦ ૩
આસો ચૈત્રની સુદી સાતમથી, પૂનમ લગી પરમાણ. ભવી૦ ૪
એમ એકાશી આંબિલ કીજે, વરસ સાડાચારનું માન. ભવી૦ ૫
પડિક્કમણાં દોય ટંકનાં કીજે, પડિલેહણ બેવાર. ભવી૦ ૬
દેવવંદન ત્રણ ટંકનાં કીજે, દેવ પૂજો ત્રિકાલ. ભવી૦ ૭
બાર આઠ છત્રીશનો, સાત્તવીશ સડસઠ સાર. ભવી૦ ૮
એકાવન સિતેર પચાશનો, કાઉસ્સગ્ગ કરો સાવધાન. ભવી૦ ૯
એક એક પદનું ગણણું, ગણીયે દોય હજાર. ભવી૦ ૧૦
એણી વિધે જે એ તપ આરાધે, તે પામે ભવપાર. ભવી૦ ૧૧
કરજોડી સેવક ગુણ ગાવે, મોહન ગુણ મણીમાળ. ભવી૦ ૧૨
તાસ શિષ્ય મુનિહેમ કહે છે, જન્મ મરણ દુઃખ વાર. ભવી૦ ૧૩

૩

અહો ભવી પ્રાણો રે સેવો, સિદ્ધચક્ર ધ્યાન સમો નહી મેવો;
અહો૦ એ. આંકણી
જે કોઇ સિદ્ધચક્રને આરાધે, તેહનો જગમાંહી જસ વાધે. અહો૦૧
પહેલે પદે રે અરિહંત, બીજે સિદ્ધગુદ્ધ ધ્યાન મહંત;
ત્રીજે પદે રે સૂરીશ, ચોથે ઉવજઝાય ને પાંચમે મુનીશ. અહો૦ ૨

છઠ્ઠે દંસણુ રે કીજે, સાતમે જ્ઞાનથી શિવસુખ લીજે;
આઠમે ચારિત્ર પાળો, નવમે તપથી મુક્તિ જાવો. અહો૦ ૩
આંબિલ ઓળી રે કીજે, નવકારવાળી વીશ ગણી જે;
ત્રણે ટંકના રે દેવ વાંદી જે, પડીલેહણ પડિક્કમણું કીજે. અહો૦ ૪
ગુરૂ મુખ કિરિયા રે કીજે, દેવ ગુરૂ ભક્તિ ચિત્તમાં ધરીજે;
એમ કહે રામનો રે શિષ્ય, ઓળી ઉજવી એ જગદીશો. અહો૦ ૫

૪

સિદ્ધચક્ર વર સેવા કીજે, નરભવ લાહો લીજે રે,
વિધિ પૂર્વક આરાધન કરતાં, ભવભવ પાતક છીજે;
ભવીજન ભજિયે જીરે, અવર અનાદિની ચાલ;
નિત્ય નિત્ય તજિયે જીરે. એ આંકણી. ૧

દેવનો દેવ દયાકર ઠાકર, ચાકર સુરનર ઈંદ્રાજી;
ત્રિગડે ત્રિભુવન નાયક બેઠા, પ્રણમો શ્રી જિનચંદા. ભવી૦ ૨
અજ અવિનાશી અકળ અજરામર, કેવલ દંસણ નાણીજી;
અવ્યાબાધ અનંતુ વીરજ, સિદ્ધપ્રણમો ગુણખાણી. ભવી૦ ૩
વિદ્યા સૌભાગ્ય લક્ષ્મી પીઠ, મંત્રરાજ યોગ પીઠજી;
સુમેરૂ પીઠ એ પંચ પ્રસ્થાને, નમો આચારજ ઇઠ્ઠ ભવી૦ ૪
અંગ ઉપાંગ નંદિઅનુયોગા, છ છેદ ને મૂળ ચારજી;
દસ પયન્ના એમ પણુયાલીસ, પાઠક તેહના ધાર ભવી૦ ૫
વેદ ત્રણ ને હાસ્યાદિક ષટ્, મિથ્યાત્વ ચાર કષાયજી;
ચૌદ અભ્યંતર નવવિધ બાહ્યની, ગ્રંથી તજે મુનિરાય. ભવી૦ ૬
ઉપશમ ક્ષયઉપશમ ને ક્ષાયક, દર્શન ત્રણ પ્રકારજી;
શ્રદ્ધા પરિણતિ આતમ કેરી, નમિયે વારંવાર. ભવી૦ ૭

અઠાવીશ ચૌદ ને ષટ્ દુગ ઇંગ, મત્યાદિકના જાણજી;
એમ એકાવન ભેદે પ્રભુમો, સાતમે પદ વર નાણ. ભવી૦ ૮

નિવૃત્તિ ને પ્રવૃત્તિ ભેદે, ચારિત્ર છે વ્યવહારજી;
નિજગુણ સ્થિરતા ચરણ તે પ્રભુમો, નિશ્ચે શુદ્ધ પ્રકાર. ભવી૦ ૯

બાહ્ય અભ્યંતર તપ તે સંવર, સમતા નિર્જરા હેતુજી;
તે તપ નમિયે ભાવ ધરીને, ભવસાગરમાં સેતુ. ભવી૦ ૧૦

એ નવપદમાં પણ છે ધર્મી, ધર્મ તે વરતે ચારજી;
દેવ ગુરૂ ને ધર્મ તે એહમાં, ઢોય ત્રણ ચાર પ્રકાર. ભવી૦ ૧૧

માર્ગદેશક અવિનાશીપણું, આચાર વિનય સંકેતેજી;
સહાય પણું ધરતા સાધુજી, પ્રભુમો એહીજ હેતે. ભવી૦ ૧૨

વિમળેશ્વર સંનિધ્ય કરે તેહની, ઉત્તમ જે આરાધેજી;
પદ્મવિજયકહેતે ભવિ પ્રાણી, નિજ આતમ હિત સાધે. ભવી૦ ૧૩

૫

અવસર પામીનેરે કીજે, નવ આંબિલની ઓળી;
ઓળી કરતાં આપદ જાયે, ઋદ્ધિ સિદ્ધિ લહીએ બહુલી. અ૦ ૧

આસો ને ચૈત્રે આદરશું, સાતમથી સંભાળી રે;
આળશ મેલી આંબિલ કરશે, તસઘર નિત્ય દીવાળી. અ૦ ૨

પૂનમને દિન પૂરી થાતે, પ્રેમશું પખાલી રે;
સિદ્ધચક્રને શુદ્ધ આરાધી, જાપ જપે જપમાળી. અ૦ ૩

દેહરે જઇને દેવ જુહારો, આદીશ્વર અરિહંત રે;
ચોવીશે ચાહીને પૂજે, ભાવશું ભગવંત. અ૦ ૪

બે ટંકે પડિક્કમણું બોલ્યું, દેવ વંદન ત્રણ કાલ રે;
શ્રી શ્રીપાલતણો પરે સમજી, ચિત્તમાં રાખો ચાલ. અ૦ ૫

સમકિત પામી અંતરજામી, આરાધો એકાંતરે;
સ્યાદ્વાદ પંથે સંચરતાં, આવે ભવનો અંત. અ૦ ૬
સત્તર ચોરાણું શુદિચૈત્રીયે, બારશે બનાવી રે;
સિદ્ધચક્ર ગાતાં સુખ સંપત્તિ, ચાલીને ઘેર આવે. અ૦ ૭
ઉદયરત્ન વાચક એમ જંપે, જે નર નારી ચાલે રે;
ભવની ભાવઠ તે ભાંજીને, મુક્તિપૂરીમાં મ્હાલે. અ૦ ૮

૬

શ્રી સિદ્ધચક્ર આરાધિયે, જિમ પામો હો ભવિકોડિ કલ્યાણ કે;
શ્રી શ્રીપાળતણી પરે, સુખ પામોહો લહો નિર્મળ નાણકે. શ્રી સિ૦ ૧
નવપદ ધ્યાન ધરો સદા, ચોખે ચિત્તે હો આણી બહુ ભાવકે;
વિધિ આરાધન સાચવો,
જિમ જગમાં હો હોય જસનો જમાવકે. શ્રી સિ૦ ૨
કેસર ચંદન કુસુમંશું, પૂજીયે હો ઉખેવી ધૂપકે;
કુંદરૂ અગર ને અરગજા, તપદિન તાં હો કીજે ઘૃતદીપકે શ્રીસિ૦૩
આસો ચૈત્ર શુકલ પક્ષે, નવ દિવસે હો તપ કીજે એહકે;
સહજ સૌભાગી સુસંપદા, સોવન સમ હો ઝળકે તસ દેહકે.શ્રી સિ૦૪
જાવજીવ શકતે કરો, જિમ પામો હો નિત્ય નવલા ભોગકે;
ચાર વરસ સાડા તથા,જિન શાસને હો એ મોટોયોગ કે. શ્રીસિ૦૫
વિમળ દેવ સંનિધ્ય કરે, ચક્રેશ્વરી હો કરે તાસ સહાયકે;
શ્રી જિનશાસન સોહિએ,
એહ કરતાં હો અવિચળ સુખ થાયકે શ્રી સિ૦ ૬
મંત્ર તંત્ર મણિ ઔષધિ, વશ કરવા હો શિવ રમણી કાજકે;
ત્રિભુવન તિલક સમોવડો,
હોય તે નર હો કહે નયકવિરાજકે. શ્રી સિ૦ ૭

૭

સિદ્ધચક્રને ભજીએ રે, કે ભવિયણ ભાવ ધરી,
મદમાનને તજીએ રે, કુમતિ દૂર કરી;
પહેલે પદે રાજે રે, કે અરિહંત શ્વેત તનું,
બીજે પદે છાજે રે, કે સિદ્ધ પ્રગટ ભણું. સિદ્ધ૦ ૧
ત્રીજે પદે પીળા રે, કે આચાર્ય કહીએ;
ચોથે પદે પાઠક રે, કે નીલ વર્ણ લહીએ. સિદ્ધ૦ ૨
પાંચમે પદે સાધુ રે, કે તપ સંયમ શૂરા;
શ્યામ વર્ણે સોહે રે, કે દર્શન ગુણ પૂરા. સિદ્ધ૦ ૩
દર્શન જ્ઞાન ચારિત્ર રે, કે તપ સંયમ શુદ્ધ વરો;
ભવિયણ ચિત્ત આણી રે, કે હૃદયમાં ધ્યાન ધરો. સિદ્ધ૦ ૪
સિદ્ધચક્ર ધ્યાને રે, કે સંકટ સર્વ ટળે;
કહે ગૌતમ વાણી રે, કે અમૃત પદ પાવે. સિદ્ધ૦ ૫

૮

સુરમણી સમુ સહુ મંત્રમાં, નવપદ અભિરામી રે લોલ;અહો નવ૦
કરૂણા સાગર ગુણ નીધી, જગ અંતર જામી રે લોલ. અહો જગ૦૧
ત્રિભુવન જન પૂજિત સદા, લોકાલોક પ્રકાશી રે લોલ; અહો લોકા૦
એહવા શ્રી અરિહંતજી, નમું ચિત્ત ઉલાસી રે લોલ અહો નમું૦૨
અષ્ટ કરમ દલ ક્ષય કરી, થયા સિદ્ધ સ્વરૂપી રે લોલ; અહો થયા૦
સિદ્ધ નમો ભવિ ભાવથી, જે અગમ અરૂપીરે લોલ. અહો જે૦૩
ગુણ છત્રીસે શોભતાં, સુંદર સુખકારી રે લોલ. અહો સુંદર૦
આચારજ ત્રીજે પદે, વંદું અવિકારી રે લોલ. અહો વંદું૦ ૪
આગમ ધારી ઉપશમી, તપ દુવિધ આરાધિ રે લોલ. અહો તપ૦
ચોથે પદે પાઠક નમો, સંવેગ સમાધી રે લોલ. અહો સંવેગ૦ ૫

પંચાચાર પાલણ પરા, પંચાશ્રવ ત્યાગીરે લોલ. અહો પંચા૦
ગુણ રાગી મુનિ પાંચમે, પદમું વડભાગીરે લોલ. અહો પ્રણમું૦૬
નીજ પર ગુણને ઓળખે, શ્રુત શ્રદ્ધા આવે રે લોલ અહો શ્રુત૦
છઠ્ઠે ગુણ દરિસણ નમો, આતમ શુભ ભાવે રે લોલ. અહો આતમ૦૭
જ્ઞાંન નમો ગુણ સાતમે, જે પંચ પ્રકારે રે લોલ. અહો જે૦
આઠમે ચારિત્ર પદ નમો, પરભાવ નીવારી રે લોલ અહોપરભાવ૦૮
ખંત્યાદિક દશ ધર્મનો, જેહ છે અધીકારી રે લોલ. અહો જે૦
નવમે વલી તપ પદ નમો, બાહ્યાભ્યંતર ભેદે રે લોલ
અહો બાહ્યા૦ ૯
બાંધ્યાં કાલ અનંતનાં, જે કર્મ ઉછેદે રે લોલ. અહો જેકર્મ૦
એ નવ પદ બહુ માનથી, ધ્યાવે શુભ ભાવે રે લોલ. અહો ધ્યાવે૦ ૧૦
નૃપ શ્રીપાલ તણી પરે, મન વંછીત પાવે રે લોલ. અહો મન૦
આસો ચૈત્ર માસમાં, નવ આંબિલ કરીએ રે લોલ. અહો નવ૦ ૧૧
નવ ઓલી વિધિ યુક્ત કરી, શિવ કમળા વરીએ રે લોલ; અહો નવ૦
શ્રી સિદ્ધચક્રની બહુ પરે, વર મહીમા કીજે રે લોલ. અહો વ૦૧૨
શ્રી જિનલાભ કહે સદા, અનુપમ જસ લીજે રે લોલ.
અહો અનુપમ૦ ૧૩

શ્રી વર્ધમાન-તપનું સ્તવન

પહેલી ઢાલ

તપ પદ ધરજ્યો ધ્યાન, ભવિક તમે, નામે શ્રી વર્દ્ધમાન,
દિનદિન ચઢતે વાન, ભાવે તમે, સેવો થઈ સાવધાન. ભ૦ ૧
પ્રથમ ઓલી એમ પાલીને રે, બીજીએ આંબિલ દોય; ભ૦
ત્રીજીએ ત્રણ ચોથી ચાર છે રે, ઉપવાસ અંતરે હોય. ભ૦ ૨

એમ સો આંબિલ વ્રતની રે, સોમી ઓળી થાય; ભ૦
શક્તિ અભાવે આંતરે રે, વિશ્રામે પહોંચાય. ભ૦ ૩

ચૌદ વરસ ત્રણ માસની રે, ઉપર સંખ્યા વીશ; ભ૦
કાલમાન એ જાણવું રે, કહે વીર જગદીશ. ભ૦ ૪

અંતગડ અંગે વરણવ્યું રે, આચારદિનકર લેખ; ભ૦
ગ્રન્થાંતરથી જાણવું રે, એ તપનું ઉલ્લેખ. ભ૦૫

પાંચહજાર પચ્ચાશ છે રે, આંબિલ સંખ્યા સર્વ; ભ૦
સંખ્યા સો ઉપવાસની રે, તપમાં ન કરો ગર્વ. ભ૦ ૬

મહાસેન કૃષ્ણા સાધ્વી રે, વર્ધમાન તપ કીધ; ભ૦
અંતગડ કેવલ પામીને રે, અજરા અમર પદ લીધ. ભ૦ ૭

શ્રી ચંદ કેવલી એ તપ સેવિઓ રે, પામ્યા પદ નિર્વાણ; ભ૦
ધર્મ રત્ન પદ પામવા રે, એ ઉત્તમ અનુષ્ઠાન. ભ૦ ૮

ઢાલ બીજી

જિમજિમ એ તપ કીજીએ રે, તિમતિમ ભવ પરિપાક સલુણા,
નિકટ ભવિ જીવ જાણવોરે, એમ ગીતારથ શાખ. સલુણા જિમ૦૧

આંબિલ તપ વિધિ સાંભલો રે, વર્દ્ધમાન ગુણ ખાણ સલુણા,
પાપમલ ક્ષય કારણે રે, કતક ફલ ઉપમાન સલુણા. જિમ૦ ૨

શુભ મુહૂર્ત્ત શુભ યોગમાં રે, સદ્‌ગુરૂ નંદિયોગ સલુણા,
આંબિલ તપ પદ ઉચ્ચરી રે, આરાધો અનુયોગ સલુણા. જિમ૦ ૩

ગુરૂ મુખ આંબિલ ઉચ્ચરીરે, પૂજી પ્રતિમા સાર સલુણા,
નવપદની પૂજા ભણી રે, માગો પદ અણાહાર સલુણા. જિમ૦ ૪

પહરસ્સ ભોજન ત્યાગવારે, ભૂમિ સંથારો પ્રાય સલુણા;
બ્રહ્મચર્યાદિ પાલવારે, આરંભ જયણા થાય સલુણા. જિમ૦ ૫

તપ પદની આરાધના રે. કાઉસ્સગ્ગ લોગસ્સ બાર સલુણા;
ખમાંસમણાં બાર આપવાંરે, ગુણણું દોયહજાર સલુણા. જિમ૦ ૬
અથવા સિદ્ધપદ આશ્રયી રે, કાઉસ્સગ્ગ લોગસ્સ આઠ સલુણા,
ખમાસમણાં આઠ જાણવાં રે, નમો સિદ્ધાણં પાઠ સલુણા. જિમ૦૭
બીજે દીન ઉપવાસમારે, પૌષધાદિ વ્રત યુક્ત સલુણા;
પાઠક્રમણાદિ ક્રિયા કરીરે,ભાવના પરિમલ યુક્ત સલુણા. જિમ૦ ૮
એમ આરાધતાં ભાવથી રે, વિધિપૂર્વક ધરી પ્રેમ સલુણા,
ભાવો ધ્યાવો ભવિજના રે, ધર્મરત્ન પદ એમ સલુણા. જિમ૦ ૯

ઢાલ ત્રીજી

જિનધર્મ નંદન વન ભલો, રાજ હંસા રે,
શીતલ છાયા સેવોને; રાજ હંસા રે
પ્રાણી તું થા સાવધાન. અહો રાજ હંસા રે. ૧
અમૃત ફલ આસ્વાદીને રાજ હંસારે, કાઢ અનાદિની ભુખ;અહો૦
ભવ પરિભ્રમણમાં ભમતું. રાજ૦ અવસર પામી ન ચૂક. અહો૨
શત શાખાથી શોભતો રાજ૦ પાંચહજાર પચાસ, અહો૦
આંબિલ ફલે અલંકર્યો; રાજ૦ અક્ષયપદ ફલતાસ અહો૦ ૩
વિમલેશ્વર સુર સાંનિધ્યે રાજ૦ તું નિર્ભય થયો આજ અહો૦
કૃતકૃત્ય થઈ માગ તું, રાજ૦ અકલ સ્વરૂપી રાજ. અહો૦ ૪
વિગ્રહ ગતિ વોસરાવી ને, રાજ૦ લોકાગ્રે કરવાસ; અહો૦
ધન્ય તું કૃતપુણ્ય તું, રાજ૦ સિદ્ધ સ્વરૂપ પ્રકાશ. અહો૦ ૫
તપ ચિંતવણી કાઉસ્સગ્ગે, રાજ૦ વીર તપોધન ધ્યાવ; અહો૦
મહાસેન કૃષ્ણા સાધવી રાજ૦ શ્રી ચંદ ભવજલ નાવ. અહો૦ ૬

સૂરિશ્રી જગચ્ચંદ્રજી, રાજ૦ હીરવિજય ગુરૂહીર; અહો૦
મલ્લિવાદી પ્રભુ કુરગડુ, રાજ૦ આર્યસુહસ્તી વીર. અહો૦ ૭
પારંગત તપજલધિના, રાજ૦ જે જે થયા અણગાર અહો૦
જીત્યા જીન્હા સ્વાદને, રાજ૦ ધન્યધન્ય તસ અવતાર. અહો૦ ૮
એક આંબિલે તૂટશે, રાજ૦ એક હજાર ક્રોડવર્ષ અહો૦
દશ હજાર ક્રોડવર્ષનું, રાજ૦ ઉપવાસે નરક આયુષ્ય. અહો રાજ૦ ૯
તપ સુદર્શન ચક્રથી, રાજ૦ કરો કર્મનો નાશ, અહો૦
ધર્મરત્ન પદ પામવા, રાજ૦ આદરો તપ અભ્યાસ. અહો૦ ૧૦

કળસ

તપ આરાધન ધર્મ સાધન, વર્ધમાન તપ પરગડો,
મન કામના સહુ પૂરવામાં, સર્વ થાએ સુરઘડો;
અતી દાનથી શુભધ્યાનથી, ભવિક જીવ એ તપસ્યા કરો;
શ્રી વીજયધર્મસૂરીશ સેવક, રત્નવિજય કહે શિવ વરો. ૧

શ્રી સિદ્ધચક્ર-નવપદની સ્તુતિઓ

૧

જિનશાસન વંછિત, પૂરણ દેવ રસાલ,
ભાવે ભવિ ભણીયે, સિદ્ધચક્ર ગુણમાલ;
તિહું કાલે એહની, પૂજા કરે ઉજમાલ,
તે અજર અમર પદ, સુખ પામે સુવિશાલ. ૧
અરિહંત સિદ્ધ વંદો, આચારજ ઉવજઝાય,
મુનિ દરિસણ નાણ, ચરણ તપ એ સમુદાય;
એ નવપદ સમુદિત, સિદ્ધચક્ર સુખદાય,
એ ધ્યાને ભવિનાં, ભવ કોટિ દુઃખ જાય,. ૨
આસો ચૈતરમાં, શુદિ સાતમથી સાર,
પૂનમ લગે કીજે, નવ આંબિલ નિરધાર;

દોય સહસ્ર ગુણણું, પદ સમ સાડાચાર,
એકાશી આંબિલ, તપ આગમ અનુસાર. ૩
સિદ્ધચક્રનો સેવક, શ્રી વિમલેસર દેવ,
શ્રીપાલ તણી પરે, સુખ પુરે સ્વયંમેવ;
દુઃખ દોહગ નાવે, જે કરે એહની સેવ,
શ્રી સુમતિ સુગુરૂનો, રામ કહે નિત્ય મેવ. ૪

૨

અરિહંત નમો વલી સિદ્ધ નમો, આચારજ વાચક સાહુ નમો;
દર્શન જ્ઞાન ચારિત્ર નમો, તપ એ સિદ્ધચક્ર સદા પ્રણમો. ૧
અરિહંત અનંત થયા થાશે, વલી ભાવ નિક્ષેપે ગુણ ગાશે;
પડિક્કમણાં દેવવંદન વિધિશું; આંબિલ તપ ગુણણું ગણો વિધિશું.૨
છહરી પાળી જે તપ કરશે, શ્રીપાળતણી પરે ભવ તરશે;
સિદ્ધચક્રને પુણ આવે તોલે, એહવા જીન આગળ ગુણ બોલે. ૩
સાડાચાર વરસે તપ પૂરો, એ કર્મ વિદારણ તપ શૂરો;
સિદ્ધચક્રને મનમંદિર થાપો, નર્યવિમલેસર વર આપો. ૪

૩

પ્રહ ઉઠી વંદુ, સિદ્ધચક્ર સદાય,
જપીએ નવપદનો, જાપ સદા સુખદાય;
વિધિપૂર્વક એ તપ, જે કરે થઇ ઉજમાલ,
તે સવિ સુખ પામે, જિમ મયણા શ્રીપાળ. ૧
માલવપતિ પુત્રી, મયણા અતિ ગુણવંત;
તસ કર્મ સંયોગે, કોઢી મળીયો કંત,
ગુરૂવચણે તેણે, આરાધ્યું તપ એહ.
સુખ સંપદ વરિયા, તરિયા ભવજલ તેહ. ૨

આંબિલને ઉપવાસ, છઠ્ઠ વલી અટ્ઠમ,
દશ અઠ્ઠાઇ પંદર, માસ છ માસી વિશેષ;
ઇત્યાદિક તપ બહુ, સહુમાંહિ શિરદાર,
જે ભવિયણ કરશે, તે તરશે સંસાર. ૩

તપ સાંનિધ્ય કરશે, શ્રી વિમલેશ્વર યક્ષ,
સહુ સંઘનાં સંકટ, ચૂરે થઇ પ્રત્યક્ષ;
પુંડરીક ગણધાર, કનકવિજય બુધ શિષ્ય,
બુધ દર્શનવિજય કહે, પહોંચે સકલ જગીશ. ૪

૪

વીર જિનેશ્વર અતિ અલવેસર, ગૌતમ ગુણના દરિયાજી,
એક દિન આણા વીરની લઈને, રાજગ્રહી સંચરીયાજી;
શ્રેણિક રાજા વંદન આવ્યા, ઉલટ મનમાં આણીજી,
પર્ષદા આગલ બાર બિરાજે, હવે સુણો ભવી પ્રાણીજી. ૧

માનવ ભવ તુમે પુન્યે પામ્યા, શ્રીસિદ્ધચક્ર આરાધોજી,
અરિહંત સિદ્ધ સૂરિઉવજઝાયા, સાધુ દેખી ગુણ વાધોજી;
દરિસણ નાણ ચારિત્ર તપ કીજે, નવપદ ધ્યાન ધરીજેજી,
ધુર આસોથી કરવા આંબિલ, સુખ સંપદા પામીજે જી. ૨

શ્રેણિકરાય ગૌતમને પૂછે, સ્વામી ! એ તપ કોણે કીધોજી,
નવ આંબિલ તપ વિધિશું કરતાં, વંછીત સુખ કોણે લીધોજી;
મધુરી ધ્વની ભાખ્યા શ્રી ગૌતમ, સાંભળો શ્રેણીકરાય વયણજી,
રોગ ગયો ને સંપદા પામ્યા, શ્રી શ્રીપાળ ને મયણજી. ૩

ઝમઝુમ કરતી પાયે નેઉર, દીસે દેવી કૃપાલીજી,
નામ ચક્રેસરી ને સિદ્ધાઇ, આદિ જિનવર રખવાલીજી;

વિઘ્ન કોડ હરે સહુ સંઘનાં, જે સેવે એના પાયજી,
ભાણુવિજય કવિ સેવકનય કહે, સંનિધ કરજો માયજી. ૪

૫

સિદ્ધચક્ર સેવો સુવિચાર, આણી હૈડે હર્ષ અપાર,
જેમ લહો સુખ શ્રીકાર;

મન શુદ્ધે નવ ઓળી કીજે, અહોનિશ નવપદ ધ્યાન ધરીજે,
જિનવર પૂજા કીજે;

પરિક્રમણા દોય ટંકના કીજે, આઠે થોયે દેવ વાંદીજે,
ભૂમિસંથારો કીજે;

મૃષાતણો કીજે પરિહાર, અંબે શીલ ધારીજે સાર,
દીજે દાન અપાર. ૧

અરિહંત સિદ્ધ આચાર્ય નમીજે, વાચક સર્વ સાધુવંદીજે,
દર્શન જ્ઞાન થુણીજે;

ચારિત્ર તપનું ધ્યાન ધરીજે, અહોનીશ નવપદ ગુણણું ગણીજે,
નવ આંબિલ પણ કીજે;

નિશ્ચય રાખીને મન ઇશ, જપો પદ એક એક ને ઈશ,
નવકારવાળી વીશ;

છેલ્લે આયંબીલે પણ કીજે, સત્તર ભેદી જિનપૂજા રચીજે,
માનવ ભવ ફલ લીજે. ૨

ચાતશે કુષ્ટિના એ રોગ, નાઠા ન્હવણ લઈ સંયોગ,
દૂર હુઆ કર્મના ભોગ;

કુષ્ટ અઢારે દૂર જાય, દુઃખ દારિદ્ર સવિ દૂર પલાય,
મનવાંછિત ફલ થાય;

નિર્ધનીયાને દિએ બહુ ધન, અપુત્રીયાને પુત્ર રતન,
જો સેવે શુદ્ધ મન;
નવકાર સમો નહિ કોઈ મંત્ર, સિદ્ધચક્ર સમો નહિકોઈ યંત્ર,
સેવો ભવિયણ એકાંત. ૩

જે સેવ્યો મયણા શ્રીપાલ, ઉંબર રોગ ગયો તત્કાળ,
પામ્યા મંગળમાળ,
શ્રીપાલતણી પરે જે આરાધે, તસ ઘેર દીન દીન દોલત વાધે,
અંતે શિવસુખ સાધે;
વિમલેશ્વર જક્ષ સેવા સારે, આપદા કષ્ટ સવિઘ્નર નિવારે,
દોલત લક્ષ્મી વધારે;
મેઘવિજય કવિરાયનો શિષ્ય, હર્ષ્ડે ભાવ ધરી જગીશ;
વિનયવિજય નિશદિશ. ૪

શ્રી સિદ્ધચક્ર-નવપદની સજઝાયો.

૧

શ્રી મુનિચંદ્ર મુનીશ્વર વંદીએ, ગુણવંતા ગણધાર સુજ્ઞાની;
દેશના સરસ સુધારસ વરસતા,
જિમ પુષ્કર જળધાર સુ૦ શ્રી૦ ૧
અતિશય જ્ઞાની પર ઉપકારીઆ, સંયમ શુદ્ધ આચાર; સુ૦
શ્રી શ્રીપાળ ભણી જાપ આપીએ,
કરી સિદ્ધચક્ર ઉદ્ધાર. સુ૦ શ્રી૦ ૨
આંબિલ તપ વિધિ શીખી આરાધીયે, પડિક્કમણાં દોયવાર; સુ૦
અરિહંતાદિક પદ એક એકનું, ગુણણું દોય હજાર. સુ૦ શ્રી૦ ૩
પડિલેહણ દોય ટંકની આદરે, જિન પૂજા ત્રણ કાળ; સુજ્ઞાની
બ્રહ્મચારી વળી ભોંય સંથારે, વચન ન આળ પંપાળ. સુ૦ શ્રી૦ ૪

મન એકાગ્ર કરી આંબિલ કરે, આસો ચૈતર માસ; સુ૦
શુદી સાતમથી નવાહ્નિક કીજીએ, પૂનમે ઓચ્છવ ખાસ. સુ૦ શ્રી૦ ૫
એમ નવ ઓળી એકાશી આંબિલે, પૂરી પૂરણ હર્ષ; સુ૦
ઉજમણું પણ ઉદ્યમથી કરે, સાડાચારે રે વર્ષ. સુ૦ શ્રી૦ ૬
એ આરાધનથી સુખસંપદા, જગમાં કીર્તિ રે થાય; સુ૦
રોગ ઉપદ્રવ નાસે એહથી, આપદા દૂરે પલાય. સુ૦ શ્રી૦ ૭
સંપદા વાધે અતિ સોહામણી, આણા હોય અખંડ; સુ૦
મંત્ર જંત્ર તંત્ર સોહતો, મહિમા જાસ પ્રચંડ. સુ૦ શ્રી૦ ૮
ચક્રેશ્વરી જેહની સેવા કરે, વિમલેશ્વર વળી દેવ; સુ૦
મન અભિલાષ પૂરે સવિતેહના, જે કરે નવપદ સેવ. સુ૦ શ્રી૦ ૯
શ્રીપાળે તેણી પેરે આરાધીઓ, દૂર ગયો તસ રોગ; સુ૦
રાજ ઋદ્ધિ દિનદિન પ્રત્યેવાધતો, મનવંછિત લહ્યો ભોગ. સુ૦ શ્રી. ૧૦
અનુક્રમે નવમે ભવ સિદ્ધિ વર્યા, સિદ્ધચક્ર સુપસાય; સુ૦
એણીપરે જે નિત્યનિત્ય આરાધશે, તસ જસવાદ ગવાય, સુ૦ શ્રી. ૧૧
સંસારીક સુખ વિલસી અનુક્રમે, કરીએ કર્મનો અંત; સુ૦
ઘાતિ અઘાતિ ક્ષય કરી ભોગવો,
શાશ્વત સુખ અનંત. સુ૦શ્રી૦ ૧૨
એમ ઉત્તમ ગુરૂ વયણ સુણીકરી, પાવન હુઆ બહુ જીવ; સુ૦
પદ્મવિજય કહે એ સુરતરૂસમો, આપે સુખ સદૈવ. સુ૦ શ્રી૦ ૧૩

૨

નવપદ મહિમા સાર, સાંભળજો નર નાર;
આછેલાલ, હેત ધરી આરાધિયેજી,
તો પામો ભવપાર, પુત્ર કલત્ર પરિવાર,
આછેલાલ, નવપદ મંત્ર આરાધિયેજી. એ આંકણી. ૧

આસો માસ સુવિચાર, નવ આંબિલ નિરધાર,
આછે લાલ, વિધિશું જિનવર પૂજિયેજી;
અરિહંત પદ સાર, ગુણણું તેર હજાર,
આછે લાલ, નવ પદનું એમ કીજીએજી. ૨
ભયણાસુંદરી શ્રીપાલ, આરાધ્યો તત્કાળ,
આછેલાલ, ફલદાયક તેહને થયોજી;
કંચનવરણી કાય, દેહડી તેહથી થાય,
આછેલાલ, શ્રી સિદ્ધચક્ર મહિમા કહ્યોજી. ૩
સાંભળી સહુ નરનાર, આરાધો નવકાર,
આછેલાલ, હેત ધરી હૈડે ઘણુંજી;
ચૈત્ર માસે વળી એહ, નવપદશું ધરો નેહ,
આછે લાલ, પૂજે દે શિવસુખ ઘણુંજી. ૪
ઇણિપરે ગૌતમસ્વામ, નવ નિધિ જેહને નામ,
આછે લાલ, નવપદ મહિમા વખાણિયોજી;
ઉત્તમસાગર શિષ્ય, પ્રણમે તે નિશદિશ,
આછે લાલ, નવપદ મહિમા જાણિયોજી. ૫

૩

પ્રભુ તુજ શાસન અતિ ભલું, તેમાં ભલું તપ એહરે;
સમતા ભાવે સેવતા, જલ્દિ લહે શિવગેહરે. પ્રભુ૦ ૧
ખટરસ તજી ભોજન કરે, વિગય કરે ખટ દૂર રે;
ખટપટ સઘળી પરિહરી, કર્મ કરે ચકચુર રે. પ્રભુ૦ ૨
પડિક્કમણા ટોય ટંકનાં, પૌષધ વૃત ઉપવાસ રે;
નિયમ ચિંતારે સર્વદા, જ્ઞાન ધ્યાન સુવિલાસ રે. પ્રભુ૦ ૩

દેહને દુઃખ દેવાથકી, મહાફળ પ્રભુ ભાખે રે;
અઠ્ઠાધારા વ્રતએ સહિ, આગમ અંતગડ સાખેરે. પ્રભુ૦ ૪
બાર વર્ષ સાધિક હોવે, એ તપનું પરિમાણ રે;
દેહનાં દંડ દૂરે કરે, તપ ચિંતામણિ જાણુરે; પ્રભુ૦ ૫
સુલભ બોધી જીવને, એ તપ ઉદયે આવેરે;
શાસન સુર સાંનિધ્ય કરે, ધર્મરત્ન પદ પાવે રે. પ્રભુ૦ ૬

૪

પ્રીતમસેં તી વીનવે, પ્રમદા ગુણની ખાંણ; મેરે લાલ,
અવસર આવ્યો સાહિબા, કરશું તપ વર્ધમાન. મેરે લાલ;
આંબિલ તપ મહિમા. સુણો૦ ૧
બહોત ગઈ થોડી રહી, કીધા બહુલા સ્વાદ; મેરેલાલ.
પિંડ પોષિયો લાલચે, હવે છોડો ઉન્માદ મેરેલાલ આંબિલ૦ ૨
સાડી ત્રણ ક્રોડ રોમ છે, પોષ્યા બે બે રોગ; મેરે લાલ;
દેહના દંડ છે એટલા, દૂર કરો સબ રોગ. મેરેલાલ આંબિલ૦ ૩
ષટ કોટિની ઉપરે, સાડાબાર લાખ પરમાણુ; મેરે લાલ;
આંબિલ તીવ્ર હુતાશને, કાયા કંચનવાન. મેરેલાલ. આંબિલ૦ ૪
સવાસૌ વર્ષો લગે, એકાધિક શત માન; મેરેલાલ.
અઠ્ઠાધારા વ્રત પાલશું, ધરશું જિનવર આણ. મેરેલાલ આંબિલ૦ ૫
નાણ મંડાવી ભાવશું, સાહમી સામણ સાથ; મેરેલાલ.
ઉજમણાં કરવાં ભલાં, પૂજશું ત્રિભુવન નાથ. મેરેલાલ આંબિલ૦ ૬
નિયાણાં કરવા નહિ, સમતા ભાવ ઉદાર; મેરે લાલ.
ધર્મરત્ન આરાધવા, અમૃત ક્રિયા વિચાર. મેરે લાલ. આંબિલ૦ ૭

૫

જિમજિમ એ તપ કીજીએરે, તિમતિમ પાપ પલાય; સલુણા;
આલસ તજી ઉદ્યમ કરેરે, ઉપાદાન શુદ્ધ થાય. સલુણા.
વર્ધમાન તપ કીજીએરે, લીજીએ નરભવ લાભ. સલુણા. ૧

એકેકું વધતાં થકાંરે, સો આંબિલ સમુદાય; સલુણા.
સો ઉપવાસ સંખ્યા થશેરે, પાતક દૂર પલાય સલુણા. વ૦ ૨

ચૌદ વર્ષ ત્રણ માસનેરે, વીશ દિવસ હિતકાર; સલુણા-
પાંચ હજાર પચાસ છેરે, સર્વ દિવસ તપ ધાર. સલુણા. વ૦૩

નમો તવસ્સ પદ જાપનીરે, દોય હજાર પ્રમાણ; સલુણા.
બાર લોગસ્સ કાઉસ્સગ્ગ કરોરે,યથાશક્તિ અનુમાન. સલુણા.વ૦૪

વિધિપૂર્વક આરાધવારે, ઉજમણો ફળ જોય; સલુણા;
સુલભ બોધી જીવને રે, ધર્મરત્ન શિવ હોય. સલુણા વ૦ ૫

૬

સરસ્વતી માતા મયા કરો, આપો વચન વિલાસો રે;
મયણાસુંદરી સતી ગાયશું, આણી હીયડે ભાવો રે. ૧
નવપદ મહીમા સાંભળો, મનમાં ધરી ઉલ્લાસો રે;
મયણાસુંદરી શ્રીપાલને, ફલીયો ધર્મ ઉદારોરે. ન૦ ૨
માલવ દેશ માંહી વલી, ઉજ્જેણી નયરી જામો રે;
રાજ્ય કરે તિહાં રાજીઓ, પુહવી પાલ નરિંદોરે. ન૦ ૩
રાય તણી મન મોહની, ધરણી અનોપમ હોય રે;
તાસુ કુખે સુતા અવતરી, સુરસુંદરી મયણા જોડરે. ન૦ ૪
સુરસુંદરી પંડિત કને, શાસ્ત્ર ભણી મિથ્યાતોરે;
મયણાસુંદરી સિદ્ધાંતનો, અર્થ લીયો સુવિચારો રે. ન૦ ૫

રાય કરે પુત્રી પ્રત્યે, હું તુઠો તુંમ જેહો રે;
વંછીત વર માગો તહા, આપુ અનોપમ જેહોરે. ન૦ ૬
સુરસુંદરીએ વરમાગીઓ, પરણાવી શુભ ઠામોરે;
મયણાસુંદરી વયણાં કહે, કર્મ કરે તે હોય રે. ન૦ ૭
કરમે તુમારે આવીયો, વર વરો જોટી જોહોરે;
તાત આદેશે કરગ્રહો, વરીયો કુષ્ટી તેહોરે. ન૦ ૮
આંબિલનો તપ આદરી, કોઢ અઢારનો કાલોરે;
સદ્‌ગુરૂ આજ્ઞા શિરધરી, હુઓ રાય શ્રીપાલો રે. ન૦ ૯
તપ પ્રસાદે સુખ સંપદા, પ્રત્યક્ષ સ્વર્ગ પહુંતોરે;
ઉપસર્ગ સવી દૂરે ટાળ્યા, પામ્યો સુખ અનંતો રે. ન૦ ૧૦
દેશ દેશાંતર ભમી કરી, આવ્યો તે વરસંતો રે;
નવ રાણી પામ્યા ભલી, રાજ્ય પામ્યો મનરંગો રે. ન૦ ૧૧
તપગચ્છ દિનકર ઉગીયો, શ્રી વિજય સેનસુરીંદો રે;
તાસ શિષ્ય વિમલ એમ વિનવે, સતીય નામે આણંદો રે. ન૦ ૧૨

શ્રી ધન્નાઅણુગારનો પંચ ઢાલિયાની સજ્ઝાય.

દોહા

કર્મરૂપ અરિ જીતવા, ધિર પુરૂષ મહાવીર;
પ્રણમું તેહનાં પયકમળ, એક ચિત્ત સાહસધીર. ૧
ગુણ ધન્ના અણુગારના, કહેતાં મનને કોડ;
સાન્નિધ્ય કરજો શારદા, જાપે થાયે જોડ. ૨

ઢાલ ૧ લી.

કાકંદી નયરી કેરો, જિતશત્રુ રાય જાણેરો હો,
રાય જિનગુણ રાગી
ભુજબળે કરી અરિયણ જીપે, તેજે કરી દિયરણ દીપે હો. રા૦ ૧

તેહ નયરીમાંહે નિરાબાધ, વસે ભલા સારથવાહી હો;
સુંદર સોભાગી.
ઘર સોવન બત્રીસ કોડી, કોઇ ન કરે તેહની જોડી હો. સુ૦ ૨
તસુ સુત ધન્નો ઇણે નામે, અનુક્રમે જોવનવય પામે હો; સુ૦
એક લગને બત્રીશ સારી, પરણાવી માયે નારી હો. સુ૦ ૩
સોવનવરણી શશીવયણી, મૃગનયણી તે મનહરણી; સુ૦
લહિ વિલસે સુખ સંયોગ, દોગુંદકની પરે ભોગ હો. સુ૦ ૪
એહવે શ્રી જિન મહાવીર, વિચરંતા ગુણ ગંભીર હો.
જિનજી સોભાગી.
આવ્યા કાકંદીને ઉદ્યાને પહોંત્યા પ્રભુ નિરવદ્ય થાને હો. જિન૦ ૫
વનપાળકે વિનવ્યો રાય, પાઉ ધરયા જન સુખદાય હો. જિન૦
ત્રિણ્ય લોકતણા હિતકાર, ભવિજનને તારણહાર હો. જિન૦ ૬
પ્રીતિદાન હરખશું દેઇ, ચતુરંગી દળ સાથે લેઇ હો,
રાય જિનગુણ રાગી,
પંચ અભિગમને જિન વંદે, સુણે દેશના મન આણંદે હો. રા૦ ૭
પરિવારશું પાળે ધન્નો, આવ્યો વંદણ તે એક મન્નો હો.
સુંદર સોભાગી;
સુણી દેશના અમીય સમાણી, વૈરાગી થયો ગુણખાણી હો. સુ૦ ૮
ઘેર આવી અનુમતિ માગે, ધન્નો સંયમને રાગે હો,
કુમાર સોભાગી;
ધમ સુણીને મૂર્છા વશ, જાગી કહે ભદ્રા માઇ હો. કુ૦ ૯
તું જોવનવય સુકુમાળ વચ્છ, ભોગવ ભોગ રસાળ હો; કુ૦
અનુમતિ વચ્છ કોઈ ન દેશે, પાડોશી સંયમ લેશે હો. કુ૦ ૧૦

એહવે તિહાં ભત્રીશે આવી, ભામિની ભરી ભરી આંખે હો.
પિઉડા સોભાગી.
ગદ્ ગદ્ વચને કહે ગુણવંતી, આગળ ખોળા નાંખે હો. પિ૦ ૧૧
અબસો ગુનાહ અબળા તુમચી, પ્રિતમ પ્રાણાધાર હો. પિ૦
વિણ અપરાધે વાહલા એહવો, કાં દ્યો તાઢો માર હો. પિ૦ ૧૨
ભર જોવનમાં ભમતાં મુકો, ચ્છેહદો કુણ માટ હો. પિ૦
પદ્મિની ને પીડા ઉપાઈ, કોણે કહી મુગતિની વાટ હો. પિ૦ ૧૩
શાને પરણી પિયુ અમને, ચિહું લોક તણી મળી સાખો હો. પિ૦
જો છોડી છે તો પિયુ અમચો, તુમે અવગુણ કોઇક દાખો હો. પિ૦૧૪
પાલવ ઝાલી પ્રેમ વિશુદ્ધિ, ગોરી કહે ગુણ ગેહ હો. પિ૦
ઉંડો જાણીને આદરિયો, છીલર થઈને દિયો છેહ હો. પિ૦ ૧૫

ઢાળ બીજી

કહે ધન્નો કામિની પ્રતે, કાજ ન આવે કોય રે;
પરભવ જાતાં જીવને, મેં વાતવિચારી જોય રે, કહે૦ એઆંકણી. ૧
માત પિતા બંધવ સહુ, પુત્ર કલત્ર પરિવારો રે;
સ્વારથનાં સહુકો સગાં, મળીયાં છે સંસારો રે. કહે૦ ૨
નારી નરકની દીવડી, દુર્ગતિનો દાતારો રે;
વીરે વખાણી વખાણમાં, મેં આજ સુણ્યો અધિકારો રે. કહે૦ ૩
તિણે રતિ એ ઘરવાસમાં, હું રહેતો નથી નથી સહંતો રે;
સુખ પામીશ સંયમ થકી, અરિહંતની આણા વહંતો રે. કહે૦ ૪
માતાને માનની હવે, વડ વૈરાગી જાણે રે;
અનુમતિ આપે દીક્ષા તણી, પ્રિતિ ન હોય પરાણે રે. કહે૦ ૫

ઢાળ ત્રીજી

ગઇ ભદ્રા લેઇ ભેટણું, નૃપ જિતશત્રુ પાસ;
નરપતિને પ્રણમી કહે, અવધારો અરદાસો રે, વૈરાગી થયો.
એ આંકણી, ૧
મ્હારો નાનડીયો સુકુમાળ, વીર વચન સુણી,
ચારિત્ર લે ઉજમાળો રે. વૈ૦ ૨
તિણે પ્રભુ તુમને વિનવું, કરવા ઓચ્છવ કાજ;
છત્ર ચામર દિયો રાઉલા, વળિ નોબતનો સાજો રે. વૈ૦ ૩
તે નિસુણી રાજા કહે, સુણો ભદ્રા સસનેહ;
ઓચ્છવ ધન્નાનો અમે, કરશું દીક્ષાનો એહો રે. વૈ૦ ૪
જિતશત્રુ રાજા હવે, આપ થઇ અસ્વાર;
ભદ્રાને ઘેર આવીયો, જિહાં છે ધન્નકુમારો રે. વૈ૦ ૫
ધન્નાને નવરાવિને, પહિરાવી શિણગાર;
સહસવાહન સુખપાળમાં, બેસાર્યો તેણિવારો રે. વૈ૦ ૬
છત્ર ધરી ચામર કરી, વાજાં વિવિધ પ્રકાર;
આડંબરથી આણીયો, જિન કને વનહ મઝારો રે. વૈ૦ ૭
તિહાં સિબિકાથી ઉતરી, પ્રભુ ઇશાને આઇ,
આભરણો દેઈ માતને, લોચ કરે ચિત્ત લાઇ રે. વૈ૦ ૮
વાંદી ભદ્રા વીરને, કહો કરૂણાવંત
દિઉ હું ભિક્ષા શિષ્યની, વોહરો ત્રિભુવન કંતો રે. વૈ૦ ૯
શ્રીમુખ શ્રીમુખ શ્રી જિનવીરજી, પંચમહાવ્રત દેવ;
ધન્નાને ત્રિભુવન ધણી, ઉચ્ચરાવે તતખેવો રે. વૈ૦ ૧૦
પંચમહાવ્રત ઉચ્ચરી, કહે ધન્નો અણગાર;
આજથકી કલ્પે હવે, સુણો પ્રભુ જગદાધારો રે. વૈ૦ ૧૧

છઠ તપ આંબિલ પારણે, કરવો જાવજ્જીવ;
ઇણ માંહે ઓછો નહી, એ તપ કરવો સદીવો રે. વૈ૦ ૧૨
ભદ્રા વાંદીને વળ્યાં, કરત વીર વિહાર;
નગરી રાજગૃહી અન્યદા, પહોંત્યા બહુ પરિવારો રે. વૈ૦ ૧૩
ભાવસહિત ભક્તિ કરી, શ્રી શ્રેણિક ભૂપાલ;
વાંદીને શ્રી વીરને, પૂછે પ્રશ્ન રસાળો રે. વૈ૦ ૧૪
ચૌદસહસ અણગારમાં, કુણ ચઢતે પરિણામ;
કહો પ્રભુજી કરૂણા કરી, નિરૂપમ તેહનું નામો રે. વૈ૦ ૧૫

ઢાળ ૪ થી

શ્રેણિક સુણ સહસ ચૌદમાં, ગુણવંતો હો ગુરૂઓ છે જેહ કે;
ચારિત્રિયો ચઢતે ગુણે, તપે બળિયો હો તપસીમાંહી એહ કે;
તે મુનિવર જગ વંદીએ. ૧ એ આંકણી.
એક ધન્યજ હો ધન્યનો અણગાર કે, કાયા તે કીધો કોહ્યલો.
બળ્યો ભાવળ હો જાણે દીધો છાર કે. તે૦ ૨
છઠ તપ આંબિલ પારણે, લીએ અરસ હો વિરસ તિમ આહાર કે;
માખી ન વંછે તેહવો, દીયે આણીહો દેહને આધાર કે. તે૦ ૩
વેલોથી નિલું તુંબડું, તોડીને હો તડકે ધર્યું જેમ કે;
સૂકવી લીલરિયો વળી, તે ઋષિનું હો માથું થયું. તેમ કે. તે૦ ૪
આંખો બે ઉંડી તગ તગે, તારા તલી હો પરે દીસે તાસ કે,
હોઠ બે સુકા અતિ ઘણા, જીભ સુકી હો વાનડલું પલાસ કે. તે૦ ૫
જુજુઈ દીસે આંગુળી, કોણી બે હો નિસરયાં તિહાં હાડ કે;
જંઘા બે સુકી કાગની, દીસે જાણે હો જીરણ તાડ કે. તે૦ ૬
આંગુળી પગની હાથની, દીસે સૂકી હો જીમ મગની શિંગકે;
ગાંઠા ગણાએ જુજુઆ, તપસીમાંહી હોધોરી એહ દિંગ કે. તે૦ ૭

ગોચરીવાટે ખડખડે, હીંડંતા હો જેહનાં દીસે હાડકે;
ઉંટનાં પગલાં સારિખાં, દોઇ આસન હો બેઠાં થઈ ખાડ કે. તે૦ ૮
પીંડી સૂકી પગતણી, થઈ જાણે હો ધમણ સરિખી ચામકે,
ચાલે તે જીવતણે બળે, પણ કાયની હો જેહને નથી હામ કે. તે૦ ૯
પરિહરી માયા કાયની, સોસવાને હો રૂધિરને માંસ કે;
અનુત્તરોવવાઇય સૂત્રમાં, કરી વીરે હો ઋષિની પરસંશ કે. તે૦ ૧૦
ગુણ સુણી શ્રી અણગારના, દેખવાને હો જાય શ્રેણિક રાયકે;
હીંડે તે વનમાં શોધતો, ઋષિ ઉસો હો નવિ ઓળખાય કે. તે૦ ૧૧
જોતાં રે જોતાં ઓળખ્યો, જઈ વંદે હો મુનિનાં પય ભૂપ કે;
જેહવું વીરે વખાણીયું, દીઠું તેહવું હો તપસીનું રૂપકે. તે૦ ૧૨
વાંદી સ્તવી રાજા વળ્યો, ઋષિ કીધો હો, અણસણ તિહાં હેવકે;
વૈભારગિરિ એક માસનો, પાળીને હો ચવી ઉપન્યો દેવકે. તે૦ ૧૩

ઢાળ ૫ મી

ધન ધન ધન્નો ઋષિસર તપસી, ગુણતણો ભંડારજી;
નામ લિયંતાં પાપ પણાસે, લહીએ ભવનો પારજી. ૧ એ આંકણી
તપીયાને જવ અણસણ સિધ્યું, ભંડો પગરણને લેઈજી;
સાધુ આવીને જિનજીને વંદે, ત્રિણ્ય પ્રદક્ષણા દેઈજી. ધન૦ ૨
પ્રભુજી શિષ્ય તુમારો તપસી, જે ધન્નો અણગારજી;
હમણાં કાળ કીયો તિણ મુનિવરે, અમે આવ્યા ઇણવારજી. ધન૦ ૩
સાંભળી વૃદ્ધ વજર પ્રભુના, શ્રીગૌતમ ગણધારજી;
પૂછે પ્રશ્ન પ્રભુને વાંદી, કરજોડી તિણિવારજી. ધન૦ ૪
કહો પ્રભુજી ધન્નો ઋષિ તપસી, તે ચારિત્ર નવ માસ જી;
પાળીને તે કિણગતે પહોંત્યો, તે પ્રકાસો ઉલ્લાસજી. ધન૦ ૫

સુણુ ગોયમ શ્રી વીર પયંપે, જિહાં ગતિ સ્થિતિ શ્રીકારજી;
સર્વારથસિદ્ધ નામ વિમાને, પામ્યો સુર અવતારજી ધન૦ ૬
આયુ સાગર તેત્રીશનું પાળી, ચવિ વિદેહ ઉપજશેજી;
આર્ય કુળ અવતરીને કેવળ, પામી સિદ્ધિ નિપજશેજી. ધન૦ ૭
એહવા સાધુતણા પય વંદી, કરીએ જન્મ પ્રમાણુજી;
જીભા સફલ હોવે ગુણ ગાતાં, પામોજે કલ્યાણુજી. ધન૦ ૮
રહી ચોમાસું સત્તર એકવિશે, ખંભાત ગામ મઝારજી,
શ્રાવણ વદિ તિથિ બીજ તણે દિન, ભૃગુનંદન ભલ વારજી. ધન૦ ૯
મુજ ગુરુશ્રી મુનિ માણેક સાગર, પામી તાસ પસાયજી;
ધર્મ અણુગાર ધન્નાના હરખે, જ્ઞાનસાગર ગુણ ગાયજી. ધન૦ ૧૦

અખાત્રીજ વરસીતપના પારણાનાં સ્તવનો.

૧

દેખો માઇ આજ ઋષભ ઘર આવે.
રૂપ મનોહર જગદાનંદન,
સબહી કે મન ભાવે. દેખો માઇ૦ ૧
કેઇ મુક્તાફળ થાળ વિશાળા,
કેઇ મણિ માણિક ભાવે. દેખો માઇ૦ ૨
હય ગય રથ પાયક બહુ કન્યા,
પ્રભુજીકું વેગે વધાવે. દેખો માઇ૦ ૩
શ્રી શ્રેયાંસ કુમાર દાનેશ્વર,
ઇક્ષુ રસ વહોરાવે. દેખો માઇ૦ ૪
ઉત્તમ દાન દીયે અમૃત ફળ,
સાધુ કીર્ત્તિ ગુણ ગાવે. દેખો માઇ૦ ૫

૨

પસારી કર દીજે, ઇક્ષુરસ ભગવાન;
ચઢત શિખા શ્રેયાંસ કુમરકો, માનું નિરમલ ધ્યાન. ૫૦ ૧
મેં પુરૂષોત્તમ કરકી ગંગા, તું તો ચરન નિદાન;
ઇત ગંગા અંબર તરજનકું, માનું ચલ્લી અસમાન. ૫૦ ૨
કીધો વિધુ-બિંબ સુધા શું ચાહત, આપ મધુરતા માન;
કીધો દાયકકો પુણ્ય પરંપર, દાખત સરગ વિમાન. ૫૦ ૩
પ્રભુકરેં ઇક્ષુરસ દેખી કરત હે, ઐસી ઉપમા જાન;
જસ કહેચિત્ત વિત્તપાત્ર મિલાવે, યું ભવિકું જિન ભાન. ૫૦ ૪

૩

શ્રી રિખવ વરસોપવાસી, પૂરવની પ્રીત પ્રકાશી;
શ્રેયાંસ બોલે શાબાશી, બાબાજી વિનંતિ અવધારો;
મારે મંદિરીએ પાઉ ધારો. બાબા૦ ૧
શેલડી રસ સુજતો જોરો, નાથજી ન કરાવો ન્હોરો;
દારસણ ફલ આપો દોરો. બાબા૦ ૨
પ્રભુએ તવ માંડી પસલી, આહાર લેવાની ગતિ અસલી;
પ્રગટી નવ દુર્ગતિ વસલી. બાબા૦ ૩
અજુવાલી ત્રીજ વૈશાખી, પંચ દિવ્ય થતાં સુર શાખી,
એતો દાન તણી ગતિ દાખી; ૪
એમ યુગાદિ પર્વ જાણો, અખાત્રીજ નામે વખાણો;
સહુ કોઈ કરે ગલમાણો. બાબા૦ ૫
સહસ વરસે કેવળ પાયો, એકલાખ પૂરવ અર આયો;
પછી પરમ મહોદય પાયો. બાબા૦ ૬

એમ ઉદયવંદે ઉવજઝાયા, પૂજોજી તુમે રિખવના પાયા;
જેણે આદિધર્મ ઉપાયા. આમા૦ ૭

શ્રી રોહીણી તપનું ચૈત્યવંદન.

૧

વાસુપૂજ્ય જિન વંદીએ, જગદીપક જિનરાજ;
રોહિણી તપ ફળ વર્ણવું, ભવજળ તારણ જહાજ. ૧
શુદિ વૈશાખે રોહિણી, ત્રીજ તણે દિન જાણ;
શ્રી આદીશ્વર જિનવર, વર્ષી પારણે જાણ. ૨
રોહિણી નક્ષત્રને દિને, ચઉવિહાર ઉપવાસ;
પોસહ પડિક્કમણું કરી, તોડો કર્મનો પાસ. ૩
તે દિનથી તપ માંડીએ, સાત વર્ષ લગ સીમ;
સાત માસ ઉપર વળી, ધરીએ એહિજ નીમ. ૪
જીમ રોહિણી કુંવરી અને, અશોક નામે ભૂપાલ;
એ તપ પૂરણ ધ્યાઇએ, પામ્યા સુરગતિ શાળ. ૫
તિમ ભવિજન તપ કીજીએ, શાસ્ત્ર તણે અનુસાર;
જન્મમરણના ભયટળી, ટાળે એ તપ સાર. ૬
તપપૂરણ તેહજ સમે, કરો ઉજમણું સાર;
યથાશક્તિ હોયે જેહની, તિમ કરીએ ધરી પ્યાર. ૭
વાસુપૂજ્ય જિનબિંબની, પૂજા કરો ત્રણ કાળ;
દેવ વંદો વળી ભાવશું, સ્વસ્તિક પર્ય વિશાળ. ૮
એ તપ જે નહી આદરે, પહોંચે મનની કોડ;
મન વંછિત ફળે તેહના, હંસ કહે. કરજોડ. ૯

શ્રી રોહિણી તપનું સ્તવન.

ઢાળ ૧ લી

શાસનદેવતા સ્વામિની, મુજ સાંનિધ્ય કીજે,
ભુલ્યો અક્ષર તુરત ભણી સમજાઈ દીજે;
મોટો તપ રોહિણીતણો એ, તેહના ગુણ ગાઉ,
જિમ સુખ સોહગ સંપદા, વાંછિત ફળ પાઉં. ૧

ક્ષિતિ ભરતે અંગ દેશ છે, તિહાં ચંપા નયરી,
મઘવા રાજા રાજ્ય કરે, તીણે જીત્યા વયરી;
પાટતણી રાણી રૂઅડીએ, લક્ષ્મી એણે નામે,
આઠ પુત્ર ભયા તિણ એ, મનમેં સુખ પામે. ૨

રોહિણી નામે પુત્રીકાએ, સબકું સુખકારી,
આઠ પુત્રોની ઉપરે એ, તીણે લાગે પ્યારી;
વધે ચંદ્રતણી કળાએ, જેમ પક્ષ અજવાળે,
તેમ તે કુંવરી ધાય માય, પાંચે પ્રતિપાળે, ૩

કુંવરી રૂપે રૂઅડી એ, ઘર આગળ બેઠી,
દીઠી રાજાએ ખેલતી એ, તીણે ચિંતા ચેઠી;
ત્રણ ભુવન વિષે એહવી એ, નહીં બીજી નારી,
રંભા, પદ્મા, ગૌરી ગંજ, હણ આગળ હારો. ૪

પુરૂષ ન દીસે કોઇ હસોએ, જિણને વરણાવું,
આંબો આગળ શલ્ય વધે, તીણે સુખ ન પાવું;
દેશ દેશના રાજવીએ, તત્ક્ષણ તેડાવ્યા,
સળળ સજાઈ સાથ કરી, નરપતિ પણ આવ્યા. ૫

વીતશોક રાજતણો એ, કુમર સૌભાગી,

કન્યા કેરી આંખડીએ, તીણુ શીતળ લાગી;
ઉભા દેખે સકળ લોક, કેહ ચઢીઆ વાળા,
ચિત્રસેનને કંઠે કવી, કુંવરીએ વરમાળા. ૬

દેવ અને દેવાંગનાએ, જંપે જય જયકાર,
રાજા રળીયાઈત થયેા, દેખે સારેા સંસાર;
કર જોડીને લેાક કહે, વર કન્યાનેા જોડેા,
વીતશેાકનેા કુંવર થયેા, શિર ઉપર લાડેા. ૭

ધમ વિવાહ થયેા ભલેાએ, દીધાં દાન અપાર
ઘરે આવ્યેા પરણી કરી, હરખ્યેા પરિવાર;
વીતશેાક રાજા પુત્ર ભણી, આપ્યેા રાટ દીધેા,
આપણે સંજમ આદરીએ, જગમેં જસ લીધેા. ૮

ઢાલ ૨ જી

(ઢાળ) તિણ નયરી રે, ચિત્રસેન રાજા થયેા,
સુખમાંહી રે, કેટલેાક કાળ વહી ગયેા;
એણે અવસર રે, આઠ પુત્ર હુઆ ભલા,
ચઢતે પક્ષે રે, ચંદ્ર જેસી ચઢતી કલા,
(ત્રુટક) ચઢતી કળા હવે રાય બેઠેા, પાસ બેઠી રેાહિણી,
સાતમી ભુમે કંત સેતી, કરે, ક્રીડા અતિ ઘણી,
આઠમેા બાળક બેાદ ઉપરે, રંગે શું રાણી ધાયેા,
પુત્ર ને પ્રિતમ આંખ આગળે, દેખતાં હરખે હીયેા. ૯
(ઢાળ) એક કામિની રે, ગેાખે ચઢી દૃષ્ટિ પડી,
તડફડતી રે, રેાવે રીસે બાપડી;
બુઢાપણે એ મનગમતેા બાળ મુએા,
હું તેા એકજ રે, તીણે અધિકેરેા દુઃખ હુએા.

(ત્રુટક) દુઃખ હુઓ તેને રોહણી હવે, કહે પ્રિતમજી ભણી,
એહ નારી નાચે અને કુદે, કીમ કહેા મોટા ધણી;
એહવેા નાટક આજ તાંઇ, મેં કદી દેખ્યેા નહી,
મુજને તમાસેા અને હાંસેા, દેખતાં આવે સહી. ૧૦

(ઢાળ) ઇણે વચને રે, રીસાણેા રાજા કહે,
તું પાપીણી રે, પરની પીડા નવી લહે;
એ દુખીણી રે, પુત્ર મુએા તડફડ કરે,
જળ વીતેરે, વેદન જાણે જે તરે;

(ત્રુટક) જાણે જે તરે તું વાત દુઃખની, ગર્વ ઘેરી કામિનિ,
એમ કહી રાજા હાથ ઝાલ્યેા, તેહના બાળક ભણી;
સાતમી ભુમીથી તળે નાંખ્યેા, તીસે હાહારવ થયેા,
રેાહીણી હસતી કહે પ્રીતમ, પુત્ર નીચે કેમ કીયેા. ૧૧

(ઢાળ) હવે રાજા રે, પુત્ર તણે શેાકે કરી,
થયેા મૂર્છિત રે, રેાવેછે આંખેા ભરી;
પડતેા સુત રે; શાસન દેવ તે જાણીએા,
કંચનમય રે, સિંહાસને બેસાડીએા;

(ત્રુટક) બેસાડીએા કરજોડી આગે, કરે નાટક દેવતા,
ગેાદ બીછાવે કાય હસાવે, પાદ પંકજ સેવતા;
ઉપજ્યેા ભુપતિને અચંભેા, દેખીને કારણ કીસેા,
જે કેાઈ જ્ઞાની ગુરૂ પધારે, પુછીએ સંશય હસેા. ૧૨

(ઢાળ) ધર્મ ચિંતવતાં રે, ચારિત્રીઆ આવ્યા ઇસે,
રાજા પણ રે, પહેાંચ્યેા વંદન તીસે;
સુણી દેશના રે, પુછે પ્રશ્ન સેાહામણેા,
કહેા સ્વામી રે, પૂરવ ભવ બાળક તણેા,

(ત્રુટક) બાળકતણો ભવ ભૂપ પૂછે, કહે એણી પેરે કેવલી;
રોહિણી રાણીતણો ભવાંતર, અને રાજાનો વળી;
શ્રી સુગુરૂ ભાખે પાછલે ભવ, રોહિણી તપ આદર્યો,
તપતણી સંગતે સાથે ભગતે, તુમે ભવસાગર તર્યો. ૧૩

(ઢાળ) કહે રાજા રે, કિમ રોહિણી તપ કીજીએ,
વિધિ ભાખો રે, જિમ તુમ પાસે લીજીએ;
તવ મુનિવર રે, વિધિ રોહિણીના તપ તણી,
ઇમ જંપે રે, ચિત્રસેન રાજા ભણી,

(ત્રુટક) રાજા ભણી વિધિ એહ જંપે, ચંદ્ર રોહિણી આવીએ,
ઉપવાસ કીજે લાભ લીજે, ભલી ભાવના ભાવીએ;
બારમા જિનવરતણી પ્રતિમા, પૂજીએ મન રંગશું,
એમ સાત વરસ લગી કીજે, તજી આળસ અંગશું. ૧૪

ઢાળ ત્રીજી

તપ કરીએ રોહિણી તણો, વળી કરીએ હો ઉજમણો એમકે;
તપ કરતાં પાતક ટળે, તીણે કીજે હો તપસેતી પ્રેમકે, તપ૦ ૧૫
દેવજુહારી દેહરે, જિન આગે હો પૂજે વૃક્ષ અશોક કે,
ગુણણો બારમા જિનતણો, ભલા નૈવેદ્ય હો ધરીયે સહુ થોક કે.
તપ૦ ૧૬
કેશર ચંદન ચર્ચીએ, જિન આગે હો આઠે મંગલિક કે;
વિધિશું પુસ્તક પૂજીએ, તો લહિએ હો શિવપૂરહુ ઠીક કે. તપ૦ ૧૭
સેવા કીજે સાધુની, વળી દિજે હો મુખ માગ્યો દાન કે;
સંતોષીજે સાધર્મી વચ્છલ, મન રંગે હો કરી કરી પકવાન્ન કે. તપ૦૧૮

પાટી પોથી પુંજણી, મણી લેખણ હો ઝીલમીલિ સુજગીશકે;
નવકારવાળી વીંટણા, ગુરૂ આગે હો ધરે સત્તાવીશ કે. તપ૦ ૧૯
ચોથું વ્રત પણ તીણે દિને, ઇમ પાળે હો મન આણી વિવેક કે;
ઇણી વિધિ રોહિણી આદરે, તે પામે હો આનંદ અનેક કે. તપ૦ ૨૦

ઢાળ ૪ થી

ઇમ મહિમા રોહિણી તણો, શ્રી જ્ઞાની ગુરૂ પ્રકાશે રે;
ચિત્રસેન તપ આદરે, વાસુપૂજ્ય તીર્થંકર પાસે રે;
ઇમ મહિમા રોહિણી તણો. ૨૧
એણી પરે રોહિણી આદરી, ઉપરે ઉજમણો કીધો રે;
ચિત્રસેન રાજાને રોહિણી, મન શુદ્ધે સંજમ લીધો રે. ઇમ૦૨૨
આઠે પુત્રે આદરી, દીક્ષા બારમા જિન આગે રે;
વળી નાનાવિધ તપ આદરે,
જિનધર્મતણી મતિ જાગેરે. ઇમ૦ ૨૩
કરી અનશન આરાધના, લહી કેવળ શિવપદ પાયો રે;
જિનવાણી આણી હૈયે, પ્રભુ ચરણે ચિત્ત લાયો રે. ઇમ૦ ૨૪
મન મોહન મહિમાપતિ, સ્તવિયે શિવપુર ગામી રે;
મનમાન્યા સાહિબતણી, હવે પુણ્યે સેવા પામી રે. ઇમ૦ ૨૫

કળશ

ઇમ ગગન ઇંદુ મુનિચંદ(૧૭૧૦)વરસે,ચોથ શ્રાવણ શુદિ ભલી,
મેં કહ્યો રોહિણીતણો મહિમા, સુગુરૂ મુખે જીમ સાંભળી;
વાસુપૂજ્ય ઇમ થયા પ્રસન્ન અમને, ચિત્તની ચિંતા ટળી;
શ્રી સારજિન ગુણ ગાવતાં, હવે સકળ મન આશા ફળી. ૨૬

શ્રી રોહિણીતપની સ્તુતિ

જયકારી જિનવર, વાસુપૂજ્ય અરિહંત,
રોહિણી તપનો ફળ, ભાખે શ્રી ભગવંત;
નરનારી ભાવે, આરાધે તપ એહ,
સુખ સંપત્તિ લીલા, લક્ષ્મી પામે તેહ. ૧
ઋષભાદિક જિનવર, રોહિણી તપ સુવિચાર,
નિજ મુખે પ્રકાશે, બેઠી પર્ષદા બાર;
રોહિણી દિન કીજે, રોહિણીનો ઉપવાસ,
મન વંછિત લીલા, સુંદર ભોગ વિલાસ. ૨
આગમમાંહિ એહનો, બોલ્યો લાભ અનંત,
વિધિશું ઘરમારથ, સાધે સુદ્ધા સંત;
દિન દિન વળી અધિકો, વાધે અધિકો નૂર,
દુઃખ દોહગ તેહના, નાસી જાયે દૂર. ૩
મહિમા જગ મોટો, રોહિણી તપનો જાણ,
સૌભાગ્ય સદાયે, પામે ચતુર સુજાણ;
નિત્ય નિત્ય ઘેર, મહોત્સવ નવલા શણગાર,
જિન શાસન દેવી, લબ્ધિ ઋચિ જયકાર. ૪

શ્રી રોહિણીતપની સજ્ઝાય.

ભરત નુપ ભાવશું એ-રાગ

શ્રી વાસુપૂજ્ય જિણુંદનો એ મઘવા સુત મનોહાર.
જ્યો તપ રોહિણી એ, રોહિણી નામે તસ સુતા એ;
શ્રી દેવી માતા મલ્હાર, જ્યો તપ૦
કરે તસ ધન્ય અવતાર, જ્યો તપ રોહિણી એ. ૧

પદ્મ પ્રભુના વયણથી એ, દુર્ગંધી રાજકુમાર; જ૦
રોહિણી તપ કરતાં ભવે એ, સુજસ સુગંધ વિસ્તાર. જ૦ ૨
નરદેવ સુરપદ ભોગવીએ, તે થયો અશોક નરિંદ; જ૦
રોહિણી રાણી તેહની એ, દોયને તપ સુખકંદ, જ૦ ૩
દુરભિગંધા કામિની એ, ગુરૂઉપદેશ સુણંત; જ૦
રોહિણી તપ કરી દુઃખ હરીએ, રોહિણી ભવ સુખવંત. જ૦ ૪
પ્રથમ પારણા દિન ઋષભનો એ, રોહીણી નક્ષત્ર વાસા; જ૦
ત્રિવિધે કરી તપ ઉચ્ચરો એ, સાત વરસ સાત માસ. જ૦ ૫
કરો ઉજમણું પૂર્ણ તપે એ, અશોક તરૂ તળે ઠાય; જ૦
બિંબ રયણ વાસુપૂજ્યનું એ, અશોક રોહણી સમુદાય. જ૦ ૬
એકસો એક મોદક ભલાએ, રૂપા નાણું સમેત; જ૦
સાત સત્તાવીશ કીજીએ એ, વેશ સંઘ ભક્તિ હેત. જ૦ ૭
આઠ પુત્ર ચારે સુતા એ, રોગ સોગ નવિ દીઠ; જ૦
પ્રભુ હાથે સંજમ લહ્યો એ, દંપતી કેવળ દીઠ. જ૦ ૮
કાંતિ રોહિણીપતિ જીસીએ, રોહિણી સુત સમરૂપ;
એ તપ સુખસંપત્તિ દીએ એ, વિજયલક્ષ્મી સૂરિભૂપ. જ૦ ૯

શ્રી વીશસ્થાનક તપનાં ચૈત્યવંદનો.

૧

પહેલે પદ (૧) અરિહંત નમું, બીજે (૨)સર્વ સિદ્ધ;
ત્રીજે (૩) પ્રવચન મન ધરૂં, ચોથે (૪) આચાર્ય સિદ્ધ. ૧
નમો (૫) થેરાણું પાંચમે , (૬) પાઠક પદ છઠ્ઠે;
નમો લોએ (૭) સવ્વસાહૂણું, જે છે ગુણ ગરિઠ્ઠ. ૨
નમો (૮) નાણસ્સ આઠમે, (૯) દર્શન મન ભાવો;
વિનય (૧૦) કરો ગુણવંતનો, (૧૧) ચારિત્ર પદ ધ્યાવો. ૩

નમો (૧૨) બંભવય ધારિણું, તેરમે (૧૩) કિરિયા જાણું;
નમો (૧૪) તવસ્સ ચૌદમે, ૧૫ ગોયમ નમો (૧૬) જિણાણું.૪
૧૭ સંયમ (૧૮) જ્ઞાન, (૧૯) સુઅસ્સને જે, નમો
(૨૦) તિત્થસ્સ જાણું;
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં હોય સુખખાણી. ૫

૨

ચોવીશ પંદર પીસ્તાલીશનો, છત્રીશનો કરીએ;
દશ પચવીશ સત્તાવીશનો, કાઉસ્સગ્ગ મન ધરીએ. ૧
પાંચ સડસઠ દશ વળી, સિત્તેર નવ પણવીશ;
બાર અઠાવીશ લોગસ્સતણો, કાઉસ્સગ્ગ ધરો ગુણીશ. ૨
વીશ સત્તર ને એકાવન, દ્વાદશ ને પંચ;
એણીપરે કાઉસ્સગ્ગ જે કરે, તો જાએ ભવ સંચ. ૩
એણીપેરે કાઉસ્સગ્ગ મન ધરો, નવકારવાળી વીશ;
વીશસ્થાનક એમ જાણીએ, સંક્ષેપથી જગીશ. ૪
ભાવ ધરી મનમાં ઘણોએ, જો એક પદ આરાધે;
જિન ઉત્તમ પદ પદ્મને, નમી નિજ કારજ સાધે. ૫

શ્રી વીશસ્થાનક તપનું સ્તવન.

૧

હાંરે મારે પ્રણમું સરસ્વતી માતું વચન વિલાસને,
વીશ રે તપ સ્થાનક મહિમા ગાઇશું રે હોલ;
હાંરે મારે પ્રથમ અરિહંત પદ લોગસ્સ ચોવીશ જો,
બીજે રે સિદ્ધ સ્થાનક પંદર ભાવશું રે હોલ. ૧
હાંરે મારે ત્રીજે પવયણશું ગણો લોગસ્સ સાતજો,
ચોથે રે આયરિયાનું છત્રીશનો સહી રે હોલ;

હાંરે મારે શેરાણું પદ પાંચમે દશ લોગસ્સ ઉદ્ધાર જો,
છઠ્ઠેરે ઉવજ્ઝાયાણું પચવીશનો સહી રે લોલ. ૨
હાંરે સાતમે નમો લોએ સવ્વસાહૂણું સત્તાવીશ જો,
આઠમે નમો નાણસ્સ પંચે ભાવશું રે લોલ;
હાંરે નવમે દરિસણ સડસઠ મનને ઉદારજો,
દશમે નમો વિણયસ્સ દશ વખાણીએ રે લોલ. ૩
હાંરે અગિયારમે નમો ચારિત્તસ્સ લોગસ્સ સત્તરજો,
બારમે નમો બંભસ્સ નવ ગણો સહી રે લોલ;
હાંરે કિરિયાણું પદ તેરમે વળી ગણો પચવીશ જો,
ચૌદમે નમો તવસ્સ બાર ગણો સહી રે લોલ. ૪
હાંરે પંદરમે નમો ગોયમસ્સ અઠ્ઠાવીશ જો.
નમો જિણાણું ચઉવીશ ગણશું સોળમે રે લોલ;
હાંરે સત્તરમે નમો ચારિત્તસ્સ લોગસ્સ સિત્તેરજો,
નાણસ્સનો પદ ગણશું એકાવન અઢારમે રે લોલ. ૫
હાંરે ઓગણીશમે નમો સુઅસ્સ વીશ પીસ્તાળીશ જો,
વીશમે નમો તિત્થસ્સ વીશ પ્રભાવશું રે લોલ;
હાંરે એ તપનો મહિમા ચારસેં ઉપર વીશજો,
ષટ્માસે એક ઓળી પૂરી કીજીએ રે લોલ. ૬
હાંરે એ તપ કરતાં વળી ગણીએ દોય હજાર જો,
નવકારવાળો વીશે સ્થાનક ભાવશું રે લોલ;
હાંરે પ્રભાવના સંઘ સાહમીવત્સલ સાર જો,
ઉજમણાં વિધિ કીજે વિનય લાજીએ રે લોલ. ૭
હાંરે તપનો મહિમા કહે શ્રી વીર જિનરાય જો,
વિસ્તારે ધર્મ સંબંધ ગોયમસ્વામી રે લોલ;
હાંરે એ તપ કરતાં વળી તીર્થંકર પદ હોયજો,
દેવ ગુરૂ ધર્મ કાંતિ સ્તવન સોહામણો રે લોલ. ૮

શ્રી વીશસ્થાનક તપની સ્તુતિઓ.

૧

પૂછે ગૌતમ વીર જિણુંદા, સમવસરણ બેઠા શુભકંદા,
પૂજીત અમર સુરીંદા,
કેમ નિકાચે પદ જિનચંદા ? કિણ વિધ તપ કરતાં બહુ ફંદા?
ટળે દુરિત દંદા;
તો ભાખે પ્રભુજી ગતનિંદા, સુણ ગૌતમ વસુભૂતિ–નંદા,
નિર્મળ તપ અરવિંદા;
વીશસ્થાનક તપ કર મહંદા, જિમ તારક સમુદાયે ચંદા,
તિમ એ તપ સવિ ઈંદા. ૧
પ્રથમ પદ અરિહંત ભણી જે, બીજે સિદ્ધ પવયણ પદ ત્રીજે,
આચારજ થિર ઠવીજે;
ઉપાધ્યાય ને સાધુ ગ્રહીજે, નાણ દંસણ પદ વિનય વહીજે,
અગિયારમે ચારિત્ર લીજે;
બંભવયધારિણું ગણી જે, કિરિયાણું તવસ્સ કરીજે,
ગોયમ જિણાણું લહીજે;
ચારિત્ર નાણ સુઅસ્સ તિત્થસ્સ કીજે, ત્રીજે ભવ તપ કરત સુણીજે,
એ સવિ જિન તપ લીજે. ૨
આદિ નમો પદ સઘળે ઠવીશ, બાર પન્નર વળી બાર છત્રીશ,
દશ પણુવીશ સત્તવીશ;
પાંચ ને સહસઠ તેર ગણીશ, સિત્તેર નવ કિરિયા પચવીશ,
બાર અઠ્ઠાવીશ ચોવીશ;
સત્તર એકાવન પિસ્તાલીશ, પાંચ લોગસ્સ કાઉસ્સગ્ગ રહીશ,
નવકારવાળી વીશ

એક એક પદે ઉપવાસજ વીશ, માસ ષટે એક ઓળી કરીશ,
એમ સિદ્ધાંત જગીશ. ૩

શક્તે એકાસણું તિવિહાર, છઠ્ઠે અઠમ માસખમણ ઉદાર,
પડિક્કમણું દોય વાર;
ઇત્યાદિક વિધિ ગુરૂગમ ધાર, એક પદ આરાધન ભવપાર,
ઊજમણું વિવિધ પ્રકાર;
માતંગ યક્ષ કરે મનોહાર, દેવી સિદ્ધાઈ શાસન સુખકાર,
વિઘ્ન- મિટાવણહાર;
ક્ષમાવિજય જસ ઉપર પ્યાર, શુભ ભવિયણ ધર્મ આધાર,
વિરવિજય જયકાર. ૪

૨

વીશસ્થાનક તપ વિશ્વમાં મોટો, શ્રી જિનવર કહે આપજી,
બાંધે જિનપદ ત્રીજા ભવમાં, કરીને સ્થાનક જાપજી;
થયા થશે સવિ જિનવર અરિહા, એ તપને આરાધીજી,
કેવલજ્ઞાન દર્શન સુખપામ્યા, સર્વે ટાળી ઉપાધીજી. ૧
અરિહંત સિદ્ધ પવયણ સુરિ, સ્થવિર વાચક સાધુ નાણુજી,
દર્શન વિનય ચરણ બંભ કિરિયા, તયકરો ગોયમ ડામજી;
જિનવર ચારિત્ર પંચ વિધ નાણ, શ્રુત તીર્થ એહ નામજી,
એ વીશ સ્થાનક આરાધે તે, પામે શિવપદ ધામજી. ૨
દોય કાળ પડિક્કમણું પડિલેહણ, દેવવંદન ત્રણ વારજી,
નવઅારવાળી વીશ ગણી જે, *કાઉસ્સગ્ગ* ચુદ *ચનુસારજી*;
ચારસો ઉપવાસ કરી ચિત્ત ચોખે, ઊજમણું કરો સારજી,
પડિમા ભરાવો સંઘ ભક્તિ કરો, એ વિધિશાસ્ત્ર મોઝારજી. ૩

શ્રેણિક સત્યકી સુલસા રેવતી, દેવપાળ અવદાતજી,
સ્થાનક તપ સેવા મહિમાએ, થયા જગમાંહિ વિખ્યાતજી;
આગમ વિધિ સેવે જે તપીયા, ધન્ય ધન્ય તસ અવતારજી,
વિઘ્ન હરે તસ શાસન દેવી, સૌભાગ્યલક્ષ્મી દાતારજી. ૪

શ્રી વીશસ્થાનક તપની સજઝાય.

૧

અરિહંત પહેલે સ્થાને ગણીએ, બીજે પદ સિદ્ધાણું;
ત્રીજે પ્રવચન આચાર્ય ચોથે, પાંચમે પદ થેરાણું રે. ૧
ભવીયાં વીશસ્થાનક તપ કીજે, ઓળી વીશ કરીજે રે, ભ૦
ગુણણું એહ ગણો જે રે. ભ૦ જિમ જિન પદ પામીજે રે ભ૦
નરભવ લાહો લીજે રે, ભ૦ એ આંકણી૦ ૧
ઉપાધ્યાય છઠ્ઠે સવ્વ સાહૂણું, સાતમે આઠમે નાણ;
નવમે દર્શન દશમે વિણયસ્સ, ચારિત્ર અગ્યારમે જાણુરે. ભ૦ ૨
બારમે બ્રહ્મવ્રત ધારીણું,તેરમે કિરીયાણું;
ચૌદમે તપ પંદરમે ગોયમ, સોલસમે નમો જિણાણું રે ભ૦ ૩
ચારિતસ્સ સત્તરમે જપીએ, અઢારસમે નાણસ્સ;
ઓગણીસમે નમો સુયસ્સ સંસારો, વીશમે નમો તિત્થસ્સ રે. ભ૦ ૪
એકાસણાદિ તપ દેવવંદન, ગુણણું દોય હજાર;
સત્યવિજય બુધ શિષ્ય સુદર્શન, જપે એહ વિચાર રે. ભ૦ ૫

શ્રી પર્યુષણ પર્વનાં ચૈત્યવંદનો.

૧

પર્વ પર્યુષણ ગુણનીલો, નવ કલ્પી વિહાર;
ચાર માસાન્તર સ્થિર રહે, એહીજ અર્થ ઉદાર. ૧

અષાઢ શુદિચૌદશ થકો, સંવત્સરી પચાસ;
મુનિવર દિન સિત્તેરમે. પડિક્કમત ચૌમાસ. ૨
શ્રાવક ઘણુ ઉમતા ઘરી, કરે ગુરુનું બહુમાન;
કલ્પસૂત્ર સુવિહિત મુખે, સાંભલે મન એકતાન. ૩
જિનવર ચૈત્ય જુહારીએ, ગુરુભાક્ત વિશાલ;
પ્રાયે અષ્ટ ભવાંતરે, વરીએ શિવ વરમાલ. ૪
દર્પણથી નિજ રૂપને, જુવે સુદિષ્ટ રૂપ;
દર્પણ અનુભવ અર્પણે. જ્ઞાન સ્વયં મુનિભૂપ. ૫
આત્મ સ્વરૂપ વિલોકતાં, પ્રગટે મિત્ર સ્વભાવ;
રાય ઉદાયી ખામણું, પર્વ પર્યુષણ દાવ. ૬
નવ વખાણ પૂજા સુણે, શુકલ ચતુર્થી સીમા;
પંચમી દિન વાંચે સુણે, હોય વિરાધક નિયમા. ૭
એ નહિ પર્વ પંચમી, સર્વ સમાણી ચોથે;
ભવભીરૂ મુનિ માનશે, ભાખ્યું અરિહા નાથે. ૮
શ્રુત કેવલી વયણાં સુણીએ, લહી માનવ અવતાર;
શ્રી શુભવીરને શાસને, પામ્યા જય જયકાર. ૯

૨

વડા કલ્પ પૂર્વ દિને, ઘરે કલ્પને લાવો;
શતીજગા પ્રભુએ કરી, શાસન સોહાવો. ૧
હય ગય રથ શણગારીને, કુમર લાવો ગુરુ પાસે;
વડા કલ્પ દિન સાંભળો, વીર ચરિત્ર ઉલ્લાસે. ૨
છઠ્ઠ અઠ્ઠમ તપ કીજીએ એ, ધરીએ શુભ પરિણામ;
સ્વામીવચ્છલ પ્રભાવના, પૂજા અભિરામ. ૩
જિન ઉત્તમ ગૌતમ પ્રત્યેએ, કહેજો એકવીશ વાર;
ગુરુ મુખ પદ્મથી સુણીયે, તો પામે ભવપાર. ૪

૩

નવ ચૌમાસી તપ કર્યા, ત્રણ માસી દોય;
દોય અઢી માસી કર્યા, તીમ દોઢ માસી દોય. ૧
બહોંતેર પાસક્ષમણ કર્યા, માસક્ષમણ કર્યા બાર;
બે માસી તપ આદર્યો, બાર અઠ્ઠમ તપસાર. ૨
અટમાસી એક તેમ કર્યો, પણ દિન ઊણ અટમાસ;
અસેં ઓગણત્રીશ છટ્ઠ ભલા, દીક્ષા દિન એક ખાસ. ૩
ભદ્ર પ્રતિમા દોય તીમ, પારણ દિન બત્રીસ;
દ્રવ્યાહાર પાન કર્યો, ત્રણસેં ઓગણપચાસ. ૪
છદ્મસ્થ એણી પરે રહ્યા, સહ્યા પરિષહ ઘોર;
શુકલધ્યાન અનલે કરી, બાળ્યાં કર્મ કઠોર. ૫
શુકલધ્યાન અંતર રહ્યા એ, પામ્યા કેવલનાણ;
પદ્મવિજય કહે પ્રભુમતાં, લહીએ નિત્ય કલ્યાણ. ૬

૪

કલ્પતરૂ સમ કલ્પસૂત્ર, પૂરે મનવંછિત;
કલ્પસૂત્ર ધૂરથી સુણો, શ્રી મહાવીર ચરિત્ર. ૧
ક્ષત્રીકુંડ ગ્રામ્ય નગર, સિદ્ધારથ રાય;
રાણી ત્રિશલાતણી, કુખે, કંચન સમ કાય. ૨
પુષ્પોત્તર વરથી ચવ્યાએ, ઉપન્યા પુન્ય પવિત્ર;
ચતુરા ચૌદ સુપન લહે, ઉપજે વિનય વિનીત ૩

૫

સિદ્ધારથ સુત વંદીએ, ત્રિશલા દેવીમાય;
ક્ષત્રિય કુંડમાં અવતર્યા, પ્રભુજી પરમ દયાળ. ૧

ઉજવલી છઠ અષાઢની, ઉત્તર ફાલ્ગુની સાર;
પુષ્પોત્તર વિમાનથી, ચવિયા શ્રી જીન ભાણુ. ૨
લક્ષણ અડહિય સહસ્રએ, કંચનવર્ણી કાય;
મૃગપતિ લંછન પાઉલે, વીરજીનેશ્વર રાય. ૩
ચૈત્રિ સુદિ તેરસ દિને, જન્મ્યા શ્રી જીનરાય;
સુરનર મળી સેવા કરે, પ્રભુનું જન્મ કલ્યાણ. ૪
માગશર વદી દશમી દિને, લીયે પ્રભુ સંયમ ભાર;
ચઉનાણી જિનજી થયા; કરવા જગ ઉપગાર. ૫
સાડા બાર વરસ લગે, સહ્યા પારસહ ઘોર,
ઘન ઘાતી ચઉકર્મનો, ક્ષય કર્યો ચકચુર. ૬
વૈશાખ શુદિ દશમી દિને, ધ્યાન શુકલ મન ધ્યાય;
શમી વૃક્ષ તળે પ્રભુ, પામ્યા પંચમનાણ. ૭
સંઘ ચતુર્વિધ સ્થાપવા, દેશના દિયે મહાવીર;
ગૌતમ આદિ ગણધરૂ, કર્યા વજીર હજુર. ૮
કાર્તિક અમાવાસ્યા દિને, શ્રી વીર લહ્યા નિર્વાણ;
પ્રભાતે ઇંદ્રભૂતિને, આપ્યું કેવલનાણ. ૯
જ્ઞાન ગુણે દીવા કર્યાએ, કાર્તિક કમલા સાર;
પુણ્યે મુક્તિ વધુ વર્યા, વરતી મંગળ માળ. ૧૦

શ્રી પર્યુષણા પર્વનાં સ્તવનો.

૧

સુણજો સાજન સંત, પજુસણ આવ્યાં રે;
તમે પુણ્ય કરો પુણ્યવંત, ભાવક મન ભાવ્યાં રે;
વીર જીણેસર અતિ અલવેસર, વાલા મારા
પરમેશ્વર એમ બોલે રે; એ-આંકણી
પર્વ માંહે પજુસણ મોટા, અવર ન આવે તસ તોલે રે. પજુ૦૧

ચોપદમાં જેમ કેસરી મોટો, વા૦ ખગમાં ગરૂડ તે કહીએ રે;
નદી માંહિ જેમ ગંગા મોટી,નગમાં મેરૂ લહિએ રે. પજુ૦ ૨
ભૂપતિમાં ભરતેશ્વર ભાખ્યો, વા૦ દેવ માંહે સૂર ઇંદ્ર રે;
તીરથમાં શેત્રુંજે દાખ્યો, ગ્રહગણમાં જેમ ચંદ્ર રે. પજુ૦ ૩
દસરા દીવાલીને વલી હોલી, વા૦ અખાત્રીજ ત્રિવાસો રે;
બળેવ પ્રમુખ બહુલાં છે બીજાં,
પણ નહિ મુક્તિનો વાસો રે. પજુ૦ ૪
તે માટે તમે અમર પળાવો, વા૦ અઠ્ઠાઇ મહોચ્છવ કીજે રે;
અઠમ તપ અધિકાઇએ કરીને, નરભવ લાહો લીજે રે. પજુ૦ ૫
ઢોલ દમામાં ભેરી નફેરી, વા૦ કલ્પસૂત્રને જગાવો રે,
ઝાંઝરના ઝમકાર કરીને,ગોરીની ટોલી મલી આવો રે. પજુ૦ ૬
સોના રૂપાને પુલડે વધાવો, વા૦ કલ્પસૂત્રને પૂજો રે;
નવ વખાણ વિધિએ સાંભલતાં, પાપ મેવાશી ધ્રૂજે રે; પજુ૦,
એમ અઠાઇ મહોચ્છવ કરતાં, વા૦ બહુ જન જગ ઉદ્ધરિયા રે; ૭
વિબુધવિમલ વર સેવક એહથી,
નવનિધિ રિદ્ધિ સિદ્ધિ વરિયા રે. પજુ૦ ૮

૨

પ્રભુ વીર જિણંદ વિચારી, ભાખ્યાં પર્વ પજુસણ ભારી;
આખા વર્ષમાં તે દીન મહોટા, આઠે નહિં તેમાં છોટા રે;
એ ઉત્તમ ને ઉપકારી, ભાખ્યાં પર્વ પજુસણ ભારી. ૧
જેમ ઔષધ માંહિ કહીએ, અમૃતને સારૂં લહીએ રે;
મહામંત્રમાં નવકારવાળી, ભાખ્યાં૦ ૨
વૃક્ષમાંહિ કલ્પતરૂ સારો, એમ પર્વ પજુસણ સારો રે,
સૂત્રમાંહિ કલ્પ ભવતારી, ભાખ્યાં૦ ૩

તારાગણમાં જેમ ચંદ્ર, સુરવર માંહિ જેમ ઈંદ્ર રે;
સતીઓમાં સીતા નારી, ભાખ્યાં૦ ૪
જો બને તો અઠ્ઠાઇ કીજે, વળી માસખમણ તપ લીજે રે;
સોળ ભત્થની બલિહારી, ભાખ્યાં૦ ૫
નહિ તો ચોથ છઠ્ઠ તો લહીએ, અઠ્ઠમ કરી દુઃખ સહીએ રે;
તે પ્રાણી જાય અવતારી, ભાખ્યાં૦ ૬
તે દિવસે રાખી સમતા, છોડો મોહ માયા ને મમતા રે;
સમતા રસ દિલમાં ધારી. ભાખ્યાં૦ ૭
પૂરવ તણો સાર લાવી, જેણે કલ્પસૂત્ર બનાવી રે;
ભદ્રબાહુ વાર અનુસારી, ભાખ્યાં૦ ૮
સોનારૂપાનાં ફુલડાં ભરીએ, એ કલ્પની પૂજા કરીએ રે;
એ શાસ્ત્ર અનોપમ ભારી, ભાખ્યાં૦ ૯
ગીત ગાન વાજીંત્ર વજાવે, પ્રભુજીની આંગી રચાવે રે;
કરે ભક્તિ વાર હજારી, ભાખ્યાં૦ ૧૦
સુગુરૂ મુખથી એ સાર, સુણે અખંડ એકવીશ વાર રે;
જાવે એહિજ ભવે શિવપ્યારી, ભાખ્યાં૦ ૧૧
એક અનેક ગુણના ખાણી, તે પર્વ પજુસણ જાણી રે;
સેવો દાન દયા મનોહારી, ભાખ્યાં પર્વ પજુસણ ભારી. ૧૨

૩

આવ્યાં રૂડાં પજુસણ ચંગ, ભવીક મનરંગ પૂજે જિનરાજને એ;
જિન પૂજી ગુરૂવંદન કરો એ, વ્યાખ્યાન સુણો સુવિવેક તો;
દુઃખ દોહગ ટળે એ–આવ્યાં રૂડાં૦ ૧
સકળ સૂત્ર શીર મુગટ માંહે, કલ્પસૂત્ર છે સાર તો;
સુણી મન ઉલ્લસે એ, વીર પાસ નેમ આંતરે એ,
આદિ ચરિત્ર વખાણ તો, સ્થિરાવળી સાંભળો એ–આવ્યાંરૂડાં૦ ૨

સમાચારી સુણી હરખીએ એ, પટ્ટાવળી ગુણ નેહ તો;
કથા મુનિરાજની એ, એમ એ સુત્રને સાંભળીએ;
સફળ કરો નર દેહ તો, ગુરૂગમ ધારીએ એ-આવ્યાં રૂડાં૦ ૩
જીવ દયા ગુણ વેલડીએ, મૃષા ન બોલો લગાર તો;
ચોરી નવી કીજીએ એ, નારી નરકની દીવડીએ;
તેહનો નવી કીજે સંગ તો, શિવ સુખ લીજીએ એ-આવ્યાં રૂડાં૦૪
ધન અચીં લ્હાવો લીજીએ, દાન દીજે દુખીયા દીન તો;
અનુકંપા કરી એ, સ્વામીવત્સલ ભલા કીજીએ એ;
દીજે સુપાત્ર દાન તો, મનવંછિત ફલ્યા એ-આવ્યાં રૂડાં૦ ૫
છઠ્ઠું અઠ્ઠમાદિ તપ કરીએ, સમદમ કરી ગાળો દેહ તો;
પૂર્વ સાધુ પરે એ, ધન ધન એહવા રીખીશ્વરરૂએ
શુરવીર થઇ તપ કીધ તો, પૂજ્ય થયા રૂડી પરે એ-આવ્યાં રૂડાં૦ ૬
વીરે ધન્નો વખાણીયો એ, પોહોતો મુગતિ મોઝાર તો;
કર્મ રહીત થયો એ, દ્રઢપ્રહારી હત્યા કરી એ;
કીધાં કર્મ અઘોર તો, તપ કરી સુખી થયો એ-આવ્યાં રૂડાં૦ ૭
નાગકેતુની પેરે ભાવીએ એ, ભાવના ગુણમણી ખાણ તો;
કેવળ પામીએ એ, હરીકેશી મુનિરાજીઓ એ;
ઉપન્યો કુળ ચંડાળ તો, પૂજ્ય થયો તપ કરીએ-આવ્યાં રૂડાં૦ ૮
સંવચ્છરી દીન ખામણાં એ, ખામીજે સહુ જીવ તો;
કર્મથી છુટીએ એ, ક્રોધ કષાય કીધા આકરા એ;
ખમાવો સવી અપરાધતો, સરલ સ્વભાવથી એ-આવ્યાં રૂડાં૦ ૯
અરિહંતજીને પ્રથમ નમો એ; ખમાવો ધરી સુવિનીત તો.
ધ્યાન રૂડું ધરીએ, સિદ્ધ સઘળાને ખમાવીએ;
સાધુ સહા ગુણવંત તો, શરણ ચિત્ત ધારીયે એ-આવ્યાં રૂડાં૦ ૧૦

ચતુર્વિધ સંઘને ખામણાં એ, ખમાવો ભવી ભલી રીત તો;
વિનય કરી ઘણો એ, લાખ ચોરાશી યોની જીવને એ;
ખમાવો થઇ સાવધાન તો, ભવ ફેરા ટળે એ–આવ્યાં રૂડાં૦ ૧૧
મન વચન કાયા એ જે કર્યા એ, કરાવીયા જે પાપ તો.
મન ઉલસાવીને એ, મિચ્છામી દુક્કડં દીજીએ.
રીઝીએ કરી ઉપગાર તો, સુખ સંપત મળે એ–આવ્યાં રૂડાં૦ ૧૨
સવંત ઓગણીશ બાવન સાલે એ, શ્રાવણ વદી બીજ દીન તો;
સ્તવન બનાવીયું એ, હું અજ્ઞાની મંદ મતિએ;
બુદ્ધિહીણ ચપળ ચિત્ત તો, જ્ઞાનનજર રહી એ–આવ્યાં રૂડાં૦ ૧૩
જૈન મંદિર રૂસ દ્વીપતાં એ, જોઇ મન થયો ઉલ્લાસતો,
સિદ્ધગિરી સાંભરે એ, ચોફેર દેહરાં ધજા ગગનમાં,
વચમાં રહી જૈનશાળા તો, પજુસણ ત્યાં કરીએ.–આવ્યાં રૂડાં૦ ૧૪
ખમાવું હું સકલ જીવને એ, યોની ચોરાશી લાખ તો,
મન વચ કાયે કરીએ, નીતિવિજય ગુરૂસાધના એ;
સિદ્ધિવિજય નમે પાયતો, કરજોડી કરીએ.–આવ્યાં રૂડાં૦ ૧૫

શ્રી મહાવીરસ્વામીના સત્તાવીશ ભવનું પંચ ઢાલિયું સ્તવન

દોહા

શ્રી શુભવિજય સુગુરૂ નમી, નમી પદ્માવતી માય.
ભવ સત્તાવીશ વર્ણવું, સુણતાં સમકિત થાય. ૧
સમકિત પામે જીવને, ભવ ગણતીએ ગણાય,
જો વધ્યો સંસારે ભમે, તો પણ મુગતે જાય. ૨
વીર જિનેશ્વર સાહેબો, ભમિયો કાલ અનંત;
પણ સમકિત પામ્યા પછી, અંતે થયા અરિહંત. ૩

ઢાળ પહેલી

પહેલે ભવે એક ગામનો રે, રાય નામે નયસાર;
કાષ્ટ લેવા અટવી ગયો રે, ભોજન વેળા થાય રે.
પ્રાણી ધરિયે સમકિત રંગ, જિમ પામિયે સુખ અભંગરે.
પ્રાણી ધરિયે૦ એ આંકણી, ૧
મન ચિંતે મહિમા નીલ્હો રે, આવે તપસી કોય;
દાન દેઇ ભોજન કરૂં રે, તો વંછિત ફળ હોય રે. પ્રાણી૦ ૨
મારગ દેખી મુનિવરા રે, વંદે દેઇ ઉપયોગ;
પુછે કેમ ભટક્યો ઇહાં રે, મુનિ કહે સાથ વિજોગ રે. પ્રાણી૦ ૩
હરખ ભરે તેડી ગયો રે, પડિલાભ્યા મુનિરાજ;
ભોજન કરી કહે ચાલીએ રે, સાથ ભેળા કરૂં આજ રે. પ્રાણી૦ ૪
પગવટીયે ભેળા કર્યા રે, કહે મુનિ દ્રવ્ય એ માર્ગ;
સંસારે ભૂલા ભમો રે, ભાવ મારગ અપવર્ગ રે. પ્રાણી૦ ૫
દેવગુરૂ ઓળખાવિયા રે, દીધો વિધિ નવકાર;
પશ્ચિમ મહાવિદેહમાં રે, પામ્યો સમકિત સાર રે. પ્રાણી૦ ૬
શુભધ્યાને મરી સુર હુઓ રે, પહેલા સ્વર્ગ મઝાર;
પલ્યોપમ આયુ ચવી રે, ભરત ઘરે અવતાર રે. પ્રાણી૦ ૭
નામે મરીચી ભોવને રે, સંયમ લીયે પ્રભુ પાસ;
દુષ્કર ચરણ લહી થયો રે, ત્રિદંડીક શુભ વાસ રે. પ્રાણી૦ ૮

ઢાળ બીજી

નવો વેષ રચે તેણી વેળા, વિચરે આદિશ્વર ભેળા;
જળ થોડે સ્નાન વિશેષે, પગ પાવડી ભગવે વેષે. ૧
ધરે ત્રિદંડ લાકડી મ્હોટી, શીર મુંડણને ધરે ચોટી;
વળી છત્ર વિલેપન અંગે, થુલથી વ્રત ધરતા રંગે. ૨

સોનાની જનોઇ રાખે, સહુને મુનિ મારગ ભાંખે;
સમોસરણે પૂછે નરેશ, કોઇ આગે હોશે જિનેશ. ૩
જિન જંપે ભરતને તામ, તુજ પુત્ર મરીચી નામ;
વીર નામે થશે જિન છેલ્લા, આ ભરતે વાસુદેવ પહેલા. ૪
ચક્રવર્તિ વિદેહે થાશે, સુણી આવ્યા ભરત ઉલ્લાસે;
મરીચીને પ્રદક્ષિણા દેતા, નમી વંદીને એમ કહેતા. ૫
તમે પુન્યાઇવંત ગવાશો, હરિચક્રી ચરમ જિન થાશો;
નવિ વંદું ત્રિદંડિક વેષે, નમું ભક્તિયે વીર જિનેશ. ૬
એમ સ્તવના કરી ઘર જાવે, મરીચી હર્ષ ન માવે;
મ્હારે ત્રણ પદવીની છાપ, દાદા જિન ચક્રી બાપ. ૭
અમે વાસુદેવ ધુર થઇશું, કુલ ઉત્તમ મ્હારૂં કહીશું;
નાચે કુળ મદશું ભરાણો, નીચ ગોત્ર તિહાં બંધાણો. ૮
એક દિન તનુ રોગે વ્યાપે, કોઇ સાધુ પાણી ન આપે;
ત્યારે વંછે ચેલો એક, તવ મળિયો કપિલ અવિવેક. ૯
દેશના સુણી દીક્ષા વાસે, કહે મરીચી લીયો પ્રભુ પાસે;
રાજપુત્ર કહે તુમ પાસે, લેશું અમે દીક્ષા ઉલ્લાસે. ૧૦
તુમ દરશને ધરમનો ભ્હેમ, સુણી ચિંતે મરીચી એમ;
મુજ યોગ્ય મળ્યો એ ચેલો, મૂળ કડવે કડવો વેલો. ૧૧
મરિચી કહે ધર્મ ઉભયમાં, લીયે દીક્ષા જોવન વયમાં;
એણે વચને વધ્યો સંસાર, એ ત્રીજો કહ્યો અવતાર. ૧૨
લાખ ચોરાશી પૂરવ આય, પાળી પંચમે સર્ગ સધાય;
દશ સાગર જીવિત ત્યાંહી. **શુભવીર** સદા સુખ માંહી. ૧૩

ઢાળ ત્રીજી

પાંચમે ભવ કોલ્લાગસન્નિવેશ, કૌસિક નામે બ્રાહ્મણ વેષ;
ઓંશી લાખ પૂરવ અનુસરી, ત્રિદંડીયાને વેષે મરી. ૧

કાલ બહુ ભમીયો સંસાર, થુણાપુરી છઠ્ઠો અવતાર;
બહોંતેર લાખ પૂરવને આય, વિપ્ર ત્રિદંડી વેષ ધરાય. ૨
સૌધર્મે મધ્ય સ્થિતિયે થયો, આઠમે ચૈત્ય સન્નિવેષે ગયો;
અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડીયો, પૂર્ણ આયુખલ સાઠે મૂઓ. ૩
મધ્ય સ્થિતિયે સુર સર્ગઇશાન, દશમે મંદિર પુર દ્વિજઠાણ
લાખ છપ્પન પૂરવાપુરી, અગ્નિભૂતિ ત્રિદંડીક મરી. ૪
ત્રીજે સરગે મધ્યાયુ ધરી, બારમે ભવ શ્વેતાંબીપુરી;
પૂરવ લાખ ચુમ્માળીશ આય, ભારદ્વાજ ત્રિદંડીક થાય. ૫
તેરમે ચોથે સર્ગે રમી, કાળ ઘણો સંસારે ભમી;
ચઉદમે ભવ રાજગૃહી જાય, ચોત્રીશ લાખ પુરવને આય. ૬
થાવર વિપ્ર ત્રિદંડો થયો, પાંચમે સર્ગે મરીને ગયો;
સોળમે ભવ કોડ વરસ સમાય, રાજકુમાર વિશ્વભૂતિ થાય. ૭
સંભૂતિમુનિ પાસે અણગાર, દુષ્કર તપ કરી વરસ હજાર;
માસખમણ પારણ ધરી દયા, મથુરામાં ગોચરીએ ગયા. ૮
ગાયે હણ્યા મુનિ પડિયા વસા, વિક્ષાખનંદી પિતરિયા હસ્યા;
ગૌશૃંગે મુનિ ગર્વે કરી, ગયણ ઉછાળી ધરતી ધરી. ૯
તપ બળથી હોજ્યો બળ ઘણો, કરી નિયાણું મુનિ અણસણી;
સત્તરમે મહાશુક્રે સુરા, શ્રી શુભવીર સત્તર સાગરા. ૧૦

ઢાળ ૪ થી

અઢારમે ભવે શાત, સુપન સૂચિતસતિ, પોતનપુરીયે પ્રજાપતિ;
રાણી મૃગાવતી, તસ સુત નામે ત્રિપૃષ્ઠ, વાસુદેવ નીપન્યા;
પાપ ઘણું કરી, સાતમી નરકે ઉપન્યા. ૧
વીશમે ભવ થઇ સિંહ, ચોથી નરકે ગયા, તીહાંથી ચવી સંસારે
ભવ બહુળા થયા, બાવીશમે નર ભવ લહી, પુણ્ય દશા વર્યા;
ત્રેવીશમે રાજધાની, મૂકાયે સંચરયા. ૨

રાય ધનંજય ધારણી રાણીયે જનમિયા,
લાખ ચોરાશી પૂરવ આયુ જીવિયા;
પ્રિય મિત્ર નામે ચક્રવર્ત્તી દીક્ષા લહી,
કોડી વરસ ચારિત્ર દશા પાલી સહી. ૩
મહાશુક્રે થઈ દેવ ઇણે ભરતે ચવો,
છત્રિકા નગરીયે જિતશત્રુ રાજવી;
ભદ્રામાય લખ પચવીશ વરસ સ્થિતિ ધરી,
નંદન નામે પુત્રે દીક્ષા આચરી. ૪
અગીયાર લાખને બેંશી, હજાર છસ્સેં વળી ઉપર પીસ્તાળીશ;
અધિક પણ દિન રૂળી, વીશ સ્થાનક માસખમણે,
જીવજીત સાધતા, તિર્થંકર નામ કર્મ તિહાં નિકાચતા. ૫
લાખ વરસ દીક્ષા પર્યાય તે પાળતા,
છવ્વીશમે ભવ પ્રાણુત કલ્પે દેવતા;
સાગર વીશનું જીવિત સુખ ભર ભોગવે,
શ્રી શુભવીર જિનેશ્વર ભવ સુણજો હવે. ૬

ઢાળ પાંચમી

નયર માહણકુંડમાં વસે રે, મહા રૂદ્ધિ ઋષભદત્ત નામ;
દેવાનંદા દ્વિજ શ્રાવિકારે, પેટ લીધો પ્રભુ વિસરામ રે,
ભવિયા પેટ લીધો પ્રભુ વિસરામ રે, ૧
બ્યાશી દિવસને અંતરે રે, સુર હરિણગમેષી આય;
સિદ્ધારથ રાજા ઘરે રે, ત્રિશલા કુખે છટકાય રે. ભ૦ ત્રિ૦ ૨
નવ માસાંતરે જનમીયા રે, દેવ દેવીયે ઓચ્છવ કીધ;
પરણી યશોદા જોવને રે, નામે મહાવીર પ્રસિદ્ધ રે. ભ૦ના૦ ૩
સંસાર લીલા ભોગવીરે, ત્રીશ વર્ષે દીક્ષા લીધ;
બાર વરસે હુઆ કેવળી રે, શિવ વહુનું તિલક શિર દીધ રે. ભ૦શિ૦૪

સંઘ ચતુર્વિધ થાપીયો રે, દેવાનંદા ઋષભદત્ત પ્યાર;
સંયમ દેઇ શિવ મોકલ્યાં રે, ભગવતી સૂત્રે અધિકાર રે.ભ૦ભ૦૬
ચોત્રિશ અતિશય શોભતા રે, સાથે ચઉદ સહસ અણગાર;
છત્રીશ સહસ તે સાધવી રે, ચંદના દેવ દેવી પરિવાર રે.ભ૦ચં૦ ૬
ત્રીશ વરસ પ્રભુ કેવળી રે, ગામ નગર તે પાવન કીધ;
બહોતેર વરસનું આઉખું રે, દિવાલીયે શિવપદ લીધરે. ભ૦ દિ૦ ૭
અગુરૂ લઘુ અવગાહને રે, કીયો સાદી અનંત નિવાસ;
મોહરાયમલ્લ મૂળશું રે,
તન મન સુખનો હોય નાશ રે. ભ૦તનમન૦ ૮
તુમ સુખ એક પ્રદેશનું રે, નવી માવે લોકાકાશ;
તો અમને સુખીયા કરો રે, અમે ધરીએ તુમારી આશ રે. ભ૦અમે૦૯
અક્ષય ખજાનો નાથનો રે, મેં દીઠો ગુરૂ ઉપદેશ;
લાલચ લાગી સાહેબા રે,નવિ ભજીયે કુમતિનો વેશ રે. ભ૦નવિ૦૧૦
મ્હોટાનો જે આશરો રે, તેથી પામીયે લીલ વિલાસ;
દ્રવ્ય ભાવ શત્રુ હણી રે, શુભવીર સદા સુખવાસ રે. ભ૦શુભ૦૧૧

કળસ

ઓગણીશ એકે વરસ છે કે, પૂર્ણીમા શ્રાવણ વરો;
મેં થુણ્યો લાયક વિશ્વનાયક, વર્દ્ધમાન જિનેશ્વરો;
સંવેગ રંગ તરંગ ઝીલે, જસ વિજય સમતા ધરો;
શુભવિજય પંડીત ચરણ સેવક, વીરવિજયો જયકરો;

શ્રી મહાવીરસ્વામીનું પંચકલ્યાણુકનું
ત્રણ ઢાળનું સ્તવન.

(દોહા) શાસન નાયક શિવકરણ, વંદુવીર જિણંદ;
પંચ કલ્યાણુક જેહના, ગાશું ધરી આણંદ. ૧

સુણતાં થુણતાં પ્રભુતણા, ગુણ ગીરૂઆ એકતાર;
ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા, સફલ હુએ અવતાર. ૨

ઢાળ પહેલી

સાંભળજો સસ્નેહી સયણાં, પ્રભુજીના ચરિત્ર ઉલ્લાસે રે;
જે સાંભળશે પ્રભુ ગુણ તેહના, સમકિત નિર્મળ થાશે. રે સાં૦ ૧
જબુદ્વીપે દક્ષિણ ભરતે, માહણનયર કુંડ ગામે રે;
ઋષભદત્ત બ્રાહ્મણતસ નારી, દેવાનંદા નામે રે. સાં૦ ૨
અષાઢસુદી છટ્ઠે પ્રભુજી, પુષ્પોત્તરથી ચવિયા રે;
ઉત્તરા ફાલ્ગુની યોગે આવી, તસ કુખે અવતરીયા રે. સાં૦ ૩
તિણ રયણી સા દેવાનંદા, સુપન ગજાદિક નિરખે રે,
પ્રભાતે સુણી કંથ ઋષભદત્ત, હિયડામાંહી હરખે રે. સાં૦ ૪
ભાંખે ભોગ અર્થ સુખ હોસ્યે, હોસ્યે પુત્ર સુજાણ રે;
તે નિસુણી સા દેવાનંદા, કીધું વચન પ્રમાણ રે. સાં૦ ૫
ભોગ ભલા ભોગવતા વિચરે. એ હવે અચરિજ હોવે રે;
સતકૃતુ જીત સુરેસર હરખ્યો, અવધિ પ્રભુને જોવે રે. સાં૦ ૬
કરી વંદનને ઇંદ્ર સન્મુખ, સાત આઠ પગ આવે રે;
શકસ્તવ વિધિ સહિત ભણીને, સિંહાસન સોહાવે રે. સાં૦ ૭
સશય પડિયો એમ વિમાસે, જિન ચક્રી હરી રામ રે;
તુચ્છ દરિદ્ર માહણકુલ નાવે, ઉચ્ચભોગ વિણ ધામે રે. સાં૦ ૮
અંતિમ જિન માહણ કુલ આવ્યા, એહ અછેરૂ કહીએ રે;
ઉત્સર્પિણી અવસર્પિણી અનંતી, જાતાં એહવું લહીએ રે. સાં૦૯
દશ અવસર્પિણી દસ અછેરાં, થયાં તે કહીએ તેહ રે;
ગર્ભ હરણ ગોસાલા ઉપસર્ગ, નિષ્ફળ દેશના જેહ રે. સાં૦૧૦
મૂલ વિમાને રવિ શશી આવ્યા, ચમરાનો ઉત્પાત રે;
એ શ્રીવીરાજણેસર વારે, ઉપના પંચ વિખ્યાત રે. સાં૦ ૧૧

શ્રી તીર્થ મલ્લિજિનવારે, શીતલને હરિવંશ રે;
ઋષભને અઠ્ઠોત્તરસો સીધા, સુવિધિ અસંજતી સંસ રે. સાં૦ ૧૨
શંખ શબ્દ મીલીયા હરિ હરીસ્યું, નેમીસરને વારે રે;
તીમ પ્રભુ નીચકુલે અવતરીયા, સુરપતિ એમ વિચારે રે. સાં૦ ૧૩

ઢાળ ૨ જી

ભવ સત્તાવીશ સ્થુલભાંહિ ત્રીજે ભવે,
મરીચી કીયો કુલનો મદ ભરત યદા સ્તવે;
નીચ ગોત્ર કરમ બાંધ્યું તિહાં તે વતી,
અવતરીયા માહણ કુલ અંતીમ જિનપતી. ૧
અતિ અઘટતું એહ થયું થાશે નહિં,
જે પ્રસવે જિન ચક્રી નીચકુલે નહીં;
ઇહાં મારો આચાર ધરૂં ઉત્તમ કુલે,
હરિણગમેષી દેવ તેહાવે એટલે. ૨
કહે માહણકુંડ નયરે જાઇ ઉચિત કરો,
દેવાનંદા કુખેથી પ્રભુને સંહરો;
નયર ક્ષત્રીયકુંડ રાય સિદ્ધારથ ગેહિની,
ત્રિશલા નામે ધરો પ્રભુ કુખે તેહની. ૩
ત્રિશલા ગર્ભ લઇને ધરો માહણી ઉરે,
બ્યાસી રાત વસીને કહ્યું તીમ સુર કહે;
માહણી દેખે સુપન જાણે ત્રિશલા હર્યાં,
ત્રિસલા સુપન લહે તવ ચૌદ અલંકર્યાં. ૪
હાથી વૃષભ સિંહ લક્ષ્મી માલા સુંદરૂં,
શશી રવિ ધ્વજ કુંભ પદ્મ સરોવર સાગરૂં;
દેવવિમાન રયણ પુંજ અગ્નિ વિમલ હવે,
દેખે ત્રિશલા એહ કે પીઉને વિનવે. ૫

હરખ્યો રાય સુપન પાઠક તેડાવિયા,
રાજભોગ સુતફલ સુણી તેહ વધાવિયા;
ત્રિશલારાણી વિધિસ્યું ગર્ભ સુખે હવે,
માયતણે હિત હેત કે પ્રભુ નિશ્ચલ રહે. ૬

માય ધરે દુઃખ ભેર વિલાપ ઘણું કરે,
કહે મેં કીધાં પાપ અઘોર ભવાંતરે;
ગર્ભ હર્યો મુજ કેણ હવે કેમ પામીએ,
દુઃખનો કારણ જાણી વિચાર્યું સ્વામીએ. ૭

અહો અહો મોહ વિટંબણ જાલમ જગતમેં,
અણદીઠે દુઃખ એવડો ઉપાયો પલકમેં;
તામ અભિગ્રહ ધારે પ્રભુ તે કહું,
માત પિતા જીવતાં સંયમ નવિ ગ્રહું. ૮

કરણા આણી અંગ હલાવ્યું જિનપતિ,
ભોલી ત્રિશલા માત હિયે ઘણું હિસતી;
અહો મુજ જાગ્યાં ભાગ્ય ગર્ભ મુજ સલસલ્યો,
સેવ્યો શ્રી જિનધર્મ કે સુરતરૂ જિમ ફલ્યો. ૯

સખીય કહે શીખામણ સ્વામીની સાંભલો,
હળવે હળવે બોલો હસો રંગે ચલો;
ધર્મ આનંદે વિચરંતા ડોહિલા પુરતે,
નવ મહિનાને સાડાસાત દિવસ થતે. ૧૦

ચૈત્ર તણી સુદ તેરસ નક્ષત્ર ઉત્તરા,
જોગે જન્મ્યા વીર કે તવ વીકસી ધરા;
ત્રિભુવન થયો ઉદ્યોત કે રંગ વધામણાં,
સોના રૂપાની વૃષ્ટિ કરે ઘેર સુર ઘણા. ૧૧

આવી છપ્પન કુમારી કે ઓચ્છવ પ્રભુ તણે,
ચાલ્યું રે સિંહાસન ઇંદ્ર કે ઘંટારણ ઝણે;
મળી સુરની કોડ કે સુરવર આવીયો,
પંચ રૂપ કરી પ્રભુને સુરગિરિ લાવીયો. ૧૨
એક કોડ સાઠ લાખ કલશા જલશું ભર્યા,
કિમ સેહેસ્યે લઘુ વીર કે ઇંદ્ર સંશય ધર્યા;
પ્રભુ અંગુઠે મેરૂ ચાંપ્યો અતિ ઘડઘડે,
ગડગડે પૃથ્વી લોક જગતના લડથડે. ૧૩
અનંત બળી પ્રભુ જાણી ઇંદ્રે ખમાવિઓ,
ચાર વૃષભનાં રૂપ કરી જલ નામીઓ;
પૂજી અરચી પ્રભુને માય પાસ ધરે,
ધરી અંગુઠે અમૃત ગયા નંદીશ્વરે. ૧૪

ઢાળ ત્રીજી

કરી મહોચ્છવ સિદ્ધારથ ભૂપ, નામ ધરે વર્દ્ધમાન;
દીનદીન વાધે પ્રભુ સુરતરૂ જિમ, રૂપ કલા અસમાન રે હમચડી. ૧
એકદિન પ્રભુજી રમવા કારણ, પુર બાહિર જબ જાવે;
ઇંદ્રમુખે પ્રશંસા સુણી તિહાં, મિથ્યાત્વી સુર આવેરે. હમચડી, ૨
અહિ રૂપે વિટાણો તરૂસ્યું, પ્રભુ નાંખ્યો ઉછાલી;
સાત તાહનું રૂપ કર્યું તબ, મુઠે નાંખ્યો વાલી રે. હમચડી. ૩
પાયે લાગીને તે સુર બામે, નામ ધરે મહાવીર;
જેવો ઇંદ્રે વખાણ્યો સ્વામી, તેવો સાહસ ધીર રે. હમચડી. ૪
માત પીતા નિશાળ મુકે, આઠ વરસના જાણી;
ઇંદ્રતણા તિહાં સંશય ટાળ્યા, નવ વ્યાકરણ વખાણી રે. હમચડી.૫
અનુક્રમે યૌવન પામ્યા પ્રભુજી, વર્યા યશોદા રાણી;
અઠ્ઠાવીશ વરશે પ્રભુનાં, માતપિતા નિર્વાણી રે. હમચડી ૬

દોય વરસ ભાઈને આગ્રહ, પ્રભુ ઘરવાસે વસીયા;
ધર્મ પંથ દેખાડો ઈમ કહે, લોકાંતિક ઉલસીયારે. હમચડી ૭

એક કોડ આઠ લાખ સોનઈઆ, દીન દીન પ્રભુજી આપે;
ઈમ સંવચ્છરી દાન દઈને, જગનાં દારિદ્રય કાપે રે. હમચડી ૮

છાંડયા રાજ અંતેઉર પ્રભુજી, ભાઈએ અનુમાત દીધી;
મૃગશીર વદ દશમી ઉત્તરાયે, વીરે દીક્ષા લીધી રે. હમચડી ૯

ચઉનાણી તિણ દીનથી પ્રભુજી, વરસ દિવસ આઝે રે,
ચિવર અર્ધ બ્રાહ્મણને દીધું, ખંડ ખંડ બે ફેરી રે. હમચડી૧૦

ઘોર પરિસહ સાઢા બારે, વરસ જે જે સહીયા;
ઘોર અભિગ્રહ જે જે ધરિયા, તે નવિ જાયે કહીયા રે. હમચડી. ૧૧

સૂલપાણીને સંગમદેવે, ચંડકોસી ગોસાલે;
દીધું દુખને પાયસ રાંધી, પગ ઉપર ગોવાલે રે. હમચડી. ૧૨

કાને ગોપે ખીલા માર્યા, કાઢતાં મુકી રાદી;
જે સાંભલતાં ત્રિભુવન કંપ્યાં, પર્વત શિલા ફાટી રે. હમચડી. ૧૩

તે તે દુષ્ટ સહુ ઉધરીયા, પ્રભુજી પર ઉપગારી;
અડદ તણા બાકુલા લઈને, ચંદનબાલા તારી રે. હમચડી. ૧૪

દોય છ માસી નવ ચઉમાસી, અઢી માસી ત્રણ માસી;
દોઢ માસી બે બે કીધાં, છ કીધાં બે માસીરે. હમચડી ૧૫

બારમાસને પખ બોહોતેર, છઠ બસેં ઓગણત્રીસ વખાણું;
બાર અઠમ ભદ્રાદિ પ્રતિમા, દીન દોઈ ચાર દશ જાણું રે.હમચડી૧૬

ઈમ તપ કીધાં બારે વરસે, વીણ પાણી ઉલ્લાસે;
તેમાં પારણાં પ્રભુજીએ કીધાં,ત્રણુસેં ઓગણપચાસ રે. હમચડી. ૧૭

કર્મ ખપાવી વૈશાખમાસે, સુદ દશમી સુભ જાણુ;
ઉત્તરા યોગ શાલોવૃક્ષ તળે,પામ્યા કેવલ નાણ રે. હમચડી. ૧૮

ઇંદ્રભૂતિ આદિ પ્રતિબોધ્યા, ગણધર પદવી દીધી;
સાધુ સાધવી શ્રાવક શ્રાવિકા, સંઘ સ્થાપના કીધી રે હમચડી. ૧૯

ચઉદ સહસ અણગાર સાધવી, સહસ છત્રીસ કહીજે;
એકલાખને સહસ ગુણ સાઠિ, શ્રાવક શુદ્ધ કહીજે રે. હમચડી.૨૦

તીન લાખ અઢાર સહસ વલી, શ્રાવિકા સંખ્યા જાણી;
ત્રણસેં ચૌદ પૂર્વધારી, તેરસેં ઓહી નાણી રે. હમચડી. ૨૧

સાત સયાં તે કેવલનાણી, લબ્ધિ ધારી પણ તેટલા
વિપુલ મતિયા પાંચસેં કહીયા, ચારસેં વાદી જીત્યારે. હમચડી. ૨૨

સાતસેં અંતેવાસી સીધ્યા, સાધવી ચૌદસેં સાર;
દીનદીન તેજ સવાયે દીપે એ, પ્રભુજીનો પરિવારરે. હમચડી ૨૩

ત્રીસ વરસ ઘરવાસે વસીયા, બાર વરસ છદ્મસ્થે;
તીસ વરસ કેવલ બેંતાલીસ, વરસ સમણો મધેરે. હીમચડી. ૨૪

વરસ બહોતેર કેરૂ આયુ, વીર જિણુંદનું જાણો;
દીવાલી દીન સ્વાતી નક્ષત્ર, પ્રભુજીનું નિરવાણ રે. હમચડી. ૨૫

પંચ કલ્યાણક એમ વખાણ્યા, પ્રભુજીના ઉલ્લાસે,
સંઘ તણે આગ્રહ હરખ ભરીને, સુરત રહી ચોમાસું રે.હમચડી. ૨૬

કળસ

ઇમ ચરમ જિનવર, સયલ સુખકર, થુણ્યો અતિઉલટ ધરી;
અષાડ ઉજ્વલ પંચમી દિન, સંવત શત ત્રીહોતરે;
ભાદ્રવા શુદ પડવા તણે દીન, રવિવારે ઉલટ ભરો.
વિમલવિજય ઉવજ્ઝાય પયકજ, ભ્રમર સમ શુભ શિષ્ય એ;
રામવિજય જિનવર નામે, લહે અધિક જગીશ એ. ૨૭

અઢીદ્વીપનું સ્તવન

દુહા

સ્યાદ્વાદ સુદ્ધોદધિ, વૃદ્ધિ હેતુ જિનચંદ;
પરમ પંચ પરમેષ્ટીમાં, તાસ ચરણ સુખકંદ. ૧
ત્રિગુણ ગોચર નામજે, બુદ્ધિ ઈશાનમાં તેહ;
થયા લોકોત્તર સત્વથી, તે સર્વે જીનગેહ. ૨
પંચ વરણ અરિહા વિભૂ, પંચ કલ્યાણક ધ્યેય;
ખટ અઢીદ્વીપનું સ્તવન રચું, પ્રણમિ અનંત ગુણગેહ. ૩

ઢાળ ૧ લી.

ચૈત્ર માસ સુદિ પક્ષમાં રે, પ્રથમ અઠાઇ સંયોગ;
જ્હાં સિદ્ધચક્રની સેવનારે, અધ્યાતમ ઉપયોગ રે;
ભવિકા પર્વ અઠાઈ આરાધ, મનવંછીત સુખ સાધરે ભવિકા૦
એ આંકણી. ૧
પંચ પરમેષ્ટી ત્રિકાલનાં રે, ઉત્તર અઉ ગુણકંત;
સાશ્વતા પદ સિદ્ધચક્રનાં રે. વંદતાં પુન્ય મહંત રે. ભ૦ ૨
લોચન કર્ણ યુગલ મુખે રે, નાસિકા અગ્ર નિલાડ;
તાલુ સિર નાભિ હૃદેરે, ભમુંહ મધ્યે ધ્યાન પાઠ રે. ૩
આલંબન સ્થાનક કહ્યાં રે, જ્ઞાનીયે દેહ મઝાર;
તેહમાં વિગત વિષયપણે રે, ચિતમાં એક આધાર રે. ભ૦ ૪
અષ્ટ કમલદલ કર્ણીકા રે, નવપદ થાપો ભાવ;
બહિર યંત્ર રચિ કરી રે, ધારો અનંત અનુભાવ રે. ભ૦ ૫
આસો સુદિ સાતમ થકી રે, બીજી અઠાઈ મંડાણ;
બસેં ત્રેંતાલીસ ગુણે કરી રે, અસિઆ ઉસાદિક ધ્યાન રે. ભ૦ ૬
ઉત્તરાધ્યયન ટીકા કહે રે, એ દોય શાસ્વતિ યાત્ર;
કરતા દેવ નંદિશ્વરે રે, નર જિમ ઠામ સુપાત્ર રે. ભ૦ ૭

ઢાળ ૨ જી

આસાઢ ચોમાસાની અઠાઇ, જિહાં અભિગ્રહ અધિકાઇ;
કૃષ્ણ કુમારપાલ પરે પાલો, જીવદયા ચિત લાઈ રે;
પ્રાણી અઠ્ઠાઇ મહોચ્છવ કરીયે, સચિત્ત આરંભ પરિહરીયે રે. ૧
દિસિગમન તજે વર્ષા સમયે, ભક્ષ્યાભક્ષ્ય વિવેક;
અછતિ વસ્તુ પણ વિરતિયે બહુફલ, વંકચુલ વિવેક રે. પ્રા૦ ૨
જે જે દેહ ગ્રહીને મૂકયાં, દેહથી જે હિંસા થાય;
પાપ આકર્ષણ અવિરતિ યોગે, તે જીવકર્મ બંધાય રે. પ્રા૦૩
સાયક દેહતા જીવ જે જાતમાં, વસિયા તસ હોય કર્મ;
રાજા રંકને કિરિયા સરિખી, ભગવતી અંગનો મર્મ રે. પ્રા૦ ૪
ચોમાસી આવશ્યક કાઉસ્સગ્ગના, પંચસત માન ઉસાસા;
છઠ્ઠ તપની આલોયણ કરતાં, વિરતિ સધર્મ ઉલ્લાસ રે. પ્રા૦ ૫

ઢાળ ત્રીજી

કાર્તિક સુદીમાં જી ધરમ વાસર અડધારીયે,
તિમ વલી ફાગુણે જી પર્વ અઠ્ઠાઇ સંભારીયે
ત્રણ અઠ્ઠાઇ જી ચૌમાસિ ત્રણ કારણી,
ભવી જીવનાં જી પાતિક સર્વ નિવારણી. ૧
(ત્રુટક,) નિવારણી પાતિક તણીએ જાણી, અવધિજ્ઞાને સુરવરા,
નિકાય ચારના ઇંદ્ર હર્ષિત, વંદે નિજ નિજ અનુચરા;
અઠાઇ મહોત્સવ કરણ સમયે, સાશ્વતા એ દેખીયે,
સવિ સજ થાએ દેવદેવી, ઘંટ નાદ વિસેષયે. ૨
ઢાળ, વલી સુરપતિજી ઉદઘોષણા, સુરલોકમાં
નીપજાવેજી પરિકર સહિત અસોકમાં
દ્વિપ આઠમે જી નંદિશ્વર સવિ આવિયા,
સાસ્વતિ પ્રતિમાજી પ્રણમી વંધાવે ભાવિયા. ૩

(ત્રુટક,) ભાવીયા પ્રભુની વધાવે પ્રભુને, હરખ બહુલેં નાચતા,
બત્રીસ વિધના કરોય નાટક, કોડિ સુરપતિ માચતા;
હાથ જોડી માનમોડી, અંગ ભાવ દેખાવતી;
અપ્સરા રંભા અતિ અચંભા, અરિહા ગુણ આલાવતિ. ૪

(ઢાલ,) ત્રણ અઠાઇમાં જી બટકલ્યાણુક જિનતણા,
તથા આલયજી બાવન જિનનાં બિંબ ઘણાં,
તસ સ્તવનાજી સદ્‌ભૂત અર્થ વખાણતાં,
ઠામે પોહચે જી પછે જિન નામ સંભારતાં. ૫

(ત્રુટક,) સંભારતાં પ્રભુનું નામ નિસદિન, પરવ અઠાઇ મન ધરે,
સમકિત નિરમલ કરણ કારણ, સુભ અભ્યાસએ અનુસરે;
નરનારી સમકિતવંત ભાવે, એહ પર્વ આરાધશે,
વિઘન નિવારે તેહનાં સહિ, સાભાગ્ય લક્ષ્મી વાધશે. ૬

ઢાળ ચોથી

પરવ પજુસણમાં સદા, અમારી પડહો વજડાવો રે;
સંઘ ભગતિ દ્રવ્ય ભાવથી, સાહમિવચ્છલ શુભ દાવ રે;
મહોદય પર્વ મહિમા નિધિ. ૧
સાહમીવચ્છલ એકણ પાસે, એકત્ર કર્મ સમુદાય રે;
બુદ્ધિ તોલાયે તોલી યે, તુલ્ય લાભ ફળ થાય રે. મહો૦ ૨
ઉદાઇ ચરમ રાજરૂષી, તિમ કરો બામણાં સત્ય રે;
મિચ્છામિદુક્કડં દેઇને, ફરી સેવો પાપવત્તરે. મહો૦ ૩
તેહ કહ્યા માયા મૃષાવાદી, આવશ્યક નિર્યુક્તિ માંહે રે;
ચઇત પરવાડિ કિજીયે, પૂજા ત્રિકાલ ઉછાહ રે. મહો૦ ૪
છેહલ્લી ચ્યાર અઠાઇયે, મહા મહોત્સવ કરે દેવા રે;
જિવાભિગમે ધમ ઉચ્ચરે, પ્રભુ શાસનના એ મેવા રે. મહો૦ ૫

ઢાળ પાંચમી

અટ્ઠમનો તપ વાર્ષિક પર્વમાં, સત્ય રહિત અવિરુદ્ધ રે;
કારક સાધક પ્રભુના ધર્મનો, ઇચ્છારોધે હોય સુ જ્ઞાની
તપને સેવો રે કાંતા વિરતીના. ૧
છુટે સો વરસે રે કર્મ અટ્ઠમથી, નારકી તે તો સકામે રે;
પાપ રહિત હોય નવકારસી થકી, સહસ્ર તે પોરસી ઠામરે. તપ૦ ૨
વધતો વધતોરે તપ કરવા થકી, દશ ગુણો લાભ ઉદાર રે;
દશ લાખ કોડ વરસનું અટ્ઠમે, દુરિત મિટે નિરધારો રે.ત૦ ૩
પચાશ વરસ સુધી તપ્યાં લખમણાં, માયા તપ નવિ શુદ્ધ રે;
અસંખ્ય ભવ ભમ્યાંરે એક કુવચન થકી, પદ્મનાભ વારે સિદ્ધ રે.ત૦૪
આહાર નિહરતા રે સમ્યગ્ તપ કહ્યો, જુઓ અભ્યંતર તત્ત્વ રે;
ભવોદધિ સેતુ રે અટ્ઠમ તપ ભણી, નાગકેતુ ફળ તપ રે. ત૦ ૫

ઢાળ છ ઠી

વાર્ષિક પડિક્કમણાં વિષે, એક હજાર શુભ આઠ રે,
સાસ ઉસાસ કાઉસ્સગ્ગતણાં, આદરી ત્યજે કર્મ કાઠ રે;
પ્રભુ તુમ શાસન અતિ ભલું. ૧
દુગ લખ ચઉ સય અડ કહ્યાં, પલ્ય પચ્ચાલિસ હજાર રે;
નવ ભાંગે પલ્યનાં ચઉ ગહ્યા, સાસમાં સુર આયુ સાર રે. પ્ર૦ ૨
ઓગણીશ લાખને ત્રેસઠી, સહસ બસેં સતસઠી રે;
પલ્યોપમ દેવનું આઉખું, નોકાર કાઉસ્સગ્ગ જીઠ રે. પ્ર૦ ૩
એકસઠ લાખને પણતીસા, સહસ બસેં દશ જાણ રે;
એટલા પલ્યનું સુર આઉખું, લોગસ્સ કાઉસ્સગ્ગ માન રે. પ્ર૦ ૪
ધેનું ધણ રૂપે રે જીવનાં, અચલ છે આઠ પ્રદેશ રે;
તેહ પરે સર્વ નિર્મલ કરે, પર્વ અઢાઈ ઉપદેશ રે. પ્ર૦ ૫

ઢાળ સાતમી

સોહમ કહે જંબુ પ્રતે, જ્ઞાનાદિ ધર્મ અનંત રે; વિનીત,
એ આંકણી,
અર્થ પ્રકાશે વીરજી, તિમ મેં રચિએ સિદ્ધાંત રે. વિનીત ૧
પ્રભુ આગમ ભલો વિશ્વમાં, છઠ લાખ ત્રણસેં ને તેત્રીસ;
એ ગુણ્યા સાઠ હજાર રે. વિ૦
પીસ્તાલીસ આગમતણો, સંખ્યા જગદાધાર રે. વિ૦ પ્ર૦ ૨
અથમીએ જિન કેવળ રવિ, સુત દીપે વ્યવહાર રે; વિ૦
ઉભય પ્રકાશક સૂત્રનો, સંપ્રતિ બહુ ઉપગાર રે. વિ૦ પ્ર૦ ૩
પુન્ય ક્ષેત્રમાં સિદ્ધગિરી, મંત્રમાંહે નવકાર રે; વિ૦
શુકલધ્યાન છે ધ્યાનમાં, કલ્પસૂત્ર તિમ સાર રે. વિ૦ પ્ર૦ ૪
વીર વર્ષવ છે નેહમાં, શ્રી પર્વ તસુ સેવ રે. વિ૦
છઠ્ઠ તપે કલ્પસૂત્ર સુણે મુદા, ઉચિત વિધિ તતખેવ રે. વિ૦ પ્ર૦ ૫

ઢાળ આઠમી

નેવું સહસ સંપ્રતિનૃપે રે, ઉદ્ધાર્યા જૈન પ્રાસાદ રે,
છત્રિસ સહસ નવાં કર્યાં રે, નિજ આયુ દિનવાદ રે;
મનને મોદે રે, પૂજે પૂજો મહોદય પર્વ, મહોત્સવ મોટે રે.૧
અસંખ્ય ભરતના પાટવી રે, અઠાઇ ધર્મનાં કામિ રે;
સિદ્ધગિરીયે શિવપૂરી વર્યા રે, અજરામર શુભ ધામિ રે. મ૦ ૨
ચુગપરધાન પૂરવ ધણી રે, વયરસ્વામી ગણધાર રે;
નિજ પિતુ મિત્ર પાસે જઈ રે, જાચ્યાં પુસ્ત તઈયાર રે. મ૦ ૩
વીસ લાખ કુલ લેઇને રે, આવ્યા ગિરી હિમવંત રે;
શ્રી દેવી હાથે લીયા રે, મહા કમલ ગુણવંત રે. મ૦ ૪

પછે જિનરાગીને સુંપિયાં રે, સુભીક્ષ નયર મઝાર રે;
સુગત મત ઉછ દિને રે, શાસન શોભા અપાર રે.. ભ૦ ૫

ઢાળ નવમી

પ્રતિહારજ અડ પામીયે એ, સિદ્ધ પ્રભુના ગુણ આઠ,
હરખ ધરી સેવીયે એ;
જ્ઞાન દર્શન ચારિત્રનાં એ, આઠ આચરણાં પાઠ, હ૦
સેવો સેવો પર્વ મહંત. હ૦ ૧
પવયણ માતા સિદ્ધનું એ, બુદ્ધિ ગુણા અડ દૃષ્ટિ; હ૦
ગણિ સંપદ અડ સંપદાએ, આઠમી ગતિ દિયે પુષ્ટિ. હ૦ ૨
આઠ કર્મ અડ દોષને એ, અડ મદ પરમાદ; હ૦
પરિહરી આઠ વિધ કારણ ભજીએ, આઠ પ્રભાવક વાદ. હ૦ ૩
ગુજર હલિ દેશમાં એ, અકબરશાહ સુલતાન; હ૦
હિરજી ગુરુનાં વયણથી એ, અમારી પડહ વજડાવી. હ૦ ૪
સનસુરી તપગચ્છ મણિ એ, તિલક આણંદ મુણિંદ; હ૦
રાજ્યમાન રિદ્ધિ લહે એ, સૌભાગ્ય લક્ષ્મી સુરિંદ. હ૦ ૫
સેવો સેવો પર્વ મહંદ, હ૦ પૂજો જિનપદ અરવિંદ; હ૦
પુન્ય પર્વ સુખકંદ, હ૦ પ્રગટે પરમાણંદ. હ૦
કહે એમ લક્ષ્મી સુરિંદ્ર. હ૦ ૬

કળસ

એમ પાસ પ્રભુનો પસાય પામી, નામે અઠાઇ ગુણ કહ્યા;
ભવિ જીવ સાધો નિત આરાધો, આતમ ધમે ઉમહ્યાં. ૧
સંવત જિન અતિશય વસુ સસી, ચૈત્ર પુનમે ધ્યાઈ યા;
સૌભાગ્યસુરી શિષ્ય લક્ષ્મીસુરી, બહુ સંઘ મંગલ પાઇયા. ૨

શ્રી મહાવીર સ્વામીનું હાલરડું

૧

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે,
ગાવે હાલો હાલો હાલરવાના ગીત;
સોના રૂપાને વળી રત્ને જડીયું પારણું,
રેશમ દોરી ઘુઘરી વાગે છુમ છુમ રીત,
હાલો હાલો હાલો હાલો રે મ્હારા વીરને. ૧
જિનજી પાસ પ્રભુથી વરસ અઢીશેં અંતરે,
હોશે ચોવીશમો તીર્થંકર જિત પરિણામ;
કેશીસ્વામી મુખથી એહવી વાણી સાંભળી,
સાચી સાચી હુઈતે મ્હારે અમૃત વાણ. હાલો૦ ૨
ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજ,
વીત્યા બારે ચક્રી નહીં હવે ચક્રી રાજ;
જિનજી પાસ પ્રભુના શ્રી કેશી ગણધાર,
તેહને વચને જાણ્યા ચોવિશમા જિનરાજ. હાલો૦ ૩
મ્હારી કુખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ,
મ્હારી કુખે આવ્યા તારણતરણ જહાજ;
હું તો પુણ્ય પનોતી ઇંદ્રાણી થઇ આજ,
મુજને દોહલા ઉપન્યા એસું ગજ અંબાડીએ,
સિંહાસન પર એસું ચામર છત્ર ધરાય;
એ સહુ લક્ષણ મુજને નંદન તહારા તેજનાં,
તે દિન સંભારૂં ને આનંદ અંગ ન માય. હાલો૦ ૪
કરતલ પગતલ લક્ષણ એક હજારને આઠ છે,
તેહથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ;

નંદન જમણી જંઘે લંછન સિંહ બિરાજતો,
મેં તો પહેલે સુપને દીઠો વિશ્વવાવીશ. હાલો૦ ૫

નંદન નવલા બંધન નંદિવર્દ્ધનના તમે,
નંદન ભોજાઈઓના દેવર છો સુકુમાલ;
હસશે ભોજાઈઓ કહી દીયર મારા લાડકા,
હસશે રમશે ને વળી ચુંટી ખણશે ગાલ;
હસશે રમશે ને વળી ઠુંસા દેશે ગાળ. ૬

નંદન નવલા ચેડા રાજાના ભાણેજ છો,
નંદન નવલી પાંચશેં મામીના ભાણેજ છો;
નંદન મામલીયાના ભાણેજ સુકુમાળ,
હસશે હાથે ઉછાળી કહીને ન્હાના ભાણેજ,
આંબ્યો આંબીને વળી ઠપકું કરશે ગાલ. હાલો૦ ૭

નંદન મામા મામી લાવશે ટોપી આંગલાં,
રતને જડીઆં ઝુલડા મોતી કસબી કોર;
નીલાં પીળાં ને વળી રાતાં સરવે જાતિનાં,
પહેરાવશે મામી મહારા નંદ કિશોર રે. હાલો૦ ૮

નંદન મામા મામી સુખલડી બહુ લાવશે,
નંદન ગજવે ભરશે લાડુ મોતીચૂર;
નંદન મુખડાં જોઈને લેશે મામી ભામણાં
નંદન મામી કહેશે જીવો સુખ ભરપૂર રે. હાલો૦ ૯

નંદન નવલા ચેડા મામાની સાતે સતી,
મ્હારી ભત્રીજીને બહેન તમારી નંદ,
તે પણ ગજવે ભરવા લાખણસાઠ લાવશે;
તુમને જોઈ જોઈ કોડે અધિકો પરમાનંદ રે. હાલો૦ ૧૦

રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘુઘરો,
વળી સુડા મેના પોપટ ને ગજરાજ;
સારસ કોયલ હંસ તીતર ને વળી મોરજી,
મામી લાવશે રમવા નંદ તમારે કાજ રે. હાલો૦ ૧૧

છપ્પન કુમરી અમરી જલ કળશે નવરાવિઆ,
નંદન તમને અમરે કેળી ઘરની માંહ;
ફૂલની વૃષ્ટિ કીધી યોજન એકને માંડલે,
બહુ ચિરંજીવો આશીષ દીધી તુમને ત્યાંહ રે. હાલો૦ ૧૨

તમને મેરૂગિરિ પર સુરપતિએ નવરાવીઆ,
નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય;
મુખડા ઉપર વારી કોટી કોટી ચંદ્રમા,
વળી તમપર વારી ગ્રહગણનો સમુદાય રે. હાલો૦ ૧૩

નંદન નવલા ભણવા નિશાળે પણ મૂકશું
ગજ પર અંબાડી બેસાડી મ્હોટે સાજ;
પસલી ભરશું શ્રોફળ ફોફળ નાગરવેલશું,
સુખડલી લેશું નિશાળીયાને કાજ રે. હાલો૦ ૧૪

નંદન નવલા મ્હોટા થાશેા ને પરણાવિશું,
વહુ વર સરખી જોડી લાવશું રાજકુમાર;
સરખા સરખી વેવાઈ વેવાણો પધરાવશું,
વરવહુ પોંખી લેશું જોઈ જોઈને દેદાર રે. હાલો૦ ૧૫

પીયર સાસર મ્હારા બેઉ પખ નંદન ઉજળા,
મ્હારી કુખે આવ્યા તાત પનોતા નંદ;
મ્હારે આંગણ વુઠયા અમૃત દૂધે મેહુલા,
મ્હારે આંગણ ફલિયા સુરતરૂ સુખના કંદરે. હાલો૦ ૧૬

ઇણિ પેરે ગાયું માતા ત્રિશલા સુતનું હાલરૂં
જે કોઈ ગાશે એસે પુત્રતણા સામાજ;
બીલીમોરા નગરે વરણવ્યું વીરનું હાલરૂં,
જય જય મંગળ હોજો, દીપવિજય કવિરાજ રે. હાલો૦ ૧૭

૨

માતા ત્રિશલાયે પુત્ર રત્ન જાઈઓ,
ચોસઠ ઇંદ્રનાં આસન કંપે સાર;
અવધિજ્ઞાને જોઈ ધાયો શ્રી જિનવીરને,
આવે ક્ષત્રિયકુંડ નયર મુઝાર. માતા૦ ૧
વીર પ્રતિબિંબ મૂકી માતા કને,
અવસર્પિણી નિદ્રા દીએ સાર;
એમ મેરૂશિખરે જિનને લાવે ભક્તિથું,
હરિ પંચરૂપ કરી મનોહાર. માતા૦ ૨
એમ અસંખ્ય કોટા કોટી મલી દેવતા,
પ્રભુને ઓચ્છવ મંડાણે લઈ જાવ;
પાંડુકવન શિલાયે જિનને લાવે ભક્તિ થું,
હરિ અંકે થાયે ઇંદ્ર ઘણું ઉચ્છાય. માતા૦ ૩
એક કોડી સાઠ લાખ કલશે કરી,
વીરનો સ્નાત્ર મહોચ્છવ કરે સાર;
અનુક્રમે વીરકુમરને લાવે જનની મંદિરે,
દાસી પ્રિયવંદા જાણે તેણી વાર. માતા૦ ૪
રાજા સિદ્ધારથને દીધી વધામણી,
દાસીને દાન માન દીયે મનોહાર;

ક્ષત્રીય કુંડમાંહે ઓચ્છવ મંડાવીઓ,
પ્રજાલોકને હરખ અપાર. માતા૦ ૫

ઘર ઘર શ્રીફલ તોરણ ત્રાઠજ બાંધિયાં,
ગોરી ગાવે મંગલ ગીત રસાલ;

રાજા સિદ્ધારથે જન્મ મહોત્સવ કર્યો,
માતા ત્રિશલા થઇ ઉજમાલ. માતા૦ ૬

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે,
ઝુલે લાડકડા પ્રભુજી આનંદ ભેર;

હરખી નિરખીને ઇંદ્રાણીયો જાએ વારણે,
આજ આનંદ શ્રી વીરકુમરને ઘેર. માતા૦ ૭

વીરના મુખડા ઉપર વારૂં કોટી ચંદ્રમા,
પંકજ લોચન સુંદર વિશાલ કપોલ;

શુક ચંચુ સારિખી દીસે નિર્મલ નાસિકા,
કોમળ અધર અરૂણ રંગ રોળ. માતા૦ ૮

ઔષધિ સોવન મઢી રે શોભે હાલરે,
નાનુક આભરણ સઘલાં કંચન મોતી હાર;

કર અંગુઠો ધાવે વીરકુમર હર્ષે કરી,
કાંઇ બોલાવતાં કરે કિલ કિલાકાર. માતા૦ ૯

વીરને નિલાડે કીધો છે કુંકમ ચાંદલો,
શોભે જડિત મરકત મણિમાં દીસે લાલ;

ત્રિશલાયે જુગતે આંજી અણિયાલી બેહુ આંખડી,
સુંદર કસ્તુરીનું ટપકું કીધું ભાલ. માતા૦ ૧૦

કંચન શેલે જાતનાં રત્ને જડીયું પારણું,
ઝુલાવતી વેળા થાયે ઘુઘરનો ઘમકાર;
ત્રિશલા વિવિધ વચને હરખી ગાયે હાલરૂં,
ખેંચે કુમતીઆલી કંચન દોરી સાર. માતા૦ ૧૧
મારો લાહકવાયો સરખા સંગે રમવા જશે,
મનોહર મુખડલી હું આપીશ એહને હાથ;
ભોજન વેળા રમઝમ રમઝમ કરતો આવશે,
હું તો ધાઈને ભીડાવીશ હૃદય સાથ. માતા૦ ૧૨
હંસ કારંડવ કોકિલ પોપટ પારેવડાં,
માંહો બપૈયાને સારસ ચકોર;
મેનાં મોર મેલ્યાં છે રમકડાં રમવા તણા,
ઘમઘમ ઘુઘરા બજાવે ત્રિશલા કિશોર. માતા૦ ૧૩
મારો વીરકુમર નિશાલે ભણવા જાયશે,
સાથે સજ્જન કુટુંબ પરિવાર;
હાથી રથ ઘોડા પાલાયે ભલું શોભતું,
કરી નિશાલગરણું અતિ મનોહાર. માતા૦ ૧૪
મારા વીર સમાણી કન્યા સારી લાવશું,
મારા કુમરને પરણાવીશ મહોટે ઘેર;
મારો લાડકડો વરરાજા ઘોડે બેસશે,
મારો વીર કરશે સહાય લીલા લહેર. માતા૦ ૧૫
માતા ત્રિશલા ગાવે વીરકુમરનું હાલરૂં,
મારો નંદન જીવજો કોડાકોડી વરસ;
એ તો રાજ રાજેસર થાશે ભલો દીપતો,
મારા મનના મનોરથ પૂરશે જગીશ. માતા૦ ૧૬

ધન્ય ધન્ય ક્ષત્રીકુંડ ગામ મનોહરૂં
જિહાં વીરકુમરનો જનમ ગવાય;
રાજા સિદ્ધારથના કુલમાંહે દિનમણી,
ધન્ય ધન્ય ત્રિશલારાણી જેહની માય. માતા૦ ૧૭

એમ સૈયર ટોળો મળી ગાવે હાલરૂં,
થાશે મનના મનોરથ તેહને ઘેર;
અનુક્રમે મહોદય પદવી રૂપવિજય પદ પામશે,
ગાયે અમિયવિજય કહે થાશે લીલા લહેર. માતા૦ ૧૮

૩

છાનો મોરા છબલા, છાનો મોરા વીર, પછી તમારી દોરી તાણું;
મહાવીર કુંવર ઝુલે પારણીએ ઝુલે. ટેક૦

હીરના છે દોર, ઘુમે છે મોર, કોયલડી સુરનારી. મહાવીર૦ ૧
ઇંદ્રાણી આવે હાલણ હુલણ લાવે, વીરને હેતે કરી હુલરાવે
મહાવીર૦ ૨

સુંદર જેહની આવે, આભુષણ લાવે, ખાજાં રૂડાં લાવે;
મોતીચુર લાવે, વીરને હેતે કરી જમાડે. મહાવીર૦ ૩
વીર મોટા થાશે, નિશાળે ભણવા જાશે;
એમ ત્રિશલા માતા હરખાશે. મહાવીર૦ ૪
નંદિવર્ધન આવે, રાણી રૂડી લાવે;
વીરને હેતે કરી પરણાવે. મહાવીર૦ ૫
વીર મ્હોટા થાશે, જગતમાં જવાશે;
એમ કાંતિવિજય ગુણ ગાશે. મહાવીર૦ ૬

આમણાં

શ્રી અરિહંતજીને આમણાં રે, જેહના ગુણ છે બાર;
કરો ભવિ આમણાં રે૦
ચોત્રીશ અતિશયે રાજતા રે; વાણી ગુણ પાંત્રીશ;
કરો ભવિ આમણાં રે૦ ૧

ગામ નગરપુર વિચરતાં રે, કરતા ભવિ ઉપકાર; કરો૦
સિદ્ધ સર્વને આમણાં રે, જેહના ગુણ છે આઠ. કરો૦ ૨

સિદ્ધશિલાને ઉપરે રે, જ્યોતિમાં જ્યોતિ મિલાય; કરો૦
જે સુખ નહીં સુરરાયને, નહી રાયાં નહી રાય. કરો૦ ૩

તે સુખની ઇચ્છા કરો તો, પ્રણમો સિદ્ધના પાય; કરો૦
આચારજને આમણાં રે, જેહના ગુણ છત્રીશ. કરો૦ ૪

છત્રીશ છત્રીશે ગુણે રે, બારશેં છન્નું થાય; કરો૦
એહવે ગુણે કરી શોભતા રે, જંબૂ ગૌતમ સુધર્મ. કરો૦ ૫

ઉપાધ્યાયને આમણાં રે, જેહના ગુણપચીશ; કરો૦
પચવીશ પચવીશે ગુણે રે, છશેં પચવીશ થાય. કરો૦ ૬

રાજ કુંવર પરે શોભતાં રે, આચારજ પદ જોગ્ય; કરો૦
સર્વ સાધુને આમણાં રે, અઢીદ્વીપમાં જેહ. કરો૦ ૭

ગુણ સત્તાવીશે શોભતા રે, લેતા સુઝતો આહાર; કરો૦
સાધ્ય એક છે જેહને રે, સાધનમાં ભેદ અનેક. કરો૦ ૮

સર્વ સંઘને આમણાં રે, અરિહંતે માન્યો જેહ; કરો૦
શાસનને શોભાવતો રે, અડતાલીશ જેહના ગુણ. કરો૦ ૯

સર્વ સતીને આમણાં રે, ચંદનબાળા મૃગાવતી આદિ; કરો૦
સર્વ જીવને ખમાવીએ રે, ચોની ચોરાશી લાખ. કરો૦ ૧૦

આઠમ પાખી ખામણાં રે, ચોમાસી ત્રણ વાર; કરો૦
સંવચ્છરી ખમાવીએ રે, સંઘ સકલ જયકાર. કરો૦ ૧૧

જે ન ખમાવે ખામણાં રે, તેહનો નરકમાં વાસ; કરો૦
ખમીએ ને ખમાવીએ રે, એ જિન શાસન રીત. કરો૦ ૧૨

હર્ષે ખમાવે જે ખામણાં રે,તેહનો સ્વર્ગમાં વાસ; કરો૦
એણીપરે કીજે ખામણાં રે, તો તરીએ સંસાર. કરો૦ ૧૩

મૂકી મેલ કીજે ખામણાં રે, નિજ રૂપ લહે મનોહાર; કરો૦
અભિમત કુંવર ઇણી પરે ભણે રે, તે પામે મંગલ માલ. કરો૦ ૧૪

શ્રી પર્યુષણ પર્વની સ્તુતિઓ

૧

પુણ્યનું પોષણ પાપનું શોષણ, પર્વ પજુસણ પામીજી,
કલ્પ ધરે પધરાવો સ્વામી, નારી કહે શિશ નામીજી;
કુંવર ગયવર ખંધ ચઢાવી, ઢોલ નિશાન વજડાવોજી,
સદ્‌ગુરૂ સંગે ચઢતે રંગે, વીર ચરિત્ર સુણાવોજી. ૧

પ્રથમ વખાણે ધર્મ સારથિ પદ, બીજે સુપના ચારજી,
ત્રીજે સુપના પાઠક વલી ચોથે, વીર જનમ અધિકારજી;
પાંચમે દીક્ષા છઠ્ઠે શિવપદ, સાતમે જિન ત્રેવીશજી,
આઠમે થિરાવલી સંભળાવી, પિયુડા પૂરો જગીશજી. ૨

છઠ્ઠ અઠ્ઠમ અઠ્ઠાઇ કીજે, જીનવર ચૈત્ય નમીજેજી,
વરશી પડિક્કમણું મુનિવંદન, સંઘ સયલ ખામીજેજી;
આઠ દિવસ લગે અમર પળાવી, દાન સુપાત્રે દીજેજી,
ભદ્રબાહુ ગુરૂ વયણ સુણીને, જ્ઞાન સુધારસ પીજેજી. ૩

તીરથમાં વિમલાચલ ગિરિમાં, મેરૂ મહીધર જેમજી,
મુનિવર માંહિ જિનવર મ્હોટા, પર્વ પજુસણ તેમજી;
અવસર પામી સાહમી વચ્છલ, બહુ પકવાન્ન લડાઈજી,
ખિમાવિજય જિન દેવી સિદ્ધાઈ. દિન દિન અધિક વધાઈજી. ૪

૨

મણિ રચિત સિંહાસન બેઠા જગદાધાર,
પર્યુષણ કેરો મહિમા અગમ અપાર;
નિજ મુખથી ભાખી સાખી સુર નર વૃંદ,
એ પર્વ પર્વમાં જેમ તારામાં ચંદ. ૧
નાગકેતુની પરે કલ્પ સાધના કીજે,
વ્રત નિયમ આખડી ગુરૂ મુખ અધિકી લીજે;
દોય ભેદે પૂજા દાન પંચ પરકાર,
કર પડિક્કમણું ધર, શીયલ અખંડિત ધાર. ૨
જે ત્રિકરણશુદ્ધે આરાધે નવ વાર,
ભવ સાત આઠ અવ-શેષ તાસ સંસાર;
બહુ સૂત્ર શિરોમણિ, કલ્પસૂત્ર સુખકાર,
તે શ્રવણ સુણીને સફલ કરો અવતાર. ૩
બહુ ચૈત્ય જુહારી ખમત ખામણાં કીજે,
કરી સાહમ્મીવત્સલ, કુગતિ દ્વાર પટ દીજે;
અઠ્ઠાઇ મહોત્સવ ચિદાનંદ ચિત લાઈ,
ઇમ કરતાં સંઘને શાસન દેવ સુહાઈ. ૪

૩

વરસ દિવસમાં અષાઢ-ચોમાસું, તેમાં વળી ભાદરવો માસ,
આઠ દિવસ અતિ ખાસ;

પર્વ પજુસણ કરો ઉલ્લાસ, અઠ્ઠાઈધરનો કરવો ઉપવાસ,
પોષહ લીજે ગુરૂ પાસ;
વડા કલ્પનો છઠ્ઠ કરીજે, તેહ તણો વખાણ સુણીજે,
ચૌદ સુપન વાંચી જે;
પડવેને દિને જન્મ વંચાય, ઓચ્છવ મ્હોચ્છવ મંગલ ગાય,
વીર જિણેસર રાય. ૧

બીજ-દિને દીક્ષા-અધિકાર, સાંજ-સમય નિરવાણ વિચાર,
વીરતણો પરિવાર;
ત્રીજે-દિને શ્રીપાર્શ્વ વિખ્યાત, વળી નેમીસરનો અવદાત,
વળી નવ ભવની વાત;
ચોવીશે જિન અંતર તેવીશ, આદિ જિનેશ્વર શ્રી જગદીશ,
તાસ વખાણ સુણીશ;
ધવળ મંગલ ગીત ગહુંલી કરીએ, વલી પ્રભાવના નિત અનુસરીએ,
અઠ્ઠમ તપ જપ વરીએ. ૨

આઠ દિવસ લગે અમર પળાવો, તેહ તણો પડહો વજડાવો,
ધ્યાન ધરમ મન ભાવો;
સંવત્સરી દિન સાર કહેવાયે, સંઘ ચતુર્વિધ ભેળો થાય,
બારશેં સુત્ર સુણાય;
થિરાવલી ને સમાચારી, પટ્ટાવળી પ્રમાદ નિવારી,
સાંભળજો નર નારી;
આગમ સુત્રને પ્રણમીશ, કલ્પસૂત્ર શું પ્રેમ ધરીશ,
શાસ્ત્ર સર્વે સુણીશ. ૩

સત્તરભેદી જિન પૂજા રચાવો, નાટક કેરા ખેલ મચાવો,
વિધશું સ્નાત્ર ભણાવો;

આડંબરશું દેહરે જઈએ, સંવત્સરી પડિક્કમણું કરીએ,
સંઘ સર્વને ખમીજે;
પારણે સાહમીવચ્છલ કીજે, યથાશક્તિએ દાન જ દીજે,
પુણ્ય ભંડાર ભરીજે;
શ્રી વિજય ક્ષેમસૂરિ ગણધાર, જશવંતસાગર ગુરૂ ઉદાર,
જિણુંદસાગર જયકાર. ૪

૪

સત્તર ભેદી જિનપૂજા રચીને, સ્નાત્ર મહોચ્છવ કીજેજી,
ઢોલ દદામા ભેરી ન ફેરી, ઝલ્લરીનાદ સુણીજેજી;
વીરજિન આગળ ભાવના ભાવી, માનવ ભવફળ લીજેજી,
પર્વ પજુસણ પૂરવ પૂણ્યે, આવ્યાં એમ જાણીજેજી. ૧

માસ પાસ વલી દશમ દુવાલસ, અત્તારે અઠ્ઠ કીજેજી,
ઉપર વળી દસદોય કરીને, જિન ચોવીશે પૂજીજેજી;
વડાકલ્પનો છઠ્ઠ કરીને, વીર ચરિત્ર સુણીજેજી,
પડવાને દિન જન્મ મહોત્સવ, ધવળ મંગળ વરતીજેજી. ૨

આઠ દિવસ લગે અમર પળાવી, અટ્ઠમનો તપ . કીજેજી,
નાગકેતુની પરે કેવલ લહીએ, જો શુભ ભાવે રહીએજી;
તેલાધર દિન ત્રણ કલ્યાણક, અણધર વાદ વદીજેજી,
પાસ નેમિશ્વર અંતર ત્રીજે, ઋષભ ચરિત્ર સુણીજે જી. ૩

બારસેં સૂત્ર ને સમાચારી, સંવચ્છરી પડિક્કમીએજી,
ચૈત્યપ્રવાડી વિધિશું કીજે, સકલ જંતુને ખામીજેજી;
પારણાને દિન સ્વામીવત્સલ, કીજે અધિક વડાઈજી,
માનવિજય કહે સકલ મનોરથ, પૂરે દેવી સિદ્ધાઈજી. ૪

૫

પર્વ પજુસણ પુન્યે કીજે, સત્તર ભેદી જિન પૂજા રચીજે,
વાજિંત્ર નાદ સુણીજે;
પ્રભાવના શ્રીફલની કીજે, યાચક જનને દાનજ દીજે;
જીવ અમારી કરીજે;
મનુષ્ય જન્મ ફલ લાહો લીજે, ચોથ છઠ્ઠ અઠ્ઠમ તપ કીજે,
સાહમીવચ્છલ કીજે,
પંમ અઠ્ઠાઇ મહોચ્છવ કીજે, કલ્પસૂત્ર ઘેર પધરાવીજે,
આદિનાથ પૂજીજે. ૧

વડાકલ્પ દિન ધૂરી મંડાણુ, દશ કલ્પ આંચાર પરિમાણુ,
નાગકેતુ વખાણુ;
પછી કહીએ સૂત્ર મંડાણુ, નમુત્થુણં હોય પ્રથમ વખાણુ,
મેઘકુમાર અહિઠાણુ;
દશ અચ્છેરાનો અધિકાર,ઇંદ્ર આદેશે ગર્ભ પરિહાર,
ઢેખે સુપન ઉદ્ધાર;
ચોથે સ્વપને બીજું સાર, સ્વપ્નપાડક આવ્યા દરબાર,
પંમ ત્રીજું જયકાર. ૨

ચોથે વીર જનમ વખાણુ, દ્વિધિ કુમરી સવી ઇંદ્રની જાણુ,
દીક્ષા પંચ વખાણુ;
પારણે પરિસહ તપ ને નાણુ, ગણધર વાદ ચોમાસું પરિમાણ,
તિમ પામ્યા નિરવાણુ;
એ છઠ્ઠે વખાણે કહીએ, તેલાધર દિવસ એમ લહીએ,
શ્રી વીર ચરિત્ર એમ સુણીએ;

પાસ નેમાજિન અંતર સાત, આઠમે ૠષભ થેરા અવદાત,
સુણતાં હોયે શિવ સાથ. ૩
સંવચ્છરી દિન સહુ નરનારી, બારસેં સુત્રને સમાચારી,
નિસુણે અટ્ઠમ ધારી;
સુણીએ ગુરૂ પટ્ટાવલી સારી, ચૈત્ય પ્રવાડી અતિ મનોહારી,
ભાવે દેવ જુહારી;
સાહમી સાહમણી ખામણા કીજે, સમતા રસમાંહી ઝીલીજે,
દાન સંવચ્છરી દીજે;
ધર્મ ચક્કેસરી સાનિધ્ય કીજે, જ્ઞાનવિમલસુરિ જગ જાણીજે,
સુજશ મહોદય લીજે. ૪

શ્રી પર્યુષણ પર્વની સજઝાય.

૧

પર્વ પજૂસણ આવીયાં રે લાલ,
કીજે ઘણાં ધર્મ ધ્યાન રે; ભવિક જન.
આરંભ સકલ નિવારીયે રે લાલ,
જીવોને દીજે અભયદાન રે. ભ૦ પર્વ૦ એ આંકણી ૧
સઘલા માસમાંહે શિરે રે લાલ, ભાદ્રવ માસ સુમાસ રે; ભ૦
તિણમાંહે આઠ દિન રુઅડા રે લાલ,
કીજે સુકૃત ઉલ્લાસ રે. ભ૦ પર્વ૦ ૨
આંઠણુ પીસણુ ગારનાં રે લાલ, ન્હાવણ ધોવણ જેહરે; ભ૦
એહવા આરંભ ટાલવા રે લાલ,
ઉત્સવ કરીયે અનેક રે. ભ૦ પર્વ૦ ૩
પુસ્તકવાસી ન રાખીયે રે લાલ, ઉત્સવ કરીયે અનેક રે; ભ૦
ધર્મ સારૂ વિત્ત વાવરો રે લાલ, હઇયે આણો વિવેક રે. ભ૦પર્વ૦૪

પૂજી અર્ચી આણીયે રે લાલ, શ્રીસદ્‌ગુરુની પાસ રે; ભ૦
ઢોલ દાદમાં ફેરીયાં રે લાલ, માંગલિક ગાવો ગીત રે. ભ૦ પર્વ૦ ૫
શ્રીફલ સિખર સોપારિયાં રે લાલ, દીજે સાહમીને હાથ રે; ભ૦
લાભ અનંતા વધાવતાં રે લાલ,
શ્રીમુખ ત્રિભુવન નાથ રે. ભ૦ પર્વ૦ ૬
નવ વાંચન કલ્પસૂત્રનું રે લાલ, સાંભલો સૂધો ભાવ રે; ભ૦
સાહમીવત્સલ કીજીયે રે લાલ, ભવજલ તરવા નાવ રે. ભ૦ પર્વ૦૭
ચિત્ત કરી ચૈત્ય જુહારીયે રે લાલ, પૂજા સત્તર પ્રકાર રે; ભ૦
અંગ પૂજા સદ્‌ગુરૂતણી રે લાલ, કીજે હર્ષ અપાર રે. ભ૦ પર્વ૦ ૮
જીવ અમારી પલાવીયે રે લાલ, તિણથી શિવસુખ હોય રે; ભ૦
દાન સંવત્સરી દીજીયે રે લાલ,
ધર્મ સમ પર્વ ન કોય રે. ભ૦ પર્વ૦ ૯
કાઉસ્સગ્ગ કરીને સાંભલો રે લાલ, આગમ આપણે કાન રે; ભ૦
છઠ્ઠ અટ્ઠમ તપ આકરાં રે લાલ,
કીજીયે ઉજવલ ધ્યાન રે. ભ૦ પર્વ૦ ૧૦
ત્રણવિધે જે આરાધશે રે લાલ, તે લહેશે સુખ કોડિ રે; ભ૦
મુક્તિ મંદિરમેં માલશે રે લાલ,
મતિહંસ નમે કર જોડિ રે. ભ૦ પર્વ૦ ૧૧

શ્રી પર્યુષણપર્વના નવ વ્યાખ્યાનની સજ્ઝાય.

ઢાળ ૧ લી

પર્વ પજૂસણ આવીયાં, આનંદ અંગે ન માય રે;
ઘર ઘર ઉત્સવ અતિ ઘણા, શ્રી સંઘ આવીને જાય રે.
પર્વ પજૂસણ આવીયાં, એ આંકણી. ૧

જીવ અમારી પલાવિયે, કીજીયે વ્રત પચ્ચખ્ખાણ રે;
ભાવ ધરિ ગુરૂ વંદિયે, સૂણિયે સૂત્ર વખાણ રે. પર્વ૦ ૨
આઠ દિવસ એમ પાલિયે, આરંભનો પરિહારો રે;
નાવણ ધોવણ ખંડણ, લેપણ પીસણ વારો રે. પર્વ૦ ૩
શક્તિ હોય તો પચ્ચખીયે, અઠાયે અતિ સારો રે;
પરમભક્તિ પ્રીતિ લાવિયે, સાધુને ચાર આહારો રે. પર્વ૦ ૪
ગાય સોહા ગણ સવિ મલી, ધવલ મંગલ ગીત રે;
પકકવાને ઘરિ પોષિયે, પારણે સાહમિ મન પ્રીત રે. પર્વ૦ ૫
સત્તરભેદિ પૂજા રચી, પૂજિયે શ્રી જિનરાય રે;
આગલ ભાવના ભાવિયે, પાતક મલ ધોવાય રે. પર્વ૦ ૬
હોચ કરાવે રે સાધુજી, બેસે બેસણાં માંડી રે;
શીર વિલેપન કીજીયે, આલસ અંગથી છંડી રે. પર્વ૦ ૭
ગજગતિ ચાલે ચાલતી, સોહાગણ નારી તે આવે રે;
કુંકમ ચંદન ગહુંલી, મોતિયે ચોક પુરાવે રે. પર્વ૦ ૮
કૃપા મોહરે પ્રભાવના, કરિયે તવ સુખકારી રે;
શ્રી ક્ષમાવિજય કવિરાયનો, લઘુ ભાણકવિજય જયકારી રે.
પર્વ૦ ૯

ઢાળબીજી

પહેલે દિન બહુ આદર આણી, કલ્પસૂત્ર ઘર શાહો;
કુસુમ વસ્ત્ર કેસરશું પૂજી, રાતિ જગે લિયે લાહો રે
પ્રાણી કલ્પસૂત્ર આરાધો, આરાધી શિવસુખ સાધો રે;
ભવિજન કલ્પસૂત્ર આરાધો. એ આંકણી. ૧
પ્રહ ઉઠીને ઉપાશ્રયે આવી, પૂજી ગુરૂ નવ અંગે;
વાજિત્ર વાજતાં મંગલ ગાવતાં, દિયે બહુલી મન રંગે રે પ્રા૦ક૦ ૨

મન વચ કાયાએ ત્રિકરણ શુદ્ધે, શ્રીજિનશાસન માંહે;
સુવિહિત સાધુતણે મુખ સુણિયે,ઉત્તમ સૂત્ર ઉમાહી રે. પ્રા૦૬૦૩
ગિરિમાંહે જિમ મેરૂ વડો ગિરિ, મંત્રમાંહે નવકાર;
વૃક્ષમાંહે કલ્પવૃક્ષ અનુપમ, શાસ્ત્રમાંહે કલ્પ સાર રે. પ્રા૦૬૦૪
નવમા પૂર્વનું દશાશ્રુત, અધ્યયન આઠમું જેહ;
ચૌદ પૂર્વધર શ્રીભદ્રબાહુ, ઉદ્ધર્યું શ્રી કલ્પ એહ રે. પ્રા૦૬૦ ૫
પહેલા મુનિ દશ કલ્પ વખાણ્યા, ક્ષેત્રગુણ કહ્યા તેર;
તૃતિય રસાયન સરિખું એ સૂત્ર,પૂરવમાં નહિ ફેર રે. પ્રા૦૬૦ ૬
નવશે તાણું વરસે વીરથી, સદા કલ્પ વખાણ;
ધ્રુવસેનરાજા પુત્રની આરતી, આનંદ પૂર મંડાણ રે. પ્રા૦ ૬૦૭
અષ્ટમ તપ મહિમા ઉપર, નાગકેતુ દૃષ્ટાંત.
એતો પીઠીકા હવે સૂત્રવાંચના, વીરચરિત્ર સુણો સંતરે. પ્રા૦ ૬૦ ૮
જંબુદ્વીપમાં દક્ષિણ ભરતે, માહણ કુંડ સુઠામ;
આષાઢ સુદિ છઠે ચવિયા, સુરલોકથી અભિરામ રે. પ્રા૦ ૬૦ ૯
ઋષભદત્ત ઘરે દેવાનંદા, કુખે અવતરિયા સ્વામી;
ચૌદ સુપન દેખી મન હરખી, પીયુ આગલ કહી તામ રે. પ્રા૦૬૦૧૦
સુપન અર્થ કહ્યો સુત હોશે, એહવે ઇંદ્ર આલોચે;
બ્રાહ્મણ ઘર અવતરીયા દેખી, બેઠો સુર લોક શોચે રે. પ્રા૦૬૦ ૧૧
ઇંદ્રે સ્તવિ ઉલટ આણી, પૂરણ પ્રથમ વખાણ;
મેઘકુમાર કથાથી સીઝે, કહે બુધ માણેક જાણિ રે. પ્રા૦ ૬૦ ૧૨

ઢાળત્રીજી

ઇંદ્ર વિચારે ચિત્તમાં જી, એ તો અચરીજ વાત;
નીચકુલે નાવ્યા કદાજી, ઉત્તમ પુરુષ અવદાત. સુગુણ નર, ૧

જુઓ જુઓ કર્મપ્રધાન,કર્મ સબલ બલવાન સુ૦જુ૦એ આંકણી.
આવે તો જન્મે નહિંજી, જિનચક્રી હરિ રામ;
ઉગ્ર ભોગ રાજન કુલેજી, આવે ઉત્તમ ઠામ. સુ૦ જુ૦ ૨
કાલ અનંતે ઉપનાજી, દશ અચ્છેરાં રે હોય;
તિણે અચ્છેરૂં એ થયું જી, ગર્ભ હરણ દશમાંહે સુ૦ જુ૦ ૩
અથવા પ્રભુ સત્યાવીશમાં જી, ભવમાં ત્રીજે જન્મ;
મરીચિ ભવ કુલમદ કિયો જી,તેથી બાંધ્યું નીચ કર્મ. સુ૦જુ૦૪
ગોત્ર કર્મ ઉદયે કરીજી, માહણ કુલે ઉવવાય;
ઉત્તમ કુલે જે અવતારેજી, ઇંદ્રિજીત તે થાય. સુ૦જુ૦ ૫
હરિણગમેષી તેડીને જી, હાર કહે એહ વિચાર;
વિપ્રકુલથી લેઇ પ્રભુજી, ક્ષત્રિય કુલે અવતાર. સુ૦ જુ૦ ૬
રાય સિદ્ધારથ ઘર ભલીજી, રાણી ત્રિશલા દેવી;
તાસ કુખે અવતરીયાજી, હરિ સેવક તતખેવ, સુ૦જુ૦ ૭
ગજ વૃષભાદિક સુંદરૂં જી, ચૌદ સુપન તિણિવાર;
દેખી રાણી જેહવાંજી, વર્ણવ્યા સૂત્રે સાર. સુ૦જુ૦ ૮
વર્ણન કરી સુપન તણુંજી, મૂકી બીજું વખાણ;
શ્રી ક્ષમાવિજય ગુરૂ તણોજી, કહે માણક્ય ગુણખાણ. સુ૦જુ૦ ૯

ઢાળ ચોથી

દેખી સુપન તવ જાગી, એ તો હિયડે હેતજ આણી રે;
ઉઠી ને પિયુ પાસે તે આવે, કોમલ વચને જગાવે રે.
પ્રભુ અર્થ પ્રકાશે એ આંકણી. ૧
કર જોડીને સુપન સુણાવે, ભૂપતિને મન ભાવે રે; પ્ર૦
કહે રાજા સુણ પ્રાણ પિયારી, તુમ પુત્ર હોશેસુખકારી રે. પ્ર૦ ૨

જાએા સુભગે સુખ સજ્જાયે શયન કરેાને સજ્જાયે રે; પ્ર૦
નિજઘર આવી રાત્રિ વિહાઈ, ધર્મ કથા કહે બાઈ રે. પ્ર૦ ૩
પ્રાત સમય થયેા સૂરજ ઉગ્યેા, ઉઠયેા રાય ઉમાયેા રે; પ્ર૦
કૌટુંબિક નર વેગે બેાલાવે, સુપન પાઠક તેડાવે રે. પ્ર૦ ૪
આવ્યા પાઠક આદર પાવે, સુપન અર્થ સમજાવે રે;
દ્વિજ અર્થ પ્રકાશે. એ. આંકણી
જિનવર ચક્રી જનની પેખે, ચૌદ સુપન સુવિશેષે. દ્વિ૦ ૫
વાસુદેવની માતા સાત, ચાર બલદેવની માત રે; દ્વિ૦
તે માટે એ જિનચક્રી સારેા, હેાશે પુત્ર તુમારેા રે. દ્વિ૦ ૬
સુપન વિચાર સુણી પાઠકને, સંતેાષે નૃપ બહુ દાને રે; દ્વિ૦
સુપન પાઠક ઘરે બેાલાવી, નૃપરાણી પાસે આવી રે. દ્વિ૦ ૭
સુપન કહ્યાં તે સંખેવે, સુખ પામી પ્રિયા તતખેવેરે; દ્વિ૦
ગર્ભપેાષણ કરે હવે હર્ષે, રાણી અંગ આનંદ વરષે રે. દ્વિ૦૮
પંચ વિષય સુખ રંગે વિલસે, અમ પુણ્ય મનેારથ ફલશે રે; દ્વિ૦
એટલે પુરૂં ત્રીજું વખાણ, કરે માણેક જિન ગુણ જ્ઞાન રે. દ્વિ૦ ૯

ઢાળ પાંચમી

ધનદ તણે આદેશથી રે, મન મેાહનાં રે લાલ,
તિર્યંગજૃંભક દેવ રે;
જઈ સેાહનાં રે લાલ, રાય સિદ્ધારથને ઘરે રે. મ૦
વૃષ્ટિ કરે નિત્યમેવ રે. જ૦ ૧

કનક રયણ મણિ રૌપ્યની રે, મ૦ ઘણુ કણ ભૂષણ પાન રે;જ૦
વરસાવે ફલ કુલની રે, મ૦ નુતન વસ્ત્ર નિધાન રે. જ૦ ૨
વાધે દેાલત દિન પ્રત્યે રે, મ૦ તેણે વર્દ્ધમાન હેત રે; જ૦
દેશું નામજ તેહનું રે, મ૦ માતપિતા સંકેત રે. જ૦ ૩

માતાની ભક્તિ કરી રે, મ૦ નિશ્ચલ પ્રભુ રહ્યા તામ રે; જ૦
માતા આરતિ ઉપની રે, મ૦ શું થયું ગર્ભને આમ રે. જ૦ ૪
ચિંતાતુર સહુ દેખીને રે, મ૦ પ્રભુ હાલ્યા તેણિ વાર રે; જ૦
હર્ષ થયો સહુ લોકને રે, મ૦ આનંદમય અપાર રે. જ૦ ૫
ઉત્તમ ડોહલા ઉપજે રે, મ૦ દેવ પૂજાદિક ભાવ રે; જ૦
પૂરણ થાયે તે સહુ રે, મ૦ પૂરવ પુણ્ય પ્રભાવે રે. જ૦ ૬
નવ માસ પુરા ઉપરે, મ૦ દિવસ સાડા સાત રે; જ૦
ઉચ્ચ સ્થાને ગ્રહ આવતાં રે, મ૦ વાયે અનુકૂલ વાત રે. જ૦ ૭
વસંત ઋતુ વન મોરિયાં રે, મ૦ જનમન હર્ષ ન માય રે; જ૦
ચૈત્ર માસ સુદિ તેરશે રે, મ૦ જિન જન્મ્યા અડધિરાત રે. જ૦ ૮
અજુવાલું ત્રિહું જગ થયું રે, મ૦ વરત્યો જય જયકાર રે; જ૦
ચોથું વખાણ પૂરણ ઇહાં રે, મ૦
ભુધ માણકવિજય હિતકાર રે. જ૦ ૯

ઢાળ છઠ્ઠી

જિનનો જન્મ મહોત્સવ પહેલો રે,
છપ્પન દિશિ કુમરી વહેલો રે;
ચોસઠ ઇંદ્ર મલી પછે ભાવે રે,
જિનને મેરૂ શિખર લઈ જાવે રે. ૧
ક્ષીર સમુદ્રનાં નીર અણાવી રે,
કનક રજત મણિ કુંભ રચાવી રે;
એક કોટિ સાઠલાખ ભરાવે રે,
એહવે ઇંદ્રને સંદેહ આવે રે. ૨
જલધારા કેમ ખમશે બાલ રે,
તવ પ્રભુ હરિનો સંશય ટાલ રે;

અંગુઠે કરી મેરૂ હલાવે રે,
હરિ ખામીને જિન ન્હવરાવે રે. ૩
ભાવનાચંદન અંગે લગાવે રે, પૂજી પ્રભુની ઘરે પધરાવે રે;
સબલવિધાની સિદ્ધારથ રાજા રે, દશ જિન ઉત્સવ કરો તાજા રે.૪
કુંકુમ હાથા દિયે ઘરબારે રે, વાજાં વાગે વિવિધ પ્રકારે રે;
ધવલ મંગલ ગોરી ગાવે રે, સ્વજન કુટુંબ તે આનંદ પાવે રે. ૫
પક્કવાન શું પોષો નાત રે, નામ ધર્યું વર્દ્ધમાન વિખ્યાત રે;
ચંદ્રકલા જિમ વાધે વીર રે, આઠ વરસના થયા વડવીર રે. ૬
દેવસભામાં ઇંદ્ર વખાણે રે, મિથ્યાદૃષ્ટિ સુર નવી માને રે;
સાપનું રુપ કરિ વિકરાલ રે, આવ્યો દેવ બિવરાવવા બાલ રે. ૭
નાંખ્યો વીરે હાથે સાહી રે, બાલક રૂપ કરી સુર ત્યાંહી રે;
વીરની સાથે આવ્યો રમવા રે, જાણી હાર્યો સુર તે બલમાં રે.૮
નિજ ખંધોલે વીરને ચઢાવે રે, સાત તાડ પ્રમાણ તે થાવે રે;
વીરે માર્યો મુષ્ટિપ્રહાર રે, બીનો સુર તે કર્યો પોકાર રે. ૯
દેવ ખમાવી કહે સુણ ધીર રે, જગમાં મોટો તું મહાવીર રે;
માત પિતા હવે મુહૂરત વાટ રે, સુતને ભૂકે ભણવા સાટ રે. ૧૦
આવી ઇંદ્ર તે પૂછવા લાગ્યો રે, વીરે સંશય સઘલો ભાંગ્યો રે;
જૈન વ્યાકરણ તિહાં હોવેરે, પંડયો ઉભો આગલ જોવે રે. ૧૧
મતિ શ્રુત અવધિજ્ઞાને પૂરા રે, સંભોમાતપે શૂરા રે;
અતિ આગ્રહથી પરણ્યા નારી રે,સુખ ભોગવે તેહશું સંસારી રે. ૧૨
નંદિવર્દ્ધન વડેરો ભાઇ રે, બહેની સુદંસણા બહુ સુખદાઈ રે;
સુરલોકે પહોતાં માયને તાય રે, પૂર્ણ અભિગ્રહ વીરનો થાય રે. ૧૩
દેવ લોકાંતિક સમય જણાવે રે, દાન સંવત્સરી દેવા મંડાવે રે;
માગશિર વદી દશમી વ્રત લીનો રે,તીવ્ર ભાવથી લોચ તવ કીનો રે.૧૪

દેશ વિદેશે કરે વિહાર રે, સહે ઉપસર્ગ જે સબલ ઉદાર રે;
પુરૂં પાંચમું વખાણ તે અહીં રે,
પભણે માણક વિબુધ ઉમાહી રે. ૧૫

ઢાળ સાતમી

ચારિત્ર લેતાં ખંધે મૂકયું, દેવદુષ્ય સુરનાથેજી
અર્દ્ધ તેહનું આપ્યું પ્રભુજી, બ્રાહ્મણને નિજ હાથેજી. ૧
વિહાર કરતાં કાંટે વલગ્યું, બીજું અર્દ્ધ તે ચૈલજી;
તેર માસ સચૈલક રહિયા, પછે કહીયે અચૈલજી. ૨
પન્નર દિવસ રહી તાપસ આશ્રમે, સ્વામી પ્રથમ ચોમાસેજી;
અસ્થિગ્રામે પહોતા જગગુરૂ, શૂલપાણિની પાસેજી. ૩
કષ્ટ સ્વભાવ વ્યંતર તેણે કીધા, ઉપસર્ગ અતિ ઘોરજી;
સહી પરિસહ તે પ્રતિબોધી, મારી નિવારી જોરજી. ૪
મોરાક ગામે કાઉસ્સગ્ગ પ્રભુજી, તાપસ તિહાં કરલેઢીજી;
અહમ્મછંદકનું માન ઉતાર્યું, ઇંદ્રે આંગુલી છેદીજી. ૫
કનકખલે કોશિક વિષધર, પરમેશ્વર પડિબોહ્યો જી;
ધવલ રૂધિર દેખી જિન દેહે, જાતિસ્મરણ સોહ્યોજી. ૬
સિંહ દેવ જીવે કિયો પરિસહ, ગંગા નદી ઉતારે જી;
નાવ નેમ જ્ઞાન કરતો દેખી, કંબલ સંબલ નિવારેજી. ૭
ધર્માચાર્ય નામે મખલી, પુત્રે પરિવર્યા જાલાજી;
તેજોલેશ્યા મૂકી પ્રભુને, તેહને જીવિત દાન આલ્યાંજી. ૮
વાસુદેવ ભવે પુતના રાણી, વ્યંતરી તાપસ રૂપેજી;
જટા ભરી જલ છાંટે પ્રભુને, તો પણ ધ્યાન સ્વરૂપેજી. ૯
ઇંદ્ર પ્રશંસા અણુમાનતે સંગમે, સુરે બહુ દુઃખ દીધાંજી;
એક રાત્રિમાં વીશ ઉપસર્ગ, કઠોર નિઠોર તેણે કીધાજી. ૧૦

છ માસવાહા પુઠેં પડિયેા, આહાર અસૂજતો કરતોજી;
નિશ્ચલ ધ્યાન નિહાલી પ્રભુનું, નાઠેા કર્મથી ડરતોજી. ૧૧
હજી કર્મ તે અઘોર જાણી, મને અભિગ્રહ ધારેજી;
ચંદનબાલા અહદને બાકુલે, ષટમાસી તપ પારેજી. ૧૨
પૂરવ ભવ વૈરી ગોવાલે, કાને ખીલા ઠોકયાજી;
ખરક વૈદ્યે ખેંચી કાઢયા, ઇણપેરે સહુ કર્મ રોકયાંજી. ૧૩
બાર વર્ષ સહેતાં ઇમ પરિસહ, વૈશાખ સુદિ દિન દશમીજી;
કેવલજ્ઞાન ઉપન્યું પ્રભુને, વારી ચિહું ગતિ વિષમીજી. ૧૪
સમેાસરણ તિહાં દેવે રચિયું, બેઠા ત્રિભુવન ઇશજી;
શેાભિતા અતિશય ચેાત્રીશે, વાણી ગુણ પાંત્રીશજી. ૧૫
ગઉતમ પ્રમુખ એકાદસ ગણધર, ચઉદ સહસ મુનિરાયજી;
સાધવી છત્રીશ સહસ્ર અનેાપમ, દીઠે દુર્ગતિ જાયજી. ૧૬
એક લાખ ને સહસ એાગણસાઠ, શ્રાવક સમકિત ધારીજી;
ત્રણલાખ ને સહસ અઢારશેં, શ્રાવિકા સેાહે સારીજી. ૧૭
સ્વામિ ચઉવિહ સંઘ અનુક્રમેં, પાવાપુરી બાય ધારેજી;
કાર્તિક વદી અમાવાસ્યા દિવસે, પહેાતા મુક્તિ મઝારે જી. ૧૮
પર્વ દીવાલી તિહાંથી પ્રગટાઈ, કીધેા દીપ ઉદ્યોત જી;
રાય મલ્લોને તિણે પ્રભાતે, ગેાતમ કેવલ હેાત જી. ૧૯
તે શ્રી ગેાતમ નામ જપતાં, હેાવે મંગલ માલજી;
વીરમુકતે ગયાથી નવશેં, એંશી વરસેં સિદ્ધાંત જી. ૨૦
શ્રી ક્ષમાવિજય શિષ્ય બુધ માણુક કહે, સાંભલેા શ્રોતા સુજાણજી;
અમર જિણેસર તવ એ ચરિત્રે, મૂકયું છહું વખાણુજી. ૨૧

ઢાળ ૮ મી

કાશીદેશ બનારસી સુખકારી રે, અશ્વસેન રાજાન, પ્રભુઉપકારીરે;
પટ્ટરાણી વામા સતી,સુ૰ રુપે રંભ સમાન. પ્ર૰ ૧

ચૌદ સ્વપન સુચિત ભલાં, સુ૦ જન્મ્યા પાસ કુમાર; પ્ર૦
પોષવદિ દશમી દિને, સુ૦ સુર કરે ઉત્સવ સાર. પ્ર૦ ૨
દેહમાન નવ હાથનું, સુ૦ નીલ વરણ મનોહાર; પ્ર૦
અનુક્રમે જોબન પામિયા સુ૦ પરણી પ્રભાવતી નાર. પ્ર૦ ૩
કમઠ તણો મદ ગાલીયો,સુ૦ કાઢયો જલતો નાગ; પ્ર૦
નવકાર સુણાવી તે કીયો, સુ૦ ધરણરાય મહાભાગ. પ્ર૦ ૪
પોષ વદી એકાદશી, સુ૦ વ્રત લઇ વિચરે સ્વામ; પ્ર૦
વડતલે કાઉસ્સગ્ગે રહ્યા, સુ૦ મેઘમાલી સુર તામ. પ્ર૦ ૫
કરે ઉપસર્ગ જલવૃષ્ટિનો, સુ૦ આવ્યું નાસિકા નીર; પ્ર૦
ચુક્યા નહિ પ્રભુ ધ્યાનથી, સુ૦ સમરથ સાહસ ધીર. પ્ર૦ ૬
ચૈત્ર વદિ ચોથને દિને, સુ૦ પામ્યા કેવલ નાણ; પ્ર૦
ચઉવિહ સંઘ થાપી કરી, સુ૦ આવ્યા સમેતગિરિ ઠાણ. પ્ર૦ ૭
પાલી આયુ સો વર્ષનું, સુ૦ પહોતા મુક્તિ મહંત; પ્ર૦
શ્રાવણ સુદિ દિન અષ્ટમી, સુ૦ કીધો કર્મનો અંત. પ્ર૦ ૮
પાસ વીરને આંતરૂં, સુ૦ વર્ષ અઢીશેં જાણ; પ્ર૦
કહે મણેક જિન દાસને, સુ૦ કીજે કોટિ કલ્યાણ. પ્ર૦ ૯

ઢાળ નવમી

સૌરિપુર સમુદ્રવિજય ઘેર, શિવા દેવી કુખે સારો રે;
કાર્તિક વદી બારશ દીને, અવતરયા નેમ કુમારો રે. ૧
જયો જયો જિન બાવીશમો, એ આંકણી,
ચૌદ સ્વપન રાણિયે પેખયાં, કરવો સ્વપ્ન તણો વિચાર રે;
શ્રાવણ સુદિ દિન પંચમી, પ્રભુ જન્મ હુઓ જયકાર રે. જયો૦ ૨
સુરગિરિ ઉત્સવ સુર કરે, જિનચંદ્ર કલા જિમ વાધે રે;
એક દિન રમતાં રંગમાં, હરિ આયુધ સઘલાં સાધે રે. જ૦ ૩

અમર સુણી હરિ શંકિયા, પ્રભુ લઘુવયથકી બ્રહ્મચારી રે;
જ્ઞાનવંત જાણી જિનને, વિવાહ મનાવે મુરારી રે. જ૦ ૪
જન જાદવ આગ્રહે, જિન આવ્યા તોરણ બાર રે;
ઉગ્રસેન ઘર આંગણિયે, તવ સુણીયો પશુ પોકાર રે. જ૦ ૫
કરુણાનિધિ રથ ફેરવ્યો, નહિ માન્યો કહેણ કેહનો રે;
રાજુલને ઘટકે ઘણું, નવભવનો સ્નેહ છે જેહનો રે. જ૦ ૬
દાન દેઇ સંયમ લિયેા, શ્રાવણ છઠ અજુઆલી રે;
ચોપન દિન છદ્મસ્થ રહી, લહ્યું કેવલ કર્મને ગાલી રે. જ૦ ૭
આશેા વદિ અમાવાસે, દે દેશના પ્રભુ સારી રે;
પ્રતિબોધ પામી વ્રત લીયેા, રહે નેમ રાજુલ નારી રે. જ૦ ૮
આષાઢ સુદિ દિન અષ્ટમી, પ્રભુ પામ્યા પદ નિર્વાણો રે;
રેવતગિરિવર ઉપરે, મધ્યરાત્રિયે તે મન આણો રે. જ૦ ૯
શ્રી પાર્શ્વનાથ થયા પહેલાં, કયારે નેમ થયા નિરધારો રે;
સાડા સાતસેં ત્યાશી હજાર વર્ષ, ચિત્તમાંહે ચતુર વિચારો રે. જ૦ ૧૦
સહુકો જિનનાં આંતરાં, મન દેઈ મુનિવર વાંચે રે;
ઈહાં પૂરણ વ્યાખ્યાન સાતમું, સુણી પુણ્ય ભંડારને સાંચે રે. જ૦ ૧૧

ઢાળ દશમી

ઇક્ષ્વાકુભૂમે નાભિ કુલધર ઘરે જી, સોહે મરૂદેવી તસનાર રે;
અષાઢ વદિ સુરલોકથી ચવી રે, અવતરિયા જગ સુખકાર રે. ૧
પ્રણમેા કવિજન આદિ જિણેસરૂ રે, એ આંકણી
ગજ વૃષભાદિક ચોદ સુહણેજી, દીઠાં માડિયેં માગમ શાત રે;
સુપન અર્થ કહે નાભિ કુલધરૂજી, હોશે નંદન વીર વિખ્યાત રે. પ્ર૦ ૨
ચૈત્ર અંધારી આઠમે જનમિયાજી, સુર મલી ઉત્સવ સુરગિરિ કીધરે;
દીઠો વૃષભ તે પેલે સુપનેજી, તેણે કરી નામ ઋષભ તે દીધ રે. પ્ર૦ ૩

વાધે રૂષભજી કલ્પ વેલિજ્યું રે, દર્શન દીઠે સકલ સમૃદ્ધિ રે;
બાલક રૂપ કરીને દેવતાજી, ખેલે જિન સાથે હેત વૃદ્ધિ રે. પ્ર૦૪
કુમરી સુનંદા બીજી સુમંગલા જી, જિનને પરણાવી હરિખાય રે;
થાપી અયોધ્યા નગરી વસાવીને રે,
થાપી રાજનિતિ તિણઠાય રે. ૫

રીતિ પ્રકાશી સઘલી વિશ્વની રે,
કિયેા અસી મષી કૃષી વ્યવહાર રે,
બેકસેા વીશ અને નર નારી કલા રે;
પ્રભુજી યુગલાધર્મ નિવાર રે પ્ર૦ ૬
ભરતાદિક શત પુત્ર સેાહામણા રે, બેટી બ્રાહ્મી સુંદરી સાર રે;
લાખ ત્રાસી પૂરવ ગૃહિપણેજી,
ભેાગવી ભેાગ ભલા મનેાહાર રે. ૭
દેવ લેાકાંતિક સમય જણાવિયેા રે, જિનને દીક્ષાનેા વ્યવહાર રે;
એક કેાટિ આઠ લાખ સેાવન દિન પ્રત્યે રે,
દેઇ વરસીદાન ઉદાર રે પ્ર૦ ૮
ચૈત્રઅંધારી આઠમે આદરયેા રે, સંયમ મુષ્ટિયે કરી લેાચ રે;
શ્રેયાંસકુમાર ઘરે વરષી પારણું જી,
કીધું ઇક્ષુરસે ચિત્ત સાચ રે. ૯

સહસ્ર વર્ષ લગેં છદ્મસ્થપણે રહ્યા જી,
પછી પામ્યા કેવલ જ્ઞાન રે;
ફાગણ અંધારી અગ્યારશ દિનેજી,
સુર કરે સમવસરણ મંડાણ રે. પ્ર૦ ૧૦
ત્યાં બેસી પ્રભુ ધર્મ દેશના રે,
સાહમીને સુણે પર્ષદા બાર રે;

પ્રતિબોધાણું કેઈ વ્રત ગ્રહેજી, કેઇ શ્રાવકનાં વ્રત બાર રે. પ્ર૦ ૧૧
થાપ્યા ચોરાશીગણધર મુણનિલાજી,મુનિવર માન ચોરાશી હજારરે;
સાધવી ત્રણ લાખ શ્રાવક એટલાજી,ઉપર પાંચ સહસ અવધાર રેપ્ર૦૧૨
પાંચ લાખ ચોપન સહસ શ્રાવિકાજી,
થાપી ચઉવિહ સંઘ સુજાણ રે;
મહા વદિ તેરશે મુકતે પધારિયાજી,
બુધમાણુક નમે સુવિહાણ રે. પ્ર૦ ૧૨
વાંચે વિસ્તારે મુનિવરા વલીજી,
મૂકયું આઠમું વખાણ ઇમ ઠામ રે;
બુધ શ્રી ક્ષમાવિજયજી ગુરૂ તણેાજી,
કરે માણુકમુનિ ગુણ ગ્રામ રે. પ્ર૦ ૧૪

ઢાળ અગ્યારમી

સંવત્સરી દિન સાંભલેા એ, બારસી સૂત્ર સુજાણ.
સકલ દિન આજનેા એ, એ આંકણી;
શ્રીકલ્પની પ્રભાવના એ, રુપા નાણું જાણ. સ૦ ૧
સામાચારી ચિત્ત ધરેાએ, સાધુ તણેા આચાર; સ૦
વડલહુડાઈ ખામણાં એ, ખામેા સહુ નરનાર. સ૦ ૨
રીષ વશે મન રુષણાં એ, રાખીને ખમાવે જેહ; સ૦
કેાયું પાન જેમ કાઢવું એ, સંઘ બાહિર સહિ તેહ. સ૦ ૩
ગલિત વૃષભ વધકારકુ એ, નિર્દય જાણી વિપ્ર; સ૦
પંક્તિ બાહિર તે કહ્યો એ, જિમ મહા સ્થાને ક્ષિપ્ર. સ૦ ૪
ચંદનબાલા મૃગાવતી એ, જેમ ખમાવ્યું તેમ; સ૦
ચંડપ્રદ્યોતનરાયને એ, ઉદાયન ખમાવ્યું જેમ. સ૦ ૫

કુંભકાર શિષ્યની પરે એ, તિમ ન ખમાવો જેમ; સ૦
બાર બોલે પટ્ટાવલી એ, સુણતાં વાધે પ્રેમ. સ૦ ૬
પડિક્કમણું સંવત્સરી એ, કરીએ સ્થિર કરી ચિત્ત; સ૦
દાન સંવત્સરી દેઈને એ, લીજે લાહો નિત્ત. સ૦ ૭
ચઉવિહ સંઘ સંતોષિયે એ, ભક્તિ કરી ભલી ભાતિ; સ૦
ઇણપરે પર્વ પજુસણ એ, ખરચો લક્ષ્મી અનંત. સ૦ ૮
જિનવર પૂજા રચાવીયે એ, ભક્તિ મુક્તિ સુખદાય; સ૦
ક્ષમાવિજય પંડિત તણો એ, બુધઆણુકે મન ભાય. સ૦ ૯

તીર્થોનાં સ્તવનો

શ્રી અર્બુદગિરિ (આબુ) તીર્થ સ્તવન

૧

આદિ જિણેસર પૂજતાં, દુઃખ મેટોરે,
આબુગઢ દ્રઢ ચિત; ભવિક જઇ ભેટો રે;
દેલવાડે દેહરાં નમી દુઃખ૦ ચાર પરિમિત નિત્ય. ભ૦ ૧
વીશ ગજબલ પદ્માવતી, દુઃખ૦ ચક્રેશ્વરી દ્રવ્ય આણુ; ભ૦
શંખ દીયે અંબીસુરી, દુઃખ૦ પંચકોશ વહે બાણ. ભ૦ ૨
બાર પાદશાહ જીતીને, દુઃખ૦ વિમલ મંત્રી આલ્હાદ; ભ૦
દ્રવ્યભરી ધરતી કરયો દુઃખ૦ ઋષભદેવ પ્રાસાદ. ભ૦ ૩
બિહુંતેર અધિકાં આઠશેં, દુઃખ૦ બિંબ પ્રમાણ કહાય; ભ૦
પન્નરશેં કારીગરે,, દુઃખ૦ વરસ ત્રિકે તે થાય. ભ૦ ૪
દ્રવ્ય અનુપમ ખરચીઓ, દુઃખ૦ લાખ ત્રેપન બાર કોડી; ભ૦
સંવત દશ અઠ્ઠાશીએ, દુઃખ૦ પ્રતિષ્ટા કરી મન હોડી. ભ૦ ૫
દેરાણી જેઠાણીના ગોખલા, દુઃખ૦ લાખ અઢાર પ્રમાણ; ભ૦
વસ્તુપાલ તેજપાલની, દુઃખ૦ એ દોય કાંતા જાણ. ભ૦ ૬

મુલનાયક નેમીસરૂ, દુઃખ૦ ચારશેં અડશઠ બિંબ; ભ૦
રૂપભ ધાતુમય દેહરૂ, દુઃખ૦ એકસો પિસ્તાલીશ બિંબ. ભ૦ ૭
ચઉમુખ ચૈત્ય જુહારીએ, દુઃખ૦ કાઉસગ્ગીયા ગુણવંત; ભ૦
આણું મિત્ત તેહમાં કહું, દુઃખ૦ અગન્યાસી અરિહંત. ભ૦ ૮
અચલગઢે પ્રભુજી ઘણા. દુઃખ૦ જાત્રા કરો હુંશીયાર; ભ૦
કોડી તપે ફલ જે લહે, દુઃખ૦ તે પ્રભુ ભક્તિ વિચાર. ભ૦ ૯
સાલંબન નિરાલંબને, દુઃખ૦ પ્રભુ ધ્યાને ભરપાર; ભ૦
મંગલ લીલા પામીયે, દુઃખ૦ વીરવિજય જયકાર. ભ૦ ૧૦

૨

શ્રી અષ્ટાપદગિરિ તીર્થનું સ્તવન.

અષ્ટાપદગિરિ યાત્રા કરણકું રાવણ પ્રતિહરિ આયા;
પુષ્પક નામે વિમાને બેસી, મંદોદરી સુહાયા;
શ્રી જિન પૂજીલાલ, સમકિત નિર્મલ કીજે.
નયણે નિરખી હો લાલ, નરભવ સફલો કીજે;
હૈયડે હરખી લાલ, સમતા સંગ કરીજે.
એ...આંકણી ૧

ચઉમુખ ચઉગતિ હરણ પ્રાસાદે, ચઉવીસે જિન બેઠા;
ચઉદિશિ સિંહાસન સમ નાસા, પૂરવ દિશિ દોય જિઠા. શ્રી૦ ૨
સંભવ આદે દક્ષિણ ચારે, પશ્ચિમ આઠ સુપાસા;
ધર્મ આદિ ઉત્તરદિશિ જાણો, એવં જિન ચઉવીસા. શ્રી૦ ૩
બેઠા સિંહતણે આકારે, જિણહર ભરતે કીધાં;
રયણ બિંબ મૂર્ત સ્થાપીને, જગ જશવાદ પ્રસિદ્ધા. શ્રી૦ ૪
કરે મંદોદરી રાણી નાટક, રાવણ તાંત બજાવે;
આલસ વીણા તાલ તંબૂરો, પગ રવ ઠમ ઠમકાવે. શ્રી૦ ૫

ભક્તિ ભાવે એમ નાટક કરતાં, ત્રુટી તંતી વિચારે;
સાંધી આપ નસા નિજ કરની, લઘુ કલાશું તતકાલે. શ્રી૦ ૬

દ્રવ્ય ભાવશું ભકિત ન ખંડી, તો અક્ષય પદ સાધ્યું;
સમકિત સુરતરૂ ફલ પામીને, તીર્થંકર પદ બાંધ્યું. શ્રી૦ ૭

એણિપરે ભવિજન જે જિન આજે, બહુપરે ભાવના ભાવે;
જ્ઞાનવિમલ ગુણ તેહના અહનિશ, સુરનર નાયક ગાવે. શ્રી૦ ૮

૩

શ્રી ગિરનારજી તીર્થનું સ્તવન

સહસાવન જઇ વસીએ, ચાલોને સખી સહસાવન જઇ વસીએ;
ઘરનો ધંધો કણુએ ન પૂરો, જો કરીએ અહો નિસિએ; ચાલો૦
પીયરમાં સુખ ઘડીય ન દીહું, ભય કારણ ચઉદિશિએ. ચાલો૦ ૧

નાક વિહુણા સયલ કુટુંબી, લજ્જા કિમપિ ન પસીએ; ચાલો૦
લોગાં જમોએ ને નજર ન હીસે, રહેવું ઘોર તમસીએ. ચાલો૦ ૨

પીયરમાં પાછલ છલ કરી મેલ્યું, સાસરીએ સુખ વસીએ; ચાલો૦
સાસુડી તે ઘર ઘર ભટકે, લોકને ચટકે ડસીએ; ચાલો૦ ૩

કહેતાં સાસુ આવે હાંસું, ભુંશીએ મુખ લેઇ મશીએ; ચાલો૦
કંત અમારો ભાળો લોળો, જાણે ન અસિ મસિ કસીએ. ચાલો૦૪

જુઠા બોલી કલહણ શીલા, ઘર ઘર શુની જ્યું ભસીએ; ચાલો૦
એદુઃખ દેખી હઇડું મુંજે, દુર્જનથી દૂર બસીએ. ચાલો૦ ૫

રૈવતગિરિનું ધ્યાન ન ધરીયું, કાલ ગયો હસ મસીએ; ચાલો૦
શ્રી ગિરનારે ત્રણ કલ્યાણક, નેમિ નમન ઉલ્લસીએ. ચાલો૦ ૬

શિવ વરશે ચોવીશ જિનેશ્વર, અનાગત ચઉવીશીએ; ચાલો૦
કૈલાસ ઉજ્જયંત રૈવત કહીએ, શરણ ગિરિને ફરસીએ. ચાલો૦ ૭

ગિરનાર નંદભદ્ર એ નામે, આરે આરે છ ચોવીશિએ; ચાલો૦
ડેખી મહિતલ મહિમા મહોટો, પ્રભુગુણ જ્ઞાન વરસિએ. ચાલો૦ ૮
અનુભવ રંગ વધે તેમ પૂજે, કેશર ઘસી ઓરસીએ ચાલો૦
ભાવ સ્તવ સુત કેવલ પ્રગટે, શ્રીશુભવીર વિવસીએ. ચાલો૦ ૯

૪

શ્રી સમેતશિખર જીનું સ્તવન.

સમેતશિખર જિન વંદીએ. મોટું તીરથ એહરે;
પાર પમાડે ભવતણો તીરથ કહીએ તેહ રે. સમેત૦ ૧
અજિતથી સુમતિ જિણંદ, લગે, સહસ મુનિ પરિવાર રે
પદ્મપ્રભ શિવસુખ વર્યા, ત્રણશેં અડ અણગારરે; સ૦ ૨
પાંચશેં મુનિ પરિવારશું, શ્રી સુપાસ જિણંદરે;
ચંદ્રપ્રભ શ્રેયાંસ લગે, સાથે સહસ મુણિંદ રે. સમેત૦ ૩
છ હજાર મુનિરાજશું, વિમળ જિનેશ્વર સિદ્ધારે,
સાત સહસશું, ચૌદમા, નિજ કારજ સવિ કિધા રે. સ૦ ૪
એકસો આઠશું ધર્મ જિન, નવશેં શું શાંતિનાથ રે;
કુંથુ અર એકસહસશું, સાધ્યો શિવપુર સાથરે. સ૦ ૫
મલ્લીનાથ શત પાંચશું, મુનિનમિ એકહજાર રે;
તેત્રીશ મુનિયુત પાર્શ્વ, વરીયા શિવ સુખ સાર રે. સ૦ ૬
સત્તાવીશ સહસ ત્રણસેં, ઉપરે ઓગણપચાસરે;
જિન પરિકર બીજા કેઈ, પામ્યા શિવપુર વાસ રે. સ૦ ૭
એ વીશે જિન એણે ગિરિ, સિદ્ધા અણસણ લેઈ રે;
પદ્મવિજય કહે પ્રભુમીએ, પાર્શ્વ શામલીયાશું ચેઈ રે. સમેત ૮

શ્રી સિદ્ધાચલગિરિનું સ્તવન.

૫

સિદ્ધગિરિ ધ્યાવો ભવિકા, સિદ્ધગિરિ ધ્યાવો;
ઘેર બેઠાં પણ બહુ ફલ પાવો, ભવિકા બહુ ફલ પાવો. ૧
નંદિશ્વર યાત્રાએ, જે ફલ હોવે; તેથી અમણું ફલ;
કુંડલગિર હોવે, ભવિકા કું૦ ૨
ત્રિગણું રૂચક ગિરિ ચઉ ગજદંતા; તેથી અમણેરૂં ફલ;
જંબુમહંતા ભવિકા. જંબુ૦ ૩
અટ્ઠગણું ધાતકી, ચૈત્ય જુહારે. છત્રીશ ગણેરૂં ફલ,
પુષ્કર વિહારે; ભાવેકા. પુ૦ ૪
તેહથી તેર ગણેરૂં ફલ, મેરૂ ચૈત્ય જુહારે; સહસ ગણેરૂં ફલ,
સમ્મેતશિખરે; ભાવિકા, સ૦ ૫
લાખ ગણેરૂં ફલ, અંજનગિરિ જુહારે; દશ લાખ ગણેરૂં ફલ,
અષ્ટાપદ ગિરનારે; ભાવેકા, અ૦ ૬
કોડી ગણેરૂં ફળ, શ્રી શત્રુંજય ભેટે; જેમરે અનાદિના,
દુરિત ઉમેટે; ભાવેકા. દુ૦ ૭
ભાવ અનંતે અનંત ફલ પાવે; જ્ઞાનવિમલસૂરી,
એમ ગુણ ગાવે; ભાવિકા. એમ૦ ૮

૬

સિદ્ધાચલ ગુણગેહ, ભવિ પ્રણમો ધરી નેહ;
આજ હો સોહે રે, મનમોહે તીરથ રાજીયો૦; ૧
આદિશ્વર અરિહંત. મુગતિવધૂનો કંત
આજ હો. પૂરવ નવાણું વાર, આવી સમોસર્યાજી. ૨

સકલ સુરાસુર રાજ, કિન્નર દેવ સમાજ;
આજ હો. સેવા રે સારે, કરજોડી કરીજી ૩
દર્શનથી દુઃખ દૂર, સેવે સુખ ભરપૂર;
આજ હો. એણે રે કલિકાલે, કલ્પતરૂ અછેજી. ૪
પુંડરિકગિરિ માન, લહીએ બહુ યશમાન,
આજ હો. દીપે રે અધિકી, તસ જ્ઞાન કલા ઘણીજી. ૫

પરચુરણ ચૈત્યવંદનો

શ્રી પરમાત્માનું ચૈત્યવંદન.

૧

પરમેશ્વર પરમાત્તમા, પાવન પર મિટું;
જય જગગુરૂ દેવાધિદેવ નયણે મેં દિટું. ૧
અચલ અકલ અવિકાર સાર, કરૂણા રસ સિંધુ;
જગતિ જન આધાર એક, નિષ્કારણ બંધુ. ૨
ગુણ અનંત પ્રભું તાહરા એ, કિમહી કહ્યા ન જાય;
રામ પ્રભુ જિન ધ્યાનથી, ચિદાનંદ સુખ થાય. ૩

૨

તુજ મુરતિને નિરખવા, મુજ નયણાં તરસે;
તુજ ગુણગણને બોલવા, રસના મુજ હરષે. ૧
કાયા અતિ આનંદ મુજ, તુમ યુગપદ ફરસે;
તો સેવક તાયાં વિના, કહો કિમ હવે સરશે. ૨
એમ જાણીને સાહિબા એ, નેક નજર મોહિ જોય;
જ્ઞાનવિમળ પ્રભુ (સુ) નજરથી, તે શું જે નવિ હોય; ૩

૩

બાર ગુણ અરિહંત દેવ, પ્રણમીજે ભાવે;
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે. ૧
આચારજ ગુણ છત્રીશ, પચવીશ ઉવજ્ઝાય;
સત્તાવીશ ગુણ સાધુના, જપતાં શિવસુખ થાય. ૨
અષ્ટોત્તરશત ગુણ મળી એ, એમ સમરો નવકાર;
ધીરવિમલ પંડિત તણો, નય પ્રણમે નિત સાર. ૩

૪

શ્રી તીર્થંકરના વર્ણનું ચૈત્યવંદન.

પદ્મપ્રભુને વાસુપૂજ્ય, દોય રાતા કહીએ;
ચંદ્રપ્રભુ ને સુવિધિનાથ, દો ઉજવળ લહીએ. ૧
મલ્લિનાથ ને પાર્શ્વનાથ, દો નીલા નીરખ્યા;
મુનિસુવ્રત ને નેમિનાથ, દો અંજન સરિખા. ૨
સોળે જિન કંચન સમાએ, એવા જિન ચોવીશ;
ધીરવિમળ પંડિત તણો, જ્ઞાન વિમળ કહે શિષ્ય. ૩

૫

શ્રી તીર્થંકરના ભવનું ચૈત્યવંદન

પ્રથમ તીર્થંકર તણા હુવા,, ભવ તેર કહીજે;
શાંતિતણા ભવ બાર સાર, નવભવ નેમ લહીજે. ૧
દશ ભવ પાર્શ્વ જિણંદને, સત્યાવીશ શ્રી વીર;
શેષ તીર્થંકર ત્રિહું ભવે, પામ્યા ભવજલ તીર. ૨
જયાંથી સમકિત ફરસિયું એ, ત્યાંથી ગણીએ તેહ;
ધીરવિમળ પંડિત તણો, જ્ઞાનવિમળ ગુણ ગેહ. ૩

૬

શ્રી વિવિધ તીર્થનું ચૈત્યવંદન

આજ દેવ અરિહંત નમું, સમરૂં તારૂં નામ;
જ્યાં જ્યાં પ્રતિમા જિન તણી, ત્યાં ત્યાં કરૂં પ્રણામ. ૧
શેત્રુંજે શ્રી આદિદેવ, નેમ નમું ગિરનાર;
તારંગે શ્રી અજીતનાથ, આબુ ઋષભ જુહાર. ૨
અષ્ટાપદ ગિરિ ઉપરે, જિન ચોવીશે જોય;
મણિમય મુરતિ માનશું, ભરતે ભરાવી સોય. ૩
સમેતશિખર તીરથ વડું, જ્યાં વીશે જિન પાય;
વૈભારગિરિ ઉપરે, શ્રી વીર જિનેશ્વર રાય. ૪
માંડવગઢનો રાજિયો, નામે દેવ સુપાસ;
ઋષભ કહે જિન સમરતાં, પહોંચે મનની આશ. ૫

૭

ઉપદેશક ચૈત્યવંદન.

ક્રોધે કાંઇ ન નીપજે, સમકિત તે લુંટાય;
જો સમતા રસથી ઝીલીએ, તો વૈરી કોઈ ન થાય. ૧
વાલાશું વઢીએ નહિં, છટકી ન દીજે ગાળ;
થોડે થોડે છંડીએ, જિમ છંડે સરોવર પાળ. ૨
અરિહંત સરખી ગોઠડી, ધર્મ સરીખો સ્નેહ;
રત્ન સરીખાં બેસણાં, ચંપક વણીં દેહ. ૩
ચંપકે પ્રભુજી ન પૂજીયા, ન દીધું મુનિને દાન;
તપ કરી કાયા ન શોચવી, તો કેમ પામશો નિર્વાણ. ૪
આઠમ પાખી ન ઓળખી, એમ કરે શું થાય;
ઉન્મત્ત સરખી માંકડી, લોંય ખણંતી જાય. ૫

આંગણુ મોતી વેરીયા, વેલે વીંટાણી વેલ;
હીરવિજય ગુરૂ હીરલો, મારૂં હઈડું રંગની રોલ. ૬

૮

સામાન્ય તીર્થંકરોના ચૈત્યવંદનો.

અરિહંત નમો ભગવંત નમો, પરમેશ્વર શ્રી જિનરાજ નમો;
પ્રથમ જિનેશ્વર પ્રેમે પેખત, સિધ્યાં સઘળાં કાજ નમો. અ૦ ૧
પ્રભુ પારંગત પરમ મહોદય, અવિનાશી અકલંક નમો;
અજર અમર અદ્‌ભુત અતિશયનિધિ,
પ્રવચન જલધિમયંક નમો. અ૦ ૨
તિહુયણુ ભવિયણ જન મન વંછિય, પૂરણ દેવ રસાલ નમો;
લળી લળી પાય નમું હું ભાલે, કરજોડી ત્રિકાલ નમો. અ૦ ૩
સિદ્ધ બુદ્ધ તું જગજન સજ્જન-નયનાનંદન દેવ નમો;
સકલ સુરાસુર નરવર નાયક, સારે અહનિશ સેવ નમો. અ૦ ૪
તું તીર્થંકર સુખકર સાહિબ, તું નિષ્કારણ બંધુ નમો;
શરણાગત ભવિને હિતવત્સલ, તુંહિ કૃપારસસિંધુ નમો. અ૦ ૫
કેવલજ્ઞાનાદર્શે દર્શિતે, લોકાલોક સ્વભાવ નમો;
નાશિતસકલ કલંક કલુષ ગણુ,-દુરિત ઉપદ્રવ ભાવ નમો. અ૦ ૬
જગચિંતામણિ જગગુરૂ જગહિત-કારક જગજન નાથ નમો;
ઘોર અપાર ભવોદધિ તારણ, તું શિવપુરનો સાથ નમો. અ૦ ૭
અશરણ શરણ નિરાગી નિરંજન, નિરૂપાધિક જગદીશ નમો;
બોધિ દીયો અનુપમ દાનેસર, જ્ઞાનવિમળ સૂરીશ નમો. અ૦ ૮

૯

જય જય શ્રી જિનરાજ! આજ, મલ્લીસો મુજ સ્વામી;
અવિનાશી અકલંક રૂપ, જગ અંતરજામી. ૧

રૂપારૂપી ધર્મ દેવ, આતમ આરામી;
ચિદાનંદ ચેતન અચિંત્ય, શિવ લીલા પામી. ૨
સિદ્ધ બુદ્ધ તું વંદતાં, સકલ સિદ્ધિ વર બુદ્ધ;
રામ પ્રભુ ધ્યાને કરી, પ્રગટે આતમ ઋદ્ધ. ૩
કાળ બહુ સ્થાવર ગ્રહે, ભમિયો ભવ માંહી;
વિકલેંદ્રિય એળે ગયો, સ્થિરતા નહિ કયાંહી. ૪
તિર્યંચ પંચેંદ્રિય માંહિ દેવ, કર્મે હું આવ્યો;
કરી કુકર્મ નરકે ગયો, તુમ દરિશણ નવિ પાયો. ૫
એમ અનંત કાલે કરી એ, પામ્યો નર અવતાર;
હવે જગતારક તું મલ્યો, ભવજલ પાર ઉતાર. ૬

૧૦

શ્રીજિનપુજાનું ચૈત્યવંદન.

પ્રણમું શ્રી ગુરૂરાજ આજ, જિનમંદિર કેરો;
પૂજ્ય ભણી કરસ્યું સફલ, જિન વચન ભલેરો. ૧
દેહરે જાવા મંન કરે, ચોથ તણું ફલ આવે;
જિનવર જુહારવા ઊઠતાં, છઠ્ઠ ફલ પોતે પાવે. ૨
જાવા માંડયું જેટલે, અઠ્ઠમતણું ફલ હોય;
ડગલું ભરતાં જિનભણી, દશમતણું ફલ જોય. ૩
જાઇસ્યું જિનહર ભણી, મારગ ચાલંતા;
હોવે દ્વાદશતણો, પુણ્ય ભક્તિ માલંતા. ૪
અર્ધ પંથ જિનહરતણે, પંદર ઉપવાસ;
દીઠે સ્વામિતણો ભુવન, લહીએ એક માસ. ૫
જિનહર પાસે આવતાં, છમાસી ફલ સિધ્ધ;
આવ્યા જિનહર બારણે, વરસી તપ ફલ લીધ. ૬

સો વર્ષ ઉપવાસ પુણ્ય, પ્રદક્ષિણા દેતાં;
સહસ વર્ષ ઉપવાસ પુણ્ય, જિનવર નજરે જોતાં. ૭
ભાવે જિનવર જુહારીએ, ફલ હોવે અનંત;
તેહથી લહીયે સો ગણું, જો પૂજે ભગવંત. ૮
ફૂલ ઘણું માલા કુલની, પ્રભુ કંઠે ઠવંતા;
પાર ન આવે ગીત નાદ, કેરા ફલ થુણંતા. ૯
શીર પૂજી પૂજા કરે, કરે સુર ધુપણું ધૂપ;
અક્ષસાર તે અક્ષય સુખ, દીપે તનુ રૂપ. ૧૦
નિરમલ તન મન કરી, થુણતાં ઈંદ્ર જગીશ;
નાટક ભાવના ભાવતાં, પામે પદવી ઈશ. ૧૧
જિનવર ભક્તિ વલીએ, પ્રેમ પ્રકાશી;
નિસુણી શ્રી ગુરૂ વયણ સાર, પૂર્વે રીષી ભાષી. ૧૨
અષ્ટ કર્મને ટાળવા, જિનમંદિરે જઈશું;
ભેટ ચરણ ભગવંતના, હવે નિર્મળ થઈશું, ૧૩
કીર્તિવિજય ઉવજ્ઝાયનોએ, વિનય કહે કરજોડ,
સફલ હોજો મુજ વિનતિ, જિન સેવ નું કોડ. ૧૪

૧૧

શ્રી ચોવીશ જિન લંછનનું ચૈત્યવંદન.

ઋષભ લંછન ઋષભદેવ, અજિત લંછન હાથી;
સંભવ લંછન ઘોડલો, શિવપુરનો સાથી. ૧
અભિનંદન લંછન કપિ, કોંચ લંછન સુમતિ;
પદ્મ લંછન પદ્મપ્રભુ, વિશ્વ દેવા સુમતિ. ૨
સુપાર્શ્વ લંછન સાથીયો, ચંદ્રપ્રભુ લંછન ચંદ્ર;
મગર લંછન સુવિધિ પ્રભુ, શ્રીવચ્છ શીતલ જિણંદ. ૩

લંછન ખડ્ગી શ્રેયાંસને, વાસુપૂજ્યને મહિષ;
સુવર લંછન પાયે વિમલ દેવ, ભવિયા તે નમો શિશ. ૪
સિંચાણો જિન અનંતને. વજ્ર લંછન શ્રી ધર્મ;
શાંતિ લંછન મૃગલો, રાખે ધર્મનો મર્મ. ૫
કુંથુનાથ જિન બોકડો, અરજિન નંદાવર્ત;
મલ્લિ કુંભ વખાણીએ, સુવ્રત કચ્છપ વિખ્યાત. ૬
નમિ જિનને નીલો કમલ, પામીયે પંકજમાંહી;
શંખ લંછન પ્રભુ નેમજી, દીસે ઉંચે આંહી; ૭
પાર્શ્વનાથજીને ચરણ સર્પ, નીલ વરણ શોભિત;
સિંહ લંછન કંચનતણું, વર્દ્ધમાન વિખ્યાત. ૮
એણીપરે લંછન ચિંતવીએ, ઓળખીએ જિનરાય;
જ્ઞાનવિમલ પ્રભુ સેવતાં, લક્ષ્મીરતન સૂરિરાય. ૯

૧૨

શ્રી ચોવીશ જિનનું ચૈત્યવંદન.

ઋષભ અજિત સંભવ નમું, અભિનંદન જિનરાજ;
સુમતિ પદ્મ સુપાસ જિન, ચંદ્રપ્રભુ મહારાજ. ૧
સુવિધિ શીતલ શ્રેયાંસ જિન, વાસુપૂજ્ય સુખવાસ;
વિમલ અનંત શ્રી ધર્મજિન, શાંતિનાથ પૂરે આશ ૨
કુંથુ અરને મલ્લિ જિન, મુનિસુવ્રત જગનાથ;
નમી નેમિ પાર્શ્વ વીર. (એ) સાચો શિવપુર સાથ. ૩
દ્રવ્ય ભાવથી સેવીએ, આણી મન ઉલ્લાસ;
આતમ નિર્મલ સેવીએ, (જીમ) પામીજે શિવવાસ. ૪
એમ ચોવીસ જિન સમરતાંએ, પહોંચે મનની આશ;
અમિયકુમર એણી પરે ભણે,(તે)પામે લીલ વિલાસ. ૫

સાધારણ જિનનું સ્તવન

સકલ સમતા સરલતાનો, તુંહિ અનુપમ કંદ રે;
તુંહિ કુપારસ કનક કુંભો, તુંહી જિણંદ મુણિંદ રે. ૧
તુંહિ તુંહિ તુંહિ તુંહિ, યુંહિ ધરતા ધ્યાન રે;
તુજ સરૂપી જેહ થયા તે, લહ્યું તાહરૂં ધ્યાન રે. તુંહિ૰ ૨
તુંહિ અલગો ભવ થકી પણ, ભવિક તાહરે નામ રે.
પાર ભવનો તેહ પામે, એહિ અચરજ ઠામ રે. તુંહિ ૩
જન્મ પાવન આજ મારો, નિરખીયો તુજ નૂર રે.
ભવોભવ અનુમોદના જે, થયો તુજ હજુર રે. તુંહિ૰ ૪
એહ મારો અક્ષય આતમા, અસંખ્યાત પ્રદેશ રે.
તાહરા ગુણ છે અનંતા, કિમ કરૂં તાસ નિવેશ રે. તુંહિ૰ ૫
એક એક પ્રદેશે તારા, ગુણ અનંત નિવાસ રે;
એમ કહી તુજ સહજ મિલતાં, હોય જ્ઞાન પ્રકાશ રે. તુંહિ૰ ૬
ધ્યાન ધ્યાતા ધ્યેય એકી, ભાવ હોયે એમ રે;
એમ કરતાં સેવ્ય સેવક, ભાવ હોયે એમ રે, તુંહિ૰ ૭
એક સેવા તાહરી જો, હોય અચળ સ્વભાવ રે.
જ્ઞાનવિમળ સૂરીંદ પ્રભુતા, હોય સુજસ જમાવ રે.
તુંહિ તુંહિ તુંહિ તુંહિ, યુંહિ ધરતા ધ્યાન રે૰ તુંહિ૰ ૮

સમૂર્છિમ જીવોને ઉપજવાના ચૌદ સ્થાનનું સ્તવન

૨

પહેલું મંગલ વીર પ્રભુનું, બીજું ગૌતમ સ્વામી રે;
ત્રીજું મંગલ સ્થૂલિભદ્રનું, ચોથું મંગલ ધર્મ રે. પહેલું૰ ૧
જીવની જયણા નિત્ય કરીએ, સેવીએ શ્રી જિન ધર્મ રે;
જીવ અજીવને ઓળખીયે તો, પામીયે સમકિત મર્મ રે. પહેલું૰ ૨

છાણાં ઈંધણાં નિત્ય પૂંજીએ, ચુલે ચંદરવો બાંધો રે;
પોચે હાથે વાસીદું વાળીએ, દીવે ઢાંકણ ઢાંકો રે. પહેલું૦ ૩
શીયાળે પકવાન્ન દીન ત્રીસ, ઉનાળે દીન વીશ રે;
ચોમાસે પંદર દિન માન, ઉપર અભક્ષ્ય ઇશ રે. પહેલું૦ ૪
ચઉદ સ્થાનકીઆ જીવ ઓળખો, એ પન્નવણા સૂત્રની સાખ રે;
વડીનીત લઘુનીત બડખા માંહે, અંતર્મુહૂર્ત પાખે રે૦ પહેલું૦ ૫
શરીરનો મેલ નાકનો મેલ, વમન પિત્ત સાતમે રે;
શુક્ર શોણિત મૃત કલેવર, બીનું કલેવર અગ્યારમે રે. પહેલું૦ ૬
નગરનો બાળ અશુચિ સ્થાન, સ્ત્રી પુરૂષ સંગમે રે;
ઉપજે ત્યાં મનુષ્ય સંમુર્છિમ, સ્થાનક જાણો ચૌદમે રે. પહેલું૦ ૭
અસંખ્યાતા અંતમુંહુર્ત્ત આઉખે, બીજાનો નહીં પાર રે;
બાવીશ અભક્ષ્ય બત્રીશ અનંતકાય, વરજે નરને નાર રે ૦
પહેલું૦ ૮
આપવેદના પર વેદના સરખી, લેખરીએ આઠે જામ રે;
પદ્મવિજય પસાયથી પામે, જીત તે ઠામોઠામ રે. પહેલું૦ ૯

શ્રી અધ્યાત્મની સ્તુતિ

૧

ઉઠી સવેળા સામાયિક લીધું, પણ બારણું નવિ દીધુંજી;
કાળો કુતરો ઘરમાં પેઠો, ઘી સઘળું તેણે પીધુંજી;
ઉઠો વહુઅર આળસ મૂકી, એ ઘર આપ સંભાળોજી;
નિજપતિને કહેા વીર જીન પૂજી, સમકિતને અજુવાળોજી. ૧
બલે બિલ્લાડે જડપ જડપાવી, ઉંદરાડ સર્વે ફોડીજી;
ચંચળ છેયાં વાર્યાં ન રહે, ત્રાક ભાંગી માળ ત્રોડીજી;

તેહ વિના રેંટિયો નવિચાલે, મોન ભલું કેને કહીએજી;
ઋષભાદિક ચોવીશ તીર્થંકર, જપીયે તો સુખ લહીયેજી. ૨
ઘર વાશીદું કરોને વહુઅર, ટાલો ઓજીયાલુંજી;
ચારટો એક કરે છે હેરૂં, ઓરડે ઘોને તાળુંજી;
લગ્નકે પ્રાહુણા ચાર આવ્યા છે, તે ઉભા નવિ રાખોજી;
શિવપદ સુખ અનંતાં લહિયે, જો જિનવાણી ચાખોજી. ૩
ઘરનો ખુણો કોળ ખણે છે, વહુ તુમે મનમાં લાવોજી;
પહોળે પલંગે પ્રીતમ પોઢયા, પ્રેમ ધરીને જગાવોજી;
ભાવપ્રભસૂરી કહે નહિં એ કથલો, અધ્યાતમ ઉપયોગજી;
સિદ્ધાઈકા દેવી સાન્નિધ્ય કરેવિ, સાધે તે શિવપદ ભોગીજી, ૪

બારમા શ્રી વાસુપૂજ્ય સ્વામીનું ચૈત્યવંદન.

૧

વાસવવંદિત વાસુપૂજય, ચંપાપુરી ઠામ;
વાસુપૂજ્ય કુળ ચંદ્રમા, માતા જયા નામ. ૧
મહિષ લંછન જિન બારમા, સિત્તેર ધનુષ પ્રમાણ;
કાયા આયુ વરસ વળી, બહોંતેર લાખ વખાણ. ૨
સંઘ ચતુર્વિધ સ્થાપીને એ, જિન ઉત્તમ મહારાય;
તસ મુખ પદ્મ વચન સુણી, પરમાનંદિત થાય. ૩

બારમા શ્રી વાસુપૂજ્ય સ્વામીનાં સ્તવનો

૧

વાસુપૂજ્ય તું સાહિબ સાચો,
જેહવો હુવે હીરો જાચો હો; સુંદર શોભાગી૦
જશ હોવે વિરોધી વાચો, તેહની કરે સેવા કાચો હો. સું૦ ૧

અછાતએા વાત ઉપાવે, વળી ભવછતાને છિપાવે હેા; સુ૦
કાંઇનું કાંઇ બેાલે, પરની નિંદા કરી ડેાલે હેા. સુ૦ ૨
ધર્મ ચઉવિહ મિથ્યા ભાખી,
તે દેવની કુણ ભરે સાખી હેા; સુ૦
પ્રાણીના મર્મના ઘાતી, હૈયામાં મેાટી કાતી હેા. સુ૦ ૩
ગુણ વિણ રહ્યા ઉંચે ઠાણે, કિમ દેવ ઠહરાય પ્રમાણે હેા; સુ૦
પ્રાસાદ શિખર રહ્યો કાગ, કિમ પામે ગરૂડ જસ લાગ હેા. સુ૦ ૪
તું તેા વીતરાગ નિરીહ, તુજ વચન યથારથ લીહ હેા; સુ૦
કહે જ્ઞાનવિજય ઉવજઝાય, તું સાચેા દેવ ઠહરાય હેા. સુ૦ ૫

૨

વાસવ વંદિત વંદિએજી, વાસુપૂજય જિનરાય;
માનું અરૂણ વિગ્રહ કર્યોજી, અંતર રિપુ જયકાર;
ગુણાકર તુહ્મહ તહારી રે વાત, સુણતાં હેાય સુખ શાંત. ગુ૦ ૧
અંતરરિપુ કમ જય કર્યોજી, પામ્યેા કેવલ જ્ઞાન;
શૈલેશીકરણે દહ્યાંજી, શેષ કરમ શુભ ધ્યાન. ગુ૦ ૨
બંધન છેદાદિક થકીજી, જઇ ફરસ્યેા લેાકાંત;
જિહાં નિજ એક અવગાહનાજી, તિહાં ભવ મુક્ત અનંત. ગુ૦ ૩
અવગાહના જે જે મૂળ છેજી, તેહમાં સિદ્ધ અનંત;
તેહથી અસંખ્ય ગુણા હેાયેજી, ફરસિત જિન ભગવંત. ગુ૦ ૪
અસંખ્ય પ્રદેશ અવગાહનાજી, અસંખ્ય ગુણ તિણે હેાય;
જ્યેાતિમાં જ્યેાતિ મિલ્યા કરેજી, પણ સંકીર્ણ ન કેાઈ. ગુ૦ ૫
સિદ્ધ બુદ્ધ પરમાતમાજી, આધિ વ્યાધિ કરી દૂર;
અચલ અમલ નિઃકલંક તુંજી, ચિદાનંદ ભરપૂર. ગુ૦ ૬
નિજ સ્વરૂપમાંહિ રમેજી, ભેળા રહત અનંત;
પદ્મવિજય તે સિદ્ધનુંજી, ઉત્તમ ધ્યાન ધરંત. ગુ૦ ૭

૩

સ્વામી તુમે કાંઇ કામણ કીધું. ચિત્તડું હમારૂં ચોરી લીધું;
સાહેબા વાસુપૂજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય;
અમે પણ તુમશું કામણ કરીશું,
ભક્તે ગ્રહી મન ઘરમાં ધરશું. સાહેબા૦ ૧
મન ઘરમાં ધરીયા ઘર શોભા, દેખત નિત્ય રહેશો થોર શોભા;
મન વૈકુંઠ અકુંઠિત ભક્તે, યોગી ભાખે અનુભવ યુક્તે. સા૦ ૨
ક્લેશ વાસિત મન સંસાર, ક્લેશ રહિત મન તે ભવપાર;
જો તુમે વિશુદ્ધ મન ઘર આવ્યા,
પ્રભુ તો અમે નવનિધિ ઋદ્ધિ પાયા. સા૦ ૩
સાત રાજ અલગા જઇ બેઠા, પણ ભક્તે અમ મનમાંહે પેઠા;
અળગાને વળગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું. સા૦ ૪
ધ્યાયક ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે;
ક્ષીર નીર પરે તુમશું મળશું, વાચક યશ કહે હેજે હળશું. સા૦ ૫

૪

વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી, ઘનનામી પરિણામી રે;
નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફલ કામી રે. વાસુ૦ ૧
નિરાકાર અલેહ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારી રે;
દર્શન જ્ઞાન અભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારી રે. વાસુ૦ ૨
કર્ત્તા પરિણામી પરિણામી, કર્મ જે જીવે કરીએ રે;
એક અનેક રૂપ નયવાદે, નિયતે નર અનુસરીએ રે. વાસુ૦ ૩
દુઃખ સુખરૂપ કરમ ફલ જાણે, નિશ્ચય એક આનંદો રે;
ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિન ચંદો રે. વાસુ૦ ૪
પરિણામી ચેતન પરિણામે, જ્ઞાન કરમ ફલ ભાવી રે;
જ્ઞાન કરમ ફલ ચેતન કહીએ, લેજો તેહ માનવી રે. વાસુ૦ ૫

આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતિ સંગી રે. વાસુ૦ ૬

૫

વાસવ વંદિત વંદિએ રે, વાસુપૂજ્ય જિનરાય;
શ્રેયાંસને વાસુપૂજ્ય વચે રે, ચોપન સાગર જાય;
જિનેશ્વર તું મુજ પ્રાણ આધાર, તુંહિજ મોક્ષ દાતાર. જિ૦ ૧

ચવીયા જેઠ સુદી નવમીયે રે, જનમ તો ફાગણ માસ;
વદી ચૌદશ દીન જાણીએ રે, ત્રોડે ભવભય પાસ. જિ૦ ૨

સીત્તેર ધનુ તનુ રક્તતા રે, દીયે જાસ પવિત્ત;
અમાવાસ્યા ફાગણ તણી રે, જિનવર લીયે ચારિત્ર. જિ૦ ૩

બીજ મહાસુદની ભલી રે, પામ્યા જ્ઞાન મહંત;
અશાઢ સુદી ચૌદસે કર્યો રે, આઠ કરમનો અંત. જિ૦ ૪

આયુ બોતેર લખ વરસનું રે, જિન ઉત્તમ મહારાજ;
આંહ્ય ગઢીને તારીયે રે; પદ્મવિજય કહે આજ. જિ૦ ૫

૬

શ્રી વાસુપૂજ્ય નરિંદનોજી, નંદન ગુણ મણી ધામ;
વાસુપૂજ્ય જિન રાજિયોજી, અતિશય રત્ન નિધાન;
પ્રભુ ચિત્ત ધરીને, અવધારો મુજ વાત. (એ આંકણી) ૧

દોષ સયલ મુજ સાંસહોજી, સ્વામી કરી સુપસાય.
તુમ ચરણે હું આવીયોજી, જગદેર કરો મહારાય. પ્ર૦ ૨

કુમતિ કુસંગતિ સંગ્રહીજી, અવિધિને અસદાચાર;
તે મુજને આવી મિલ્યાજી, અનંત અનંતીવાર. પ્ર૦ ૩

જગ મેં તુમને નિરખીયાજી, તવ તે નાઠા દૂર;
પુણ્યે પ્રગટે શુભ દિશાજી, આયો તુમ હજુર. પ્ર૦ ૪
જ્ઞાનવિમલ પ્રભુ જાણનેજી, શું કહેવું બહુવાર;
દાસ આસ પૂરણ કરોજી, આપો સમકિત સાર. પ્ર૦ ૫

બારમા શ્રી વાસુપૂજ્ય જિન સ્તુતિ

૧

પૂજ્ય શ્રીવાસુપૂજ્યાઽવૃજિતે જિતપતે નૂતનાદિત્ય કાન્તે-
ઽમાયાસંસાર વાસાવનવર તરસાદ્ધી ન વાલા ન વાહો ।
આનમ્રાત્રાયતાં શ્રીપ્રભવ ભવભયાદ્ વિભ્રતી ભક્તિજાજ્ઞ-
માયાસંસારવાઽસાવનવરતરસાદ્ધી ન વાલા ન વાઽ હો. ૧

પૂતો યત્પાદપાંશુ શિરસિ સુરતતેરાચરચ્ચૂર્ણશોભાં,
યા તાપત્રા ઽસમાના પ્રતિમદમવતીહારતા રાજયન્તી ।
કીર્તિઃ કાન્ત્યા તતિઃ સાપ્રવિકિર તુતરાં જૈનરાજી રજસ્તે,
યાતાપન્ત્રાસમાનાઽપ્રતિમદમવતી હારતારા જયન્તી. ૨

નિત્યં હેતૂપપત્તિપ્રતિહત કુમતપ્રૌઢતદ્વાન્તબન્ધા-
ઽપાપાયાસાદ્યમાના ઽમહન તવ સુધાસાર હૃદ્યા હિતાનિ
વાણી નિર્વાણમાર્ગ પ્રણયિ પરિગતા તીર્થનાથ ક્રિયાન્મે-
ઽપાપાયા સાદ્યમાના ઽમહનતવસુધાસાર હૃદ્યાહિતાનિ. ૩

રક્ષઃ ક્ષુદ્રગ્રહાદિ પ્રતિહતિશમની વાહિત શ્વેત ભાસ્વત્-
સન્નાલીકા સદાપ્તાપરિકરમુદિતા સાક્ષમાલા ભવન્તમ્ ।
શુભ્રા શ્રીશાન્તિદેવી જગતિ જનયતાત્ કુણ્ડિકા ખ્યાતિ યસ્યા;
સન્નાલીકા સદાપ્તા પરિકર મુદિતા સાક્ષમાલા ભવન્તમ્ ૪

૨

વિશ્વના ઉપકારી, ધર્મના આદિકારી;
ધર્મના દાતારી, કામ ક્રોધાદિ વારી;
તાર્યા નર નારી, દુઃખ દોહગ હારી,
વાસુપૂજ્ય નિહારી, જાઉં હું નિત્ય વારી. ૧

બારમી ભાવનાની સજઝાય.

દોહા (૧)

પરિહર હરિહર દેવ સવિ, સેવે સદા અરિહંત;
દોષ રહિત ગુરૂ ગણુધરા, સુવિહિત સાધુ મહંત. ૧
કુમતિ કદાગ્રહ મૂક તું, શ્રુત ચારિત્ર વિચાર;
ભવજળ તારણ પોતસમ, ધર્મ હૈયામાં ધાર. ૨

ઢાળ ૨

ધન ધન ધર્મ જગ હિતકરૂં, ભાખીયો જહો જિન દેવ રે;
ઇહભવ પરભવ સુખદાયકો, જીવડા જન્મ લગે સેવ રે. ૧
ભાવના સરસ સૂરવેલડી, રોપ તું હૃદય આરામ રે;
સુકૃત તરૂ લહિએ બહુ પસરતી,
સફળ ફળશે અભિરામ રે. ભા૦ ૨
ક્ષેત્ર શુદ્ધિ કરીય કરૂણા રસે, કાઢી મિથ્યાદિક સાલ રે;
ગુપ્તિ ત્રિહું ગુપ્તિ રૂડી કરે, નીક તું સુમતિની વાળ રે. ભા૦ ૩
સીંચજે સુગુરૂ વચનામૃતે, કુમતિ કંથેર તજી સંગ રે;
ક્રોધ માનાદિક સુકરા, વાનરા વાર અનંગ રે. ભા૦ ૪

સેવતાં એહને કેવલી, પન્નર સય તીન અણુગાર રે;
ગૌતમ શિષ્ય શિવપુર ગયા, ભાવતાં દેવગુરૂ સાર રે. ભા૦ ૫

શુક પરિવ્રાજક સીધલો, અર્જુનમાળી શિવવાસ રે;
રાય પરદેશી અપાવીઓ, કાપીઓ તાસ દુઃખ પાસ રે. ભા૦ ૬

દુસમ સમય દુપ્પસહ લગે, અવિચળ શાસન એહ રે;
ભાવશ્યું ભવિયણ જે ભજે, તેહ શુભમતિ શુચુગેહ રે. ભા૦ ૭

બારમા કલહ પાપસ્થાનકની સજ્ઝાય.

કલહ તે બારમું પાપનું સ્થાન, દુર્ગતિ વનનું મૂળ નિદાન;
સાહેબ સાંભળો, મોટો રોગ કલહ કાચ કામળો; એ આંકણી
દંત કલહ જે ઘરમાં હોય, લચ્છી નિવાસ તિહાં નવિ જોય. સા૦૧

શું સુંદરી તું ન કરે સાર, ન કરે આપે કોઈ ગમાર; સા૦
ક્રોધ મુખી તું તુજને ધિક્કાર, તુજથી અધિકો કુણ કળિકાળ. સા૦ ૨

સાહમું બોલે પાપણી નિત્ય, પાપી તુજ પિતા જુઓ ચિત્ત; સા૦
દંત કલહ ઇમ જેહને થાય, તે દંપતિને સુખ કુણ ઠાય. સા૦૩

કાંટે કાંટે થાયે વાડ, બોલ્યે બોલ્યે વાધે રાડ; સા૦
જાણીને મૌન ધરે ગુણવંત, તે સુખ પામે અતુલ અનંત. સા૦ ૪

નિત્યે કલહણ કોહણશીલ, ભંડણશીલ વિવાદ ન શીલ; સા૦
ચિત્ત ઉતાપ ધરે જે એમ, સંયમ કરે નિરથક તેમ. સા૦ ૫

કલહ કરીને ખમાવે જેહ, લઘુ ગુરૂ આરાધક હોય તેહ; સા૦
કલહ સમાવે તે ધન્ય ધન્ય, ઉપશમ સાર કહે શ્રીમણ્ય. સા૦૬

નારદ નારી નિર્દય ચિત્ત, કલહ ઉદીરે ત્રણે નિત્ય; સા૦
સજ્જન સુજસ સુશીલ મહંત, વારે કલહ સ્વભાવે શાંત. સા૦ ૭

સોળમા શ્રી શાન્તિનાથ જિન ચૈત્યવંદન.

૧

વિપુલનિર્ભરકીર્ત્તીભ રાન્વિતો, જયતિનિર્જર નાથનમસ્કૃત;
લઘુવિનિર્જિત મોહધરાધિપો, જગતિ યઃ પ્રભુશાન્તિજિનાધિપઃ૧
વિહિતશાન્તસુધારસમજ્જનં, નિખિલદુર્જયદોષવિવર્જિતં;
પરમપુણ્યવતાં ભજનીયતાં, ગતમનન્તગુણૈઃ સહિતં સતામ્. ૨
તમચિરાત્મજમીશમધીશ્વરં, ભવિકપદ્મવિબોધદિનેશ્વરમ્;
મહિમધામ ભજામિ જગત્રયે, વરમનોત્તરસિદ્ધિસમૃદ્ધયે. ૩

૨

શાન્તિ જિનેશ્વર સોલમા, અચિરાસુત વંદો;
વિશ્વસેન કુલ નભમણિ, ભવિજન સુખકંદો. ૧
મૃગ લંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ;
હસ્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણ મણિખાણ. ૨
ચાલીસ ધનુષની દેહડી એ, સમચઉરસ સંઠાણ;
વંદન પદ્મ જયું ચંદલો, દીઠે પરમ કલ્યાણ. ૩

સોળમા શ્રી શાન્તિનાથ જિનનાં સ્તવનો

૧

શાન્તિજિનેશ્વર સાહીબ વંદો, અનુભવ રસનો કંદો રે;
મુખને મટકે લોચન લટકે, મોહ્યા સુરનર વૃંદો રે. શાંતિ૦ ૧
મંજર દેખીને કોયલ ટહુકે, મેઘ ઘટા જેમ મોરો રે;
તિમજિન પ્રતિમા નિરખી હરખું, વલી જેમ ચંદ્ર ચકોરો રે. શાંતિ૦૨
જિન પ્રતિમા શ્રી જિનવરે ભાંખી, સૂત્રઘણાં છે સાખી રે;
સુરનર મુનિવર વંદન પૂજા, કરતા શિવ અભિલાષી રે. શાંતિ૦ ૩

રાયપસેણી પ્રતિમા પૂજી, સુર્યાભ સમકિત ધારી રે;
જીવાભિગમેં પ્રતિમા પૂજી, વિજયદેવ અધિકારી રે. શાંતિ૦ ૪

જિનવર બિંબ વિના નવિ વંદું, આણું હજી એમ બોલે રે;
સાતમે અંગે સમકિત મૂલે, અવર નહિ તસ તોલે રે. શાંતિ૦ ૫

જ્ઞાતાસૂત્રે દ્રૌપદી પૂજા, કરતી શિવસુખ માગે રે;
રાય સિદ્ધારથે પ્રતિમા પૂજી, કલ્પસૂત્રમાંહે રાગે રે. શાંતિ૦ ૬

વિદ્યાચારણ મુનિવરે વંદી, પડિમા પાંચમે અંગે રે;
જંઘાચારણ મુનિવરે વંદી, જિન પડિમા મન રંગે રે. શાંત૦ ૭

આર્યસુહસ્તિ સુરિ ઉપદેશે, આવો સંપ્રતિરાય રે;
સવાકોડી જિન બિંબ ભરાવ્યાં, ધન્ય ધન્ય એહની માય રે. શાંતિ૦૮

મોકલી પ્રતિમા અભયકુમારે, દેખી આર્દ્રકુમાર રે;
જાતિસ્મરણમેં સમકિત પામી, વરીયો શિવસુખ સાર રે. શાંતિ૦૯

ઇત્યાદિક બહુ પાઠ કહ્યા છે, સૂત્રમાંહે સુખકારી રે;
સૂત્રતણો એક વર્ણ ઉત્થાપે, તે કહ્યો બહુલ સંસારી રે. શાંતિ૦૧૦

તે માટે જિન આણાધારી, કુમતિ કદાગ્રહ નિવારી રે;
ભક્તિ તણાં ફલ ઉત્તરાધ્યયને, બોધિબીજ સુખકારી રે. શાંતિ૦ ૧૧

એક ભવે હોય પદવી પામ્યા, સોલમા શ્રી જિનરાયા રે;
મુજ મન મંદિરિયે પધરાવ્યા, ધવલ મંગલ ગવરાયા રે. શાંતિ૦૧૨

જિન ઉત્તમ પદ રૂપ અનુપમ, કીર્તિ કમલાની શાલા રે;
જીવવિજય કહે છે પ્રભુની ભક્તિ, કરતાં મંગલ માલા રે.શાંતિ૦૧૩

૨

શાંતિ જિન એક મુજ વિનતિજી, સાંભળો જગત આધાર;
સાહિબ હું બહુ ભવ ભમ્યોજી, સેવતાં પાપ અઢાર. શાંતિ૦ ૧

પ્રથમ હિંસા માંહી રાચીયોજી, નાચીયો બોલી મૃષાવાદ;
માચીયો ધન લેઇ પારકું જી, હારીયો નિજ ગુણ સ્વાદ. શાંતિ૦૨
દેવતા માનવ તિર્યંચ તણાજી, મૈથુન સેવ્યાં ઘણી વાર;
નવવિધ પરિગ્રહ મેલવ્યોજી, ક્રોધ કીધો રે અપાર. શાંતિ૦ ૩
માન માયા લોભ વશ પડયો જી, રાગ ને દ્વેષ પરિણામ;
કલહ અભ્યાખ્યાન તિમ સહીજી, પૈશુન્ય દુરિતનું ઠામ. શાંતિ૦૪
રતિ અરતિ નિંદા મેં કરીજી, જેહથી હોય નરકવાસ;
કપટ સહિત જુઠું ભાખીયું જી, વાસીયું ચિત્ત મિથ્યાત્વ. શાંતિ૦૫
પાતક સ્થાનક એ કહ્યુંજી, તિમ પ્રભુ આગમ માંહી;
તેહઅશુદ્ધ પરિણામથીજી, રાખીએ ગ્રહી મુજ બાંહી. શાંતિ૦ ૬
તું પરમાત્મા જગગુરૂજી, હિતકર જગ સુખદાય;
હંસવિજય કવિરાજનોજી, મોહનવિજય ગુણ ગાય. શાંતિ૦૭

૩

સુણ દયાનિધિ તુજ પદ પંકજ, મુજ મન મધુકર લીનો;
તું તો રાત દિવસ રહે સુખ ભીનો, સુણ૦ ૧
પ્રભુ અચિરા માતાનો જાયો, વિશ્વસેન ઉત્તમ કુળ આયો;
એક ભવમાં દોય પદવી પાયો. સુણ૦ ૨
પ્રભુ ચક્રી જિન પદનો ભોગી, શાંતિ નામ થકી થાય નિરોગી;
તુજ સમ અવર નહિ કુળે યોગી, સુણ૦ ૩
ષટ ખંડતણો પ્રભુ તું ત્યાગી, નિજ આતમ ઋદ્ધિ તણો રાગી;
તુજ સમ અવર નહિં વૈરાગી. સુણ૦ ૪
વડવીર થયા સંયમધારી, લહે કેવળ દુગ કમળા સારી;
તુજ સમ અવર નહિં ઉપકારી. સુણ૦ ૫

પ્રભુ મેઘરથ ભવ ગુણ આણી, પારેવા ઉપર કરૂણા આણી;
નિજ શરણે રાખ્યો સુખ આણી. સુણ૦ ૬
પ્રભુ કર્મ કટક ભવભય ટાળી, નિજ આતમ ગુણને અજુઆળી;
પ્રભુ પામ્યા શિવવધૂ લટકાળી. સુણ૦ ૭
સાહેબ એક મુજરો માનીજે, નિજ સેવક ઉત્તમ પદ દીજે;
રૂપ કીર્ત્તિ ઠરે તુજ જીવ વિજે. સુણ૦ ૮

૪

ધન દિન વેલા ધન વળી તેહ, અચિરાનો નંદન જિન જઈ ભેટશું જી;
લહેશું રે સુખ દેખી મુખચંદ;
વિરહ વ્યથાનાં દુઃખ સવી મેટશું જી. ૧
જાણ્યોરે જેણે તુજ ગુણ લેશ, બીજારે રસ તેહને મન નવિ ગમેજી;
ચાખ્યો રે જેણે અમી લવલેશ,
બાકસબુકસ તસ ન રૂચે કિમેજી. ૨
તુજ સમકિત રસ સ્વાદનો જાણુ, પાપ કુમતને બહુ દિન સેવીઓજી;
સેવે જો કરમને યોગે તોહિ વાંછે,
તે સમકિત અમૃત ધુરે લખ્યું જી. ૩
તાહરૂં ધ્યાન તે સમકિતરૂપ. તેહજ જ્ઞાનને ચારિત્ર તેહ છેજી;
તેહથી રે જાએ સઘળાં હો પાપ.
ધ્યાતા રે ધ્યેય સ્વરૂપ હોયે પછીજી. ૪
દેખી રે અદ્‌ભુત તાહરું રૂપ, અચરિજ ભવિક અરૂપી પદ વરેજી;
તાહરી ગત તું જાણે હો દેવ,
સમરણ ભજન તે વાચક જશ કરેજી. ૫

૫

સુણો શાન્તિ જિણુંદ સોભાગી, હું તો થયો છું તુમ ગુણરાગી;
તુમે નિરાગી ભગવંત, જોતાં કેમ મલશે તંત. સુણો૦ ૧
હું તો ક્રોધ કષાયનો ભરીયો, તું તો ઉપશમ રસનો દરીયો;
હું તો અજ્ઞાને આવરીયો, તું તો કેવલ કમલા વરીયો. સુણો૦ ૨
હું તો વિષયા રસનો આશી, તેં તો વિષયા કીધા નિરાશી;
હું તો કર્મને ભારે ભર્યો, તેં તો પ્રભુ ભાર ઉતાર્યો. સુણો૦૩
હું તો મોહ તણે વશ પડીયો, તું તો સઘલા મોહને નડીયો;
હું તો ભવ સમુદ્રમાં ખુંતી, તું તો શિવ મંદિરમાં પહોતો. સુણો૦૪
મારે જન્મ મરણનો જોરો, તેં તો તોડયો તેહનો દોરો;
મારો પાસો ન મેલે રાગ, તમે પ્રભુજી થયા વીતરાગ. સુણો૦૫
મુને માયાએ મુકયો પાશી, તું તો નિરબંધન અવિનાશી;
હું તો સમકિતથી અધુરો, તું તો સકલ પદારથે પૂરો. સુણો૦ ૬
મ્હારે છો તુંહિ પ્રભુ એક, તુહારે મુજ સરીખા અનેક;
હું તો મનથી ન મૂકું માન, તું તો મન રહિત ભગવાન. સુણો૦૭
માઠું કીધું તે શું થાય, તું તો રંકને કરે છે રાય;
એક કરો મુજ મહેરબાની, મ્હારો મુજરો લેજો માની. સુણો૦ ૮
એકવાર જો નજરે નિરખો, તો કરો મુજને તુમ સરીખો;
જો સેવક તુમ સરીખો થાશે, તો ગુણ તમારા ગાશે. સુણો૦ ૯
ભવો ભવ તુમ ચરણની સેવા, હું તો માગું છું દેવાધિદેવા;
સામું જુઓને સેવક જાણી, એવી ઉદયરતનની વાણી. સુણો૦૧૦

૬

શાંતિજિણુંદ મહારાજ, જગતગુરૂ શાંતિજિણુંદ મહારાજ;
અચિરાનંદન ભવિ મનરંજન, ગુણનિધિ ગરીબ નિવાજ. જ૦ ૧

ગર્ભ થકી જિણે ધ્રુતિ નિવારી, હરષિત સુરનર કોડી;
જનમ થયે ઓસઠ ઇંદ્રાદિક, પહ પ્રભુમે કરજોડી. જ૦ ૨
મૃગ લંછન ભવિક તુમ ગંજન, કંચનવાન શરીર;
પંચમનાણી પંચમ ચક્રી, સોળમો જિન ધીર. જ૦ ૩
રત્નજડિત ભૂષણ અતિ સુંદર, આંગી અંગ ઉદાર;
અતિ ઉછરંગ ભગતિ નૌતમ જતિ, ઉપશમ રસ દાતાર. જ૦ ૪
કરૂણાનિધિ ભગવાન કૃપાકર, અનુભવ ઉદિત આવાસ;
રૂપ વિબુધનો મોહન પભણે, દીજે જ્ઞાન વિલાસ. જ૦ ૫

૭

મ્હારો મુજરો લ્યોને રાજ, સાહિબ શાંતિ સલુણા:
અચિરાજીના નંદન તોરે, દર્શન હેતે આવ્યો,
સમકિત રીઝ કરોને સ્વામી, ભક્તિ ભેટણું લાવ્યો. મ્હારો૦ ૧
દુઃખ ભંજન છે બિરૂદ તુમારો, અમને આશા તુમારી;
તુમે નિરાગી થઈને છૂટો, શી જતિ હોશે અમારી. મ્હારો૦ ૨
કહેશે લોક ન તાણી કહેવું, એવડું સ્વામી આગે;
પણ બાલક જો બોલી ન જાણે, તો કેમ વ્હાલો લાગે. મ્હારો૦ ૩
મ્હારે તો તું સમરથ સાહિબ, તો કેમ ઓછું માનું;
ચિન્તામણિ જેણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિશાનું. મ્હારો૦ ૪
અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ, મોહ તિમિર હર્યું જાગતે;
વિમલવિજય વાચકનો સેવક, રામ કહે શુભ ભગતે. મ્હારો૦ ૫

૮

તું પારંગત તું પરમેશ્વર, વાલા. મારા. તું પરમારથ વેદ્દી;
તું પરમાતમ તું પુરૂષોતમ, તુંહિ અછેદ્દી અવેદ્દી રે;
મનના મોહનીયા, તાહરી કીકી કામણગારીરે, જગના સોહનીયા. ૧

યોગી અયોગી ભોગી અભોગી, વા૦ તુંહીજ કામી અકામી રે;
તુંહી અનાથ નાથ સહુ જગનો, આતમ સંપદા પામી રે. મનના૦૨
એક અસંખ્ય અનંત અનુચર, વા૦ અકલ સકલ અવિનાશી;
અરસ અવર્ણ અગંધ અફરસી, તુંહી અપાસી અનાસી રે. મનના૦૩
મુખ પંકજ ભમરી પરે અમરી, વા૦ તુંહી સદા બ્રહ્મચારી રે;
સમોસરણ લીલા અધિકારી, તુંહીજ સંયમ ધારી રે. મનના૦ ૪
અચિરાનંદન અચરિજ એહી, વા૦ કહાણી માંહિ ન આવે રે;
ક્ષમાવિજય જિન વયણ સુધારસ, પીવે તેહિજ ધાવે રે. મનના૦ ૫

૯

શાંતિ જિનેશ્વર સાચો સાહિબ, શાંતિ કરણ અનુકૂલમેં હો જીનજી;
તું મેરા મનમેં તું મેરા દિલમેં,
ધ્યાન ધરૂં પલપલમેં સાહિબજી; તું મેરા૦ ૧
ભવમાં ભમતાં મેં દરિશણ પાયો, આશા પૂરો એક પલમેં હો જીનજી;
તું મેરા૦ ૨
નિર્મલ જ્યોત વદન પર સોહે, નીકરયો જ્યું ચંદ વાદલમેં હો જીનજી
તું મેરા૦ ૩ ;
મેરો મન તુમ સાથે લીનો, મીન વશે જ્યું જળમેં હો જીનજી;
તું મેરા૦ ૪
જીનરંગ કહે પ્રભુ શાંતિ જિનેશ્વર, દીઠોજી દેવ સકલ મેં હો જીનજી
તું મેરા દિલમેં૦ ૫

૧૦

સોલમા શાંતિ જિનેશ્વર દેવ કે, અચિરાના નંદ રે;
જેહની સારે સુરપતિ સેવકે;અ૦તિરિનર સુર સહુ સમુદાયકે,અ૦
એક યોજન માંહે સમાય કે. અચિરા૦ ૧

તેહને પ્રભુજીની વાણી કે, અ૦ પરિણમે સમજે ભવિ પ્રાણી કે; અ૦ સહુ જીવના સંશય ભાંજે કે, અ૦ પ્રભુ મેઘધ્વનની એમ ગાજે કે. અચિરા૦ ૨

જેહને જોયજ્ઞ સવાસો માન કે, અ૦ જે પૂર્વના રોગ તેણે થાન કે; અ૦ સવિનાશ થાયે નવા નાવે કે, અ૦ ષટ માસ પ્રભુ પરભાવ કે. અચિરા૦ ૩

જિહાં જિનજી વિચરે રંગ કે, અ૦ નવિ મુષક શુલભ પતંગ કે; અ૦ નવિ કોઇને વર વિરોધ કે, અ૦ અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ રોધ કે. અચિરા૦ ૪

નિજ પરચક્રનો ભય નાસ કે, અ૦ વલી મરકી નાવે પાસે કે; અ૦ પ્રભુ વિચરે તિહાં ન દુકાલ કે, અ૦ જાયે ઉપદ્રવ સવિ તત્કાલ કે. અચિરા૦ ૫

જરા મસ્તક પૂંઠે રાજે કે, અ૦ ભામંડલ રવિપરે છાજે કે; અ૦ ક્ષયથી અતિશય અગીઆર કે, અ૦ માનું ચોગ્ય સામ્રાજ્ય પરિવાર કે. અચિરા૦ ૬

કળ ઢેણું ભાવ એ ભાવ કે, અ૦ એમ હોંશ ઘણી ચિત્ત આવે કે; અ૦ શ્રી જિન ઉત્તમ પરભાવે કે, અ૦ કહે પદ્મવિજય બની આવે કે. અચિરા૦ ૭

૧૧

સોલમા શ્રી જિનરાજ એળગ સુણો અમતણી લલના,
ભગતથી એવડી કેમ કરો છો ભોળામણી લલના;
ચરણે વળગ્યો જેહ આવીને થઇ ખરો, લ૦
અનપટ જ તેહથી કોણ રાખે રસ આંતરાં. લલના ૧

મેં તુજ કારણ સ્વામી ઉવેખ્યા સુર ઘણા,. લ૦
માહરી દિશાથી મેં તો ન રાખી કાંઈ મણા; લ૦

તો તુમે મુજથી કેમ અપુંઠા થઇ રહો, લ૦
મૂક હોવે જો કોઇ સુખે મુખથી કહો. લલના ૨
તુજથી અવર ન કોય અધિક જગતી તળે, લ૦
જેહથી ચિત્તની વૃતી એકાગી જઇ મળે; લ૦
બીજે દરિશણ વાર ઘણી ન લગાવીએ, લ૦
વાતલડી અતિ મીઠી તે કિમ વિરમાવીએ. લલના ૩
તુજે જળતો હું કમળ કમળ તો હું વાસના, લ૦
વાસના તો હું ભ્રમર ન ચૂકું આસના; લ૦
તું છોડ પણ હું કેમ છોડું તુંજ ભણી, લ૦
લોકોત્તર કોઇ પ્રીત આવી તુંજથી બની. લલના ૪
ધુરથી થાને સમકિત દઇને ભોળવ્યો, લ૦
ખોટે હવે કિમ જાકું દિલાસે ઓળવ્યો; લ૦
જાણી ખાસો દાસ વિસામો છો કિશું, લ૦
અમે પણ ખિજમત માંહી ખોટા કેમ થાયશું. લલના ૫
બીજી ખોટી વાત અમે રાચું નહીં, લ૦
મેં તુજ આગલ માહરા મનવાળી કહી; લ૦
પૂરણ રાખો પ્રેમ વિમાસો શું તમે, લ૦
અવસર લહી એકાંત વિનવીએ છીએ અમે. લલના ૬
અંતરજામી સ્વામી અચિરાનંદના, લ૦
શાંતિકરણ શ્રીશાંતિજી માનજો વંદના; લ૦
તુજ સ્તવનાથી તન મન આણંદ ઉપજ્યો,
કહે મોહન મનરંગ પંડિત કવિ રૂપનો. લલના ૭

૧૨

શ્રી શાંતિ જિનેશ્વર દીઠો રે, મ્હારા મનમાં લાગ્યો મીઠો રે;
આજ મુખડું એહનું જોતાં રે, મ્હારા નયન થયાં પનોતાં રે. શ્રી૦ ૧

જે નજર માંડી એને જોસે રે, તે તો ભવની ભાવઠ ખોશે રે;
એહનું રૂપ જોઇ જે જાણે રે, તેહને સુરનર સહુ વખાણે રે. શ્રી૦ ૨
એતો સાહેબ છે સયાનો રે, મુને લાગે એહશું તાનો રે;
એતો શિવસુંદરીનો રસીયો રે, મ્હારા નયણાં માંહે વસીયો રે શ્રી૦૩
મેંતો સગપણ એહશું કીધું રે, હવે સઘલું કારજ સીધું રે;
એતો જીવન અંતર જામી રે, નિરંજન એ બહુનામી રે. શ્રી૦ ૪
ઘણું શું એહને વખાણું રે, હુંતો જીવનો જીવન જાણું રે;
ઘણું જે એહને ભલશે રે, તેતો ભાણુસમાંથી ટલશે રે. શ્રી૦ ૫
મનડાં જેણે એહશું માંડયાં રે; તેણે રૂદ્ધિવંતાં ઘર છાંડયાં રે;
આગે જેણે એહ ઉપાસ્યો રે, તેણે શિવસુખ કરતલ વાસ્યો રે શ્રી૦૬
આશિક જે એહના થાયે રે, તેણે સંસારમાં ન રહેવાય રે;
ગુણ એહના જે ઘણાં ગાશે રે, તેતો આખર નિર્ગુણા થાશે રેશ્રી૦૭
મેંતો માંડી એહશું માયા રે, મુને ન ગમે બીજાની છાયા રે;
વાચક ઉદયરત્ન એમ બોલે રે, કોઇ નાવે એહને તોલે રે. શ્રી૦ ૮

સોલમા શ્રી શાન્તિનાથ જિન સ્તુતિયો.

૧

શાન્તિ જિનેશ્વર સમરીએ, જેહની અચિરા માય,
વિશ્વસેન કુલ ઉપન્યા, મૃગ લંછન પાય;
ગજપુર નયરીનો ધણી, કંચન વરણી છે કાય,
ધનુષ ચાલીશ દેહડી, લાખ વરસનું આય. ૧
શાન્તિ જિનેશ્વર સોળમા, ચક્રી પંચમ જાણું,
કુંથનાથ ચક્રી છઠ્ઠા, અરનાથ વખાણું;
એ ત્રણે ચક્રી સહી, દેખી આણું દું;
સંજમ લેઇ મુગતે ગયા, નિત્ય ઉઠીને વંદું ૨

શાન્તિ જિનેશ્વર કેવલી, એહા ધર્મ પ્રકાશે,
દાન શિયલ તપ ભાવના, નર સોય અભ્યાસે;
એ રે વચન જિનજીતણા, જેણે હૈયડે ધરીયા,
સુખતાં સમકિત નિર્મલા, જેણે કેવલ વરીયા. ૩
સમેતશિખર ગિરિ ઉપરે, જેણે અણુસણ કીધાં;
કાઉસગ્ગ ધ્યાન મુદ્રા રહી, જેણે મોક્ષ જ સિધ્યાં;
જક્ષ અકૂહ સમરૂં સદા, દેવી નિર્વાણી,
ભવિક જીવ તુમે સાંભળો, ઋષભદાસની વાણી. ૪

૨

રાજન્त्या નવપદ્મરાગરુચિરે, પાદૈર્જિતાષ્ટાપદા,
દ્રેડકોપદ્રુત જાતરૂપ વિભયા, તન્વાડર્યં ધીરક્ષમામ્;
બિભ્રત્યામરસેવ્યયા જિનપતે, શ્રી શાન્તિનાથાડસ્મરે,
દ્રેડકોપદ્રુત જાતરૂપવિભયા તન્વાર્ય ધીરક્ષમામ. ૧

તે જીયાસુર વિદ્વિષો જિનવૃષા માલાં દધાના રજો;
રાજયા મેદુરપારિજાત સુમનઃ સંતાન કાન્તાં ચિતાઃ;
કીર્ત્યા કુન્દસમત્વિષેંદપિયે, નમ્રાપ્ત લોકત્રયી,
રાજયા મેદુરપારિજાત સુમનઃ સંતાન કાન્તાં ચિતાઃ. ૨

જૈનેન્દ્રંમતમાતનોતુ સતતં, સમ્યગ્દશાં સદ્ગુણા,
લીલાભંગમહારિ ભિન્નમદનં, તાપાપહૃદ્યામરમ્;
દુર્નિર્વેર્દ નિરન્તરાન્તરતમોનિર્નાશિ પદ્મોલ્લસ,
લ્લીલાડભંગમહારિભિન્નમદનંતાપાપહૃદ્યામરમ્ ૩

દંષ્ટ્રાચ્છત્રકમષ્ડલૂનિકલયન્, સપ્રશ્ન શાન્તિઃકિમાત્,
સન્ત્યજ્યાનિશમીક્ષણેન શમિનો મુક્તાક્ષમાલીહિતમ્;

તપ્તાષ્ટાપદપિણ્ઠપિંગલરુચિર્યોઽધારયન્મૂર્ધતાં,
સન્ત્યન્યાનિશમીક્ષણેનશમિનો મુક્તાક્ષમાલીહિતમ્ ૪

૩

વંદો જિન શાંતિ, જાસ સોવન કાંતિ,
ટાળે ભવભ્રાંતિ, મોહ મિથ્યાત્વ શાંતિ;
દ્રવ્ય ભાવ અરિ પાંતિ, તાસ કરતા નિકાંતિ,
ધરતા મન ખાંતિ, શોક સંતાપ વાંતિ. ૧
દોય જિનવર નીલા, દોય રક્ત રંગીલા,
દોય ધોળા સુશીલા, કાઢતા કર્મ કીલા;
ન કરે કોઇ હીલા, દોય શ્યામ સલીલા,
સોળ સ્વામીજી પીળા, આપજો મોક્ષ લીલા. ૨
જિનવરની વાણી, મોહવલ્લી કૃપાણી,
સૂત્રે દેવાણી, સાધુને યોગ્ય જાણી;
અર્થે ગુંથાણી, દેવ મનુષ્ય પ્રાણી,
પ્રણમો હિત આણી, મોક્ષની એ નિશાણી. ૩
વાગ્વેશ્વરી દેવી, હર્ષ હિયડે ધરેવી,
જિનવર પાય સેવી, સાર શ્રદ્ધા વરેવી;
જે નિત્ય સમરેવી, દુઃખ તેહના હરેવી,
પદ્મવિજય કહેવી, ભવ્ય સંતાપ જેવી. ૪

૪

શાંતિ સુહંકર સાહીબો, સંયમ અવધારે,
સુમિત્રને ઘેર પારણું, ભવપાર ઉતારે;
વિચરંતા અવનીતલે, તપ ઉગ્ર વિહારે,
જ્ઞાન ધ્યાન એકતાનથી, તિર્યંચને તારે. ૧

પાસ વીર વાસુપૂજ્યજી, નેમ મલ્લીકુમારી,
રાજ્ય વિહુણા એ થયા, આપે વ્રત ધારી,
શાંતિનાથ પ્રમુખા સવી, લહી રાજ્ય નિવારી;
મલ્લિ નેમ પરણ્યા નહિ, બીજા ઘર બારી. ૨
કનક કમલ પગલાં ઠવે, જગ શાંતિ કરીજે,
રયણ સિંહાસન બેસીને, ભલી દેશના દીજે;
યોગાવંચક પ્રાણીયા, ફલ લેતા રીજે,
પુષ્કરાવર્તના મેઘમાં, મનસેત ન ભીંજે. ૩
કોડ વદન શુકરારૂઢો, શ્યામ રૂપે ચાર,
હાથ બીજોરું કમલ છે, દક્ષિણ કર સાર;
જક્ષ ગરૂડવાન પાણીએ, નિકુલાક્ષ વખાણે,
નિર્વાણીની વાત તો, કવિ વીર તે જાણે. ૪

૫

સકલ કુશલવલ્લી, પુષ્કરાવર્ત્તમેઘો,
મદન સદનશૂરૂપઃપૂર્ણચન્દ્રો વક્ત્ર;
પ્રથયતુ મુગલક્ષ્મા, શાન્તિનાથો જનાનાં,
પ્રસૃત ભુવન કીર્ત્તિઃ કામિતં કમ્ર કાન્તિઃ ૧
જિનપતિ સમુદાયો, દાયકોડભીપ્સિતાનાં,
દુરિત તિમિર ભાનું, કલ્પવૃક્ષોપમાનઃ
રચયતુ શિવશાંતિં પ્રાતિહાર્યશ્રમંથો,
વિકટ વિષય ભૂમી જાત હર્તિ વિભર્તિ ૨
પ્રથયતુ અવિઘ્નાનાં, જ્ઞાનસમ્પત્સમૂહં,
સમય ઇહ જગત્યામાપ્તવક્ત્રપ્રસૂત;
ભવજલ નિધિ પોતઃ, સર્વ સંપત્તિહેતુઃ
પ્રથિતઘનઘટાયાં સૂર્યકાન્તપ્રકાશઃ ૩

जयविजयमनीषामन्दिरं ब्रह्मशान्तिः
सुरगिरिसमधीरः पूजितो न्यक्षयक्षैः;
हरतु सकलविघ्नं यो जनैश्चिन्त्यमानः
स भवतु सततंवः श्रेयसे शान्तिनाथः ४

સોળમા પાપસ્થાનક પરનિંદાની સજ્ઝાય.

૧

સુંદર પાપસ્થાનક તજો સોળમું, પરનિંદા અસરાળ હો;
સુંદર નિંદક જે મુખરી હોવે, તે ચોથો ચંડાળ હો. સુંદર પા૦ ૧
સુંદર જેહને નિંદાનો ઢાળ છે. તપ ક્રિયા તસ ફોક હો;
સુંદર દેવ કિલ્વિષ તે ઉપજે, એ કુળ રોકારોક હો. સુંદર પા૦ ૨
સુંદર ક્રોધ અજીરણ તપ તણું, જ્ઞાન તણું અહંકાર હો;
સુંદર પરનિંદા ક્રિયા તણું, વમન અજીર્ણ આહાર હો. સુંદર પા૦ ૩
સુંદર નિંદાનો જેહ સ્વભાવ છે, તાસ કથન નવિ નંદ હો;
સુંદર નામધરી જે નિંદા કરે, તેહ મહા મતિમંદ હો. સુંદર પા૦૪
સુંદર રૂપ ન કોઇનું ધારીએ, દાખીએ નિજ નિજ રંગ હો;
સુંદર તેહમાં કાંઇ નિંદા નહીં, પ્રીતે બીજું અંગ હો. સુંદર પા૦ ૫
સુંદર એહ કુશીળણી ઇમ કહે, કોપ હુએ જેહ ભાખ હો;
સુંદર તેહ વચન છે નિંદાતણું, દશવૈકાલિક સાખ હો. સુંદર પા૦ ૬
સુંદર દોષ નજરથી નિંદા હુવે, ગુણ નજરે હુવે રાગ હો;
સુંદર જગ સવિ ચાલે માહળ મઢયો, સર્વ ગુણી વીતરાગ હો. સુંદર પા૦૭
સુંદર નિજ મુખ કનક કચોળડે, નિંદક પરમળ લેય હો;
સુંદર જેહ ઘણા પરગુણ ગ્રહે, સંત તે વિરલા કોય હો. સુંદર પા૦૮
સુંદર પર પરિવાદ વ્યસન તજો, મ કરો નિજ ઉત્કર્ષ હો;
સુંદર પાપકર્મ ઇમ સવિ ટળે, પામે શુભ જશ હર્ષ હો. પા૦ ૯

બાવીશમાં શ્રી નેમિનાથ જિન ચૈત્યવંદન.

૧

નેમિનાથ બાવીશમા, શિવાદેરો માય;
સમુદ્રવિજય પૃથ્વીપતિ, જે પ્રભુના તાય. ૧
દશ ધનુષની દેહડી, આયુ વરસ હજાર;
શંખ લંછન ધર સ્વામીજી, તજી રાજુલ નાર. ૨
સૌરીપુરી નયરી ભલી એ, બ્રહ્મચારી ભગવાન;
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ ઠાન. ૩

૨

રાજુલ વર શ્રી નેમિનાથ, શામળીઓ સારો;
શંખ લંછન દશ ધનુષ દેહ, મન મોહનગારો. ૧
સમુદ્રવિજય રાય કુલતિલો, શીવાદેવી સુત પ્યારો;
સહસ્ર વર્ષનું આઉખું, પાળી સુખકારો. ૨
ગિરનારે મુક્તિ ગયા એ, સૌરીપુરી અવતાર;
રૂપવિજય કહે વાલહો, જગજીવન આધાર. ૩

બાવીશમા શ્રી નેમિનાથ જિન સ્તવનો.

૧

તોરણ આવી કંત, પાછા વળીઆ રે;
મુજ ફરકે દાહિણ અંગ, તિણે અટકળીઆ રે. ૧
કુણ જોષી જોયા જોષ, યુગલ કુણ મીલીઆ રે;
કુણ અવગુણ દીઠા આજ, જિણથી ટળીઆ રે. ૨
જાઓ જાઓરે સહીઓ દૂર, શ્યામને છેડો રે;
પાતળીઓ શ્યામળ વાન, વાલમ તેડો રે. ૩
જાદવ કુળ તિલક સમાન, એમ ન કીજે રે;
એક હાસ્ય ને બીજી હાણિ, કેમ ખમીજે રે. ૪

કહાં વાયે ઝાઝ સમીર, વીજળી ઝબકે રે;
બપૈયો પિયુ પોકાર, હઈડુ ચમકે રે. ૫
ડરપાવે દાદુર શોર, નદીઓ માતી રે;
ઘન ગર્જારવ ઘોર, ફાટે છાતી રે. ૬
હરિતાંશુક પહેર્યા તાંહિ, નવરસ રંગે રે;
આવલીયા નવરસ હાર, પ્રીતમ સંગે રે. ૭
મેં પૂર્વે કીધાં પાપ, તાપે દાધી રે;
પડે આંસુધાર વિષાદ, વેલડી વાધી રે. ૮
મુને ચડાવી મેરૂ શિખ, પાડી હેઠી રે;
કેમ સહેવાયે મહારાજ, વિરહ અંગીઠી રે. ૯
મુને પરણ્યો પ્રાણ આધાર, સંયમ લેજો રે;
હું પતિવ્રતા છું સ્વામી, સાથે વહેજો રે. ૧૦
એમ આઠ ભવની પ્રીત, પીયુડા વળશે રે;
મુજ મનના મનોરથ નાથ, પૂરણ ફળશે રે. ૧૧
પછે ચાર મહાવ્રત સાર, ચુંદડી દીધી રે;
રંગીલી રાજુલ નાર. પ્રેમે લીધી રે. ૧૨
મૈત્ર્યાદિક ભાવના ચાર, ચોરી બાંધી રે;
દહી ધ્યાનાનળ સળગાય, કર્મ ઉપાધિ રે. ૧૩
થયો રત્નત્રયી કંસાર, એકી ભાવે રે;
આરોગે વર ને નાર, શુદ્ધ સ્વભાવે રે. ૧૪
તજી ચંચળતા ત્રિક યોગ, હવે મળીયા રે;
ક્ષમાવિજય જિન નેમ, અનુભવ ફળીયા રે. ૧૫

૨

તોરણ આવી રથ ફેરી ગયારે હાં. પશુઆં-દેઈ દોષ મેરે વાલમા;
નવભવ નેહ નિવાર્યો રે હાં, શો જોઈ આવ્યા જોષ. મેરે૦ ૧

ચંદ્ર કલંકી જેહથીરે હાં. રામને સીતા વિયોગ; મેરે૦
તેહ કુરંજને વયણુડેરે હાં. પત્તિ આવે કુણ લોગ. મેરે૦ ૨
ઉતારી હું ચિત્તથીરે હાં, મુક્તિ ધુતારી હેત; મેરે૦
સિદ્ધ અનંતે ભોગવીરે હાં, તેહશું કવણ સંકેત. મેરે૦ ૩
પ્રીત કરંતાં સોહીલીરે હાં, નિર્વહતાં જંજાળ; મેરે૦
જેહવો વ્યાલ ખેલાવવો રે હાં, જેહવી અગનની ઝાલ. મેરે૦ ૪
જો વિવાહ અવસર દીયો રે હાં, હાથ ઉપર નવિ હાથ; મેરે૦
દીક્ષા અવસર દીજીએરે હાં, શિર ઉપર જગનાથ. મેરે૦ ૫
ઈમ વલવલતી રાજુલ ગઈરે હાં, નેમિ કને વ્રત લીધ; મેરે૦
વાચકયશ કહે પ્રભુમીએરે હાં, એ દંપતિ હોય સિદ્ધ .મેરે૦ ૬

૩

તોરણથી રથ ફેરી ચાલ્યા કંત રે, પ્રીતમજી,
આઠ ભવની પ્રીતડો ત્રોડી તંત મારા પ્રીતમજી;
નવમે ભવ પણ નેહ ન આણો મુજ રે, પ્રી૦
તો શ્યું કારણ એટલે આવવું તુજ. મારા૦ ૧

એક પોકાર સુણી તિર્યંચનો એમ રે, પ્રી૦
મૂકો અબળા રોતી પ્રભુજી કેમ; મારા૦
ષટ્ જીવના રખવાલમાં શિરદાર રે, પ્રી૦
તો કેમ વલવલતી સ્વામી મૂકો નારી. મારા૦ ૨

શિવવધૂ કેરૂં એહવું કેડેવું રૂપ રે, પ્રી૦
મુજ મૂકોને ચિત્તમાં ધરી જિન ભૂપ; મારા૦
જિનજી લીયે સહસાવનમાં વ્રતભાર રે, પ્રી૦
ઘાતી કરમ અપાવીને નિરધાર. મારા૦ ૩

કેવલ ઋદ્ધિ અનંતી પ્રગટ કીધ રે, પ્રી૦
જાણી રાજુલ એમ પ્રતિજ્ઞા લીધ; મારા૦
જે પ્રભુજીએ કીધું કરવું તેહ રે, પ્રી૦
એમ કહી વ્રતધર થઈ પ્રભુ પાસે જેહ. મારા૦ ૪
પ્રભુ પહેલાં નિજ શોકયનું જોવા રૂપ રે, પ્રી૦
કેવલજ્ઞાન લહી થઈ સિદ્ધ સ્વરૂપ; મારા૦
શિવવધૂ વરીયા જિનવર ઉત્તમ નેમ રે, પ્રી૦
પદ્મ કહે પ્રભુ રાખ્યો અવિચલ પ્રેમ. મારા૦ ૫

૪

સામળીયા લાલ તોરણથી રથ ફેર્યો કારણ કહોને,
શુણ ગિરૂઆ લાલ મુજને મૂકી ચાલ્યા હરિશણ ધોને. ૧
હું છું નારી તે તુમારી, તુમે સેં પ્રીતિ મૂકી અમ્હારી;
તુમે સંયમ સ્ત્રી મનમાં ધારી. સા૦ ૨
તુમે પશુ ઉપર કિરપા આણી, તુમે મહારી વાત ન કો જાણી;
તુમ વિણ પરણું નહિં કો પ્રાણી. સા૦ ૩
આઠ ભવોની પ્રીતલડી, મૂકીને ચાલ્યા રીતલડી;
નહિં સજ્જનની એ રીતલડી. સા૦ ૪
નવિ કીધો હાથ ઉપર હાથે, તો કર મૂકવું હું મથે;
પણ જાવું પ્રભુજીની સાથે. સા૦ ૫
ઇમ કહી પ્રભુ હાથે વ્રત લીધો, પોતાનો કારજ સવિ કીધો;
પકડયો મારગ એણે શિવ સીધો. સા૦ ૬
ચોપન દીન પ્રભુજી તપ કરીઓ, પચ્ચ પન્ને કેવલ વર ધરીયો;
પણ સત છત્રીશશું શિવ વરીઓ. સા૦ ૭
ઇમ ત્રણ કલ્યાણક ગિરનારે, પામ્યો તે જિન ઉત્તમ તારે;
જો પદ પદ્મ તસ શિર ધારે. સા૦ ૮

૫

નિરખ્યો નેમિ જિણંદને અરિહંતાજી, રાજિમતિ કર્યો ત્યાગ;
ભગવંતાજી, બ્રહ્મચારી સંયમ ગ્રહ્યો અરિહંતાજી,
અનુક્રમે થયા વીતરાગ ભગવંતાજી. ૧

ચામર ચક્ર સિંહાસને, અરિ૦ પાદ પીઠ સંયુક્ત; ભગ૦
છત્ર ચાલે આકાશમાં, અરિ૦ દેવ દુંદુભિ વર ઉત્ત. ભગ૦ ૨
સહસ્ર જોયણ ધ્વજ સોહતો, અરિ૦ પ્રભુ આગલ ચાલંત; ભગ૦
કનક કમલ નવ ઉપરે, અરિ૦ વિચરે પાય ઠવંત. ભગ૦ ૩
ચાર મુખે દીયે દેશના, અરિ૦ ત્રણ ગઢ ઝાકઝમાલ; ભગ૦
કેશ રોમ શ્મશ્રુ નખા, અરિ૦ વાધે નહિ કોઈ કાલ. ભગ૦ ૪
કાંટા પણ ઉંધા હોય, અરિ૦ પંચ વિષય અનુકૂલ; ભગ૦
ષટ્ઋતુ સમકાલે ફળે, અરિ૦ વાયુ નહિં પ્રતિકૂલ. ભગ૦ ૫
પાણી સુગંધસુર કુસુમની, અરિ૦ વૃષ્ટિ હોય સુરસાલ; ભગ૦
પંખી દીયે સુપ્રદક્ષિણા, અરિ૦ વૃક્ષ નમે અસરાલ. ભગ૦ ૬
જિન ઉત્તમ પદ પદ્મની, અરિ૦ સેવા કરે સુરકોડો; ભગ૦
ચાર નિકાયના જઘન્યથી, અરિ૦ ચૈત્યવૃક્ષ તેમ જોડી ભગ૦ ૭

૬

પરમાતમ પૂરણકલા, પૂરણગુણ હો પૂરણ જન આશ;
પૂરણ દ્રષ્ટિ નિહાલીએ, ચિત્તધરીએ હો અમચી અરદાસ. ૫૦૧
સર્વદેશ ઘાતી સહુ, અઘાતી હો કરી ઘાત દયાલ;
વાસકીયો શિવમંદિરે, મોહે વિસરી હો લમતો જગમલ. ૫૦ ૨
જગ તારક પદવી લહી, તાર્યા સહી હો અપરાધી અપાર;
તાત કહો મોહે તારતા, કિમ કિની હો કર્યું અવસર વાર. ૫૦૩

મોહ મહામદ છાકથી, હું છકીઓ હો નહિ શુદ્ધિ લગાર;
ઉચિત સહિ ઈણિ અવસરે, સેવકની હો કરવી સંભાર. ૫૦ ૪
મોહ ગયે જો તારશો, તિણવેળા હો કહા તુમ ઉપગાર;
સુખવેળા સજ્જન ઘણા, દુઃખવેળા હો વિરલા સંસાર. ૫૦ ૫
પણ તુમ દરિસણ જોગથી, થયો હૃદયે હો અનુભવ પ્રકાશ;
અનુભવ અભ્યાસી કરે, દુઃખદાયી હો સહુ કર્મ વિનાશ. ૫૦૬
કર્મકલંક નિવારીને, નિજરૂપે હો રમે રમતારામ;
લહત અપૂરવ ભાવથી, ઈણિરીતે હો તુમ પદ વિશ્રામ. ૫૦ ૭
ત્રિકરણ જોગે વિનવું, સુખદાયી હો શિવાદેવીના નંદ;
ચિદાનંદ મનમેં સદા, તુમે આવો હો પ્રભુ નાણદિણંદ. ૫૦૮

૭

રહો રહો રે યાદવ હો ઘડીયાં દો ઘડીયાં દો ચાર ઘડીયાં; રહો૦
શિવામાત મહહાર નગીને, કયું ચલીએ હમ વિછડીયાં; રહો૦
યાદવ વંશ વિભૂષણ સ્વામી, તુમે આધાર છો અડવડીયાં. રહો૦૧
તો બિન ઓરસેં નેહ ન કિનો, ઓર કરનકી આખડીયાં; રહો૦
ઈતને બિચ હમ છોડ ન જઈએ, હોત બુરાઈ લાજડીયાં. રહો૦ ૨
પ્રીતમ પ્યારે કહે કર જાનાં, જે હોત હમ શિર આંકડીયાં; રહો૦
હાથસેં હાથ મિલાદે સાંઇ, કુલ બિછાઉ સેજડીયાં. રહો૦ ૩
પ્રેમકે પ્યાલે બહુત મસાલે, પીવત મધુરે સેલડીયાં; રહો૦
સમુદ્રવિજય કુલ તિલક નેમકું, રાજુલ ઝરતી આંખડીયાં. રહો ૦૪
રાજુલ છોર ચલે જિરનારે, નેમ યુગલ કેવલ વરીયાં; રહો૦
રાજિમતી પણ દીક્ષા લીની, ભાવના રંગ રસે ચડીયાં. રહો૦ ૫
કેવલ લઈ કરી મુગતિ સિધ્યા, દંપતી મોહન વેલડીયાં; રહો૦
શ્રી શુભવીર અચલ ભઇ જોડી, મોહરાય શિર લાકડીયાં. રહો૦૬

શ્રી નેમિનાથના નવભવનું સ્તવન.

૮

નેમિ પ્રભુ આવ્યા રે, સહસાવન કે મેહાન; કરૂણા લાવ્યા રે, જિનપદ નામ કે નિદાન; કૃષ્ણજી વંદન કેરે કામ, દેઈ વન પાળકને બહુ દાન, સાથે સેના લઈ અભિરામ, પ્રભુજી પેખી રે, પંચાભિગમ પ્રકાર; વંદના કીધી રે, માને સફલ અવતાર, દેશના દીધી રે, પ્રભુજીએ ભવિ ઉપકાર. નેમિ૦ ૧

કૃષ્ણજી પૂછે પ્રભુને એમ, રાજુલને તુમ ઉપર પ્રેમ; અરિહા નેમિજિન બોલ્યા એમ, નવભવ કેરી રે, વાત સુણોને કહાન, ધુરે ભવે ધારો રે, ધન્ય ધનવતી અભિધાન, સમકિત સારૂં રે, પામ્યા મોક્ષ નિદાન. નેમિ૦ ૨

ધનદત્ત ભાઈ બીજો ધનદેવ, સમ્યક્ કરતા સંયમ સેવ, બહુ એ ઉપન્યા સોહમદેવ, નિજ નિજ પ્રીતે રે, સુખ ભોગવે સુરસાલ, યાત્રા કરતા રે, શાશ્વત ચૈત્ય વિશાલ, વિચરંતા વંદે રે, જીનવર પરમ દયાલ. નેમિ૦ ૩

વિદ્યાધર હવે ચિત્રગતિ રાય, તેહની રાણી રત્નવતિ થાય; મનગતિ ચપળગતિ હોય ભાય, ત્રીજા ભવમાં રે, સુજસ કેવલીની પાસ, સમકિત પામ્યા રે, દીક્ષા દમધર સકાસ, ચારિત્ર પાલી રે, ઉપન્યા માહેંદ્ર સુરવાસ. નેમિ૦ ૪

હવે પંચમ ભવ ઉપન્યા જેહ, અપરાજિત કુમર ગુણગેહ; પ્રીતિમતી તસરાણી જેહ, તેણે ભવે કીધો રે; બહુ જનને ઉપકાર, પૃથ્વી ભમતાં રે, મળીયા કેવળી અણગાર, મિત્રને સાથે રે, પ્રણમ્યા ભક્તિ ઉદાર. નેમિ૦ ૫

કેવલી કહે તું સમકિતવંત, ભરતમાં આવીશમો અરિહંત, વિમલબોધ ગણધર એતંત,સુરસોમ નામે રે, ભાઇ તે પણ ગણધાર, સાંભલી પામ્યા રે, હરખ અપાર, અનુક્રમે બુઝયા રે, લીધો સંયમ ભાર. નેમિ૦ ૬

ચારિત્ર પાલી નિરતિચાર, આરણદેવ લોકમાં અવતાર; પાંચે જણમાં પ્રીતિ અપાર, લીધો તિહાંથી રે, શ્રીમતી કુખે અવતાર; હસ્તિણા ઉરે રે, નામે શંખકુમાર; તેજ બળ રૂપે રે સૂરજ શશિ અનુકાર. નેમિ૦ ૭

સુર નર નારી જસગુણ ગાય, જસકીર્ત્તિ કાંઇ કહી નવ જાય; ધનવતી જીવ યશોમતી થાય, મતિપ્રભ મંત્રી રે, જીવ વિમલ બોધ નામ; તિણે ભવે વાંદ્યા રે, શાશ્વત ચૈત્ય ઉદામ, બહુ વલી પરણ્યા રે, વિદ્યાધરો રૂપ નિધાન. નેમિ૦ ૮

જસધર ગણધર નામે ભાય, ઉપન્યા હવે શ્રીષેણ જે તાય; દીક્ષા લહીને કેવલી થાય, તાતની પાસે રે, થયા પાંચે મુનિરાય; ચારિત્ર પાળે રે, આઠે પ્રવચન માય; શંખ મુનિ સિદ્ધે રે, વીશસ્થાનક સુખદાય. નેમિ૦ ૯

કરે નિકાચિત જીનપદ નામ, અણસણ આદરે સહુ તિણે ઠામ; પાદપોપ નામે ગુણ કામ, અપરાજિતે રે, આયુ સાગર બત્રીશ, અનુત્તરે હુવા રે, દેવ સદા સુ જગીશ, તિહાંથી ચવિયા રે, સુણ યાદવના અધીશ. નેમિ૦ ૧૦

ઇણભરત અભિધા નેમિકુમાર, રાજીમતિ નામે એ નાર; ક્ષીણભોગ હુઆ એણે સંસાર, તિણે નવિ પરણ્યો રે, વળીઓ તોરણથી એમ, રાજુલ વિનવે રે, નવભવનો ધરી પ્રેમ, સહુ પડિબોહ્યા રે, ગણધર પદ લહ્યા ક્ષેમ. નેમિ૦ ૧૧

પ્રેમે દુખિયા હોવે સંસાર, પ્રેમે ઘેલા હોવે નરનાર; પ્રેમે મૂકે સવી આચાર, પ્રેમ વિલુદ્ધારે, માનવી કરે ઝંપાપાત; અગ્નિમાં પેસે રે, મૂચ્છાંને જલપાત, ગલે દીયે ફાંસો રે, પ્રેમની કંઈ કરૂં વાત. નેમિ૦ ૧૨

સાંભલી બુઝયાં કેઈ નરનાર, રાજુલે લીધાં મહાવ્રત ચાર; પામી કેવલજ્ઞાન ઉદાર પ્રભુજી પહેલાં રે, પહોંચી મુક્તિ મોઝાર, પ્રભુ વિચરંતા રે,અનુક્રમે આવ્યા ગિરનાર,મુનિવર વૃંદે રે, પરવર્યા જગત આધાર. નેમિ૦ ૧૩

પાંચશેં છત્રીશ મુનિ પરિવાર, રૂંધી યોગ અનેક પ્રકાર; સમય એક ઉર્ધ્વ ગતિસાર, સિદ્ધિ વારયા રે, છોડી સકલ જંજાળ, સહજાનંદી રે, સાદિ અનંતો કાલ, નિજગુણ ભોગી રે, આત્મશકિત અજુઆલ. નેમિ૦ ૧૪

જિહાં નિજ એક અવગાહન હોય, તિહાં રહે સિદ્ધ અનંતા જોય; કોઇને બાધા ન કરે કોય, નિજ નિજ સત્તા રે, નિજ નિજ પાસે હવંત, કોઇની સત્તા રે, કોઇમાં ન ભળે એ તંત, નિશ્ચય નયથી રે, આત્મક્ષેમ રહંત. નેમિ૦ ૧૫

વ્યવહારે રહીયાં લોચંત, દંપતી એમ થયાં સુખવંત. પ્રેમે પ્રભુમો ભવિ ભગવંત, પ્રભુજી ગાયા રે, સાગર અગ્નિ ગજ ચંદ્ર; સંવત જાણો રે, કાર્તિક વદિ સુખકંદ, પોષાળ પાડે રે, પાટણ રહી શીવાનંદ. નેમિ૦ ૧૬

સાતમ દિન સૂરજ સુતકાર, જિનજી ઉત્તમ ગુણ ભણુધાર; બ્રહ્મચારી માંડે શિરદાર, તેહના પ્રણમું રે, ભાવે ભળી ભળી પાય, શિવપદ માગું રે, ફરી ફરી ગોઠ બિછાય, એણી પરે ગાયા રે, પદ્મવિજય જીનરાય. નેમિ પ્રભુ આવ્યા રે, સહસાવન કે મેદાન. ૧૭

બાવીશમા શ્રી નેમિનાથ જિનની સ્તુતિઓ.

૧

શ્રી ગિરનાર શિખર શણગાર, રાજીમતી હૈયડાનો હાર;
જિનવર નેમિકુમાર, પૂર્ણ કરૂણારસ ભંડાર;
ઉગાર્યા પશુઓ એ વાર, સમુદ્રવિજય મલ્હાર;
મોર કરે મધુરો કેંકાર, વિચે વિચે કોયલના ટહુકાર;
સહસ્ર ગમે સહકાર, સહસ્રવનમેં હુઆ અણગાર;
પ્રભુજી પામ્યા કેવળ સાર, પહોંચ્યા મુક્તિ મોઝાર. ૧

સિદ્ધગિરિ એ તીરથ સાર, આબુ અષ્ટાપદ સુખકાર;
ચિત્રકૂટ વૈભાર, સુવર્ણગિરિ સમેત શ્રીકાર;
નંદીશ્વર વર દ્વીપ ઉદાર, જિહાં ભાવન વિહાર;
કુંડલ રૂચક ને ઇષુકાર, શાશ્વતા અશાશ્વતા ચૈત્ય વિહાર;
અવર અનેક પ્રકાર, કુમતિ વયણે મંજુલ ગમાર,
તીરથ ભેટે લાભ અપાર, ભવિયણ ભાવે જુહાર. ૨

પ્રગટ છઠ્ઠે અંગે વખાણી, દ્રોપદી પાંડવની પટરાણી;
પૂજા જિન પ્રતિમાની; વિધિશું કોધી ઉલટ આણી;
નારદ મિથ્યાદ્રષ્ટિ અન્નાણી, છાંડી અવિરતિ જાણી;
શ્રાવક કુળની એ સહી નાણી, સમકિત આલાવે આખ્યાણી;
સાતમેં અંગે વખાણી, પૂજનિક પ્રતિમા અંકાણી;
ધર્મ અનેક આગમની વાણી, તે સુણજો ભવિ પ્રાણી. ૩

કેડે કટી મેખલા ઘુઘરીઆળી, પાયે નેપુર રમઝમ ચાલી;
ઉજ્જયંત ગિરિ રંભવાળી, અધર લાલ જીસ્યા પરવાળી;
કંચનવાન કાયા સુકુમાળી, કર લહકે અંબડાળી;

વેરીને લાગે વિકરાળી, સંઘનાં વિઘ્ન હરે ઉજમાળી;
અંબા દેવી મયાળી, મહિમાએ દશ દિશિ અજુઆળી;
ગુરૂ શ્રી સંઘવિજય સંભાળી, દિન દિન નિત્ય દીવાળી. ૪

૨

સુર અસુર વંદિત પાય પંકજ, મયણ મલ્લ અક્ષોભિતં,
ઘન સુઘન શ્યામ શરીર સુંદર, શંખ લંછન સોભિતં;
શિવાદેવી નંદન ત્રિજગ વંદન, ભવિક કમળ દિનેશ્વરં,
ગિરનાર ગિરિવર શિખર વંદુ, શ્રી નેમિનાથ જિનેશ્વરં. ૧
અષ્ટાપદે શ્રી આદિજિનવર, વીર પાવાપુરી વરં,
વાસુપૂજ્ય ચંપા નયરી સીધ્યા, નેમિ રૈવત ગિરિવરં;
સમેતશિખરે વીશ જિનવર, મુક્તિ પહોંચ્યા મુનિવરં,
ચોવીશ જીનવર નિત્ય વંદુ, સકલ સંઘને સુખકરં. ૨
અગ્યાર અંગ ઉપાંગ બાર, દશ પયન્ના જાણીએ,
છ છેદ ગ્રંથ પ્રશસ્થ સર્થા, મૂળ ચાર વખાણીએ;
અનુયોગદ્વાર ઉદ્ધાર નંદી, સૂત્ર જિનમત ગાઇએ,
વૃત્તિ ટીકા ભાષ્ય ચૂર્ણિ, પીસ્તાળીશ આગમ ધ્યાઇએ. ૩
દોય દિશિ બાળક દોય જેને, સદા ભવિયણ સુખ કરૂ,
દુઃખ હરિ અંબા લુંબ સુંદર, દુરિત દોહગ અપહરૂ;
ગિરનાર મંડણ નેમિ જિનવર, ચરણ પંકજ સેવીએ,
શ્રી સંઘ સુપ્રસન્ન મંગળ, કરો તે અંબા દેવીએ. ૪

૩

રાજુલ વરનારી, રૂપથી રતિ હારી,
તેહના પરિહારી, બાળથી બ્રહ્મચારી;
પશુઆં ઉગારી, હુઆ ચારિત્ર ધારી;
કેવળ શ્રી સારી, પામીયા ઘાતી વારી. ૧

ત્રણ જ્ઞાન સંયુતા, ભાતની કુખે હુંતા,
જન્મે પુરુ હુતા, આવી સેવા કરંતા;
અનુક્રમે વ્રત કરંતા, પાંચ સમિતિ ધરંતા,
મહિયલ વિચરંતા, કેવળ શ્રી વરંતા. ૧

સવિ સુરવર આવે, ભાવના ચિત્ત લાવે,
ત્રિગડું સોહાવે, દેવ છંદો બનાવે;
સિંહાસન ઠાવે, સ્વામીના ગુણ ગાવે,
તિહાં જિનવર આવે, તત્વ વાણી સુણાવે. ૩

શાશન સુરી સારી, અંબિકા નામ ધારી,
જે સમકિતી નર નારી, પાપ સંતાપ વારી;
પ્રભુ સેવાકાશે, જાપ જપીએ સવારી,
સંઘ દુરિત નિવારી, જનને જેહ પ્યારી. ૪

૪

ચિક્ષેપોજિતરાજકં રણમુખે, યો લક્ષસંખ્યં ક્ષણા,
દક્ષામંજન ભાસમાનમહસં, રાજીમતીતાપદમ્;
તં નેમિંનમ નમ્રનિર્વૃતિકરં, ચક્રે યદૂનાં ચ યો,
દક્ષામંજન ભાસમાનમહસં, રાજીમતીતાપદમ્. ૧

પ્રાવ્રાજીજિજતરાજકારજ ઈવ, જયાયોપિ રાજ્યં જવાદ્,
યા સંસાર મહોદધાવપિ હિતા, શાસ્ત્રી વિહાયોડહિતમ્
યસ્યાઃસર્વત એવસા હરતુ નો, રાજીજિનાનાં ભવા,
યાસંસાર મહોદધાવપિહિતા, શાસ્ત્રી વિહાયોડહિતમ્, ૨

કુર્વાણાણુપદાર્થદર્શનવશાદ્, ભાસ્વત્પ્રભાયાસ્રયા,
માનત્યા જનકુત્તમોહરત મે શસ્તાદડરિદીહિકા;

અક્ષોભ્યાત્વ ભારતી જિનપતે, પ્રોન્માદિનાં વાદિનાં,
માનત્યાજનકૃત્તમોહરત મેશસ્તાદરિદ્રોહિકા. ૩
હસ્તાલમ્બિત ચુતલુમ્બિલતિકા યસ્યા જનોઽભ્યાગમદ્,
વિશ્વાસેવિત તામ્રપાદ પરતાં વાચા રિપુત્રાસ કૃત્;
સાભૂતિંવિતનોતુનોઽર્જુનરૂચિઃ, સિંહેડધિરૂઢોલ્લસદ્,
વિશ્વાસેવિત તામ્રપાદ પરતાડમ્બા ચારિપુત્રાડસકૃત્. ૪

૫

ગિરનારે ગીરવો, વ્હાલો નેમિ જિણુંદ;
અષ્ટાપદ ઉપર, પૂજી ધરો આણંદ;
સિદ્ધાંતની રચના, ગણધર કરે અનેક;
દીવાળી દિવસે દો અંબાષ્ટ અનેક. ૧

બીજા શ્રી અજિતનાથ જિન ચૈત્યવંદનો

૧

અજિતનાથ પ્રભુ અવતર્યો, વિનીતાનો સ્વામી;
જિનશત્રુ વિજયાતણો, નંદન શિવ ગામી. ૧
બહોંતેર લાખ પુરવ તણું, પાળ્યું જેણે આય;
અજ લંછન લંછન નહીં, પ્રણમે સુર રાય. ૨
સાડા ચારશેં ધનુષનીઓ, જિનવર ઉત્તમ દેહ;
પાદ પદ્મ તસ પ્રણમીએ, જેમ લહિએ શિવ ગેહ. ૩

૨

સકલ સુખ સમૃદ્ધિર્યસ્ય પાદારવિન્દે,
વિલસતિ ગુણરકતા ભક્તરાજીવ નિત્યમ્;
ત્રિભુવન જનમાન્યઃ શાન્તમુદ્રાડભિરામ,
સ જયતિ જિનરાજસ્તુર્ઙ્ગતારર્ઙ્ગતીર્થે. ૧

પ્રભવતિ કિલ ભવ્યો યસ્ય નિર્વર્ણનેન,
વ્યપગત દુરિતૌઘ : પ્રાપ્તમોદપ્રપંચ;
નિજબલ જિતરાગ દ્વેષ વિદ્વેષિવર્ગ,
તમજિતવરગોત્રં તીર્થનાથં નમામિ. ૨
નરપતિ જિતશત્રોર્વંશરત્નાકરેન્દુ:;
સુરપતિ યતિમુખ્યૈર્ભક્તિદક્ષૈ સમર્ચ્ય:;
દિન પતિરિવ લોકેડ પાસ્તમોહાન્ધકારો,
જિનપતિરજિતેશ: પાતુમાં પુણ્ય મૂર્ત્તિ: ૩

બીજા શ્રી અજિતનાથ જિન સ્તવનો

૧

પંથડો નિહાળું રે, બીજા જિનતણો રે અજિત અજિત ગુણ ધામ;
જે તેં જિત્યા રે તેણે હું જિતીયો રે,
પુરૂષ કિસ્યું મુજ નામ. પંથ૦ ૧
ચરણ નયણ કરી મારગ જોવતાં રે, ભુલ્યો સયલ સંસાર;
જોણે નયણે કરી મારગ જોઇએ રે, નયણ તે દિવ્ય વિચાર. પ૦ ૨
પુરૂષ પરંપર અનુભવ જોવતાં રે, અંધોઅંધ પલાય;
વસ્તુ વિચારે જો આગમે કરી રે, ચરણ ધરણ નહિ ઠાય. પં૦ ૩
તર્ક વિચારે રે વાદપરંપરા રે, પાર ન પહોંચે કોય;
અભિમત વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય. પં૦ ૪
વસ્તુ વિચારે રે દિવ્ય નયણતણો રે, વિરહ પડ્યો નિરધાર;
તરતમ યોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર. પં૦ ૫
કાળલબ્ધિ લહ પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી જાણજ્યો રે, આનંદઘન મત અંબ. પં૦ ૬

૨

અજીત જિણેસર ચરણની સેવા, હેવાયે હું હળીયેા;
કહીએ અણુચાખ્યેા પણ અનુભવ, રસનેા ટાણેા મળીયેા;
પ્રભુજી મહેર કરીને આજ, કાજ અમારાં સુધારેા. એ આંકણી ૧
મૂઆન્યેા પણ હું નવી મૂકું, ચૂકું એ નવિ ટાણેા;
ભક્તિભાવ ઉઠયેા જે અંતરે, તે કિમ રહે શરમાણેા. પ્ર૦ ૨
લેાચન શાંતિ સુધારસ સુભગા, મુણ મટકાળું સુ પ્રસન્ન;
યેાગ મુદ્રાનેા લટકેા ચટકેા, અતિશય તેા અતિધન્ન. પ્ર૦ ૩
પિંડ પદસ્થ રૂપસ્થે લીનેા, ચરણ કમળ તુજ ગ્રહીયાં;
ભ્રમર પરે રસ સ્વાદ ચખાવેા, વિરસેા કાં કરેા મહિયાં. પ્ર૦ ૪
બાળ કાળમાં વાર અનંતી, સામગ્રીયે હું નવિ જાગ્યેા;
યૌવન કાળે તે રસ ચાખ્યેા, તું સમરથ પ્રભુ માગ્યેા. પ્ર૦ ૫
તું અનુભવ રસ દેવા સમરથ, હું પણ અરથી તેહનેા;
ચિત્ત વિત્ત ને પાત્ર સંબંધે, અજર રહ્યો હવે કેહનેા. પ્ર૦ ૬
પ્રભુની મહેરે તે રસ ચાખ્યેા, અંતરંગ સુખ પામ્યેા;
માનવિજય વાચક ધર્મ જંપે, હુએા મુજ મન કામ્યેા. પ્ર૦ ૭

૩

પ્રીતલડી બંધાણી રે અજિત જિણુંદશું,
પ્રભુપાખે ક્ષણ એક મને ન સુહાય જો;
ધ્યાનની તાળી રે લાગી નેહશું,
જલદ ઘટા જેમ ચિત્રસુત વાહન દાય જો–પ્રીતલડી૦ ૧
નેહઘેલું મન રહ્યારૂં રે પ્રભુ આળજે રહે,
તન મન ધન તે કારણથી પ્રભુ મુજ જો;
મ્હારે તેા આધાર રે સાહેબ રાવળેા,
અંતર ગતની પ્રભુ આગળ કહું ગુજ જો–પ્રીતલડી૦ ૨

સાહેબ તે સાચો રે જગમાં જાણીએ,
સેવકનાં જે રહેજે સુધારે કાજ જો;
એહવા રે આચરણે કેમ કરી રહું,
બિરૂદ તમારૂં તારણ તરણ જહાજ જો.—પ્રીતલડી૦ ૩
તારકતા તુજ માંહે રે શ્રવણે સાંભળી,
તે ભણી હું આવ્યો છું દીન દયાળ જો;
તુજ કરૂણાની લહેરે રે મુજ કારજ સરે,
શું ઘણું કહીએ જાણ આગળ કૃપાળ જો—પ્રીતલડી૦ ૪
કરૂણાધિક કીધી રે સેવક ઉપરે,
ભવ ભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંગ જો;
મનોવાંછિત ફળીયા રે પ્રભુ આલંબને,
કરજોડીને મોહન કહે મન રંગ જો—પ્રીતલડી૦ ૫

૪

અજિત જિણુંદ શું પ્રીતડી,
મુજ ન ગમે હો બીજનો સંગ કે;
માલતી કુલે મોહીયો,
કિમ બેસે હો બાવળ તરૂ ભુંગ કે–અજિત૦ ૧
ગંગા જળમાં જે રમ્યા,
કિમ છીલર હો રતિ પામે મરાળ કે;
સરોવર જળધર જળ વિના,
નવિ ચાહે હો જગ ચાતક બાળ કે–અજિત૦ ૨
કોકિલ કલ કૂજિત કરે,
પામી મંજરી હો પંજરી સહકાર કે;
ઓછાં તરૂવર નવિ ગમે,
જિરૂઆશું હો હોયે ગુણનો પ્યાર કે–અજિત૦ ૩

કમલિની હિનકર કર ગ્રહે,
વળી કુમુદિની હો ધરે ચંદશું પ્રીત કે;
ગૌરી ગિરીશ ગિરિધર વિના,
નવિ ચાહે હો કમલા નિજ ચિત્ત કે–અજિત૦ ૪
તિમ પ્રભુ શું મુજ મન રમ્યું;
બીજાશું હો નવિ આવે દાય કે;
શ્રી નયવિજય વિબુધ તણો,
વાચકયશ હો નિત નિત ગુણ ગાય કે–અજિત૦ ૫

બીજા શ્રી અજિતનાથ જિન સ્તુતિ.

વિજયા સુતવંદો, તેજથી જર્યું દિણંદો;
શિતલતા એ ચંદો, ધીરતાએ ગિરીંદો;
મુખ જિમ અરવિંદો, જાસ સેવે સુરીંદો;
લહો પરમાણંદો, સેવના સુખકંદો. ૧

ત્રીજા શ્રી સંભવનાથ જિન ચૈત્યવંદનો

૧

સાવત્થી નયરી ધણી, શ્રી સંભવનાથ,
જિતારી નૃપ નંદનો, ચલવે શિવસાથ. ૧
સેનાનંદન ચંદને, પૂજો નવ અંગે;
ત્યાશી ધનુષનું દેહમાન, પ્રણમો મનરંગે. ૨
સાઠ લાખ પુરવ તણું એ, જિનવર ઉત્તમ આય;
તુરગ લંછન પદ પદ્મમાં, નમતાં શિવસુખ થાય. ૩

૨

यद्भक्त्यासक्तचित्ताः प्रचुरतरभवभ्रान्तिमुक्ता भनुष्याः
संजाताः साधुभावोल्लसितनिजगुणान्वेषिणः सद्य एव
स श्रीमान् संभवेशः प्रथमरसमयो विश्वविश्वोपकर्ता,
सद्भर्ता दिव्यदीप्तिः परमपदकृते सेव्यतां भव्यलोकाः ૧

શુક્લધ્યાનોદ્દહનોજ્જ્વલમતિશયિતસ્વચ્છભાવાદ્ભુતેન,
સ્વસ્માદાદૃત્ય વૃત્તં શિવપદનિગમં કર્મપટ્ટઃ પ્રપંચમ્
નીરન્ધ્રં દૂરયિત્વા પ્રકૃતિ મુપગતો નિર્વિકલ્પ સ્વરુપઃ
સેવ્યસ્તાર્ક્ષ્યધ્વજોઽસૌ જગતિ જિનપતિર્વીતરાગઃ સદૈવ. ૨

વાધૌં વિદ્યોતિરત્નપ્રકર ઇવ પરિભ્રાજતે સર્વકાલે,
વાસ્મન્નિઃ શેષ દોષ વ્યપગમવિશદે શ્રીજિતારિસ્તનૂજે
દુષ્પ્રાપો દુષ્ટસત્ત્વૈઃ સ્ફુટગુણનિકરઃ શુદ્ધ બુદ્ધિ ક્ષમાદિઃ
કલ્યાણ શ્રી નિવાસઃ સ ભવતિ વદતાઽભ્યર્ચનીયો ન કેષામ્ ૩

બીજા શ્રી સંભવનાથજિન સ્તવનો

૧

સંભવ જિનવર વિનતિ, અવધારો ગુણ જ્ઞાતા રે;
આમી નહીં મુજ ખિજમતે, કદીય હોશો ફળદાતા રે. સં૦ ૧
કરજોડી ઉભો રહું, રાત દિવસ તુમ ધ્યાનો રે;
જો મનમાં આણો નહીં, તો શું કહીએ છાનો રે. સં૦ ૨
ખોટ ખજાને કો નહીં, દીજે વંછિત દાનો રે;
કરૂણા નજર પ્રભુજી તણી, વાધે સેવક વાનો રે. સં૦ ૩
કાળ લબધ નહિ મંત ગણો, ભાવ લબધ તુમ હાથે રે;
લડથડતું પણ અજ બચું, ગાજે ગયવર સાથે રે. સં૦ ૪
દેશો તો તુમહી ભલું, બીજ તો નવિ જાચું રે;
વાચક યશ કહે સાંઇશું, ફળશે જો મુજ સાચું રે. સં૦ ૫

૨

સાંભળ સાહિબ વિનતી, તું છે ચતુર સુજાણ; સનેહી.
કીધી સુજાણને વિનતી, પ્રાયે ચઢે તે પ્રમાણ. સ૦ ૧

સંભવજિન અવધારીયે, મહિર કરી મહેરબાન; સ૦
ભવભય ભાવઠ ભંજણો, ભક્તિવત્સલ ભગવાન. સ૦ ૨
તું જાણે વિણ વિનવે, તોહે મેં ન રહાય; સ૦
અર્થી હોએ ઉતાવળો, ક્ષણ વરસાં સો થાય. સ૦ ૩
તું તો મોટિમમાં રહે, વિનવિયે પણ વિલંબાય; સ૦
એક ધીરો એક ઉતાવળો, કિમ કિમ કારજ થાય. સ૦ ૪
મન માન્યાની વાતડી, સઘળે દીપે નેટ, સ૦
એક અંતર પેસી રહે, એક ન પામે ભેટ. સ૦ ૫
જોગ અજોગ્ય જે જોઈવા, તે અપૂરણનું કામ; સ૦
ખાઈના જળને પણ કરે, ગંગાજળ નિજ નામ. સ૦ ૬
કાળ ગયો બહુ વાયદે, તે તો મેં ન ખમાય; સ૦
યોગવાહ એ ફીરી ફીરી, પામવી દુર્લભ થાય. સ૦ ૭
ભેદ ભાવ મૂકી પરો, મુજશું રમો એકમેક; સ૦
માનવિજય વાચક તણી, એ વિનતી છે છેક. સ૦ ૮

૩

સસકિતદાતા સમકિત આપો, મન માગે થઇ મીઠું;
છતી વસ્તુ દેતા કશું શોચો, મીઠું જે સહુએ દીઠું;
પ્યારા પ્રાણ થકી છો રાજ, મા જિનવર મુજને. ૧
ઇમ મત જાણે જે આપે લહીએ, તે લાધ્યું શું લેવું;
પણ પરમારથ પ્રીછી આપે, તેહજ કહીએ દેવું. પ્યારા૦ ૨
હું અછું તું અર્થ સમર્થક, ઇમ મત કરજો હાંસું;
પ્રગટ હતું તુજને પણ પહેલાં, એ હાંસાનું ખાંસું. પ્યારા૦ ૩
પરમ પુરૂષ તુમે પ્રથમ ભજીને, પામ્યા એ પ્રભુતાઇ;
તેણે રૂપે તુમને એ ભજીએ, તેણે તુમ હાથ વડાઇ. પ્યારા૦ ૪

તુમે સ્વામી હું સેવા કામી, મુજરો સ્વામી નિવાજો;
નહીં તો હઠ માંડી માગંતા, કિણ વિધ સેવક લાજે. પ્યારા૦ ૫
જ્યોતિ જ્યોતમિલે મત પ્રીછે, કુણ લેશે કુણ ભજશે;
સાચી ભક્તિ તે હંસતણી પરે, ખીર નીર પેરે કરશે. પ્યારા૦ ૬
ઓલખ કીધી હેજે આવી, ચરણ ભેટ પ્રભુ દીધી;
રૂપવિબુધનો મોહન પભણે, રસના પાવન કીધી. પ્યારા૦ ૭

૪

સાહેબ સાંભળો રે, સંભવ અરજ અમારી,
ભવોભવ હું ભમ્યો રે, ના લહી સેવા તુમારી;
નરક નિગોદમાં રે, તિહાં હું બહુ ભવ ભમ્યો,
તુમ વિણ દુઃખ સહ્યાં રે, અહનિશ ક્રોધે ધમધમીયો. સા૦ ૧
ઇન્દ્રિય વશ પડયો રે, પાળ્યાં વ્રત નાવ સુસે,
ત્રસપણું નવિ ગણ્યું રે, હણીણ્યું સ્થાવર હુંસે;
વ્રત ચિત્ત નવિ ધર્યા રે, બીજું સાચું ન બોલ્યું,
પાપની ગોઠડી રે, ત્યાં મેં હમડું જઈ ખોલ્યું. સા૦ ૨
ચોરી મેં કરી રે, ચઉવિહ અદત્ત ન ટાળ્યું,
શ્રી જિન આણશું રે, મેં નવી સંયમ પાળ્યું;
મધુકર તણી પરે રે, શુદ્ધ ન આહાર ગવેષ્યો.
રસના લાલચે રે, નિરસ પિંડ ઉવેખ્યો. સા૦ ૩
નરભવ હોહોહો રે, પામી મોહવશ પડયો,
પરસ્ત્રી દેખીને રે, મુજ મન તિહાં જઈ અડીયો;
કામ ન કો સર્યા રે, પાપે પિંડ મેં ભરીયો,
શુદ્ધ બુદ્ધ નવિ રહી રે, તેણે નવિ આતમ તરીયો. સા૦ ૪

લક્ષ્મીની લાલચે રે, મેં બહુ દીનતા દાખી,
તો પણ નવિ મળી રે, મળી તો નવિ રહી રાખી;
જે જન અભિલખે રે, તે તો તેહથી નાસે,
તૃણ સમ જે ગણે રે, તેહની નિત્ય રહે પાસે. સા૦ ૫

ધન્ય ધન્ય તે નરા રે, એહનો મોહ વિછોડી,
વિષય નિવારીને રે, જેહને ધર્મમાં જોડી;
અભક્ષ તે મેં ભખ્યાં રે, રાત્રિ ભોજન કીધાં,
વૃત નવિ પાળીયાં રે, જેહવાં મૂળથી લીધાં. સા૦ ૬

અનંત ભવ હું ભમ્યો રે, ભમતાં સાહિબ મળીયો,
તુમ વિના કોણ દીયે રે, બોધિ રયણ મુજ બળીયો;
સંભવ આપજો રે, ચરણ કમળ તુમ સેવા,
નય એમ વિનવે રે, સુણજો દેવાધિદેવા. સા૦ ૭

૫

મને સંભવ જિનશું પ્રીત, અવિહડ લાગી રે;
કાંઇ દેખત પ્રભુ મુખ ચંદ, ભાવઠ ભાંગી રે. ૧

જિન સેના નંદન દેવ, દિલડે વસીઆ રે;
પ્રભુ ચરણ નમે કર જોડ, અનુભવ રસીયા રે; ૨

તોરી ધનુસય ચાર પ્રમાણ, ઉંચી કાયા રે;
મનમોહન કંચનવાન, લાગી તોરી માયા રે. ૩

પ્રભુ શય જિતારીનંદ, નયણે દીઠા રે;
સાવત્થી પૂર શણગાર, લાગે મુને મીઠા રે. ૪

પ્રભુ બ્રહ્મચારી ભગવાન, નામ સુણાવો રે;
પણ મુક્તિવધુ વશી મંત્ર, પાઠ ભણાવો રે. ૫

મુજ રઢ લાગી મનમાંહે, તુજ ગુણ કેરી રે;
નહિ તુજ મૂર્તિને તોલ, સુરત ભલેરી રે. ૬
જિન મહેર કરી ભગવાન, વાન વધારો રે;
શ્રી સુમતિવિજય ગુરુ શિષ્ય, દિલમાં ધારો રે.૦ ૭

ત્રીજા શ્રી સંભવનાથજિન સ્તુતિ.

૧

સંભવ સુખ દાતા, જેહ જગમાં વિખ્યાતા,
ષટ્ જીવના ત્રાતા, આપતા સુખ શાતા;
માતા ને ભ્રાતા, કેવલજ્ઞાન જ્ઞાતા,
દુઃખ દોહગ વ્રાતા, જાસ નામે પલાતા. ૧

દશત્રિકની સ્તુતિ

૨

ત્રણ નિસીહિ ત્રણ પ્રદક્ષિણા, ત્રણ પ્રણામ કરીજે જી,
ત્રણ દિશિ વર્જી જિન જુઓ, ભૂમિકા ત્રણ પૂજીજે જી,
ત્રણ પ્રકારી પૂજા કરીને, અવસ્થા ત્રણ ભાવીજે જી;
ત્રણ આલંબન મુદ્રા ત્રણ પ્રણિધાન, ચત્યવંદન ત્રણ કીજે જી. ૧
પહેલે ભાવજિન દ્રવ્ય જિન બીજે, ત્રીજે એક ચૈત્ય ધારો જી,
ચોથે નામજિન પાંચમે સર્વે, લોકચૈત્ય જુહારો જી;
વિહરમાન છટ્ઠે જિન વંદો, સાતમે નાણ નિહાળો જી,
સિદ્ધ વીરજિન ઉર્જિંજત અષ્ટાપદ, શાસન સુર સંભાળો જી. ૨
શકસ્તવમાં દોય અધિકાર, અરિહંત ચેઇયાણં ત્રીજે જી,
નામસ્તવમાં દોય પ્રકાર, શ્રુતસ્તવ દોય લીજે જી;
સિદ્ધસ્તવમાં પાંચ પ્રકાર, એ બારે અધિકાર જી,
જિતનિર્યુક્તિઓ ક્રિયા જાણો, ભાષ્યમાંહે વિસ્તારો જી. ૩

તંબોલ પાણ-ભોયણ વાણહ, મેહુણ એક ચિત્ત ધારો જી,
થુંક સલેખમ વડી લઘુનીતિ, જુગટે રમવું વારો જી;
એ દશે આશાતના મોટી, વરજે જિનવર દ્વારો જી,
ક્ષમાવિજય જિન એણીપરે જંપે, શાસન સુર સંભાળો જી. ૪

પંચ મહાવ્રતની પચ્ચીશ ભાવનાની સજ્ઝાય

ત્રીજા મહાવ્રતની સજ્ઝાય.

૧

મહાવ્રત ત્રીજું મુનિતણું રે હાં, જંપે શ્રી જિનરાય, મુનિવર સાંભળો
અદત્ત વસ્તુ લેવી નહીં રે હાં, જેહથી વિણસે કાજ. મુનિ૦ ૧
ભાવના પંચ છે તેહની રે હાં, ભાવો મન ધરી પ્રેમ; મુનિ૦
પહેલા અંગથી જાણીએ રે હાં, જેમ હોય વ્રતને ક્ષેમ. મુનિ૦ ૨
નિર્દોષ વસ્તુ જાચવી રે હાં, જિમ ન હોય જિન અદત્ત; મુનિ૦
ગુરૂની આજ્ઞાએ વાવરે રે હાં, આહાર પાણી એક ચિત્ત. મુનિ૦ ૩
એહવા અભિગ્રહમાં રહે રે હાં, જાચે ફરી વારંવાર; મુનિ૦
સ્વામી અદત્ત લાગે નહીં રે હાં, વાધે દિધ ઉદાર. મુનિ૦ ૪
સાધર્મિકનો તિમ વળી રે હાં, અવગ્રહ માંગે એહ; મુનિ૦
અપ્રીતિ કારણ નવિ હોવે રે હાં, અદત્ત ન લાગે તેહ મુનિ૦ ૫
વ્રત તરૂને સિંચવા રે હાં, ભાવના છે જળધાર; મુનિ૦
સમકિત સુરતરૂ મહમહે રે હાં, શિવ પદ ફળ મનોહાર. મુનિ૦ ૬
એણીવિધ શું આરાધતાં રે હાં, હોય કર્મનો નાશ; મુનિ૦
શ્રી ગુરૂ ખીમાવિજય સેવતાં રે હાં, જશની પહોંચે આશ. મુનિ૦ ૭

ત્રીજા અદત્તાદાન પાપસ્થાનકની સજ્ઝાય

૨

ચોરી વ્યસન નિવારીએ, પાપસ્થાનક હો બીજું કહ્યું ઘોર કે;
ઇહભવ પરભવ દુઃખ ઘણાં,
એહ વ્યસને હો પામે જગ ચોર કે. ચોરી૦ ૧

ચોર તે પ્રાયે દરિદ્રી હુએ, ચોરીનું હો ધન ન ઠરે નેટ કે;
ચોરનો કોઇ ધણી નહીં,
પ્રાયે ભુખ્યું હો રહે ચોરનું પેટ કે. ચોરી૦ ૨
જિમ જલમાંહો નાંખીયે, તળે જાયે હો જલમાં અય ગોલ કે;
ચોર કઠોર કરમ કરી,
જાય નરકે હો તિમ નિપટ નિટોલ કે. ચોરી૦ ૩
નાઠું પડયું વલી વીસર્યું, રહ્યું રાખ્યું હો થાપણ કર્યું જેહ કે;
તૃણ તુસ માત્ર ન લીજીએ,
અણદીધું હો કિહાં કોઇનું તેહ કે. ચોરી૦ ૪
દૂરે અનર્થ સકલ ટલે, મિલે વ્હાલા હો સઘલે જશ થાય કે;
સુર સુખના હોયે ભોટણાં,
વ્રત ત્રીજું હો આપે જસ થાય કે. ચોરી૦ ૫
ચોરપણું ત્યજી દેવતા, હોયે નિશ્ચલ હો રોહિણીયો જેમ કે;
એ વ્રતથી જસ સુખ લહે,
વલી પ્રાણી હો વહે પુણ્યશું પ્રેમ કે. ચોરી૦ ૬

ત્રીજી દ્રષ્ટિની સજ્ઝાય ઢાળ ત્રીજી

૩

ત્રીજી દ્રષ્ટિ બલા કહીજી, કાષ્ટ અગ્નિ સમ બોધ;
ક્ષેપ નહી આસન સધેજી, શ્રવણ સમીહા સોધ રે;
જિનજી ધન ધન તુજ ઉપદેશ. ૧
તરૂણ સુખી સ્ત્રી પરિવર્યોજી, જેમ ચાહે સુર ગીત;
સાંભળવા તેમ તત્વનેજી, એ દ્રષ્ટિ સુવિનિત રે. જિ૦ ધ૦ ૨
સરીએ બોધ પ્રવાહનીજી, એ વિણ શ્રુત થલ કૂપ;
શ્રવણ સમીહા તે કિમીજી, શયિત સુણે જેમ ભૂપ રે. જિ૦ ધ૦ ૩

મન રીઝે તનુ ઉલ્લસેજી, રીઝે ખુઝે એકતાન;
તે ઇચ્છા વિણ ગુણ કથાજી, બહેરા આગળ ગાન રે. જિ૦ ૫૦ ૪
વિઘ્ન ઇહાં પ્રાયે નહિજી, ધર્મ હેતુમાં કોય;
અનાચાર પરિહારથીજી, સુયશ મહોદય હોય રે. જિ૦ ૫૦ ૫

ત્રણ લિંગની સજઝાય

૪

ત્રણલિંગ સમકિત તણાં રે, પહેલું શ્રત અભિલાષ;
જેહથી શ્રોતા રસ લહે રે, જેહવો સાકર દ્રાખ રે;
પ્રાણી ધરીએ સમકિતરંગ, જિમ લહિયે સુખ અભંગ રે. પ્રા૦ ૧
તરૂણ સુખીની પરિવર્યો રે, ચતુર સુણે સુરગીત;
તેહથી રાગે અતિઘણો રે, ધર્મ સુણ્યાની રીત રે. પ્રા૦ ૨
ભૂખ્યો અટવી ઉતર્યો રે, જિમદ્વિજ ઘેવર ચંગ;
ઇચ્છે તિમ જે ધર્મને રે, તેહજ બીજું લિંગ રે. પ્રા૦ ૩
વૈયાવચ્ચ ગુરૂ દેવનું રે, ત્રીજું લિંગ ઉદાર;
વિદ્યાસાધક તણીપરે રે, આળસ નવિય લગાર રે. પ્રા૦ ૪

ઢાળ બીજી

અરિહંત તે જિન વિચરતાંજી, કર્મ ખપી હુઆ સિદ્ધ;
ચૈત્ય જિનપડિમા કહીજી, સૂત્ર સિદ્ધાંત પ્રસિદ્ધ;
ચતુરનર સમજો વિનય પ્રકાર, જિમ લહીયે સમકિત સાર. ચ૦ ૧
ધર્મ ખિમાદિક ભાખીઓજી, સાધુ તેહના રે ગેહ;
આચારજ આચારનાજી, દાયક નાયક જેહ. ચ૦ ૨
ઉપાધ્યાય તે શિષ્યનેજી, સૂત્ર ભણાવણહાર;
પ્રવચન સંઘ વખાણિએજી, દરિસણ સમકિત સાર. ચ૦ ૩

ભક્તિ બાહ્ય પ્રતિપત્તિજી, હૃદય પ્રેમ બહુમાન;
ગુણ સ્તુતિ અવગુણ ઢાંકવાજી, આશાતનાની હાણ. ચ૦ ૪
પાંચ ભેદ એ દશ તણોજી, વિનય કરે અનુકૂળ.
સિંચે તેહ સુધારસેજી, ધર્મ વૃક્ષનું મૂળ. ચ૦ ૫

શ્રી દશવૈકાલિક સજઝાય ત્રીજી.

૫

આધા કર્મી આહાર ન લીજીએ, નિશિ ભોજન નવિ કીજીએ રે;
રાજપિંડને સાગારનો, પિંડ વલી પરિહરીયે કે;
મુનિવર એ મારગ અનુસરિયે, જિમ ભવજલ નિધિતરિયે કે. ૧
સાહમો આણ્યો આહાર ન લીજીએ,
નિત્ય પિંડ નવિ આદરિયે રે;
શી ઇચ્છા એમ પૂછી આપે
તેહ નવી અંગી કરીયે કે. મુ૦ જિ૦ ૨
કંદ મૂલ ફલ બીજ પ્રમુખ વલી,
લવણાદિક અચિત્ત રે;
વજે તિમ વલી નવિ રાખીજે,
તેહ સન્નિધિ નિમિત્ત કે. મુ૦ જિ૦ ૩
ઉવટણું પીઠી પરિહરીયે,
સ્નાન કલી નવિ કરિયે રે;
ગંધ વિલેપન નવિ આચરિયે,
અંગ કુસુમ નવિ ધરીયે કે. મુ૦ જિ૦ ૪
ગૃહસ્થનું ભાજન નવિ વાવરીયે,
આભરણ લલી પરિહારીયે રે;
છાયા કારણ છત્ર ન ધરિયે,
ધરે ન ઉપાનહ ચરણ કે. મુ૦ જિ૦ ૫

દાતણ ન કરે દર્પણ ન ધરે,
દેખે નવિ નિજ રૂપ રે;
તેલ ન ચોપડીયે ને કાંસકી ન કીજે,
દીજે ન વસ્ત્ર ધુપ કે. મુ૦ જિ૦ ૬
માંચી પલંગે નવિ બેસીજે,
કીજે ન વિંજણે વાય રે;
ગૃહસ્થ ગેહ નવિ બેસીજે,
વિણ કારણ સમુદાય કે. મુ૦ જ૦ ૭
વમન વિરેચન રોગ ચિકિત્સા,
અગ્નિ આરંભ નવિ કીજે રે;
સોગઠાં શેત્રંજ પ્રમુખ જે કીડા,
તે પણ સવી વરજીજે કે. મુ૦ જિ૦ ૮
પાંચ ઇંદ્રિય નેજવશ આણી,
પંચાશ્રવ પચ્ચખ્ખીજે રે;
પંચ સમિતિ ત્રણ ગુપ્તિ ધરીને
છકાય રક્ષા તે કીજે કે. મુ૦ જિ૦ ૯
ઉનાળે આ તપના લીજે,
સીયાળે શીત સહીએ રે;
શાંત દાંત થઈ પરિસહ સહેવા,
ચોમાસે વરસાલે રહીએ કે. મુ૦ જિ૦ ૧૦
ધર્મ દુષ્કર કરણી બહુ કરતાં, ધરતાં ભાવ ઉદાસી રે;
કર્મ ખપાવી કેઇ હુવા,
શિવ રમણીશું વિલાસી કે. મુ૦ જિ૦ ૧૧
દશવૈકાલીક ત્રીજે અધ્યયને, ભાખ્યો એહ આચાર રે;
લાભવિજય ગુરૂ ચરણ પસાયે,
વૃદ્ધિવિજય જયકાર કે. મુ૦ જિ૦ ૧૨

ચોથા શ્રી અભિનંદન જિન ચૈત્યવંદનો

૧

નંદન સંવર રાયના, ચોથા અભિનન્દન;
કપિલંછન વંદન કરો, ભવદુઃખ નિકંદન. ૧
સિદ્ધાર્થા જસ માવડી, સિદ્ધારથ જસ તાય;
સાડા ત્રણશેં ધનુષ માન, સુંદર જસ કાય. ૨
વિનીતાવાસી વંદીએ ઓ, આયુ લખ પચાસ;
પૂરવ તસ પદ પદ્મને, નમતાં શિવપુર વાસ. ૩

૨

વિશદશારદસોમસમાનનઃ, કમલકોમલચારુવિલોચનઃ;
શુચિગુણઃ સુતરામભિનન્દનં, જય મુનિર્મલતાંચિત ભૂધનઃ ૧
જગતિ કાન્તહરીશ્વર લાચ્છિત, કમસરોરુહ ભૂરિકૃપાનિધે,
મમમમહિતસિદ્ધિવિધાયકં, ત્વદપરં કમપીહ ન તર્કયે. ૨
પ્રવરસંવર સંવર ભૂપતે-સ્તનય નીતિવિચક્ષણ તે પદમ્,
શરણમસ્તુ જિનેશ નિરન્તરં, રુચિર ભક્તિ સુયુક્તિ ભૃતો મમ.૩

ચોથા શ્રી અભિનંદન જિન સ્તવનો

૧

અભિનન્દન જિન દરિસણ તરસીએ, દરિસણ દુર્લભ દેવ;
મત મત ભેદે રે જો જઈ પૂછીએ, સૌ થાપે અહમેવ. અભિ૦ ૧
સામાન્યે કરી દરિસણ દોહિલું, નિરણય સકલ વિશેષ;
મદમેં ઘેર્યો રે અંધો કેમ કરે, રવિ શશિ રૂપ વિલેખ. અ૦ ૨
હેતુ વિવાદે હો ચિત્તધરી જોઈએ, અતિ દુરગમ નયવાદ;
આગમવાદે હો ગુરુગમકો નહિ, એ સબલો વિષવાદ. અ૦ ૩

ઘાતિ ડુંગર આઠા અતિ ઘણા, તુજ દરિસણ જગનાથ;
ધીઠાઈ કરી મારગ સંચરૂં, સેંગુ કોઇ ન સાથ. અભિ૰ ૪
દરિસણ દરિસણ રટતો જો ફિરૂં, તો રણરોઝ સમાન;
જેને પિપાસા હોય અમૃતપાનની, કેમ ભાંજે વિષપાન. અભિ૰ ૫
તરસ ન આવે હો મરણ જીવનતણો, સીઝે જો દરિસણ કાજ;
દરિસણ દુર્લભ સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ. અભિ૰ ૬

૨

અભિનંદન આણંદમાં, અતિશય લીલા અનંત લાલ રે;
સંવરરાયનો બેટડો, સંવર સુખ વિલસંત લાલ રે. અ૰ ૧
સિદ્ધારથનો લાડલો, સિદ્ધારથ ભગવાન લાલ રે;
એ જુગતું-જગતી તળે, વિચરે મહિમ નિધાન લાલ રે. અ૰ ૨
ચાલે ગજ ગતિ ગેલશું, કામ કેશરી કરે નાશ લાલ રે;
ઢાંપે દિનકર તેજથી, શીતલ સહજ વિલાસ લાલ રે. અ૰ ૩
વરસે વાણી મેહનયું, તૃષ્ણા તટિનિ શોષ લાલ રે;
આતમ સંપદ વેલડી, ક્ષાયિક ભાવે પોષ લાલ રે. અ૰ ૪
ભાંખ્યું ભાવના સાંકળે, મુજ ચંચળ ચિત્ત લાલ રે;
લાંછન મિશ ચરણે રહ્યો, વાનર કરે વિનીત લાલ રે. અ૰ ૫
તિરિગર્દ ચપલાઈપણું, વારો આપ વિવેક લાલ રે;
ક્ષમાવિજય જિન ચાકરી, ન તજું ત્રિવિધે ટેક લાલ રે. અ૰ ૬

૩

તુમે જોજો જોજો રે, વાણીનો પ્રકાશ; તુમે જોજો જોજો રે,
ઉઠે છે અખંડ ધ્વનિ, ચૌજને સંભલાય;
નર તિરિય દેવ આપણી, સહુ ભાષાયે સમજાય. તુ૰ ૧

દ્રવ્યાદિક દેખી કરીને, નય નિક્ષેપે જુત્ત;
ભંગતણી રચના ઘણી, કોઈ જાણે સહુ અદ્ભુત. તુ૦ ૨

જય સુધાને ધક્ષુવારી, હારી જાયે સર્વ;
પાખંડી જન સાંભલીને, મૂકી દીયે ગર્વ. તુ૦ ૩

ગુણ પાંચીશે અલંકરી, કાંઇ અભિનંદન જિનવાણ;
સંશય છેદે મન તણા, પ્રભુ કેવલજ્ઞાને જાણ. તુ૦ ૪

વાણી જે જન સાંભળે, તે જાણે દ્રવ્યને ભાવ;
નિશ્ચય ને વ્યવહાર જાણે, જાણે જિન પરભાવ. તુ૦ ૫

સાધ્ય સાધન ભેદ જાણે, જ્ઞાન ને આચાર;
હેય, જ્ઞેય, ઉપાદેય જાણે, તત્ત્વાતત્ત્વ વિચાર. તુ૦ ૬

નરક સ્વર્ગ અપવર્ગ જાણે, થિર વ્યય ને ઉત્પાદ;
રાગ દ્વેષ અનુબંધ જાણે, ઉત્સર્ગને અપવાદ. તુ૦ ૭

નિજ સ્વરૂપને ઓળખીને, અવલંબે સ્વરૂપ;
ચિદાનંદ ઘન આતમા તે, થાયે નિજ ગુણ ભૂપ. તુ૦ ૮

વાણીથી જિન ઉત્તમ કેરા, અવલંબે પદ પદ્મ;
નિયમા તે પર ભાવ તજીને, પામે શિવપુર સદ્મ. તુ૦ ૯

૪

દીઠી હો પ્રભુ દીઠી જગગુરૂ તુજ,
મૂરતિ હો પ્રભુ મૂરતિ મોહન વેલડીજી;
મીઠી હો પ્રભુ મીઠી તાહરી વાણ,
લાગે હો પ્રભુ લાગે જેસી સેલડીજી. ૧

જાણું હો પ્રભુ જાણું જન્મ કૃતારથ,
જો હું હો પ્રભુ જો હું તુમ સાથે મિલ્યોજી;

સુરમણિ હો પ્રભુ સુરમણિ પામ્યો હત્થ,
આંગણે હો પ્રભુ આંગણે મુજ સુરતરૂ ફળ્યોજી. ૨
જાગ્યા હો પ્રભુ જાગ્યા પુન્ય અંકુર,
માગ્યા હો પ્રભુ મુહ માગ્યા પાસા ઢળ્યાજી;
વુઠયા હો પ્રભુ વુઠયા અમિરસ મેહ,
નાઠા હો પ્રભુ નાઠા અશુભ શુભ દિન વાળ્યાજી. ૩
ભૂખ્યા હો પ્રભુ ભૂખ્યા મળ્યા ઘૃતપૂર,
તરસ્યા હો પ્રભુ તરસ્યા દિવ્ય ઉદક મળ્યાજી;
થાકયા હો પ્રભુ થાકયા મળ્યા સુખપાળ,
ચાહતાં હો પ્રભુ ચાહતાં સજ્જન હેજે હળ્યાજી. ૪
દીવો હો પ્રભુ દીવો નિશા વન ગેહ,
સાખી હો પ્રભુ સાખી થલે જળનૌકા મળીજી;
કલિયુગે હો પ્રભુ કલીયુગે દુલ્લહો તુજ,
દરિશન હો પ્રભુ દરિશન લહું આશા ફળીજી. ૫
વાચક હો પ્રભુ વાચક યશ તુમ દાસ,
વિનવે હો પ્રભુ વિનવે અભિનન્દન સુણોજી;
કહીએ હો પ્રભુ કહીએ મ દેશો છેહ,
દેજો હો પ્રભુ દેજો સુખ દર્શન તણોજી. ૬

ચોથા શ્રી અભિનંદન જિન સ્તુતિઓ

૧

સંવર સુત સાચો, જસ સ્યાદ્વાદ વાચો;
થયો હીરો જાચો, મોહને દેઈ તમાચો;
પ્રભુ ગુણ ગણ માચો, જેહને ધ્યાને રાચો;
પ્રભુ પદ સુખ સાચો, ભવ્ય પ્રાણી નિકાચો. ૧

૨

સરવારથ સિદ્ધ થકી ચવીઆએ, મરૂદેવી ઉર ઉત્પન્ન તો;
જુગલાધર્મ શ્રી રૂષભજીએ, ચોથતણો દીન ધન્નતો. ૧
મલ્લિપાસ અભિનંદન એ, ચવિયા વળી પાસે નાણ તો;
વિમળ દીક્ષા ખટ એમ હુઆ એ, સંપ્રતિ જિન કલ્યાણ તો. ૨
ચાર નિક્ષેપે સ્થાપના એ, ચઉવિહ દેવનિકાય તો;
ગૌમુખ ચૌવિહ દેશના એ, ભાખે સૂત્ર સમુદાય તો. ૩
ચૌમુખ ને ચક્રેશ્વરી એ, શાશનનો રખવાળ તો;
સુમતિ સંયોગ સુવાસના એ, તેહથકી નંદ નિહાળ તો. ૪

ચાર શાશ્વતા જિનની સ્તુતિ

૩

રૂષભ ચંદ્રાનન વંદન કીજે, વારિષેણ દુઃખ વારેજી;
વર્દ્ધમાન જિનવર વળી પ્રણમો, શાશ્વતા નામ એ ચારેજી;
ભરતાદિક ક્ષેત્રે મળી હોવે, ચાર નામ ચિત્ત ધારેજી;
તિણે ચારે એ શાશ્વત જિનવર, નમીએ નિત્ય સવારેજી. ૧
ઉર્ધ્વ અધો તીર્છો લોકે થઈ, કોડી પન્નરસેં જાણોજી;
ઉપર કોડી બેંતાલીસ પ્રણમો, અડવન લખ મન આણોજી;
છત્રીશ સહસ બેંશી તે ઉપરે, બિંબતણો પરિમાણોજી;
અસંખ્યાત વ્યંતર જ્યોતિષીમાં, પ્રણમું તે સુવિહાણોજી. ૨
રાયપસણી જીવાભિગમે, ભગવતી સૂત્ર ભાખીજી;
જંબુદ્વીપ પન્નતિ ઠાણાંગે, વિવરીને ઘણું દાખીજી;
વલિય અશાશ્વતી જ્ઞાતાકલ્પમાં, વ્યવહાર પ્રમુખે આખીજી;
તે જિન પ્રતિમા હોવે પાપી, જ્યાં બહુ સૂત્ર છે સાખીજી. ૩

એ જિન પૂજનથી આરાધક, ઇશાન ઇંદ્ર કહ્યાજી;
તિમ સુરિયાભ પ્રમુખ બહુ સૂરવર, દેવીતણા સમુદાયાજી;
નંદીશ્વર અઠ્ઠાઈ મહોત્સવ, કરે અતિ હર્ષ ભરાયાજી;
જિન ઉત્તમ કલ્યાણ દીવસે, પદ્મવિજય નમે પાયાજી. ૪

અબ્રહ્મચર્યની સજઝાય.

૧

પાપસ્થાનક ચોથું વરજીએ, દુર્ગતિ મૂલ અભંભ.
જગ સવિ મુંઝયો છે એહમાં, છંડે તેહ અચંભ. પા૦ ૧
રૂડુ લાગે છે એ ધુરે; પરિણામે અતિકૂર;
ફલ કિંપાકનાં સારિખું, વરજે સજ્જન દૂર. પા૦ ૨
અધર વિદ્રુમ સ્મિત કૂલડાં, કુચ ફલ કઠીન વિશાલ;
રામા દેખી ન રાચીયે, એ વિષ વેલી રશાલ. પા૦ ૩
પ્રબલ જ્વલિત અય પૂતલી, આલિંગન ભલું તંત;
નરક દુવાર નિતંબીની, જઘન સેવન એ દૂરંત. પા૦ ૪
દાવાનલ ગુણ વન તણો, કુલમશી કુર્યક એહ;
શજધાની મોહરાયની, પાતક કરતા જેહ. પા૦ ૫
પ્રભુતાએ હરિ સારીખો, રૂપે મયણ અવતાર;
સીતાએ રે રાવણ યથા, છંડો પરનર નાર. પા૦ ૬
દશશિર રજુમાંહે રોળવ્યાં, રાવણ વિવશ અભંભ,
રામે ન્યાયે રે આપણો, રોપ્યો જગ જય સ્થંભ. પા૦ ૭
પાપ બંધાયે રે અતિ ઘણું, સુકૃત સકલ ક્ષય જાય;
અબ્રહ્મચારીનું ચિંતવ્યું, કદાય સફલ નવિ થાય. પા૦ ૮

મંત્ર ફળે જગ જસ વધે, દેવ કરે રે સાનિદ્ધ;
બ્રહ્મચર્ય ધરે જે નરા, તે પામે નવવિધ. પા૦ ૯
શેઠ સુદર્શનને ટલી, શૂલી સિંહાસન હોય;
ગુણ ગાયે ગજને રે દેવતા, મહીમા શિયલનો જોય. પા૦ ૧૦
મૂલ ચારિત્રનું એ ભલું, સમકિત વૃદ્ધિ નિદાન;
શીલ સલીલ ધરે જિકે, તસ હોય સુજસ વખાણ. પા૦ ૧૧

ચોથી ભાવનાની સઝાય.

૨

દોહા

ધર્મ ભવભવ જે દુઃખ સહ્યાં, તે જાણે જગનાથ;
ભય ભંજન ભાવઠહરણ, ન મળ્યો અવિહડ સાથ. ૧
તિણ કારણ જીવ એકલો, છોડી રાગ મલપાસ;
સવિ સંસારી જીવશું, ધર ચિત ભાવ ઉદાસ. ૨

ઢાળ ચોથી

ચોથી ભાવના ભવિયણ મન ધરો, ચેતન તું એકાકી રે;
આવ્યો તિમ જાઇશ પરભવ વળી, ઇહાં મુકી સવિ આકો રે;
મમ કર મમતા રે, સમતા આદરો. ૧
આણો ચિત વિવેકો રે, સ્વારથીયાં સજજન સહુએ મળ્યાં;
સુખ દુઃખ સહેશે એકો રે. મ૦ ૨
વિત્ત વહેંચણ આવી સહુએ મળ્યાં, વિપત્તિ સમય જાય નારી રે;
દવ બળતો દેખી દશદિશે પુલે, જેમ પંખી તરૂવાસી રે. મ૦ ૩
ષટખંડ નવનિધી ચૌદરયણ ધણી, ચોસઠ સહસ્સ સુનારી રે;
છેડો છોડી રે ચાલ્યા એકલા. હાથો જેમ જુગારી રે. મ૦ ૪

ત્રિભુવન કંટક બિરૂદ ધરાવતો, કરતાં ગર્વ ગુમાનો રે;
ત્રાગા વિણ તે નાગા સહુ ચલ્યા, રાવણ સરીખા રાજાનો રે. મ૦૫
માલ રહે ઘર સ્ત્રી વિશ્રામતા, પ્રેતવના લગે લોકો રે;
ચય લગે કાયા રે આખર એકલો, પ્રાણી ચલે પરલોકો રે.મ૦૬
નિત્યકલહો બહુમેળે દેખીયો, બહુપણે ખટપટ થાય રે;
વલીયાની પેરે વિહરાશ એકલો, ઈમ બૂઝયો નમિરાય રે. મ૦૭

શ્રી દશવૈકાલીકના ચોથા અધ્યયનની સજઝાય.

૩

સ્વામી સુધર્મા રે કહે જંબુ પ્રત્યે, સુણ સુણ તું ગુણ ખાણ;
સરસ સુધારસ હુંતો મીઠડી, વીર જિનેશ્વર વાણી. સ્વામી૦ ૧
સુક્ષ્મ બાદર ત્રસ થાવર વલી, જીવ વિરાહણ ટાલ;
મન વચ કાયા રે ત્રિવિધે સ્થિર કરી, પહેલું વ્રત સુવિચાર. સ્વા૦૨
ક્રોધ લોભ ભય હાસ્યે કરી, મિથ્યા મ ભાંખો રે વયણ;
ત્રિકરણ શુદ્ધે વ્રત આરાધજે, બીજું દિવસ ને રયણ. સ્વા૦ ૩
ગામ નગર વનમાંહે વિચરતાં, સચિત્ત અચિત્ત તૃણ માત્ર,
કાંઇ અદીધાં મત અંગીકરો, ત્રીજું વ્રત ગુણ પાત્ર. સ્વા૦ ૪
સુરનર તિર્યંચ યોનિ સંબંધીયાં, મૈથુન કર પરિહાર;
ત્રિવિધે ત્રિવિધે તું નિત્ય પાલજે, ચોથું વ્રત સુખકાર. સ્વા૦ ૫
ધન કણ કંચન વસ્તુ પ્રમુખ વલી, સર્વ અચિત્ત સચિત્ત;
પરિગ્રહ મૂર્છા રે તેહની પરહરી, ધરી વ્રત પંચમ ચિત્ત. સ્વા૦૬
પંચ મહાવ્રત એણી પરે પાલજો, ટાળજો લોજન રાત્રિ;
પાપસ્થાનક સઘળાં પરહરી,ધરજો સમતા સવિ ભાંતિ. સ્વા૦ ૭
પૃથ્વી પાણી વાયુ વનસ્પતિ, અગ્નિએ સ્થાવર પંચ;
બિતિ ચઉ પંચિંદિ જલચર થલચરા, ખયરા ત્રસ એ પંચ.સ્વા૦ ૮

એ છજ્જાયની વારો વિરાધના, જયણા ડરી સવિ ઠાણ;
વીણ જયણાએ જીવ વિરાધના, ભાંખે તિહુઅણ ભાણ. સ્વા૦ ૯
જયણાપૂર્વક બોલતાં બેસતાં, કરતાં આહાર વિહાર;
પાપકર્મ બંધ કહિયે નવિ હુવે, કહે જિન જગદાધાર. સ્વા૦ ૧૦
જીવ અજીવ પહેલાં ઓળખી, જીમ જયણા તસ હોય;
જ્ઞાન વિના નવિ જીવ દયા પલે, ટલે નવિ આરંભ કોઇ. સ્વા૦૧૧
જાણપણાથી સંવર સંપજે, સંવરે કર્મ અપાય;
કર્મ ક્ષયથી રે કેવળ ઉપજે, કેવલી મુકિત લહેય. સ્વા૦ ૧૨
દશવૈકાલિક ચઉથાધ્યયનમાં, અર્થ પ્રકાશ્યોરે એહ;
શ્રી ગુરૂ લાભવિજય પદ સેવતાં, વૃદ્ધિવિજય લહે તેહ. સ્વા૦૧૩

પંચ મહાવ્રતની પચીસ ભાવનાની સજ્ઝાય

ચોથા મહાવ્રતની સજ્ઝાય.

૪

મહાવ્રત ચોથું મનધરો, ભાખે શ્રી વર્દ્ધમાન રે;
મુનિવર દ્રિલધરો.
નવવિધ વિશુદ્ધે પાળતાં, લહીએ વંછિત સ્થાન રે. મુનિ૦ ૧
ભાવના પંચ છે તેહની, ભાવો એકાગ્ર ચિત્ત રે; મુનિ૦
પહેલા અંગ થકી કહી, આણી મનમાં હિત રે. મુનિ૦ ૨
સ્ત્રી કથા કહેવા નહિ, પહેલી ભાવના એહ રે; મુનિ૦
મન વિકાર ન ઉપજે, વાધે વ્રત ગુણ ગેહ રે. મુનિ૦ ૩
સરાગ દ્રષ્ટિ જોવે નહી, સ્ત્રીનાં અંગ ઉપાંગ રે; મુનિ૦
બીજી ભાવના એ કહી, કરે વ્રત સુદ્ધ જેમ ગંગ રે. મુનિ૦ ૪
પૂર્વ ક્રીડા કહેવી નહીં, જેથી વિહવલ ચિત્ત રે; મુનિ૦
ત્રીજી ભાવના જાણવી, જિન શાસનની રીત રે. મુનિ૦ ૫

અતિ માત્રાએ ન વાવરે, આહાર પાણી સરસ રે; મુનિ૦
ચોથી ભાવના ભાવતો, કરે વિષય ગુણ નીરસ રે મુનિ૦ ૬.
સ્ત્રી પશુ પંઢક રહિતવળી, વસે વસતી જોય રે; મુને૦
પંચમી ભાવના ભાવતાં, ચારિત્ર નિર્મળ હોય રે. મુનિ૦ ૭
ક્ષમા ગુણે કરી શોભતું, શ્રી ગુરૂ ખીમાવિજય નામ રે; મુનિ૦
તાસ ચરણ નિત્ય સેવતાં, લહીએ જસ બહુ માન રે. મુનિ૦ ૮

૫

સરસ્વતી કેરારે ચરણ નમી કરી,મહાવ્રત ચોથું રે સાર;
કહેશ્યું ભાવે રે ભવિયણ સાંભલો, મુણતાં જય જયકાર. ૧
એહવા મુનિવરને પાયે નમું, પાલે શિયળ ઉદાર;
અઢાર સહસ શીલાંગરથના ધણી, ઉતારે ભવપાર. એ૦ ૨
ચોથા વ્રતને સમુદ્રની ઉપમા, બીજા નદીય સમાન;
ઉતરાધ્યયને રે તે બત્રીસમે, ભાખે શ્રી જિન વર્ધમાન. એ૦૩
કોશ્યા મંદિર ચોમાસું રહ્યો, ન ચલ્યો સોયલે લગાર;
તે સ્થુલીભદ્રને જાઉં ભામણે, નમો નમો રે સો વાર. એ૦ ૪
સીતા દેખી રે રાવણ મોહીઓ, કીધાં કોડી ઉપાય;
સીતા માતારે શીયળથી નવિ ચલ્યાં, જગમાં સહુ ગુણ ગાય. એ૦૫
શિયળ વિહુણાં રે માણસ કુટડાં, જેહવાં આવલ કુલ;
શીયલ ગુણે કરી જે સોહામણાં, તે માણસ બહુ મુલ. એ૦૬
નિત ઉઠીને રે તસ સમરણ કરૂં, જેણે જગ જીત્યો રે કામ;
વ્રત લેઇને રે જે પાલે નહી, તેહનું ન લીજે રે નામ. એ૦ ૭
દશમા અંગમાંરે શિયલ વખાણીએ, સકલ ધરમમાંહી સાર;
કાંતિવિજય મુનિવર ઇણીપરે ભણે, શિયલ પાળો નરનાર. એ૦૮

પાંચમા શ્રી સુમતિનાથ જિન ચૈત્યવંદનો

૧

સુમતિનાથ સુહંકરૂં, કોશલા જસ નયરી;
મેઘરાય મંગલાતણો, નંદન જિતવયરી. ૧
ક્રોંચલંછન જિનરાજિયો, ત્રણશેં ધનુષની દેહ;
ચાળીશ લાખ પુરવતણું, આયુ અતિ ગુણગેહ. ૨
સુમતિ ગુણે કરી જે ભર્યો એ, તર્યો સંસાર અગાધ;
તસ પદ પદ્મ સેવા થકી, લહો સુખ અવ્યાબાધ. ૩

૨

સુવર્ણવર્ણો હરિણા સવર્ણો, મનોવનં મે સુમતિર્જલીયાન્;
ગતસ્તતો દુષ્ટકુદૃષ્ટિરાગ-દ્વિષેન્દ્ર નૈવ સ્થિતિરત્ર કાર્યા. ૧
જિનેશ્વરો મેઘનરેન્દ્રસૂનુર્ધનોપમો ગર્જતિ માનસે મે;
અહોગુરૂદ્વેષહુતાશનત્વા મસૌ શમં નેષ્યતિ સદ્ય એવ. ૨
ઇતઃસુરવ્રંજદુષ્ટબુધ્ધે, સમં દુરાત્મીયપરિચ્છદેન;
સુબુદ્ધિ ભર્તા સુમતિર્જિનેશો, મનોરમઃ સ્વાન્તમિતો મદીયમ્. ૩

પાંચમા શ્રી સુમતિનાથ જિન સ્તવનો.

૧

સુમતિ ચરણ કજ આતમ અરપણો,દરપણ જિમ અવિકાર સુજ્ઞાની;
મતિતરપણ બહુ સમ્મત જાણી એ,પરિસરપણ સુવિચાર; સુ૦૧
ત્રિવિધ સકલ તનુધરગત આતમા, બહિરાતમ ધુરિ ભેદ; સુ૦
બીજો અંતર આતમ તીસરો, પરમાતમ અવિચ્છેદ. સુ૦ ૨
આતમ બુદ્ધે કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અધરૂપ; સુ૦
કાયાદિકનો સાખીધર રહ્યો, અંતર આતમ રૂપ. સુ૦ સુમતિ૦ ૩

જ્ઞાનાનંદે હો પુરણ પાવનો, વરજિત સકલ ઉપાધિ; સુ૦
અતીંદ્રિય ગુણ ગણ મણિઆગરૂ, ઇમ પરમાતમ સાધ. સુ૦ ૪
બહિરાતમ તજી અંતર આતમા, રૂપ થઇ થિરભાવ; સુ૦
પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અર્પણ દાવ. સુ૦ ૫
આતમ અરપણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિદોષ; સુ૦
પરમ પદારથ સંપત્તિ સંપજે, આનંદઘન રસપોષ. સુ૦ સુમતિ૦ ૬

૨

સુમતિનાથ ગુણશું મિલિજી, વાધે મુજ મન પ્રીતિ;
તેલ બિંદુ જેમ વિસ્તરેજી, જળમાંહે ભલીરીતિ;
સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ. એ આંકણી ૧
સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તૂરીતણોજી, મહીમાંહે મહકાય. સોભાગી૦ ૨
આંગળીએ નહિ મેરૂ ઢંકાએ, છાબડીએ રવિતેજ;
અંજળીમાં જેમ ગંગ ન માયે, મુજ મન તિમ પ્રભુ હેજ. સોભાગી૦ ૩
હુઓ છીપે નહિ અધર અરૂણ જિમ, ખાતાં પાન સુરંગ;
પીવત ભરભર પ્રભુગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ. સોભાગી૦ ૪
ઢાંકી ઇક્ષુ પરાળશું જી, ન રહે લહી વિસ્તાર;
વાચકયશ કહે પ્રભુ તણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર. સોભાગી૦ ૫

પાંચમા શ્રી સુમતિનાથ જિન સ્તુતિ

સુમતિ સુમતિ દાઇ, મંગલા જાસ માઇ,
મેરુ ને રાઇ, ઓર એહને તુલાઇ;
ક્ષય ક્ષીધા ધાઇ, કેવલજ્ઞાન પાઇ,
નહિ ઉણિમ કાંઇ, સેવીએ એ સદાઇ. ૧

છઠ્ઠા શ્રી પદ્મપ્રભ જિનનાં ચૈત્યવંદનો

૧

કૌશંબી પુરી રાજિયો, ધર નરપતિ તાય;
પદ્મપ્રભ પ્રભુતામયી, સુસીમા જસ માય. ૧
ત્રીશલાખ પુરવ તણું, જિન આયુ પાલી;
ધનુષ અઢીસેં દેહડી, સવી કર્મને ટાલી. ૨
પદ્મ લંછન પરમેસરૂએ, જિનપદ પદ્મની સેવ;
પદ્મવિજય કહે કીજીએ, ભવિજન સહુ નિત્યમેવ. ૩

૨

ઉદાર પ્રભામણ્ડલૈર્ભાસમાનઃ, કૃતાઽત્યન્તદુર્દાન્તદોષાપમાનઃ
સુસીમાઽઽજ શ્રીપતિર્દેવ દેવઃ, સદા મે મુદાઽભ્યર્ચનીયસ્ત્વમેવ. ૧
ચદીયં મનઃપદ્મજં નિત્યમેવ, ત્વયાઽઽકૃષ્ટં ધ્યેયરુપેણુદેવ,
પ્રધાનસ્વરૂપં તમેવાઽતિપુણ્યં, જગન્નાથ જાનામિ લોકે સુધન્યમ્ર
અતોઽહીશ પદ્મપ્રભાનન્દધામ, સ્મરામિ પ્રકામં તવૈવાઽઽ નામ,
મનો વાઞ્છિતાર્થં પ્રદં યોગિગમ્યં, યથા ચક્રવાકો રવેર્ધામરમ્યમ્ ૩

છઠ્ઠા શ્રી પદ્મપ્રભ જિનનાં સ્તવનો

૧

પદ્મ ચરણ જિનરાય, બાલ અરૂણ સમકાય;
જિવન લાલ, ઉદયોધર નૃપ કુલ તીલોજી. ૧
મોહાદિક અંતરંગ, અરીયણ આઠ અભંગ;
જિવન લાલ, મારવા મનુરાતો થયોજી. ૨
ચઢી સંયમ ગજરાય, ઉપસય ઝુલ બનાય;
જિવનલાલ, તપ સિંદુરે અલંકર્યોજી. ૩

પાખર ભાવના ચાર, સુમતિ ગુપતિ શણગાર;
જિવન લાલ, અધ્યાત્મ અંબાડીએજી. ૪
પંડીત વીર્ય કબાન, ધર્મધ્યાન શુભ બાણ;
જિવન લાલ, ક્ષપકસેન સેના વળીજી, ૫
શુકૂલ ધ્યાન સમશેર, કર્મ કટક કીયો જેર;
જિવન લાલ, ક્ષમાવિજય જિનરાજવીજી. ૬

૨

પદ્મ પ્રભુ પ્રાણસે પ્યારા, છુડાવો કર્મકી ધારા;
કર્મ ફંદ તોડવા ધોરી, પ્રભુ જીસે અરજ હૈ મોરી. પદ્મ૦ ૧
લઘુ વય એક થે જીયા, મૂક્તિમે વાસ તુમ કીયા;
ન જાની પીડ તે મોરી, પ્રભુ અબ ખેંચ લે ડોરી. પદ્મ૦ ૨
વિષય સુખ માની લીયા મનમેં, ગયો સબ કાલ ગફલતમેં;
નરક દુઃખ વેદના ભારી, નીકળવા ના રહી બારી. પદ્મ૦ ૩
પરવશ દીનતા કિની, પાપકી પોટ શિર લીની;
ન જાણી ભક્તિ તુમ કેરી, રહ્યો નિશદિન દુઃખ ઘેરી. પદ્મ૦ ૪
ધર્મ વિધ વિનતી મોરી, કરૂ મેં હોય કર જોડી;
આતમ આનંદ મુજ દીજે, વીરનું કાજ સબ કીજે. પદ્મ૦ ૫

૩

શ્રી પદ્મપ્રભ જિનરાજને રે લોલ,
વિનતિ કરું કર જોડ રે; જિણુંદરાય,
માહરે તું પ્રભુ એક છે રે લોલ;
મુજ સમ તાર રે ક્રોડ રે. જિ૦ ૧
લોકાલોકમાં જાણીએ રે લોલ, ધર્મ ન સરે મુજ કામ રે;
દાસ સભાવે જો ગણે રે લોલ, તો આવે મન ઠામ રે. જિ૦ ૨

કહેવાયે પણ તેહને રે લોલ, જેહ રાખે મુહ લાજ રે; જિ૦
પ્રારથીયાં પહીડોયે નહી રે લોલ, સાહિબ ગરીબ નિવાજ રે. જિ૦૩
કર પદ મુખ કજ શોભથી રે લોલ, જીતી પંકજ જાત રે; જિ૦
લંછન મિસી સેવા કરે રે લોલ, ધર નૃપ સુસીમા માત રે જિ૦૪
ઉગત અરૂણ તનુવાન છે રે લોલ, છઠ્ઠો દેવ દયાલ રે; જિ૦
ન્યાયસાગર મન કામના રે લોલ, પૂરણ સુખ રસાલ રે. જિ૦૫

૪

પદ્મપ્રભુ જિન જઇ અલગા રહ્યા, જિહાંથી નવિ લેખોજી;
કાગલ ને મશી જિહાં નવી સંપજે,ન ચલે વાટ વિશેષો જી;
સુગુણ સનેહા રે કનીય ન વીસ રે. ૧
ઇહાંથી તિહાં જઇ કોઇ આવે નહી, જેહ કહે સંદેશો જી;
જેહનું મીલવું રે દોહીલું તેહશું, નેહ તે આપ કિલેશોજી. સુ૦૨
વીતરાગશું રે રાગને એક પખો, કીજે કવણ પ્રકારોજી;
ધોડો દોડે રે સાહિબ વાજમાં, મન નાણે અસવારોજી.સુ૦ ૩
સાચી ભક્તિ રે ભાવન રસ કહ્યો, રસ હોય તિહાં દોય રીઝેજી;
હોઠા હોઠે રે જિહું રસ પીજથી, મનના મનોરથ સીઝેજી. સુ૦ ૪
પણ ગુણવંતા રે ગોઠે જાજીએ, મોટા તે વિશ્રામ જી;
વાચકજસ કહે એહજ આશ રે,સુખ લહું ઠામોઠામજી. સુગુણ૦૫

છઠ્ઠા શ્રી પદ્મપ્રભ જિન સ્તુતિ

અઢીશેં ધનુષ કાયા, ત્યકત મદમોહ માયા,
સુસીમા જસ માયા, શુકૂલ જે ધ્યાન ધ્યાયા;
કેવલ વર પાયા, ચામરાદિ ધરાયા,
સેવે સુર રાયા, મોક્ષ નગરે સધાયા. ૧

શ્રી દશવૈકાલીક ષષ્ઠાધ્યયન સજઝાય

૧

ગણધર ધર્મ એમ ઉપદિશે, સાંભલો મુનિવર વૃંદ રે;
સ્થાનક અઢાર એ ઓળખો, જેહ છે પાપના કંદ રે. ગ૦ ૧
પ્રથમ હિંસા તિહાં છાંડિયે, જુઠ નવિ ભાંખિયે વયણ રે;
તુણ પણ અદત્ત નવિલીજીયે, તજીયે મૈથુણ સયણ રે. ગ૦ ૨
પરિગ્રહ મૂર્છા પરિહરો, નવિ કરો ભોયણ રાત્રિ રે;
છંડો છકાય વિરાધના, જેહ સમજી સહુ ભ્રાંતિરે. ગ૦ ૩
અકલ્પ આહાર નવિ લીજીયે, ઉપજે દોષ જે માંહિ રે;
ધાતુનાં પાત્ર મત વાવરો, ગૃહિતણાં મુનિ વર પ્રાહી રે. ગ૦ ૪
ગાદીયે માંચીયે ન બેસીયે, વારિયે શય્યા પલંગ રે;
રાત રહીએ નવિ તે સ્થળે, જીહાં હોવે નારી પ્રસંગ રે. ગ૦ ૫
સ્નાન મંજન નવિ કીજીયે, જિણે હોવે મન તણો ક્ષોભ રે;
તેહ શણગાર વલી પરિહરો, દંત નખ કેશ તણી શોભ રે. ગ૦ ૬
છટ્ઠે અધ્યયનમેં એમ પ્રકાશીયો, દશવૈકાલિક એહ રે;
લાભવિજય ગુરૂ સેવતાં, વૃદ્ધિવિજય લહ્યો તેહ રે. ગ૦ ૭

છઠ્ઠા ક્રોધ પાપસ્થાનકની સજઝાય.

૧

ક્રોધ તે બોધ નિરોધ છે, ક્રોધતે સંયમ ઘાતી રે;
ક્રોધ તે નરકનું બારણું, ક્રોધ દુરિત પક્ષપાતીરે. ૧
પાપસ્થાનક છઠ્ઠું પરિહરો, મન ધરો ઉત્તમ ખંતિ રે;
ક્રોધ ભુજંગની ભાંગુલી, એહ કહો જયવંતી રે. પાપ૦ ૨
પૂરવ કોડી ચરણ ગુણે, ભાખ્યો છે આતમા જેણે રે;
ક્રોધ વિવશ હુતા દોય ઘડી, હારે સવિ કુલ તેણે રે. પાપ૦૩

બાળે તે આશ્રમ આપણો, ભજના અન્યને દાહે રે;
ક્રોધ કૃશાનું સમાન છે, ટાળીએ પ્રશમ પ્રવાહે રે. પા૫૦ ૪
આક્રોશ તર્જના ઘાતના, ધર્મભ્રંશના ભાવે રે;
અશ્રિમ અશ્રિમ વિરહથી, લાભ તે શુદ્ધ સ્વભાવે રે. પા૫૦ ૫
ન હોયે હોયતો ચિર નહિ, ચિર રહે તો ફલ છેહો રે;
સજ્જન ક્રોધતે એહવો, જેહવો દુરજન નેહો રે. પા૫૦ ૬
ક્રોધી મુખે કટુ બોલણા, કંટકીયા કુટ સાખી રે;
અદીઠ કલ્યાણ કરા કહ્યા, દોષ તરૂ શત સાખી રે. પા૫૦ ૭
કુરઘડુ ચઉ તપકરા, ચરિત મુણી શમ આણો રે;
ઉપશમ સાર છે પ્રવચને, સુભસ વચન એ પ્રમાણો રે. પા૫૦ ૮

આત્માને ઉપદેશ વિષે સજ્ઝાય.

૩

હું તો પ્રણમું સદ્ગુરૂ રાયા રે, માતા સરસ્વતીના વંદુ પાયા રે;
હું તો ગાઉં આતમ રાયા, જીવનજી બારમે મત જાજો રે; ૧
તુમે ઘેર બેઠા કમાવો ચેતનજી, કહેતાં શું કુમતિ કહેવાણો રે;
તુને ભોળવી(જાશે)બાંધશે તાણી. જી૦ ૨
તહારા ઘરમાં છે ત્રણ રત્ન રે, તેનું કરને તું તો જતન્ન રે;
એ અખૂટ ખજનો છે ધન. જી૦ ૩
તહારા ઘરમાં પેઠા છે ધૂતારા રે, તેહને કાઢો રે પ્રીતમ પ્યારા રે;
એહથી રહોને તુમે ન્યારા. જી૦ ૪
સત્તાવનને કાઢો રે ઘરમાંથી રે, ત્રેવીશને કહો જાય ઈહાંથી રે;
પછી અનુભવ જાગશે માંહિથી. જી૦ ૫
સોલ કષાયને દીઓ શીખ રે,અઢાર પાપસ્થાનકને મંગાવો ભીખ રે;
પછી આઠ કર્મની શી બીક. જી૦ ૬

ચારને કરો રે ચકચૂર રે, પાંચમીશું થાઓ હજુર રે;
પછી પામો આનંદ ભરપૂર. જી૦ ૭
વિવેક દીવે કરો અજુવાળો રે, મિથ્યાત્વ અંધકારને ટાળો રે;
પછી અનુભવ સાથે મ્હાલો. જી૦ ૮
સુમતિ સાહેલીશું ખેલો રે, દુર્મતિનો છેડો મેલો રે;
પછી પામો મુક્તિગઢ હેલો. જી૦ ૯
મમતાને કેમ ન મારો રે, જીતી બાજી કાંઈ હારો રે;
પછી કેમ પામો ભવનો પારો. જી૦ ૧૦
શુદ્ધ દેવ ગુરૂ પસાયે રે, મારો જીવ આવે કાંઈ ઠાય રે;
પછી આનંદઘન મય થાય. જી૦ ૧૧

સાતમા શ્રી સુપાર્શ્વનાથ જિન ચૈત્યવંદન

૧

શ્રી સુપાસ જિણંદ પાસ, ટાળો ભવ ફેરો;
પૃથ્વી માતાને ઉરે, જાયો નાથ હમેરો. ૧
પ્રતિષ્ઠિત સુત સુંદરૂ, વાણારસી રાય;
વીશ લાખ પુરવ તણું, પ્રભુજીનું આય. ૨
ધનુષ બશેં જિન દેહડીએ, સ્વસ્તિક લંછન સાર;
પદ્મપદ્મો જસ રાજતો, તાર તાર મુજ તાર. ૩

૨

જયન્તમનન્ત ગુણૈર્નિભૃતં, પૃથિવીસુતમદ્ભુતરૂપભૃતમ્;
નિજવીર્યવિનિર્જિતકર્મબલં, સુરકોટિ સમાશ્રિતપક્મલમ્. ૧
નિરુપાધિકનિર્મલસૌખ્યનિધિં, પરિવર્જિતવિશ્વદુરન્તવિધિમ્;
ભવવારિનિધેઃ પરપારમિતં, પરમોજ્જ્વલચેતનયોન્મિલિતમ્. ૨

કલધૌત સુવર્ણ શરીર ધરં, શુભપાર્શ્વ સુપાર્શ્વજિન પ્રવરમ્;
વિનયાડવનતઃ પ્રણુમામિ સદા, હૃદયેાઽભવ ભૂરિતરપ્રમુદા. ૩

સાતમા શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન

શ્રી સુપાસ જિન વંદીએ, મુખ સંપત્તિને હેતુ લલના;
શાંત સુધારસ જલનિધિ, ભવસાયરમાં સેતુ લલના. શ્રી૦ ૧
સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવ લલના;
સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ લલના. શ્રી૦ ૨
શિવશંકર જગદીશ્વરૂ, ચિદાનંદ ભગવાન લલના;
જિન અરિહા તીર્થંકરૂ, જ્યેાતિસ્વરૂપ અસમાન લલના. શ્રી૦ ૩
અલખ નિરંજન વચ્છલુ, સકળ જંતુ વિશરામ લલના;
અભયદાન દાતા સદા, પૂરણ આતમરામ લલના. શ્રી૦ ૪
વીતરાગ મદ કલ્પના, રહ્યું અરઇ ભય સેાગ લલના;
નિદ્રા તંદ્રા દુરદશા-રહિત અબાધિતયેાગ લલના. શ્રી૦ ૫
પરમ પૂરૂષ પરમાતમા, પરમેશ્વર પરધાન લલના;
પરમ પદારથ પરમેષ્ઠી, પરમદેવ પરમાન્ન લલના. શ્રી૦ ૬
વિધિ વિરંચી વિશ્વંભરૂ, ઋષિકેશ જગનાથ લલના;
અઘહર અઘમેાચન ઘણી, મુક્તિ પરમપદ સાથ લલના. શ્રી૦ ૭
એમ અનેક અભિધા ધરે, અનુભવગમ્ય વિચાર લલના;
જે જાણે તેહને કરે, આનંદઘન અવતાર લલના. શ્રી૦ ૮

૨

શ્રી સુપાસ જિનરાજ, તું ત્રિભુવન શિરતાજ;
આજ હેા છાજે રે ઠકુરાઇ, પ્રભુ તુજ પદતણી જી. ૧
દિવ્ય ધ્વનિ સુર કુલ, ચામર છત્ર અમૂલ;
આજ હેા રાજે રે ભામંડલ, ગાજે દુંદુભી જી. ૨

સિંહાસન આશોક, બેઠા મોહે લોક;
આજ હો રાજે રે દીવાજે, છાજે આઠશું જી. ૩
અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગીઆર;
આજ હો કીધા રે ઓગણીશે, સુર ગુણ ભાસુરે જી. ૪
વાણી ગુણ પાંત્રીશ, પ્રાતિહારજ જગદીશ;
આજ હો સ્વામી રે શિવગામી, વાચક યશ થુણ્યો જી. ૫

સાતમા શ્રી સુપાર્શ્વનાથજિન સ્તુતિ.

૧

સુપાસ જિન વાણી, સાંભળે જેહ પ્રાણી,
હૃદયે વહેંચાણી, તે તર્યા ભવ્ય પ્રાણી;
પાંત્રીશ ગુણ ખાણી, સૂત્રમાં જે ગુંથાણી,
ષટ્ દ્રવ્યશું જાણી, કર્મ પીલે જયું ઘાણી. ૧

૨

કૃતનતિ કૃતવાન્યો, જંતુજાતં નિરસ્ત;
સ્મરપરમદમાયા, માન બાધાડયશસ્તં;
સુચિરમવિચલત્વં, ચિત્તવૃત્તેઃ સુપાર્શ્વં;
સ્મર પરમદમાયા, માન બાધાડયશસ્તં; ૧
વ્રજતુ જિનતતિઃસા, ગોચરં ચિત્તવૃત્તેઃ;
સદમર સહિતાયા, બોડધિકામાનવાનાં;
પદમુપરિ દધાના, વારિજાનાં વ્યહાષીત્,
સદમર સહિતા યા, બોડધિકામાનવાનાં. ૨
દિશ દુપશમ સૌખ્યં, સંયતાનાં સદૈવો;
જિનમત સુદારં, કામ માયા મહારિ;

જનનમરણરીણાન, વાસયત્ સિદ્ધવાસે;
ડઙજિનમત મુડઢાર, કામમાયામહારિ; ૩
દધતિ રવિસપત્નં, રત્નમા ભાસ્ત ભારવન્;
નવઘન તરવારિ, વારણારાવરીણાં;
ગતવતિ વિકિરત્યાલી મહા માનસીષ્ટા-
ન્નવઘન તરવારિ, વારણારાવરીણાં; ૪

સાતમી આશ્રવ ભાવનાની સજ્ઝાય.

દોહા

તન છિદ્દર ઇંદ્રિય મચ્છા, વિષય કલણ જંબાલ;
પાપ કલુષ પાણી ભર્યું, આશ્રવ વહે ઝરનાલ; ૧
નિર્મલ પખ સહજે સુગતિ, નાણ વિનાણ રસાલ;
શું બગનીપરે પંકજલ, ચુંથે ચતુર મરાલ. ૨

ઢાળ સાતમી

આશ્રવ ભાવના સાતમી રે, સમજો સુગુરૂ સમીપ;
ક્રોધાદિક કાંઇ કરો રે, પામી શ્રી જિનદીપો રે;
સુણ સુણ પ્રાણીયા, પરિહર આશ્રવ પ્રપંચો રે;
દશમે અંગે કહ્યા, જેહનાં દુષ્ટ પ્રપંચો રે. સુ૦ ૧
હોંશે જે હિંસા કરે રે, તે લહે કટુક વિપાક;
પરિ હોંશે ગોત્રાસની રે, જો જો અંગ વિપાકો રે. સુ૦ ૨
મિથ્યા વયણે વસુ નડ્યો રે, મંડિક પરધન લેઇ;
બેહુ અધ્રુવે રોળવ્યાં રે, ઇંદ્રાદિક સુર કેઇ રે. સુ૦ ૩
મહા આરંભ પરિગ્રહે રે, બ્રહ્મદત્ત નરક પહુત્ત;
સેવ્યાં શત્રુપણું ભજે રે, પાંચે દુરગતિ દૂતો રે. સુ૦ ૪

છિદ્ર સહિત નાવા જળે રે, બૂડે નીર ભરાય;
તિમ હિંસાદિક આશ્રવે રે, પાપે પિંડ ભરાય રે. સુ૦ ૫
અવિરતિ લગે એકેંદ્રિઆ રે, પાપસ્થાનક અઢાર;
લાગે પાંચેહી કીયા રે, પંચમ અંગ વિચારો રે. સુ૦ ૬
કટુક કીયા થાનક કૂળે રે, બોલ્યા બીજે રે અંગ;
કહેતાં હૃયડું કમકમે રે, વિરૂઓ તાસ પ્રસંગો રે. સુ૦ ૭
મૃગ પતંગ અલી માછલું રે, કરી એક વિષય પ્રપંચ;
દુઃખીઆ તે કેમ સુખ લહે રે,જશ પરવશ એહ પંચો રે. સુ૦૮
હાસ્ય નિંદ વિકથા વશે રે, નરક નિગોદે રે જાત;
પૂરવધર શ્રુત હારીયાં રે, અવરાંની શી વાતો રે. સુ૦ ૯

દશવૈકાલિકના સાતમા અધ્યયનની સજ્ઝાય.

સાચું વયણ જે ભાંખિયેરે, સાચી ભાષા તેહ;
સાચામોસા તે કહીયે રે, સાચુ મૃષા હોય જેહ રે;
સાધુજી કરજો ભાષા શુદ્ધ, કરી નિર્મલ નિજ બુદ્ધિ રે.
એ આંકણી. ૧
કેવલ જુઠ જિહાં હોવે રે, તેહ અસત્યા જાણ;
સાચું નહિ જૂઠું નહિ રે, અસત્યા અમૃષા ઠાણ રે. સા૦ ક્ર૦૨
એ ચારે માંહે કહી રે, પહેલી છેલ્લી દોય;
સંયમધારી બોલવી રે, વચન વિચારી જોય રે. સા૦ ક્ર૦ ૩
કઠિણ વયણ નવિ ભાંખિયે રે, તું કારો રે કાર;
કોપના મર્મ ન બોલીયે રે, સાચા પણ નિર્ધાર રે. સા૦ ક્ર૦ ૪
ચોરને ચોર નવિ ભાંખિયે રે, કાણાને ન કહે કાણ;
કહીયે ન અંધો અંધને રે, સાચું કઠિન એ જાણ રે. સા૦ ક્ર૦ ૫
જેહથી અનરથ ઉપજે રે, પરને પીડા થાય;
સાચું વયણ તે ભાંખતાં રે, લાભથી ત્રોટો જાય રે. સા૦ ક્ર૦ ૬

ધર્મ સહિત હિતકારીયા રે, ગર્વ રહિત સમ તોલ;
બોલતા તે પણ મીઠડા રે, બોલ વિચારી બોલ રે. સા૦૪૨૦૭
એમ સવિ ગુણ અંગીકરી રે, પરહરિ દોષ અશેષ;
બોલતાં સાધુને હુવે નહિ રે,કર્મનો બંધ લવલેશ રે. સા૦ ૪૨૦ ૮
દશવૈકાલિક સાતમે રે, અધ્યયને એ વિચાર;
લાભવિજય ગુરૂથી લહેરે, વૃદ્ધિવિજય જયકાર રે. સા૦ ૪૨૦ ૯

સાતમા પાપસ્થાકની સઝાય.

૪

પાપસ્થાનક કહે સાતમું શ્રી જિનરાજ એ, માન માનવને હોય દુરિત શિરતાજ એ; આઠ શિખર ગિરિરાજતણા આડાં વળે, નાવે વિમલાલોક તિહાં કિમ તમ ટળે. ૧

પ્રજ્ઞામદ તપમદ વળી ગોત્ર મદે ભર્યા, આજીવિકા મદવંત ન મુદ્રિત અંગીકર્યા; ક્ષયોપશમ અનુસારે જો એહ ગુણ વહે, કર્યો મદ કરવા એહમાં નિર્મદ સુખ લહે. ૨

ઉચ્ચભાવ દ્રગ્દોષ મદજ્વર આકરો, હોય તેહનો પ્રતિકાર કહે મુનિવર ખરો; પૂર્વ પુરૂષ સિંધુરથી લઘુતા ભાવવું, શુદ્ધ ભાવન તે પાવન શિવસાધન નવું. ૩

માને ખોયું રાજ્ય લંકાનું રાવણે, નરનું માન હરે હરિ આવી ઐરાવણે; સ્થુલિભદ્ર શ્રુતમદથી પામ્યા વિકાર એ, માને જીવને આવે નરક અધિકાર એ. ૪

વિનય શ્રુત તપશીલ ત્રિવર્ગ હણે સવે, માન તે જ્ઞાનનો ભંજક હોયે ભવોભવે; લુંપક છેક વિવેક નયણનો માન છે, એહને છાંડે તાસ ન દુઃખ રહે પછે. ૫

માને બાહુબલી વરસ લગે કાઉસ્સગ્ગ રહ્યા, નિર્મદ ચક્રી સેવક
દોય મુનિ સમ કહ્યા; સાવધાન ત્યજી માન જે ધ્યાન ધવળ ધરે,
પરમ શુજસ રામા તસ આલિંગન કરે. ૬

આઠમા શ્રી ચંદ્રપ્રભ જિન ચૈત્યવંદનો

લક્ષ્મણા માતા જનમિયા, મહસેન જસ તાય;
ઉડુપતિ લંછન દીપતો, ચંદ્રપુરીનો રાય. ૧
દશલાખ પુરવ આઉખું, દોઢસો ધનુષની દેહ;
સુર નરપતિ સેવા કરે, ધરતા અતિ સસનેહ. ૨
ચંદ્રપ્રભુ જિન આઠમા એ, ઉત્તમ પદ દાતાર;
પદ્મવિજય કહે પ્રણમીએ, મુજ પ્રભુ પાર ઉતાર. ૩

૨

અનન્તકાન્તિ પ્રકરેણુ ચારુણા, કલાધિપેનાશ્રિતમાત્મસામ્યતઃ;
જિનેન્દ્ર ચંદ્રપ્રભ દેવમુત્તમં, ભવન્તમેવાત્મહિતં વિભાવયે. ૧
ઉદારચારિત્રનિધે જગત્પ્રભો, તવાનનાલ્લોજવિલોકનેન મે;
વ્યથા સમસ્તાડસ્તમિતોદિતં સુખં, યથા તમિસ્રાદિવમર્કતેજસા. ૨
સદૈવ સંસેવનતત્પરે જને, ભવન્તિ સર્વેડપિ સુરાઃ સુહૃષ્ટયઃ;
સમગ્રલોકે સમચિત્તવૃત્તિના, ત્વયૈવ સંજાતમતો નમોડસ્તુતે. ૩

આઠમા શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવનો

૧

ચંદ્રપ્રભ જિન સાહિબા રે, તુમે છો ચતુર સુજાણ, મનના માન્યા;
સેવા જાણો દાસની રે, દેશો પદ નિરવાણ, મનના માન્યા;

આવો આવો રે ચતુર સુખભોગી, બીજે વાત એકાંત અભોગી;
ગુણ ગોઠે પ્રગટે પ્રેમ, મનના માન્યા. એ આંકણી. ૧

ઓછું અધિકું પણ કહે રે, આસંગાયત જેહ; મ૦
આપે ફળ જે આણ કહે રે, ત્રિકૂઓ સાહિબ તેહ. મ૦ ૨

દીન કહ્યા વિણ દાનથી રે, દાતાની વાધે ભામ; મ૦
જલ દીએ ચાતક ખીજવી રે, મેઘ હુઓ તિણે શ્યામ. મ૦ ૩

પીઉ પીઉ કરી તુમને જપું રે, હું ચાતક તુમે મેહ; મ૦
એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બમણો નેહ. મ૦ ૪

મોડું વહેલું આપવું રે, તો શી ઢીલ કરાય; મ૦
વાચક યશ કહે જગધણી રે. તુમ તૂઠે સુખ થાય. મ૦ ૫

૨

શ્રી શંકર ચંદ્રપ્રભુ રે લોલ, તું ધ્યાતા જગનો વિભૂ રે લોલ;
તિણે હું ઓળગે આવીઓ રે લોલ,
તુમે પણ મુજને મયા કીયો રે લોલ. શ્રી શંકર૦ ૧

દીધી ચરણની ચાકરી રે લોલ, હું સેવું હરખે કરી રે લોલ;
સાહિબ સાહમું નિહાલજ્યો રે લોલ, ભવ સમુદ્રથી તારજો રે લોલ.
શ્રી શંકર૦ ૨

અગણીત ગુણ ગણવાતણી રે લોલ, મુજ મન હોંશ ઘણી રે લોલ;
જિમ નભને પામ્યા પંખી રે લોલ,
દાખે બાલક કરથી લખી રે લોલ. શ્રી શંકર૦ ૩

જો જિન તું છે પાંસરો રે લોલ, કરમતણો રહ્યો આશરો રે લોલ;
જો તુમે રાખશો ગોદમાં રે લોલ, તો કીમ જાસું નિગોદમાં રે લોલ.
શ્રી શંકર૦ ૪

જબ તાહરી કરૂણા થઈ રે લોલ, કુમતિ કુગતિ દૂરે ગઇ રે લોલ;
અધ્યાત્મ રવિ ઊગીઓ રે લોલ,
પાપ તિમિર કિહાં પૂગીઓ રે લોલ. શ્રી શં૪૨૦ ૫

તુજ મૂરતિ માયા જિસી રે લોલ, ઉર્વશી થઇ ઉમરે વશી રે લોલ;
રખે પ્રભુ ટાળો એક ઘડી રે લોલ,
નજર વાદળ છાંયડી રે લોલ. શ્રી શં૪૨૦ ૬

તાહરી ભક્તિ ભલી બની રે લોલ, જિમ ઓષધી સંજીવની રે લોલ;
તન મન આણંદ ઉપન્યો રે લોલ,
કહે મોહન કવિ રૂપનો રે લોલ. શ્રી શં૪૨૦ ૭

૩

જિનજી ચંદ્રપ્રભુ અવધારો કે, નાથ નિહાલજો રે લોલ;
અમણી બીરૂદ ગરીબ નિવાજ કે, વાચા પાળજો રે લોલ. જિ૦૧
હરખે હું તુમ શરણે આવ્યો કે, મુજને રાખજો રે લોલ;
ચોરટા ચાર ચૂમલ જે ભૂંડા કે, તેને દૂર નાખજો રે લોલ. જિ૦૨
પ્રભુજી પંચ તણી પરસંસા કે, રૂડી થાપજો રે લોલ;
મોહન મહેર કરીને મુજને, દરશન આપજો રે લોલ. જિ૦ ૩
તારક તુમ પાલવ મેં ઝાલ્યો કે, હવે મુને તારજો રે લોલ;
કુતરી કુમતિ થઇ છે કેડે કે, તેને વારજો રે લોલ. જિ૦ ૪
સુંદરી સુમતિ સોહાગણ સારી કે, પ્યારી છે ઘણી રે લોલ;
તાતજી તે વિણ જીવે ચૌદ, ભુવન કર્યું જાંગણું રે લોલ. જિ૦૫
લખગુણ લખમણા રાણીના જાયા કે, મુજ મન આવજો રે લોલ;
અનુપમ અનુભવ અમૃત મીઠી કે, સુખડી લાવજો રે લોલ. જિ૦ ૬
દીપતિ દોઢસો ધનુષ પ્રમાણ કે, પ્રભુજીની દેહડી રે લોલ;
દેવની દશ પૂરવ લખ માન કે, આયુષ્ય વેલડી રે લોલ. જિ૦૭

નીરગુણ નિરાગી પણ હું રાગી કે, મન માંહે રહ્યો રે લોલ;
ગુણગુરૂ સુમતિવિજય સુપસાય કે, રામે સુખ લહ્યો રે લોલ. જિ૦૮

૪

શ્રી ચંદ્રપ્રભુ જગદીશ દીપે, વિશ્વપાવન નાથ રે;
નામ ઠવણા દ્રવ્ય ભાવે, કરત લોક સનાથ રે. શ્રી૦ ૧
નયરી ચંદ્રાનના નામે, મહસેન મહીકંત રે;
રાણી માત લખમણા જાયો, નામ ચંદ્રપ્રભુ વિખ્યાત રે. શ્રી૦ ૨
નામ જાંગુલી મંત્ર જાપે, પાપ વિષધર નાસ રે;
થાપના ત્રિહું લોકમાંહી, પૂજતાં સુખવાસ રે. શ્રી૦ ૩
પાછલે ભવે પદ્મરાજા, યુગંધર મુનિ પાસ રે;
ગ્રહી સંયમ યોગ સાધી, વૈજયંત નિવાસ રે. શ્રી૦ ૪
તીન અધિકા તીશ સાગર, પાળી પૂરણ આય રે;
પોષ માસે કૃષ્ણ બારસ, જનમીયા જિનરાય રે. ૫
ગેહવાસી પણ ઉદાસી, ભોગવી વર રાજ રે;
દાન વરસી દેઈ છઠ્ઠું તપ, લહે વ્રત સામ્રાજ્ય રે. શ્રી૦ ૬
ઘાતીયાં દળ ચ્યાર ચૂરી, ચ્યાર મહાવ્રત સૈન્ય રે;
સમોસરણે ભાવ જિનવર, થયા સિદ્ધ વરેણ્ય રે. શ્રી૦ ૭
સર્વ ક્ષેત્રે સર્વ કાળે, જગત વત્સલ રૂપ રે;
ક્ષમાવિજય જિનરાજ મહિમા, પ્રગટ પુણ્ય સરૂપ રે. શ્રી૦ ૮

આઠમા શ્રી ચંદ્રપ્રભજિન સ્તુતિ.

સેવે સુર વૃંદા, જાસ ચરણારવિંદા,
અઠમજિન ચંદા, ચંદ વર્ણે સોહંદા;
મહસેન નૃપ નંદા, કાપતાં દુઃખ ફંદા,
લંછન મિષ ચંદા, પાય માનું સેવિંદા. ૧

નવમા શ્રી સુવિધિનાથ જિનનાં ચૈત્યવંદનો

૧

સુવિધિનાથ નવમા નમું, સુગ્રીવ જસ તાત;
મગર લંછન ચરણે નમું, રામા રૂડી માત. ૧
આયુ બે લાખ પુરવતણું, શત ધનુષની કાય;
કાકંદી નયરી ધણી, પ્રણમું પ્રભુ પાય, ૨
ઉત્તમ વિધિ જેહથી લહો એ, તિણે સુવિધિ જિન નામ;
નમતાં તસ પદ પદ્મને, લહીએ શાશ્વત ધામ. ૩

૨

વિશ્વાભિવન્દ્ય મકરાઙ્કિત પાદપદ્મ,
સુગ્રીવજાત જિનપુષ્પદંત શાન્તિસદ્મ!
ભવ્યાત્મતારણ પરોત્તમયાન પાત્ર,
માં તારયસ્વ ભવવારિનિધેર્વિરૂપાત્. ૧
નિઃશેષદોષ વિગમોદ્ભવ મોક્ષ માર્ગ,
ભવ્યાઃ શ્રયન્તિ ભવદાશ્રયતો મુનીન્દ્ર!
સંસેવિતઃ સુરમણિર્બહુધા જનાનાં,
કિંનામનો ભવતિ કામિત સિદ્ધિકારી. ૨
વિજ્ઞં કૃપારસનિધિં, સુવિધે સ્વયંભૂ-
મંત્વા ભવન્તમિતિ વિજ્ઞપયામિ તાવત્!
દેવાધિદેવ તવ દર્શનવલ્લભોઽહં,
શશ્વદ્ ભવામિ ભુવનેશ તથા વિધેહિ. ૩

૧

નવમા શ્રી સુવિધિનાથ જિન સ્તવનો

મેં કીનો તુમ બિન ઓરશું રાગ, દિન દિન વાન ચઢત ગુન તેરો,

જયું કંચન પરભાગ; ઓર ન મેંહે કષાયકી કાલિમા,
સો કયું સેવા લાભ. મે૦ ૧

રાજ હંસ તું માન સરોવર, ઓર અશુચિ રૂચિ કાગ;
વિષય ભુજંગ ગરૂડ તું કહીયે, ઓર વિષય વિષ નાગ. મેં૦ ૨

ઓર દેવ જલ છીલર સરિખે, તું તો સમુદ્ર અથાગ;
તું સુરતરૂ મનવંછિત પૂરણ, ઓર તો સુકે સાગ. મેં૦ ૩

તું પુરૂષોત્તમ તુંહિ નિરંજન, તું શંકર વડભાગ;
તું બ્રહ્મા તું બુદ્ધિ મહાબલ, તુંહિ દેવ વીતરાગ. મેં૦ ૪

સુવિધિનાથ તુજ ગુન ફૂલનકો, મેરો દિલ હે બાગ;
જશ કહે ભમર રસિક હોઇ તામે, લીજીયે ભક્તિ પરાગ. મેં૦૫

૨

સુવિધિ જિણેસર પાય નમીને, શુભ કરણી એમ કીજે રે;
અતિ ઘણો ઉલટ અંગ ધરીને, પ્રહ ઉઠી પૂજીજે રે. સુ૦ ૧

દ્રવ્ય ભાવ શુચિ ભાવ ધરીને, હરખે દેહરે જઇએ રે;
દ્રહ તિગ પણ અહિગમ સાચવતાં, એકમના ધુરિ થઇએ રે. સુ૦૨

કુસુમ અક્ષત વરવાસ સુગંધો, ધૂપ દીપ મન સાખી રે;
અંગપૂજા પણ ભેદ સુણો એમ, ગુરૂમુખ આગમ ભાખી રે. સુ૦૩

એહનું ફળ દોય ભેદ સુણીજે, અનંતર ને પરંપર રે;
આણાપાલણ ચિત્ત પ્રસન્ની, સુમતિ સુગતિ સુરમંદિર રે. સુ૦ ૪

ફુલ અક્ષત વરધૂપ પઇવો, ગંધ નૈવેદ્ય ફળ જળ ભરી રે;
અંગ અગ્ર પૂજા વળી અડવિધ, ભાવે ભવિક શુભ ગતિ વરી રે.સુ૦૫

સત્તર ભેદ એકવીશ પ્રકારે, અષ્ટોત્તરશત ભેદે રે;
ભાવપૂજા બહુ વિધિ નિરધારી, દોહગ દુર્ગતિ છેદે રે.સુ૦ ૬

તુરિય ભેદ પડિવત્તિ પૂજા, ઉપશમ બીજુ સયોગી રે;
ચઉહા પૂજા ધર્મ ઉત્તરઝયણે, ભાખી કેવલ ભોગી રે. સુ૦ ૭
એમ પૂજા બહુ ભેદ સુણીને, સુખદાયક શુભ કરણી રે;
ભવિક જીવ કરશે તે લેશે, આનંદઘન પદ ધરણી રે. સુ૦૮

૨

લઘુપણુ હું તુમ મન નવિ ભાવું રે,જગગુરૂ તમને હૈયામાં લાવું રે;
કુણને દીજે એ સાબાશી રે, કહો શ્રી સુવિધિ જિણંદ વિમાસી રે.૧
મુજ મન અણુમાંહે ભક્તિ છે ઝાઝી રે,તેહ કરીનો તું છે માજી રે;
યોગી પણ જે વાત ન જાણે રે, તે અચરિજ કુણથી હુઓ ટાણે રે.૨
અથવા થિરમાંહે અથિર ન ભાવે રે, મ્હોટો ગજ દર્શણમાં આવે રે;
જેહને તેજે બુદ્ધિ પ્રકાશી રે, તેહને દીજે એ સાબાશી રે. ૩
ઊર્ધ્વમૂલ તરૂઅર અધ શાખા રે, છંદ પુરાણે એહવો ભાખી રે;
અચરિજ વાળે અચરિજ કીધું રે, ભક્તે સેવક કારજ સીધું રે. ૪
લાઠ કરી જે બાળક બોલે રે,માતાપિતા મન અમિયને તોલે રે;
શ્રી નર્યાવિજય વિબુધનો શીશો રે,
યશ કહે ધર્મ જાણો જગદીશો રે. ૫

નવમા શ્રી સુવિધિનાથ જિન સ્તુતિ

૧

નર દેવ ભાવ દેવો, જેહની સારે સેવો;
જેહ દેવાધિદેવો, સાર જગમાં જયું મેવો;
જોતાં જગ એહવો, દેવ દીઠો ન તેહવો,
સુવિધિ જિન જેહવો, મોક્ષ દે તતખેવો. ૧

નવતત્વની સ્તુતિ

૨

જીવાજીવા પુણ્યને પાવા, આશ્રવ સંવર તત્તાજી,
સાતમે નિર્જરા આઠમે બંધ, નવમે મોક્ષપદ સત્તાજી;
એ નવ તત્તા સમકિત સત્તા, ભાંખે શ્રી ભગવંતાજી,
ભુજ નયર મંડણ રિસહેસર, વંદો તે અરિહંતાજી. ૧
ધમ્માધમ્મા આસા પુગ્ગલ, સમયા પંચ અજીવાજી,
નાણ વિન્નાણ શુભાશુભ યોગે, ચેતન લક્ષણ જીવાજી;
ઇત્યાદિક ષટ્દ્રવ્ય પ્રરૂપક, લોકાલોક દિણંદાજી,
પ્રહ ઉઠી નિત્ય નમિયે વિધિશું, સિત્તરિસો જિન ચંદાજી. ૨
સૂક્ષ્મ બાદર દોઇ એકેંદ્રિ, બિ તિ ચઉરિંદ્રિ દુવિહાજી,
તિવિહા પંચિંદિ પજ્જતા, ને અપજ્જતા તે વિવિહાજી;
સંસારી અસંસારી સિધ્ધા, નિશ્ચય ને વ્યવહારાજી.
પન્નવણાદિક આગમ સુણતાં, લહિએ શુદ્ધ વિચારાજી. ૩
ભુવનપતિ વ્યંતર જ્યોતિષિવર, વૈમાનિક સુર વૃંદાજી,
ચોવીશ જિનના યક્ષ યક્ષિણી, સમકિત દૃષ્ટિ સુરિંદાજી;
ભુજનગર મહિમંડલ સધળે, સંઘ સકલ સુખ કરજોજી,
પંડિત માનવિજય ધર્મ જંપે, સમકિત ગુણ ચિત્ત ધરજોજી. ૪

શ્રી દશવૈકાલિકના નવમા અધ્યયનની સજ્ઝાય.

૧

વિનય કરે જો ચેલા, વિનય કરે જો;
શ્રી ગુરૂ આણા શીર્ષ ધરે જો; એઆંકણી
ક્રોધી માનીને પરમાદી, વિનય ન શીખે વલી વિખવાદી.

વિનય રહિત આશાતના કરતાં, બહુ ભવ ભટકે દુર્ગતિ ફરતાં.
ચૈ૦ દુ૦

અગ્નિ સર્પ વિષ જિમ નવી મારે,
ગુરૂ આસાયણ તેથી અધિક પ્રકારે. ચૈ૦ અ૦ ૨

અવિનયી દૂષિયેા બહૂલ સંસારી,
અવિનય મુક્તિનેા નહીં અધિકારી. ચૈ૦ ન૦

કેાહ્યા કાનની કુતરી જેમ, હાંકી કાઢે અવિનયી તેમ. ચૈ૦ અ૦૩

વિનય શ્રુત તપ વલી આચાર, કહીએ સમાધિનાં ઠામ એ ચાર;
ચૈ૦ ઠા૦

વલી ચાર ચાર ભેદ એકેક, સમજો ગુરૂ મુખથી સવિવેક.
ચૈ૦ ગુ૦ ૪

તે ચારેમાં વિનય છે પહેલેા, ધર્મ વિનય વિણ ભાંખે તે ઘેલેા;
ચૈ૦ ભાં૦

મૂલ થકી જેમ શાખા કહીયે, ધર્મ ક્રીયા તમ વિનયથી લહિએ;
ચૈ૦ વિ૦ ૫

ગુરૂમાન વિનયથી લહે સેા સાર, જ્ઞાન ક્રિયા તપ જે આચાર;
ચૈ૦ જે

રથ પખેં જિમ ન હેાયે હાટ, વિણગુરૂવિનય તેમ ધર્મની વાટ.
ચૈ૦ ધ૦ ૬

ગુરૂ ન્હાનેા ગુરૂમેાટેા કહીયે, રાજા પરે તસઆણા વહિયે;
ચૈ૦ આ૦

અલ્પશ્રુત પણ બહુશ્રુત જાણેા, શાસ્ત્ર સિદ્ધાંતે તેહ મનાણેા.
ચૈ૦ તે૦ ૭

જેમ શશિગ્રહગણે વિરાજે, મુનિપરિવારમાં તેમ ગુરૂ ગાજે;
ચૈ૦ તે૦

ગુરૂથી અલગામત રહેા ભાઇ, ગુરૂ સેવ્યે લેશેા ગૌરવાઈ.ચે૦લે૦૮
ગુરૂ વિનયે ગીતારથ થાશેા, વંછિત સવી સુખ લક્ષ્મી ક્રમાશેા; ચે૦લ૦
શાંત દાંત વિનયી લજ્જાળુ, તપ જપ ક્રિયાવંત દયાળુ. ચે૦ ક્રિ૦ ૯
ગુરૂકુલવાસી વસતેા શિષ્ય, પૂજનીક હેાયે વિસવાવીશ; ચે૦ વિ૦
દશવૈકાલિક નવમે અધ્યયને, અર્થ એ ભાખ્યેા કેવળી વયણે.
ચે૦ કે૦ ૧૦

એણી પરે લાભવિજયગુરૂ સેવી, વૃદ્ધિવિજય સ્થિરલક્ષ્મી લહેવી
વિનય કરે ચેલા, વિનય કરે જો; ૧૧

નવમી નિર્જરા ભાવનાની સજ્ઝાય

દેાહા

દ્રઢપ્રહારી દ્રઢ ધ્યાન ધરી, ગુણ નિધિ અજસુકુમાર;
મેતારજ મદન બ્રમેા, સુકેાશલ સુકુમાલ. ૧
ધર્મ અનેક મુનિવર તર્યા, ઉપશમ સંવર ભાવ;
કઠીન કર્મ સવિ નિર્જર્યા, તેણે નિર્જર પ્રસ્તાવ. ૨

ઢાળ નવમી

નવમી નિર્જરા ભાવના, ચિત્ત ચેતેા રે;
આદરેા વ્રત પચ્ચખ્ખાણ, ચતુર ચિત્ત ચેતેા રે;
પાપ આલેાયેા ગુરૂ કને, ચિ૦ ધરીએ વિનય સુજાણ. ચ૦ ૧
વૈયાવચ્ચ બહુવિધ કરેા, ચિ૦ દુર્બળ બાળ ગિલાન; ચ૦
આચારજ વાચક તણેા, ચિ૦ શિષ્ય સાધર્મિક જાણ. ચ૦ ૨
તપસી કુળ ગણ સંઘનેા, ચિ૦ સ્થવિર પ્રવર્તક વૃદ્ધ; ચ૦
ચત્ય ભક્તિ બહુ નિર્જરા, ચિ૦ દશમે અંગ પ્રસિદ્ધ. ચ૦ ૩
ઉભય ટંક આવશ્યક કરેા, ચિ૦ સુંદર કરી સજ્ઝાય; ચ૦
પેાસહ સામાયિક કરેા, ચિ૦ નિત્ય પ્રત્યે નિયમ નભાય. ચ૦૪

કર્મસૂદન કનકાવલી ચિ૦ સિંહ નિક્રીડિત દોય; ચ૦
શ્રી ગુણરયણ સંવત્સરૂ, ચિ૦ સાધુ પડિમા દશ દોય. ચિ૦૫
શ્રુત આરાધન સાચવો, ચિ૦ યોગ વહન ઉપધાન; ચ૦
શુકૂલ ધ્યાન સુધું ધરો, ચિ૦ શ્રી આયંબિલ વર્દ્ધમાન. ચ૦ ૬
ચૌદ સહસ અણગારમાં ચિ૦ ધનધન્નો અણગાર; ચ૦
સ્વયંમુખ વીર પ્રશંસીઓ, ચિ૦ ખંધક મેઘકુમાર. ચ૦ ૭

નવમા લોભ પાપસ્થાનકની સજ્ઝાય

૩

જીરે મારે લોભ તે દોષ અથોભ,
પાપસ્થાનક નવમું કહ્યું જીરેજી;
જીરે મારે સર્વ વિનાશનું મૂળ,
એહથી કિણેય ન સુખ લહ્યું જીરેજી. ૧
જીરે મારે સુણીએ બહુ લોભાંધ,
ચક્રવર્ત્તિ હરિની કથા જીરેજી.
જીરે મારે પામ્યા કટુક વિપાક,
પિવત રક્ત જળો યથા જીરેજી. ૨
જીરે મારે નિર્ધનને શત ચાહ,
શત લહે સહસે લોભીએ જીરેજી;
જીરે મારે સહસ લહે લખ લોભ,
લખ લાભે મન કોડીએ જીરેજી. ૩
જીરે મારે કોટીશ્વર નૃપ ઋદ્ધિ,
નૃપ ચાહે ચક્રીપણું જીરેજી;
જીરે મારે ચક્રી ચાહે સુરભોગ,
સુર ચાહે સુરપતિ સુખ ઘણું જીરેજી. ૪

જીરે મારે મૂળ લઘુ પણ લોભ,
વાધે સરાવ પરે ગ્રહી જીરેજી;
જીરે મારે ઉત્તરાધ્યયને અનંત,
ઇચ્છા આકાશસમી કહી જીરેજી. ૫
જીરે મારે સ્વયંભૂરમણ સમુદ્ર,
કોઇક અવગાહી શકે જીરેજી;
જીરે મારે તે પણ લોભ સમુદ્ર,
પાર ન પામે બલ પખે જીરેજી. ૬
જીરે મારે કોઇક લોભને હેત,
તપ જપ શ્રુત હારે જહા જીરેજી;
જીરે મારે કાગ ઉડાવન હેત,
સુરમણિ નાખે તે ખડા જીરેજી. ૭
જીરે મારે લોભ તજે જે વીર,
તસ સવિ સંપતિ કિંકરી જીરેજી;
જીરે મારે સુજસ સુપુણ્ય વિલાસ;
ગાવે તસ સુરસુંદરી જીરેજી ૮

દસમા શ્રી શીતલનાથ જિન ચૈત્યવંદનો

૧

નંદા દઢરથ નંદનો, શીતલ શીતલનાથ;
રાજા ભદ્દિલપુરતણો, ચલવે શિવ સાથ. ૧
લાખ પૂરવનું આઉખું, નેહ ધનુષ પરિમાણ;
કાયા માયા ટાળીને, લહ્યા પંચમ નાણ. ૨
શ્રીવત્સ લંછન સુંદરૂ એ, પદ પદ્મે રહે જાસ;
તે જિનની સેવા થકી, લહીએ લીલ વિલાસ. ૩

૨

કલ્યાણાઙ્કુરવર્ધને, જલધરં સર્વાઽઽગિસંપત્કરં,
વિશ્વેઽપ્યપ્રતિમપ્રભાપ કલિતં કૈવલ્ય લીલાશ્રિતમ્;
નન્દાકુક્ષિ સમુદ્ભવં દૃઢરથ ક્ષોણીપતેર્નન્દનં,
શ્રી ભદ્દિલપુરાભિધે જિનવરં વન્દે પ્રભું શીતલમ્ ૧
વિશ્વજ્ઞાન વિશુદ્ધસિદ્ધિપદવી હેતુપ્રબોધં દધદ્,
ભવ્યાનાં વરભક્તિરકતમનસાં ચેતઃ સમુલ્લાસયન્
નિત્યાનન્દમયઃ પ્રસિદ્ધ સમયઃ સદ્ભૂતસૌખ્યાશ્રયો,
દુષ્ટાનિષ્ટતમઃ પ્રણાશતરણિર્જિયાજ્જિનઃ શીતલઃ ૨
સદ્ભક્ત્યા ત્રિદશેશ્વરૈઃ કૃતનુતિર્ભાસ્વદ્ગુણાલંકૃતઃ,
સત્કલ્યાણ સમદ્યુતિઃ શુભમતિઃ કલ્યાણ કૃત્સંગતિઃ
શ્રીવત્સાઙ્કસમન્વિતસ્ત્રિભુવનત્રાણે ગૃહીતવ્રતો,
ભૂયાદ્ ભક્તિભૃતાં સદેષ્ટ વરદઃ શ્રી શીતલસ્તીર્થકૃત્ ૩

દશમા શ્રી શીતલનાથ જિન સ્તવન.

શ્રી શીતલજિન ભેટિયે, કરી ચોકખું ભક્તે ચિત્ત હો;
તેહથી કહો છાનું કિશ્યું, જેહને સોંપ્યા તનમન વિત્ત હો–શ્રી૦ ૧
દાયક નામે છે ઘણા, પણ તું સાયર તે કૂપ હો;
તે બહુ ખજુઆ તગતગે, તું દિનકર તેજ સરૂપ હો–શ્રી૦ ૨
મહોટો જાણી આદર્યો, દારિદ્ર ભાંજે જગતાત હો;
તું કરૂણાવંત શિરોમણી, હું કરૂણાપાત્ર વિખ્યાત હો–શ્રી૦ ૩
અંતરજામી સવિ લહો, અમ મનની જે છે વાત હો;
મા આગળ મોશાળના, શ્યા વરણવવા અવદાત હો–શ્રી૦ ૪
જાણો તો તાણો કિશ્યું, સેવા ફળ દીજે દેવ હો;
વાચક યશ કહે ઢીલની, એ ન ગમે મુજ મન ટેવ હો–શ્રી૦ ૫

દશમા શ્રી શીતલનાથ જિન સ્તુતિ.

શીતલ જિન સ્વામી, પુણ્યથી સેવ પામી;
પ્રભુ આતમરામી, સર્વ પરભાવ વામી;
જે શિવગતિ ગામી, શાશ્વતાનંદ ધામી;
ભવી શિવસુખ કામી, પ્રણમી એ શીશ નામી. ૧

અગ્યારમા શ્રી શ્રેયાંસનાથ જિન ચૈત્યવંદન.

શ્રી શ્રેયાંસ અગ્યારમા, વિષ્ણુ નૃપ તાય;
વિષ્ણુ માતા જેહની, એંશી ધનુષની કાય. ૧
વર્ષ ચોરાશી લાખનું, પાળ્યું જેણે આય;
ખડ્ગી લંછન પદકજે, સિંહપુરીનો રાય; ૨
રાજ્ય તજી દીક્ષા વરી એ, જિનવર ઉત્તમ જ્ઞાન;
પામ્યા તસ પદ પદ્મને, નમતાં અવિચળ થાન. ૩

અગ્યારમા શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવનો

૧

શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, આતમરામી નામી રે;
અધ્યાતમ મત પૂરણ પામી, સહજ સુગતિ ગતિ ગામી રે. શ્રી૦ ૧
સયલ સંસારી ઇંદ્રિયરામી, મુનિગુણ આતમરામી રે;
મુખ્યપણે જે આતમરામી, તે કેવલ નિષ્કામી રે. શ્રી૦ ૨
નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહીએ રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન આધ્યાતમ કહીએ રે. શ્રી૦૩
નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે;
ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે. શ્રી૦ ૪
શબ્દ અધ્યાતમ અરથ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે;
શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાન ગ્રહણ મતિ ધરજો રે. શ્રી૦૫

અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મત વાસી રે. શ્રી૦ ૬

૨

તુમે બહુમિત્રી રે સાહિબા, મ્હારે તો મન એક;
તુમ વિણ બીજો રે નવિ ગમે, એ મુજ મ્હોરી રે ટેક
શ્રી શ્રેયાંસ કૃપા કરો. એ આંકણી ૧
મન રાખો તુમે સવિતણું, પણ કિહાં એક મળી જાએ;
લલચાવો લખ લોકને, સાથી સહેજ ન થાએ. શ્રી૦ ૨
રાગ ભરે જનમન રહો, પણ તીહું કાલ વૈરાગ;
ચિત્ત તુમારા રે સમુદ્રનો, કોઇ ન પામે રે તાગ. શ્રી૦ ૩
એહવાશું મન મેળવ્યું, કેળવ્યું પહેલા ન કાંઈ;
સેવક નિપટ અબુઝ છે, નિર્વહેશો તુમે સાંઈ. શ્રી૦ ૪
નિરાગીશું રે કિમ મિલે, પણ મળવાનો એકાંત;
વાચક યશ કહે મુજ મિલ્યો, ભક્તે કામણવંત શ્રી૦૫

અગ્યારમા શ્રીશ્રેયાંસનાથ જિન સ્તુતિ

વિષ્ણુ જસમાત, જેહના વિષ્ણુ તાત,
પ્રભુના અવદાત, તીન ભુવને વિખ્યાત;
સુરપતિ સંઘાત, જાસ નિકટે આયાત;
કરી કર્મનો ઘાત, પામીયા મોક્ષ સાત. ૧

તેરમા શ્રી વિમલનાથ જિનનાં ચૈત્યવંદનો

કંપીલપૂરે વિમળ પ્રભુ, શ્યામા માત મલ્હાર;
કૃતવર્મા નૃપકુળ નભે. ઉગમિયો દિનકાર. ૧
લંછન રાજે વરાહનું, સાઠ ધનુષની કાય;
સાઠ લાખ વરસાંતણું, આયુ સુખદાય. ૨

વિમળ વિમળ પોતે થયાએ, સેવક વિમળ કરેહ;
તુજ પદ પદ્મ વિમળ પ્રત્યે, સેવું ધરી સસનેહ. ૩

તેરમા શ્રી વિમલનાથ જિન સ્તવનો.

૧

દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે, સુખ સંપદનું ભેટ;
ધીંગ ધણી માથે કીયા રે, કુણ ગંજે નર ખેટ.
વિમળજિન દીઠા લોયણ આજ, મ્હારાં સિધ્યાં વાંછિત કાજ. વિમળ૦૧
ચરણ કમળ કમળા વસે રે, નિર્મળ થિરપદ દેખ;
અકલ અથિર પદ પરિહરિ રે, પંકજ પામર પેખ. વિમલ૦ ૨
મુજ મન તુજપદ પંકજે રે, લીનો ગુણ મકરંદ;
રંક ગણે મંદર ધરા રે, ઇંદ્ર ચંદ્ર નાગિંદ્ર. વિમલ૦ ૩
સાહેબ સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;
મન વિશ્રામી વાલહો, મારા આતમ સો આધાર. વિમલ૦ ૪
દરિશણ દીઠે જિનતણું રે, સંશય ન રહે વેધ;
દિનકર કરભર પસરતાંરે, અંધકાર પ્રતિષેધ. વિમલ૦ ૫
અમિયભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય. વિમલ૦ ૬
એક અરજ સેવક તણી રે, અવધારો જિનદેવ;
કૃપા કરી મુજ દીજીએ રે, આનંદઘન પદ સેવ. વિમલ૦ ૭

૨

સેવો ભવિયા વિમલ જિનેસર, દુલહા સજ્જનસંગાજી;
એવા પ્રભુનું દરિસણ લેવું તે, આળસમાંહે અંગાજી. સે૦ ૧
અવસર પામી આળસ કરશે, તે મૂરખમાં પહેલોજી;
ભૂખ્યાને જેમ ઘેવર દેતાં, હાથ ન માંડે ઘેલોજી. સે૦ ૨

ભવ અનંતમાં દરિસણ દીઠું, પ્રભુ એહવા દેખાડેજી;
વિકટ પંથ જે પોળી પાળીયો, કર્મ વિવર ઉઘાડેજી. સે૦ ૩
તત્વપ્રીતિ કર પાણી પીયે, વિમલાલોકે માંજીજી;
હોયણુગરૂ પરમાન્ન દીએ તવ, ભ્રમ નાખે સવિ ભાંજીજી. સે૦ ૪
ભ્રમ ભાંગ્યો તવ પ્રભુશું પ્રેમે, વાત કરૂં મન ખોલીજી;
સરળતણે જે હેડે આવે, તેહ જણાવે ખોલીજી. સે૦ ૫
શ્રી નયવિજય વિબુધ પય સેવક, વાચકયશ કહે સાચું જી;
કોડી કપટ જો કોઈ દિખાવે, તોહિ પ્રભુ વિણ નવી રાચું જી. સે૦ ૬

તેરમા શ્રી વિમલનાથ જિન સ્તુતિ

વિમલ જિન જુહારો, પાપ સંતાપ વારો,
શ્યામાં મહ્હારો, વિશ્વ કીર્તિ વિહારો,
યોજન વિસ્તારો, જાસ વાણી પસારો,
ગુણ ગણ આધારો, પુન્યના એ પ્રકારો. ૧

તેરમા અપ્રત્યાખ્યાન પાપસ્થાનકની સજ્ઝાય.

પાપસ્થાનક તેરમું છાંડીએ, અપ્રત્યાખ્યાન દૂરંતોજી;
અછતાં આળ જે પરનાં ઉચ્ચરે, દુઃખ પામે તે અનંતોજી;
ધન્ય ધન્ય તે નર જે જિનમતે રમે. એ આંકણી. ૧
અછતે દોષે રે અપ્રત્યાખ્યાન જે, કરે ન પૂરે ઠાણોજી;
તે તે દોષે રે તેને દુઃખ હોયે,એમ ભાખે જિનભાણોજી. ધ૦૨
જે બહુ મુખરી રે વળી ગુણમચ્છરી, અપ્રત્યાખ્યાની હોયજી;
પાતક લાગે રે અણકીધાં સહી, તે કીધું સવી ખોયજી. ધ૦૩
મિથ્યામતિની રે દશ સંજ્ઞા જિકે, અપ્રત્યાખ્યાનનાં ભેદોજી;
ગુણ અવગુણનો રે જે કરે પલટો,તે પામે બહુ ખેદોજી. ધ૦૪

પરને દોષ ન અછતા દીજીએ, પીજીએ જો જિનવાણીજી;
ઉપશમ રસશું રે ચિત્તમાં ભીંજીએ,
કીજીએ સુજશ કમાણીજી.ધ૦ ૫

ચૌદમા શ્રી અનંતનાથ જિન ચૈત્યવંદન

અનંત અનંત ગુણ આગરૂ, અયોધ્યા વાસી;
સિંહસેન નૃપ નંદનો, થયો પાપ નિકાસી. ૧
સુજસા માતા જન્મીઓ, ત્રીશ લાખ ઉદાર;
વરસ આઉખું પાળીયું, જિનવર જયકાર. ૨
લંછન સિંચાણાતણું એ, કાયા ધનુષ પચાસ;
જિનપદ પદ્મ નમ્યા થકી, લહીએ સહજ વિલાસ. ૩

ચૌદમા શ્રી અનંતનાથ જિન સ્તવનો.

૧

ધાર તરવારની સોહલી, દોહલી ચૌદમા જિનતણી ચરણસેવા;
ધારપર નાચતા દેખ બાજીગરા,એવના ધાર પર રહે ન દેવા.ધાર૦૧
એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી,ફળ અનેકાન્ત લોચન ન દેખે;
ફળ અનેકાન્ત કિરિયા કરી બાપડા,રડવડે ચાર ગતિમાંહિ લેખે.
ધાર૦ ૨

અચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં, તત્વની વાત કરતાં ન લાજે;
ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકાં, મોહ નડિયા કલિકાળ રાજે.
ધાર૦ ૩

વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ, સાંભળી આદરી કંઈ રાચો
ધાર૦ ૪

દેવ ગુરૂ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે, કિમરહે શુદ્ધ શ્રિદ્ધાન આણો;
શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કરી, છારપર લીપણું તેહ જાણો.
ધાર૦ ૫

પાપ નહીં કોઇ ઉત્સુત્ર ભાષણ જિસ્યો,
ધર્મ નહીં કોઇ જગસૂત્ર સરિખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરિખો.
ધાર૦ ૬

એહ ઉપદેશનો સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમેં નિત્ય ધ્યાવે;
તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી,
નિયત આનંદઘન રાજ્ય પાવે. ધાર૦ ૭

૨

શ્રી અનંત જિનશું કરો સાહેલડીયાં,
ચોળ મજીઠનો રંગ રે ગુણ વેલડિયાં;
સાચો રંગ તે ધર્મનો, સા૦ બીજો રંગ પતંગ રે. ગુણ૦ ૧
ધર્મ રંગ જીરણ નહી, સા૦ દેહ તે જીરણ થાય રે; ગુ૦
સોનું તે વિણસે નહીં, સા૦ ઘાટ ઘડામણ જાય રે. ગુ૦ ૨
ત્રાંબુ જે રસવેધિયું, સા૦ તે હોય સાચું હેમ રે; ગુ૦
ફરી ત્રાંબુ તે નવિ હુએ, સા૦ એહવો જગગુરૂ પ્રેમ રે. ગુ૦ ૩
ઉત્તમ ગુણ અનુરાગથી, સા૦ લહીએ ઉત્તમ ઠામ રે; ગુ૦
ઉત્તમ નિજ મહિમા વધે, સા૦ દીપે ઉત્તમ ધામ રે. ગુ૦ ૪
ઉદકબિંદુ સાયર ભળ્યો, સા૦ જિમ હોય અખય અભંગ રે;ગુ૦
વાચકયશ કહે પ્રભુ ગુણે, સા૦ તિમ મુજ પ્રેમ પ્રસંગ રે.ગુ૦ ૫

૩

અનંત જિણંદ અવધારિયે, સેવકની અરદાસ જિનજી;
અનંત અનંત ગુણ તુમતણા, સાંભરે શ્વાસોશ્વાસ. જિ૦ ૧

સુરમણિ સમ તુમ સેવના, પામીયે પુન્ય પંડુર; જિ૦
કિમ પ્રસાદ તણે વશે, મૂકું અધખિણ દૂર. જિ૦ ૨
ભગતિ જુગતિ મનમેં વસો, મનરંજન મહારાજ, જિ૦
સેવકની તુમને અછે, બાંહ્ય ગ્રહ્યાની લાજ. જિ૦ ૩
શું મીઠા ધીઠા હિયે, તેહનો નહિ હું દાસ; જિ૦
સાધે સેવક સંભવી, કિજે જ્ઞાન પ્રકાશ. જિ૦ ૪
જાણુને શું કહેવું ઘણું, એક વચન મેલાપ; જિ૦
મોહન કહે કવિ રૂપનો, ભક્તિ મધુર જિમ દ્રાખ. જિ૦ ૫

ચોદમા શ્રી અનંતનાથ જિન સ્તુતિ

અનંત અનંત નાણી, જાસ મહિમા ગવાણી,
સુરનર તિરિ પ્રાણી, સાંભળે જાસ વાણી;
એક વચન સમજાણી, જેહ સ્યાદ્વાદ જાણી,
તર્યા તે ગણુખાણી, પામિયા સિદ્ધિ રાણી. ૧

પંદરમા શ્રી ધર્મનાથ જિનચૈત્યવંદન

ભાનુનંદન ધર્મનાથ, સુવ્રતા જાલી માત;
વજ્રલંછન વજી નમે, ત્રણ ભુવન વિખ્યાત. ૧
દશ લાખ વરસનું આઉખું, વપુ ધનુ પીસ્તાલીસ;
રત્નપુરીનો રાજીયો, જગમાં જાસ જગીશ. ૨
ધર્મમારગ જિનવર કહે એ, ઉત્તમ જન આધાર;
તિણે તુજ પાદ પદ્મ તણી, સેવા કરું નિરધાર. ૩

પંદરમા શ્રી ધર્મનાથ જિન સ્તવનો

૧

ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું, ભંગ ન પડશો હો પ્રીત જિનેશ્વર;
બીજો મનમંદિર આણું નહિ,
એ અમ કુલવટરીત જિનેશ્વર. ધર્મ૦ ૧

ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે,
ધરમ ન જાણે હો મર્મ, જિનેશ્વર;
ધરમ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી,
દોષ ન બાંધે હો કર્મ. જિનેશ્વર ધર્મ૦ ૨
પ્રવચન અંજન જો સદ્‌ગુરૂ કરે,
દેખે પરમ નિધાન; જિનેશ્વર
હૃદય નયણ નિહાળે જગધણી,
મહિમા મેરુસમાન જિનેશ્વર ધર્મ૦ ૩
દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ. જિનેશ્વર;
પ્રેમ પ્રતીત વિચારો હુંકડી,
ગુરૂગમ લેજો રે જોડ. જિનેશ્વર. ધર્મ૦ ૪
એક પખી કેમ પ્રીત પરવડે, ઉભય મિલ્યા હુએ સંધિ જિનેશ્વર;
હું રાગી હું મોહે ફંદિયો, તું નિરાગી નિરબંધ જિનેશ્વર. ધર્મ૦ ૫
પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત દલ્લંધી હો જાય; જિ૦
જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધો અંધ પલાય. જિ૦ ધ૦૬
નિર્મળ ગુણ મણિ રોહણ ભુધરા, મુનિ જન માનસ હંસ; જિનેશ્વર
ધન્ય તે નગરી ધન્ય તે વેલા ઘડી, માત પિતા કુલ વંશ. જિ૦ ધ૦૭
મન મધુકર વર કર જોડી કહે, પદકજ નિકટ નિવાસ. જિનેશ્વર,
ઘનનામી આનંદઘન સાંભળો,
એ સેવક અરદાસ. જિનેશ્વર. ધર્મ૦ ૮

૨

થાંસું પ્રેમ બન્યો છે રાજ, નિરવહેશો તો લેખે;
મેં રાગી થેં હો નીરાગી, અણજુગતે હોય હાંસી;
એક પખો જે નેહ નિર્વહવો, તેહમાં થી સાબાશી. થાંસું૦ ૧

નીરાગી સેવે કાંઈ હોવે ?, એમ મનમાં નવી આણું;
ફળે અચેતન પણ જેમ સુરમણિ, તેમ તુમ ભક્તિ પ્રમાણું. થાંસું૦૨
ચંદન શિતળતા ઉપજાવે, અગ્નિ તે શીત મોટાવે;
સેવકનાં તિમ દુઃખ ગમાવે, પ્રભુ ગુણ પ્રેમ સ્વભાવે. થાંસું૦૩
વ્યસન ઉદય જે જળધિ અનુહરે, શશીને તેહ સંબંધે;
અણસંબંધે કુમુદ અનુહરે, શુદ્ધ સ્વભાવ પ્રબંધે. થાંસું૦ ૪
દેવ અનેરા તુમથી છોટા, થેં જગમાં અધિકેરા;
યશ કહે ધર્મ જિનેશ્વર થાંસું, દિલ માન્યા હે મેરા. થાંસું૦૫

૩

હાંરે મારે ધર્મજિણુંદશું લાગી પૂરણ પ્રીત જો,
જીવડલો લલચાણો જિનજીની ઓળગે રે લોલ;
હાંરે મુને થાશે કોઇક સમે પ્રભુ સુપ્રસન્ન જો,
વાતલડી તવ થાશે માહરી રે સખી થાશે વગે રે લોલ. ૧
હાંરે પ્રભુ દુરજનનો ભંજણેર્યો મારો નાથ જો,
ઓળવશે નહિ કયારે કીધી ચાકરી રે લોલ;
હાંરે મારા સ્વામી સરખો કુણ છે દુનિયામાંહિ જો,
જઇએ રે જીમ તેહને ઘર આશા કરી રે લોલ. ૨
હાંરે જસ સેવા સેતી સ્વારથની નહિ સિદ્ધિ જો,
ઠાલી રે શી કરવી તેહથો ગોઠડી રે લોલ;
હાંરે કાંઈ જુઠું ખાય તે મીઠાઇને માટે જો,
કાંઈ રે પરમારથ વિણ નહિ પ્રીતડી રે લોલ. ૩
હાંરે પ્રભુ અંતરજામી જીવન પ્રાણ આધાર જો,
વાયો રે નવિ જાણ્યો કલિયુગ વાયરો રે લોલ;

હાંરે મારે લાયક નાયક ભક્તવચ્છલ ભગવંત જો,
વારૂ રે ગુણ કેરો સાહિબ સાયરૂ રે લોલ. ૪
હાંરે પ્રભુ લાગી મુજને તાહરી માયા જોર જો,
અલગા રે રહ્યાથી હોય ઓસીંગલો રે લોલ;
હાંરે કુણ જાણે અંતરગતની વિણ મહારાજ જો,
હેજે રે હસી બોલો છાંડી આમલો રે લોલ. ૫
હાંરે તારે મુખને મટકે અટક્યું માહરૂં મન જો,
આંખલડી અણીયાલી કામણગારીઆં રે લોલ;
હાંરે મારા નયણાં લંપટ જોવે ખીણ ખીણ તુજ જો,
રાતે રે પ્રભુ રૂપે ન રહે વારીયાં રે લોલ. ૬
હાંરે પ્રભુ અલગા તો પણ જાણજો કરીને હજુર જો,
તાહરી રે બલિહારી હું જાઉં વારણે રે લોલ;
હાંરે કવિ રૂપ વિબુધનો મોહન કરે અરદાસ જો,
ગિરૂઆથી મન આણી ઉલટ અતિ ઘણે રે લોલ. ૭

પંદરમા શ્રી ધર્મનાથ જિન સ્તુતિ

ધરમ ધરમ ધોરી, કર્મના પાસ તોરી,
કેવલ શ્રી જોરી, જેહ ચોરે ન ચોરી;
દર્શન મહ છોરી, જાસ ભાગ્યા સટોરી,
નમે સુરનર કોડી, તે વરે સિદ્ધિ ગોરી. ૧

સત્તરમા શ્રી કુંથુનાથ જિન ચૈત્યવંદન

કુંથુનાથ કામિત દિયે, ગજપુરનો રાય;
સિરિ માતા ઉરે અવતર્યો, સુર નરપતિ તાય. ૧

કાયા પાંત્રીશ ધનુષની, લંછન જસ છાગ;
કેવલજ્ઞાનાદિક ગુણા, પ્રણમો ધરી રાગ. ૨
સહસ પંચાણું વરસનું એ, પાળી ઉત્તમ આય;
પદ્મવિજય કહે પ્રણમિયે, ભાવે શ્રી જિનરાય. ૩

૧

સત્તરમા શ્રી કુંથુનાથ જિન સ્તવનો

કુંથુ જિનેસર જાણજો રે લાલ, મુજ મનનો અભિપ્રાય રે;
જિનેશ્વર મોરા;
તું આતમ અલવેસરૂ રે લાલ,રખે તુજ વિરહો થાય રે; જિ૦
તુજ વિરહો ન ખમાય રે લાલ, ક્ષણ વરસાં સો થાય રે; જિ૦
તુજ વિરહો કિમ વેઠિયે રે લાલ,તુજ વિરહો દુઃખદાય રે;જિ૦
વિરહો મોટી બલાય રે લાલ, જિનેશ્વર મોરા. કું૦ ૧૦
તાહરી પાસે આવવું રે લાલ, પહેલાં ન આવતું દાય રે;જિ૦
આવ્યા પછી તો જાયવું રે લાલ, તુજ ગુણ વશે ન સુહાય રે. કું૦૨
ન મિલ્યાનો ધોખો નહી રે લાલ,જસ ગુણનું નહી નાણ રે; જિ૦
મિલિયાં ગુણ કળીયાં પછી રે લાલ,વિછુડત જાયે પ્રાણ રે. કું૦૩
જાતિ અંધને દુઃખ નહી રે લાલ,ન લહે નયનનો સ્વાદ રે;જિ
નયન સ્વાદ લહો કરી રે લાલ, હાર્યાને વિખવાદ રે. કું૦ ૪
બીજે પણ કિહાં નવિ ગમે રે લાલ, જિણે તુજ વિરહે બયાય રે;જિ૦
માલતી કુસુમે મ્હાલીયો રે લાલ, મધુપ કરીરે ન જાય રે. કું૦૫
વનદવ દીધાં રૂખડાંરે લાલ, પાલ્હવે વળી વરસાત રે; જિ૦
તુજ વિરહાનલના બળ્યાંરે લાલ, કાળ અનંત ગમાત રે.કું૦૬
ટાઢક રહે તુજ સંગમે રે લાલ, આકુળતા મિટી જાય રે; જિ
તુજ સંગે સુખીયો સદા રે લાલ,માનવિજય ઉવજ્ઝાય રે.કું૦ ૭

૨

રસિયા કુન્થુજિનેસર કેસર,
બીની દેહડી રે લોલ, માહરા નાથજી રે લોલ.
રસિયા મનવંછિત વર પૂરણ, સુર તરૂ વેલડી રે લોલ. મા૦૧
રસિયા અંજન રહિત નીરંજન, નામ હિયે ધરો રે લોલ. મા૦
રાસિયા જુગતે કરી મન ભગતે,
પ્રભુ પૂજા કરો રે લોલ. માહરા૦ ૨
રસિયા શ્રી નંદન આનંદન, ચંદનથી શિરે રે લોલ; માહરા૦
રસિયા તાપનિવારણ તારણ,
તરણ તરી પરે રે લોલ. માહરા૦ ૩
રસિયા મનમોહન જગ સોહન,
કોહ નહિ કિસ્યો રે લોલ; માહરા૦
રસિયા કુડા કાલયુગમાંહી,
અવર ન કો ઇસ્યો રે લોલ. માહરા૦ ૪
રસિયા ગુણ સંભારી જાઉં, બલિહારી નાથને રે લોલ; માહરા૦
રસિયા કોણ પ્રમાદે છાંડે, શિવપુર સાથને રે લોલ. માહરા૦૫
રસિયા કાચ તણે કોણ કારણ, નાંખે સુરમણિ રે લોલ. માહરા૦
રસિયા કોણ ચાખે વિષ ફલને,
મેવો અવગણી રે લોલ. માહરા૦ ૬
રસિયા સુરનરપતિ સુત ઠાવો, ચાવો ચિહું દિસે રે લોલ; માહરા૦
રસિયા વરસ સહસ પંચાણું, જિન પૃથ્વી વસે રે લોલ. માહરા૦૭
રસિયા ત્રીશ ધનુષ પણ ઉપર, ઉંચપણે પ્રભુ રે લોલ; માહરા૦
રસિયા ત્રણ ભુવનનો નાથકે થઇ બેઠો વિભુ રે લોલ. માહરા૦૮

રસિયા અજ લંછન ગત લંછન, કંચનવાન છે રે લોલ; માહરા૦
રસિયા રિદ્ધિ પૂરે દુઃખ ચૂરે, જેહને ધ્યાન છે રે લોલ. માહરા૦ ૯
રસિયા બુદ્ધ શ્રી સુમતિવિજય કવિ,
સેવક વિનવે રે લોલ; માહરા૦
રસિયા રામ કહે જિનશાસન,નવિ મુકું હવે રે લોલ. માહરા૦૧૦

૩

મનડું કિમહી ન બાજે હો કુંથુજિન, મનડું કિમહિ ન બાજે;
જિમજિમ જતન કરીને રાખું,
તિમ તિમ અળગું ભાજે. હો કુંથુ૦ ૧
રજની વાસર વસતી ઉજ્જડ, ગયણ પાયાલે જાય;
સાપ ખાયને મુખડું થોથું, એહ ઉખાણો ન્યાય. હો કુંથુ૦ ૨
મુગતિ તણા અભિલાષી તપીયા, જ્ઞાન ધ્યાન અભ્યાસે,
વૈરિડું કાંઈ એહવું ચિંતે, નાખે અવળે પાસે. હો કુંથુ૦ ૩
આગમ આગમધરને હાથે, નાવે કિણવિધ આંકું;
કીહાં કણે જો હઠ કરી હટકું,તો વ્યાલતણી પરે. વાંકું. કુંથુ૦ ૪
જો ઠગ કહું તો ઠગતો ન દેખું, શાહુકાર પણ નાહી;
સર્વ માંહિને સહુથી અળગું, એ અચરિજ મનમાંહિ. હો કુંથુ૦ ૫
જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો;
સુરનર પંડિત જન સમજાવે,સમજે ન માહરો સાલો. હો કુંથુ૦૬
મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકળ મરદને ઠેલે;
બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન જેલે. હો કુંથુ૦ ૭
મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી;
ઇમ કહે સાધ્યું તે નવિ માનું, એ કહી વાત છે મોટી. હો કુંથુ૦ ૮
મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણું;
આનંદઘન પ્રભુ માહરૂં આણો, તો સાચું કરી જાણું. હો કુંથુ૦૯

૪

જિનજી મોરા રે, રાત દિવસ નિત્ય સાંભરે રે; દેખી તાહરૂં રૂપ
હો લાલ, લાલ ગુલાબી આંખડી બની રે; તુજ ગુણ જ્ઞાનથી
માહરૂં રે, જાણ્યું શુદ્ધ સ્વરૂપ હો લાલ. લા૦ જિ૦ ૧

તેજ સ્વરૂપને સાધવા રે, કીજે જિનવર સેવ હો લાલ;
દ્રવ્ય ભાવ દુ ભેદથી રે, દ્રવ્યથી જિમ કરે દેવ હો લાલ.
લા૦ જિ૦ ૨

મોગર માલતી કેવડો રે, હ્યો મારા કુંથુજિનને કાજ હો લાલ;
લાખેણો રે ટોકર કરી રે, પૂજે શ્રી જિનરાજ હો લાલ. લા૦જિ૦૩

કેશર ચંદન ધૂપણાં રે, અક્ષત નૈવેદ્યની રે હો લાલ;
દ્રવ્યથી જિનની પૂજા કરો રે, નિર્મળ કરીને શરીર હો લાલ.
લા૦ જિ૦ ૪

દ્રવ્યથી એમ જિન પૂજા કરી રે, ભાવથી રૂપાતીત સ્વભાવ હો લાલ;
નિઃકર્મા ને નિઃસંગતા રે, નિઃકામી વેદ અભાવ હો લાલ. લા૦જિ૦૫

આવરણ સવિ થયાં વેગળાં રે, ઘાતી અઘાતી સ્વરૂપ હો લાલ;
બંધ ઉદય ને સત્તા નહી રે, નિજ ગુણના થયા ભૂપ હો લાલ.
લા૦ જિ૦ ૬

મુજ આતમ તુજસારીખો રે, કરવાને ઉજમાળ હો લાલ;
તે જિન ઉત્તમ સેવથી રે, પદ્મને મંગળ માળ હો લાલ. લા૦જિ૦ ૭

૫

સાહેલાં હે કુંથુજિનેશ્વર દેવ, રત્ન દીપક અતિ દીપતો હો લાલ;
સા૦ મુજ મન મંદિરમાંહે, આવે જો અવિચળ જ્યોતો હો લાલ. ૧

સા૦મિટે તો મોહ અંધાર, અનુભવ તેજે જલહલે હો લાલ;
સા૦ધૂમ કષાય ન રેખ, ચરણ ચિત્રામણ નવિ ચલે હો લાલ.૨
સા૦ પાત્ર કરે નહિ હેઠ, સૂરજ તેજે નવિ છીપે હો લાલ;
સા૦ સર્વ તેજનું તેજ, પહેલાંથી વાધે પછે હો લાલ. ૩
સા૦ જેહ ન મરૂત ને ગમ્ય, ચંચલતા જે નવિ લહે હો લાલ;
સા૦ જેહ સદા છે રમ્ય, પુષ્ટ ગુણે નવિ કૃશ રહે હો લાલ.૪
સા૦ પુદ્ગલ તેલ ન ખેય, જેહ ન શુદ્ધ દશા દહે હો લાલ;
સા૦શ્રી નયવિજય સુશિષ્ય,વાચકયશ એણિપરે કહે હો લાલ.૫

શ્રી સત્તરમા કુંથુનાથ જિન સ્તુતિ

કુંથુજિન નાથ, જે કરે છે સનાથ,
તારે ભવપાથ, જે ગ્રહી ભવ્ય હાથ;
એહનો તજે સાથ, બાવળે દિયે બાથ,
તરે સુરનર સાથ, જે મુણે એક ગાથ. ૧

સત્તરમા પાપસ્થાનક માયામૃષાવાદની સજઝાય.

સત્તરમું પાપનું ઠામ, પરિહરજો સદ્‌ગુણ ધામ;
જેથી વાધે જગમાં મામ હો લાલ, માયા મોસ ન કીજીએ.
એ–આંકણી. ૧

એ તો વિષને વળીય વધારું, એ તો શસ્ત્રને અવળું ધારું;
એ તો વાઘનું બાળ વકારું હો લાલ. માયા૦ ૨
એ તો માયી ને મોસાવાઈ, થઈ મહોટા કરે ઠગાઈ;
તસ હેઠી ગઈ ચતુરાઇ હો લાલ. માયા૦ ૩
બગલા પરે પગલાં ભરતો, થોડું બોલે ઝાઝું મરતો;
જગ ધંધે લાલે પીરતો હો લાલ. માયા૦ ૪

જે કપટી બોલે જુહું, તસ લાગે પાપ અપૂહું;
પંડિતમાં હોય મુખ ભુંડું હો લાલ. માયા૦ ૫

ઢંભીનું જૂહું મીહું, તે નારી ચરિત્રે દીહું;
પણ તે છે દુર્ગતિ ચીહું હો લોલ. માયા૦ ૬

જે જુઠો દીયે ઉપદેશ, જન રંજનનો ધરે વેશ;
તેહનો જૂઠો સકલ કલેશ હો લાલ. માયા૦ ૭

તેણે ત્રોજે મારગ ભાખ્યો, વેશ નંદે ઢંલે રાખ્યો;
શુદ્ધ ભાષ કે શમસુખ ચાખ્યો હો લાલ, માયા૦ ૮

જુહું બોલી ઉદર જે ભરવું, કપટીને વેષે ફરવું;
તે જમવા રે શું કરવું હો લાલ. માયા૦ ૯

પંડે જાણે તો પિણ ઢંલે, માયામોસને અધિક અચંલે;
સમકિત દ્રષ્ટિ મન થંલે હો લાલ. માયા૦ ૧૦

શ્રુત મર્યાદા નિરધારી, રહ્યા માયામોસ નિવારી;
શુદ્ધ ભાષકની બલીહારી હો લાલ. માયા૦૧૧

જે માયાએ જૂહું ન બોલે, જગમાં નહીં કોઇ તેહને તોલે;
તે રાજે સુજશ અમોલે હો લાલ, માયામોસ ન કીજીએ૦ ૧૨

અઢારમા શ્રી અરનાથજિન ચૈત્યવંદન

નાગપુરે અરિજન વરૂ, સુદર્શન નૃપ નંદ;
દેવી માતા જન્મીયો, ભવિજન સુખકંદ. ૧

લંછન નંદાવર્ત્તનું, કાયા ધનુષહ ત્રીશ;
સહસ્ર ચોરાશી વરસનું, આયુ જાસ જગીશ. ૨

અરૂજ અજર અજ જિનવરૂ એ, પામ્યો ઉત્તમ ઠાણ;
તસ પદ પદ્મ આલંબતાં, લહીએ પદ નિર્વાણ. ૩

અઢારમા શ્રી અરનાથ જિન સ્તવનો.

મ્હેંતો આણા વહેસ્યાંજી, મ્હારારે સાહિબજી મ્હેં તો આણા વહેસ્યાંજી,–એ આંકણી.

આણા વહેસ્યાં ભક્તિ કરેસ્યાં, રહેસ્યાં નયન હજૂર;
અરજિન આગળ અરજ કરંતાં, લહસ્યાં સુખ મહમૂર. ઋષભ૦ ૧
[૧]એકને છંડી [૨]બેને ખંડી, [૩]ત્રણુસ્યું તોડી નેહ;
[૪]ચાર જણાં શિર ચોટ કરીશું, [૫]પણુનો આણી છેહ. ઋષભ૦ ૨
[૬]છ [૭]સત [૮]અઠ [૯]નવ [૧૦]દશને ટાલી, [૧૧]અજુઆલી અગીયાર;
[૧૨]બાર જણાનો આદર કરીશું, [૧૩]તેરનો કરી પરિહાર. ઋષભ૦ ૩
[૧૪]ચણ [૧૫]અઠ [૧૬]નવ [૧૭]દશ [૧૮]સત્તર [૧૯]પાલી, સત્તાવીશ ધરી સાથ;
[૨૦]પચવીશ જણસ્યું પ્રીતિ કરીશું, [૨૧]ચાર ચતુર કરી હાથ. ઋષભ૦૪
[૨૨]બત્રીશ [૨૩]તેત્રીશને [૨૪]ચોરાશી, [૨૫]ઓગણીશ દૂર નીવારી;
[૨૬]અડતાલીશનો સંગ તજીશું, [૨૭]એકાવન દીલધારી. ઋષભ૦૫
[૨૮]વીશ આરાધી [૨૯]બાવીશ બાંધી, [૩૦]ત્રેવીશનો કરી ત્યાગ;

ઉપરના સ્તવનનો અર્થ નીચે પ્રમાણે

૧–અસંયમ. ૨–રાગદ્વેષ. ૩–ત્રણ દંડ. ૪–ચાર કષાય. ૫–પાંચ મિથ્યાત્વ. ૬–છકાયની હિંસા. ૭–સાત ભય. ૮–આઠ મદ. ૯ નવ નિયાણા. ૧૦–કામની દશ અવસ્થા. ૧૧–અગીયાર શ્રાવકની પ્રતિમા ૧૨–બાર ભાવના. ૧૩–તેર કાઠીયા. ૧૪–પાંચ મહાવ્રત. ૧૫–આઠ પ્રવચન માતા. ૧૬–નવ બ્રહ્મચર્યની ગુપ્તિ. ૧૭–દશયતિ ધર્મ. ૧૮–સત્તર પ્રકારે સંયમ. ૧૯–સત્તાવીશ સાધુના ગુણ. ૨૦–પાંચ મહાવ્રતની પચીશ ભાવના. ૨૧–ચાર મૈત્રાદિ ભાવના. ૨૨–બત્રીશ સામાયિકના દોષ. ૨૩–તેત્રીશ ગુરૂની આશાતના. ૨૪–ચોરાશીજિન મંદિરની આશાતના. ૨૫–ઓગણીશ કાઉસગ્ગના દોષ. ૨૬–અડતાલીશ તિર્થંચના ભેદ. ૨૭–એકાવન જ્ઞાનના ભેદ. ૨૮–વીશસ્થાનક. ૨૯–બાવીશ પરિસહ. ૩૦–પાંચ ઇન્દ્રિયના ત્રેવીશ વિષય.

ચોવીશ જિનનાં ચરણ નમીને, પામશું ભવજલ તાગ. મ્હેં૦ ૬
ધ્યાતા ધ્યેયને ધ્યાન સ્વરૂપે, તનમન તાન લગાય;
ક્ષમાવિજય કવિ પદકજ મધુકર, સેવક જિન ગુણ ગાય. મ્હેં૦ ૭

૨

શ્રી અરજિન ભવજલનો તારૂ, મુજ મન લાગે વારૂ રે;
મન મોહન સ્વામી,
બાંહ્ય ગ્રહી ભવજનને તારે, આણે શિવપુર આરે રે. મન૦૧
તપ જપ મોહ મહા તોફાને, નાવ ન ચાલે માને રે; મન૦
પણ નવિ ભય મુજ હાથો હાથે, તારે તે છે સાથે રે. મન૦૨
ભકતને સ્વર્ગ સ્વર્ગથી અધિકું, જ્ઞાનીને ફલ દેઈ રે; મન૦
કાયા કષ્ટ વિના ફલ લહીએ, મનમાં ધ્યાન ધરેઈ રે. મન૦ ૩
જે ઉપાય બહુવિધની રચના, યોગ માયા તે જાણો રે; મન૦
શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને, થિર હોયે પ્રભુ સપરાણો રે.મન૦૪
પ્રભુપદ વળગ્યા તે રહ્યા તાજા, અળગા અંગ ન સાજા રે;મન૦
વાચક યશ કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉ રે.મન૦૫

૩

શ્રી અરનાથજી સાંભલો, સેવકની અરદાસ;
ભવ અટવીમાંહિ હું ભમ્યો, બંધાણો મોહ પાસ. શ્રી૦૧
મોહરાયના રાજ્યમાં, બહુલું કટક જણાય;
મિથ્યા મ્હેતો તિહાં અછે, મંત્રી કુબુદ્ધિ કહાય. શ્રી૦ ૨
અભજા સિપાઇ અતિઘણા, કહેતાં ના આવે પાર;
તો પણ અધિકારીતણા, નામ કહું નિરધાર. શ્રી૦ ૩
ક્રોધ માન માંયા લોભ તે, મૂકે ન માહરો સંગ;
મુજ પણ તે છે વાલહા, નવિ મુકું રંગ. શ્રી૦ ૪

રાગ દ્વેષ દોય મલ્લ મલી, બાંધ્યો બાંધ્યા મરોડ;
હવે પ્રભુ તુમ્હ આગળ રહી, વિનતિ કરું કર જોડ. શ્રી૦૫
બંધનમાંહિથી છોડવો, ઉતારો ભવપાર,
હરિહર દેવ સેવ્યા ઘણા, નવિ પામ્યો હું સાર. શ્રી૦ ૬
સહસવદન ન સ્તવી શકે, તુજ ગુણ અગમ અપાર;
જિમ રયણાયર રત્નનો, નવિ વિલસે પાર. શ્રી૦ ૭
આચારજ પંડિત ઘણા, સત્યવિજય ગુરૂરાય;
કપુરવિજય તસ પાટવી, ભવિજનને સુખદાય. શ્રી૦ ૮
ખીમાવિજય તસ પાટવી, જિનવિજય સુપસાય;
પંડિત ઉત્તમવિજયનો પદ્મવિજય ગુણગાય. શ્રી૦૯

અઢારમા શ્રી અરનાથ જિન સ્તુતિ

૧

શ્રી અરનાથ જીનેશ્વરૂ, ચક્રી સપ્તમ સોહે;
કનક વરણ છબી જેહની, ત્રિભુવન મન મોહે;
લોગ કરમનો ક્ષય કરી, જીન દીક્ષા લીધી;
મનઃપર્યવ નાણી થયા, કરી યોગની સિદ્ધિ. ૧
માગશિર શુદિ એકાદશી, અર દીક્ષા લીધી;
મલ્લિ જન્મ વ્રત કેવલી, નમી કેવળ રૂદ્ધિ;
દશ ક્ષેત્રે ત્રણ કાલનાં, પંચ પંચ કલ્યાણ;
તિણે એ તિથિ આરાધતાં, લહીએ શિવપૂર ઠાણ. ૨
અંગ અગ્યાર આરાધવાં, વલી બાર ઉપાંગ;
મૂલ સૂત્ર ચારે ભલાં, ષટ્ છેદ સુચંગ;
દશ પયન્ના દીપતાં, નંદી અનુયોગ દ્વાર;
આગમ એહ આરાધતાં, લહો ભવજલ પાર. ૩

જીનપદ સેવા નિત્ય કરે,સમકિત સુચિકારી;
જક્ષેશ જક્ષ સોહામણો, દેવી ધારણી સારી;
પ્રભુપદ પદ્મની સેવના, કરે જે નર નારી;
ચિદાનંદ નિજરૂપને લહે તે નિરધારી. ૪

૨

અર જિનવર રાયા, જેહની દેવી માયા,
સુદર્શન નૃપ તાયા, જાસ સુવર્ણ કાયા;
નંદાવર્ત્ત પાયા, દેશના શુદ્ધ દાયા,
સમવસરણ વિરચાયા, ઇંદ્ર ઇંદ્રાણી ગાયા. ૧

ઓગણીશમા શ્રી મલ્લિનાથ જિન ચૈત્યવંદન

મલ્લિનાથ ઓગણીશમા, જસ મિથિલા નયરી;
પ્રભાવતી જસ માવડી, ટાળે કર્મ વયરી. ૧
તાત શ્રી કુંભ નરેસરૂ, ધનુષ પચીશની કાયા;
લંછન કળશ મંગળ કરૂ, નિરમમ નિરમાયા. ૨
વરસ પંચાવન સહસનું એ, જિનવર ઉત્તમ આય;
પદ્મવિજય કહે તેહને, નમતાં શિવસુખ થાય. ૩

ઓગણીશમા શ્રી મલ્લિનાથ જિન સ્તવનો

૧

ચિત્તકોન રમે ચિત્ત કોન રમે, મલ્લિનાથજી વિનાચિત્ત કોનરમે;
રાણી પ્રભાવતી માતા જાયો, કુંભ નૃપતિ સુત કામ દમે. ચિ૦ ૧
કામ કુંભ જીમ કામિત પૂરે,, કુંભ લંછન જીનમુખ ગમે. ચિ૦ ૨
મિથિલા નયરી જનમ પ્રભુકો, દર્શન દેખત દુઃખ થમે. । ચ૦ ૩

ધિગર ભોજન સરસ્યાં, પિરસ્યાં કુકસ બાકસ કૌન જમે. ચિ૦૪
નીલ વર્ણ તનુ કાન્તિકે આગે, મરકતમણિ છબી દુર ભમે. ચિ૦ ૫
ન્યાયસાગર પ્રભુ પામી જગમાં, હરિહર બ્રહ્મા કૌન નમે. ચિ૦૬

૨

સેવક કિમ અવગણીએ હો મલ્લિ જિન ! એ અબ શોભા સારી;
અવર જેહને આદર અતિ દીએ, તેહને મૂલ નિવારી. હો મલ્લિ૦ ૧
જ્ઞાન સ્વરૂપ અનાદિ તમારૂં, તે લીધું તમે તાણી;
જુઓ અજ્ઞાન દશા રીસાવી, જાતાં કાણ ન આણી. હો મલ્લિ૦ ૨
નિદ્રા સુપન જાગર ઉજાગરતા, તુરિય અવસ્થા આવી;
નિદ્રા સુપન દશા રિસાણી, જાણી ન નાથ મનાવી. હો મલ્લિ૦ ૩
સમકિત સાથે સગાઈ કીધી, સ્વપરિવારશું ગાઢી;
મિથ્યામતિ અપરાધણ જાણી,ઘરથી બાહિર કાઢી. હો મલ્લિ૦૪
હાસ્ય અરતિ રતિ શોક દુગંચ્છા, ભય પામર કરસાલી;
નોકષાય શ્રેણી સજ ચ્હડતાં, શ્વાનતણી ગતિ ગાલી. હો મલ્લિ૦૫
રાગ દ્વેષ અવિરતિની પરિણતિ, એ ચરણ મોહના ચોદ્ધા;
વીતરાગ પરિણતિ પરિણમતાં, ઉઠી નાઠા બોદ્ધા. હો મલ્લિ૦ ૬
વેદોદય કામા પરિણામા, કામ્ય કરમ સહુ ત્યાગી;
નિઃકામી કરૂણારસ સાગર, અનંત ચતુષ્ક પદ પાગી. હો મલ્લિ૦૭
દાનવિઘન વારો સહુ જનને, અભયદાન પદ દાતા;
લાભવિઘન જગવિઘન નિવારક,
પરમ લાભરસ માતા. હો મલ્લિ૦ ૮
વીર્ય વિઘન પંડિત વિર્યે હણી, પૂરણ પદવી યોગી;
ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગીસુભોગી. હો મલ્લિ૦ ૯
એ અઢાર દૂષણ વરજિત તનુ, મુનિજન વૃંદે ગાયા
અવિરતિ રૂપક દોષ નિરૂપણ, નિરદૂષણ મનભાયા. હો મલ્લિ૦૧૦

ત્રણ વિધ પરખી મનવિશરામી, જિનવર ગુણ જે ગાવે;
દીનબંધુની મહેર નજરથી, આનંદઘનપદ પાવે. ઇતિ મલ્લિ૦ ૧૧

૩

તુજ મુજ રીઝની રીઝ, અટ પટ એહ ખરીરી;
લટપટ નાવે કામ, ખટપટ ભાંજ પરીરી. ૧
મલ્લિનાથ તુજ રીઝ, જન રીઝે ન હુએરી;
દોય રીઝવુનો ઉપાય, સામું કાંઈ ન જુએરી. ૨
દુરારાધ્ય છે લોક, સહુને સમ ન શશીરી;
એક દુહવાએ ગાઢ, એક જો બોલે હસીરી. ૩
લોક લોકોત્તર વાત, રીઝ છે દોય જુઈરી;
તાત ચક્ર ધુર પૂજ્ય, ચિંતા એહ હુઈરી. ૪
રીઝવવો એક સાંઇ, લોક તે વાત કરેરી;
શ્રી નયવિજયસુશિષ્ય એહિજ ચિત્ત ધરેરી, ૫

ઓગણીશમા શ્રી મલ્લિનાથ જિન સ્તુતિ

૧

મલ્લિ જિન નમીએ, પૂર્વનાં પાપ ગમીએ;
ઇંદ્રિય ગણ દમીએ, આણ જિનની ન ક્રમીએ;
ભવમાં નવિ ભમીએ, સર્વ પરભાવ વમીએ;
નિજ ગુણમાં રમીએ, કર્મ મળ સર્વ ધમીએ. ૧

૨

મલ્લિ જિનેશ્વર વાને લીલા, દીયો મુજ ચમકિત લીલાજી;
અણ પરણે જિણે સંયમ લીધો, સૂધા સંયમ શીલાજી;

તે નર ભવમાં પશુ પરે જાણો, જે કરે તુમ અવહીલાજી;
તુમ પદ પંકજ સેવાથી હોય, ઓધિબીજ વસીલાજી; ૧
અષ્ટાપદગિરિ રિષભ જીનેશ્વર, શિવપદ પામ્યા સારજી;
વાસુપૂજ્ય ચંપાએ, યદુપતિ શિવ પામ્યા ગિરનારજી;
તિમજ પાવાપુરી શિવ પોહોતા, વર્દ્ધમાન જિનરાયજી;
વીશ સમેતશિખર ગિરિ સીધા, ઇમ જિન ચોવીશ થાયજી; ૨
જીવ અજીવ પુન્ય પાપને આશ્રવ, બંધ સંવર નિજ્જરણાજી;
મોક્ષ તત્ત્વ નવ ઇણી પરે જાણો, વલી ષટ્દ્રવ્ય વિવરણાજી;
ધર્મ અધર્મ નભ કાલને પુદ્ગલ, એહ અજીવ વિચારોજી;
જીવ સહિત ષટ્ દ્રવ્ય પ્રકાશ્યાં, તે આગમ ચિત્ત ધારોજી. ૩
વિદ્યાદેવી સોળ કહીજે, શાસન સુર સુરી લીજેજી;
લોકપાળ ઈંદ્રાદિક સઘળા, સમકિત દૃષ્ટિ ભણીજેજી;
જ્ઞાનવિમલ પ્રભુ શાસન ભક્તા, દેખી જિનને રીઝેજી;
ઓધિ બીજ શુદ્ધ વાસના દૃઢતા, તાસ વિરહ નવિ કીજેજી ૪

વીશમા શ્રી મુનિસુવ્રત સ્વામી જિન ચૈત્યવંદન

મુનિસુવ્રતજિન વીશમા, કચ્છપનું લંછન;
પદ્મા માતા જેહની, સુમિત્ર નૃપ નંદન. ૧
રાજગૃહી નયરી ધણો, વીશ ધનુષ શરીર;
કર્મ નિકાચિત રેણુવ્રજ, ઉદ્દામ સમીર. ૨
ત્રીશ હજાર વરસતણું એ, પાળી આયુ ઉદાર;
પદ્મવિજય કહે શિવવર્યા, શાશ્વત સુખ નિરધાર. ૩

વીશમા શ્રી મુનિસુવ્રત સ્વામી જિન સ્તવન.

હો પ્રભુ મુજ પ્યારા, ન્યારા થયા કેઈ રીત જો;
ઓળગુઆને આળાલુંબન તાહરો રે લોલ.

હો પ્રભુ ભક્તવચ્છલ ભગવંત જો,
આઈ વસો મનમંદિર સાહિબ માહરે રે લોલ. ૧
હો પ્રભુ બીજુ ન વિસારૂં તુજ જો,
તંબોલીના પાનતણી પરે ફરતો રે લોલ;
હો પ્રભુ લાગી મુને માયા જોર જો,
દિયુયર વાસી મુસાહિબ તુમને હેરતો રે લોલ. ૨
હો પ્રભુ તું નિઃસનેહી જિનરાય જો,
એક પખી પ્રીતલડી કિયુ પરે રાખીયે રે લોલ;
હો પ્રભુ અંતરગતની મહારાજ જો,
વાતલડી વિણ સાહિબ કેહને દાખીયે રે લોલ. ૩
હો પ્રભુ અલખ રૂપ થઈ આપ જો,
જઈ વસ્યો શિવમંદિરમાંહે તું જઈ રે લોલ;
હો પ્રભુ લાધ્યો તુમારો ભેદ જો,
સૂત્ર સિદ્ધાંત ગતિમેં સાહિબ તુમ લહી રે લોલ. ૪
હો પ્રભુ જગજીવન જિનરાય જો,
મુનિસુવ્રત જિન મુજરો માનજો માહરો રે લોલ;
હો પ્રભુ પય પ્રણમી જિનરાય જો,
ભવ ભવ શરણો સાહિબ સ્વામી તાહરો રે લોલ. ૫
હો પ્રભુ રાખશું હૃદય મોઝાર જો,
આપોને શામળીયા પદવી તાહરી રે લોલ;
હો પ્રભુ રૂપવિજયનો શિષ્ય જો,
મોહનને મન લાગી માયા તાહરી રે લોલ. ૬

વીશમા શ્રીમુનિસુવ્રતસ્વામીની સ્તુતિ

મુનિસુવ્રત નામે, જે ભવી ચિત્ત કામે;
સવિ સંપત્તિ પામે, સ્વર્ગનાં સુખ ભામે;
દુર્ગતિ દુઃખ વામે, નવિ પડે મોહ ભામે;
સવિ કર્મ વિરામે, જઇ વસે સિદ્ધ ધામે. ૧

એકવીસમા શ્રી નમિનાથ જિન ચૈત્યવંદન

મિથિલા નયરીનો રાજીયો, વપ્રા સુત સાચો;
વિજયરાય સુત છોડીને, અવરાં મત માચો. ૧
નીલ કમલ લંછન ભલું, પન્નર ધનુષની દેહ;
નમિ જિનવરનું શોભતું, ગુણગણ મણિ ગેહ. ૨
દશ હજાર વરસ તણું એ, પાળ્યું પરગટ આય;
પદ્મવિજય કહે પુણ્યથી, નમીએ તે જિનરાય. ૩

એકવીશમા શ્રી નમિનાથ જિન સ્તવન

ષટ દરિસણ જિન અંગ ભણીજે, ન્યાય ષડંગ જો સાધે રે;
નમિજિનવરના ચરણ ઉપાસક, ષટ દરિસણ આરાધે રે. ૫૦ ૧
જિન સુરપાદપ પાય વખાણું, સાંખ્ય જોગ દોય ભેદે રે,
આતમ સત્તા વિવરણ કરતાં, લહો દુગ અંગ અખેદે રે. ૫૦ ૨
ભેદ અભેદ સૌગત મિમાંસક, જિનવર દોય કર ભારી રે;
લોકાલોક અવલંબન ભજીયે, ગુરૂગમથી અવધારો રે. ૫૦ ૩
લોકાયતિક કુખ જિનવરની, અંશ વિચારી જો કીજે રે;
તત્વ વિચાર સુધારસ ધારા, ગુરૂગમ વિણ કીમ પીજે રે. ૫૦૪
જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગે રે;
અક્ષર ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગે રે. ૫૦ ૫

જિનવરમાં સઘળાં હરિસણ છે. દર્શને જિનવર ભજના રે;
સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજનારે. ૫૦ ૬
જિન સ્વરૂપ થઇ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે;
ભૃંગી ઇલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે. ૫૦ ૭
ચૂર્ણી ભાષ્યસૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવ રે;
સમય પુરૂષનાં અંગ કહ્યાં એ, જે છેદે તે દુર્ભવ રે. ૫૦ ૮
મુદ્રાબીજ ધારણા અક્ષર, ન્યાસ અરથ વિનિયોગે રે;
જે ધ્યાવે તે નવિ વંચીજે, ક્રિયા અવંચક જોગે રે. ૫૦ ૯
શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરૂ તથાવિધ ન મિલે રે;
ક્રિયા કરી નવિ સાધી શકીયે, એ વિષવાદ ચિત્ત સઘળે રે. ૫૦ ૧૦
તે માટે ઉભા હાથ જોડી, જિનવર આગળ કહીએ રે;
સમય ચરણ સેવા શુદ્ધ દેજો, જેમ આનંદઘન લહીએ રે. ૫૦ ૧૧

એકવીશમા શ્રી નમિનાથ જિનસ્તુતિ

નમિએ નમિ નેહ, પુણ્ય થાયે જર્યું દેહ;
અધ સમુદય જેહ, તે રહે નાંહિ રેહ;
લહે કેવલ તેહ, સેવના કાર્ય એહ;
લહે શિવપુર ગેહ, કર્મનો જાણી છેહ. ૧

શ્રી જિનેશ્વર ભગવાનના ૧૨૦ કલ્યાણકો.

વિધિ

જાપ ૨૦૦૦ (૨૦ નોકારવાળી).
૧૨ લોગસ્સનો કાઉસ્સગ્ગ.
૧૨ સાથીયા
૧૨ ખમાસમણાં

卐 ખમાસમણાનો દુહો 卐

પરમ પંચ પરમેષ્ઠીમાં, પરમેશ્વર ભગવાન,
ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો જીનં ભાણુ.

કલ્યાણુકના નામ તથા મંત્રાક્ષર

૧	ચ્યવન	કલ્યાણુ કે પરમેષ્ઠિને	નમઃ
૨	જન્મ	,, અર્હતે	નમઃ
૩	દીક્ષા	,, નાથાય	નમઃ
૪	કેવલ	,, સર્વજ્ઞાય	નમઃ
૫	મોક્ષ	,, પારંગતાય	નમઃ

શ્રી ઋષભદેવ પરમેષ્ઠિને નમઃ

એક દિવસે, એક અથવા તેથી વધારે કલ્યાણુક હોય, ત્યારે નીચે મુજબ તપ કરવું.

૧ એક કલ્યાણુક હોય ત્યારે એકાસણાનું તપ કરવું.

૨ બે કલ્યાણુક હોય ત્યારે આયંબિલનું તપ કરવું.

૩ ત્રણ કલ્યાણુક હોય ત્યારે ઉપવાસનું તપ કરવું.

૪ ચાર કલ્યાણુક હોય ત્યારે ઉપવાસ અને એકાસણાનું તપ કરવું.

૫ પાંચ કલ્યાણુક હોય ત્યારે ઉપવાસ અને આયંબિલનું તપ કરવું.

કાર્તિકમાં ૬.

તિથિ	નામ	કલ્યાણુક.
સુદ ૩	શ્રી સુવિધિનાથ	કેવલજ્ઞાન.
સુદ ૧૨	શ્રી અરનાથ	કેવલજ્ઞાન.

તિથિ	નામ	કલ્યાણક
વદ ૫	શ્રી સુવિધિનાથ	જન્મ
વદ ૬	શ્રી સુવિધિનાથ	દીક્ષા
વદ ૧૦	શ્રી મહાવીરસ્વામી	દીક્ષા.
વદ ૧૧	શ્રી પદ્મપ્રભ	મોક્ષ
	માગશરમાં ૧૪.	
સુદ ૧૦	શ્રી અરનાથ	જન્મ.
સુદ ૧૦	શ્રી અરનાથ	મોક્ષ.
સુદ ૧૧	શ્રી અરનાથ	દીક્ષા.
સુદ ૧૧	શ્રી મલ્લીનાથ	જન્મ.
સુદ ૧૧	શ્રી મલ્લીનાથ	દીક્ષા.
સુદ ૧૧	શ્રી મલ્લીનાથ	કેવલ.
સુદ ૧૧	શ્રી નમિનાથ	કેવલ.
સુદ ૧૪	શ્રી સંભવનાથ	જન્મ.
સુદ ૧૫	શ્રી સંભવનાથ	દીક્ષા.
વદ ૧૦	શ્રી પાર્શ્વનાથ	જન્મ.
વદ ૧૧	શ્રી પાર્શ્વનાથ	દીક્ષા.
વદ ૧૨	શ્રી ચંદ્રપ્રભ	જન્મ.
વદ ૧૩	,, ચંદ્રપ્રભ	દીક્ષા.
વદ ૧૪	,, શીતલનાથ	કેવલ.
	પોસમાં ૧૦	
સુદ ૬	,, વિમલનાથ	કેવલ.
સુદ ૯	,, શાંતિનાથ	કેવલ.
સુદ ૧૧	,, અજીતનાથ	કેવલ.
સુદ ૧૪	,, અભિનંદન	કેવલ.

તિથિ	નામ	કલ્યાણક
સુદ ૧૫	શ્રી ધર્મનાથ	કેવલ.
વદ ૬	,, પદ્મપ્રભ	ચ્યવન.
વદ ૧૨	,, શીતલનાથ	જન્મ
વદ ૧૨	,, શીતલનાથ	દીક્ષા.
વદ ૧૩	,, આદિનાથ	મોક્ષ.
વદ ૦))	,, શ્રેયાંસનાથ	કેવલ.

માહમાં ૧૯

સુદ ૨	,, અભિનંદન	જન્મ
સુદ ૨	,, વાસુપૂજ્ય	કેવલ
સુદ ૩	,, ધર્મનાથ	જન્મ
સુદ ૩	,, વિમલનાથ	જન્મ
સુદ ૪	,, વિમલનાથ	દીક્ષા
સુદ ૮	,, અજીતનાથ	જન્મ
સુદ ૯	,, અજીતનાથ	દીક્ષા
સુદ ૧૨	,, અભિનંદન	દીક્ષા
સુદ ૧૩	,, ધર્મનાથ	દીક્ષા
વદ ૬	,, સુપાર્શ્વનાથ	કેવલ
વદ ૭	,, સુપાર્શ્વનાથ	મોક્ષ
વદ ૭	,, ચંદ્રપ્રભ	કેવલ
વદ ૯	,, સુવિધિનાથ	ચ્યવન
વદ ૧૧	,, આદિનાથ	કેવલ
વદ ૧૨	,, શ્રેયાંસનાથ	જન્મ
વદ ૧૨	,, મુનિસુવ્રતસ્વામી	કેવલ
વદ ૧૩	,, શ્રેયાંસનાથ	દીક્ષા

તિથિ.	નામ	કલ્યાણક
વદ ૧૪	શ્રી વાસુપૂજ્ય	જન્મ
વદ ૦))	,, વાસુપૂજ્ય	દીક્ષા.

ફાગણમાં ૧૦

સુદ ૨	,, અરનાથ	ચ્યવન
સુદ ૪	,, મલ્લીનાથ	ચ્યવન
સુદ ૮	,, સંભવનાથ	ચ્યવન
સુદ ૧૨	,, મલ્લીનાથ	મોક્ષ
સુદ ૧૨	,, મુનિસુવ્રતસ્વામી	દીક્ષા.
વદ ૪	,, પાર્શ્વનાથ	ચ્યવન
વદ ૪	,, પાર્શ્વનાથ	કેવલ.
વદ ૫	,, ચંદ્રપ્રભ	ચ્યવન
વદ ૮	,, આદિનાથ	જન્મ
વદ ૮	,, આદિનાથ	દીક્ષા.

ચૈત્રમાં ૧૭

સુદ ૩	,, કુંથુનાથ	કેવલ
સુદ ૫	,, અજીતનાથ	મોક્ષ
સુદ ૫	,, સંભવનાથ	મોક્ષ
સુદ ૫	,, અનંતનાથ	મોક્ષ
સુદ ૯	,, સુમતિનાથ	મોક્ષ
સુદ ૧૧	,, સુમતિનાથ	કેવલ
સુદ ૧૩	,, મહાવીરસ્વામી	જન્મ
સુદ ૧૫	,, પદ્મપ્રભ	કેવલ
વદ ૧	શ્રી કુંથુનાથ	મોક્ષ
વદ ૨	,, શીતલનાથ	મોક્ષ

તિથિ	નામ	કલ્યાણક
વદ ૫	,, કુંથુનાથ	દીક્ષા
વદ ૬	,, શીતલનાથ	ચ્યવન
વદ ૧૦	,, નમિનાથ	મોક્ષ
વદ ૧૩	,, અનંતનાથ	દીક્ષા
વદ ૧૪	,, અનંતનાથ	જન્મ
વદ ૧૪	,, અનંતનાથ	કેવલ
વદ ૧૪	,, કુંથુનાથ	જન્મ

વશાખમાં ૧૪

સુદ ૪	શ્રી અભિનંદન	ચ્યવન
સુદ ૭	,, ધર્મનાથ	ચ્યવન
સુદ ૮	,, અભિનંદન	મોક્ષ
સુદ ૮	,, સુમતિનાથ	જન્મ
સુદ ૯	,, સુમતિનાથ	દીક્ષા
સુદ ૧૦	,, મહાવીરસ્વામી	કેવલ
સુદ ૧૨	,, વિમલનાથ	ચ્યવન
સુદ ૧૩	,, અજીતનાથ	ચ્યવન
વદ ૬	,, શ્રેયાંસનાથ	ચ્યવન
વદ ૮	,, મુનિસુવ્રતસ્વામી	જન્મ
વદ ૯	,, મુનિસુવ્રતસ્વામી	મોક્ષ
વદ ૧૩	,, શાંતિનાથ	જન્મ
વદ ૧૩	,, શાંતિનાથ	મોક્ષ
વદ ૧૪	,, શાંતિનાથ	દીક્ષા

જેઠમાં ૭

સુદ ૫	શ્રી ધર્મનાથ	મોક્ષ
સુદ ૬	,, વાસુપૂજ્ય	ચ્યવન

તિથિ	નામ	કલ્યાણક
સુદ ૧૨	,, સુપાર્શ્વનાથ	જન્મ
સુદ ૧૩	,, સુપાર્શ્વનાથ	દીક્ષા
વદ ૪	,, આદિનાથ	ચ્યવન
વદ ૭	,, વિમલનાથ	મોક્ષ
વદ ૯	,, નમિનાથ	દીક્ષા
	અષાડમાં ૭	
સુદ ૬	,, મહાવીરસ્વામી	ચ્યવન
સુદ ૮	,, નેમિનાથ	મોક્ષ
સુદ ૧૪	,, વાસુપૂજ્ય	મોક્ષ
વદ ૩	,, શ્રેયાંસનાથ	મોક્ષ
વદ ૭	,, અનંતનાથ	ચ્યવન
વદ ૮	,, નમિનાથ	જન્મ
વદ ૯	,, કુંથુનાથ	ચ્યવન.
	શ્રાવણમાં ૮	
સુદ ૨	,, સુમતિનાથ	ચ્યવન
સુદ ૫	,, નેમિનાથ	જન્મ
સુદ ૬	,, નેમિનાથ	દીક્ષા
સુદ ૮	,, પાર્શ્વનાથ	મોક્ષ
સુદ ૧૫	,, મુનિસુવ્રતસ્વામી	ચ્યવન
વદ ૭	,, શાંતિનાથ	ચ્યવન
વદ ૭	,, ચંદ્રપ્રભ	મોક્ષ
વદ ૮	,, સુપાર્શ્વનાથ	ચ્યવન
	ભાદરવામાં ૨	
સુદ ૯	શ્રી સુવિધિનાથ	મોક્ષ
વદ ૦))	,, નેમિનાથ	કેવલ

તિથિ	નામ	કલ્યાણક
	આસોમાં ૬	
સુદ ૧૫	,, નમિનાથ	ચ્યવન
વદ ૫	,, સંભવનાથ	કેવલ
વદ ૧૨	,, પદ્મપ્રભ	જન્મ
વદ ૧૨	,, નેમિનાથ	ચ્યવન
વદ ૧૩	,, પદ્મપ્રભ	દીક્ષા
વદ ૦))	મહાવીરસ્વામી	મોક્ષ

ઉપદેશક પદોનો સંગ્રહ

સટોરીઆને શીખામણ—

સુણ સટોરીઆ, સટ્ટાના કુસંગે બટ્ટો લાયશે;
તજ ટેવ બુરી, બાવળીયો વાગ્યાથી સુળો લાગશે; એ ટેક

એ ધંધો પાપી પાકો છે, જુચાર તણો પણ ફાકો છે;
ફોગટ ફાંફાંનો ફાકો છે. સુણ૦ ૧

છેદ્વાર દુરાચારી જનનું, ભક્ષણ કરતું કીર્ત્તિ ધનનું;
રક્ષણ નવ રેતુ તન મનનું, સુ૦ ૨

વ્હેવાર નથી જગમાં એહનો, વિશ્વાસ ન કરે કોઈ તેનો;
ચિંતાતુર રે જીવડો જેનો. સુ૦ ૩

ચાંદી પેટી ને ભોટાનો, ધંધો એ મોટા ટોટાનો;
રસ્તો છે ઠોરી લોટાનો. સુ૦ ૪

સજ્જન કો સંગ નથી કરતું, ચગડોળ સમું મન રે ફરતું;
મળતાં ચંગી ત્યાં મન ઠરતું. સુ૦ ૫

એ બગર મહેનતના ધંધાથી, તારાજ થયા લક્ષાધિપતિ;
મહદાને આંપણુ મળતું નથી. સુ૦ ૬

પળમાં ધનવાન બને તુંતો, પળ એક પછી આંસુ લુતો;
ઢીલા ભમણે ઠેખ્યો સુતો. સુ૦ ૭

મીઠા એ મારગ લાગ્યાથી, બકરી સમ બનીયા બહુ હાથી;
ભીખ માગીને ભાગ્યા ત્યાંથી. સુ૦ ૮
ઘરબાર ઘરેણાંને મેલી, બત લંપી આવે જુગટુ ખેલી;
બૈરી બાળકનો કુણ બેલી. સુ૦ ૯
વ્યસનો વધશે એથી ઝાઝા, નિજ કુલતણી ઘટશે માજા;
ફીટકાર તણાં વાગે વાજાં. સુ૦ ૧૦
છે સટ્ટામાંહે પાપ અતિ, મૃત્યુથી પામે માઠી ગતિ;
નરકાદિક પણ સંઘરતું નથી. સુ૦ ૧૧
છે ઉત્તમ ધંધાઓ બહુએ, કરી મહેનતને રળતા સહુએ;
હિતકારક છે તુજને કહુએ. સુ૦ ૧૨
કેશવ સીખ ઉર ધરજો સારી, તજ સટ્ટાને શત્રુ ધારી;
હારી બેઠા કેઇ જખ મારી. સુ૦ ૧૩

૨

અરે ઓ ભાઈ જંજાલી, રહ્યો શું મોહમાં માલી;
ન જોયું આપ નિહાળી, રહ્યો જડ ભાવને ઝાલી. ૧
કર્યક નિજ હિત સંભાળી, પકડને પુન્યની ડાળી;
કરી માયાજ તે વંહાલી, ગુમાવી જીંદગી ખાલી. ૨
વરસ પચાશ તો વીત્યાં, કરી ન આત્માની ચિંતા;
ન ગાઈ ધર્મની ગીતા, પકડશે કાળ ઓચિંતા. ૩
મળીઓ દેહ બહુમૂલી, ગયો દેવા વિષે ઢુલી;
પકડી તે પાપની પુળી, કનક મુકો ધર્મે ખુલી. ૪
મુસાફર બે દિવસનો તું, મુસાફરી બંગલે આવ્યો;
નથી આ બંગલો તારો, વૃથા તું બોલમાં મારો. ૫
કહું છું પ્રેમથી વહાલા, હવે લે હાથમાં માળા;
ઉપાધિના તજી ભાલાં, હૃદયનાં બોલને તાળાં. ૬

ઉંમર આ રાખમાં રોળી, ન જોયું ચિત્તમાં ખોળી;
ગળી તે ગર્વની ગોળી,ઉદકમાં જીંદગી બોળી. ૭
નથી ઘરબાર આ તારા, નથી સુત દ્રવ્ય કે દારા,
ધરો લે ધર્મની ધારા, કહ્યું તું માની લે મારા. ૮
હવે લે ચિત્તમાં ચેતી, ધરમની બેડને ખેતી;
શીખામણ હું કહું કેતી, વૃથા તું પીલમાં રેતી. ૯
વિનયમુનિ વદે ભાવે, ગઝલ એ પ્રેમથી ગાવે;
સુબોધે સત્ય સમજાવે, સમય આવો ફરી નાવે. ૧૦

૩

બોંઘેરો આ દેહ પામી, જુવાની જોરમાં જામી;
ભજ્યા ભાવે ના જગસ્વામી, વધારો શું કર્યો સારો. ૧
પડીને શોખમાં પૂરા, બની શૃંગારમાં શૂરા,
કર્યાં કૃત્યો બહુ બુરાં, પતાવ્યો શી રીતે વારો. ૨
ભલાઈ ના જરા લીધી, સુમાર્ગે પાઈ ના દીધી;
કમાણી નઃ ખરી કીધી, કહો કેમ આવશે આરો. ૩
શુભાને જીંદગી આળી, ન આણ્યા વીરની પાળી;
જસો અંતે અરે ખાલી, થઈ બસ પાપનો ભારો. ૪
નકામા શોખને વામો, કરો ઉપકારના કામો;
અચળ રાખો રૂડાં નામો, વિવેકી વાત વિચારો. ૫
સદા જિનધર્મને ધરજો, ગુરૂ ભક્તિ સદા કરજો;
ચિદાનંદ સુખને વરજો, વિવેકી મુક્તિને વરજો. ૬

૪

કુદયો શું ફરે છે ફુલી રે, મૂરખ પ્રાણી, કાયા માયા જુઠી કેવી;
ઝાંઝવાના નીર જેવી, તેને તુચ્છ કરી દેવી રે.
મૂરખ પ્રાણી કુદયો શું ફરે છે ફુલીરે. એ આંકણી. ૧

આઉખું જાવે છે ખુટી, કરે શું તું માથાકુટી;
ખુટી તેની નહીં ખૂટી રે. મૂ૦ કુ૦ ૨
પાણીમાંહી પરપોટો, ખેલ સહુ એમ ખોટો;
માન નહી એમ મોટો રે. મૂ૦ કુ૦ ૩
કુટુંબ કબીલો તારો, માન નહી મન મારો;
એ દીન થશે ન્યારો રે. મૂ૦ કુ૦ ૪
આંખે જે જે દેખે સારૂં, તે તે નહીં જાય તારૂં;
માને કેમ માઠું મારૂં રે. મૂ૦ કુ૦ ૫
ચેતી લેને જાય ચાલી, કરી માથાકુટ ખાલી;
માયામાં શીદ રહ્યો માલી રે. મૂ૦ કુ૦ ૬
કાયા માયાથી રહે ન્યારો, અરૂપી અલખ ધારો;
બુદ્ધિસાગર મન પ્યારો રે. મૂરખ પ્રાણી કુલ્યો૦ ૭

૫

શાને તું કરે છે માયા રે, નાહક પ્રાણી, મરડી મુછોને ચાલે;
મગરૂરીમાંહી મ્હાલે, જવું પડે હાથ ઠાલે રે. નાહક પ્રાણી શાને૦૧
પ્રભુનામ નહીં લીધું, સંતને દાન ન દીધું;
કપટ વિષ પ્રેમેથી પીધું રે. નાહક૦ શાને૦ ૨
ભ્રાંતમાં તું ભૂલ્યો ભારી, આખી તો ઉંમર હારી;
થાશે કોણ ગતિ તારી રે. ના૦ શા૦ ૩
ઓઢે તે પડે છે પહેલો, પરના ખુરામાં વેલો;
મનમાં સમજી ને મેલો રે. ના૦ શા૦ ૪
બીજાનું દેખીને સારૂં, મનમાં લાગે નઠારૂં;
ભલું થશે કેમ તારૂં રે. ના૦ શાને૦ ૫
કપટથી કાળું થાસે, બાર મન વિસવાસે;
તેથી તું તો છેતરાશે રે. ના૦ શાને૦ ૬

કપટ કળાને ત્યાગી સદગુરૂ શીખ માગી;
બુદ્ધિસાગર ઘટ જોગી રે, નાહક પ્રાણી. થાને તું કરે માયા રે. ૭

૬

જોતાં જોતાં ચાલ્યા ગયા રે, જોડીઆ તારા;
રમણિક રઢીઆળા, રંગે રૂડાને રૂપાળા;
મરી ગયા બહુ વ્હાલા રે, જોડીઆ તારા. જોતાં૦ ૧
ખમા ખમા જેની થાતી, જગ આણ વરતાતી;
ચાલ્યા પરભવ વાટી રે, જોડીઆ તારા. જોતાં૦ ૨
જુતા બુટ પહેરી ચાલ્યા, વ્યભિચારી થઇ વ્હાલ્યા;
ઘોરમાંહે જોંધી ઘાલ્યા રે, જોડીયા તારા. જાતાં૦ ૩
પાઘડી તો માથે ઘાલી, કર્યા દેશોદેશ વ્હાલી;
મશાણે તે ગયા ખાલી રે, જોડીઆ તારા. જોતાં૦ ૪
નાત જાતને જે નડે, વેર ઝેરથી જે લડે;
પોક તેની જોને પડે રે, જોડીઆ તારા. જાતાં૦ ૫
ચેતી લ્યોને નરનારી, હિત શીખામણ સારી;
બુદ્ધિસાગર સુખકારી રે. જોડીઆ તારા. જોતાં૦ ૬

૭

સજી ઘરબાર સારૂં,મીઆ્યા કે છે મારૂં મારૂં; તેમાં નથી કીરયું તારૂંરે,
પામર પ્રાણી, ચેત તો ચેતાવું તને રે. એ-આંકણી ૧
તારે હાથે વવરાશે, તેટલું જ તારૂં થાસે;
બીજું તો બોજાને જાશે રે, પામર૦ ચેત૦ ૨
માંખીએ તો મધ કીધું, ન ખાધું ન દાન દીધું;
લુંટના રે લુંટી લીધું રે, પામર૦ ચેત૦ ૩
અંજેરીને હાથ ખાલી, ઓચિંતાનું જાવું ચાલી;
કરે માથાકુટ ઠાલી રે, પામર૦ ચેત૦ ૪

સાહુકારીમાં તું સવાયો, લખોપતિ તું કહેવાયો;
કેને સાચું શું કમાયો રે, પામર૦ ચેત૦ ૫
આવે તે સાથેજ લેવો, કમાયો તું માલ કેવો;
અવેજ તપાસી લેવો રે, પામર૦ ચેત૦ ૬
દૈવે તને મણી દીધી, તેની ન કિંમત કીધી;
મણી સાટે મસ દીધી રે, પામર૦ ચેત૦ ૭
ખેળામાંથી ધન ખોયું, ધૂળથી કપાળ ધોયું;
જાપણું તારૂં જોયું રે. પામર૦ ચેત૦ ૮
હજી હાથમાં છે બાજી, કર તું પ્રભુને રાજી;
કર તારી મુડી તાજી રે, પામર૦ ચેત૦ ૯
મનનો વિચાર તારો, મનમાંર હી જનારો;
વળી પાછો નાવે વારો રે, પામર૦ ચેત૦ ૧૦
હાથમાંથી બાજી જાસે, પાછળથી પસ્તાવો થાસે;
પછી કરી નહીં સકાશે રે, પામર૦ ચેત૦ ૧૧
નીકલ્યો તું શરીરથી, પછી તું માલીક નથી;
દીઠું કલપતે કથી રે, પામર પ્રાણી ચેત તો ચેતાવું તને રે, ૧૨

૮

કાયા જીવને કહે છે રે, ઓ પ્રાણુપતિ;
લાડ તો લડાવ્યા સારા, કદી ન કર્યા દુકારા;
આજ તો રિસાણા પ્યારા રે, ઓ પ્રાણુપતિ. કાયા૦ ૧
સેળા ભેસીને જમાડી, બાગ બગીચાને વાડી;
ફેરવી ભેસાડી ગાડીરે, ઓ પ્રાણુપતિ કાયા૦ ૨
અત્તર કુલેલ ચોળી, કેશર કસુંબા ઘોળી,
રમ્યા રંગ રસ ફોળીરે; ઓ પ્રાણુપતિ. કાયા૦ ૩
ચણુગાર તો સજાવી, આભૂષણોને પહેરાવી;
મોજ મુજને કરાવી રે, ઓ પ્રાણુપતિ. કાયા૦ ૪

રોજ તો હસીને રેતા, પાણી માટે દુઃખ દેતા;
આજ મૌન ધારી બેઠારે, ઓ પ્રાણુપતિ. કાયા૦ ૫
સજ્જનની એવી રીતી, જેની સાથે કરે પ્રીતિ;
વગડે ન મૂકે રોતી રે, ઓ પ્રાણુપતિ. કાયા૦ ૬
કરું છું હું કાલાવાલા, મુજને ન મૂકો વાલા;
સાથે રાખોને છોગાળા રે, ઓ પ્રાણુપતિ. કાયા૦ ૭

૯

જીવ કાયાને સુણાવે રે, ઓ કાયા ભોળી;
કાયા તું કામણગારી, પાસમાં હું પડયો તારી;
પ્રભુને મુકયા મેવિસારી રે, ઓ કાયા ભોળી. જીવ૦ ૧
તારી સાથે પ્રીતિ કરી, જરી ન હું બેઠો ઠરી;
પાપની મેં પોટી ભરીરે, ઓ કાયા ભોળી. જી૦ ૨
ઘણીવાર તો સમજાવી, હઠીલી ન શાન આવી;
મુજને દીધો ડુબાવી રે, ઓ કાયા ભોળી. જી૦ ૩
નિતિનો પ્રવાહ તોડયો, અનિતિનો પંથ જોડયો;
સજ્જનનો સંગ છોડયો રે, ઓ કાયા ભોળી. જી૦ ૪
સદ્‌ગુણને નિવાર્યો, દુરગુણ ને વધાર્યો;
કથન ન કાન ધાર્યો રે, ઓ કાયા ભોળી. જી૦ ૫
આત્મા હું ચિદાનંદી, કાયા તું દીસે છે ગંદી;
તારી સંગે રહ્યો બંદી રે, ઓ કાયા ભોળી. જી૦ ૬
સોબતે અસર આવે, લસણનો સંગ થાવે;
કસ્તુરી સુગંધ જાવે રે, ઓ કાયા ભોળી. જી૦ ૭
બગડયો હું તારી સંગે, રમ્યો પર રામા રંગે;
કુડાં કૃત કીધાં અંગે રે, ઓ કાયા ભોળી જી૦ ૮
પારકી થાપણ રાખી, આળ ઓર શીર નાંખી;
જુઠી મેં તો પુરી સાખી રે, ઓ કાયા ભોળી. જી૦ ૯

પ્રાણુ પાંજરામાં પ્યારી, રહ્યો છું કરાર ધારી;
કાયા નાવે કોઈ હારી રે, ઓ કાયા હોળી. જી૦ ૧૦
મારો છેડો છોડો કાયા, કારમી લમાડો માયા;
તારાથી હોળા ઠગાયા રે, ઓ કાયા હોળી. જી૦ ૧૧
કાયાની માયાને મોડી, શુકરાજ ગયા દોડી;
પ્રાણુ પાંજરાને તોડી રે, ઓ કાયા હોળી. જી૦ ૧૨
અનિતિનાં કામ તજો, નિંદા તજી પ્રભુ ભજો;
સાંકળાની શીખ સજો રે, ઓ કાયા હોળી. જીવ૦ ૧૩

૧૦

ભરોસે શું રહ્યા ભૂલી, પલકમાં પ્રાણ જવાના;
જુવો છો અન્યના એવા, નક્કી નિજ હાલ થાવાના. ભ૦૧
વળેલી મૂઠીએ આવ્યા, નથી સાથે કશું લાવ્યા;
ધરા ધન ધામને મેલી, સ્મશાને સૌ સમાવાના. ભ૦૨
સુખેથી શું હજી સુતા, અરેઅર ખાડમાં ખુતા;
સમય વિત્યા પછી પ્યારા, કુશળ કયાંથી કમાવાના. ભ૦૩
રહોને સર્વદા સંપી, જગત જંજાળમાં જંપી;
મમત્વે મોહ થાવાથી, વિના મોતે મરવાના. ભ૦૪
તમારૂં શું તમે લેખો, કરી ઝીણી નજરે દેખો;
ધરાધન ધામને કામે, નથી નિશ્ચે ધરાવાના. ભ૦૫
ભમાઇ ભુલ કીધાથી. વિષયની વાટ લીધાથી;
પરાણે પાપને યોગે, ભવે ભાઠે ભરાવાના. ભ૦ ૬
અબર પળની નથી પડતી, નથી ગુણ દોષની ગણતી;
ચડેલા કાળને દાઢે, ચડી ચોંપે ચંપાવાના. ભ૦ ૭
સદા સતસંગને સાધો, વિચારો વેદને વાંધો;
ઉપાયો આદરો અંતે, મહા સુખને જમાવાના.ભ૦ ૮
સદા સનમાર્ગને શોધે, સખા શુભ વાનને બોધે;
કૃપાગુરૂદેવની થાતાં, નથી દુઃખે દબાવાના. ભરોસે૦ ૯

૧૧

અરે કિસ્મત તું ઘેલું, રડાવે તું હસાવે તું;
ઘડી ફંદે ફસાવીને, સતાવે તું રીબાવે તું અરે૦ ૧
ઘડી આશામહીં વહેતું, ઘડી અંતે નિરાશા છે;
વિવિધ રંગો બતાવે તું, હસે તેને રડાવે તું. અરે૦ ૨
કેઈની લાખ આશાઓ, ઘડીમાં ધુળધાણી થઈ;
પછી પાછી સંજીવન થઈ, રડેલાને હસાવે તું. અરે૦ ૩
રહી મશગુલ અભિમાને, સદા મોટાઈ મન ધરતા;
નિહરને પણ ઠરાવે તું, ન ધાર્યું કેઇનું થાતું. અરે૦ ૪
વિકટ રસ્તા અરે તારા, અતિ ગંભીર ને ઉંડા;
ન મર્મ કેઇ શકે જાણી, આત જે ગુઢ અભિમાની. અરે૦ ૫
સદાચારીજ સન્તોને, ફસાવે તું રડાવે તું,
કરે ધાર્યું અરે તારૂં, બધી આલમ ફના કરતું. અરે૦ ૬
અરે આ નાવ જીંદગીનું, ધર્યું છે હાથ મેં તારે;
ડુબાવે તું ઉગારે તું, કરે જે દીલ ચાહે તું. અરે૦ ૭

૧૨

હેંડગીલ્ડ તમારૂં મેં સાંભલ્યું, કશું મોક્ષપુરીનું બારૂં;
પણ નથી ઘડી નવરાશ, ગુરૂરાજ મારા ઘડપણમાં પ્રભુનું નામ લેશું ૧
મોટો છોકરો વિલાયત ગયો છે, નાનો છોકરો જુગારી થયો છે;
એવો ધર્મરોળ ચાલી રહ્યો છે. ગુ૦ ૨
સાઠ લાખની પુંજીમાં શું કરીએ, સાઠ અબજ ધન જ્યારે ધરીએ;
ત્યારે કાંઇક શાંતિ મન કરીએ. ગુ૦ ૩
યુરોપ આફ્રિકા સુધી વિચરશું, આસ્ટ્રોલીઆનું સોનું સંઘરશું;
અમેરિકાની લક્ષ્મી લાવી ભરશું. ગુ૦ ૪
હજુ થાશુ હજાર મીલવાળા, ઘરે બાંધવા છે બારસે માળા;
તેમાં કયાંથી ફેરવીએ માળા. ગુ૦ ૫

નાત જાતના સુધારા કરવા છે, કાંઈક કાળા ધોરા કરવા છે;
તેમાં કોની અમારે પરવા છે. ગુ૦ ૬

સાઠ વરસની ઉંમર અમારી, તે શું આંખે ચડી છે તુમારી;
હજુ પરણવી છે નવી નારી. ગુ૦ ૭

હજુ કરવા છે દાઢી મૂચ્છ કાળા, જ્યારે થાશું અબજ ધન વાળા;
પછે સુખે ફેરવશું માળા. ગુ૦ ૮

સાઠ લાખની પુંજી છે અમારે, તે શું આંખે ચડી છે તમારે;
હજુ ભોગવવી છે અમારે. ગુ૦ ૯

સાંજ પડે ને રવિ આથમે, મારો જીવ ભમરાની પેઠે ભમે;
મને ઘરનો ધંધો ઘણો ગમે. ગુ૦૧૦

આ ભવ લાગે છે મીઠો, પરભવ તે તો કોણે દીઠો;
એવો મારા હૃદયમાં બેઠો, ગુ૦ ૧૧

ત્યાં તો પલેગે શેહને પાડયા, જમદાઓ જીવ લઈ ચાલ્યા;
નરક પુરીમાં પધરાવ્યા. ગુ૦ ૧૨

કરજોડી કવીજન કેતા હે, જે ત્રસના નદી કું તરતા હે;
આ મુક્તિપુરીકું વરતા હે, ગુરૂરાજ મારા ઘડપણમાં
પ્રભુનું નામ લેશું. ૧૩

૧૩

શી કહું કથની માશીરાજ, શી કહું કથની મારી;
મને કરમે કરી ભર વાહીરાજ, શો નહું કથની મારી. ૧

શીવપુરનાં માધવ ધ્વજની હું, કામલતા બી કનારી;
રૂપકળા ભરયૌવન ભાવે, ઉર્વશી રંભા હારી રાજ. શી કહું૦ ૨

પારણે કેશવ પુત્ર પોઢાડી હું ભરવા ગઇ પાણી;
શીવપુરી દુશ્મન રાયે ઘેરી, હું પાણીયારી લુંટાણી રાજ. શી કહું૦૩

સુભટોએ નીજરાયને સોંપી, રાયે કરી પટરાણી;
સ્વર્ગનાં સુખથી પણ પતિમાધવ, વીસરી નહી ગુણ ખાણી રાજ.
શી કહું૦ ૪

વરસ પંદરનો પુત્ર થયો તવ, માધવ બ્રીજ મુજ માટે;
ભમતો ચોવી સમગોખેથી, દીઠો વાટે જતો રાજ. શી કહું૦૫
દાસી દ્વારા બ્રીજને બોલાવો, દ્રવ્ય દેઈ દુઃખ કાઢયું;
ચૌદસ નિસી મહાકાલી મંદીર,મલશું વચન મે આપ્યું રાજ શીકહું૦૬
કારમી ચુંકે ચીસ પોકારી, મહિપતિને મેં કીધું;
બેકાકી મહાકાલી જાવા, તમ દુખે મેં વ્રત લીધું રાજ. શું કહું૦ ૭
વીસરી બાધા કોપી કાલી, પેટમાં પોડ થઇ ભારી;
રાય કહે એ બાધા કરશું,તત્કાલ ચુંક મટી મારી રાજ. શીકહું૦ ૮
ચૌદસને દીન રાજા રાણી, બેકાકી પગ પાળે;
મહીપતિ આગળ ને હું પાછળ, પોંચ્યા બેઉ મહાકાળી રાજ.
શી કહું૦ ૯
રાજાએ નીજ ખડગ વિશ્વાસે, મારા કરમાં આપ્યું;
જબ નૃપ મંદિરમાંહે પેઠો, તસ તવ શીષ મેં કાપ્યું રાજ.
શી કહું૦ ૧૦
રાયને મારી પતિને જગાડું, ઢંઢોળતા નવિ જાગ્યો;
નાગડસ્યો પતિ મરણ થયો જબ, ઉભય ભ્રષ્ટ થઈ ભાગી રાજ.
શી કહું૦ ૧૧
નાઠી વનમાં ચોરે લુંટી, ગુણકાને ઘેર વેચી;
બાર પુરુષથી બારી રમતાં, કર્મની વેલ મેં સીંચી રાજ.
શી કહું૦ ૧૨
માધવ સુત કેશવ પીતુ શોધે, ભમી ફરતાં ગુણકા ઘેર આવે;
ધન દેખી જેમ દુધ મંજારી, ગુણકાને મન ભાવે રાજ.
શી કહું૦ ૧૩
ગુણકાએ બ્રીજ મુજને સોંપ્યો, જાણ્યુ ન મેં લલચાવી;
ધીક ધીક પુત્રથી બારી બેલું, કર્મે નાચ નચાવ્યો રાજ.
શી કહું૦ ૧૪

જારી રમતાં કાળ વીત્યો કેઈ, એક દીન દીધી મેં હાંસી;
ક્યાંના વાસી ક્યાંઇ જવાના, તવ તેણે અંતથી પ્રકાશી રાજ.
શી કહું૦ ૧૫

દૃઢ મન રાખી વાત સુણી મેં, ગુહ્ય મેં રાખી મારી;
પુત્રને કહું તુમે દેશ સીધાવો, મેં દુનીઆ વિસારી રાજ,
શી કહું૦ ૧૬

પુત્રને વળાવી કહ્યું ગુણકાને હા હા ધીક તુજ મુજને;
મહાપાતીકની શુદ્ધિ માટે, અગ્નિનું શરણું હેા મુજને રાજ.
શી કહું૦ ૧૭

સરિતા કાંઠે ચેહ સળગાવી, અગ્નિ પ્રવેશ મેં કીધેા;
કર્મે નદીના પૂરમાં તણાણી, અગ્નિએ ભેાગ ન લીધેા રાજ.
શી કહું૦ ૧૮

જળમાં તણાતી કાંઠે આવી, આહીરે જીવતી કાઢી;
મુજ પાપણીને નદીએ ન સંઘરી, આહીરે કરી ભરવાડો રાજ.
શી કહું૦ ૧૯

તે ભરવારણ દહીં દુધ લહીને, વેચવા પુરમાં પેઠી;
ગજ છુટયેા કેાળાહળ સુણીને, પાણીઆરી મુજને ભટકી રાજ.
શી કહું૦ ૨૦

પાણીઆરીનું ફૂટયું બેડું. ધ્રુસકે રેાવા લાગી;
દહીં દુધની મટકી મમ ફુટી, હું તેા હસવા લાગી રાજ.
શી કહું૦ ૨૧

હસવાનું કારણ પુરેાહિતે પૂછયું, વાત સઘળી તેણે કીધી;
કહેા કેાને જોવું કહેા કેાને રેાવું, દૈવે દુઃખ મને દીધું રાજ;
શી કહું૦ ૨૨

મહીઆરીની દુઃખની કાંણી, સુણી મૂર્ચ્છા થઈ બ્વીજને;
મૂર્ચ્છા વળી તબ હાય હાય ઉચરે, બ્વીજ કહે ધીક ધીક મુજને રાજ.
શી કહું૦ ૨૩

મા દીકરો બેહુ પસ્તાવો કરતાં, જ્ઞાની ગુરૂ તબ મલીઆ;
ગુરૂની દીક્ષા શીક્ષા પાળી, ભવનાં ફેરા ટળીયાં રાજ. શી કહું૦ ૨૪
એકજ ભવમાં બાજી રમતાં, ઉલટ સુલટ પડે પાસા;
નાનાવિધ ભવોભવ સાંકલચંદ, ભક્તિ વિનય;
એલે કર્મ તમાસા રાજ. શી કહું કથની મારી. ૨૫

દીક્ષાની કવાલી

૧૪

ભવી જીવને પોશાય, એવી લહેર દીક્ષામાં;
અભવીને ભારે પડી જાય, એવી લહેર દીક્ષામાં. ૧
ઓઘો લેવાય છેને, મુહપત્તિ ગલાય છે;
જેથી જીવની રક્ષા થાય, એવો લહેર દીક્ષામાં. ૨
ચોરપટ્ટો પહેરાય છેને, કંદોરો બંધાય છે;
ઉપર કપડો પહેરાય, એવી લહેર દીક્ષામાં. ૩
કામળી ઓઢાય છેને, ડાંડો હાથ ગલાય છે;
પછી દર્શન કરવા જવાય, એવી લહેર દીક્ષામાં. ૪
પાતરાં લેવાય છેને, તરપણી ગલાય છે;
જેથી ગોચરીએ જવાય, એવી લહેર દીક્ષામાં. ૫
આધાકરમી ન લેવાયને, શુદ્ધ આહાર લેવાય છે;
એથી સંજમ સારૂ પલાય, એવી લહેર દીક્ષામાં. ૬
ઉપધીને પાતરાં વળી, ખંભા પર મૂકાય છે;
ગુરૂજી સાથે વિહાર કરાય, એવી લહેર દીક્ષામાં. ૭
દેશોદેશ ફરાય છે ને, જાત્રા નવી નવી થાય છે;
જેથી ભવો ભવ પાતીક જાય, એવી લહેર દીક્ષામાં. ૮
વિનય ગુરૂનો થાય ત્યારે, વિદ્યા આવડી જાય છે;
એથી જગતનો ઉદ્ધાર કરાય; એવી લહેર દીક્ષામાં. ૯

લોચ કરાય છે ને, સમતા ધરાય છે;
જેથી કર્મનો ભૂકો થાય, એવી લહેર દીક્ષામાં. ૧૦
જયણાથી વલી બોલીએને, જયણાથી વલી ચાલીએ;
જેથી કર્મની નિર્જરા થાય, એવી લહેર દીક્ષામાં. ૧૧
ભક્તિસૂરિ ગુરૂરાયનો જે, શિષ્ય વિનય કેવાય છે;
ભુલચૂક માફી મગાય, એવી લહેર દીક્ષામાં. ૧૨

મોહ મિથ્યાત્વની સજઝાય.

મોહ મિથ્યાત્વની નિંદમાં, સુતો કાળ અનંત; માજી મોરી.
પરમાધામીને વશ પડયો, પામ્યો દુઃખ અનંત; માજી મોરી,
કરણી તો કરશું ચિત્ત નિર્મળી. એ-આંકણી ૧
રાગ તણા રસિઆ હુતા, સુણ સુણ કરતાં તાન; મા૦
ધર્મ કથા નવિ સાંભળી, કાપે તેહના કાન. મા૦ ક૦ ૨
પરનારીના રૂપનો, વિષય વખાણ્યો જોય; મા૦
દેવગુરૂ નિરખ્યા નહિ, તેની આંખો ફાટે દોય. મા૦ ક૦ ૩
અગ્નિ ધખંતી પુતળી, ચાંપે હૃદય મોઝાર; મા૦
પરનારીના સંગથી, પામ્યો દુઃખ અપાર. મા૦ ક૦ ૪
સુરભિગંધ સુંઘ્યા ઘણા, ગુંથ્યા ફૂલ ફરાક; મા૦
અત્તર કુલેલ પડાવીઆ, કાપે તેહના નાક. મા૦ ક૦ ૫
જુઠ વચન બોલ્યાં ઘણું, કુડ કપટની ખાણ; મા૦
પરમાધામી તેહની, જીભ કાઢે જડ તાણ. મા૦ ક૦ ૬
ગાડે બેલે જોસીને, બળદ દોડાવે વાટ; મા૦
લોહમાં ધુંસરો ધખાવીઓ, લેઈ દોડાવે ફાટ. મા૦ ક૦ ૭
રસ્તે લુટ્યાં રાંકને, મારી ક્રોધ અન્યાય; મા૦
માંકડ મારે તેહને, પીલે ઘાણામાંહિ. મા૦ ક૦ ૮

કાચાં કુણાં ફળ ભખ્યાં, ગાજર મૂળા કંદ; મા૦
ઉંધે મસ્તકે ઉપન્યો, પીડાયા કરે આક્રંદ. મા૦ ક૦ ૯
વનસ્પતિ છેદન કરી, કાપ્યા તરૂ વનરાય; મા૦
છેદન ભેદન કીધાં ઘણું, કાપે તેહની કાય. મા૦ ક૦ ૧૦
ટાંકા જવારા વાવીને, કુલાં સેજ બીછાય; મા૦
સુખ ભોગવીઆ તેહને, કાંટા ચાંપે કાય. મા૦ ક૦ ૧૧
કુલી કલીયાં પુલની, તોડી ગુંથ્યા હાર; મા૦
સામલી વૃક્ષે બાંધીને, દીએ કોરડાનો માર. મા૦ ક૦ ૧૨
વચન ચૂકયાં નર જે હતાં, કુડા કપટી જેહ; મા૦
પકડી પછાડે પર્વતથી, અંડા ખંડ કરતાં દેહ. મા૦ ક૦ ૧૩
ઘરમાં કલેશ કરાવતી, કથા કબલી નાર; મા૦
પરમાધામી તેહને, મુખમાં ભરે રે અંગાર. મા૦ ક૦ ૧૪
કુહાડે કરીને છેદીઆં, લીલાં મોટાં ઝાડ; મા૦
પરમાધામી તેહના, છેદે મસ્તક ફાડ. મા૦ ક૦ ૧૫
કોશ કોદાળા પાવડા, પૃથ્વી વિદારણ જેહ; મા૦
માગ્યાં જે કોઇ આપશે, પામશે દુઃખ અજેહ. મા૦ ક૦ ૧૬
પૂજ્ય કહીને પૂજાવતાં, કરતાં અનર્થ મૂલ; મા૦
કામિની ગર્ભ ગળાવતાં, તેને પરોવી દીધાં ત્રિશૂલ; મા૦ ક૦ ૧૭
કરી અંગિઠી અગ્નિતણી, ચલમ ભરે ચકડોળ; મા૦
આંબા તમાકુ જે પીએ, તે તો ગયા નર્કની પોળ. મા૦ ક૦ ૧૮
જે ઘેર રમતા મોજથી, હસતાં પાણી ઢોળ. મા૦
પરમાધામી તેહની, ઘણી ઉડાડે રોલ. મા૦ ક૦ ૧૯
તાતું તરવું ઉછાડીને, કરે ક્રોધ અપાર. મા૦
પીચકારી ભરીને છાંટતાં, ઉપર નાખે ખાર. મા૦ ક૦ ૨૦

ઘણું હોકા પીવતાં, અગ્નિ જલાદિક જીવ; મા૦
તાતા લોહ તપાવીને, મુખ ચાંપે કરી રીવ. મા૦ ક૦ ૨૧
પાપ કર્મથી ઉપન્યો, કૂડા વિપાકમાંય. મા૦
ઉપર ચુંટે કાગડા, માંહે કીડા ખાય. મા૦ ક૦ ૨૨
માનવનો ભવ પામીને, હવે જાવું નહિ હાર. મા૦
મર્મ જાણી જિનધર્મનો; પામીશ હું ભવપાર. મા૦ ક૦ ૨૩

પ્રતિક્રમણ કર્યા પછી ભાવવાની ભાવના.

[દુહા]

અરિહંત અરિહંત સંભરતાં, લાધે મુક્તિનું ધામ;
જે નર અરિહંત સમરશે, તેહનાં સરશે કામ. ૧
સુતાં બેસતાં ઉઠતાં, જે સમરે અરિહંત;
દુઃખીયાનાં દુઃખ ભાગશે, લહેશે સુખ અનંત. ૨
આશા કરો અરિહંતની, બીજી આશા નિરાશ;
જેમ જગમાં સુખીયા થયા, પામ્યા લીલ વિલાસ. ૩
ચેતન તે એસી કરી, એસી ન કરે કોય;
વિષયારસને કારણે, સર્વસ્વ બેઠો ખોય ૪
જો ચેતાય તો ચેતજે, જો બુઝાય તો બુઝ;
આનારા સૌ આઇ જશે, માથે પડશે તુઝ, ૫
મુનિવર ચૌદ હજારમાં, શ્રેણિક સભા મોઝાર;
વીર જિણંદે વખાણીયો, ધન ધન્નો અણગાર. ૬
પચ્યો તો પરખ્યો નહિ, દઢો કીધો દુર;
હલ્લાશું લાગી રહ્યો, નન્નો રહ્યા હજુર. ૭

પચ્ચક્ખાણનો કોઠો.

પચ્ચક્ખાણ પારવાનો સમય સ્પષ્ટ રીતે સૂર્યના ઉદયાસ્ત ઉપર અવલંબે છે. આ ઉદયાસ્તની ગતિમાં ચાલુ ફેરફાર થયા કરે છે. આ ફેરફાર થવાનું કારણ સૂર્યની ઉત્તરાયન દક્ષિણાયન ગતિ કરે છે. તા. ૧ થી તા.૧૬ વચ્ચેનું અંતર કાઢીને પચ્ચક્ખાણનો સમય ગણવો.

માસ	સૂર્ય ઉ.		સૂર્ય અ.		નવકાર૦		પોરિસી		સાઢપોર		પૂરિમઢ્ઢ		અવઢ્ઢ.	
	ક.	મિ.	ક.	મિ.	ક.	મિ.	ક.	મિ.	ક.	મિ.	ક.	મિ.	ક.	મિ
જાન્યુઆરી ૧	૭	૨૨	૬	૫૧	૮	૧૦	૧૦	૩૧	૧૧	૨૪	૧૨	૪૪	૩	૨૫
,, ૧૬	૭	૨૫	૬	૧૫	૮	૧૩	૧૦	૮	૧૧	૨૯	૧૨	૫૦	૩	૩૩
ફેબ્રુઆરી ૧	૭	૨૧	૬	૨૭	૮	૯	૧૦	૮	૧૧	૩૧	૧૨	૫૪	૩	૪૧
,, ૧૬	૭	૧૩	૬	૩૬	૮	૧	૧૦	૪	૧૧	૩૦	૧૨	૫૫	૩	૪૬
માર્ચ ૧	૭	૪	૬	૪૨	૭	૫૨	૯	૫૯	૧૧	૨૬	૧૨	૫૩	૩	૪૮
,, ૧૬	૬	૫૦	૬	૪૮	૭	૩૮	૯	૫૦	૧૧	૨૦	૧૨	૪૯	૩	૪૯
એપ્રીલ ૧	૬	૩૪	૬	૫૪	૭	૨૨	૯	૩૯	૧૧	૧૨	૧૨	૪૪	૩	૪૯
,, ૧૬	૬	૨૦	૭	૦	૭	૮	૯	૩૦	૧૧	૫	૧૨	૪૦	૩	૫૦
મે ૧	૬	૮	૭	૬	૬	૫૬	૯	૨૩	૧૧	૦	૧૨	૩૭	૩	૫૨
,, ૧૬	૬	૦	૭	૧૩	૬	૪૮	૯	૧૯	૧૦	૫૮	૧૨	૩૭	૩	૫૫
જુન ૧	૫	૫૫	૭	૨૦	૬	૪૩	૯	૧૭	૧૦	૫૮	૧૨	૩૮	૩	૫૯
,, ૧૬	૫	૫૪	૭	૨૬	૬	૪૨	૯	૧૭	૧૦	૫૯	૧૨	૪૦	૪	૩
જુલાઈ ૧	૫	૫૮	૭	૨૯	૬	૪૩	૯	૨૧	૧૧	૩	૧૨	૪૪	૪	૭
,, ૧૬	૬	૪	૭	૨૭	૬	૫૨	૯	૨૫	૧૧	૬	૧૨	૪૬	૪	૭
ઓગષ્ટ ૧	૬	૧૧	૭	૨૧	૬	૫૯	૯	૨૯	૧૧	૮	૧૨	૪૬	૪	૪
,, ૧૬	૬	૧૭	૭	૧૧	૭	૫	૯	૩૧	૧૧	૮	૧૨	૪૪	૩	૫૮
સપ્ટેમ્બર ૧	૬	૨૩	૬	૫૭	૭	૧૧	૯	૩૨	૧૧	૬	૧૨	૪૦	૩	૪૬
,, ૧૬	૬	૨૭	૬	૪૨	૭	૧૫	૯	૩૧	૧૧	૩	૧૨	૩૫	૩	૩૬
ઓકટોમ્બર ૧	૬	૩૩	૬	૨૭	૭	૨૧	૯	૩૨	૧૧	૧	૧૨	૩૦	૩	૨૬
,, ૧૬	૬	૩૮	૬	૧૩	૭	૨૬	૯	૩૨	૧૦	૫૬	૧૨	૨૬	૩	૨૦
નવેમ્બર ૧	૬	૪૬	૬	૧	૭	૩૪	૯	૩૫	૧૧	૦	૧૨	૨૪	૩	૧૩
,, ૧૬	૬	૫૫	૫	૫૪	૭	૪૩	૯	૪૦	૧૧	૩	૧૨	૨૫	૩	૧૦
ડીસેમ્બર ૧	૭	૫	૫	૫૨	૭	૫૩	૯	૪૭	૧૧	૮	૧૨	૨૯	૩	૧૧
,, ૧૬	૭	૧૫	૫	૫૬	૮	૩	૯	૫૬	૧૧	૧૬	૧૨	૩૬	૩	૧૬

સૂચના—આ પચ્ચક્ખાણનો કોઠો ફક્ત અમદાવાદની ગણતરીનો છે. બીજાં દરેક ગામોવાળાએ પાંચ મીનીટ વધારી સમય ગણવો.

અથ પ્રભાતનાં પચ્ચક્ખાણો.

પ્રથમ નમુક્કારસહિઅ મુટ્ઠિસહિનું.

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ, ચઉવ્વિહંપિ આહારં, અસણું, પાણુ, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણું, સહસાગારેણું, મહત્તરાગારેણું, સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરઇ.

બીજું પોરિસિ સાઢપોરિસિ પુરિમઢ્ઢ અવઢ્ઢનું

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં પોરિસિં, સાઢપોરિસિં, (સૂરે ઉગ્ગએ પુરિમઢ્ઢ અવઢ્ઢ) મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ, ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહંપિ આહારં, અસણું, પાણું, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણું, સહસાગારેણું, પચ્છન્નકાલેણું, દિસામોહેણું, સાહૂવયણેણું, મહત્તરાગારેણું, સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરઇ.

ત્રીજું બેઆસણા એકાસણાનું પચ્ચક્ખાણ

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિ સાઢપોરિસિ મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ, ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહંપિ, આહારં, અસણું, પાણું, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણું, સહસાગારેણું, પચ્છન્નકાલેણું, દિસામોહેણું, સાહૂવયણેણું, મહત્તરાગારેણું, સવ્વસમાહિવત્તિયાગારેણું, વિગઇઓ પચ્ચક્ખાઇ, અન્નત્થણાભોગેણું, સહસાગારેણું, લેવાલેવેણું, ગિહત્થસંસટ્ઠેણું, ઉક્ખિત્તવિવેગેણું, પડુચ્ચમક્ખિએણું પારિટ્ઠાવણિયાગારેણું, મહત્તરાગારેણું, સવ્વસમાહિવત્તિયાગારેણું, એકાસણું બિયાસણું, પચ્ચક્ખાઇ, તિવિહંપિ આહારં, અસણું, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણું, સહસાગારેણું, સાગારિયાગારેણું, આઉંટણપસારેણું, ગુરુઅબ્ભુટ્ઠાણેણું, પારિટ્ઠાવણિયાગારેણું, મહત્તરાગારેણું, સવ્વસમાહિવત્તિયાગારેણું, પાણુસ્સ લેવેણ વા,

અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઇ.

(જો એકાસણાનું પચ્ચક્ખાણ કરવું હોય તો બિયાસણાંને ઠેકાણે એકાસણાંનો પાઠ કહેવો.)

ચોથું આયંબિલનું પચ્ચક્ખાણ.

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢપોરિસિં, મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ. ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહંપિ આહાર, અસણું, પાણું ખાઇમં, સાઇમં, અનત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, આયંબિલં પચ્ચક્ખાઇ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પારિટ્ઠાવણિયાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં. એકાસણું, પચ્ચક્ખાઇ, તિવિહંપિ આહાર, અસણું, ખાઇમં, સાઇમં, અનત્થણાભોગેણં. સહસાગારેણં, સાગારિયાગારેણં, આઉંટણપસારેણં, ગુરૂઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા. અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણવા, અસિત્થેણ વા વોસિરઇ.

પાંચમું તિવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ

સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠ પચ્ચક્ખાઇ, તિવિહંપિ આહાર, અસણું, ખાઇમં, સાઇમં, અનનત્થણાભોગેણં સહસાગારેણં પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણહાર પોરિસિં સાઢપોરિસિં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા , અલેવેણ વા, અચ્છેણવા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઇ.

છટ્ઠું ચઉવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ.

સૂરેઉગ્ગએ અભત્તટ્ઠં પચ્ચક્ખાઇ, ચઉવ્વિહંપિ આહારં, અસણું, પાણું, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણું, સહસાગારેણું, પારિટ્ઠાવણિયાગારેણું, મહત્તરાગારેણું, સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરઇ.

પાણુહારનું પચ્ચક્ખાણ (સાંજનાં—પચ્ચક્ખાણે.)

પાણુહાર દિવસચરિમં પચ્ચક્ખાઇ, અન્નત્થણાભોગેણું સહસાગારેણું, મહત્તરાગારેણું, સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરઇ.

બીજું ચઉવિહારનું પચ્ચક્ખાણ

દિવસચરિમં પચ્ચક્ખાઇ, ચઉવિહંપિ આહારં અસણું, પાણું ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણું, સહસાગારેણું મહત્તરાગારેણું, સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરઇ.

ત્રીજું તિવિહારનુ પચ્ચક્ખાણ.

દિવસચરિમં પચ્ચક્ખાઇ, તિવિહંપિ આહારં, અસણું ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણું, સહસાગારેણું, મહત્તરાગારેણું, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઇ.

ચોથું દુવિહારનું પચ્ચક્ખાણ.

દિવસચરિમં પચ્ચક્ખાઇ, દુવિહંપિ આહારં, અસણું, ખાઇમં, અન્નત્થણાભોગેણું, સહસાગારેણું, મહત્તરાગારેણું, સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરઇ.

જે ૧૪ નિયમ ધારે તેને દેસાવગાસિકનું પચ્ચક્ખાણ

દેસાવગાસિઅં ઉવભોગ પરિભોગ પચ્ચક્ખાઇ;અન્નત્થણાભોગેણું, સહસાગારેણું, મહત્તરાગારેણું સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરઇ.

આત્મ જાગરણ ચાર શરણ

મુજને ચાર શરણાં હોજો, અરિહંત સિદ્ધ સાધુજી;
કેવલીધર્મ પ્રકાશીયો, રત્ન ત્રણ અમુલખ લાધોજી. ૧

ચઉગતિતણાં દુઃખ છેદવા, સમર્થ શરણાં એહોજી;
પૂર્વે મુનિવર જે હુઆ, તેણે કીધાં શરણાં તેહોજી. ૨

સંસારમાંહી જીવને, સમરથ શરણાં ચારોજી,
ગણી સમયસુંદર એમ કહે, કલ્યાણ મંગળકારોજી ૩

લાખ ચોરાશી જીવ ખમાવીએ, મન ધરી પરમ વિવેકજી;
મિચ્છામિદુક્કડં દીજીએ, જિનવચને લહીએ ટેકજી. ૪

સાત લાખ પૃથ્વ દગ તેઉ વાઉના, દશ ચૌદે વનના ભેદોજી;
બેઇ વિગલ સુર તીરી નારકી, ચઉ ચઉ ચઉદે નરના ભેદોજી. ૫

જીવા જોનીએ જાણીને, સહુ સહુ મિત્ર સંભાવોજી;
ગણી સમયસુંદર એમ કહે, પામીયે પુણ્ય પ્રભાવોજી. ૬

પાપ અઢારે જીવ પરિહરો, અરિહંત સિદ્ધની સાખેજી;
આલોવ્યાં પાપ છૂટીએ, ભગવંત એણી પરે ભાખેજી. ૭

આશ્રવ કષાય દોષ બંધના, વળી કલહ અભ્યાખ્યાનજી;
રતિ અરતિ પૈશુન નિંદના, માયા મોહ મિથ્યાતજી. ૮

મન વચન કાયાએ જે કર્યાં, મિચ્છામિદુક્કડં તેહોજી;
ગણી સમયસુંદર એમ કહે, જૈન ધર્મનો મર્મ એહોજી. ૯

ધન ધન તે દિન મુજ કદી હોસ્યે, હું પામીશ સંજમ સુધોજી;
પૂર્વઋષિપંથે ચાલીશું, ગુરૂ વચને પ્રતિબોધોજી. ૧૦

અંત પંત ભીક્ષા ગોચરી, રણવણે કાઉસ્સગ્ગ કરશુંજી;
સમતા શત્રુ મિત્ર ભાવશું, સંવેગે સુધો ધરશુંજી. ૧૧

સંસારના સંકટ થકી, હું છુટીશ અવતારોજી;
ધન ધન સમયસુંદર તે ઘડી, તો હું પામીશ ભવનો પારોજી ૧૨

પુજા ભણાવતાં બોલવાના દુહા તથા ગાયનો

(૧)

રાગઃ– ઝટ આવો ચંદનહાર લાવો.

પ્રભુતારો ભવપાર ઉતારો, પ્રભુજી મને તારોને;
મને લાગ્યોછે નેહલો, તારો પ્રભુજી મને તારોને.

સાખી.

દેવ અનેરા જગ દીઠા, તું જગકેરો દેવ;
તું શરણાગત સાહિબોને, શિવપૂરનો નાથ. પ્રભુજી૦ ૧
કાળ અનંતના ભવભમ્યો, ને આવ્યો તારીપાસ,
પ્રભુ દુઃખને વારજો, અર્જ કરૂં છું બાળ. પ્રભુજી૦ ૨

(૨)

રાગઃ– ઝટ આવો ચંદનહાર લાવો.

તારો તારો પારસનાથ તારો, તમારા ગુણ નહિ ભુલું;
તમે બળતો ઉગાર્યો નાગ કાળો, તમારી વાત શી બોલું.

સાખી.

કમઠ પાંચ અગ્નિ તપે, બાળ તપસ્વી રાજ;
નાગ બળે છે કાષ્ટમાં, જુએ અવધિજ્ઞાને જિનરાજ રે. તમારી૦

સાખી.

કાષ્ટ ચિરાવી કાઢીઓ, સંભળાવ્યો નવકાર;
ધરણેન્દ્ર પદ પામીઓ, એવો મોટો પ્રભુનો ઉપકાર રે. તમારી૦

સાખી.

જોગ ભોગની વાતડી, સમજાવે શુભ પેર;
પણ તે શિખામણથી વસ્યું, કમઠ આવાની આંખમાં ઝેર રે. તમારી૦

સાખી.

કમઠ મેઘમાળી થયો, પ્રભુ કાઉસગ્ગમાં ધીર;
મેહ વરસાવ્યો જોરમાં, આવી નાકે અડયા છે નીર રે. તમારી૦

સાખી.

ધરણેન્દ્ર આસન ચળ્યું, આવ્યો પ્રભુની પાસ;
નાગ રૂપ કરી ઉંચકયા, શીર છત્ર કર્યા આકાશ રે. તમારી૦

સાખી.

થાકયો કમઠાસુર હવે, આવ્યો પ્રભુની પાસ;
પાર્શ્વમંડળ કહે ગુણ પાર્શ્વના, પાર્શ્વમંડળની ટોળી ગાય રે.તમારી૦

(૩)

રાગઃ—જઓ જઓ એ મેરે સાધુ.

અરજી સુણલો ઓ નેમનગીના રાજુલના ભરથાર;
રાજુલના ભરથાર તુમે તો રાજુલના ભરથાર. અરજી૦ ૧

જાન સજીને નિકળીઆ ત્યારે, હર્ષ તણો નહિ પાર;
પશુતણા પોકાર સુણીને, પીછ ફરે તત્કાળ. અરજી૦ ૨

રાજુલ જોએ રાહ નિરખતી, રડતી આંસુધાર;
પ્રભુ હમારા કેમ રીસાયા, મુજ હૈયાના હાર. અરજી૦ ૩

મન તલસાતું તન તલસાતું, તલસે રાજુલ નાર;
જગ વૈભવને ઠોકર મારી, નમો નમો શિરતાજ. અરજી૦ ૪

નેમ નગીના નાથ હમારા, હમ નૈયાના તાર,
માયા છોડી મનડું સાધ્યું, નમો નમો શિરતાજ. અરજી૦ ૫

નેમ પ્રભુજી નાથ હમારા, બાવીશમા જીનરાજ;
કર્મ ખપાવી શિવપુર પહોંચ્યા, નમો નમો શિરતાજ. અરજી૦ ૬

(૪)

રાગઃ– મોહા લાગ્યા છે મને આજના ઉજાગરા.

રૂડો લાગે છે પ્રભુ તારો ધન્યગરો, દેખું તો આનંદ થાય રે;
અલબેલો તારો ધન્યગરો. ૧

ઘુઘરી પવન એવા રણકારા બોલતી, ઉછળતી જાણે હરખાય રે. અ૦૨
દેખી ધ્વજ આજે પ્રીતલહી જાગતાં, ભેટણ આવ્યો જીનરાય રે. અ૦૩
તુમારા મુખડાંને દેખી મોહું ધુ, મનડું તો મારૂં થોભી જાય રે.
અ૦ ૪
આજ તારા દર્શનમાં હીલડું લગાડયું, અમૃત પાન કરાય રે. અ૦ ૫

(૫)

જાવાના જાવાના અમે સિદ્ધની સડકે જાવાના;
થાવાના થાવાના અમે સિદ્ધ સ્વરૂપી થાવાના,
દેવાના દેવાના અમે કર્મોને ધક્કો દેવાના,
લેવાના લેવાના અમે મોક્ષનું રાજ્ય લેવાના.
કરવાના કરવાના અમે સંસારનો છેદ કરવાના;
ધરવાના ધરવાના અમે ચોકખું ચારિત્ર ધરવાના.
બનવાના બનવાના અમે ખરા તપસ્વી બનવાના
કીધું છે કીધું છે ગુરૂરાજે અમને કીધું છે
લીધું છે લીધું છે મોહરાજે છીનવી લીધું છે
ચાલવું છે ચાલવું છે પ્રભુ વીરના પંથે ચાલવું છે

(૬)

રાગઃ–(અખોયા મોલાકે)

સિદ્ધગિરિ જાકે દર્શન પાકે, જીયા સુખ પાયા;
ઓહો જીયા સુખ પાયા.

ઉંચીઉંચી ડરિયોમેં, પ્રભુજી બીરાજે મેારા;
ચઢ ગિરિવર મેંતેા, પાસ આઉંગી તેારા. સિદ્ધ૦ ૧

ઇણે ગિરિવરીએજી, સાધુ અનંતા સિધ્યા;
કાંકરે કાંકરે સિધ્યા અનંતા જગમાં. સિદ્ધ૦ ૨

તીર્થકેા ધામ દેખેા, દાદાજી કા દર્શન પાવે;
દેખેાજી દેખેા વિજય આતમ સુખ પાયા, સિદ્ધ૦ ૩

(૭)

રાગઃ- નાગર વેલીઓ રોપાવ

ચાલેા દર્શન કરવા આજ, જઇએ જિનમંદિરમાં;
દર્શન કરશું પાવન થઇશું, લઇશું જિનવર નામ. ચાલેા૦ ૧
વીર પ્રભુનું મુખડું જોતાં, સફળ થશે સૌ કાજ;
માયા મદ મમતા મુકીને, સેવીશું જિનરાજ. ચાલેા૦ ૨
દુસ્તર ભવસાગર તરવાને, પ્રભુ સ્મરણ રૂપ જહાજ;
મહેલ બગીચા સર્વે તારા, હામ દામ ને ધામ. ચાલેા૦ ૩
અંત સમય સહુ અળગા રહેશે, કેા નવ આવે કામ;
જૈન ધર્મ સાચેા જાણીને, કર સંગત ગુણધામ. ચાલેા૦ ૪

(૮)

ઝંડા ઉંચા રહે અમારા, જૈન ધર્મકા બુલંદ સિતારા,
ઝંડા ઉંચા રહે અમારા,
ધર્મ અહિંસા જગમેં મેાટા, દયા ધર્મકા મેાટા શેાટા
જિસનેં જગમેં કીયા સુધારા, ઝંડા ઉંચા રહે અમારા;
આદિનાથ ને ઇસકેા બતાયા, ભરત ચક્રીને ખુબ બઢાયા
જગ સારેમેં કીયા પસારા, ઝંડા ઉંચા રહે અમારા,

(૯)

રાગઃ– પારેવડા જાજે વીરાના દેશમાં,

ઓ પંખીડા જાજે પ્રભુના દેશમાં. બોલજે હેજે સંદેશમાં. ઓ૦ ૧
શ્યામજી સિધાવ્યા શિવનારીને કારણે,
ગિરનાર જેવા પ્રદેશમાં. ઓ૦ ૨
કહેજે કે રાજુલાએ દીધી છે બાધા, જીવવું છે સાધુ વેશમાં. ઓ૦ ૩
સ્વામી નેમીનાથ તુંહી આશરો છે માર,
તારો મને ત્યાગના વેશમાં. ઓ૦ ૪
મુક્ત બ્રહ્મચારીએ દંપતીને પ્રણમો, દક્ષ કહે છે ઉપદેશમાં. ઓ૦ ૫

(૧૦)

રાગઃ–નાગર વેલીએ રોપાવ

ઋષભદેવને સંદેશ મારો કોઇ કહી આવો;
ઋષભદેવનો સંદેશો મારો કોઇ લઇ આવો.
આવી શીયાળાની ટાઢો, કંપે કડકડે છે હાડો,
મારા નંદના શા હાલ, ખબરો કોઇ લઇ આવો.
આવા ઉનાળાના તડકા, ઉઠે આગ કેરા ભડકા
મારા નંદના શા હાલ, ખબરો કોઇ લઇ આવો.
વરસે ચોમાસાની ઝડીઓ, ઝબકે જોરમાં વિજળીઓ;
મારા નંદના શા હાલ, ખબરો કોઇ લઇ આવો.
રાત દિવસ હું રોતી, તારી વાટલડી હું જોતી;
આંસુ નીરના સાગરમાં, ખોયું આંખનું મોતી.
મારી વાતનો વિસ્રામો, કહેજો કોઇ દિન આવે;
મારો ચંદ્ર સરિખો નંદ, સુખનો પંથ બતલાવે.

(૧૧)

રાગ:– મથુરામાં ખેલી ખેલી આવ્યા

પ્રેમથી ચાલો માશ બંધુ, જિનાલય પૂજા ભણાવવા,
પૂજા ભણાવવાને પ્રભુ ગુણગાવા, મુક્તિપૂરિમાં જાવા. ઓ બંધુ૦ ૧
સુરતાલ ગાવોને પૂજા ભણાવો, સમકિત નિર્મળ પાવો. ઓ૦બં૦૨
કર્મ ખપાવોને કેવળ પામો, મોક્ષ મારગમાં સિધાવો. ઓ૦બં૩
જ્ઞાન ધ્યાન એક તાન લગાવો,ઋષભમંડળી મળી આવો. ઓ૦બં૦૪

(૧૨)

આનંદ ભર અમે આવ્યા, અબોલડા શાના લીધા છે;
શાના લીધા છે પ્રભુ શાના લીધા છે. આનંદભર૦ ૧
પ્રભુ તુજ વાણી શૈલ સમાણી, જાણીને મનડા લાવ્યા. અ૦ ૨
ચંડ કૌશિક ડસિયો તુજ ચરણે, બુઝ બુઝ વચનો સુણાવ્યા અ૦ ૩

(૧૩)

જૈન બંધુ આજે ચાલો સર્વે સાથે,જિનાલયમાં પૂજા ભણાવવાને માટે;
વાળાં વાગે નરસાં વાગે ઢાંડીયા વાજે સહી;
આ પૂજા સાંભળવી હોય તો ગરબડ કરશો નહીં.
જ્ઞાન ભણજો દર્શન ધરજો, ચારિત્ર લેજો સહી.
સ્વર્ગે જવાની ઇચ્છા હોય તો રાત્રે જમશો નહી.
સામાયિક કરજો પ્રતિક્રમણ કરજો ચૌવિહાર કરજો સહી
મોક્ષે જવાનો ઇચ્છા હોયતો રાત્રે જમશો નહી
ગિરનાર જાજો આબુજી જાજો શિખરજી જાજો સહી
ભવ્યની છાપ પાડવી હોયતો સિધ્ધાચળ જાજો સહી.

(૧૪)

લાખ લાખ વાર વીરને સંભાળજો, જગમગતી જ્યોતિ ઝલકાય;
ઉભર્યો છે સાગર આનંદનો, હીરા પન્નાની શુભમાળા ગુંથાવજો;
લાખોના હૈયાં હરખાય, ઉભર્યો છે સાગર આનંદનો,
એકવાર મીંટ માંડી શ્રીવીરને નિહાળતાં,
પ્રભુ પધરાવી ઘટ મંદિર શોભાવજો;
સાગરથી જલદીતરાય, ઉભર્યો છે સાગર આનંદનો
આવો આવો નામ સ્મરજો સ્મરાવજો,
બોલો બોલો પ્રભુના ગીત ગવડાવજો;
લબ્ધિની લહેરો લ્હેરાય, ઉભર્યો છે સાગર આનંદનો.

(૧૫)

રાગઃ-(મીઠા લાગ્યા છે મને આજના ઉજાગરા)

આવોને વીરજી મારે આંગણીએ, ચંદના જુવે છે વાટ રે;
વીરજી આવ્યા આંગણીએ. ૧
રાજકુમારી વળી બાળકુમારી, ચંદન એનું છે નામ રે. વીરજી૦ ૨
માથે મુંડેલ વળી પગમાં બેડલી,
એક પગ ઉંબર બહાર રે. વીરજી૦ ૩
સુપડાને ખુણલે અડદના બાકુલા,
અઠમનાં ઉપવાસ રે. વીરજી૦ ૪
તેડતા જોયું વળી, પાછા રે વળીયાં,
વરસે આંસુડાની ધાર રે. વીરજી૦ ૫
ચંદનાએ વીરજીને પારણું કરાવ્યું,
વરત્યો જય જયકાર રે. વીરજી૦ ૬

(૧૬)

પરણ્યાવિના સ્વામી ન જાશો,
રાજુલ વિનવે નેમ, પીયુજી પાછા વળો,
રહતી મુક્તિને રીસાઈ ચાલ્યા,
તોરણીએથી કેમ ? પીયુજી પાછા વળો. ૧

નેમજી કહે છે રાજુલ સુણજો, નથી તમારો વાંક રાજુલ ધૈર્યધરો;
કુંવારા વિયોગ કર્મે લખાયા, છુટે ન પડીયા ટાંક. રાજુલ૦ ૨
મુજને પરણી સ્વામી માગો તો, આપું પિતાનું રાજ; પિયુજી૦
માહને મિટકત તમારા ચરણે, જીવન તમારે કાજ. પિયુજી૦ ૩
નેમજી ભાખે અબળા ન પરણું, સંયમ લઇશું આજ; રાજુલ૦
આત્મ સિદ્ધિથી અમે ભોગવશું, ત્રણ ભુવનનું રાજ. રાજુલ૦ ૪
આઠે ભવે તમે રાખી છે પ્રીતડી, નવમે તમે ના પ્રાણ; પિયુજી૦
સ્વામીજી થઇને સુખ ભોગવીયા, અનુભવથી વિજ્ઞાન. પીયુજી૦ ૫
આઠે ભવોની પ્રીતડી સાચી, નવમેં પુરૂં હું કોડ; રાજુલ૦
સંયમ લઇને સાથે વિચરીએ, પામીશું સુખ અજોડ. રાજુલ૦૬

(૧૭)

ધુલેવા નગરમાં પધારજો રે, વાલેરી લાગે છે વાટ રે ધુલેવરાય
ધુલેવા નગરમાં પધારજો રે. એ આંકણી.
ઉંચાં તે દહેરાં શોભતાં રે, દીપંતો દરબાર રે. ધુલેવરાય૦
આદિ જિનેશ્વર ભેટવા રે, ભેટંતા ભવ દુઃખ જાયરે;
સેવંતા શિવસુખ થાય રે, ધુલેવરાય. ધુલેવ૦

(૧૮)

પ્યારો લાગે મને સારો લાગે, હરિશનમેં ગંભીરાજી પ્યારો લાગે.
સોના કેરી ઝારિયાને, માંહી ભર્યા પાણી.
ન્હવણ કરૂં મેરા જિનજીકે અંગ. હરિશનમેં૦ ૧
કેસર ચંદન ભર્યાં રે કચોળાં;
પૂજા કરૂં મેરા પ્રભુજી કે અંગ. હરિશનમેં૦ ૨
ધૂપ ધ્યાન ઘટા અનહદહે;
ઢળી ઢળી શિર નમાવત હે. હરિશનમેં૦ ૩
કુલ ગુલાબકી આંગી બની હે;
હાર પહેરાવું મેરા જિનજી કે અંગ. હરિશનમેં૦ ૪
આનંદઘન પ્રભુ ચલત પંથમેં,
જ્યોતિસેં જ્યોત મિલાવત હે. હરિશનમેં૦ ૫

(૧૯)

પ્યારો લાગે મુને વ્હાલો લાગે, મારૂદેવાનો નંદ મને પ્યારો લાગે;
સેવક સ્વામીનું શરણું માગે, મારૂદેવાનો નંદ મને પ્યારો લાગે.૧
કાળ અનાદિ રઝળ્યો ચેતન, ભક્તિ કરો શિવસુખ માગે. મારૂ૦ ૨
ફળ પૂજા પૂજી કરી રે, સફળ કરો અવતાર રે. મારૂ૦ ૩
ભાવ પૂજા કરી પ્રેમથી રે, કર્મ કરો ચકચૂર રે. મારૂ૦ ૪

(૨૦)

જોવો છે જોવો છે પ્રભુ તારો મુલક મારે જોવો છે;
જોવો છે ભવ ખોવો છે, પ્રભુ તારો મુલક મારે જોવો છે. ૧
તારા મુલકમાં સુખ અનંતુ, કહેતાં ન આવે પાર રે–પ્રભુ૦ ૨
તારા મુલકમાં સિદ્ધ અનંતા, વરત્યો જય જયકાર રે. પ્રભુ૦ ૩

(૨૧)

જાગ જાગ પ્રમાદિ જાગ રે, ઉંઘ તને કેમ આવે; ૧
તારે માથે ભમે છે કાળ રે, ઉંઘ તને કેમ આવે. ૨
તાહરૂં આવશું ચોક્કું થાય રે, ઉંઘ તને કેમ આવે. ૩
માટે ધર્મ કેમાં મ્હાર રે, ઉંઘ તને કેમ આવે. ૪

(૨૨)

સજની મોરી પાર્શ્વજિનેશ્વર પૂજો રે,
„ જગમાં કેવ ન દૂજો રે,
„ કારણે કારજ થાય રે,
„ ભવોભવ ભાવઠ જાય રે,
„ ભાવસહિત ભક્તિ કરજો રે,
„ શિવ સુંદરીને વરજો રે,

(૨૩)

હાલો હાલો હાથીવાડા ધણુગારા રે,
દાદાને દરિસણ વેલા પધારો રે.
દાદાની મુરતી મોહનગારી રે,
ત્રણ ભુવનમે છે ઉપગારી રે,
અષ્ટ કર્મને ચૂર કરનારી રે. હાલો હાલો૦

(૨૪)

આટલી આ અરજી જિનજી ધ્યાનમાં લેજો;
જેવો તેવો પણ જિનજી પોતાનો કેજો. જિનજી૦ ૧
અમે તમે રસીયા ભેળા, વાર અનંતી
પ્રીતલડી પાળી સમકિત, સુખલડી દેજો જિનજી. આટલી૦ ૨

અળગા જઈ બેઠા બકતે, મન ઘર પેઠા;
કબજે આવ્યા નહિં મુકું, અંતરમાં રહેજો જિનજી. આટલી૦ ૩
કાગળનો કટકો કે સંદેશો ન પહોંચે;
કોને કહું પ્રભુને જઈને, સંદેશો કહેજો જિનજી. આટલી૦ ૪
શક્તિ નથી પણ ભક્તિ, મુક્તિને ખેંચે;
લોહચુંબક જેમ લોહને, તેમ નીર વહેજો જિનજી. આટલી૦ ૫
જીવાને દેહલપુરમાં મોહરાયે ઘેર્યો;
ધર્મરાજાને પ્રભુજી વહાલે, અહિં લેજો જિનજી. આટલી૦ ૬
મોટાનો મહિમા મોટો આશરો મોટો;
શાંતિસમાજ સાંકળચંદને, શિવદેજો જિનજી. આટલી૦ ૭

(૨૫)

લાલ ગુલાબી આંગી બની રે,
બની મારા પ્રભુજીને કાજ હો લાલ. લાલ૦૧
માલણ લાવી છે ફુલડાં રે,
લાવી છે ભાઈ જુઈ ગુલાબ હો લાલ. લાલ૦૨
ભાવના ભાવી પ્રભુ કને રે,
લીધું સમકિત સાર હોલાલ. લાલ૦૩
સંયમ લેઈ સુખીયા થયા રે,
દુઃખીયો છોડ્યો સંસાર હો લાલ. લાલ૦૪

(૨૬)

આનંદ મંગલ ગાવો, જૈન ધર્મનો લેવો લાવો,
મારા બન્ધુ, અવસર આવો નહિ આવશે.

ફરીથી મળશે નાણું, પણ નહિ મળે આટાણું. મારા બન્ધુ ૦
જૈન બન્ધુ આજે, સૌ ભવજલ તરવા કાજે,
ભક્તિ કરવી તે આપણું કામ છે હાં હાં રે૦

(૨૭)

નરભવ પુન્યે પામીયેા રે, જિનશાસન જયકાર વાલા;
પામીને મત હારજો રે, ઉતરજો ભવપાર વાલા;
ફરી ફરી અવસર નહિ મલે રે, ભક્તિ કરો ભરપૂર વાલા;
પાર્શ્વશંખેશ્વરા ભેટવા રે, ભેટતાં ભવ દુઃખ જાય વાલા;
સેવંતા શિવસુખ થાય વાલા.

(૨૮)

વિમલાચલનો વાસી પ્યારો લાગે મોરા રાજિંદા
ઇણેરે ડુંગરીએ ઝીણી ઝીણી કોરણી;
ઉપર શીખર બીરાજે મોરા રાજિંદા. સિધ્ધા૦ ૧

કાને કુંડલમાથે મુગટ બિરાજે;
બાહે બાજુબંધ છાજે મોરા રાજિંદા. સિધ્ધા૦ ૨

ચૌમુખ બિંબ અનુપમ છાજે;
અદ્‌ભુત દીઠે દુઃખ ભાંજે મોરા રાજિંદા. સિધ્ધા૦ ૩

મુવા ચુવા ચંદન ઓર અરગજા;
કેશર તિલક વિરાજે મોરા રાજિંદા. સિધ્ધા૦ ૪

ઇણે ગિરિ સાધુ અનંતા સિધ્યા;
કહેતાં પાર ન આવે મોરા રાજિંદા. સિદ્ધા૦ ૫

જ્ઞાનવિમલ પ્રભુ એણી પેરે બોલે;
આ ભવ પાર ઉતારો મોરા રાજિંદા. સિદ્ધા૦ ૬

(૨૯)

ડંકો વાગ્યો શાસનના પ્રેમી જાગજો રે;
પ્રેમી જાગજો રે ધર્મી જાગજો રે, ડંકો૦
દુર કરો સંસારી કામો આજથી રે;
આજથી રે વૈરાગ્યથી રે, ડંકો૦
વીરે સ્થાપ્યું શાસનને શોભાવજો રે;
શોભાવજો રે આણા પાળજો રે. ડંકો૦ એ દેશી૦

(૩૦)

લાવે લાવે મોતીશાહ શેઠ નવણ જળ લાવે છે;
નવરાવે મરૂદેવા નંદન, પ્રભુ પધરાવે છે;
સહુ સંઘને હરખ ન માય, નવણ જળ લાવે છે;
મારી બ્હેનોને હરખ ન માય, પ્રભુ પધરાવે છે. એ–દેશી.

(૩૧)

દેખી શ્રી પાર્શ્વતણી મુરતી અલબેલડી
ઉજ્જવળ ભર્યો અવતાર રે, મોક્ષ ગામી ભવથી ઉગારજો;
શિવધામી ભવથી ઉગારજો. ૧
મસ્તકે મુગટ સોહે, કાને કુંડલીઆં,
ગળે મોતનકા હાર રે. મોક્ષ ગામી૦ ૨
પગલે પગલે તારા ગુણો સંભારતાં,
અંતરના વિસરે ઉચાટ રે. મોક્ષ ગામી૦ ૩
આપના દરિશને આતમા જગાડયો;
જ્ઞાન દીપક પ્રગટાય રે. મોક્ષ ગામી૦ ૪
આતમા અનંતા પ્રભુ આપે ઉગાર્યા;
તારો ચંદુને ભવપાર રે, મોક્ષ ગામી ભવથી ઉગારજો. ૫

(૩૨)

ભવી ભાવે દેરાસર આવો, જિણુંદવર જય બોલો,
પછી પૂજન કરી શુભભાવે, હૃદય પટ ખોલો ને.

સાખી.

શિવપૂર જિનથી માગજો, માગી ભવનો અંત;
લાખ ચોરાશી વારવા, કયારે થઇશું અમે પ્રભુ સંત. હૃદય૦

સાખી.

મોંઘી માનવ જિંદગી, મોંઘો પ્રભુનો જાપ;
જપી ચિત્તથી દૂર કરૅં, તમે કોટી જનમનાં પાપ. હૃદય૦

સાખી.

તું છે મારો સાહિબો, હું છું તારો દાસ,
દીનાનાથ મુજ પાળીને, આપોને શિવપૂર વાસ. હૃદય૦

સાખી.

છાણી ગામનો રાજિઓ, નામે શાંતિ જિણુંદ;
આત્મ કમલમાં ધ્યાવતાં, શુદ્ધ મળે લબ્ધિનો વૃંદ. હૃદય૦

(૩૩)

આજનો લાવો લીજીએ રે, કાલ કોણે દીઠી છે;
અવસરીયો વહી જાય છે રે, ,,
ચેતવું હોયતો ચેત જે રે, ,,
આવ્યું ઓછું થાય છે રે, ,,
આનારા સૌ આર્શ જશે રે, ,,
પુન્ય ભણી લાવો લીજીએ રે, ,,
લક્ષ્મી ખરચી લાવો લીજીએ રે, ,,
દાન સુપાત્રે દીજીએ રે, ,,

(૩૪)

રાગઃ– મીઠા લાગ્યા છે મને આજના ઉજાગરા

ઉપદેશ આપે પાર્શ્વ ગંગાને કાંઠડે,
પાર્શ્વજીના મીઠા મીઠા બોલ રે
પાર્શ્વજીની વાણી વખાણીએ. એ–આંકણી–૧

અશ્વસેન નંદન પ્રીતમવંદન, વામા માત મલ્હાર રે.
પ્રાણાંત કલ્પ થકી આવીયા રે, ચૈત્ર વદી ચોથને દીન રે. પા૦ ૩
વાણારસી વાણારસી થાય છે રે, વાણારસી પાર્શ્વજીનું ધામ રે. પા૦૪
પોષ વદીદશમને દિવસે રે, જનમ્યા પાર્શ્વકુમાર રે. પા૦ ૫
નેમ રાજુલ ચિત્રામણ જોઇને, પ્રભુજી પામ્યા વૈરાગ્ય રે. પા૦ ૬
કાષ્ટ ચીરાવી કાઢયો છે નાગ, સંભળાવ્યો નવકાર રે. પા૦ ૭

વણઝારાની સજઝાય.

નરભવ નગર સોહામણું વણઝારા રે, પામીને કરજે વ્યાપાર,
અહો મોરા નાયક રે;
સત્તાવન સંવર તણો, વણ૦ પોઠી ભરજે ઉદાર. અહો૦ ૧
શુભ પરિણામ વિચિત્રતા, વણ૦ કરિયાણું બહુ મૂલ; અહો૦
મોક્ષનગર જાવાભણી, વણ૦ કરજે ચિત્ત અનુકુળ. અહો૦ ૨
ક્રોધ દાવાનલ ઓલવે, વણ૦ માન વિષમ ગિરિરાજ; અહો૦
ઓલંધજે હલવે કરી, વણ૦ સાવધાન થઇ કરે કાજ. અહો૦ ૩
વંશ જાળ માયા તણી, વણ૦ નવિ કરજે વિસરામ; અહો૦
આઠી મનોરથ ભટ તણી, વણ૦ પૂરવનું નહિ કામ. અહો૦ ૪
રાગ દ્વેષ દોય ચોરટા, વણ૦ વાટમાં કરશે હેરાન; અહો૦
વિવિધ વિર્ય ઉલ્લાસથી, વણ૦ તે હણજે રે ઠાર. અહો૦ ૫

એમ સવિવિધન વિદારીને, વણ૦ પહોંચજે શિવપૂર વાસ; અહો૦
ક્ષય ઉપશમ જે ભાવના, વણ૦ પોઠે ભર્યા ગુણ રાશ. અહો૦૬
આયિક ભાવે તે થશે, વણ૦ લાભ હોશે રે અપાર; અહો૦
ઉત્તમ વણુજ જે એમ કરે, વણ૦ પદ્મ નમે વારંવાર. અહો૦૭

મૂર્ખને પ્રતિબોધની સજઝાય

જ્ઞાન કહી નવિ થાય, મૂરખને જ્ઞાન કહી નવિ થાય,
કહેતાં પોતાનું પણ જાય, મૂરખને૦ (એ--આંકણી)
જ્ઞાન હોય તે ગંગા જળમાં, સો વેળા જો ન્હાય;
અડસઠ તીર્થ ફરી આવે પણ, જ્ઞાનપણું નવિ જાય. મૂરખને૦કહે૦૧
ક્રૂર સર્પ પય પાન કરંતાં, સંતપણું નવિ થાય
કસ્તુરીનું ખાતર જો કીજે, વાસ સસણ નવિ જાય. મૂરખને૦ કહે૦ ૨
વર્ષા સમે સુગ્રીવ તે પક્ષી, કપિ ઉપદેશ કરાય;
તે કપિને ઉપદેશ ન લાગ્યો, સુગ્રીવ ગૃહ વિખરાય. મૂરખને૦કહે૦ ૩
નદીમાંહે નિશદીન રહે, પણ પાષાણ પણું નવિજાય;
લોહ ધાતુ ટંકણજો લાગે, અગ્નિ તુરત ગશય. મૂરખને૦ કહે૦ ૪
કાગ કંઠમાં મુક્તાફળની, માળા તે ન ધરાય;
ચંદન ચર્ચિત અંગ કરીજે, ગર્દભ ગાય ન થાય. મૂરખને૦ કહે૦ ૫
સિંહ ચર્મ કોઇ શીયાળ સુતને, ધારે વેષ બનાય;
શિયાળ સુત પણ સિંહ ન હોવે, શિયાળપણું નવિજાય. મૂરખને૦કહે૦૬
તે માટે મૂરખથી અલગા, રહે તે સુખીયા થાય;
ઉખર ભૂમીમાં બીજ ન ઉગે, ઉલટું બીજ તે જાય. મૂરખને૦ કહે૦ ૭
સમકિતધારી સંગ કરી જે, ભવ ભય ભીત મીટાય;
મયાવિજય સદ્‌ગુરૂ સેવાથી, બોધિબીજ પમાય. મૂરખને૦ કહે૦ ૮

સમાપ્ત